Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तक ४६-४७-४८

विविध ग्रन्थमाला.

वर्ष ४ थुं. सं. १९७०

नेपोलियन बोनापार्ट

संक्षिप्त जीवनचरित्र.

अनुवादकः

परधुभाई वहालाभाई शर्मा

तथा

रत्नसिंह दीपसिंह परमार.

प्रकाशकः सस्तुं साहित्य वर्धक कार्यालय.

स्थळ - मुंबई, २.

शाखा - अमदावाद.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Samaj Foundation Chenna

Domain. Gurukul Kangri Coll

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४३ ग.
२४ (1)

* ओ३म् *

पुस्तक की संख्या.....

पुस्तकालय-पञ्जिका-संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળા. પુસ્તક ૪૬, ૪૭, ૪૮, વર્ષ ચોથું.

નેપોલિયન બોનાપાર્ટ.

સંક્ષિપ્ત જીવનચરિત્ર.

મૂળ (હિંદીમાં) લેખકઃ-

શ્રીયુત ઈન્દ્રચંદ્ર વેદાલંકાર

સંપાદક 'સદ્ધર્મપ્રચારક' દીલ્હી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી

અનુવાદકઃ-પરશુભાઇ વહાલાભાઈ શર્મા

અધિપતિ 'આર્યપ્રકાશ' મુંબઇ.

તથા રત્નસિંહ દીપસિંહ પરમાર

ડભોલી, જી. સુરત.

સંપાદક અને પ્રકાશકઃ-

ભિક્ષુ-અખંડાનંદ. કાલબાદેવી-મુંબઈ.

પહેલી આવૃત્તિ-પ્રત ૫૩૦૦. વિ. સં. ૧૯૭૦, ઈ. સ. ૧૯૧૪.

મૂલ્ય—વાર્ષિક ફાળે રૂ. ૦।=) પાકું પૂઠું રૂ. ૦॥ પો. માફ.

છૂટક રૂ. ૦॥=) પાકું રૂ. ૧).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्म प्रधान विश्व करी राखा ।
जो जस करहीं सो तस फल चाखा ॥

તુલસીદાસજી.

અમદાવાદ
ધી "ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસ" માં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા.

પ્રકીર્ણ વિષયો.

વિષય.	પૃષ્ઠાંક.
ખાસ સૂચના–આ સાથેનું કાર્ડ.	૫
આવતા વર્ષમાં નીકળનાર પુસ્તકો.	૮
નવું નીકળેલું પુસ્તક–શાન્તિપર્વ.	૧૦
સંપૂર્ણ મહાભારત માત્ર રૂ ૧૦) માં પ્રકટ કરવાની યોજના.	૧૨
વિવિધ ગ્રંથમાળાનો ચાલુ વર્ષનો પૃષ્ઠમેળ.	૧૫
સહાય સ્વીકાર.	૧૬
આવતા વર્ષના લવાજમ વિષે.	૧૮

નેપોલિયન બોનાપાર્ટ.

પરિચ્છેદ.	વિષય.	પૃષ્ઠાંક.
	પ્રકરણ ૧ લું–ફ્રાન્સની રાજ્યક્રાન્તિ.	**૧**
પ્રથમ પરિચ્છેદ.	રાજ્યક્રાન્તિની તૈયારી.	૧
દ્વિતીય ,,	રાજ્યક્રાન્તિનો પ્રકાશ.	૫
તૃતીય ,,	ભયંકર ખુનરેજી.	૧૮
	પ્રકરણ ૨ જું–બાલસૂર્યનો ઉદય.	**૨૮**
પ્રથમ ,,	બાલ્યાવસ્થા.	૨૮
દ્વિતીય ,,	ટઉલનનો વિજય.	૩૪
તૃતીય ,,	ઘોર અંધકારમાં કંઇક પ્રકાશ. ...	૪૧
ચતુર્થ ,,	ઇટાલીમાં પ્રથમ વિજય.	૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચ્છેદ.		વિષય.	પૃષ્ઠાંક.
પંચમ	પરિચ્છેદ.	કેમ્પોફોર્મિયોની સન્ધિ.	૬૭
ષષ્ઠ	,,	પૅરિસમાં વૈજ્ઞાનિક જીવન.	૭૬
સપ્તમ	,,	મિસર દેશમાં પરાક્રમ.	૮૩
		પ્રકરણ ૩ જું-સામ્રાજ્યની પ્રાપ્તિ.	**૯૮**
પ્રથમ	,,	સંસ્થાનો ભંગ....	૯૮
દ્વિતીય	,,	પ્રથમ શાસક.	૧૦૮
તૃતીય	,,	જન્મપર્યંતનો શાસક.	૧૨૧
ચતુર્થ	,,	સામ્રાજ્ય લબ્ધિ.	૧૩૪
		પ્રકરણ ૪ થું-દિગ્વિજય યાત્રા.	**૧૪૭**
પ્રથમ	,,	ઉલ્મ અને ઑસ્ટર્લિટ્ઝ.	૧૪૭
દ્વિતીય	,,	ટિલ્સિટની સંધિ.	૧૫૭
તૃતીય	,,	સામ્રાજ્ય વિસ્તાર અને આંતરિક વિસ્ફોટ.	૧૭૨
ચતુર્થ	,,	ઑસ્ટ્રિયન વિજય યાત્રા.	૧૮૩
પંચમ	,,	ફ્રાન્સનું શાસન...	૧૯૫
		પ્રકરણ ૫ મું-દુઃખમય અંત.	**૨૦૬**
પ્રથમ	,,	વિધિ વૈપરિત્ય	૨૦૬
દ્વિતીય	,,	રૂશિયન વિપત્તિ.	૨૧૧
તૃતીય	,,	જય અને પરાજય	૨૨૯
ચતુર્થ	,,	એલ્બા અને પુનઃ પૅરિસ.... ...	૨૪૯
પંચમ	,,	વૉટર્લુ.	૨૫૭
ષષ્ઠ	,,	સેંટ હેલિના.	૨૭૦
સપ્તમ	,,	સિંહાવલોકન.	૨૮૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ સૂચના—આ સાથેનું કાર્ડ.

નીચેની સૂચનાઓ પૂરેપુરી વાંચી ધ્યાનમાં લઇને, તેમાંની જે જે બાબતો વિષે જેમને કાંઈ પણ લખવાનું હોય, તેમણે આ પુસ્તક પહોંચેથી પંદર દિવસ સુધીમાં આ સાથે વહેંચાયલા છુટા કાર્ડપર અથવા બીજી રીતે લખી મોકલવા તસ્દી લેવી.

૧–સાદાં પૂઠાંના મૂલ્ય, કદ અને કાગળોમાં ફેરફાર.

આવતા વર્ષથી ' વિવિધ ગ્રંથમાળા 'નું કદ દોઢને બદલે બેહજાર પૃષ્ટનું થઇ મૂલ્ય પણ દોઢને બદલે બે રૂપિયા લેવાવાની તથા કાગળો સ્હડતી જાતના વપરાવાની અને પાકાં પૂઠાંના વર્ગમાં પણ બેહજાર પૃષ્ટ આવવા છતાં મૂલ્ય જેનું તેજ (રૂ. ૩) કાયમ રહેવાની ખબર ગયા પુસ્તકમાં અપાઇ ચુકી છેજ.

૨–આવતું પુસ્તક વી. પી. થવા વિષે.

ઉપલા ધોરણને અનુસરીને ચાલુ રીતિ મુજબ આવતા વર્ષનું પહેલું પુસ્તક " અખાની વાણી " અથવા તો " સ્વામી વિવેકાનંદના સદુપદેશો " (એમાંથી એક) દીવાળી પછી તરતમાંજ પ્રત્યેક ગ્રાહકપર વી. પી. પોષ્ટથી રવાના થશે. જે વી. પી. ખર્ચ સહિત રૂ. ૨–૧–૦ અને પાકાં પૂઠાંના ગ્રાહકોએ રૂ. ૩–૧–૦ ભરીને સ્વીકારવા તસ્દી લેવી.

૩–સાદાં પૂઠાંને બદલે પાકાં પૂઠાંમાં ગ્રાહક થવા વિષે.

સાદાં અને પાકાં પૂઠાંના મૂલ્ય વચ્ચે માત્ર એક રૂા. નોજ તફાવત રહેલો હોવાથી અને પાકા પૂઠાવાળાં પુસ્તકોનું આયુષ્ય અનેક ગણું વધારે હોવાથી અનેક ગ્રાહકો હવે પાકા પૂઠામાંજ બદલાવાનું પસંદ કરે એ સ્વાભાવિક છે; પરંતુ આ ફેરફારની સંખ્યાની અમને સવેળા ખબર પડે તોજ પાકાં પૂઠાં તેટલી સંખ્યામાં વધુ બંધાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય તેમ હોવાથી જેમની તેવી ઇચ્છા હોય, તેમણે તે વિષે સત્વર લખી જણાવવા જરૂર છે.

૪–ગ્રાહકમાંથી બંધ પડવા વિષે.

જેઓ કોઈ પણ કારણસર ગ્રાહકમાંથી બંધ પડવા ઇચ્છિતા હોય તેમણે પણ કૃપા કરીને તે વિષે તરતમાંજ લખી જણાવવું. જેઓ તેમ ન કરતાં પાછળથી વી. પી. આવ્યેથી પાછું વાળે છે, તેઓ વિનાકારણ બે આના પોસ્ટેજનું અને તેટલુંજ બીજી મહેનતનું અયોગ્ય નુકશાન, આ સંસ્થાને કરીને, પોતે પણ પાપના ભાગી બને છે. જે બહુજ મૂર્ખતાભરેલું અને લજ્જાસ્પદ છે.

૫–શાન્તિપર્વ (મહાભારતનું) ખરીદવા વિષે.

હાલ નવિન નીકળેલું 'મહાભારતનું શાન્તિપર્વ' નામે પુસ્તક આઠ આના કિંમતથી મેળવવું હોય તેમણે તે વિષે લખવું. આ પુસ્તક વિષેની અધિક માહિતી આ પછીના લખાણમાં અપાયલી જણાશે.

૬–ચાલુ વર્ષનાં પુસ્તકો વિષે અભિપ્રાય.

'વિવિધ ગ્રંથમાળા' દ્વારા ચાલુ વર્ષમાં નીકળેલાં પુસ્તકોમાંથી કયા ગ્રાહકને કયાં કયાં પુસ્તકો વધુ ગમ્યાં, કયાં મધ્યમ ગમ્યાં, કયાં ઓછાં ગમ્યાં ને કયાં છેકજ ન ગમ્યાં, તે બાબત જાણવામાં આવે તો ભવિષ્યત્ પસંદગી કરવામાં તેપર બનતું ધ્યાન અપાય, તેટલા માટે તે બાબત પણ દરેક ગ્રાહક બંધુ તરફથી લખાઇ આવવાની જરૂર છે.

૭–ઠેકાણું બદલાવવા વિષે.

જેમનું ઠેકાણું બદલાયું હોય અથવા દિવાળી સુધીમાં બદલાનાર હોય તેમણે તે વિષે જણાવવું. જેથી વી. પી. મોકલાનારૂં પુસ્તક રખડે નહિ અથવા પાછું આવે નહિ.

ટીપણ—ઉપલામાંની એક યા વધુ જે જે બાબતો વિષે લખવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેમણે આ પુસ્તક પહોંચ્યેથી પંદર દિવસ સુધીમાં અવશ્ય લખવું. આ સાથેના કાર્ડમાં એ દરેક બાબતનાં આસન છાપેલાં છે તે સ્થળે સ્પષ્ટ અક્ષરથી બનતા ટુંકાણમાં લખવું. વિશેષ વિસ્તારથી લખવું હોય તેમણે જુદો પત્ર લખવો.

૮–આખું મહાભારત માત્ર રૂ. ૧૦) માં મેળવવા વિષે.

મહાભારતનું સંપૂર્ણ, શુદ્ધ અને સરળ ભાષાંતર જેમને માત્ર રૂ. ૧૦) માં મેળવવું હોય તેમણે, તે વિષેની યોજના આ પછીના લખાણમાં વાંચી જઇને, હાલ તરત શાન્તિપર્વ રૂ. ૨) માં ખરીદવા ઉપરાંત બાકીના ભાગો ખરીદવાની કબૂલત જૂદા પત્રથી લખી જણાવીને તે સાથે રૂ. ૧) વધુ મોકલવો, અથવા તેટલી રકમનું વી. પી. વધારે કરવા લખવું; એટલે પછી બીજા ત્રણ ભાગો નીકળશે તેમ મોકલાતા રહી બાકીના રૂ. ૭) કટકે કટકે ત્રણ વર્ષમાં મળીને વસુલ લેવાશે. પુસ્તકો નીકળે તેમ છૂટક છૂટક ખરીદવાથી અથવા આખો ગ્રંથ તૈયાર થયા પછી ખરીદવાથી રૂ. ૧૨) પડશે.

૯–રાજસ્થાનના ઇતિહાસ વિષે.

આ પુસ્તકની કિંમતમાં ચાલુ ૧૯૭૦ ની આખર સુધીને માટે દર પ્રતે ચાર આના કમી લેવાનું રાખેલું છે, તે મુદ્દત પુરી થવા આવેલી હોવાથી તેટલી કિફાયતે જોઇયે તેમણે દિવાળી અગાઉ મંગાવી લેવું ઉચીત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતા વર્ષમાં નીકળનાર પુસ્તકો.

આવતા ૧૯૭૧ ના વર્ષમાં નીચલામાંનાં બનશે તેટલાં પુસ્તકો નીકળશે. વિશેષ પસંદગી જારી છે.

વિવિધ ગ્રન્થમાળાદ્વારા—

અખાની વાણી, સ્વામી વિવેકાનંદના સદુપદેશો, દૈવીજીવન (ઈન્ટિયુન વીથ ઇન્ફીનેટનો અનુવાદ), મહાભારતનો સાર, સ્વામી રામતીર્થના ઉપદેશો અને પત્રો ભાગ ૮, દુઃખમાં ઉન્નતિ, ટુંકીવાર્તાઓ ભાગ ૩ જો, સુખનો સિદ્ધાન્ત, ગીતાંજલીનો અનુવાદ, ઉત્તમ વિચારોના ચમત્કાર, નવાયુગની વાતો ભાગ ૩ જો, રૂશ જાપાનની લડાઈ, રામકૃષ્ણ પરમહંસ, મહાદજી સિંધીયા, સ્વામી રામતીર્થનું વિસ્તૃત જીવન ઇ૦ ઇ૦

સ્વામી વિવેકાનંદના સમગ્ર ઉપદેશો વિવિધ ગ્રંથમાળાદ્વારા નીકળશે, પરંતુ તેમાંના જે ઉપદેશો હજી ગુજરાતીમાં પ્રકટ થયા નથી તે પ્રથમ નીકળશે.

ચરિત્રમાળાદ્વારા—

જગવિખ્યાત પુરૂષો (એમાં ગ્લેડસ્ટૉન, ચાર્લસ બ્રેડલો, ડિમૉસ્થનીસ, ગારફીલ્ડ, લીંકન, વૉશિંગ્ટન, બિસ્માર્ક, ડૉ. બર્નાર્ડો, મીલ, ટૉલ્સટોય ઈ. નાં વિસ્તૃત ચરિત્ર આવશે,) ભારતના મહાન પુરૂષો (એમાં અશોક, ચંદ્રગુપ્ત, કરનલ સુરેશ વિશ્વાસ, બ્રહ્મેંદ્રસ્વામી, ઈ૦ નાં વિસ્તૃત ચરિત્રો આવશે.) હિંદની મહાન સ્ત્રીઓનાં વિસ્તૃત ચરિત્રો (જેમ કે, મહારાણી અહલ્યાબાઈ હોલકર, શ્રીમતિ ભગવતિદેવી, બાઇજાબાઇ શિંદે, સીતા, મહારાણી લક્ષ્મીબાઈ ઈત્યાદિ) ટુંકાં ચરિત્રોમાં વિદેશી વીરમંડળ, જૉન ઑફ આર્ક, વિદેશી સ્ત્રીરત્નો ઈ૦ ઈ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૃહદ્ ગ્રંથમાળાદ્વારા—

દાસબોધ (છપાય છે.) **શ્રીમદ્ ભાગવત ભાષાંતર,** (બીજી આવૃત્તિ છપાય છે), **રાજસ્થાનનો ઇતિહાસ ગ્રંથ ૨ જો** (છપાશે), **શ્રીયોગવાસિષ્ઠ રામાયણ ભાગ ૧ લો** (મ્હોટા અક્ષરમાં છપાઈ સુમારે રૂ. ૨॥ માં નીકળશે.) એમાં વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ અને ઉપશમ એ પાંચ પ્રકરણ આવશે. **યોગવાસિષ્ઠ મહારામાયણ ભાગ ૨ જો** (એમાં નિર્વાણ પ્રકરણ આખું આવશે.) **મહાભારત ભાષાંતર** (આદિપર્વ, સભાપર્વ, વનપર્વ અને વૈરાટપર્વનો એકત્ર ગ્રંથ ૧૯૭૧ ની આખરમાં અથવા ૧૯૭૨ ની શરૂમાં નીકળશે.)

મહાભારતનાં બાકીનાં પર્વ, વાલ્મિકી રામાયણ, મનુસ્મૃતિ, ઉપનિષદ્ ઇત્યાદિ ૧૯૭૨ અથવા તે પછી યથાસંયોગ નીકળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવિન ઉત્તમ ગ્રંથ. **તરત લેવાથી ૦॥ નો લાભ !**

આખા મહાભારતમાંનો સર્વોત્તમ ભાગ.

शान्तिपर्व.

(રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ.)

આખું મહાભારત ચાર ભાગમાં માત્ર દસ રૂ. માં આપવાની જે યોજના આ પછીના પૃષ્ઠોપર આપી છે, તેમાં " શાન્તિપર્વ " એ સર્વોત્તમ ધાર્મિક વિભાગ હોવાથી તે સર્વથી પ્રથમ પ્રકટ કરવામાં આવ્યું છે.

એમાં ભીષ્મપિતામહ, શ્રીકૃષ્ણ ભગવાન તેમજ અન્ય અનેક મહર્ષિઓના અતિ ઉત્તમ ઉપદેશોનો સમાવેશ છે.

અધ્યાય—ત્રણે પ્રકરણોમાં થઇને કુલ ૩૬૬ અધ્યાય છે.

શ્લોક—દરેક અધ્યાયના આદિ અંતમાં અકેક શ્લોક છે.

દસ્તક્ત—આ લાઇનમાં છે તેવડા મ્હોટા છે.

પૃષ્ઠ—વિવિધ ગ્રંથમાળા કરતાં બમણાં મ્હોટાં એવાં ૮૫૦.

ઉંચી આવૃત્તિ—એમાં કાગળો, મજબૂત એન્ટીક ૬૦ રતલી તથા પૂઠાં કાપડી પાકાં અને છ સોનેરી બાબતોવાળાં તથા રૂપેરી અસ્તરવાળાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય આવૃત્તિ—એમાં પૂઠાં પાકાં કાપડી, કાગળો અનગ્લેજ ૫૦ રતલી છે.

મૂલ્ય—ઉંચી આવૃત્તિના રૂ. અઢી, **પોસ્ટેજ** ૦॥ જૂદું. સામાન્ય આવૃત્તિના રૂ. ૨) પોસ્ટેજ ૦॥ જૂદું.

કિંમત—દિવાળી અગાઉ લેનાર માટે આઠ આના અને સં. ૧૯૭૧ ની આખર સુધીને માટે ચાર આના કમી.

ખાસ સૂચના—મૂલ્ય પ્રથમ મોકલીને કમમાં કમ ભેગી બે પ્રત રેલ્વે રસ્તે મંગાવનાર પાસેથી પેકીંગ તથા મજુરી ખર્ચ નહિ લેવાય. જેથી માત્ર રેલ્વે ચાર્જના પાંચ આનામાંજ બે પ્રત મળી રહેશે. કેટલાકો રેલ્વેરસ્તે મંગાવવા લખીને પૈસા વી. પી. થી ભરવા માગે છે; પણ એમાં રીસીટ અવશ્ય રજીષ્ટર્ડ કરાવવી પડવાથી બે આના તેમનાપરજ વધુ ચ્હડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપૂર્ણ મહાભારત

માત્ર રૂ. ૧૦) માં પ્રકટ કરવાની યોજના.

જનસમાજના પુણ્ય પ્રારબ્ધ યોગે બૃહદ્ ગ્રન્થમાળાની યોજના હજી કંઇક આગળ વધવા માગે છે, તેને પરિણામે મહાભારતના સંપૂર્ણ ગ્રંથનું ઉત્તમ, સરળ અને સંસ્કારી ભાષાંતર પ્રકટ કરવાની યોજના નીચેની વિગતે સાદર થાય છે.

એમાનું શાન્તિપર્વ બહાર પડી ચૂક્યાના સમાચાર તો ઉપર અપાઇ ચુક્યા છેજ.

બાકી રહેલાં મહાભારતનાં તમામ પર્વો, શાન્તિપર્વથી સવાયા મ્હોટા એવા ત્રણ ગ્રંથોમાં નીકળશે. જેથી શાન્તિપર્વ સહિત કુલ ચાર ગ્રંથોમાં આખું મહાભારત સમાઈ રહેશે.

એ દરેક ભાગમાં સરાસરી પાંચેક ચિત્રો એકથી વધુ રંગવાળાં આવશે, કે જે હાલ સુધીમાં ગુજરાતીમાં પ્રકટ થયેલા કોઈ પણ મહાભારત કરતાં ઘણાંજ સુંદર અને આકર્ષક થઇ પડશે.

એ ભાગો અકેક વર્ષને અંતરે નીકળશે. જેથી ગરીબ સ્થિતિવાળાને પણ તે ખરીદવાનું સુગમ થઈ પડશે.

કાગળો, પૂઠાં, ટાઇપ તથા છપાઈ વગેરે શાન્તિપર્વની ઉંચી આવૃત્તિમાં છે તેવાંજ આવશે.

આ ચાર ભાગોની વ્યવસ્થા નીચે પ્રમાણે છે.

ગ્રંથ ૧ લો—શાન્તિપર્વ તૈયારજ છે. મૂલ્ય રૂ. ૨॥ અને એક વર્ષ સુધીને માટે રૂ. ૨। તથા તરતમાં ખરીદનાર અથવા આખા મહાભારતના પ્રથમથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૨).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથ ૨ જો—એમાં આદિ, સભા, વન અને વૈરાટપર્વ આવશે. મૂલ્ય રૂ. ૩। તરતમાં ખરીદનાર પાસેથી રૂ. ૩) અને આખા મહાભારતના અગાઉના ગ્રાહક પાસેથી રૂ. ૨॥।.

ગ્રંથ ૩ જો—એમાં ઉદ્યોગ, ભીષ્મ અને દ્રોણપર્વ આવશે. મૂલ્ય ઈ૦ ઉપર પ્રમાણે.

ગ્રંથ ૪ થો—એમાં કર્ણ, શલ્ય, સૌપ્તીક, સ્ત્રી, અનુશાસન, અશ્વમેધિક, આશ્રમવાસિક, મૌશલ, મહાપ્રસ્થાનિક અને સ્વર્ગારોહણ એ પર્વો આવશે. મૂલ્ય રૂ. ૩) તરતમાં લેનાર પાસે રૂ. ૨॥। અને આખા ગ્રંથના અગાઉના ગ્રાહક પાસેથી રૂ. ૨॥.

ઉપર મુજબ રૂ. ૨॥+૩।+૩।+૩ મળીને કુલ કિંમત રૂ. ૧૨) થયા. તેજ કિંમતે અપાશે. પોષ્ટેજ રૂ. ૨) જૂદું.

અગાઉથી ગ્રાહક થનારને આ સર્વ ભાગો નીચેની વિગતે રૂ. ૧૦) માં અપાશે. પોષ્ટેજ જૂદું.

રૂ. ૨) હાલ શાન્તિપર્વ (ઉંચી આવૃત્તિ) રોકડેથી ખરીદવા બદલ.
,, ૧) શાન્તિપર્વ ખરીદવાની સાથે બાકીના ભાગોના પ્રથમથી ગ્રાહક થવા બદલ રૂ. ૧) અનામત આપવો જોઇશે.
,, ૨॥। ઉપર જણાવેલો બીજો ગ્રંથ નીકળ્યેથી લેવાશે.
,, ૨॥। ઉપર જણાવેલો ત્રીજો ગ્રંથ નીકળ્યેથી લેવાશે.
,, ૧॥। ઉપર જણાવેલો ચોથો ગ્રંથ નીકળ્યેથી રૂ. ૨॥ માંથી રૂ. ૧) અનામતવાળો જતાં રૂ. ૧॥। લેવાશે.

---

૧૦) કુલ.

ઉપલી હકીકતથી વાકેફ થઇ જેમને આ વિશ્વ વિખ્યાત મહાન ગ્રંથરૂપી ઉત્તમ સંપત્તિ પોતાના તેમજ પોતાના વંશજોના પરમ હિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાથેં પોતાના ગૃહમાં વસાવવા વિચાર થાય અને રૂ. ૨) ની કિંમતનો લાભ લેવો હોય, તેમણે તે મુજબનો પત્ર લખીને તે સાથે શાન્તિપર્વના રૂ. ૨) તથા અનામતનો રૂ. ૧) મળી રૂ. ૩) મોકલી શાન્તિપર્વ સત્વર મંગાવી લેવું. ટપાલ રસ્તે મંગાવનારે ખર્ચનો રૂ. ૦॥ વધુ મોકલવો, અથવા કુલ રૂ. ૩॥ વી. પી. થી ભરવાની માગણી લખવી. અનામતવાળા રૂ. ૧)ની પાવતી મેનેજરની સહી સાથે અપાશે.

દરેક ભાગ નીકળ્યેથી આઠ દિવસ અગાઉથી ખબર અપાશે; એટલે પછી એક માસ સુધીમાં તે પુસ્તક રૂબરૂ અથવા ટપાલ રસ્તે મંગાવી લેવું જોઇએ.

અમુક ભાગો લીધા પછી બાકીના ભાગ લેવા ના પાડનાર અથવા તો ટપાલ માર્ગે આવેલા વી. પી. ને પાછું વાળનારનો અનામતવાળા રૂ. ૧) પર હક્ક રહેશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધગ્રંથમાળાનો ચાલુ વર્ષનો પૃષ્ઠમેળ.

પુસ્તકાંક.	પુસ્તકનું નામ.	પૃષ્ઠ સં.	ચિત્ર સં.
૩૭, ૩૮	**સ્વામી રામતીર્થના સદુપદેશ,** ભા. ૬ ઠો.	૨૯૬	
૩૯, ૪૦	**સામાજીક સેવાના સન્માર્ગ.**	૨૮૮	
૪૧થી૪૩	**ટુંકી વાર્તાઓ,** ભાગ ૨ જો.	૩૪૪	
૪૪, ૪૫	**સ્વામી રામતીર્થના સદુપદેશ,** ભા. ૭ મો.	૨૫૬	૧
૪૬થી૪૮	**નેપોલિયન બોનાપાર્ટ.**	૩૩૬	૧

કુલ પૃષ્ઠ સંખ્યા ૧૫૨૦, એમાં ચાલુ ધોરણ પ્રમાણે ચિત્ર બે બદલ પૃષ્ઠ ૩૨ ઉમેરી બહારની મૂલ્યથી લેવાયલી જા૦ ખ૦ નાં પૃષ્ઠ ૧૪ બાદ કરતાં નક્કી પૃષ્ઠ ૧૫૩૮ રહ્યાં. જેમાં આ સંસ્થા તરફની તેમજ બદલા તરીકે અને વિના મૂલ્યે લેવાયલી જા૦ ખ૦ નાં પૃષ્ઠ ૩૨ નો સમાવેશ છે.

અત્યાર સુધીનો હિસાબ તથા રિપોર્ટ કે જેની તૈયારી ચાલુ છે, તે થોડા માસમાં પ્રકટ થયેથી ચાલુ વર્ષની વિશેષ હકીકત તે સાથે આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહાય સ્વીકાર.

ગયા ત્રણ માસમાં નીચે પ્રમાણે મળેલી આર્થિક સહાય આભાર સહિત સ્વીકારવામાં આવી છે.

૫–૦–૦ રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, જજ્જ સ્મૉલકૉઝ કૉર્ટ–મુંબઇ તા. ૯–૫–૧૪.

૨–૫–૦ એક સજ્જન–બીલખા, (કાઠિયાવાડ) તા. ૨૯–૫–૧૪.

૫–૦–૦ રા. બાળાશંકર ગંગાશંકર ઉપાધ્યાય, સ્વ૦ શુકલ હરિનારાયણ ત્રિભોવનની સદ્‌ગતિ નિમિત્ત, વડોદરા. તા.૧–૬–૧૪

૨૫–૦–૦ શેઠ. અમરચંદ માધવજી અને કું૦. મુ. મોલમીન (બરમા) તા. ૬–૬–૧૪.

૫–૦–૦ રા. પ્રભુદાસ ભગવાનદાસ તરફથી બ્હેન ગુલાબના સ્મરણાર્થે, મુ. ભાવનગર તા. ૨૦–૭–૧૪.

૧૦–૦–૦ એક ગૃહસ્થ મુ. સીનોર (વડોદરા) તા. ૨૧–૭–૧૪.

૫૨–૫–૦

ચાલુ વર્ષમાં વિવિધ ગ્રંથમાળા વગેરેના પ્રચારના કાર્યમાં સહાય કરનાર સજ્જનોનો ઉપકાર માની તેમની નામાવલી નીચે આપવામાં આવે છે:—

રા. હરિવલ્લભ ઉમિયાશંકર મ્હેતા–ઝાડેશ્વર, રા. માસ્તર દલપતરામ કે. ભટ્ટ–કરાંચી, રા. હરગોવિંદ કાળીદાસ શાહ–વડોદરા, રા. વેલચંદ સીબેન્કર–અમ્બાલા કેન્ટોનમેન્ટ, રા. વેલજી મોરારજી મ્હેતા–કુંભકોનમ્, રા. રેવાશંકર લાલજી વ્યાસ–વડોદદેવાણી, રા. પાનાચંદ નેમીદાસ પારેખ–કચ્છ માંડવી, રા. માણેકલાલ જમનાદાસ ભક્તરાજ–સુરત, રા. પ્રાણજીવનદાસ દામોદરદાસ આસર–જલગામ, રા. હરિલાલ કરૂણાશંકર ત્રવાડી–પાલીતાણા, રા. મકનજી ભીમભાઈ દેશાઇ–સુરત, રા. પાનાચંદ દેવચંદ–કીલીન્ડીની (આફ્રિકા), રા. માધવજી મોનજી દોશી–ડેડાણ, રા. નર્મદાશંકર બાલાશંકર–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલોડ, રા. મૂળજીભાઈ ઈશ્વરભાઈ પંડિત–કડાણા, રા. જેઠાલાલ માણેકલાલ મ્હેતા–ડીસાકૅમ્પ, રા. મગનલાલ બાપુભાઈ–દીહેણ, રા. જમનાદાસ માણેકલાલ દેશાઈ–શામગઢ, રા. ડાહ્યાભાઈ પુરૂષોત્તમ–સુરત, રા. રણછોડદાસ લક્ષ્મીદાસ–બનારસસીટી, રા. મગનભાઈ મૂળજીભાઈ પટેલ–વાઘોડીઆ, રા. ચુનીલાલ રામચંદ્ર સેલત–સુરત, રા. મોહનલાલ મનસુખરામ મ્હેતા–કડી, રા. નથુભાઇ નેમીદાસ પારેખ–કચ્છ–માંડવી, રા. મણિલાલ મગનલાલ શાહ–અમદાવાદ, રા. ચિમનભાઈ મોતીભાઈ પટેલ–વડોદરા, રા. ભગા રામજી–વડોદરા, રા. જુઠાલાલ છબીલદાસ ત્રિવેદી–કચ્છ માંડવી, રા. લાલજી ઘેલાભાઇ–રંગુન, રા. માણેકલાલ નાનજી ચંદારાણા–કુતીયાણા, રા. જગજીવનદાસ ધનજીભાઇ માલવીયા–ઢાંક, રા. રામકૃષ્ણ નરભેરામ યાજ્ઞિક–જેતપુર, રા. ભવાનીશંકર હરિપ્રસાદ પંડ્યા–વાલોડ, રા. શિવદત્તરાય માધવરાય કીકાણી–માંગરોલ, રા. મણિલાલ વીરજી મ્હેતા ગાર્ડ–જેતલસર, રા. ડોકટર નાથુભાઇ દેવશંકર–સુંવાલી, રા. જીવણજી દાજીભાઇ–બોઇસર, રા. બાપુભાઈ રામસિંહ પરમાર–વાલનેર, રા. દલપતરામ હરિરામ ભટ્ટ–સંખેડા, રા. મણિશંકર ગણપતરામ ભટ્ટ–ખારાઘોડા, રા. ઉદયસિંહ ભાઇસિંહ પરમાર, રા. દેવશંકર જીવરામ ત્રિવેદી–આણંદ, રા. જમનાદાસ રામજીભાઈ ટોલીયા–અમરેલી, રા. ડોકટર ગંગારામ બાબાજી માલવણકર–હલવદ, રા. એ. ડી. ધર્મસિંહ–ચાલીસગામ, રા. જદુરામ પ્રભાશંકર જોશી–કરાંચી, રા. હરિપ્રસાદ મંછારામ શુકલ–આણંદ, રા. લક્ષ્મીશંકર ધનેશ્વર ભટ્ટ–જુનાગઢ, રા. પ્રાગજી સુંદરજી કાનાબાર–મદ્રાસ, રા. જગજીવનદાસ દામોદરદાસ–વડોદરા, રા. માધવલાલ મોહનલાલ દાણી–ગોધરા, રા. હીમતરામ મથુરાદાસ મીસ્ત્રી–વિસનગર, રા. જેકીસનદાસ રણછોડદાસ–નંદાવ, રા. માણેકલાલ વૃંદ્રાવનદાસ–ગડખોલ, રા. કેશવલાલ એલ. ઓઝા–જુનાગઢ, રા. નટવરલાલ ગી. શાહ–સીનોર, રા. ઉત્તમભાઈ લખાભાઈ પટેલ–સરખેજ, રા. ભુરાભાઇ છગનલાલ શાહ–પેટલાદ, મીસીસ પી. બી. શુકલ–મુંબઇ, રા. મહાદેવ ગનુ ગોરોબે–જંગબાર, રા. ચુનીલાલ ભાઇદાસ ભંડારી–સુરત, રા. ડોકટર બળવંતરાય ઝવેરીલાલ–કીમ, રા. દશરથલાલ આર. જોશી–રંગુન, રા. નવલચંદ ડોસાભાઇ વકીલ–મોરબી, રા. મંછારામભાઇ–બારડોલી, રા. સુંદરજી પ્રેમજી પંડ્યા–મુંબઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતા વર્ષના લવાજમ વિષે.

આવતા વર્ષનું પહેલું પુસ્તક દીવાળી પછી તરતમાંજ દરેક ગ્રાહકપર વી. પી. થી મોકલાનાર હોવાથી જણાવવાનું કે—

૧. **વી. પી. ખર્ચમાં બચાવ** કરવા માટે જેઓ એકથી વધુ ગ્રાહકોનું લવાજમ ભેગું મોકલી આપવા ઇચ્છિતા હોય અથવા પોતાના કોઈ ઓળખીતા માણસ મારફતે રૂબરૂ ભરાવવા ઇચ્છતા હોય તેમણે આસો સુદી ૧૫ તા. ૪–૧૦–૧૪ ની અગાઉ "**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની શાખાના વ્યવસ્થાપક–અમદાવાદ.** ઠે. ખમાસાની ચોકી નજીક ઘર નં. ૫૫૭૫" એ શિરનામે પહોંચાડવા તસ્દી લેવી.

૨. **મુંબઈનાં ગ્રાહકોમાંથી** જેમને વી. પી. ખર્ચ બચાવવું હોય તેમણે પણ એજ સમય સુધીમાં "**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. કાલબાદેવીરોડ, ભાંગવાડીને નાકે, હાથી બિલ્ડીંગ, ત્રીજે માળે**" એ ઠેકાણે પોતાનું લવાજમ ભરી પાવતી મેળવવી.

૩. **અમદાવાદ, ભાવનગર, બોરસદ, ફૉર્ટ સોનગઢ** આ સ્થળોનાં ગ્રાહકોનું લવાજમ આ ખાતાના માણસ અથવા અન્ય સહાયકજનોદ્વારા વસુલ થઈ આવતું હતું, પરંતુ એ પ્રકારમાં અત્યાર સુધીમાં જે અગવડ અનુભવાઇ છે તે પોસ્ટેજ ખર્ચના બચાવ કરતાં વધુ હોવાથી તેમજ ભાવનગરનું કામ જે બે સજ્જનો કરતા તેમાંથી એકનું અન્ય સ્થળે જવું થવાથી હવેથી ઉપલાં તમામ સ્થળોનાં ગ્રાહકોને પહેલું પુસ્તક વી. પી. થીજ મોકલાશે. જેમને વી. પી. ખર્ચમાં બચાવ કરવો હોય તેમને ઉપર જણાવેલી પહેલી સૂચના મુજબ અમલ કરવા વિનંતિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. **નડીયાદનાં** જે ગ્રાહકોનો દરેક પ્રકારનો સંબંધ ત્યાંના કાર્યકર્ત્તા સાથે રહેતો આવ્યો છે, તેઓ તેજ પ્રકાર ચાલુ રાખવાને સ્વતંત્ર છે.

૫. **જે લાયબ્રેરીઓ** વડોદરાના સરકારી લાયબ્રેરી ખાતા મારફતે ગ્રાહક હશે તેમની વતી તે ખાતા તરફથી નવા વર્ષ માટે ઑર્ડર મળ્યેથી અથવા તો તેમના પોતાના તરફથી વી. પી. મોકલવાની માગણી આવ્યેથીજ પુસ્તકો મોકલાશે. એ શિવાયની જે લાયબ્રેરીઓ સાથે વી. પી. થી મોકલવાની રીત જારી છે તેમને તો અન્ય ગ્રાહકોની પેઠે ચાલુ ગ્રાહક તરીકે વી. પી. થીજ મોકલાશે.

૬. **આફ્રિકા ઇ.** જે સ્થળોએ વી. પી. જઈ શકતાં નથી, ત્યાંનાં ગ્રાહકોને પોતાનું લવાજમ સત્વર મોકલી આપવા વિનંતી છે, કેમકે તે મળ્યા વિના પુસ્તકો મોકલવાનું શરૂ થતું નથી.

૭. **ગ્રાહકમાંથી બંધ પડવાની** જેમની ઇચ્છા હરકોઈ કારણસર હોય તેમણે આ પુસ્તક પહોંચ્યેથી તરતમાંજ આ સાથે વહેંચાયલા કાર્ડપર કે બીજી રીતે લખી મોકલવા તસ્દી લેવી. જેથી નાહક ટપાલ ખર્ચ વગેરેનું નુકશાન થાય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન.

વિવિધ ગ્રંથમાળાના ચોથા વર્ષનું આ છેલ્લું પુસ્તક છે. એમાં જગપ્રસિદ્ધ વીર કેશરી નેપોલિયન બોનાપાર્ટનું અદ્‌ભૂત જીવન સારરૂપે આપેલું જણાશે. સારરૂપ એટલાજ માટે કે એ વિલક્ષણ પુરૂષનાં અનેક હાથે જે જીવનચરિત્રો અંગ્રેજીમાં નીકળ્યાં છે, તેમાંનાં કોઇ કોઈ તો એટલાં વિસ્તૃત છે કે તેના આગળ આ ચરિત્ર દસમા ભાગનું પણ નથી.

આ પુસ્તક જેના અનુવાદ રૂપ છે, તે મૂળ હિંદી પુસ્તકના સંપાદક અને પ્રકાશક હરદ્વાર સમીપે કાંગડી સ્થળમાં આવેલા દેશવિખ્યાત ગુરૂકુળના સ્થાપક અને તેની પાછળ પોતાના સર્વસ્વનો ભોગ આપી ત્યાગી જીવનપૂર્વક અદ્યાપિ તે મહાન સંસ્થાના આત્મા સ્વરૂપે વિરાજમાન **મહાત્મા મુન્શીરામજી** છે, અને લેખક તેઓશ્રીના સુયોગ્ય પુત્ર **શ્રીયુત ઇન્દ્રચન્દ્ર વેદાલંકાર** કે જેઓ દિલ્હીમાં પ્રકટ થતા સદ્ધર્મ પ્રચારકના અધિપતિ છે, તેઓ છે.

મૂળ પુસ્તક સાથે જોડાયલી લેખકની પ્રસ્તાવના–કે જેમાં પુસ્તકની ઉપયોગિતા, યોજના, ઇત્યાદિ બાબતો આવી જાય છે–તેનો અનુવાદ પણ આમાં આપેલો હોવાથી તે ખાતે અહિં કાંઈ ન લખતાં એટલુંજ જણાવીશું કે આ અનુવાદમાં જે કાંઇ ગુણ પ્રતીત થાય તેનું માન તેના મૂળ લેખકનેજ છે.

"આદિત્ય ગ્રન્થમાળા" ના પ્રથમ ગ્રંથ તરીકે ઉપલું હિંદી પુસ્તક નીકળ્યું છે, તે જોતાં અને લેખક તેમજ પ્રકાશકની યોગ્યતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતાં "આદિત્ય ગ્રન્થમાળા" હિંદી વાચકવર્ગ માટે એક અતિ ઉત્તમ સાહિત્ય પુરૂં પાડનારી યોજના નિવડશે એ અસંશય છે.

આ પુસ્તક ચાલુ સાલની શરૂમાંજ કહાડવાની યોજના રાખીને તેના અનુવાદનું કાર્ય પ્રથમ રા. પરશુભાઈ વહાલાભાઈ શર્મા, અધિપતિ 'આર્યપ્રકાશ' મુંબઇ, એમને સોંપવામાં આવ્યું હતું; પરંતુ અન્ય વ્યવસાયો આડે તેઓથી સમયસર ન પહોંચી વળાવાથી ત્રીજા ભાગનું લખાણ તેમને હાથે તૈયાર થયા પછીનું બાકીના બે ભાગનું લખાણ શ્રીયુત રત્નસિંહ દિપસિંહ પરમાર પાસે અનુવાદિત કરાવ્યું છે. જે સમયસર કરી મોકલવા બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

આ પુસ્તકનો અનુવાદ કરાવવાની રજા તેના લેખક મહાશય પાસેથી રા. પરશુભાઈદ્વારા મેળવવામાં આવી હતી. જે નિષ્કામભાવે આપવા બદલ શ્રીયુત ઇન્દ્રચંદ્ર વેદાલંકારનો સહર્ષ આભાર માની ઇચ્છીશું કે તેઓ શતાયુ થઇ આવાં અનેક ઉપયુક્ત ગ્રન્થ રત્નો યોજવાને શક્તિમાન થાય. રા. પરશુભાઇને પણ તેમના પ્રયાસ માટે ધન્યવાદ આપવો જોઇએ. ॐ तत्सत्

સં. ૧૯૭૦–શ્રીકૃષ્ણ જયન્તિ.
ઑગસ્ટ–ઇ. સ. ૧૯૧૪.

'મંત્રી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂમિકા.

(મૂળ હિંદી ગ્રંથમાંથી અનુવાદિત).

જાપાનની પાઠશાળાઓમાં સૌથી પ્રથમ અભ્યાસનું પુસ્તક નેપોલિયન બોનાપાર્ટનું જીવન ચરિત્ર ગણાય છે. આ અસાધારણ મહાપુરૂષનું જીવન ચરિત્ર છે પણ એવુંજ. એનું અધ્યયન–અનુશીલન, પ્રત્યેક બાળક, યુવા વા વૃદ્ધ પુરૂષે અવશ્ય કરવું જોઇએ. બાળકને એથી ઉત્સાહ અથવા શક્તિનો બોધ મળે છે; યુવકો એથી પોતાની અસંભવિત ઇચ્છાઓને પરિમિત કરતાં શીખી શકે છે; જ્યારે વૃદ્ધોને એથી પોતાના અન્તિમ જીવનને સંતોષદાયક બનાવવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. નેપોલિયનનું અન્તિમ જીવન જેટલું દુઃખદાયક હતું; તેવું દુઃખદ જીવન અન્ય કોઇ સાધારણ મનુષ્યનું હોતું નથી. જે જીવન પરથી સર્વ પ્રકારના પુરૂષો બોધ લઇ શકે, તેવા જીવનનો આર્ય ભાષામાં ઉલ્લેખ કરવો એ અત્યન્ત આવશ્યક છે.

વંશ અથવા કુળ જોતાં, નેપોલિયન કોઈ ઉંચી સામાજિક સ્થિતિનો મનુષ્ય નહોતો. જ્યારે તેના પિતાનો દેહાન્ત થયો ત્યારે એક ન્હાના સરખા અનાથ સિવાય તેની ગણના કોઇ વિશેષ કોટીમાં ગણાતી નહોતી. શાળામાં તે સમસ્ત વિદ્યાર્થીઓના ઉપહાસ્યનો વિષય થઇ પડતો હતો. જે વિદ્યાલયમાં તેને શિક્ષણ મળતું હતું ત્યાં ફ્રાન્સના મ્હોટા મ્હોટા ઠાકોરો (ભાયાતો)ના પુત્રો શસ્ત્રાસ્ત્ર વિદ્યા શીખતા હતા. નેપોલિયનની ઓછી કુલિનતાની તેમને ખબર હોવાથી તેઓ તેની પ્રતિ હમેશાં અપમાનની દૃષ્ટિથી જોતા હતા. કોર્સીકા પ્રાંતનો રહેવાસી હોવાથી તેના ચ્હેરામાં પણ ફ્રાન્સ નિવાસીઓ કરતાં ફરક હતો, જેથી એને અનેક કુવચનો સ્હેવાં પડતાં હતાં;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરન્તુ તે દૃઢ નિશ્ચયવાળો છોકરો કોઇની પણ પરવા કર્યાવિના બેધડકપણે પોતાને માર્ગે આગળ વધ્યા કરતો હતો.

જ્યારે તે પોતાના વાસ્તવિક લશ્કરી–જીવનમાં પ્રવિષ્ટ થાય છે ત્યારે પણ તેનું દુર્ભાગ્ય તેનો કેડો મૂકતું નથી. એકાદ હલકા કુળમાં ઉત્પન્ન થયેલા સાધારણ ભટકતા સિપાઇ કરતાં તેનું ભાગ્ય વધારે સારૂં નહોતું; કોર્સીકામાંથી તેને હાંકી કાઢતાં તે ફ્રાન્સને શરણે જાય છે; ત્યાંના સૈન્યની સાથે ટઉલન પહોંચીને તે પોતાની અસાધારણ શક્તિ બતાવી આપે છે; પરંતુ તેનું દુર્ભાગ્ય હજુએ તેનાથી વિખુટું પડતું નથી. ટઉલનનો ભવિષ્યત વિજેતા ત્યાં કેદમાં પડે છે; અને પંદર દિવસ સુધી ત્યાં તેને નરકનું દુઃખ ભોગવવું પડે છે. કેદમાંથી છૂટયા પછી વળી હેને રખડતું–નિરૂદ્યમી જીવન વ્યતીત કરવું પડે છે; અને નિરાશા તથા ગરીબાઇથી કંટાળીને તે એક નદીમાં ડુબી મરવા તૈયાર થાય છે! પરન્તુ હેના સમસ્ત જીવનમાં આ વખતેજ હેનો ભાગ્યચન્દ્ર પ્રથમવાર પ્રકટે છે. આવા વિકટ અણીના સમયે હેનો એક મિત્ર તેની સહાયતાર્થે ત્યાં આવી પહોંચે છે, અને તેને પુષ્કળ દ્રવ્ય તથા પ્રોત્સાહન આપે છે. અહીંઆં નેપોલિઅનની દુઃખદ પૂર્વાસ્થાની સમાપ્તિ થાય છે. નેપોલિયનની આ દુઃખદ કહાણી હરેક દુઃખી મનુષ્યને માટે આશ્વાસનીય થઈ પડશે. જે લોકો પોતાની અકુલિનતાના કારણથી સંસારમાં પોતાની ઉન્નતિ કરી શકતા નથી, તેમને આ જીવનપરથી ધૈર્ય અને દૃઢતાનો પાઠ શીખવાનો છે. તેઓ આ પ્રકાશમય જીવનના અંધકારમય પ્રારમ્ભથી જાણી શકશે કે મેઘમંડળથી ગમે તેટલો આચ્છાદિત થયેલો ચન્દ્ર પોતાની કાન્તિ કદાપી ખોઇ દેતો નથી; પરન્તુ સમય પ્રાપ્ત થતાં તે ચંદની સાથે પહેલાંથી પણ અધિક દેદિપ્યમાન બની શકે છે.

પૂર્વની દુઃખદ અવસ્થા પશ્ચાત્ નેપોલિયનના જીવનની વિજય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશા–ચમત્કારીક સ્થિતિ–નો આરંભ થાય છે. આ સમયના પ્રારમ્ભમાં તે એક પાતળા સાહસિક સીપાઇ તરીકે સંસાર સન્મુખ ઉપસ્થિત થાય છે; અને માત્ર વીશેક વર્ષના સમયમાંજ તે એક હૃષ્ટપુષ્ટ અને ખુબસુરત સમ્રાટ્પદને પ્રાપ્ત કરે છે! એક સેનાપતિની સ્થિતિ-માંથી તે પોતાની વિજય દશાનો પ્રારંભ કરે છે. પ્રથમથીજ વિજય દેવી તેના ખડ્ગની સાથી બને છે, અને જે દિશા તરફ તેની આંખ ફરે છે તે દિશાનાં હજારો વર્ષનાં પ્રાચીન રાજ્યો તેના ચરણમાં નમે છે! એક પ્રચંડ વંટોળીયાની માફક તે યુરોપના એક છેડાથી બીજા છેડા સુધી પોતાની આણ વર્ત્તાવી રહ્યો છે–આખો દેશ તેના વિજય ધ્વનિના પડઘાથી ગુંજી રહ્યો છે; એટલુંજ નહિ, પરન્તુ થોડાજ સમયમાં જ્યાં જુઓ ત્યાં નેપોલિયન અને તેની સેના સિવાય બીજું કાંઇજ સાંભળવામાં આવતું નથી. તેના દિગંત્ વિજય આગળ, અન્ય રાજ્યો જેમ હિમાલય પાસે નાના નાના ડુંગરા હોય એમ ભાસવા લાગ્યાં! ઑસ્ટ્રીયા નરેશને ત્રણ વખત પોતાની રાજધાનીમાંથી ના-સવું પડયું હતું, અને તેને પરિણામે તે સલાહ કરવા માટે આતુર હતો. પ્રશીયાનો રાજા સ્થાન અને માનહીન થઇને પોતાના પુત્રને નેપોલિયનની શરીરરક્ષક સેનામાં દાખલ કરવા તત્પર થયો હતો. રૂશીયાના નામદાર ઝાર જેવો માની રાજા પણ નેપોલિયન સાથે મૈત્રી કરવામાં પોતાનું ગૌરવ સ્હમજતો હતો, ત્યાં પછી અન્ય નાનાં નાનાં રાજ્યોનું તો પૂછવુંજ શું? એ સર્વે તો આ દિગ્વિજયી મહા-પુરૂષનો વિજય–ધ્વજ ઉપાડવામાંજ પોતાનું અહોભાગ્ય સ્હમજતાં હતાં. ઑસ્ટ્રિયન વિજય યાત્રા પશ્ચાત્ આપણે નેપોલિયનને ઉપર્યુક્ત ઉન્નત દશામાં જોઇએ છીએ. દુનિયામાં શું આથી મહાન કોઈ સાંસારિક પદ હોઈ શકે છે? એક બે ઐતિહાસિક મહા પુરૂષોને બાદ કર્યા પછી શું કોઇએ વિજય–લક્ષ્મીનું આટલું કૌશલ્ય દર્શાવ્યું છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયનની યુવાવસ્થામાં તેની પ્રતિભા ઉપર જણાવ્યા મુજબ ઉચ્ચતાના શિખરે પહોંચી હતી. પોતાના શરીરપર તેનો ઇચ્છાનુસાર કાબુ હતો. પોતાને દબાવવાવાળા વ્યાધિરૂપ આન્તરિક શત્રુઓ તેમજ બાહ્ય શત્રુઓપર તેણે સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હતો. તે નતો કદી થાકતો, કે નતો તેને કદી આળસ આવતું. રાત્રી દિવસ જો તેને કોઇ પણ જાતની ચિંતા રહેતી તો તે 'વિજય'નીજ. તેને કંઈ સ્વપ્નું આવતું તો તે પણ 'વિજય' નુંજ. બસ આ વખતે તે સમૃદ્ધ અવસ્થાની ઉચ્ચ કોટીએ પહોંચ્યો હતો.

તમે સમજતા હશો કે નેપોલિયન આવી સમૃદ્ધ દશામાં અત્યન્ત પ્રસન્ન રહેતો હશે, પરન્તુ તેમ નહોતું. તે આવી ઉન્નત દશામાં પણ એક સાધારણ મનુષ્યના જેટલોજ અસંતુષ્ટ રહેતો હતો. કંઈ એક મહાપુરૂષોને અસન્તોષ તથા અલ્પપણાની બીમારી હોય છે, તેમ નેપોલીયન પણ ત્હેનો ઉત્કૃષ્ટ નમુનો હતો ! તે કદી પણ પોતાની ઉન્નતિથી સન્તોષ માનતો નહોતો. કોઈ પણ વાત–ગમે તેવું ઉંચામાં ઉંચુ પદ–પણ ત્હેને સંપૂર્ણ સંતોષી બનાવી શકતું નહોતું.

નેપોલીયન કદી હસતો સંભળાયો નથી કે જે (હસવું) ખરા સંતોષનું ચિન્હ છે. તે અંદર ને અંદર નિરંતર બળ્યા કરતો હતો, અને ઉન્નતિને માટે ત્હેને કંઇ ને કંઇ ઇચ્છા રહેતી હતી. એજ રોગે ત્હેને આવી સમૃદ્ધ અવસ્થામાં પણ અસંતોષી બનાવી દેવાથી હજુ પણ તે શાન્ત બેસી શક્યો નહિ. એક મ્હોટું સામ્રાજ્ય સ્થાપિત કરીને આખા યૂરોપના ભાગ્યને પોતાની મૂઠીમાં રાખ્યા પછી પણ ત્હેને સન્તોષ ન થયો ! આખા યૂરોપના સંપૂર્ણ સમ્રાટ્ બનવાને માટે ત્હેનું અસંતોષી મન ત્હેને નિરંતર પ્રેરણા કરી રહ્યું હતું. તે પદ કદાચ પ્રાપ્ત થયું હોત તોપણ નેપોલીયનને સંતોષ થાત કે નહિ એતો શંકાજ હતી ! કદાચ તે પછી તે એશીયા અને આફ્રિકાને જીતવા માટે તત્પર થાત ! !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ, આજ રોગે તેને ભયાનક અધઃપાત પ્રાપ્ત કરાવ્યો. નિરન્તર પરિશ્રમ તથા અશાન્તિથી તેની બુદ્ધિ ઠેકાણે રહી નહિ અને શરીર પણ શિથિલ પડી ગયું. આટલું છતાં પણ વિજયવાસનાએ તેનો પીછો નજ છોડયો. તેણે મ્હોટામાં મ્હોટાં કાર્યો આરંભ્યાં. સ્પેનના રાજ્યમાં પગપ્રવેશ કરવાની તથા રૂશીયા ઉપર આક્રમણ કરવાની તેને ઇચ્છા થઇ. આ બે કાર્યોજ તેની અવનતિનાં કારણ નિવડ્યાં. જે તેના અસન્તોષરૂપી રોગનાં ફળ હતાં.

નેપોલિયનના જીવનની આ બીજી દિશા મનુષ્ય જાતિને સંતોષ તથા આત્મસંયમનો પાઠ શીખવે છે. વિજયની નિરંકુશ મહત્વાકાંક્ષાવાળાઓને એ પરથી બોધ લેવાનો છે કે ગમે તેવી આકાંક્ષાઓ તથા શક્તિઓને પણ મર્યાદામાં રાખવાની જરૂર છે; અને તે સિવાય સંસારમાં રહેવાવું કઠીન છે.

હવે અમે નેપોલિયનના જીવનની ત્રીજી ભૂમિકાપર આવીએ છીએ. આશ્ચર્યજનક વીરતા અને ધૈર્યની સાથે તેના જીવનનો આરંભ થાય છે, અને સેન્ટ હેલીનાની શાન્ત અને શિખરવાળી પહાડીઓમાં તે વિરામ પામે છે. નેપોલિયનના જીવનની આ ભૂમિકામાં આપણે, તે મધ્ય આકાશમાં ચળકતા તેજસ્વી તારાને, વાદળોથી આચ્છાદિત થઈ પશ્ચિમ દિશામાં અસ્ત પામતો જોઇએ છીએ. નેપોલિયન અનુપમ સાહસ અને શૌર્યથી આક્રમણની સ્હામે થાય છે; પરન્તુ આખરે ન્હાના સમૂહપર મ્હોટો સમૂહ વિજય મેળવે છે. વૉટલુનું પ્રચંડ યુદ્ધ નેપોલીયનના સુવિસ્તૃત સામ્રાજ્યને, સેન્ટ હેલીનામાં બનેલી એક ન્હાની સરખી કોટડીના રૂપમાં ફેરવી નાખે છે! સેન્ટ હેલીનાની કથા હૃદયભેદક થઈ પડે છે. એક મનુષ્યને જેટલું દુઃખ મળી શકે તેટલું બધું દુઃખ એક સમયે સમસ્ત યુરોપને ધ્રુજાવનારા નેપોલીયનને માથે આવી પડે છે! અને પાંચ વર્ષ સુધી કેદખાનામાં સડતાં નેપોલીયનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતરાત્મા એ દુઃખી દેહ પિંજરમાંથી ઉડી જાય છે! આ વિધિની બલિહારી નહિ તો બીજું શું?

આ પુસ્તકમાં ઉપર્યુક્ત જીવન કથાનો વિસ્તાર કરવામાં આવ્યો છે. આ કથા મનોરંજક છે, એટલુંજ નહિ પરંતુ તે બોધક પણ એમાંથી શું શિક્ષા ગ્રહણ કરી શકાય છે તે ઉપર જણાવી ગયા છીએ. પુસ્તકની શ્રેષ્ઠતા માટે પુસ્તકનો બાકીનો ભાગ જોવાની વાચકોને અમે ભલામણ કરીયે છીએ. નેપોલીયનના જીવનચરિત્ર જેવી મનોવેધક કથા અન્યથા મળવી દુર્લભ છે. એનાં કાર્ય અમારી શક્તિથી એટલાં દૂર છે અને તે અમને એવાં અસમ્ભવ અને અશક્ય માલમ પડે છે કે અમે તે ચરિત્રને મનોરંજક કહેવા સિવાય બીજું કંઈ જણાવી શકતા નથી. જેમ દેવો, રાક્ષસો, અને ગન્ધર્વોની કથાઓ અમને મનોરંજક અને ચમત્કારી માલૂમ પડે છે તેવીજ રીતે નેપોલીયનની કથા પણ અમારી સમજ તથા કલ્પનાશક્તિની બહારની માલૂમ પડે છે. આ બન્ને કારણોથી નેપોલીયનનું જીવન અમારે માટે અતીવ મનોરંજક થઇ પડશે. આવા મનોરંજક અદ્‌ભૂત તથા ઉપદેશપ્રદ ચરિત્રને આજે હું આપની સમક્ષ રજું કરૂં છું. હું તેને જોઇએ ત્હેવું બોધક અને મનોરંજક ન બનાવી શક્યો હોઉં એ સંભવિત છે. નેપોલીયનનું આથી પણ વધારે ઉત્તમ જીવન લખી શકાય એમ છે. એ નિર્વિવાદ છે કે કોઇ વધારે અનુભવી અને વધારે યોગ્ય પુરૂષ આ જીવન ચરિત્રને હાથમાં લે તો આથી પણ વધારે ઉત્તમ ચરિત્ર લખી શકે; તોપણ મ્હારી ખાત્રી છે કે આ ક્ષુદ્ર યત્ન પણ નિરર્થક તો નહિજ ગણાય. કંઇ નહિ તો એથી પાઠકોના મનમાં આથી ઉચ્ચતર ભાવિ જીવનચરિત્ર માટે ઉત્સુકતા તો પેદા થશેજ. નેપોલીયનના આ ન્હાના જીવનથી તત્સંબંધી ઉત્સુકતા ઉત્પન્ન કરવા સિવાય અન્ય શી અભિલાષા રાખી શકાય? ઉક્ત જીવનનાં વીશ પચીશ વર્ષ એવી અસા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારણ ઘટનાઓથી ભરેલાં છે કે મીઠું મરચું મેળવ્યા વગર પણ જો તેના ઇતિહાસનો ઉલ્લેખ કરવામાં આવે તોપણ હાલના પુસ્તકથી તે ગ્રંથ દશગણો મ્હોટો થાય! સર વૉલ્ટર સ્કૉટે નેપોલીયનનું જીવન-ચરિત્ર આ પુસ્તક જેવડા દશ ભાગોમાં લખ્યું છે. જ્યારે કોઇએ તેમને પૂછ્યું કે તમે આવું લાંબુ જીવનચરિત્ર કેમ લખ્યું? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, આથી ન્હાનું લખવાનો મ્હારી પાસે વખત ન્હોતો! અર્થાત્ નેપોલીયનના જીવનચરિત્રને લાંબુ કરવામાં પરિશ્રમની જરૂર નથી, પરન્તુ તેને ટુંકું કરવામાંજ પરિશ્રમની જરૂર પડે છે. કઇ બાબત છોડી દેવી? કઈ વસ્તુ લેવી? કયા પ્રસંગને વિસ્તૃત બનાવવો? કયા મુદ્દાને સંક્ષિપ્તમાં લખવો? વિગેરે પ્રશ્નો ન્હાનું જીવન લખનારાની ઉપર આવી પડે છે. આથી સમજાશે કે નેપોલીયનનું લાંબું જીવન લખવામાં કઠીનતા નથી, પરન્તુ તેનું ટુંક જીવન લખતાંજ વધુ કઠીનતા માલૂમ પડે છે. લૉર્ડ રોઝબરીએ કેવળ સેન્ટ હેલીનાની કેદનુંજ વૃત્તાંત લખ્યું છે; છતાં તે પુસ્તક પણ આના અર્ધા ભાગ જેટલું થયું છે; એથી તમે ખ્યાલ કરી શકશો કે વર્ત્તમાન ચરિત્ર તૈયાર કરવામાં, લેખકને કેટલી મુશ્કેલીઓ નડી હશે? કેટલાએ દિવસો સુધી તો એક પરિચ્છેદમાં લખવા જેવી બાબતો વિષે પણ તેને વિચાર કરવો પડયો હતો, અને તોએ આ જીવનચરિત્રને આટલા ન્હાના કદમાં કેમ પૂર્ણ કરવું, એ સમજવું તેને મુશ્કેલ થઈ પડયું હતું.

કદાચ તમને એ પ્રશ્ન થશે કે, ત્યારે આ પુસ્તક વિસ્તૃત કદ-માંજ કેમ પ્રકટ ન કર્યું? જો મ્હોટા કદમાં લખાયું હોત તો શું નુકશાન હતું? આનો ઉત્તર એ છે કે, હજુ અમારી આર્યભાષાના વાચકોમાં, ઉત્તમોત્તમ ગ્રન્થ વાંચવાનો શોખ જોઇએ તેવો ઉત્પન્ન થયો નથી—હજુ તેઓ આપણી ભાષાનાં પુસ્તકોમાં પૈસા ખર્ચવા નિર-થક સ્હમજે છે. આથી અમને એ ભય હતો કે કદાચ અમારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૦૦–૧૦૦૦ પૃષ્ઠોવાળો ગ્રંથ અમારા ઘરમાંજ પડયો રહે તો શું કરવું ? આથીજ અમે આ નેપોલિયનનું ચરિત્ર નાના કદમાં પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું. જો આ ચરિત્રને હાલના કદ કરતાં પાંચ છ ગણા મ્હોટા કદમાં તૈયાર કરવામાં આવે તો તેની મનોરંજકતા પણ આથી પાંચ છગણી વધી જાય. ચરિત્રની ઘટનાઓ જેટલે અંશે વધારે સવિસ્તર અને પરિપૂર્ણ રીતે ચિતરવામાં આવે, તેટલે અંશે તે વધારે મનોરંજક થઇ પડે છે. જો આ પુસ્તકના પ્રચાર તથા અવલોકનથી એ સિદ્ધ થશે કે, આર્યભાષાના પ્રેમીઓ નેપોલીયનના જીવનને પસંદ કરે છે તો અમે થોડાંજ વર્ષોમાં આ ચરિત્રથી પાંચ છ ગણા મોટા કદનું ચરિત્ર વાચકોની સેવામાં રજુ કરવા તત્પર થઇશું. જે આ જીવનચરિત્ર કરતાં મનોરંજકપણામાં પણ પાંચ છગણું વધારેજ થશે.

નેપોલિયનના જીવનચરિત્રને સંક્ષિપ્તમાં લખવું એ એકલીજ મુશ્કેલી નથી, પરન્તુ એના સંબંધી બીજી પણ ઘણી મુશ્કેલીઓ નડે એમ છે. ઉક્ત જીવન એટલું વિસ્તૃત છે કે હરેક યુરોપીયન પ્રજાનો તેની સાથે કંઈને કંઇ સંબંધ છેજ. કોઈ તેનો શત્રુ છે, તો કોઇ તેનો મિત્ર છે. ત્હેના શત્રુઓએ લખેલું તેનું જીવન તેને કાળો ચિતરવામાં મત્ત છે; જ્યારે તેના ભક્તોએ લખેલું જીવન તેને નિષ્કલંક ચન્દ્ર જેવો ચિતરવાની કોશીશ કરે છે. સર વોલ્ટર સ્કૉટ, લૈમર્ટાઇન વિગેરે તેના શત્રુદળના અગ્ર પુરૂષો છે; જ્યારે એબટ આદિ તેના મિત્ર વર્ગમાંના મુખ્ય પુરૂષ મનાય છે. એ બન્ને પક્ષ તરફથી લખાયલાં જીવનચરિત્રો વાંચવામાં આવે તો મનુષ્ય માયા જાળમાં ફસાઈ જાય છે, અને વાચકની બુદ્ધિ ત્યાં કંઇ કામ કરી શકતી નથી. એક પક્ષવાળા કહે છે કે નેપોલિયન રાક્ષસ હતો; જ્યારે બીજા પક્ષવાળા જણાવે છે કે તે દેવ હતો ! કોનું ખરૂં માનવું અને કોનું ખોટું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલીયનનું જીવનચરિત્ર જેવું વિવાદગ્રસ્ત છે, તેવું વિવાદાસ્પદ જીવન બીજા કોઇનું નથી. એમાં પણ વધુ ખુબી તો એ છે કે તેનું ચરિત્ર વૃત્તાન્ત બહુ સ્પષ્ટ છે; એટલે સુધી કે તેના એક એક દિવસની દિનચર્યા પણ સપ્રમાણ મળી આવે છે. છતાં પણ તે સંબંધમાં આવા ભિન્ન ભિન્ન અભિપ્રાયો માલૂમ પડે છે એ સૌથી વધારે આશ્ચર્યજનક લાગે છે. આવી અવસ્થામાં એક નિશ્ચિત અને નિષ્પક્ષપાત અભિપ્રાય પર આવવું એ બહુજ દુર્ઘટ છે. માટીમાં ભેળાયલું અનાજ પૃથક કરી લેવું, દૂધમાંથી પાણી જુદુ પાડવું, એ કાર્ય હજુ કંઇક સરળ છે; પરન્તુ નેપોલિયનના વિષયમાં સ્પષ્ટ સમ્મતિ પ્રકટ કરવી એ કાર્ય અત્યંત કઠીન છે.

અંગ્રેજ ઇતિહાસવેત્તાઓ નેપોલીઅનનું જીવનચરિત્ર લખતી વખતે હમણાં પણ જાણે નેપોલિયનની સાથે લડવા બેઠા હોય, અને જાણે કે તેમના એવા લેખથી નેપોલિયનની સેનાનો નાશજ ન થઈ જવાનો હોય (!) એવી કલ્પનાથી ઉક્ત જીવનનું આલેખન કરતા હોય એમ લાગે છે. ગોલ્ડ સ્મીથ, સર વોલ્ટર સ્કૉટ આદિના ગ્રન્થો નેપોલિયનની વિરૂદ્ધ જ્વાળામુખી પહાડનું કાર્ય કરી રહ્યા છે. તેમાં તેની સર્વ ખરાબ વાતોને આગળ કરી, સારી બાબતોને છૂપાવવાની કોશીશ કરતાં સાધારણ સત્યની પણ હદ ઓળંગવામાં આવી છે. કોઈ કોઇ સ્થળે તો સત્યનું હનન કરીને પણ એ લોકોએ નેપોલિયનના ચરિત્રને કાળું ચિતરવાનો યથાસંભવ યત્ન કર્યો છે.

આ તો શત્રુઓની વાત કહી. હવે નેપોલિયનના મિત્રોની કથા જરા સાંભળી લ્યો. નેપોલિયનના ભક્તોમાં સર્વથી પ્રસિદ્ધ લેખક એબટ હતો. પોતે એક અંગ્રેજ હોવા છતાં તેણે સમ્રાટ્ પ્રતિ જે ભક્તિ તથા પ્રેમ પ્રકટ કર્યો હતો તે પ્રશંસનીય હતો; પરન્તુ ખેદ છે કે તેની ભક્તિ તથા પ્રેમ તેને ઇતિહાસની નિષ્પક્ષ ભૂમિકાથી બહુ દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઇ ગયાં હતાં. નેપોલીયનના શત્રુઓ જ્યારે તેને દોષનો ભંડાર સિદ્ધ કરવાનો યત્ન કરતા હતા, ત્યારે એબટ તેને સંસારના સમસ્ત ઉચ્ચતમ ભાવોનો સમૂહ હોવાનું જણાવતો હતો. તે હેને સર્વથા નિર્દોષ જણાવવા માગતો હતો, કે જેમ હોવું એક મનુષ્ય માટે કેવળ અસંભવિત છે. રૂશ તથા સ્પેન સાથેના યુદ્ધના વિષયમાં પણ તે નેપોલિયનની ભૂલ સ્વીકારવા તૈયાર નથી. ઐતિહાસિક ભક્તિની પરાકાષ્ટાને લીધે તેની તેવી ભક્તિ મૃતપ્રાયઃ નિવડી છે. તે એક ઇતિહાસવેત્તા નહિ, પરન્તુ નેપોલીયનની સેનાનો એક લડવૈયો અને "મહારાજ ચિરંજીવી રહો" એવી આશીશ આપનારો તેનો એક ભક્ત–સીપાઈ–હોય એમ પ્રતિત થાય છે.

એવા કંટકયુક્ત દુર્ગમ્ય અરણ્યમાંથી સત્યનું શોધન કરવું એ મહા કઠીન કાર્ય છે. આ ગ્રન્થકર્ત્તાએ પોતાની શક્તિ તથા સમજ પ્રમાણે જે કંઇ શોધી કાઢયું છે તે આ ગ્રન્થમાં સંગ્રહિત કર્યું છે. સંભવ છે કે વિશેષ જ્ઞાન તથા પરિશ્રમ પશ્ચાત્ કદાચ હેને પોતાનો અભિપ્રાય બદલવો પડે; પરન્તુ કમમાં કમ તેનાથી એટલું તો નિર્ભયપણે કહી શકાય એમ છે કે તેણે નિષ્પક્ષપાતપણે આ ગ્રન્થ લખ્યો છે. જો આ ગ્રન્થ વાંચીને ગત સૈકાના એ મ્હોટામાં મ્હોટા વિજેતા તથા શાસકના સંબંધમાં પાઠકો પોતાનો કંઈ પણ અભિપ્રાય બાંધી શકશે; જો આ ગ્રન્થ તે કોર્સીકન ઇન્દ્રજાળનો ગુઢ કૉયડો ઉકેલવામાં કંઈ પણ સહાયક નિવડશે; અથવા જો આ તુચ્છ ગ્રન્થના વાચનથી વાચક વૃન્દની ઐતિહાસિક અનુશીલન વૃત્તિ સ્હેજ પણ ખીલી નીકળશે, તો ગ્રન્થકર્ત્તા પોતાનો સમસ્ત યત્ન સફળ થએલો માનશે.

આ પુસ્તક લખવામાં જે જે ગ્રન્થોની મને મદદ મળી છે, તે સર્વનાં અત્રે નામ આપવાં કઠીન છે. એનું કારણ પુસ્તકોની સંખ્યા મ્હોટી છે એટલા માટે નહિ; પરન્તુ અનેક વિષયનાં પુસ્તકોમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ચરિત્ર ઉપજાવી કાઢયું છે તે છે. નવીન યૂરોપનો કોઈ પણ ઇતિહાસ એવો નથી કે જેમાં નેપોલિયનના ચરિત્ર સંબંધી કંઇ લખાયલું ન હોય. વીશ વર્ષના સમયમાં, તેના ઇતિહાસ સિવાયનો યૂરોપમાં કોઈ ઇતિહાસજ નથી. તે સર્વની સહાયતા લેવા ઉપરાંત ઍબટ, સર વૉલ્ટર સ્કૉટ, રોઝબરી, બુરીને, ઍલીસન, કીલૈંડ, ઓમન, ફીફ્ફ આદિ વિદ્વાનોના ગ્રન્થોપરથી આ ગ્રન્થનું સાહિત્ય તૈયાર કર્યું છે; અને ફ્રાન્સની રાજ્યક્રાન્તિના વિષયમાં લખતાં મિચલેટ, મિગ્નેટ, કાર્લાઇલિ તથા સ્ટીફન્સના ઇતિહાસોની વિશેષ સહાયતા લેવામાં આવી છે.

આ ભૂમિકાની પૂર્ણાહુતિ કરતા પૂર્વે જે સુહૃદ તથા કૃપાળુ સજ્જનોએ આ ગ્રન્થનાં પ્રુફ જોવામાં, ભાષા સંશોધનમાં તથા કોઈ કોઇ સ્થળે અશુદ્ધિઓ દૂર કરવામાં મ્હને જરૂરી સહાયતા આપી છે તે સર્વનો ધન્યવાદ માનવો ઉચિત ધારૂં છું.

ગુરૂકુળ-કાંગડી.
૧૧-૯-૯૮.

(મૂળ હિંદી) ગ્રન્થકર્ત્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયન બોનાપાર્ટ. સેન્ટ હેલીનાના ટાપુમાં કેદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયન બોનાપાર્ટ.

સંક્ષિપ્ત જીવનચરિત્ર.

પ્રકરણ ૧ લું—ફ્રાન્સની રાજ્યક્રાન્તિ.

પ્રથમ પરિચ્છેદ—રાજ્યક્રાન્તિની તૈયારી.

अपि ग्रावा रोदित्यपि दलति वज्रस्य हृदयम् । भवभूति ।
"પત્થર પણ રોવા માંડે છે, અને વજ્ર જેવું હૃદય પણ વિદીર્ણ થાય છે."

બુદ્ધિમાન પુરૂષોનું એ કથન છે કે, આ સંસારમાં, વિના પ્રયોજને કોઇપણ ક્રિયા થતી નથી. કંઇપણ ઉદ્દેશ વગર, એક તણખલું પણ, તોડી શકાતું નથી. ત્યારે પછી અતુલ શક્તિવાળા પરમાત્માની સૃષ્ટિમાં, કોઇપણ નિરર્થક બાબત કેમ બની શકે ? જ્યારે અમે ન્હાની ન્હાની ક્રિયાઓને બાજુએ મૂકીને, સંસારની મ્હોટી મ્હોટી બાબતોપર વિચાર કરીએ છીએ ત્યારે અમને આ કથનમાં એથી પણ વધુ સત્ય માલૂમ પડે છે. બુદ્ધિમાન પુરૂષોએ, મહાભારત શોધ અને યત્નોથી એમ સિદ્ધ કરવા કોશીશ કરી છે કે, સંસારની રંગભૂમિપર જે અદ્ભૂત નાટ્યપ્રયોગ થઇ રહ્યો છે,—જે આશ્ચર્યકારક તથા અસાધારણ ઘટનાઓ બનતી માલૂમ પડે છે, તે સર્વ સકારણ હોવાનું જણાય છે —નિષ્પ્રયોજન નહિ. જે પરિસ્થિતિ તથા કાળચક્રમાં એવા પ્રસંગનું આગમન થાય છે, ત્યાં ત્હેની જરૂર જ હોય છે. તે શિવાય તે ઘટના ચક્ર અંગવિહિન પ્રતીત થઇ યથાવત્ કાર્ય કરી શકતું નથી, અને વિધિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છા પણ ત્યારે જ પૂર્ણ થાય છે. ઉક્ત પ્રસંગ કોઇને પ્રિય લાગે કે અપ્રિય, પરંતુ ત્હેની આવશ્યકતા અને સકારણતામાં લેશપણ સંદેહ રાખવો નિરર્થક છે. પુષ્પ ખીલે છે તે પૂર્વે કળીનારૂપમાં બહાર આવે છે, એ સૃષ્ટિક્રમ શું બતાવે છે ? કોઇપણ પુરૂષ એમ ઇચ્છતો નથી કે સુંદર પુષ્પનું સ્થાન ત્હેના સૌંદર્યથી રહિત એક કળીને પ્રથમ પ્રાપ્ત થાય. સર્વની એ જ ઇચ્છા હોય છે કે પુષ્પ ક્યારે ખીલે અને અમે ત્હેના ભોક્તા થઇએ ! પરન્તુ એ અભિલાષા ઉચિત નથી. કળી ન હોય તો ફૂલની આશા જ વ્યર્થ છે. અર્થાત્ જેમ કળીની અનિચ્છા, ખીલેલા પુષ્પના આનંદથી મનુષ્યને વંચિત રાખે છે, ત્હેવી જ રીતે પ્રતિકૂળ ઘટનાઓની અનિચ્છા, આપણને અનુકૂળ સુખોથી વિમુખ રાખે છે. માટે જ પ્રતિકૂલ સંજોગોને વ્યર્થ નહિ, પરન્તુ સાર્થક સ્હમજવા યોગ્ય છે.

હવે હું આપની સમક્ષ એક મહાભારત ઘટના રજુ કરૂં છું. એક એવું જીવનચરિત્ર હું આપની પાસે મૂકવા માગું છું કે જે એક મહાન ઘટનાચક્રનું અંગ હોવા છતાં, ત્હેનું થોડે થોડે નિરીક્ષણ કરવું એ ઓછું મહત્વનું નથી. આ ઘટના તે નેપોલિયન બોનાપાર્ટનું સુપ્રસિદ્ધ જીવન ચરિત્ર છે નેપોલીયનનું જીવન ચરિત્ર યુરોપ જ નહિ પરન્તુ સમસ્ત સંસારના ઇતિહાસોમાં, એક અસાધારણ બનાવ છે, એમ આ પુસ્તક વાંચ્યા પછી આપને અવશ્ય સ્હમજાશે. જ્યારે કોઇ સાધારણ ઘટના પણ, વિના પ્રયોજને બની શકતી નથી, ત્યારે નેપોલિયનના જીવન જેવો મહાન બનાવ નિષ્કારણ હોય એ સર્વથા અસંભવિત છે.

અત્ર એ પ્રશ્ન થશે કે, નેપોલિયનની આ સંસારમાં શું જરૂર હતી ? પરમાત્માએ એ દ્વારા સૃષ્ટિપર શું ઉપકારો કરવા ધાર્યા હતા ? એનો જવાબ આપવા માટે, કેવા સંજોગોમાં ત્હેનો જન્મ થયો હતો? એ આપણે પ્રથમ જોવું પડશે. એ સમયે કઇ વસ્તુની જરૂર હતી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને નેપોલિયનના જન્મથી તે ખામી દૂર થઇ હતી કે કેમ? જો તેમ બન્યું હોય તો જ નેપોલિયનની હસ્તી સપ્રયોજન હતી, અને તે ઘટના ઈશ્વરપ્રેરિત હોવી જોઇએ એમ માનવું જોઇયે. અન્યથા નહિ.

ઉક્ત વસ્તુઓ ધ્યાનમાં રાખીને જ, નેપોલિયનના ચરિત્ર સંબંધી કંઇપણ ઉલ્લેખ કરવા પૂર્વે, જે ભૂમિમાં નેપોલિયનનો જન્મ થયો હતો, તે ફ્રાન્સ દેશની તે સમયની સ્થિતિ કેવી હતી? ત્હેનો પ્રથમ ખ્યાલ આપવાનું મ્હેં ઉચિત ધાર્યું છે. જે પ્રસંગે ફ્રાન્સમાં રાજ્ય ક્રાન્તિની અગ્નિ ચારે બાજુએ સળગી ઉઠી હતી, તે સમયથી નેપોલિયનના વાસ્તવિક જીવનનો આરમ્ભ થાય છે. એ સમયે જુના જમાનાના રાજકીય તથા ધાર્મિક વિચારો લોકોના હૃદયમાંથી બીલકુલ નિકળી ગયા હતા. "કેવળ રાજા જ સમસ્ત પ્રજાનાં જીવન તથા સંપત્તિનો સંપૂર્ણ અધિકારી છે" એવા વિચારવાળુ પ્રાચીન એકસત્તાત્મક રાજ્યબળ એ સમયે સર્વથા નષ્ટ થઇ ચુકયું હતું. તે ક્રીશ્ચીયન ધર્મ જેણે એક વખત ફ્રેન્ચ પ્રજાના હૃદયપર સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત કરીને ત્હેની વૃદ્ધિપર સીલ માર્યું હતું! તે પણ આ સમયે ધૂળધાણી થઇ ગયો હતો. મ્હોટા મ્હોટા ઠાકોરો અને જમીનદાર લોકો જે આ એક વખત રાજાનો જમણો હાથ ગણાતા તથા સર્વ સાધારણ ઉપર પોતાનો અખંડિત અધિકાર હોવાનું માની અક્કડ ફરતા હતા, તેઓ સર્વે પોતાનો જીવ પડીકે બાંધીને ફ્રાન્સની હદ બહાર જઇ બેઠા હતા, અને આરોપીઓની માફક પોતાનો પ્રાણ બચાવવાની ફીકરમાં પડયા હતા. ટુંકામાં પ્રાચીનકાળનો સર્વ રંગ બદલાઇ ગયો હતો. પ્રથમ રાજા અને સરદારો જ જે રાજ્યના માલિક હતા તે રાજ્ય હવે પ્રજાનું થઇ પડયું હતું. "બાબા વાક્યં પ્રમાણમ્" એ સૂત્રની જગાએ, તર્ક શક્તિ ને પ્રધાન સ્થાન પ્રાપ્ત થયું હતું; અને ફ્રાન્સ તે સમયે એક નવા યુગમાંથી પસાર થતું હતું.

આ રાજ્યક્રાન્તિ, કેવળ ફ્રાન્સને માટે નહિ, પરન્તુ સમસ્ત યુરોપને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે એટલી જરૂરની હતી કે ત્હેને યુરોપના ઇતિહાસમાં હમેશાં ખાસ સ્થાન આપવામાં આવે છે. જે ક્રાન્તિને એટલી બધી પ્રધાનતા આપવામાં આવે છે, જે ક્રાન્તિએ એક સૈકાના ચોથા ભાગમાં આખા ફ્રાન્સ દેશની કાયા પલટી નાંખી, અને નેપોલિયનનું સમસ્ત જીવન જે ક્રાન્તિનો એક ખંડ માત્ર છે, તે ક્રાન્તિ તે શું હતી ? તથા શું કારણથી અને કેવી રીતે થઇ ? એ સંબંધિ, પણ વાંચકોને કંઇક જ્ઞાન આપવું એ બહુ જ રોચક અને આવશ્યક થઇ પડશે.

સેંકડો વર્ષ પૂર્વે ફ્રાન્સમાં બોર્બોન વંશના રાજાઓ રાજ્ય કરતા હતા, એજ વંશનો લ્યુઇ નામનો ચૌદમો રાજા ૧૭મા સૈકાની મધ્યમાં ફ્રાન્સની ગાદી પર આવ્યો. આ એક બહુજ વિચિત્ર રાજા હતો. પોતે બહુજ પ્રબળ પરન્તુ નીચ વિચારનો હતો. આ રાજા ફ્રાન્સની હદ વધારવાની તૃષ્ણાથી વ્યાકુળ થઇને સમસ્ત યુરોપમાં ધાંધલ મચાવી રહ્યો હતો. પરન્તુ તે પોતાની પ્રજાના સુખની લેશ પણ કાળજી રાખતો નહોતો. યુદ્ધ માટે કંઇ દ્રવ્યની જરૂર પડે તો પોતાની દરિદ્ર પ્રજા પર તે વિગર વિચાર્યે ધડાધડ કર નાંખતો હતો. મ્હારા યુદ્ધ-વિજયથી મ્હારી પ્રજાને શું લાભ વા હાનિ થાય છે ત્હેનો તે કદી પણ વિચાર કરતો નહોતો. એના સમયમાં ફ્રાન્સની રાજ્ય મર્યાદા જોઇએ તેટલી વધી ગઇ હોય તો પણ તે દુર્ભાગી દેશ ગરીબ તથા દુઃખી મનુષ્યોથી ભરપુર બની ગયો હતો. ફ્રાન્સ દેશ એ સમયે જાણે એક દુઃખીઓનું હોસ્પીટલ હોય તેવો તે સમયે પ્રતીત થતો હતો. લ્યુઇનાં યુદ્ધ તો ફ્રાન્સની બહાર થતાં હતાં, પરન્તુ તેના ઘા તો ફ્રાન્સની પ્રજાપરજ પડતા હતા. કારણ કે એક બાજુએ ફ્રાન્સની પ્રજા યુદ્ધથી તંગ થઇ રહી હતી, અને બીજી બાજુએ ઉક્ત ચૌદમો લ્યુઇ રાજા પોતાના દરબારની અસાધારણ શોભા માટે પોતાની રંક પ્રજાનું લોહી ચુસતો હતો. એમ કહેવાય છે કે, ચૌદમા લ્યુઇને પોતાના દરબારના દમામનો જેટલો શોખ હતો તેટલો શોખ યુરોપના બે ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાઓ શિવાય બીજા કોઇને નહોતો. ત્હેના રાજ્યમાં પ્રજાને એક ટંક પુરતુ પણ ખાવાનું મળતું નહોતું. ઉક્ત પ્રબળ કિન્તુ ક્રુર રાજા પોતાની પ્રજાને દુઃખી તથા કમભાગ્ય દશામાં મૂકીને ઇ. સ. ૧૭૧૫ ના સપ્ટેમ્બરની તા. ૧ લીએ, આ સંસારમાંથી સદાને માટે ચાલ્યો ગયો. ૧૫ મો લ્યુઇ રાજા આ વખતે કેવળ પાંચ વરસનો બાળક હતો. એથી પહેલાં આઠ વર્ષ પર્યંત ડયુક ઓફ ઔર્લિને ત્હેને બદલે કામ કર્યું. પછી લ્યુઇએ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. પરન્તુ આ નિર્બળ રાજાની રાજ્યપદ્ધતિ શાશન કહેવાવાને યોગ્ય નથી. આ રાજાની રાજ્યપદ્ધતિને ફ્રાન્સના અધઃપાતની પદ્ધતિની ઉપમા આપીએ તો અયોગ્ય ગણાશે નહિ. આ રાજાનાં આચરણ બહુજ હલકાં હતાં. તે નિરંતર કોઇને કોઇ સ્વરૂપવતી સ્ત્રીના ફંદમાં ફસેલો રહેતો. રાજ્યકાર્યની જાતે દેખરેખ રાખવી એ તો એને મન હરામ હતું—શીખ્યોજ નહોતો. આવી નિર્બળતા ધરાવનારને માથે એક દુઃખી અને દરિદ્ર દેશપર શાશન ચલાવવાનો ભાર આવી પડયો હતો. ફ્રાન્સ દેશ આ સમયે જો કે ચૌદમા લ્યુઇના ભયંકર દંડના ભયથી ચુપ હતો તો પણ અંદર-ખાનેથી તો સંપૂર્ણ રીતે ખળભળી ઉઠયો હતો—માથુ ઉંચકવાની વાટજ જોઇ રહ્યો હતો. બસ, ચૌદમા લ્યુઇએ એકત્ર કરેલી અનિયંત્રીત શક્તિને હવે વધુવાર કાબુમાં રાખવા માટે હાલનો લ્યુઇ સર્વથા નિર્બળ હતો, અને એ અશક્યતાનું ફળ જે નિર્માયું હતું તે દેશને પ્રાપ્ત થયું. રાજ્ય પ્રબંધ શિથિલ થઇ ગયો. દબાઇ રહેલી પ્રજા નિરંકુશ થતાં અવશપણે સફાળી ઉઠી ઉભી થઇ અને દેશની શાસન પદ્ધતિ, ધર્મ, કર વિગેરે વિષયમાં, પ્રજામાં સ્વતંત્ર વિચારો ફેલાવા લાગ્યા. પ્રજાએ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની તૈયારીઓ શરૂ કરી, અને એજ વખતે ફ્રાન્સના મુખ્ય ત્રણ તત્વવેત્તાઓએ સમસ્ત ફ્રાન્સને પોતાના નવા વિચારોથી તરબોળ કરી દીધો.

ઉક્ત ત્રણ તત્વવેત્તાઓ, મૉંટેસ્કયુ, વોલ્ટેયર, અને રૂશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, મી. મોંટસ્કયુએ ઇ. સ. ૧૬૮૯ થી ૧૭૫૫ પર્યન્ત પોતાના The Spirit of laws "નિયમતત્વ" લેખ દ્વારા, ફ્રાન્સની તે વખતની રાજ્યપદ્ધતિનો કંઇક વિરોધ કરીને, ઇગ્લંડ માફકની શાશન પદ્ધતિની જરૂર જણાવી. બીજા વોલ્ટેયરે ઇ. સ. ૧૬૯૪ થી ૧૭૭૮ સુધીમાં, પોતાની દલિલપૂર્વકની માર્મિક ભાષામાં, તે સમયના ધર્મ તથા શાશનપદ્ધતિની બરોબર ખબર લીધી. વોલ્ટેયરમાં બીજાપર કટાક્ષ કરવાનું, અને નવી નવી પરિભાષા બનાવવાનું અસાધારણ સામર્થ્ય હતું. ઇતિહાસમાં એવા લેખકો વિરલ છે. ત્હેણે જુના વિચારોનો વિધ્વંસ કરીને, વિપ્લવને માટેનો નવિન માર્ગ ખુલ્લો કર્યો. રાજ્યક્રાન્તિનો ખરેખરો ત્રીજો દર્શનકાર રૂશો ઇ. સ. ૧૭૧૨ થી ૧૭૭૮ માં થયો. ખરી રીતે તો, એણેજ દૃઢતાપૂર્વક ક્રાન્તિનો પાયો નાખ્યો—એણેજ એક રીતે ફ્રાન્સની રાજ્યસત્તાની જડ ઉપર ખરેખરો ઘા કર્યો. Social contract નામના પોતાના પુસ્તકમાં રૂશોએ એ સિદ્ધ કરી બતાવ્યું છે કે, પ્રકૃતિએ હરેક મનુષ્યને બીજાની બરોબર તથા ત્હેના જેટલોજ સ્વતન્ત્ર બનાવ્યો છે. પ્રાચીનકાળમાં મનુષ્ય સમાજની પ્રાકૃતિક (સ્વાભાવિક) દશામાં રાજા પ્રજા જેવું કંઇજ નહોતું, સૌ કોઇ એકસરખા અને સ્વતન્ત્ર હતા. પરન્તુ તત્પશ્ચાત્ દસ્યુ-અનાર્યોના ભયથી ત્હેમણે પોતાની એકબીજાની સ્વેચ્છાથી પોતામાંથી એકને પોતાનો રક્ષક નીમવાનો ઠરાવ કર્યો; તથા ત્હેના પર પોતાની રક્ષાનો ભાર નાખી તે બદલ ત્હેને કર આપવા લાગ્યા; અને પોતાની સ્વતન્ત્રતાને કંઇક કમ થવા દીધી. રૂશોએ આ પ્રમાણે લખીને પ્રજાના હૃદયમાં એ ઠસાવ્યું. શાસન કરનારા સર્વ પુરૂષો અથવા સંસ્થાઓ જનસમાજે પોતે બનાવેલી છે. સમાજ જ્યારે પણ ઇચ્છે ત્યારે ત્હેમાં ઉચિત પરિવર્ત્તન કરી શકે છે; એણે એ સાથે લોકોને એ પણ શીખવ્યું કે સર્વ મનુષ્યો એકબીજાની બરોબરના અને સ્વતન્ત્ર છે. રૂશોના આ સિદ્ધાન્તો ક્રાન્તિના કાર્યમાં બહુજ સહાયક નિવડયા. એ ક્રાન્તિનો મૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન્ત્ર " સ્વાધીનતા, સમાનતા, અને ભ્રાતૃભાવ વા મૃત્યુ " પણ, રૂશોનાજ દાર્શનિક વિચારોની ચાવી હતી.

એક બાજુએ અગ્રેસરો સામાન્ય પ્રજાને આવી જાતનું શિક્ષણ આપી રહ્યા હતા, જ્યારે બીજી બાજુએ રાજા, દરબારીઓ, ભાયાતો, તથા ક્રીશ્ચીયન ધર્મના પાદરીઓ તે શિક્ષણ રૂપી અગ્નિમાં અત્યાચાર, અન્યાય, તથા દુરાચાર રૂપી ઘૃતની આહુતિઓ આપી રહ્યા હતા. ઉપર જણાવ્યા મુજબ રાજાના અત્યાચારની કંઇ હદ રહી નહોતી. રાજાની ઇચ્છા વિરૂદ્ધ કોઇથી કંઇ પણ કહેવાતું નહોતું. તે ચાહે તે કરી સકતો. પ્રજાની સંપત્તિ, પરિવાર, અને પ્રાણ શુદ્ધાં, રાજાની ઇચ્છા ઉપર નિર્ભર હતાં. તે ચાહે તે સમયે નવિન કર નાંખી શકતો. શહેનશાહતની હદપાર શોભા માટે, તે પ્રજા પર નિરંતર અવનવા કર નાંખતો. ત્હેના અમીર ઉમરાવો, જાગીરદારો, ઠાકોરો અને પટાવતોના એથી પણ ખરાબ હાલ થઇ ચુકયા હતા. ત્હેમના ઘણાખર અધિકારો રાજાએ છીનવી લીધા હતા. તથાપિ પોતાના ઇલાકામાં ત્હેમનું જોર અને અધિકાર જેવોને ત્હેવો કાયમ હતો. ચાહે ત્હેને તેઓ બેહાલ કરતા અને ચાહે ત્હેને મારી પણ નાખતા. ત્હેમના પર કોઇ જાતનો અંકુશ નહોતો. ઇશ્વરના આ ઉખડેલા પુત્રોને શિકાર ખેલવામાં વાંધો ન આવે એટલા માટે કોઇ પણ ખેડુતો પોતાના ખેતરને વાડ પણ લગાવી શકતા નહોતા તે બિચારાઓને એક ટંક પણ પુરૂ ખાવાનું ન્હોતું મળતું છતાં પણ ઉક્ત જમીનદાર તથા અમીર ઉમરાવ વર્ગ જ્યારે ચાહે ત્યારે પુલો અને સડકો ઉપર કર નાંખીને ત્હેમની પાસે જે કંઇ અલ્પ જીવિકા હતી ત્હેમાંથી પણ બનતું લઇ લેવાની કોશિશ કરતા હતા ! ગમે તેવા મનુષ્યને વિના તપાસ કર્યે કેદ કરવાનો રાજાને અધિકાર હતો. ઉમરાવ લોકો પોતે પણ રાજાને ખુશી કરીને ત્હેના આ અધિકારનો ઇચ્છાનુસાર ઉપયોગ કરી શકતા. ક્રિશ્ચિયન ધર્મ ગુરૂઓની દશા પણ એવીજ સ્વછંદી અને બગડેલી હતી. તે લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ માત્રના ધર્મગુરૂ અથવા પાદરી હતા. ધર્મના નામે લોકોની આવકમાંથી દશાંશ મેળવી, ત્હેનો પોતાના સુખ માટે ઉપભોગ કરવો, એજ એમનું એ વખતનું મુખ્ય કર્તવ્ય થઇ પડયું હતું, અર્થાત્ એ લોકો તે સમયે તો સર્વ સાધારણમાં સુખને બદલે દુઃખનોજ પ્રચાર કરી રહ્યા હતા. આ સર્વ દુર્દશામાં સૌથી વધારે ખરાબ અને આશ્ચર્યજનક વાત તો એ હતી કે સર્વ પ્રકારના રાજકીય કરો સાધારણ અથવા ગરીબ વર્ગના લોકો પાસેથીજ લેવામાં આવતા હતા. લૉર્ડ લોકો અને ધર્માધિકારીઓ વિગેરે તો ત્હેમાંથી મુક્તજ હતા.

પરમાત્માની સૃષ્ટિમાં, ત્હેનાજ કનિષ્ટ બાળકો પ્રતિ આવો અસહ્ય વર્ત્તાવ વર્ત્તવામાં આવે એ કયાં સુધી નભે? એની પણ હદ હતી. બેહદ અત્યાચારથી ખળભળાટ ઉત્પન્ન થયા શિવાય રહેતો નથી. ફુટબોલમાં આપ હવા ભરશો તો તે ત્હેમાં દબાઇ ચંપાઇને પણ નિયત હદ સુધી તો રહેશેજ, અને ફુટબોલ પણ એથી પ્રફુલ્લ થશે, પરન્તુ અમુક હદ વટાવ્યા પછી ત્હેમાં જો વિશેષ હવા ભરવાનો યત્ન કરવામાં આવશે તો તે ત્હેમાં સમાઈ શકશે નહિ એટલુંજ નહિ પરન્તુ ફૂટબોલ આખરે ફુટી જશે, અને અંદર જેમ તેમ ભરેલી હવા આપોઆપ બહાર નીકળી જશે. બસ, એ વખતથી વાયુનો દબાઇ રહેવાનો ધર્મ દૂર થઇ, ત્હેમાં અન્યને દબાવવાનો વિપરિત ગુણ દાખલ થશે. મનુષ્ય પ્રકૃતિની પણ એવીજ સ્થિતિ છે. આપ કોઇપણ મનુષ્ય પર કંઇપણ અત્યાચાર કરશો તો બહુ વખત સુધી કદાચ તે સાંખી શકશે, પરન્તુ તે સહન શક્તિની અમુક હદ હોય છે. તે હદથી વિશેષ અત્યાચાર જો ત્હેનાપર કરવામાં આવે તો તે પછી ત્હેને તે સહન કરી શકશે નહિ; અને તે મનુષ્યની દબાઇ જવાની પ્રકૃતિને બદલે ત્હેમાં બીજાને દબાવવાની ભયંકર શક્તિ આપોઆપ દાખલ થયલી આપને માલૂમ પડશે. આ વખતે આપણે એમ કહી શકીશું કે ઉક્ત મનુષ્યમાં ક્રાન્તિનો વેગ દાખલ થયો છે. જ્યારે ક્રાન્તિની અગ્નિ અત્યાચારો રૂપી ઘૃતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આહુતિઓ તથા ત્યાંના તે સમયના નવિન તત્વવેત્તાઓના ઉપદેશ રૂપી પવનોથી ચોતરફ જોરથી ફાટી નીકળી પ્રચંડપણે સમસ્ત યુરોપની આંખો ઉઘાડી રહી હતી, તે વખતે ફ્રાન્સની પણ બરોબર ઉપર જણાવી એવી સ્થિતિ હતી.

દ્વિતીય પરિચ્છેદ—રાજ્યક્રાન્તિનો પ્રકાશ.

क्रान्तेरोघः प्रसृमितरयः केन वा वारणीयः ?

" ક્રાન્તિ રૂપી વેગવાળા જળ પ્રવાહને કોણ રોકી શકે છે ? "

પ્રથમ પરિચ્છેદથાં જણાવ્યા પ્રમાણે મનુષ્યની સહન શક્તિની પણ હદ હોય છે. અમુક મર્યાદા પછી તે આગળ વધી શકિત નથી. તે પછી યાતો તે મનુષ્ય મૃતપ્રાયઃ બને છે, અથવા તો તે વ્યાધિ દૂર કરવાનો તે યત્ન કરે છે. એવે સમયે ત્હેને જો કોઇ ઉત્તમ ચિકિત્સક મળી ગયો; અને ત્હેણે રોગનુ યથાસ્થિત સ્વરૂપ તથા નિદાન સ્હમજી લઇને ત્હેનું બરોબર ઔષધ તથા સારવાર કર્યાં, તો તે રોગીના યત્નો અવશ્ય સફળ થઈ તે નિરોગી બનશે. પરન્તુ દુર્ભાગ્યવશાત્ અગર ત્હેને કોઇ ત્હેવો વૈદ્ય ન મળ્યો તો તે વ્યાધિ દિવસે દિવસે બળવત્તર નિવડી ત્હેને નિર્માલ્ય બનાવી દેશે, અને કોણ જાણે ત્હેને કેટલાંએ વર્ષ પર્યન્ત પથારી વશ રહેવું પડશે અથવા તો ત્હેનું મૃત્યુ થશે !

રાષ્ટ્રની દશા પણ લગભગ એવીજ છે. રાષ્ટ્રને પણ એવાજ રોગો લાગુ પડે છે. સમય સમય પર તે જુદા જુદા રોગોથી પિડાય છે. એટલા માટેજ કદાચ આધુનિક રાજનૈતિક વિચારકોએ સિદ્ધ કરવાનો યત્ન કર્યો છે કે, રાષ્ટ્ર એક દેહની ઉપમાને યોગ્ય છે. જુદાં જુદાં અંગોમાં જેમ જરાપણ વિકાર થતાં તે શરીર રોગગ્રસ્ત થઇ પડે છે, તેવીજ રીતે રાષ્ટ્ર પણ પોતાનાં અંગો બગડવાથી બીમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી જાય છે.

જે સમયની આપણે અત્રે વાત કરી છીએ તે વખતે ફ્રાન્સદેશ રાષ્ટ્રીય બીમારીથી ગ્રસ્ત હતો. તે સમયે તે અસ્વસ્થ દશા ભોગવતો હતો. ચારે તરફની ઘુમો અને ફેલી રહેલા આક્રંદે ફ્રાન્સની આ રોગ ગ્રસ્ત દશાનું દૂર દૂરના દેશો સુધી સર્વ કોઇને ભાન કરાવ્યું હતું. જે વિદેશી યાત્રીયોએ તે સમયે ફ્રાન્સ દેશનું અવલોકન કર્યું હતું ત્હેમણે સર્વેએ મુક્ત કંઠે એજ સ્વીકાર્યું હતું કે, બહુ નજદિકના ભવિષ્યમાં અથવા કંઇક સમય બાદ ફ્રાન્સમાં બંડ મચવું જોઇએ. ફ્રાન્સ દેશનાં સર્વ રાષ્ટ્રીય અંગો આ વખતે વિકારયુક્ત દશામાં હતાં. ત્હેમાં ફાડા પડયા હતા એમ કહીએ તો પણ ચાલશે આ વખતે ત્હેને એક એવા વૈદ્યની જરૂર હતી કે જે ત્હેના રોગને બરાબર ઓળખી ત્હેનો સત્વર ઇલાજ કરે. બસ એજ સમયમાં એવા એક વૈદ્યનું ફ્રાન્સમાં આગમન થયું. તે ક્રાન્તિ રૂપી વૈદ્યે ફ્રાન્સ દેશને રોગ મુક્ત કરવા માટે જોર શોરથી ભારે પ્રયત્નો કર્યા. ત્હેણે ત્હેનાં સમસ્ત વિકારી અંગોની એવી સરસ રીતે વાઢ કાપ કરી ત્હેમાંનો મલિન ભાગ કાઢી નાંખ્યો કે, સમસ્ત સંસાર એ દૃશ્ય જોઇને આશ્ચર્ય ચકિત થયો. જે વખતે ઉક્ત રાષ્ટ્રપર ઓપરેશન (વાઢકાપ) ની આ ક્રિયા ચાલતી હતા તે વખતે સમસ્ત સંસાર ઉક્ત વૈદ્યને ધિક્કારતો હતો; અજ્ઞાન અને કાયર પુરૂષો ત્હેને ક્રૂર કહેતા હતા; પરન્તુ વૈદ્યવિદ્યામાં નિપુણ પુરૂષો એમ જણાવતા હતા કે તેજ વૈદ્ય ખરો ચિકત્સક હતો. કારણ કે જે વૈદ્ય પોતાનું કાર્ય કરતી વખતે રોગીના ઉદ્ધાર શિવાય સંસારની બીજી કોઇ પણ બાબતની પરવા કરતો નથી ત્હેનેજ બુદ્ધિમાન પુરૂષો ખરેખરો વૈદ્ય કહે છે. બસ, ક્રાન્તિરૂપી વૈદ્યે પણ એવીજ રીતે કોઇનું કંઇપણ સાંભળ્યા શિવાય પોતાનું કાર્ય જારી રાખ્યું. જેનું પરિણામ એ આવ્યું કે ફ્રાન્સરાષ્ટ્ર ઉક્ત વાઢકાપના દુઃખથી જો કે કંઇક કમજોર થઇ ગયું પરન્તુ ત્હેનો રોગ તો નિઃસંશય સદાને માટે દૂરજ થયો ત્હેના સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકારો નષ્ટ થયા.

ફ્રાન્સનાં એ વિકૃત અંગ કયાં હતાં એ જાણવા માટે એટલુંજ લખવું બસ થશે કે તે સમયનો રાજા, અમીર ઉમરાવો, તથા પાદરીઓ એ સર્વ રાષ્ટ્રનાં સડેલાં અંગ સમાન હતાં. ક્રાન્તિનું એજ કાર્ય હતું કે તે અંગોને નષ્ટ કરવાં. અને કાર્ય થઇ રહ્યું કે તુરતજ ક્રાન્તિરૂપી વૈદ્ય ફ્રાન્સ છોડીને કૃત્ય કૃત્ય થઇને ચાલ્યો ગયો.

ઉપર જણાવ્યું તેમ એ વખતની દશા જોઇને ફ્રાન્સની મુલાકાત લેનારા વિદેશી યાત્રીઓનીજ એ ઘુમ નહોતી કે ફ્રાન્સમાં થોડા વખતમાં બંડ થશે. પરન્તુ ફ્રાન્સની અંદરના વિદ્વાનોની પણ એજ ભવિષ્ય વાણી હતી, એટલુંજ નહિ પરન્તુ દુરાચારી, લંપટ, તથા નિર્બળ રાજા પંદરમો લ્યુઇ પણ મરતી વખતે એજ કહી ગયો હતો કે, મ્હારી પાછળ મહા વિપ્લવ થશે. આવી ભવિષ્ય વાણીનું કથન કરનાર એ રાજાએ, ઇ. સ. ૧૭૭૪ માં આ સંસારમાંથી પોતાનું કલંકિત શરીર નષ્ટ કર્યું.

હવે રાજ્યનો ભાર સોળમા લ્યુઇને માથે પડયો. જે વખતે ત્હેનો રાજ્યાભિષેક થઇ રહ્યો હતો, તેજ સમયથી દૂરથી આવતી આપત્તિઓની ઘોર મેઘ ગર્જના ત્હેના કાનો ઉપર પડી મુકી હતી. એથી ત્હેણે એજ વખતે ભયભીત થઇને પોતાના સહાયકોને શોધવા માટે ચારે તરફ નજર દોડાવી, પરન્તુ તુરતજ ત્હેને માલૂમ પડયું કે સૃષ્ટિમાં હવે એવી એકકે શકિત નથી રહી કે જે ત્હેને ઉક્ત ભાવિસંગ્રામથી બચાવે, અને ક્રાન્તિરૂપી તિક્ષ્ણ છરાના ભયથી ત્હેની રક્ષા કરે. આમ માલૂમ પડતાંની સાથેજ તે ગભરાઇ ગયો, અને ત્હેના મ્હોંમાંથી એ શબ્દો નીકળી પડયા કે, "હે પરમાત્મન્! આપજ મ્હારા સાથી અને રક્ષક બનો, હું હજુ એવો બાળક છું કે મ્હારામાં આ દેશનું સાશન કરવાનું અત્યારે બળ નથી." પરન્તુ ઇશ્વરે પણ આ પ્રાર્થના સાંભળી ન સાંભળી કરી નાંખી, કારણ કે સૃષ્ટિના અટલ નિયમ આગળ એક વ્યકિતની પ્રાર્થનાનું કેટલું બળ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોળમો લ્યુઇ જો આ ક્રાન્તિના વખતમાં ઉત્પન્ન થયો ન હોત તો કદાચ સમસ્ત સંસારના સર્વોત્તમ રાજાઓમાં તેની ગણના થાત. તે સદાચારી, મિતવ્યયી, પ્રજાહિતની કાળજી રાખનારો, દયાળુ, અને સ્નેહાળ હૃદયનો રાજા હતો. જે સર્વ ગુણો સાધારણ સમયમાં એક રાજાને માટે બહુજ ઉત્તમ ગણાય છે, પરન્તુ ક્રાન્તિના સમયમાં એવા કેવળ શાન્ત અને સુશિલ રાજાઓ કંઇ કરી શકતા નથી. તેઓ જુએ છે કે પોતાનું સિંહાસન ડોલવા લાગ્યું છે, તો પણ તેઓ કંઈ કરી શકતા નથી. આવા સમય માટે તો, બહુજ કઠોર અને ક્રાન્તિને દાબી શકે એવા હૃદયવાળા રાજાની જરૂર છે. અથવા તો જે રાજા પોતાની પ્રબળ માનસિક શક્તિવડે ક્રાન્તિને પણ માર્ગ દર્શાવનારો થઇ પડે તેવો રાજાજ આવા ઉથલપાથલના વખતમાં સ્થિર રહી શકે છે. હતભાગ્યે સોળમા લ્યુઇમાં આ બેમાંનો એકે ગુણ નહોતો. તે નતો કઠોર હતો કે ન તેનામાં એવી પ્રબળ માનસિક શક્તિ હતી. તે તુરતજ કોઇની સલાહને આધીન થઇ જતો હતો. સ્વતંત્રપણે વિચાર કરવાની કે માર્ગ કાઢવાની તેનામાં શક્તિ નહોતી.

રાજા બનતાંજ તેણે જોયું કે દેશની આર્થિક દશા બહુજ બગડેલી છે અને રાજ્યભંડાર તદ્દન ખાલી પડયો છે, એથી એ દોષ દૂર કરવા માટે, તેણે કંઇ એક યોગ્ય પુરૂષોને પોતાના મુખ્ય મંત્રી તરીકે નિયત કર્યા, પરન્તુ કોઇથી પણ એ દશા સુધારી શકાઇ નહિ. તેણે પોતાના કૃપાપાત્ર પુરૂષોની એક સભા બોલાવી, અને તેમાં મ્હોટા મ્હોટા અમીર ઉમરાવો સામેલ થયા; રાજાએ તેમની પાસે રાજ્યના સુધારાર્થે ધનની સહાયતા માગી, પરન્તુ તે કૃતઘ્ન પુરૂષોએ તે ભલા રાજાને તે માટે એક પાઇ પણ આપી નહિ, કેવળ સુકો જવાબજ પકડાવી દીધો ! રાજાએ જ્યારે પોતાની આવી દશા જોઇ, ત્યારે તેણે લાચાર થઇને સમસ્ત પ્રજાકીય પ્રતિનિધિઓની સાધારણ સભા બોલાવી. જેમાં લોર્ડ અને પાદરીયો ઉપરાંત સાધારણમાં સાધારણ પ્રજા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુહના પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હતી. ફ્રાન્સના પુર્વ રાજાઓ તરફથી, કોઇ કોઇ વખતે આવી જાતની રાજસભાઓ અગાઉ પણ બોલાવવામાં આવતી હતી; પરન્તુ આ સભામાં કંઇક વિશેષતા હતી. લાંબા વખત સુધીના અત્યાચારો, નવા તત્વવેત્તાઓએ પ્રજામાં દાખલ કરેલા નવિન વિચારો, તથા સાર્વદેશિક ક્રાન્તિના સિદ્ધાન્તોથી પ્રભાવિત થયેલા ફ્રાન્સ દેશના મધ્યમ વર્ગના શિક્ષિત લોકો, પોતાને માટે આ પ્રસંગને એક ઉત્તમ અવસર હોવાનું રહમજતા હતા. આ સભામાં લોર્ડ તથા પાદરીયોના ત્રણસો ત્રણસો, પરન્તુ સર્વસાધારણ તરફથી છસો પ્રતિનિધિઓ હાજર થયા હતા. આ સભા, અત્યાચારોથી કંટાળીને શસ્ત્ર પકડવાની ઇચ્છા રાખનારાઓના હાથમાં શસ્ત્ર સમાન હતી. જ્યાં સર્વ સાધારણને માલૂમ પડયું કે આપણી ફરીયાદો સંભળાવવાનો આ ખરેખરો પ્રસંગ છે. તેજ વખતે ત્હેમણે નિશ્ચય કર્યો કે આ ઉત્તમ અવસર કોઇએ ખોવો નહિ.

ઇ. સ. ૧૭૮૯ ના મે મહિનાની પહેલી તારીખે સાધારણ રાજસભાની પ્રથમ બેઠક મળી. રાજ્યાશ્રિત લોકો (પાદરીયો અને ઉમરાવો) સાથે શરૂઆતમાંજ સાધારણ વર્ગને લડાઇ થઇ; રાજાના ઉક્ત કૃપાપાત્ર લોકોની એ ઇચ્છા હતી કે ત્રણે વર્ગના લોકો હરેક પ્રશ્નપર અલગ અલગ સ્થાનોમાં વિચાર કરે અને ત્રણેના પૃથક પૃથક નિશ્ચયો અને નિર્ણયોનું જે પરિણામ નિકળે, તે પછી એ જોઇ લેવું કે ઉક્ત બે વર્ગોના પ્રતિષ્ઠિત પુરૂષોનો શું મત છે? બસ ત્હેમના મત મુજબ તે પ્રશ્નનો ફડચો લાવવો અને ત્રીજી શ્રેણીના લોકોના સાધારણ મતને વિશેષ વજન આપવું નહિ. સામાન્ય પ્રજા આ પદ્ધતિની વિરૂદ્ધ હતી. ત્હેમની એ ઇચ્છા હતી કે ત્રણે વર્ગના લોકો એકજ સ્થળે એક સાથે એ વિષયપર વિચાર કરે, અને સૌ કોઇનો મત લેતાં જે તરફ વધારે મત પડે તે નિર્ણયનો સ્વીકાર કરવો. બડેખાં ઉમરાવો સર્વસાધારણની બહુમતીનો લાભ ઉઠાવી દેવા માગતા હતા, જ્યારે સામાન્ય પ્રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્હેની તરફેણમાં હતી. બસ, અહીંથીજ ઝઘડો ઉભો થયો. જેનું પરિણામ એ આવ્યું કે સામાન્ય પ્રજાના પ્રતિનિધિઓએ દૃઢતાપૂર્વક હઠ કરીને પોતાની બનેલી " સાધારણ રાજસભા "નેજ રાષ્ટ્રિય પરિષદ્‌ના રૂપમાં ફેરવી નાંખી અને સામાન્ય પ્રજાના પ્રતિનિધિઓની બનેલી એ સભાએ રાજ્યતંત્રની સમસ્ત વ્યવસ્થા પોતાના હાથમાં લીધી; આ દશા દેખીને ઉમરાવોમાંના પણ કેટલાક રાષ્ટ્રિય પરિષદ્‌માં દાખલ થયા.

રાજા તથા ત્હેના આશ્રિત અમીર ઉમરાવો, અને ત્હેમની હામાં હા મેળવનારા અનેક લોકો આથી ગભરાટમાં પડી ગયા. રાજાએ પોતાના રાજકીય ભૂવનમાં રાષ્ટ્રિય પરિષદ્ ભરવા દેવાની મના કરી. કિન્તુ રાષ્ટ્રીય પરિષદ્ વિશ્વાસ તથા ધૈર્ય સાથે એક ટૅનીસ કોર્ટમાં મળી. સર્વ પ્રતિનિધિઓએ ઉભા થઇને એ પ્રતિજ્ઞા કરી કે, જ્યાંસુધી તેઓ ફ્રાન્સની રાજકીય સત્તાને સુધારી લેશે નહિ ત્યાંસુધી સર્વે એકસંપીથી અડગપણે પોતાનું કાર્ય ચાલુ રાખશે. રાષ્ટ્રીય પરિષદમાં એક બાજુએ તો આ કાર્ય ચાલી રહ્યું હતું, જ્યારે બીજી બાજુએ પૅરીસમાં કંઇક બીજીજ ધુમ મચી રહી હતી. પૅરીસના લોકોને જ્યારે ખબર પડી કે રાજા તથા રાજસભા વચ્ચે વિરોધ ઉભો થયો છે અને રાજા, રાષ્ટ્રીય પરિષદ્‌થી ચીડાઇ તથા ગભરાઇને પોતાના રક્ષણાર્થે ચારે તરફથી મ્હોટું સૈન્ય એકઠું કરે છે, ત્યારે સર્વને પોતાના જાનમાલની ફીકર થવા લાગી. પ્રજાના મનમાં એ ભય ઉત્પન્ન થયો કે, કદાચ રાજા આ એકઠી કરેલી સેના સાથે પૅરીસ નગરી તથા રાષ્ટ્રીય પરિષદ્‌ને દબાવવા માટે ત્હેના ઉપર હલ્લો કરશે. આથી આવા વિચારની કંઇએક વાતો–ગુમો પ્રજામાં ફેલાવા લાગી. એકે કહ્યું કે આજ રાત્રેજ રાજસેના પૅરીસ અથવા રાજસભા ઉપર હુમલો કરશે; તો બીજાએ ત્હેમાં મીઠુ મરચું ઉમેરીને એવી ગપ મારી કે આજરાત્રે રાષ્ટ્રીય પરિષદ્‌ના સર્વ પ્રતિનિધિઓને કેદ કરવામાં આવશે. આવા પ્રકારના સંદેહ, ભય તથા અવિશ્વાસના વાતાવરણમાં પૅરીસમાં શાન્તિ ફેલાવવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્હેના મુખ્ય મુખ્ય પુરૂષોની એક કમીટી નિમવામાં આવી. જેનું નામ 'ક્રાન્તીય નગર પ્રબન્ધકર્ત્રી સભા' રાખવામાં આવ્યું. આ ઉપસભાએ જ્યારે નગરની રક્ષા કરી શાન્તિ ફેલાવવાનું બીડું ઝડપ્યું, ત્યારે પૅરીસના અનેક દેશભક્ત નાગરિકોએ ત્હેમની સહાયતાર્થે પોતાની પણ એક સેના ઉભી કરી, જેને 'રાષ્ટ્ર રક્ષક સેના'નું નામ આપ્યું. આ પ્રમાણે, જેનાવડે ક્રાન્તિના આખા વખતમાં એક મહાન કાર્ય કરવાનું હતું, તેવી બન્ને લોકોપયોગી સંસ્થાઓની સ્થાપના એની મેળેજ થઇ ગઇ!

દુર્ભાગ્યવશાત્ આ વર્ષે ફ્રાન્સમાં અન્નનો પાક પણ થોડો થયો હતો. દૈવનોજ કંઇ કોપ હોય એવું જણાતું હતું. રાજનૈતિક ઝઘડામાં પડવાથી કેટલાક લોકો ખેતીનું કામ ન કરી શકયા. એનું પરિણામ એ આવ્યું કે દેશમાં અન્નનો દુકાળ પડયો. પેરીસપર આની ભારે અસર થઈ. કારણ કે ગામડાંઓના અસંખ્ય લોકો પણ અન્નના વાખાથી ત્યાં આવીને વસ્યા હતા, પરન્તુ આ અશાન્તિમાં ત્હેમને રોજી પણ ક્યાંથી મળે? તેઓએ રાષ્ટ્રીય પરિષદ્ સમક્ષ જઇ બુમ મારવા માંડી અને નગર પ્રબન્ધકર્ત્રી સભા પાસે પણ પોતાની ફરીયાદ કરી; પરન્તુ જે સમયે અન્નના વાખા પડવા આવ્યા હતા, તેવે વખતે ત્હેમને કોણ અનાજ આપે? આ સ્થિતિમાં ઉક્ત અશાન્ત જનસમૂહમાં કોઇએ જોરશોરથી એવી બુમ ઉડાવી કે "આપણે માટે અન્ન વિગેરેનો પ્રબન્ધ કરવા માટે મી. નેકર નામના મંત્રીએ, રાષ્ટ્રીય પરિષદ્ની તુરત સભા બોલાવવાની સલાહ આપી હતી, ત્હેને રાજાએ પદભ્રષ્ટ કર્યો છે." પછી શું પૂછવું? એ બુમે બળતામાં ઘી હોમવા જેવી દશા કરી! હરએક મનુષ્યના મનમાં એ બાબતનો બદલો લેવાની વેરની લાગણી ઉભી થઇ! સામાન્ય સમૂહની આ દશા જોઇને, એક મગજના ફાટેલાએ એવી બુમ મારી કે, જે કિલ્લામાં રાજા ન્યાય અન્યાયનો વિચાર કર્યા વિના પોતાની ઇચ્છાનુસાર અનેક કેદીઓને વરસોનાં વરસો સુધી કેદ કરે છે, તે મહાદુર્ગનો આજે આપણે નાશ કરવાની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મહાદુર્ગનું નામ બેસ્ટાઈલ હતું. બેસ્ટાઇલના નામે સર્વ લોકો ઉપર એવી જાદુઇ અસર કરી નાંખી કે, તે વર્ષના જુલાઇ માસની ૧૪મી તારીખે, ત્રીસ હજાર માણસો, તે તોપોથી સુરક્ષિત થયેલા પ્રાચીન કિલ્લા ઉપર તૂટી પડયાં અને તેના પ્રબન્ધકર્ત્તા અધિકારીને મારી નાખી, કિલ્લો પોતાને સ્વાધીન કર્યો ! અને આખરે તે નિરંકુશ બળવાખોરો રાજ્યની પ્રચંડ ધ્વજાને ભૂતળપર સૂવાડીનેજ પાછા પૅરીસ આવ્યા.

આ પ્રમાણે જનસમૂહે જ્યારે પોતાનું બાહુબળ દેખાડયુ ત્યારે રાજા તથા તેના કૃપાપાત્ર અમીર ઉમરાવો અને પાદરીઓ, મહાન ચિંતામાં પડી ગયા ! સર્વ સાધારણને શાન્ત કરવાનો અન્ય ઉપાય રાજાએ ન જોયો એટલે તેણે લોર્ડ તથા પાદરીયોને એવી આજ્ઞા કરી કે તેઓએ પણ રાષ્ટ્રીય પરિષદ્‌માં સામેલ થવું, રાજાએ ધાર્યું કે આમ કરવાથી પોતાને માથેનો ભય ઓછો થશે. બીજી બાજુએ લૉર્ડ તથા પાદરીઓ પણ એમ સમજયા કે હવે કંઇ પણ ઉદારતા કે છૂટછાટ મૂકયા વિના પ્રજા આપણો કેડો છોડશે નહિ. તેઓએ પણ રાષ્ટ્રિય પરિષદ્‌માં ઉભા થઇને પોતપોતાનો વંશ પરંપરાનો ભૂમીનો કર તથા દશાંશનો હક છોડવા માંડયો બસ તા. ૪ થી ઓગસ્ટને દિવસે એક રાજા શિવાય ફ્રાન્સનિવાસી બીજા સર્વ મનુષ્યોને તે દિવસની પરિષદે એકજ સપાટીપર લાવી મૂકયા ! ક્રાન્તિનો આ પ્રથમ મહા વિજય હતો. આ મહાન્ વિજયની પછી બાવીશ દિન વ્યતીત થતાં પરિષદે પ્રજાકીય અધિકારોનો ઢંઢેરો પીટાવ્યો જે દ્વારા સર્વ મનુષ્યોની સમાનતા તથા સ્વતન્ત્રતાનો સ્વીકાર કરવામાં આવ્યો અને સાથે સાથે એ પણ પ્રકટ કરવામાં આવ્યું કે, વાસ્તવિક રાજ્યશક્તિનું મધ્યબિંદુ રાષ્ટ્રમાંજ હોવું જોઇએ. કોઇ ખાસ વ્યક્તિમાં નહિ. અર્થાત્ રાષ્ટ્રની સંમતિનો પ્રકાશ, એજ રાજ્યનિયમ અન્ય નહિ.

પરિષદ્‌માં આ વ્યવસ્થા બની રહી હતી, પરન્તુ ભૂખ્યુ પૅરીસ તો ખોરાક તો ખોરાક વિનાજ તરફડતું હતું ! પિડિતોને જ્યારે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાયું કે, હવે કંઇથી પણ અન્નની આશા રહી નથી, ત્યારે તે ભૂખ્યા કુતરાઓની માફક રાજાના મહેલોપર તૂટી પડયા, અને રાજાના સમસ્ત રક્ષકોને પગ તળે કચરીને તેઓ દોડે રાજાની પાસે પહોચી ગયા અને ત્હેને પરિવાર સહિત ગાડીમાં બેસાડીને પૅરીસમાં લઈ આવ્યા ! જન-સમાજની આ સાહસિક ચેષ્ટાથી ફ્રાન્સના રાજાનું સિંહાસન કંપવા લાગ્યું ! પ્રજાની આવી તોફાની વલણ જોઇને, રાજાના માનીતા સમસ્ત અમીર ઉમરાવ તથા પાદરી લોકો પણ સ્તબ્ધ બની ગયા, અને ભયના માર્યા કંપવા લાગ્યા ! જ્યાં તેમના આશ્રયદાતા રાજાને પણ ઉપાડી લઇ જવામાં આવ્યો, ત્યાં પછી તેઓ કોને આશરે રહી શકે ? એક પછી એક તરતજ સમસ્ત પાદરીઓ તથા લોર્ડોએ, ફ્રાન્સની હદ છોડવા માંડી ! સૌને પોતાનો જીવ બચાવવાની ફીકર આવી પડી, અને જ્યાં રસ્તો મળ્યો ત્યાં ભાગવા માંડયું. પરિષદે પણ આ તકનો ખરેખરો લાભ લીધો. ચર્ચ (ધર્મમંદિર)ની સમસ્ત જમીન, જે પહેલાં પાદરીયોના અધિકારમાં હતી, તે સર્વ રાષ્ટ્રના કબજામાં લઇ લેવામાં આવી, અને નાશી ગયેલા ઉમરાવોની સંપત્તિ પણ રાષ્ટ્રની સંપત્તિમાં મેળવી દીધી. માત્ર ત્યાં રહેલા સ્વતન્ત્ર અને ઉદાર વિચારના પાદરી-યોના નિર્વાહ માટે રાજભંડારમાંથી વ્યવસ્થા કરી આપવામાં આવી.

આવાં સર્વ ન્હાનાં ન્હાનાં પરિણામો પશ્ચાત્ ઇ. સ. ૧૭૯૧ ના સપ્ટેમ્બરની ૧૪ મી તારીખે રાષ્ટ્રીય પરિષદે ફ્રાન્સ દેશની એક નવીન સંપૂર્ણ રાજસભા બનાવી આ નૂતન સંસ્થાના નિયમાનુસાર રાજા જોકે દેશનો મુખ્ય શાસનકર્ત્તા તરીકે ગણાવા લાગ્યો, તો પણ રાજ્યપ્રબંધ માટે સમસ્ત રાજનિયમોને બનાવનારી તથા સમસ્ત પ્રજાનો અભિપ્રાય પ્રકટ કરનારી એક વ્યવસ્થાપક સભા નિમવામાં આવી. આ નવિન સંસ્થાને બનાવીને, ક્રાન્તિને ઉઠાવનારી રાષ્ટ્રીય પરિષદ્ તુટી ગઇ. અહીંઆં ફ્રાન્સની રાજ્યક્રાન્તિની પૂર્વ પીઠિકાની સમાપ્તિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃતીય પરિચ્છેદ—ભયંકર ખુનરેજી.

विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः । हरिः ।

વિવેકથી ચ્યુત થએલાઓનો અનેક પ્રકારે અધઃપાત થાય છે.

જુની રાષ્ટ્રીય પરિષદ્ સમાપ્ત થઈ નવી વ્યવસ્થાપક સભા નિમાઇ; તેણે પોતાનું કામ એ નિયમથી શરૂ કર્યું કે વ્યવસ્થાપક સભામાં રાષ્ટ્રીય પરિષદ્ના સભાસદોમાંથી કોઇને લેવા નહિ. આથી વ્યવસ્થાપક સભાએ પોતાનું કાર્ય શરૂ કર્યું તે વખતે તે નવીન વિચારવાળા નવ યુવક પુરૂષોથીજ ભરપૂર હતી, ઉક્ત ઉત્સાહી નવ યુવકોના વિચારો પણ બે ભાગમાં વ્હેંચાયલા હતા. એક પક્ષવાળાઓ નવીન સંસ્થાના પક્ષપાતી હોઇ એવી ઇચ્છા ધરાવતા હતા કે, ફ્રાન્સનું અસલી રાજ્ય, રાજા તથા વ્યવસ્થાપક સભાના સંમિલિત અધિકારમાં રહે. જ્યારે બીજાઓ એવા વિચારવાળા હતા કે ફ્રાન્સની શાસન સંસ્થા અમેરિકાની માફક પ્રજાના પ્રતિનિધિઓના સ્વતંત્ર અધિકારોમાં રહેવી જોઇએ. રાજાને પ્રજાના નાયક તરીકે રાખવાની કંઈ જરૂર નથી. આવા વિચારવાળાઓને "ગિરૉંડિસ્ટ" કહેવામાં આવતા. આ પ્રમાણે જો કે નિયામક સભાના બન્ને વિચારોમાં કંઇક મતભેદ જરૂર હતો અને એ પ્રકારે પરસ્પરના વિરોધની સામગ્રી પ્રથમથી જ પરિષદ્માં વિદ્યમાન હતી, તથાપિ શરૂઆતમાં તો તે મતભેદે કોઇ વિશેષ સ્પષ્ટ રૂપ ધારણ કર્યું નહિ. એનું એક કારણ તો એ હતું કે જેની સાથે પરસ્પર ઝઘડો થવાનો પરિષદ્ને ભય હતો. હજુ ઘણાએ એવા ઉમરાવો ફ્રાન્સમાં મોજુદ હતા કે જેઓ રાજા માટે પોતાનો પ્રાણ આપવા પણ તૈયાર હતા, અને રાજા પણ તે વખતે રાજધાનીમાંજ વિદ્યમાન હતો. વળી આ આન્તરિક શત્રુઓના ભય ઉપરાંત બહારના આક્રમણનો પણ પરિષદ્ને પ્રચંડ ભય હતો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારથી ફ્રાન્સમાં રાજાઓના અનુચિત અત્યાચારોને દબાવનારી ક્રાન્તિનો પ્રારંભ થયો; ત્યારથી યુરોપનાં સમસ્ત રાજ્યોની શુદ્ધિ પણ ઠેકાણે આવી. અને તેઓ જાગૃત થઇ ગયાં. પોતાના પ્રભાવની રક્ષા કરવાની ઇચ્છાવાળાં હોવા છતાં ભયથી કંપતાં હૃદયોથી તેઓ આ સર્વ ઘટનાઓને સાવધાનીથી ક્રમશઃ નિહાળતાં હતાં. તેઓ જાણતાં હતાં કે ફ્રાન્સના રાજાનું પદ ચ્યુત્ થવું, એ યુરોપનાં સર્વ સિંહાસનોને ડોલાવવાનું કારણ નિવડશે. એક દેશમાં જો પ્રજાનો રાજાપ્રતિનો વિરોધ સફળ નિવડે, તો અન્ય દેશોની પ્રજાનું પણ તે માટેનું સાહસ કેટલું બધું વધી જશે, તે તેઓ બહુ સારી રીતે સ્હમજતાં હતાં આથી તેઓ સોળમા લ્યુઇની રક્ષાથી પોતાની રક્ષા, અને ત્હેનાં પરાજયથી પોતાનો પરાજય માનતાં હતાં.

જ્યારે રાજાને પેરીસમાં કેદ કર્યો છે, એ વાત પ્રસિદ્ધ થઇ ગઇ; ત્યારે સમસ્ત યુરોપનાં રાજસિંહાસન ડોલવા લાગ્યાં! ઓસ્ટ્રીયાએ પ્રેશીયાની સાથે મળીને તરત જ ફ્રાન્સપર આક્રમણ કર્યું. પરિષદે પણ તા. ૨૦ એપ્રીલ ૧૭૯૨ માં, ઉક્ત બન્ને રાજ્યો વિરૂદ્ધ યુદ્ધની આ ઘોષણા પ્રકટ કરી; અને મી. લાફેયટ આદિ વીર સેનાપતિઓની સેના સહિત ત્હેમની સાથે યુદ્ધના રણમાં ઉતરવાની તૈયારી કરી. પ્રારંભમાં તો ફ્રાન્સની સેના સમરભૂમીમાં ટકી શકી નહિ, અને શત્રુઓના મ્હોટા સૈન્યનો માર ખાતાં ખાતાં રાજધાની તરફ પાછી હડી. આ વિજયથી શત્રુઓના સેનાપતિઓનો ઉત્સાહ બહુ વધી ગયો, અને ફ્રાન્સ દેશને હવે પોતાનાં હાથમાં આવ્યો સ્હમજીને, તે લોકોએ ફ્રાન્સનિવાસીઓનું અપમાન કરી ત્હેમણે પ્રકટપણે ધમકાવવાનું શરૂ કર્યું. પોતાના ઢંઢેરામાં ત્હેમને હાર ખાધેલી જાતિ તરીકે સંબોધવામાં આવ્યા, અને ત્હેના નામપર હુકમો કાઢવાનું શરૂ કર્યું. વિદેશીઓના આ ગર્વયુક્ત વ્યવહારથી ફ્રાન્સના પ્રત્યેક દેશભક્ત પુરૂષોની નસોમાં નવું લોહી રેડાયું. એક અન્યદેશીય સેનાપતિ ફ્રાન્સ રાજ્યનું અપમાન કરે; એ ફ્રાન્સ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવાસીઓથી સહન થઇ શક્યું નહિ. ત્હેમનાં હૃદય આવેશથી ઉભરાવા લાગ્યાં, અને એથી ક્રોધાન્ધ થઇને ત્હેમણે જે કંઇ કર્યું તે યાદ કરતાં શરીરનાં રોમાંચ ઉભાં થયા વિના રહેતાં નથી ! સર્વ સાધારણ પ્રજાએ જ્યારે જોયું કે તેઓ શત્રુઓની સેનાને કંઇપણ કરી શકે એમ નથી, ત્યારે ત્હેમણે પોતાનો રોષ શત્રુઓના અંદરખાનેના પક્ષપાતીઓ ઉપર કાઢવો શરૂ કર્યો. ઇ. સ. ૧૭૯૨ ના ઓગસ્ટ માસની ૧૦ મી તારીખે, પેરીસના બજારોમાં એકત્રિત થએલા સર્વ પ્રાન્તોના લોકોએ રાજાના નિવાસ સ્થાનપર હુમલો કર્યો, અને રાજાના સમસ્ત રક્ષકોને મારી નાંખ્યા, આખરે રાજાએ પોતાને નિરાશ્રિત અને એકલો પડેલો જોઇને પોતાના પરિવાર સહિત નિયામક પરિષદ્‌ના મકાનનો આશ્રય લીધો. પરિષદે રાજાને આશ્રય તો આપ્યો, પરંતુ કેટલાક સમયપર્યંત ત્હેના સર્વસ્વ અધિકારોથી ત્હેને ચ્યુત કરીને કારાગૃહે નાંખ્યો, અને શાસન સંસ્થાને ફરી બદલવાને માટે દેશના પ્રતિનિધિઓની વળી એક વિચારક સભા બોલાવવામાં આવી. આ અરસામાં શત્રુઓ પણ રાજધાનીથી પાસે આવી પહોંચ્યા. લોકોનું જોશ આથી બમણું થઇ ગયું. અને જે ક્રૂરતા સાધારણ રીતે મરણીયા મનુષ્યમાં દાખલ થાય છે, તેવી ક્રૂરતા ત્હેમનામાં આવી ગઇ. આ સમયે ત્યાંની સામાન્ય પ્રજાએ જે એક ઘોર પાપ કર્યું હતું તે ઇતિહાસમાં આજે સપ્ટેમ્બરના "સર્વ વધ"ને નામે ઓળખાય છે.

સપ્ટેમ્બરનો હત્યાકાંડ રાજનૈતિક સંસારના જીવનમાં લોહીથી ખરડાયલો એક મહા દુષ્ટ પ્રસંગ છે. એ સમયે આવેશથી અંધ થયેલા પેરીસના જન સમૂહે જે ઘોર કતલ ચલાવી હતી તે યાદ આવતાં આજે પણ રોમાંચ ખડાં થાય છે ? તે દિવસની ઘટનાએ આ સરસ રીતે સિદ્ધ કર્યું હતું કે, સાધારણ યોગ્યતાવાળા પરન્તુ સામાન્ય પ્રજાને ભડકાવવાની શક્તિ ધારણ કરનારા પુરૂષો સંસારમાં જેટલો ઘોર અત્યાચાર કરાવવા ધારે તેટલો કરાવી શકે છે. "આવા" નામનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પત્રકાર, જેની જીભ આગ જેવી, અને જેનું હૃદય આગની ભઠ્ઠી સમાન હતું; તે પેરીસના લોકોને બહુજ બ્હેકાવતો ફરતો હતો. ઉશકેરાયલા લોકોએ કુલિન કેદીઓને સર્વ કારાગૃહોમાંથી કાઢી કાઢીને તહેમનાં ગળાં કાપી નાંખ્યાં ! જેના પર જરા પણ સન્દેહ ઉત્પન્ન થયો કે તરતજ તહેનું માથું ધડથી અલગ કરવામાં આવતું ! એમ કહેવાય છે કે આ ઘોર હત્યાકાંડમાં ઓછામાં ઓછાં ૧૪૦૦ મનુષ્યોને કાપી નાંખવામાં આવ્યાં હતાં. હાલમાં જેમ સ્વર્ગના નામ પર દેવીઓને પશુઓનો ભોગ આપવામાં આવે છે, તહેવી રીતે સ્વતંત્રતા દેવીને નામે આ સર્વ ખુન સેંકડો મનુષ્યોનો નિરર્થક વધ કરવામાં આવ્યો હતો.

સપ્ટેમ્બરના આ હત્યાકાંડે, ફ્રાન્સમાંજ નહિ પરન્તુ સમસ્ત યુરોપમાં એક પ્રકારનો ત્રાસ ફેલાવી મૂક્યો ! વિદેશી રાજ્યોનાં સિંહાસનો મૂળમાંથી શિથિલ થવા લાગ્યાં ! બુદ્ધિમાન પુરષોના હૃદયમાં ક્રાન્તિ માટે ઘૃણા ઉત્પન્ન થવા લાગી. ફ્રાન્સમાં આ ખુનરેજીનું એ પરિણામ આવ્યું કે, રાજાના પક્ષપાતીઓની સર્વ હિલચાલો એકદમ દબાઇ ગઇ, તહેમની વૃત્તિઓ સર્વથા ભયભિત થઇ ગઇ, ચારે તરફ બિભત્સ રસ વ્યાપી રહ્યો ! આ સર્વ જોઇને રાષ્ટ્રીય શાસક સભાના કંઇએક સભાસદોને પણ આ ભય ભરેલા રાજ્ય માટે ઘૃણા ઉત્પન્ન થઇ !

આ ઘોર હત્યાકાંડની પછી દેશની ભાવિ રાજસંસ્થાને સ્થિર કરવાને માટે એક રાષ્ટ્રીયવિચારસભા બોલાવવામાં આવી. આ વિચારસભાને બોલાવીને નિયામક સભાને સમાપ્ત કરવામાં આવી. ઇ. સ. ૧૯૯૨ ની તા. ૨૦ મી સપ્ટેમ્બરે વિચારક સભા સ્થાપન કરવામાં આવી; અને તહેણે ચાલુ પરિસ્થિતિપર વિચાર કરવા માંડયો. લાંબો વિચાર કર્યા પછી સભાએ નક્કી કર્યું કે ફ્રાન્સમાં પ્રજાતંત્ર રાજ્યની સ્થાપના કરવી અને એકતન્ત્ર રાજ્યનો આજથી નાશ કરવો. પ્રજા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તન્ત્ર રાજ્યની સ્થાપનાના દિવસથી નવો સંવત શરૂ કરવામાં આવ્યો. જેને લોકો સ્વતન્ત્રના વર્ષના નામથી ઓળખવા લાગ્યા.

ઉક્ત કાર્ય કર્યા પછી વિચારકસભા એક વિશેષ ઘોર કાર્ય કરવા તત્પર થઇ. ફ્રાન્સના કેદી રાજાએ વચ્ચે એક વખત કેદમાંથી નિકળી જઇ ભાગી જવાની ચેષ્ટા કરી હતી. પરન્તુ ફ્રાન્સની બહાર જતા પૂર્વે તેહને પકડવામાં આવ્યો. તેહને પેરીસમાં ફરી કેદ કરવામાં આવ્યો. હવે તેહનું નશીબ તેહની પાછળ ફરી વળ્યું. પ્રથમ એ પ્રશ્ન ઉઠયો કે આ રાષ્ટ્રીય વિચારક સભા રાજાના અપરાધની તપાસ ચલાવી શકે કે નહિ, સભાએ પોતે એ બાબતમાં નિશ્ચય કર્યો કે રાજાપર કેસ ચલાવવાનો તથા તેહનો ફેંસલો આપવાનો સભાને અધિકાર છે, તરતજ એક અધિકારીની માફક રાજાને સભામાં ઉભો કરવામાં આવ્યો, અને તેહને કેટલાક પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા. રાજા તથા રાજાના પક્ષપાતી વકીલોએ રાજાને નિરપરાધી સિદ્ધ કરવાના અનેક પ્રયત્નો કર્યા. રાજાએ ન્યાય તથા મનુષ્યપણાની માગણીથી સભાને અપીલ કરી પરન્તુ આ વખતે ઉપચારસભા વિચારસભા નહોતી પરન્તુ વિશેષ સંમતિથી રચાયલી અત્યાચાર સભાનો નમુનો હતો. માનુષીપણું તથા ન્યાયનું નામ સરખું પણ તે જાણતી નહોતી, તેહનો એજ વિચાર હતો કે, રાજ્યની રક્ષા સાથે તેહનું મૃત્યુ સરજાયલુંજ છે. એથી ઉક્ત સભાએ એક લંબાણ ચર્ચા પછી રાજાને ફાંશીએ ચઢાવવાનો હુકમ કર્યો. અને તે પ્રમાણે તે સત્યપરાયણ પરન્તુ નિર્બળ રાજા સોળમા લ્યુઇનો દુઃખદાયક રીતે અંત આવ્યો.

સપ્ટેમ્બરના હત્યાકાંડનું દૃશ્ય જોવા છતાં જે લોકો ક્રાન્તિના પક્ષપાતી હતા, તેહેમનાં દિલ પણ રાજાનો આવા પ્રકારે થયેલો વધ સાંભળી ઘૃણિત થયાં ! આવા ગ્લાનિ ઉત્પન્ન કરે એવા હૃદયભેદક બનાવથી પ્રત્યેક દયાળુ પુરૂષોનાં હૃદયો ત્રાસી ગયાં ! અનંતકાળથી સ્થાપિત થયેલી રાજ્યશક્તિની ચિતા, ફ્રાન્સ રૂપી સ્મશાન ભૂમિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભસ્મીભૂત થતી જોઇને યુરોપનાં અનેક સામ્રાજ્યોનાં ગાત્ર શિથિલ થઇ ગયાં ! સમસ્ત ફ્રાન્સ પ્રદેશની અંતર્ગત, ક્રાન્તિના માત્ર બેચારજ પક્ષપાતી રહી ગયા. આ પ્રસંગને એક પ્રકારની દૈવી સહાય સ્હમજીને ન્હાસી ગયેલા અમીર ઉમરાવોએ અન્ય રાજાઓને પ્રોત્સાહિત કરીને નવિન સેનાના બળથી ક્રાન્તિને દાબી દેવાની કોશિશ કરવા માંડી. ઈંગ્લંડ, પ્રશીયા, ઓસ્ટ્રીયા, તથા અન્ય કંઇ એક ન્હાનાં રાજ્યોએ મળીને ફ્રાન્સની રાજધાની પેરીસને પોતાના વશમાં લેવાનો તથા ક્રાન્તિનાં મૃત્યુ-દુન્દુભિ વગાડવાનો નિશ્ચય કર્યો. બહાર વાળાઓની આ વલણ જોઇને ફ્રાન્સની અંતર્ગત રહેતા રાજકીય પક્ષના વિચારના મનુષ્યોએ પણ પાછુ પોતાનું માથું ઉંચકવા માંડયું.

બહાર તથા અંદર બન્ને બાજુથી તંગ થએલી ક્રાન્તિ અને હવે પૂર્વથી પણ વધારે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું ! સૌ કોઇને પોતાના શત્રુ દેખીને ચારે તરફથી નિરાશ થયેલા મનુષ્યની ' शरीरं पातयामि वा कार्यं साधयामि ' વાળી સાહસિક સ્થિતિ જેવી રીતે થઇ જાય છે, તેવી દશા ફ્રાન્સની ક્રાન્તિની થઇ ! જ્યારે હ્રેણે તો જાણ્યું કે, હવે આપણે માટે બચવાનો કોઇ ઉપાય નથી, તે વખતે તે બીજાનું લોહી ચુસવામાં પાછી પાની કરે કે ? ચારે તરફનું આ ક્રમણ જોઇને ઉક્ત વિચારક સભાએ (Convention) બે ઉપસભાઓ નિયત કરી. ફ્રાન્સની અંદરના રાજકીય પક્ષના અનુયાયીઓને દબાવવા માટે એક ક્રાન્તિ ન્યાયાલય (Revolutionary tribunal) અને બહારના પ્રકટ શત્રુઓને દબાવવા માટે લોકરક્ષક સભા (Commitee of Public Safety) સ્થાપવામાં આવી. ક્રાન્તિન્યાયાલય, ન્યાયાલય નહિ પરન્તુ યમાલયજ હતું. પાંચ પાંચ મીનીટમાંજ એક ગુન્હેગારના ગુન્હાઓનો નિર્ણય કરવામાં આવતો હતો. ગુન્હેગારને રજુ કરતાંની સાથે પ્રથમ એ પ્રશ્ન પૂછવામાં આવતો હતો કે ત્હમે કોઇ ખાનદાન-કુલીન (Aristocrat) માબાપના પુત્ર છો ? અર્થાત્ અમીર ઉમરાવ કે સરદાર છો ? જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતો કે "હા." એટલે તુરતજ મુખ્ય જજજ ફેસલો આપતો કે કે "બસ છે-પુરાવો મળી ચુકયો. ફાંસીએ ચઢાવો અને બીજો ગુન્હેગાર લાવો." બસ આવી રીતેજ ગુન્હેગારના ભાગ્યનો શિઘ્ર નિશ્ચય થઇ જતો, અને એક એક દિવસમાં એવા સો સો કહેવાતા ગુન્હેગારોને ફાંસીને લાકડે લટકાવવામાં આવતા હતા!

ઉપર જણાવેલી બિભત્સ લીલા કોઇ પણ અંધ બની ગયેલા અત્યાચારી રાષ્ટ્રના ત્રાસદાયક નમુના રૂપ છે! રાષ્ટ્ર રૂપી સિંહ જલદી ક્રોધમાં આવતો નથી, પરન્તુ જ્યારે તે ક્રોધાયમાન થાય છે; ત્યારે સમસ્ત પાર્થીવ અને દિવ્ય શકિતઓ એકત્ર થઇને કાર્ય કરે તો પણ તેને શાન્ત કરવો અશકય થઇ પડે છે. એ સિંહનું તો ન રીસાવું-ન છેડાવું એજ ઉતમ છે. તેને શાન્તિપૂર્વક પોતાની ઉન્નતિ કરવા દેવી એજ ઠીક છે. એક વખત પણ તેની ગતિને રોકો-એકવાર પણ તેની સ્વભાવિક ચાલમાં અડચણ નાખો-કે તરતજ તે ક્રોધાયમાન બની જશે. રાષ્ટ્રોનો રોષ એ કંઇ જેવીતેવી વાત નથી. રોષયુક્ત રાષ્ટ્રોના અત્યાચાર તથા તિવ્ર ચેષ્ટા સ્હામે ગગનભેદી પર્વત તથા દિગન્ત વિસ્તૃત, સમુદ્ર પણ કંઇ ચીજ નથી. રૂષ્ટ થએલા એક રાષ્ટ્રની સ્હામે એકત્ર થયેલાં સો રાજ્યો કે રાજાઓ પણ તૃણવત્ પતંગીયા સમાન છે. એવે વખતે રાષ્ટ્રના ક્રોધાગ્નિમાં જે કંઇ પડયું તે ભસ્મીભૂતજ થવાનું એ નિઃસંશય છે.

સપ્ટેમ્બરના હત્યાકાંડ તથા રાજવધના ઘોર કુકર્મથી વિચારસભાના કંઇએક નેતાઓ ખિન્ન થઇ ગયા અને આ અત્યાચારોથી ગભરાઇ ગયા. તેમણે આ અત્યાચારો તથા નવીન ન્યાયાલય અને લોકરક્ષક ઉપસભાની વિરૂદ્ધમાં પોતાનો અવાજ ઉઠાવ્યો. ક્રોધાતુર થએલા રાષ્ટ્ર તથા પેરીસના અંધ બનેલા જનસમૂહે-તેમના પ્રતિનિધિ રોબસ્પેર આદિ ક્રાન્તિના ગરમ દળના નેતાઓએ આ નરમ પાર્ટીને પોતાના સ્થાનથી પદભ્યુત કરી, અને એ પાર્ટીના સમસ્ત નેતાઓને વીણી વીણીને ફાંસીએ ચઢાવવામાં આવ્યા! આવી રીતે અત્યાચારની મસ્તીમાં ચઢેલા રાષ્ટ્રની પાસે શાન્તિની વાત કેવળ અસંભવિત થઇ પડી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને તે વખતે 'ગિરોંડ' પાર્ટી કહેવામાં આવતી હતી તે નર્મ દળે અસંભવિત કાર્ય હાથ ધરવાની કોશિશ કરી, જેમ કરતાં તેઓ પોતેજ સમાપ્ત થઇ ગયા! આ બધા માટે દુષિત કોણ હતું? આ સર્વ હત્યાઓનું પાપ કોને માથે ગણાય? નિઃસંશયપણે એનો એજ જવાબ આપવો પડશે કે જેમના દબાણથી જેમના જુલમથી ક્રાન્તિનો આરંભ થઇ તેણે આ ભયંકર રુપ ધારણ કર્યું, તેઓજ આ પાપને માટે ખરેખરા જવાબદાર છે.

નર્મદળનો વિધ્વંસ કરીને એ ગર્મ દળે પોતાનું અબાધિત રાજ્ય શરૂ કર્યું. ગર્મ વિચારકસભાએ, સૌથી પ્રથમ દુષ્ટ કાર્ય એ કર્યું કે તેણે રાણીનો વધ કર્યો! અને તે પછી બીજું કાર્ય ક્રીશ્ચીયન ધર્મને ઉડાડી મૂકવાનું કર્યું! વિચારકસભાની આજ્ઞાથી, ક્રિશ્ચીયન મંદિરોમાંની મૂર્તિઓ કાઢી નાંખવામાં આવી! સભાએ એટલું કર્યા પછી, જાણે હજીએ અધુરૂ રહ્યું હતું તે પેરીસના જનસમાજે પુરૂં કર્યું! પાદરીઓએ પોતપોતાના પદનાં રાજીનામાં આપ્યાં. "ફ્રાન્સના પાર્થીવ રાજાની સાથે સ્વર્ગના રાજાનો પણ નાશ થવો જોઇએ." એ વિચાર ચારે તરફ ફેલી ગયો અને આ પ્રસંગ—આ ઘાતક ઘટના—બનતાંની સાથે ક્રાન્તિનું ભયાનકમાં ભયાનક તથા નીચમાં નીચ સ્વરૂપ પ્રકટ થયું! જ્યાં ક્રીશ્ચીયન દેવોની પુજા થતી હતી ત્યાં તર્કરૂપી અને સ્વતન્ત્રતા દેવી તથા સમાનતાદેવીની પૂજા થવા લાગી, તેહેનીજ મૂર્તિઓ ચારે તરફ પૂજાવા લાગી.

જે લોકો ઓછા ગરમ હતા, જેઓની કંઇક વૃત્તિ શાંતિ તરફ વળેલી હતી, અને જેઓ એમ સ્હજતા હતા કે હવે હદ થઇ—ઘણી હત્યાઓ થઇ ગઇ છે, તેઓનાં રૂધિર ક્રાન્તિરૂપી વિકરાળ રાક્ષસીની ઉદર મૂર્તિ માટે જરૂર થઇ પડયાં. ઉક્ત સર્વ સભ્યો ને ફાંસીએ ચઢાવવા એ ગરમ વિચારના નેતાઓનું ત્રીજું પાપ કર્મ હતું. વિચારક સભામાં આ વખતે અત્યંત ઉગ્રવિચારના સભાસદો બાકી રહ્યા હતા. જેમનામાં દયાનો લેશ પણ અંશ હતો, તેમને સર્વેને દેશદ્રોહી ગણીને ફાંસીએ ચઢાવવામાં આવ્યા. ઉક્ત બાકી રહેલા સભાસદોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેતા રોબસ્પ્યેર હતો. જ્યારે સર્વે સ્હામા થનારા મરી ગયા, ત્યારે ત્હેણે (પ્રજા પાસે) વિજય દિવસ મનાવ્યો. પેરીસમાં ત્હેની પૂજા થવા લાગી–તે પોતાને ફ્રાન્સનો રાજા સ્હમજવા લાગ્યો.

અત્યાચારોની પરાકાષ્ઠા થઇ ચુકી; 'હવે શાન્તિ થવી જોઇએ' એવો અવાજ ચારે તરફ પાછો ઘૂમવા લાગ્યો, અમુક ભાગો શિવાય, હવે સર્વત્ર શાન્તિ તથા સ્થિરતાની ઇચ્છા પ્રકટ થવા લાગી. મનુષ્ય પ્રકૃતિ તો આખર મનુષ્ય પ્રકૃતિજ છે, તે કંઇ સદૈવ રાક્ષસી સ્વરૂપ ધારણ કરતી નથી. ચારે તરફ ઉલટી લહેરો ઉઠવા લાગી. ક્રાન્તિકાર્યાલય, લોકરક્ષક સભા, તથા વિચારક સભાના ગરમ નેતાઓ, લોકોમાં અપ્રિય થવા લાગ્યા. એ ઉલટી લ્હેરનું પ્રથમ પરિણામ એ આવ્યું કે ગર્મદળના નેતા રોબસ્પ્યેરની પણ એજ ગતિ થઇ, કે જે ગતિને એણે પોતાની પૂર્વેના સેંકડો લોકોને પહોચાડયા હતા. ફેરવાયલી બાજીનું બીજું પરિણામ એ આવ્યું કે, વિચારક સભાએ ' નવી સરકાર 'નું એક બીજું ઓહુ ઉભું કર્યું. જેમાં શાસનકાર્યમાં લોકસત્તાની અસર પૂર્વેની સભાઓના જેટલી નહોતી. આ નવીન સંસ્થાદ્વારા શાસનનો મુખ્ય ભાર એક પ્રધાન મંડળને સોંપવામાં આવ્યો. જેના પાંચ સભાસદો નિયત કરવામાં આવ્યા, અને ત્હેમને મદદ કરવા તથા ત્હેમની શક્તિઓને મર્યાદિત કરવામાટે બીજી બે સભાઓ સ્થાપવામાં આવી. એકનું નામ ' પાંચસોની સભા ' અને બીજીનું નામ ' વૃદ્ધોની સભા ' રાખવામાં આવ્યું. ઉક્ત બન્ને સભાઓનો સંબંધ એવો સ્થિર કરવામાં આવ્યો કે, જેની વડે તે બન્ને એક બીજીને તથા પ્રધાનમંડળને પણ મર્યાદામાં રાખે. વિચારક સભાએ એ સાથે એ પણ નિશ્ચય કર્યો કે, નવી સ્થપાયલી પ્રતિનિધિ સભાના ⅔ સભાસદો પૂર્વેની વ્યવસ્થાપક સભામાંના હોવા જોઇએ. આ નવા ભૂતનો પડઘો પડવાની સાથે જ, ફ્રેંચ પ્રજામાં નવી આગ દાખલ થઈ. હવે લોકો કહેવા લાગ્યા કે વિચારક સભા, વળી પાછી જુના ⅔ સભાસદોને નવા બંધારણમાં લઇને ભયંકર ક્રાન્તિ કેલાવવાની કોશીશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે! આ વાત ફેલાતાં તુરત જ પેરીસના જનસમુહે, વિચારકસભા પર આક્રમણ કરીને ત્હેનો વિધ્વંસ કરવાનો નિશ્ચય કર્યો. પેરીસની નજીકના બહારના લોકો પણ આ કાર્યમાં સામેલ થયા, અને આશરે એંશી હજાર લોકોએ એકત્ર થઇને વિચારકસભાના મકાનપર આક્રમણ કરવાનો પ્રારંભ કર્યો!

વિચારકસભાને આ ખબરો પહોંચતાની સાથે જ ત્હેમાં ભારે ખળભળાટ મચી ઉઠયો. પહેલાં તો સર્વે સભાસદો બહુ જ ડરી ગયા; પરન્તુ પાછળથી ત્હેમણે નિશ્ચય કર્યો કે ગમે તેમ થાય તોપણ 'આપણે આપણી જગા છોડવી નહિ' અને સત્યને માટે પ્રાણ જાય તો પણ તેની પરવા કરવી નહિ. વિચારકસભાએ પોતાની રક્ષા માટે સેનાપતિને બોલાવ્યો અને તુરત હાજર થવા કહ્યું. સેનાપતિ ગભરાયો ત્હેણે કહ્યું કે "ત્હેની સેના પેરીસના જ લોકોપર હાથ ઉઠાવશે કે કેમ એ એક શંકા છે! એથી તે અત્યારે તો ત્હેનો આશ્રય લઈ શકે એમ નથી. હાં, એક સાધન છે; અને તે એ કે હું કોર્સિકાના એક નવ યુવકને જાણું છું. જો તે યુવક આ સમયે વિચારકસભાના રક્ષણમાટે તત્પર થાય તો કંઇક બની શકે એમ છે. એના શિવાય અમને આ ભયથી બીજું કોઇ બચાવી શકે એમ નથી. તે નવયુવકને તુરત જ બોલાવવામાં આવ્યો. ત્હેણે વિચારકસભાની આજ્ઞા લઇને ત્હેની રક્ષા કરવાનું પણ લીધું; અને થોડીએક સેના, ઘોડા તથા અસ્ત્રોની સહાય તાથી ૮૦,૦૦૦ રાજદ્રોહીઓની સ્હામે ઝંપલાવ્યું. ચારે તરફ ત્હેની તોપોના અવાજ સંભળાવા લાગ્યા! એ સર્વે ભેરી નાદ વચ્ચે એ જ એક શબ્દ સર્વના મુખમાંથી નિકળતો હતો કે,–

નૅપોલિયન બોનાપાર્ટ.

આ નવયુવક કોણ હતો? ત્હેનું સવિસ્તર વૃત્તાન્ત હવ પછીનાં પૃષ્ટોમાંથી મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨ જું—બાલસૂર્યનો ઉદય.

પ્રથમ પરિચ્છેદ—બાલ્યાવસ્થા.

मातृमान्पितृमानाचार्य्यवान्पुरुषो वेद ।

જે પુરૂષનાં માતા પિતા તથા આચાર્ય શ્રેષ્ટ હોય છે, તેજ પુરૂષ જ્ઞાન મેળવી શકે છે.

ફ્રાન્સ દેશના ઇતિહાસના પ્રવાહને છોડીને હવે અમે નેપોલિયન ના જીવનનું આલેખન શરૂ કરીએ છીએ. આગલા પ્રકરણમાં જેનો આપણને પરિચય થઇ ચુક્યો છે તે નેપોલિયનના વડિલો કેટલી એક પેઢીઓથી કોર્સિકા દ્વીપના એજેકિયો નામના મુખ્ય નગરમાં રહેતા હતા. પહેલાં આ દ્વીપ ઇટાલીની રાજ્ય હદમાં ગણાતો હતો, પરન્તુ ઇ. સ. ૧૭૬૭ માં ફ્રાન્સની સેનાએ ત્હેનાપર ચઢાઇ કરી હતી. તે વખતે ત્યાંના પ્રસિદ્ધ કોર્સિકન સેનાપતિ પિયોલીએ દેશભક્તોની એક સંખ્યાની મદદથી આ ટાપુને ફ્રાન્સના પંજામાંથી બચાવવાને માટે ઘણી કોશીશ કરી, પરન્તુ અન્તમાં ફ્રાન્સનો વિજય થયો અને કોર્સિકામાં ફ્રાન્સની પદ્ધતિનું રાજ્ય શરૂ થયું. કુલિનો પાદરીઓ તથા સામાન્ય પ્રજાના પ્રતિનિધિઓની બનેલી એક પ્રાન્તીય શાસન સભા આ રાજ્યની વ્યવસ્થા માટે નિયત થઇ, તોપણ વાસ્તવિક રાજ્ય તો બાર કુલિન પુરૂષો—ઉમરાવોને જ સોંપવામાં આવ્યું. આ ઉચ્ચ ન્યાયાલયમાં ચાર્લ્સ બોનાપાર્ટ નામનો એક વકીલ કામ કરતો હતો. આ ચાર્લ્સ જોજફ બોનાપાર્ટના ત્રણ પુત્રોમાંનો ચોથી મ્હોટો પુત્ર હતો. ચાર્લ્સ બોનાપાર્ટને પોતાના પિતાની કંઇક દોલત વારસામાં મળેલી હતી, પરન્તુ તે કંઇ બહુ નહોતી. એજેકિયોમાં એક ઘર અને દ્વીપના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિનારાપર થોડીએક જમીન ત્હેને મળેલી હતી, જેમાંથી તે પોતાના પાછલા દિવસોમાં પોતાનો નિર્વાહ કરતો હતો.

જ્યારે તે ઓગણીશ વર્ષનો થયો, ત્યારે લેટીશિયા રોમિલિનો નામની એક કન્યા સાથે ત્હેનો વિવાહ થયો. લેટીશિયા સમસ્ત કોર્સિકા દ્વીપના સૌંદર્યની દેવી હતી; અને જેવી તે સુંદર હતી ત્હેવી જ તે ધીર તથા બુદ્ધિમતિ પણ હતી. ઇ. સ. ૧૭૭૯ માં કુલિનોની સભાએ ચાર્લ્સને ફ્રાન્સના રાજદરબારમાં પોતાની તરફના પ્રતિનિધિ તરીકે મોકલ્યો હતો. ચાર્લ્સને કાર્યવશાત્ ઘણીવાર ફ્રાન્સની યાત્રા કરવી પડતી હતી. જો કે આ મુસાફરીના ખર્ચ માટે, ત્હેને રાજ્ય તરફથી દ્રવ્ય મળતું, તો પણ આ ખર્ચ એટલું બધું વધારે થઇ જતું હતું કે ત્હેનો કેટલોક બોજો ચાર્લ્સને માથે જરૂર પડતો, અને તેથી ત્હેની આર્થિક દશા બહુ બગડી ગઇ હતી; આવી નિર્ધન અવસ્થામાં પેટમાં સોજા આવવાના કારણે ઇ. સ. ૧૭૮૫ માં ત્હેનો દેહાન્ત થયો. ચાર્લ્સના મૃત્યુથી ત્હેના સર્વ પુત્રો તથા ત્હેની માતાનો ભાર ચાર્લ્સના ન્હાના ભાઈ લ્યૂશિયન બોનાપાર્ટ, કે જે એજેકિયોમાં મુખ્ય ધર્માચાર્યનું કામ કરતો હતો તેનાપર પડ્યો.

ચાર્લ્સ બોનાપાર્ટ મરતી વખતે પોતાની પાછળ પાંચ પુત્રો તથા ત્રણ પુત્રીઓને મૂકી ગયો હતો. જેમાંના સૌથી મ્હોટાનું નામ જોજફ, અને ત્હેનાથી ન્હાનનું નામ (આ ચરિત્રનો નાયક) નેપોલિયન હતું. જે સમયે નેપોલિયનનો જન્મ થયો તે વખતે ત્હેની માતા પોતાના પતિ સાથે રણક્ષેત્રમાં હતી, અને ત્યાંજ એક ઝુંપડીમાં લેટીશિયાએ નેપોલિયનનો જન્મ આપ્યો. એમ કહેવામાં આવે છે કે, નેપોલિયન પેદા થયો તે વખતે ત્હેની માતાએ જે ચાદર ઓઢી હતી ત્હેનાપર ઈલીયડના યુદ્ધનું ચિત્ર હતું, અને તે જોતાં નેપોલિયને આ સંસારમાં પ્રથમ શ્વાસ લેતાંજ જો કંઇ જોયું હોય તો તે યુદ્ધ સંબંધિ ચિત્રોથી ચિતરાયલો ચિત્રપાટ, અને ત્હેણે જો કંઇ સાંભળ્યું હોય તો તે યુદ્ધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષેત્રની તોપોના નાદ ! જે નેપોલિયનનું સંસારમાં આગમન જ એવી રીતે થયું હતું, તેનું ભવિષ્ય પણ એવું જ હોય એમાં શું આશ્ચર્ય !

નેપોલિયનની માતા એક આદર્શ માતા કહેવાવા માટે સર્વથા યોગ્ય હતી. તે પોતાનાં બાળકોને માટે જરૂર પડે તેટલીજ કઠોર અને જરૂર પડે તેટલીજ મૃદુ હતી. બાળકોને કેટલા તાડન તથા લાલનની જરૂર હોય છે, તે નેપોલિયનની માતા બરોબર જાણતી હતી. જ્યારે નેપોલિયન પોતાના ગૌરવના શિખરે પહોચ્યો હતો, ત્યારે તે વારંવાર કહેતો હતો કે "હું જે આ યોગ્યતાએ પહોચ્યો છું, તે મ્હારી માતાએ જ મ્હને તેવો બનાવ્યો છે." તેનો એ દૃઢ અભિપ્રાય હતો કે, બાળકને ખરા મનુષ્ય બનાવવામાં સૌથી મ્હોટો હિસ્સો માતાનો હોય છે. આપણા પ્રાચીન ઋષિમુનીઓએ પણ મનુષ્યના ત્રણ મુખ્ય શિક્ષકોમાં સૌથી પ્રથમ પદ માતાનું ગણેલું છે.

'मातृमान् पितृमान् आचार्य्यवान् पुरुषो वेद ।'

માતા ધારે તો પોતાના પુત્રને સ્તનપાન કરાવતી વખતેજ સુગુણામૃતનું પાન કરાવી શકે છે, અને ધારે તો એજ બાળકને દુર્ગુણરૂપી વિષનો ઘડો પણ તેજ બનાવી શકે છે. નેપોલિયનની માતાએ તેને, બાલ્યાવસ્થામાંથી સ્તનપાન કરાવતી વખતેજ વીરરસ તથા મહાપુરૂષોના ગુણોનું પાન કરાવ્યું હતું. નેપોલિયનનાં અન્ય સર્વ ભાઇ બ્હેનો પણ, પોતાની માતાની સ્નેહભરી કિન્તુ શિક્ષા તથા તાડનયુક્ત દૃષ્ટિને મરણપર્યંત ભૂલ્યાં નહોતાં. નેપોલિયન હજુ તો ન્હાનો હતો ત્યારે પણ તે પોતાની માતાના ઉત્સંગમાં બેઠો બેઠો યુદ્ધોની તથા સાહસિક પરાક્રમોની વાતો સાંભળ્યા કરતો હતો તેની માતા આપ વીતી ઘટનાઓ સંભળાવવામાં બહુજ પ્રવીણ હતી. પિયોલીની અધ્યક્ષતામાં, તે પોતાના પતિની સાથે રણક્ષેત્રમાં ઘૂમતી હતી, તેણે સંગ્રામદેવીની ઘણીએક ભયંકર લીલાઓ નજરે જોઇ હતી. જ્યારે તે ઉક્ત સર્વ ક્રમશઃ પોતાના સર્વ પુત્રોમાંથી વધારે યોગ્ય પુત્ર નેપોલીયનને કહી સંભળા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતી હતી ત્યારે તે ત્હેને બહુજ દત્ત ચિત્તથી આંસુભરી આંખે સાંભળતો. તે સમયે કોઇપણ એમ ન્હોતું કહી શકતું કે તે આંસુ સાચાં છે કે જુઠાં ? પરંતુ નેપોલિયનનું હૃદય બાલ્યાવસ્થાથીજ ઘણું અનુભાવી હતું. તે અનુભવ કરતાં શીખ્યો હતો, અને તેજ અનુભવ શક્તિએ ત્હેને જીવનના એવા અશક્ય સ્વરૂપમાં પલટાવી દીધો કે ત્હેને જોઇને આજે સમસ્ત સંસાર આશ્ચર્ય ચકિત થઇ રહ્યો છે !

નેપોલિયન શીશુ અવસ્થામાં બહુજ શાન્ત પ્રકૃતિનો બાળક ગણાતો હતો. ત્હેને રમવા કરવાનો વિશેષ પ્રેમ નહોતો. જ્યારે ત્હેનાં અન્ય ભાઇબ્હેનો લીલા ઘાસથી છવાયલા સુંદર મેદાનમાં આંખ મીંચામણી જેવી રમતો રમતાં હતાં, ત્યારે તે કોઇ એકાન્ત પત્થર ઉપર બેઠો બેઠો પોતાના મનમાં કંઇને કંઇ વિચાર કર્યા કરતો હતો. અથવા સમુદ્ર તટપર જઇને ત્હેમાં ઉઠતી અથવા શમતી અવનવી લ્હેરોનું બારિક નિરિક્ષણ કર્યા કરતો હતો. એક પીતળની ન્હાની સરખી તોપ એ ત્હેનું પસિદ્ધ રમકડું હતું. કોઈ વખત જ્યારે પણ પોતાના મનથી વિચાર કરવામાં એને અવકાશ મળતો ત્યારે તે આ તોપની સાથે રમ્યા કરતો હતો.

નેપોલીયનનો સ્વભાવ પહેલેથીજ બહુ ચીડીયો હતો. બહુજ જલદીથી તે ક્રોધાયમાન થઇ જતો. તેથી વળી તે માની પણ એટલોજ હતો. કોઇનો સ્હેજપણ પ્રતિબન્ધ એને પ્રિય નહોતો. એકવાર ત્હેની માતાએ વિના અપરાધે ત્હેને કંઇક શિક્ષા કરી, તે વખતે તો ત્હેણે પોતાનો બચાવ નહિ કરતાં ગુપચુપ તે શિક્ષા ત્હેણે સહન કરી, પરંતુ પાછળથી બરાબર ત્રણરોજ સુધી ત્હેણે ખાધું પીધું નહિ. ત્યારેજ ત્હેની માતાને ખબર પડી કે નેપોલીઅનને વિના અપરાધે શિક્ષા કરવામાં આવી હતી. ત્હેણે પોતાના પુત્રને વ્હાલથી છાતી સરસો દાબી મનાવી લીધો, ત્યારેજ નેપોલિયને ખાવું પીવું પાછું શરૂ કર્યું.

બાલ્યાવસ્થામાં નેપોલિયનને એક કન્યા પાઠશાળામાં શિક્ષણાર્થે દાખલ કરવામાં આવ્યો. ત્યાંથી પછી ત્હેને બ્રીનાની પાઠશાળામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકવામાં આવ્યો. નેપોલીયનનું વિદ્યાર્થીજીવન આદર્શરૂપ હતું. તે જે કાર્યનો આરંભ કરતો ત્હેમાં પોતે સર્વોત્તમ નિવડવાનો ત્હેનો સ્વભાવ હતો. પોતાના વર્ગમાં બીજો કોઇ પોતાની આગળ આવે એ વાત તે સહન કરી શકતો નહોતો. આરામને વખતે પણ તે અભ્યાસ કરતો. રાત્રે બહુજ થોડું સુતો અને એવી રીતે મળતા વખતમાં તે દિવસનો પાઠ તૈયાર કરતો હતો. એનું પરિણામ એ આવ્યું કે તે પોતાના વર્ગમાં ઘણું કરીને પ્રથમજ રહેતો. ત્હેને ગણિત, ઇતિહાસ અને ભૂગોળપર વધારે પ્રેમ હતો; એ ત્રણે વિદ્યાઓ ત્હેના ભવિષ્યના જીવનમાં ત્હેને વધારે ઉપયોગી નિવડી હતી. એ ગણિત વિદ્યાનોજ પ્રભાવ હતો કે જેના વડે નેપોલીયન પોતાના ભૂમંડળવિસ્તૃતસામ્રાજ્યનો ધન સંબંધી પ્રબન્ધ આંગળીના વેઢાપર રાખી શકતો હતો. ઇતિહાસના અનુશીલનેજ ત્હેને એવો યોગ્ય બનાવ્યો હતો કે તે ઇતિહાસને બનાવી શકે અર્થાત્ પોતાના જીવનનેજ ઇતિહાસ બનાવવાની સામગ્રીરૂપે બનાવી શકે. ત્હેના ભૂગોળના અધ્યયન માટે તો કહેવુંજ શું ? યુદ્ધ પ્રસંગે શત્રુના પ્રદેશમાં જઇને તે યુદ્ધનાં એવાં તો ઉપયોગી સ્થળો શોધી કાઢતો હતો કે જે સ્થળોને તે દેશવાસી તેના શત્રુઓ પણ યથાવત્ જાણતા નહોતા ! એક મહાન મહાન યુદ્ધવિદ્યા વિજ્ઞનો એવો અભિપ્રાય છે કે " નેપોલીયનની સાંગ્રામિક શ્રેષ્ટતાનું એક કારણ ત્હેનું ભૌગોલિક અગાધ જ્ઞાન જ હતું.

૧૭૮૯ માં, ફ્રાન્સ દેશ જે ક્રાન્તિરૂપી વાવાઝોડામાં ઘેરાઇ ગયો હતો તેનું સવિસ્તર વૃતાન્ત પ્રથમ પરિચ્છેદમાં કરવામાં આવ્યું છે. છે. આ વખતે નેપોલીયન ફ્રાન્સ છોડીને પોતાની જન્મભૂમિ કોર્સિકામાં ગયો હતો. તે અને ત્હેના સર્વ ભાઇઓ ક્રાન્તિના ખરેખરા પક્ષપાતી હતા. નેપોલીયનનો ન્હાનો ભાઇ હ્યૂશિયન ક્રાન્તિના ઉપદેશ તરીકે જાણીતોહતો. તે પોતાની જન્મભૂમિમાં ક્રાન્તિના વિષયપર ખૂબ વ્યાખ્યાનો આપતો હતો. ૧૭૯૨ માં કોર્સિકાના રાષ્ટ્રીય દળનો તેના પિયોલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇગ્લાંડથી કોર્સિકામાં પાછો ફર્યો. કોર્સિકાવાસીઓ પિયોલાની ગુરૂ તથા દેવ સમાન પૂજા કરતા હતા. નેપોલિયન તથા તેના ભાઇઓ પિયોલીના મહાન્ ભક્ત હતા. કોર્સિકાના પહાડી લોકો વિશેષે કરીને તેની સાથે ખાસ પ્રેમ રાખતા હતા. એથી પિયોલીના આવવાથી કોર્સિકામાં અત્યંત આનંદ વર્તવા લાગ્યો.

પરન્તુ થોડાજ સમયમાં એ આનંદ નહિવત્ થયો. ફ્રાન્સમાં ત્યાંના રાજા, સોળમા લ્યુઇને ફાંસીએ ચઢાવ્યાના સમાચાર ચારે તરફ ફેલી ગયા. કેટલાક એ સાંભળીને ખુશ થયા, કેટલાકને ખેદ થયો; પીયોલી ઉક્ત બીજા વર્ગમાંનો મનુષ્ય હતો. તેણે આ સમાચાર સાંભળતાની સાથે અત્યંત ક્રોધપૂર્વક જણાવ્યું કે, ફ્રાન્સના અત્યાચારી છત્ર નીચે રહેવા કરતાં તે ઈંગ્લંડના છત્ર નીચે રહેવાનું વધારે પસંદ કરશે. પીયોલી ઈંગ્લંડની શાસનપદ્ધતિને શ્રેષ્ટ માનનારાઓમાંનો એક હતો. પીયોલીનો આવો અભિપ્રાય સાંભળતાની સાથે સર્વે બોનાપાર્ટી તેનાથી વિરૂદ્ધ થઇ બેઠા. સમસ્ત કોર્સિકાદ્વીપે, પીયોલીની ઇચ્છા તથા સલાહ મુજબ, ક્રાન્તિના ત્રિવર્ણ ઝંડાને ભૂમિવત્ કરી મૂકયો, પરન્તુ બોનાપાર્ટીના એજેકિયો નગરે, અન્તપર્યન્ત ક્રાન્તિધ્વજનું પતન કરવાનો નિષેધ કર્યો. આ કારણથી બોનાપાર્ટ કુટુંબ તથા પીયોલી વચ્ચે એકાએક વિરોધ ઉત્પન્ન થયો. પીયોલીએ પોતાના અનુયાયીઓ દ્વારા નેપોલીયનના બધા ભાઇઓને કેદ કરવાનો વિચાર કર્યો. પરન્તુ નેપોલીયનની માતાને પીયોલીના આ વિચારની ખબર પડી ગઇ તેથી તે દૂરદર્શી બુદ્ધિવાળી વિદુષી બાઇ પોતાના પુત્રો સહિત એક ન્હાની બોટમાં બેશીને કોર્સિકા દ્વિપમાંથી રાત લઇને ભાગી નિકળી. આવી રીતે યુરોપના ભાવિ નરેશોથી ભરેલી આ ન્હાની નૌકા, માર્સેલ્સ બંદર પર આવી પહોચી

કહેવાની જરૂર નથી કે, આ સર્વે સાહસિક કાર્યોની, મુખ્ય કળ તરીકે નેપોલીયનજ હતો. જોકે જોસફ નેપોલીયનથી વયમાં મ્હોટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, તથાપિ બુદ્ધિ તથા સલાહમાં તે નેપોલીયનથી દબાયલો રહેતો હતો. નેપોલીયનનો કાકો નેપોલીયનની માતાને વારંવાર કહ્યા કરતો હતો કે, વયમાં જોસફ જો કે મ્હોટો છે, તથાપિ બુદ્ધિમાં નેપોલીયન વૃદ્ધ છે. કવિયોની માફક મહાપુરૂષો પણ જન્મે છે,-બનાવી શકાતા નથી. જે આત્મામાં મ્હોટાં કાર્યો કરવાની શક્તિયો હોય છે, તે પ્રથમથીજ પોતાની શક્તિયોને પ્રકટ કરે છે; જેમ બાલ સૂર્યનાં કિરણો પણ પર્વતોનાં શીખર પરજ પડે છે,-તહેના ચરણમાં નહિ તેવીજ રીતે, મહાત્માઓ પણ સર્વ અવસ્થાઓમાં શ્રેષ્ટ પદજ બતાવી આપે છે.

નેપોલીયનની બાલ્યાવસ્થાનું નિરીક્ષણ કરતાં, એક એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઇએ કે, તે રણક્ષેત્રમાં ઉત્પન્ન થયો, તહેની માતાએ તહેના જન્મ સમયે યુદ્ધચિત્રોથી ચીતરાયલી ચાદર ઓઢી હતી, તથા તહેના શૈશવમાં તહેણે યુદ્ધનીજ કથાઓ સાંભળી હતી. હવે આવી સ્થિતિમાં ઉછરેલા બાળકમાં યુદ્ધ પ્રતિનો પ્રેમ ઉત્પન્ન થાય એમાં શું નવાઇ ? સર્વ વિચારકોનો એ માન્ય સિદ્ધાન્ત છે કે, જેમ કાચા ઘડા પર કોરેલું ચિત્ર વા ચિન્હ કદી દૂર થઇ શકતું નથી તહેવીજ રીતે, બાલ્યાવસ્થામાં સાંભળેલી યુદ્ધની કથાઓનો પ્રભાવ તહેના પર પડેલો હોવાથી તહેનું ભાવિજીવન વિશેષે કરીને યુદ્ધ તરફજ વળ્યું. યુદ્ધ તરફજ તહેનું વલણ હોવાનાં બીજાં પણ કેટલાંક કારણો હતાં, કે જેનું સવિસ્તર વિવેચન આગળ કરવામાં આવશે, તો પણ એ વાત સિદ્ધ થઇ ચુકી છે કે, યુદ્ધ તરફનો તહેનો ભાવિ અત્યંતાનુરાગ, તહેના બાલ્યાવસ્થાના તહેવા સંસ્કારોનુંજ ફળ હતું.

દ્વિતીય પરિચ્છેદ-ટઉલનનો વિજય.

बालस्यापि रवेः पादाः पतन्त्युपरि भूभृताम् ।
" બાળ સૂર્યનાં કિરણો પણ પહાડોનાં મસ્તકપરજ પડે છે. "

ક્રાન્તિની ભરયુવાવસ્થામાં, ફ્રાન્સ એક ભયાનક શાસનથી શાસિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતો દેશ માલૂમ પડતો હતો. રૂદ્રમૂર્તિ શેબસ્પેરનો વિજય ડંકો ચારે તરફ વાગી રહ્યો હતો. ઘોરમાં ઘોર અત્યાચારોએ પોતાનો અમલ જમાવી લીધો હતો. લોકરક્ષક સભાએ, રાજ્યપક્ષપાતી લોકોને વીણી વીણીને ફાંસીએ ચઢાવ્યા હતા! એક એક દિવસમાં સેંકડો તો શું પરન્તુ હજારો લોકોનાં ખુન સ્વલ્પમાં કરવામાં આવતાં હતાં! નેપોલીયનના ભાઇ લ્યૂશિયન જેવા, પ્રોત્સાહક વ્યાખ્યાનો આપનારા અરાઢ અરાઢ વર્ષના બાળકો પણ નગરો તથા પ્રાન્તોના અધ્યક્ષ બની અત્યાચારનો સોટો ચલાવી રહ્યા હતા!! તાત્પર્ય કે, સમસ્ત ફ્રાન્સ આ વખતે મારફાડની ધગધગતી આગથી બળી ઉઠેલો માલૂમ પડતો હતો.

રાજપક્ષપાતી નગર આ અત્યાચારોથી ચીડાઇને વિદ્રોહ કરવા તત્પર થયું હતું-તેઓ ક્રાન્તિથી કંટાળી ગયા હતા. લીયોન નગરે ક્રાન્તિ વિરૂદ્ધ પોતાનો ઝંડો ઉભો કર્યો હતો! પરન્તુ જેના જવાબમાં ક્રાન્તિના નેતાઓએ ત્હેનાં સર્વ સંશયાત્મક ગૃહોને જડમૂળથી ઉખાડી નાંખ્યાં હતાં! અને ત્યાંના નિવાસીઓને વીણી વીણીને નદીમાં પધરાવી દઇને તે નગરને ઉજ્જડ વેરાન જેવું બનાવી મૂક્યું હતું. બીજી પંક્તિમાં ટઉલન નગર હતું. દૈવયોગે ટઉલન નગર એક બન્દર હતું; એથી ત્યાંના રાજ્યપક્ષપાતીઓએ બ્રીટીશ સરકારને પોતાની સહાયતા માટે પરભાર્યું લખ્યું; જે પ્રાર્થનાના ઉત્તરમાં બ્રીટીશ સરકારે લૉર્ડ હુડને એક બળવાન સામુદ્રિક સેના સાથે ટઉલન મોકલ્યો. લૉર્ડહુડે ત્યાં આવીને પોતાનું વિજય ક્ષેત્ર તૈયાર જોયું કારણ કે બંદરનાં દ્વાર ત્હેને માટે ખુલ્લાં હતાં! જેમાં ત્હેણે સત્વર પ્રવેશ કર્યો!

બ્રીટીશ સરકાર પ્રથમથીજ ફ્રાન્સની ક્રાન્તિના વિરોધિઓના પક્ષમાં હતી. આ વિરોધનું ખરૂં કારણ શોધી કાઢવું એ જરા કઠિન કાર્ય હોઇ, એ સંબંધમાં વિદ્વાનોમાં ઘણો મતભેદ ચાલે છે. કેટલાકો કહે છે કે. ફ્રેંચ જાતિ તથા અંગ્રેજ જાતિનો નૈસર્ગિક વિરોધજ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડાઇનું મુખ્ય કારણ હતું, જ્યારે બીજાઓનો અભિપ્રાય એવો છે કે, ક્રાન્તિ માટેનો ખરેખરો ભય આ લડાઇનું વિશેષ નિમિત્ત હતું. અમારા સમજવા પ્રમાણે તો આ વિરોધનું કારણ, પ્રો. સીલેએ પોતાના ઇંગ્લંડનો વિસ્તાર નામક ગ્રથમાં વર્ણવ્યું છે તેજ હોવું જોઇએ. તે જણાવે છે કે, "તે વખતે બન્ને દેશો સંસ્થાનોની પ્રાપ્તિ તથા સામ્રાજ્યની વૃદ્ધિ માટે, પુષ્કળ યત્ન કરી રહ્યા હતા." ફ્રાન્સનો વિજય એટલે પોતાનું પતન એ વાત ઇંગ્લંડ સ્પષ્ટ રીતે સમજી ગયું હતું. તેણે ફ્રાન્સની ક્રાન્તિનો વિજય થતો જોયો, તેથી ચિંતાગ્રસ્ત થઇને તેનો વિરોધ કરવો શરૂ કર્યો, ઇતિહાસ પણ એ વાતની સાક્ષી પુરે છે કે, ઇંગ્લંડની સરકારે આ ક્રાન્તિને દબાવવા માટે પૂરો પ્રયત્ન કર્યો હતો. એનું પરિણામ શું આવ્યું ? એનો જવાબ આપણાથી આપી શકાય એમ નથી કારણ કે ત્યાં આગળ ઇતિહાસ પણ ભ્રમજાળમાં ફસાયલો છે.

પ્રસ્તુત વિષયપર આવતાં જણાવીશું કે, લોર્ડ હુડ પોતાના સંપૂર્ણ દળ તથા બળ સાથે, ટઉલનબંદરે આવી પહોંચ્યો. ક્રાન્તિની સરકારને આ ખબર મળતાંની સાથેજ તેણે જનરલ કાર્ટયુને ૩૦૦૦૦ યોદ્ધાઓના લશ્કર સાથે, બ્રીટીશ સેનાને હાંકી કાઢવા મોકલ્યો. જનરલ કાર્ટયુ ટઉલન સુધી પહોંચી તો ગયો, પરન્તુ પોતાની અશક્તિના કારણવશાત્ તે કંઇ કરી શક્યો નહિ; જ્યારે તેણે કેટલાક દિવસ નાહક ખોયા, ત્યારે તે 'રીપબ્લીક' સરકારે ડયુગોમિયર નામના સેનાપતિને ટઉલન જીતવા માટે યુદ્ધસ્થાનોના નકશા સાથે મોકલ્યો. આ નકશાઓ મુજબ કાર્ય કરવાથી કદાચ તેને વિજય મળત, પરન્તુ એ એનું પરિણામ પણ "દૈવની ગહનગતિ"ને અનુસરીને ઠીક થયું નહિ, એ પણ પોતાની પૂર્વે ગયેલા સરદારની માફક આળસની મૂર્તિ હોવાથી, ત્યાં ગયા પછી કંઇ વિશેષ કાર્ય કરી શક્યો નહિ. હા, તેણે એક બુદ્ધિપ્રદ વાત અવશ્ય યોજી, તે એ કે ઉક્તબંદરને સર કરવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય, એક કાર્યવીર નવયુવકને સોંપ્યું, જે ત્હેના હાથ નીચે તોપોના ઇન્જીનીયરનું કામ કરતો હતો.

આ નવયુવક સેનાપતિએ પોતાને માથે આવી પડેલી જવાબદારીઓનો ખ્યાલ રાખીને શત્રુઓને વશ કરવાનો એક નવિન ઉપાય શોધ્યો. અત્યાર સુધી બંદર જીતવા માટે એ માર્ગ લેવામાં આવ્યો હતો કે બ્રીટીશ આગબોટો ઉપર સીધો તોપોનો મારો ચલાવવો; અને ત્હેમને ત્યાંથી ભગાડવા. પરન્તુ આ વિચારશીલ નવયુવકે આ ઉપાયની નિર્બળતાને ધ્યાનમાં લઇને એ યોજના પસંદ કરી કે જ્યાં સુધી એક પક્ષ પોતાના તોપખાનાને એવી જગાએ ન જમાવી લે કે જ્યાંથી તે પોતાના શત્રુપર પ્રહાર કરી શકે, અને શત્રુના પ્રહાર ત્હેની સેનાને લાગે નહિ ત્યાં સુધી યુદ્ધમાં બન્ને પક્ષને ભારે હાનિ પહોંચે છે, અને બન્ને પક્ષના લડવૈયાઓનાં રૂધિર નાહક ફેલાય છે માટે સૌથી વિશેષ અગત્યની વાત એ છે કે, વિજય ઇચ્છવાવાળા પક્ષે એવા સ્થાનનો કબજો અવશ્ય મેળવવો જોઇએ કે જ્યાં શત્રુઓનાં શસ્ત્રાસ્ત્ર ન ચાલે ત્હેના પ્રહારની અસર બિલકુલ થાય નહિ. આ સર્વ બાબતોનો વિચાર કરીને તથા યુદ્ધ નીતિકળાનો સંપૂર્ણ આશ્રય લઇને તે નવયુવક સેનાપતિ **નેપોલિયન બોનાપાર્ટે** બંદરપર આક્રમણ કરવાના સ્થાનપરના છોટા જીબ્રાલ્ટર નામના એક કિલ્લાને પ્રથમ હાથમાં લેવાનો નિશ્ચય કર્યો. કારણ કે ઉક્ત કિલ્લો ઉપર્યુક્ત ગુણોથી ભરપુર હતો ત્યાંથી શત્રુઓની આગબોટોનો સ્હેલાઇથી વિનાશ થઈ શકે એટલુંજ નહિ પરન્તુ શત્રુઓનો મારો ત્યાં કંઇ અસર કરી શકે નહિ એમ પણ હતું.

આ ચરિત્રના નાયક નેપોલિયન વિષે અહીંયાં આપણે પુનઃ વિચાર કરીયે. પોતાની માતા તથા ભાઇઓ સાથે કોર્શિકાથી ન્હાશી છૂટીને ત્હેને **માર્સેલ્સ** પહોંચેલો આપણે જોઇ ગયા છીએ. ઘણા વખત સુધી તે કંઇ પણ કામકાજ વગર આમતેમ રખડતો ફરતો હતો. ત્હેનો મ્હોટો ભાઇ **જોસફ** આમલેમથી કમાઇને આ સર્વ પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારનું પાલન કરતો હતો. ન્હાનો ભાઇ લ્યુશિયન 'સેંટમેકિસેમીમ' નામના એક ગામમાં 'રીપબ્લીક' તરફથી અધિકારી નિમાયો હતો. બોનાપાર્ટોના આ ભાવિ-રાજકુટુંબે કેટલાક દિવસો એવીજ રીતે વિતાવ્યા. આવી રીતે નિર્શક-દિવસો વ્યતીત કરતાં નેપોલિયન પારીસની ગલીયોમાં જઇ પહોચ્યો, જ્યાં તે એક લશ્કરમાં સીપાઇ તરીકે દાખલ થયો, જે સેનામાં નેપોલીયનની ભરતિ કરવામાં આવી હતી, તે સેનાને થોડાજ દિવસમાં ટઉલન મોકલવામાં આવી, નેપોલીયન પણ ત્હેમાં સામેલજ હતો.

જેને આ ટઉલનના યુદ્ધ પ્રસંગમાં એક વીર યોદ્ધા તરીકે કાર્ય કરતો આપણે જોઇએ છીએ.

નેપોલીયન મહાન્ બળથી યુદ્ધની તૈયારીઓ કરી રહ્યો હતો. એ જણાવવાની જરૂર નથી કે, તે રાત્રી દિવસ ઘોડેસ્વાર રહીનેજ કાર્ય કરતો હતો. કામની આગળ આરામ, એ ત્હેને મન કોઇ ચીજ જ નહોતી. આખો દિવસ જુદાં જુદાં લડાયક સ્થળોની તપાસ કરવી, ત્હેના નકશા જોવા, અને શત્રુના બળની પરીક્ષા કરવી, એજ ત્હેનું મુખ્ય કાર્ય હતું. જે લોકોએ તે સમયે ત્હેને જોયો હતો, તેઓ જણાવે છે કે સુવા માટે પણ ત્હેની પાસે સમય નહોતો. આવા અસાધારણ પરિશ્રમથી ત્હેણે જરૂરી તોપખાનું એકઠું કર્યું અને છોટા જીબ્રાલ્ટરનો કિલ્લો હાથ કરવા માટે પ્રયાણ કર્યું !

મધ્ય રાત્રીનો સમય હતો, વાવાઝોડુ તથા વંટોળીયાના તોફાનથી ચારે દિશાઓ ભયંકર સ્વરૂપ ધારણ કરી રહી હતી, પ્રલયકાળ નજીક હોય એવો દેખાવ થઈ રહ્યો હતો, ઘરમાં બેઠે પણ હૃદયમાં શાન્તિ રહી શકે એમ નહોતુ તો બહાર નિકળવાની તો વાતજ શી ? આવા વખતમાં ટઉલનનગરના નિવાસીઓ પણ પોતપોતાના ઘરમાં સઘડીએ બેસી તાપી રહ્યાં હતાં, એટલામાં એકાએક ભયંકર ગર્જના સાંભળવામાં આવી, આ ઘોરનાદની સાથેજ ફાટવાના કંઇક અવાજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધડાધડ સંભળાવા લાગ્યા, અને જ્યાં ત્યાં ભયંકર પોકરાણ મચી રહ્યું ! આ ભયંકર કેમ વારા ફરતી કેટલાક કાળ સુધી ચાલુ રહ્યો. કુદરતિ અશાન્તિમાં આ માનુષીક તોફાને ઓર પણ વૃદ્ધિ કરી. તોપોના ગોળા નગરપર ધડાધડ છુટવા લાગ્યા ! ઘરમાં આગ અને બહાર વર્ષાપવનનું તોફાન ! એક તરફ સાપ અને બીજી તરફ કુવો ! એવી દશા ટઉલનના નિવાસીઓની થઇ પડી સર્વ નાગરિકો ભારે વિપત્તિમાં પડ્યા; આ લોકોની તે સમયની દશા બહુજ હૃદયદ્રાવક હતી. પરન્તુ વાચકવૃંદ ! એ વાત શું ધ્યાનમાં લેવા યોગ્ય નથી કે " જે નગર પોતાના દેશ અથવા રાષ્ટ્ર વિરૂદ્ધ થઈ ત્હેના શત્રુઓને જઇ મળે છે, તે દેશની પ્રાયઃ એવીજ દશા થાય છે ! "

ટઉલન નગરનો ધ્વંશ કરનારા તોપોના આ ભયંકર ગોળા નેપોલીયનના લશ્કરના હતા. નેપોલીયને સધ્ય રાત્રીને વખતે છોટા જીબ્રાલ્ટરને સર કરવા માટે કૂચ કરી તે વખતે પવન તથા વર્ષાદનું સખત તોફાન ત્હેના આ પ્રયાસની વિરૂદ્ધ હતાં. પરન્તુ કોઇની રોકટોકની લેશ પણ પરવા કર્યા વગર નેપોલીયને–તે ચોવીશ વર્ષના યુવકે–પોતાની સેનાને આગળ વધવાની આજ્ઞા કરી. કેમ કે તે કંઇ એવા મસાલાનો બનેલો નહોતો કે જેથી પવન અથવા પાણીની સ્હામે ટકી શકે નહિ. ત્હેનું શરીર તથા આત્મા તો વજ્રવત પોલાદથી પોષાયેલાં હતા; એજ કારણને લીધે, મ્હોટા મ્હોટા પહાડો પણ જે વંટોલીયાથી કેટલીક વખત ઝુકી પડે છે તે તોફાનથી નેપોલીયન જરા પણ પાછો હઠયો નહિ. ત્હેનું એ કથન સત્ય હતું કે, યદિ સૂર્ય અથવા ચન્દ્ર પણ ઇશ્વરી નિયમનો અનાદર કરે તો કરે,–પરન્તુ ખરેખરો. ક્ષત્રીય વીર પુરૂષ, પોતાના સેનાપતિની આજ્ઞાનો કદી પણ ભંગ કરશે નહિ. પોતાના સેનાપતિનાં આ પ્રોત્સાહક વચનો સાંભળતાંની સાથે જ, નેપોલીયનની વીર સેનાએ જ યુદ્ધક્ષેત્રપ્રતિ પ્રયાણ કર્યું.

જીબ્રાલ્ટરની બ્રીટીશ ફોજે, બહુજ ક્રોધિત થઇને નેપોલીયનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેના પર આકર્ષણ કર્યું. અને ફ્રેંચ લશ્કરના આકસ્મિક હુમલાનો જવાબ બ્રીટિશ સેનાએ ભયંકર તોપોના પ્રચંડ ગોળાઓથી આપ્યો ! ફ્રેંચની લશ્કરની મોખરાની પંક્તિ તો તોપના આ ગોળાઓથી ભૂમિ-ભેગી જ થઇ ગઇ ! પરંતુ આ ઘાતનુ ઉપહાસ્ય કરીને તેની પાછળ ટુકડી તરતજ આગળ આવી ઉભી. બ્રીટીશ તોપોના ગોળાઓથી ફ્રેંચ લશ્કરની આ બીજી પંક્તિ પણ એવીજ રીતે જમીનદોસ્ત થઇ ગઇ ! પરન્તુ એથી તો નેપોલીયનનું લશ્કર વિશેષ જોરમાં આવ્યું અને ત્હેણે પોતાનું આગળ વધવાનું એવીજ રીતે કાયમ રાખ્યું ! અને નેપોલીયનનું લશ્કર ઠેઠ કિલ્લાની ખાઇ સુધી ત્વરાથી પહોચી ગયું ! ત્યાં આગળ વળી ત્હેને શત્રુઓ તરફથી તોપોના ગોળાથી એક વખત વધુ વધાવી લેવામાં આવ્યું; અને ત્હેમાં પણ મોખરેના કેટલાક વીર સૈનિકોએ પોતાના આત્માનાં મોઘાં બલિદાન આપ્યાં ! વીર પુરૂષોનાં મૃત શરીરો પણ વીર કાર્યો માટેજ કામમાં આવે છે, એ ન્યાય ને સત્ય ઠરાવવા માટે ત્હેમનાં શબ્દ તથા વસ્ત્રોથી કિલ્લાના દરવાજા સમીપની ખાઇ ભરી દેવામાં આવી. કહેકે ત્હેનો પુલ બનાવીને, ફ્રેંચ સેના એ ખાઇને પણ નિર્વિઘ્ન ઓળંગીને કિલ્લાની છેક સમીપમાં જઇ પહોચી. છેવટે તરવાર તથા ખંજરની હાથોહાથની લડાઇ શરૂ થઇ, અને યાહોમ કરીને પડેલી એક વીર યુવકથી પ્રેરાયલી આ વીર સેના, એક ઇંચ પણ પાછી હઠયા વિના ઇચ્છિત સ્થાને જઇ ઉભી !

આ યુદ્ધ વખતે નેપોલીયન પોતાના લશ્કરના દરેક ભાગમાં ઉત્સાહ અને વેગ પૂર્વક ઘૂમી રહ્યો હતો ! ત્હેની પાતળી સરખી પીળી મૂર્તિ ક્ષણમાં સેનાને મોખરે જણાતી, તો ક્ષણમાં તે ત્હેને છેક છેડે માલૂમ પડતી હતી ! પોતાના કર્તવ્યપાલનને માટે ત્હેને પ્રાણની પણ જરાએ પરવા ન્હોતી. જે સેનાનો સેનાપતિ પોતાના પ્રાણની લેશ પણ પરવા ન રાખે તે વીર નાયકવાળું લશ્કર પછી જરા પણ મચક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાની આપે? અંતમાં છોટા જીબ્રાલ્ટરની દિવાલો ઉપર ફ્રેંચ સેના જઇ પહોચી, અને તેજ વખતે બંદરની નીચેના બ્રીટીશ નૌકા સૈન્યમાં ભારે હલચલ મચી રહી, છોટા જીબ્રાલ્ટર પરથી ફ્રેંચ સેનાની તોપોના અવાજ સાંભળતાંની સાથેજ લોર્ડ હુડે પોતાના દરીયાઇ લશ્કરને ઇંગ્લંડ તરફ પાછા ફરવાની તુરત આજ્ઞા આપી! જ્યારે બીજી બાજુ નેપોલીયને તેજ લખતે સ્વહસ્તથી ફ્રાન્સનો ત્રીરંગી ઝુંડો જીબ્રાલ્ટરની દિવાલો પર ઉડતો કર્યો, નેપોલીયન બોનાપાર્ટનો પોતાનો ભાવિ કીર્તિધ્વજ પણ એજ ઝુંડાની સાથે ફરકવો શરૂ થયો!

તૃતીય પરિચ્છેદ–ઘોર અંધકારમાં કંઇક પ્રકાશ!

त्वं सिञ्चन्नमृतेन तोयद! कुतोऽप्याविष्कृतो वेधसा ॥

જગન્નાથ.

"આવા કટુ સમયમાં, અમૃત વર્ષાવનાર હે મેઘ! વિધિએ ત્હને ક્યાંથી પ્રેર્યો?"

ટઉલનના વિજય પશ્ચાત્ નેપોલીયન કેટલાક સમય પર્યંત સમુદ્ર તટ પર રહ્યો. પેરીસની લોકરક્ષક સભાએ, ત્હેને ચતુર તથા પ્રવૃત્તિશીલ માનીને, બંદરના રક્ષાર્થે કિલ્લેબંધીના કામમાં ત્યાંજ રોકયો; ત્યાં તે ઘણા દિવસ પર્યંત, પોતાની નૈસર્ગિક શક્તિ તથા યત્ન મુજબ ઉક્ત કાર્ય કરતો રહ્યો. ટઉલનનાં વિજયના દિવસોમાં તથા ત્હેના રક્ષણના આ પાછલા સમયમાં, બે યોદ્ધાઓ સાથે ત્હેને સાધારણ પરિચય થયો. આ પરિચય અત્યારે તો નિર્જીવ જણાતો હતો, પરન્તુ ભવિષ્યમાં તે ત્હેને બહુજ ઉપયોગી થઇ પડયો; ત્હેનો પ્રથમ પરિચય એક નવયુવક સાથે થયો. એક દિવસ નેપોલીયન યુદ્ધમાં ઘોડેસ્વાર થઇને પોતાના તોપખાનાના શત્રુઓ ઉપર હલ્લો કરવા માટે પોતાના લશ્કરને પ્રોત્સાહિત કરી રહ્યો હતો, તેજ વખતે ત્હેને એકાએક અગત્યનો હુકમ પ્રકટ કરવાની જરૂર જણાઇ. ત્હેણે પાછળ જોઇને જ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણાવ્યું કે, અહીં કોઈ સારો લેખક હાજર હોય તો તે આ કાર્ય માટે સત્વર અહીં આવે. તુરતજ એક સીપાઇએ આગળ આવી શિર ઝુકાવ્યું, અને નેપોલીયને તહેની પાસે લખાવા માંડયું; એટલામાંજ શત્રુઓની તોપનો ગોળો તહેમની બન્નેની સમીપ આવીને ફુટવાથી તહેમની ચારે તરફ ધુળ છવાઇ રહી! તે નવયુવકે શત્રુના આ આક્રમણનું ઉપહાસ્ય કરતાં તેજ વખતે જણાવ્યું કે "વાહ! બહુજ ઠીક થયું હવે આ લખાણની શાહીને સૂકવવી નહિ પડે!'

નેપોલીયન ઉક્ત યુવકનું આવું અનુપમ ધૈર્ય જોઇને આશ્ચર્ય ચકિત થયો. તે હર્ષમાં આવીને બોલ્યો કે, હે યુવક! હું તહમારે માટે શું કરી શકું એમ છું! યુવકે પ્રણામ કરીને જવાબ આપ્યો કે, "જી હાં! આપ મ્હારે માટે સર્વ કંઇ કરી શકો એમ છો." જો કે એ વખતે તો નેપોલીયનમાં તહેને માટે ધારે તે કરવાની શકિત નહોતી પરન્તુ આખરે એ દિવસ જરૂર આવ્યો, કે જ્યારે નેપોલીયન ધારે તે કરવા સમર્થ થયો; અને તે દિવસે તહેણે પોતાનું વચન પાળ્યું. જેને લીધે તે એક વખત તો નિર્ધન સીપાઇ ગણાતો જૂનો ફ્રાન્સ રાજ્યના એક સ્તંભ તરીકે ગણાવા લાગ્યો, અને તહેને ડયુક ઓફ એવરન્ટીજ બનાવવામાં આવ્યો.

બીજો પરિચય તહેને ડયૂરોક નામના નવ યુવક સાથે થયો; જેની કીર્તિનાં દુન્દુભિ ભવિષ્યમાં ચોદિશ વાગનાર હતાં. ટઉલનનો પ્રબંધ કર્યા પછી નેપોલિયનને ઇટાલીમાં ગયેલી એક ફ્રેંચ સેનાની સાથે મોકલવામાં આવ્યો. એ ફ્રેંચ સેના ડયમાવિયન નામના સેનાપતિના સ્વામીત્વ નીચે એલ્પ્સ પર્વતને રસ્તે થઇને ઈટાલી પર હલ્લો કરવા માટે મોકલવામાં આવી હતી, કારણ કે, એ તરફથી ઓસ્ટ્રિયા આદિ દેશોનું લશ્કર ફ્રાન્સ ઉપર ચઢી આવવાનો સંભવ હતો આ આક્રમણની ગતિને ત્યાં આગળજ સમાવી દેવી એ આ ચઢાઇનો હેતુ હતો. આ સેના સાથે નેપોલીયને જઇને પોતાનું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની સ્વાભાવિક ચતુરાઇ, સૂક્ષ્મદર્શિતા, તથા ધૈર્યથી શરૂ કર્યું. સેનાપતિ ડયુમાવિયન વૃદ્ધ થઇ ગયો હતો. પોતાને નેપોલીયન જેવો એક મહાપરિશ્રમી સહાયક મળવા માટે તે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. યુદ્ધનું સર્વ કાર્ય નેપોલીયનને માથે નાખીને તે પોતાની ચિંતામાંથી મુકત થયો. નેપોલીયને પણ અવિશ્રાન્ત પરિશ્રમથી પોતાની સેનાને દૃઢ કરવા માંડી. કોઇ પણ રસ્તો, ઝાડી કે પર્વતનાં શિખરો તેણે જોયા વગર મૂકયાં નહિ. તે રાત્રી દિવસ એવાંજ સ્થળો તથા વાચનમાં પ્રવૃત્ત રહેતો હતો.

એક રાત્રે બેએક વાગ્યાને શુમારે લશ્કરી કાર્યથી નિવૃત્ત થઇને તે પોતાના આરામગૃહમાં ગયો; ચાર વાગ્યાને આશરે તેનો એક મિત્ર કે જે હજુ સુધી કોઇ ખાસ કારણને લીધે સુતો નહોતો, તે ત્યાં આવી પહોંચ્યો. ત્યાં આવીને તેણે જોયું કે નેપોલીયન બત્તી સળગાવી દેશના નકશા તથા ઇતિહાસ ભૂગોળ વિગેરે પુસ્તકો વાંચતો બેઠો હતો. તે મિત્રે તેને આશ્ચર્ય ચકિત થઇને પૂછયું કે નેપોલીયન! શું કરો છો? હજુ સુધી શું તમે સૂતા નથી? નેપોલીયને જવાબ આપ્યો કે, " હું ઉંઘી ઉઠયો. " મિત્રે કહ્યું " એટલી વારમાં શું ઉંઘ્યા? બે વાગે તો તમે સુવા ગયા હતા! " નેપોલીયને જવાબ આપ્યો કે એક મનુષ્યને માટે બે કલાકની ઉંઘ બસ છે. " વાચકો જોઇ શકશે કે રાત્રે બબ્બે કલાકજ ઉંઘીને નેપોલીયને તે તેજ અને બુદ્ધિમત્તા પ્રાપ્ત કર્યાં હતાં, કે જેને લીધે તે કોઇથી જીતાતો નહોતો; એટલુંજ નહિ, પરન્તુ નિર્ભય બની ગયો હતો. આજે અમારી દશા શું છે? અમે રાત્રી દિવસમાં ચોવીસે કલાકે ઉંઘીએ છીએ અને છતાં નેપોલીયન બનવાની અમારી ઇચ્છા કાયમજ રહે છે. આ પ્રમાણે નેપોલીયન ઇટાલીની સેનામાં પોતાનું બળ અજમાવી રહ્યો હતો! તે સમયે પેરીસમાં ક્રાન્તિનો ભયંકર કાળો નાગ પોતાની વિષમય જ્વાળાઓ ફેલાવી રહ્યો હતો! શેમસ્પીયરે તે વખતે પોતાનો સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દમામ જમાવી રાખ્યો હતો. એજ ક્રાન્તકાળ પરન્તુ શુદ્ધાચારી રોબસ્પીયરના ન્હાનાભાઇને ઇટાલીની સેનામાં લોકરક્ષક સભા તરફથી પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યો હતો. ત્યાં નેપોલીયનની સાથે તેને મિત્રતા થઈ. તેઓ બંન્ને નદી નાળાં તથા પહાડ પર્વતોમાં સ્થળ સંશોધનાર્થે ઘૂમ્યા કરતા હતા. ન્હાનો રોબસ્પીયર નેપોલીયનને ફ્રાન્સની ખબરો આપ્યા કરતો હતો. સમસ્ત સંસાર રોબસ્પીયરને ક્રૂર તથા આપખુદ કહેતો હતો. પરન્તુ એ વાત તેના ન્હાનાભાઇના માન્યામાં આવતી ન્હોતી. તે તેને ખરેખરો તિવ્ર સ્વભાવવાળો સ્વદેશ ભકત માનતો હતો. તે નેપોલીયન પાસે પોતાના ભાઈનું એવુંજ ચિત્ર રજુ કરતો હતો. નેપોલીયન પણ મ્હોટી આશાઓ તથા ભાવનાઓ રાખવાવાળો યુવક હતો ફ્રાન્સના પ્રધાનના ભાઇ સાથે પોતાની મૈત્રિ હોવામ તે પોતાના ઉદયનું સાધન માનતો હતો. ન્હાનો રોબસ્પીયર નેપોલીયનને કેટલીક વખતે પેરીસ લઇ જવાનું કહેતો હતો. તેની ખાત્રી હતી કે, તે પોતાના ભાઇને કહીને નેપોલીયનને પેરીસનું રક્ષણ કરનારી સેનાનો અધિપાત બનાવી શકશે. પરન્તુ નેપોલીયન એ વાત શકય માનતો નહતો. તે સમઝતો હતો કે, પેરીસની સેનાના અધ્યક્ષ બનવા પુરતી વય તથા અનુભવ હજુ તેનામાં ન્હોતાં. એથી તે પોતાના મિત્ર સમક્ષ નીચે મુજબ જવાબ આપતો કે "હજુ હું સિપાઇ તરીકે સેનામાં રહું તેજ વધારે સારૂ છે. હા! એ દિવસ પણ કદાચ આવશે કે જ્યારે હું પેરીસની સેનાનો અધિપતિ બનીશ; તેના આ કથનમાં ભવિષ્યવાણીનો પણ કંઇક અંશ હતો એ સહજ સમજાય એવું છે.

"કોઇપણ મનુષ્યના સર્વ દિવસો સરખા રહેતા નથી," રોબસ્પીયરના કુટુંબપર પણ પેરીસમાં ભારે આફત આવી પડી! જેનું કંઈક વર્ણન અમે પ્રથમ ભાગના તૃતીય પરિચ્છેદમાં આપી ગયા છીએ. તદનુસાર ઉક્ત બન્ને ભાઈને એકઠા ફાંસીએ ચઢાવવામાં આવ્યા; જેના છાંટા નેપોલીયનને પણ લાગ્યા વિના રહ્યા નહિ. કારણ કે તે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેખસ્પીયરનો મિત્ર હતો. નવી સરકારની કુદ્રષ્ટિ ત્હેના[illegible]પરે પણ પડી. જે કુદ્રષ્ટિમાં એક પ્રસંગને લીધે બળતામાં ઘી હો[illegible]નાયું. જે વખતે તે બંદરની રક્ષણાર્થે કિલેબંધીનું કાર્ય કરી રહ્યો [illegible]હતો, તે વખતે ત્હેણે ત્યાંના એક તૂટી ગયેલા કિલ્લાની મરામત[illegible] કામ શરૂ કરાવ્યું. કારણ કે સુરક્ષિત રાખેલી નજીવી ચીજ પણ [illegible] કાઇ વખત કામ લાગે છે; એવી ત્હેની દઢ માન્યતા હતી. મ[illegible]ન પુરૂષોનો એ ખાસ ગુણ હોય છે કે, ન્હાનામાં ન્હાની વસ્તુને [illegible] પણ વાસ્તવિક ઉપયોગમાં લીધા શિવાય રહેવું નહિ. તે મરામ[illegible]નું કામ શરૂ કરીને તે ઇટાલીની સેનામાં જઇ પહોચ્યો. કિલ્લો [illegible]ામે ધીમે ઠીક થતો ગયો. દરમીયાન નેપોલીયનના કોઇ દ્વેષીએ પેરીસની લોકરક્ષક સભાને એવી ગપ પહોચાડી કે, નેપોલીયન એ[illegible]સ્ટાઇલના કિલ્લાને પુનઃ સ્થાપિત કરવાની કોશીશ કરે છે!" સ[illegible]ભાને બસ આટલું જ જોઇતું હતું. એકદમ નેપોલીયનને પકડવાનો હુકમ પસાર થયો, અને એક ક્ષણભર પૂર્વેજ જે ખરેખરો દેશભ[illegible]ત કહેવાતો હતો તે વીર પુરૂષ હવે ઘોર રાજદ્રોહી તરીકે ઓળ[illegible]વા લાગ્યો! નેપોલીયન આશરે પંદરેક દિવસ સુધી કેદમાં રહ્યો. અંતે ત્હેના ઉપકૃત મિત્ર જયુનોના યત્નથી ત્હેની નિર્દોષતા સિદ્ધ થઇ સભાની ખાત્રી થઇ કે તે નિરપરાધી છે, જે પછી તુરતજ ત્હેને કેદમાંથી મુક્ત કરવામાં આવ્યો.

તે કેદમાંથી તો મુક્ત થયો, પરન્તુ ત્હેને સેનામાંથી પોતાનું પદ ત્યાગવું પડ્યું. કેટલાક એમ જણાવે છે કે સભાએ ત્હેને કાઢી મૂક્યો, જ્યારે કેટલાક જણાવે છે કે સભાના કાર્યથી અપ્રસન્ન થઇને ત્હેણે પોતાનું રાજીનામું આપ્યું, ગમે તે હો પરન્તુ એમાં તો કંઇ શક નથી કે સભા એનાથી અપ્રસન્ન થઇ [illegible]મને એ સભાથી અપ્રસન્ન થયો. નેપોલીયને સેનામાંથી પોતાનું રાજીનામું આપ્યા પછી તે કંઇપણ ઉદ્યમ અથવા નોકરી શોધવા પેરીસમાં ગયો. પેરીસ હજી ત્હેનું સ્વાગત કરવાને તૈયાર [illegible] કારણકે નેપોલીયન તો [illegible] દ્રષ્ટિમાં શેખસ્પીયર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા ક્રૂર પુરૂષનો સાથી ગણાઇ ચુકયો હતો. તે પછી નેપોલીયન પોતાના જુના મિત્રોને ત્યાં ગયો; જેમાંના કેટલાક તે વખતે સારા સારા પદ ઉપર હતા; પરન્તુ તે સર્વેએ ત્હેને નિરાશાજનક સુકો જવાબ આપ્યો. જે લોકોનું નેપોલીયને અગાઉ કોઇ વખત ભલું કર્યું હતું, ત્હેમને બંગલે પણ તે જઇ આવ્યો, પરન્તુ ચારે તરફથી ત્હેને એજ અમી વિનાની દૃષ્ટિ માલૂમ પડી. સંસારનો એજ નિયમ છે કે, સુખીના સૌ દોસ્ત અને દુઃખીનું કોઇ નહિ !

ચારે તરફના નિરાશાજનક ઉત્તરો સાંભળીને નેપોલીયનનું વજ્ર જેવું કઠણ હૈયું પણ અધીરૂં થઇ ગયું ! જે હૃદય મ્હોટા મ્હોટા સંગ્રામોના ભયથી પણ કાયર થતું નહોતું; જે મન હજારો અબળાઓનાં ઘોર રૂદન અથવા સેંકડો કુલોનાં નિકંદનથી પણ વિવશ થતું નહોતું; ગમે ત્હેવી હૃદયભેદક વાત પણ, જે મનને પોતાના ઉદેશથી ચલિત કરવાને શક્તિમાન નિવડતી ન્હોતી; તે જ નેપોલીયનનું હૃદય આજે હતાશ થઇ ગયું ! નેપોલીયન હવે અંધકારના એક એવા કૂપમાં એકદમ ગબડી પડયો, કે જે અજ્ઞાન-મૂઢતાના ખાડામાં હરેક મહાન આત્માને પોતાના જીવનના કોઇ નહિ ને કોઇ સમયમાં પડવું જ પડે છે ! ક્ષત્રીય કુળભૂષણ રાણા પ્રતાપ કે જેની દૃષ્ટિમાં મ્હોટા મ્હોટા છત્રપતિ રાજાઓની પ્રચંડ સેનાઓ પણ ઘેટાં બકરાં જેવી ગણાતી હતી તે પણ એક વખત પોતાનાં બચ્ચાંના હાથમાંથી બિલાડી રોટલાનો ટુકડો લઇ ગઇ, તે માટે અધીરા થઇ ગયા હતા !! બસ ! મહાપુરૂષોની અધીરાઇની એજ પરંપરાએ નેપોલીયનના હૃદયપરપણ ઘેરો ઘાલ્યો ! એજ ભૂતને વશીભૂત થઇને ત્હેણે પોતાના શરીરને સોન નદીમાં પધરાવી આ દુઃખદ સંસારમાંથી છૂટવાનો સંકલ્પ કર્યો ! " પરમાત્માની દયા આજે કયાં છે ? શું તે મ્હારી આપત્તિઓ નથી જાણતો ? ત્હેની દયાળુતા જૂઠીજ છે ! જો તે દયાળુ નથી તો ત્હેના આવા અત્યાચારી સંસારમાં જીવવાથી શું લાભ ? " એવા વિચારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને નેપોલીયને પોતાના દેહને નદીમાં જંપલાવવાનો દૃઢ નિશ્ચય કર્યો! પરન્તુ નેપોલીયન! તું એમ નહિ સ્હમજીશ કે, ત્હારી એક આ વેદનાથી પરમાત્માની દયાળુતાનો એકાએક નિષેધ થઇ જશે! પરમાત્મા દયાળુ છે,-ત્હેની દયાનો પાર નથી. જ્યારે રાત્રીને વખતે, આકાશ ચારે તરફથી શ્યામરંગી મેઘમંડળથી છવાઇને, ભયંકર અંધકારમય થઇ જાય છે, અને પ્રાણીમાત્રના જીવ ગભરાઇ જાય છે, ત્યારે પશ્ચિમ દિશામાંથી એકાએક પવનનો ઝપાટો ચાલુ થાય છે, અને મેઘમંડળને છિન્ન ભિન્ન કરીને ચન્દ્રથી દેદિપ્યમાન થયેલી ચાંદનીનો સત્વર પ્રકાશ કરે છે! રાત્રી દિવસ અમારી સ્હામે એવાં દૃશ્ય ઉપસ્થિત થાય છે, તોપણ ધિક્કાર છે અમારા અજ્ઞાનને, કે જેને વશ થઇને અમે કેટલીક વખત નિરાશ થઇ જઇ ઇશ્વરપરથી ભરોસો ઉઠાવી લઇયે છીએ! નેપોલીયન! જો આ સિદ્ધાન્તમાં ત્હને વિશ્વાસ ન હોય, તો જોડે પેલો ત્હારાથી દશ ડગલાં દૂર ઉભેલો કોણ ત્હને બોલાવે છે!- તે ત્હારોજ એક જુનો પરિચિત મિત્ર છે!

જે વખતે નેપોલીયને પોતાના શરીરને નદીમાં નાંખીને ઝંપાપાત કરવાનો વિચાર કર્યો, તેજ વખતે ત્હેનો એક મિત્ર ત્હેનાથી થોડે દૂર ઉભો ઉભો ત્હેની આ દશા નિહાળતો હતો. નેપોલીયનની આંખ પ્રથમ તો ત્હેના તરફ ગઇ નહિ. પરન્તુ પાછળથી જ્યાં ત્હેણે ત્હેને જોયો કે તરતજ તે પોતાના માનસિક ભાવોને દબાવીને પોતાના મિત્ર પ્રતિ પહોચ્યો. ત્હેના મિત્રે ત્હેને કહ્યું કે "નેપોલીયન! ત્હેમને જોઇને હું બહુજ ખુશી થયો છું." આટલું કહીને તે જવા લાગ્યો, પરન્તુ ફરી અકસ્માત રોકાઇને ત્હેણે કહ્યું કે "આ શું? ત્હમારી આ દશા? ત્હમે મ્હારી વાત નહિ સાંભળો? મ્હને જોઇને ત્હમે પ્રસન્ન ન થયા એનું કારણ શું? ત્હમારી મુખમુદ્રાપરથી એમ માલૂમ પડે છે કે ત્હમે આત્મઘાત કરવા તૈયાર થયા છો. ખરી વાત શું છે?" નેપોલીયનની પાસે આનો બીજો શું ઉત્તર હોઇ શકે? ત્હેણે પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ આપવીતી વાતો અથથી ઇતિ પર્યંત કહી સંભળાવી. ત્હેની વેદનાઓ તથા મુશ્કેલીઓની હકીકત સાંભળીને નેપોલીયનના તે મિત્રે કેટલોક વખત વિચાર કરીને, પોતાની બંગલામાંથી એક થેલી કાઢીને નેપોલીયનના હાથમાં મૂકી કહ્યું કે, "બસ આટલામાંજ ગભરાઈ ગયા? આ થેલીમાં છ હજાર ડાલર છે, ત્હેનો ઘટતો ઉપયોગ કરી ત્હમારી માતાનું કષ્ટ દૂર કરો. આ ધન આપતાં મ્હને કંઇ અડચણ પડવાની નથી." નેપોલીયને અજ્ઞાનમાં તે થેલી પકડી તો લીધી પરન્તુ ઉપર્યુક્ત વાત સાંભળીને ત્હેણે ઉંચી આંખ કરી જોયું તે પહેલાં તો ત્હેનો ઉક્ત ઉદ્ધાર મિત્ર ત્યાંથી પલાયન કરી ગયો હતો! નેપોલીયને પ્રાપ્ત કરેલું તે ધન એકદમ પોતાની માતાની સમીપ માર્સેલ્સ રવાના કરી દીધું, અને તે પોતાના ઉદ્ધાર સહાયકની શોધમાં, કેટલાક રાત્રી દિવસપર્યંત પેરીસની ગલીએ ગલીમાં એક પાગલની માફક રખડયો, પરન્તુ ક્યાંય પણ તે મળ્યો નહિ! કેમ નેપોલીયન! હવે તો ત્હને ઇશ્વરપર વિશ્વાસ છે કે નહિ?

આ આપત્તિથી છૂટતાં જ નેપોલીયનનું દિલ કંઇક હલકુ પડયું. પોતાને સ્હેજ પણ વિશ્રામ મળતાં, ત્હેણે પોતાનું મન ગ્રંથો વાંચવા વિચારવામાં જોડયું. ત્હેના ભાગ્યનું પલ્લું પાછું નીચે નમવા માંડયું! શુભ કર્મોનું ફળ ત્હેને પ્રાપ્ત થવા લાગ્યું આ અધમ દશામાંથી ત્હેની ઉન્નતિ થવા લાગી! એ ઉન્નતિ કેવે પ્રકારે થઇ? એ બતાવવા માટે, ચાલો આપણે પ્રથમ ભાગના તૃતીય પરિચ્છેદ તરફ જરા દૃષ્ટિપાત કરીયે.

ફ્રાન્સની વિચારક સભા નવી શાસનસંસ્થા બનાવી બેઠી હતી. જ્યારે ત્હેણે જોયું કે, પેરીસનગરમાં ૮૦ હજાર મનુષ્યો ત્હેનાપર આક્રમણ કરવાની તૈયારીઓ કરી રહ્યાં છે, તે વખતે વિચારકસભાએ ગભરાઇ જઇને પેરીસની સેનાના અધ્યક્ષ બારાને પોતાની રક્ષા માટે યત્ન કરવા કહ્યું. બારાએ પ્રથમ તો તે કાર્ય માટે પોતાની અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ જણાવી, પરન્તુ પાછળથી ત્હેણે એક નવયુવકને શોધી કાઢયો કે જે વિચારક સભાની રક્ષાને માટે બધી રીતે યોગ્ય હતો. વિચારક સભાના પ્રધાને, તે ઉપરથી ઉક્ત નવયુવકને પોતાની પાસે બોલાવી લાવવાની આજ્ઞા કરી. જે કાર્ય ઝાઝા જેવો અનુભવી યોધ્ધો નથી કરી શકતો, તે કાર્ય પોતે કરવાનું જોખમ માથે લેનાર આ કોઇ મહાન્ લાંબો પહોળો રાક્ષસી કદનો નવયુવાન હશે એવી ધારણાથી વિચારક સભા ત્હેના માર્ગની પ્રતિક્ષા કરી રહી હતી ! પરન્તુ જ્યારે ત્હેણે એક પાતળા શરીરવાળા કમજોર જેવા યુવકને દ્વારમાં પેસી પ્રણામ કરતાં જોયો, ત્યારે સર્વના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ઉક્ત હાજર થએલા યુવકનું શરીર કૃશ થએલું, ત્હેના મ્હોંનો રંગ કંઇક શામળો અને પીળો, તથા ગાલમાં ખાડા પડી ગયેલા હતા ! હાથ પાતળા તથા બહુજ નરમ હતા, પરન્તુ ત્હેનું માથું શરીરના પ્રમાણમાં બહુજ મ્હોટું, તથા આંખો તેજ અને ઓજસના ભંડારરૂપ હતી. પ્રણામ કરી સભા સમક્ષ ઉભા રહેતાં ઉક્ત નવયુવકને પ્રધાને પૂછ્યું " શું ત્હમે વિચારક સભાની રક્ષાનો ભાર પોતાને માથે લેવાને તૈયાર છો ? જવાબ મળ્યો " જી હા ! " સભાપતિએ ફરી પૂછ્યું " ત્હમે જાણો છો કે ત્હમે કેવી ભયંકર જવાબદારીનું કામ માથે લીધું છે ? " નેપોલીયને બહુજ ગંભીરતાથી દઢતા અને શાન્તિપૂર્વક જવાબ આપ્યો કે બહુજ સારી રીતે. જે કાર્ય કરવાની મ્હારામાં શક્તિ ન હોય તે કાર્ય મ્હારે માથે લેવાની મ્હને બીલકુલ ટેવ નથી. પરન્તુ એક ખાસ જરૂરની વાત એ કહેવાની છે કે સમસ્ત સભાએ મ્હારૂં કહ્યું માનવું પડશે " આ વાકયોમાં એવી કંઇક દઢતા ભરેલી હતી કે, નેપોલીયનની કોમળ તથા બાલવયને જોયા જાણ્યા છતાં પણ પોતાના રક્ષણનો ભાર ત્હેના પરજ નાંખવાનું સર્વેને ઉચિત લાગ્યું. સભાની સંમતિ મળતાંની સાથે, તુરતજ પોતાના સ્વાભાવિક ચાતુર્ય તથા ઉત્સાહથી, નેપોલીયન પોતાની ઉક્ત વ્યવસ્થાના કાર્યમાં પ્રવૃત્ત થયો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી રાત ત્હેણે આ પ્રકારે પોતાનું કાર્ય કર્યા કર્યું. પ્રાતઃકાલમાં પેરીસના લોકો હલ્લો કરવાના હતા, તે પહેલાંજ નેપોલીયને વિચારક સભાના મંદિરની ચારે તરફ પોતાના થોડા ઘણા યોદ્ધાઓ શસ્ત્રાસ્ત્રો સાથે ત્હેના રક્ષણ માટે મૂકી દીધા. જેટલા રસ્તા તથા પુલ હતા, ત્હેની સ્હામે ત્હેણે બરોબર તોપો ગોઠવી દીધી ! સભાના પ્રત્યેક સભાસદોને પણ એક એક બંદુક તથા કેટલીક ગોળીઓ ત્હેણે વ્હેંચી આપી.

પ્રાતઃકાલ થતાંજ પેરીસના સમસ્ત લોકો આવેશવશ થઇ એકઠા થયા. ભયંકર યુદ્ધનાં ભેરી વાજાં વાગવા માંડયાં; અને જોતજોતામાં એંશી હજાર મનુષ્યોનો મ્હોટો સમુહ સમુદ્રની માફક વિચારકસભાના ભુવન ઉપર હલ્લો કરવાને ચાલ્યો. હુલ્લડખોરોની ખાત્રી હતી કે, સભાની સેના અમારા ઉપર કદી શસ્ત્ર પ્રહાર કરશે નહિ. અત્યાર અગાઉ અનેક વખત પેરીસનો જનસમુહ રાષ્ટ્રિય પરિષદ્‌ને ધમકાવી દબાવી ચુકયો હતો. તેઓ એમજ જાણતા હતા કે અત્યારે પણ એજ મામલો છે. પરન્તુ ત્હેમને એ ખબર ન્હોતી કે " હવે ફ્રાન્સના આકાશ મંડળમાં એક નવીન તારાનો ઉદય થયો છે; ફ્રાન્સમાં એક એવા નવિન જાદુગરનું આગમન થયું છે કે જે સમસ્ત સેનાપર વશીકરણ કરીને ત્હેની પાસે ચાહશે તે કરાવશે. " હર્ષમાં મત બનેલો જનસમુહ સભાભૂવનની સમીપ જઇ પહોંચ્યો. સ્હામે જોયું તો વિચારક સભાની સેના સજ્જ થઇને ઉભી છે. બળવાખોરોએ જાણ્યું કે તે હવે ન્હાશી જશે. પરન્તુ જેના કાનમાં નેપોલીયને ફુંક મારી છે. ત્હેની વશીભૂત સેના એક ઇંચ પણ ડગી નહિ. જનસમૂહે ત્હેનાપર બન્દૂકોના બાર શરૂ કર્યા; નેપોલીયનને એટલુંજ જોઇતું હતું. તે પ્રથમ ઘા કદાપિ કરતો ન્હોતો. રક્ષણ માટેજ શસ્ત્રો ઉઠાવવાં એ ત્હેનો પ્રધાન ઉદ્દેશ હતો, શત્રુઓએ પ્હેલ કરી અને નેપોલીયને ત્હેનો ઘટતો જવાબ વાળ્યો. સમસ્ત તોપખાનાનાં મ્હોં એકદમ ખુલ્લાં કર્યાં. તોપો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની સ્હામે શત્રુઓનું શું ગજું હતું ? ચાર પાંચ મીનીટમાંજ રણ-ભૂમિમાંથી ત્હેના પગ પાછા પડયા અને ત્હેમણે ન્હાસવા માંડયું ! નેપોલીયનના સીપાઇઓ ભાલા બરછી ચઢાવીને ત્હેમની પૂઠે પડયા. કલાકો સુધી શત્રુઓનો કેડો લઇને ત્હેમણે ત્હેમને બીલકુલ વિખેરી નાખ્યા, અને વિચારકસભાનું રક્ષણ થઇ ગયું. એ રીતે નેપોલીયનનો વિજય અને કીર્તિધ્વજ તેજ સમયથી આકાશ મંડલમાં જોરથી ફરકવા લાગ્યો !

નેપોલીયનની શારીરિક કૃશતાના સંબંધમાં, એક મનોરંજકકથા પ્રસિદ્ધ છે. વિચારકસભાની રક્ષા કર્યા પછી, નેપોલીયન જ્યારે પોતાની સેનાના કેટલાક સીપાઇઓ સાથે પેરીસની ગલીયેગલીમાં ઘુમી રહ્યો હતો, ત્યારે એક સ્થળે ઘણા લોકો એકઠા થયા હતા. એમાંથી એક મ્હોટી રૂષ્ટપુષ્ટ સ્ત્રી સીપાઇઓને જોઇને બોલી કે, " આ સીપાઇઓને અમારી દીન દશાની શું પડી છે ? ત્હેમનાં મ્હોટાં પેટ ભરાયાં એટલે ત્હેમને અમારી શું પરવા હતી?" નેપોલિયન આ સાંભળીને ઝટ તે સ્ત્રીની સન્મુખ આવ્યો અને કહ્યું કે, " હે કુલિન મહિલા ! તું મ્હારી તરફ જો, અને પછી કહે કે આપણાં બેમાંથી કોણ વધારે કૃશ છે ?" તે સ્થૂલ શરીરવાળી સ્ત્રી આ જવાબથી તુરતજ શરમાઈ ગઈ, અને અસંતુષ્ટ જનસમૂહ પણ ત્યાંથી હસતો હસતો વેરાઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુર્થ પરિચ્છેદ.

अणुरपि मणिः प्राणत्राणक्षमो विषभक्षिणां-प्रकृति महतां जात्यं तेजो न मूर्तिमपेक्षते ।

ન્હાની સરખી મણિ પણ, વિષના પ્રભાવને દૂર કરવાનું પુરતું સામર્થ્ય ધરાવે છે; સ્વભાવથીજ જે તેજસ્વી છે ત્હેની પ્રતિભાનો આધાર ત્હેના ન્હાના મ્હોટા શરીરપર હોતો નથી.

ઇટાલીમાં પ્રથમ વિજય.

લોદીનું યુદ્ધ.

વિચારક સભાની રક્ષાએ, નેપોલીયન બોનાપાર્ટનું નામ, ચારે દિશામાં પ્રસિદ્ધ કર્યું. હરેક ફ્રાન્સ નિવાસી પૂછવા લાગ્યા કે, " આ નવીન મનુષ્ય કોણ કે જેણે પેરીસની સ્વચ્છંદી પ્રજાને વશીભૂત કરી ! ગંભીર વિચાર કરનારને આ વખતે એજ પ્રતીત થતું હતું કે, નેપોલીયનની આ દશા અત્યંત આશ્ચર્યજનક હતી. અત્યારે ત્હેનું વય કેવળ ૨૬ વર્ષનુંજ હતું ! આ વયમાં સાધારણ મનુષ્ય તો પોતાના વિદ્યાભ્યાસનું કાર્ય પણ પૂર્ણ કરી શકતો નથી. અધ્યાપકોની સમક્ષ આ વયે તો હજુ તે થરથરતો થરથરતો પોતાનું લેસન આપતો હોય છે. એ અવસ્થામાં નેપોલીયને પોતાની સેનામાં ઉંચું પદ પ્રાપ્ત કર્યું એટલુંજ નહિ, પરન્તુ પોતાની યુવાવસ્થાની પુરેપુરી શરૂઆત કરતા પૂર્વે તો ત્હેણે દિગન્ત વ્યાપી અલભ્ય કીર્ત્તિ જોતજોતામાં પ્રાપ્ત કરી !

વિચારકસભાએ બનાવેલી નવીન શાસનસંસ્થા સ્થાપિત થતાં ત્હેણે પોતાના પાંચ નેતાઓં (ડાયરેક્ટરો) કાર્યવાહકો નિયત કર્યા. ઉક્ત ડાયરેક્ટરોએ બે સભાઓની સહાયતાથી લોકશાસનનું કાર્ય શરૂ કર્યું. રાજ્યની લગામ હાથમાં લેતાંજ ઉક્ત પ્રધાન નેતાઓને માલૂમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયું કે ત્હેમનો દેશ ભયંકર સંકટમાંથી પસાર થાય છે. શત્રુઓએ દેશને ચારે તરફથી ઘેરી રાખ્યો છે. ખાસ કરીને ઇટાલી તથા ઓસ્ટ્રીયાની સેનાઓ, પોતપોતાનો કિલ્લો બાંધીને પડી હતી. ત્હેમને હઠાવવાને જે ફ્રેંચ સેના મોકલવામાં આવી હતી, તે સર્વથા નિર્બળ પડી ગઈ હતી. શત્રુઓ આગળ વધતાજ જતા હતા, પરન્તુ ત્હેમને રોકવા વાળું કોઇ નહોતું. પ્રધાનમંડળને કોઇ વીરસહાયકની જરૂર જણાઇ, પરન્તુ ચારે તરફ નજર કરતાં ત્હેમને બાલસૂર્ય નેપોલીયન સિવાય અન્ય કોઇ યોગ્ય જણાયો નહિં. તરતજ નેપોલીયનને ઇટાલીની સેનાનો અધ્યક્ષ બનાવવામાં આવ્યો. ૨૬ વર્ષનો નવયુવક, જેના મ્હોંપર હજુ પુરી મુછ પણ ઉગી નથી, ત્હેને મ્હોટા મ્હોટા અનુભવી સેનાપતિઓના અધ્યક્ષ તરીકે કામ કરવા રવાના કર્યો. નેપોલીયનની આ યાત્રાની સાથેજ ત્હેની વિજયમાળાનો આરમ્ભ થયો, અને ત્યારથી બરોબર વીશ વર્ષ પર્યન્ત આખુ યુરોપ તે એક મનુષ્ય સાથે, આશ્ચર્યચકિત થઇને ઘોર સંગ્રામ કરતુંજ રહ્યું અને તેમાં નેપોલિયન સર્વદા આગળજ વધતો ગયો !

એક બાળકને સમસ્ત સેનાનો અધ્યક્ષ થતો જોઇને એક વૃદ્ધ સેનાપતિએ ત્હેને કહ્યું કે, " ત્હમે હજુ બહુ બાળક છો. નેપોલીયને જવાબ દીધો કે, " જનાબ ! આપ એક વર્ષ પછી યાતો મ્હને વૃદ્ધ કહેશો, અથવા તો આ સંસારમાંથી વિદાય થયેલો જોશો. " ઉક્ત વૃદ્ધ સેનાપતિ તે વખતે તો નેપોલીયનના આ વાકયનો અર્થ સ્હમજી શક્યો નહિ, પરન્તુ એક વર્ષ પછી તે વૃદ્ધ તો શું પરન્તુ સમસ્ત દુનિયાના વૃદ્ધો એ વાકયનો હેતુ સારી રીતે સ્હમજી ગયા. પ્રથમ તો સેનાના વૃદ્ધ સીપાઇઓ નેપોલીયન જેવા બાળકને પોતાનો ઉપરી જોઇને બહુજ કચવાયા. વૃદ્ધ સેનાપતિ ઔગીરિયો, જેણે અનેક રીપબ્લીકન યુધ્ધોમાં શત્રુઓને પોતાની તરવારનો સ્વાદ સારી રીતે ચખાડયો હતો, તેણે શરૂઆતમાં બહુ શોર મચાવી મૂક્યો. પરન્તુ થોડાજ દિવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમાં તે ઠંડો પડી ગયો. નેપોલીયને સેનામાં પ્રવેશ કરતાંની સાથેજ પોતાની યોજના પ્રમાણે કામ કરવાનું શરૂ કર્યું, ત્યારે એક વૃદ્ધ સેનાપતિ ત્હેની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, "સેનાપતિજી! આપ જો કે અમ્હારા સ્વામી છો તથાપિ હું એટલું જણાવવું જરૂરનું જોઉં છું કે, ત્હમે યુદ્ધની કળાની વિરૂદ્ધ કામ કરી રહ્યા છો. શત્રુઓ પર વિજય મેળવવાની આ રીત નથી. નેપોલીયને જવાબ દીધો કે, "મહાશયજી! જરા ધિરજ રાખો, થોડાજ સમયમાં આપ જોશો કે ઓસ્ટ્રીયન લોકો પોતાનાં યુદ્ધકળાનાં પુસ્તકોને અગ્નિમાં પધરાવશે, અને હવે શું કરવું ત્હેની ત્હેમને ખબર પણ નહિ રહે."

વાસ્તવિક બાબત એ હતી કે નેપોલીયનની યુદ્ધ કળા જુદાજ પ્રકારની હતી. જુની યુદ્ધકળાને તે જરીપુરાણી સ્હમઝતો હતો. તીવ્રગતિ, પ્રચંડ પ્રહાર, અને અદ્વિતીય દઢતાનેજ તે વિજયનું મુખ્ય કારણ માનતો હતો. જુની પદ્ધતિની યુદ્ધકળા પર ત્હેને વિશ્વાસ નહોતો; યુદ્ધમાં જ્યારે નેપોલીયને પોતાના તીવ્રવેગથી, ઓસ્ટ્રેલીયાના વૃદ્ધમાં વૃદ્ધ સેનાપતિઓના નાકમાં દમ લાવી મુક્યો, અને થોડાજ દિવસોમાં ત્હેમના છક્કા છોડાવી દીધા, ત્યારે એક ઓસ્ટ્રીયન સેનાપતિ કહેવા લાગ્યો કે, "આ છોકરો યુદ્ધવિદ્યાના કંઇ નિયમો જાણતો નથી, તે ઉક્ત નિયમોનો એવો તો ભંગ કરે છે કે તે માટે ખેદ થયા વિના રહેતો નથી. આજે સ્હવારે તે અમારી સન્મુખ હોય છે, તો સ્હાંજે તે વળી કંઇક પાછળથીજ છાપો મારી જાય છે. કાલે જુઓ તો તે અમારી જમણી બાજુએ હોય છે, અને પરમ દિવસે વળી પાછો તે સ્હામે આવીને ઉભો રહે છે! ખરેખર યુદ્ધ વિદ્યાના નિયમોનો આવો ભંગ અક્ષમ્ય છે." સમયસૂચકતા તથા શત્રુઓનું બળ જાણીને લઢવાની નેપોલીયનની નવીન પદ્ધતિએજ ત્હેને હરવખતે વિજય અપાવ્યો.

સેનાપતિ બનતાંજ કંઇપણ સમય ખોયા વિના નેપોલીયન પોતાની સેનામાં જઇ મળ્યો. ફ્રાન્સની સમસ્ત સેના જે ઇટાલીમાં વિદ્યમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી તેની સંખ્યા ૩૬૦૦૦ ની હતી. તહેની સ્હામે પીડમાઉન્ટનું ૨૦૦૦૦ સીપાઇઓનું લશ્કર કોલીના ઉપરીપણા નીચે, તથા ઓસ્ટ્રીયાનું ૩૮૦૦૦ નું લશ્કર વ્યુલીયોની સરદારી હેઠળ જમા થયું હતું. નેપોલીયને જ્યારે પોતાના લશ્કરની દશા નિહાળી ત્યારે તહેણે જોયું કે લશ્કરના સીપાઇઓ લગભગ પાયમાલ થઇ ગયા છે. સર્વેનાં બુટ તુટી ગયા છે, કપડાં ફાટી ગયાં છે, હથીયારો ખરાબ દશામાં છે, એકંદરે લશ્કરની દશા કંપારી વછુટે એવી હતી! આવી સ્થિતિવાળા સૈન્યથી નેપોલીયન સમસ્ત યુરોપની ઉત્તમમાં ઉત્તમ સેનાઓને જીતવા ચાહતો હતો. સેનામાં દાખલ થતાંની સાથેજ નેપોલીયને પોતાના સૈનિકો પ્રતિ એક દંડેરો પ્રકટ કરાવ્યો; જેમાં જણાવવામાં આવ્યું હતું કે, "મ્હારા પ્રિય સીપાઇઓ! તહમે ભૂખ્યા તથા કપડાં વગરના છો, સરકાર તહમારી હરેક રીતે રૂણી છે, છતાં તે આ સ્થિતિમાં તહમને કંઇ આપી શકતી નથી. આટલાં દુઃખોમાં તહમારૂં ધૈર્ય તથા ઉત્સાહ બહુજ પ્રસંશાપાત્ર છે, પરન્તુ એથી તહમારાં શસ્ત્રોની કીર્ત્તિ વધે એમ નથી. હું તહમને તે સ્થાન ઉપર લઇ જવા ઇચ્છું છું કે જેના જેવું ધનધાન્યયુકત સ્થાન સંસારમાં બીજું કોઇ નથી. ઉક્ત ધનિક પ્રાન્ત તથા તહેનાં માલદાર નગરો થોડાજ સમયમાં તહમારે શરણે આવશે. ત્યાં તહમને પુષ્કળ અનાજ, માનપાન તથા પ્રતિષ્ઠા મળશે. હે ફ્રાન્સના વીર સૈનિકો! શું તહમે આ અવસરમાં પાછળ રહી જશો?" આ ઘોષણાપત્રની અસર સૈનિકો ઉપર ઘણી સારી પડી. તહેમનામાં એથી એકદમ ક્રિયાત્મક શક્તિ દાખલ થઇ અને સમસ્ત કેમ્પ શૌર્યાગ્નિથી પ્રજ્વલિત થઇ રહ્યો.

નેપોલીયને યુદ્ધમાં પ્રવેશ કરવા પૂર્વે, પોતાના શત્રુઓની સ્થિતિ પર પુરતો વિચાર કર્યો. કોલીનો ઉદ્દેશ પીડમાઉન્ટનું રક્ષણ કરવાનો તથા વ્યૂલીયોનો ઉદ્દેશ લમ્બાર્ડીને બચાવવાનો હતો. નેપોલીયને આથી એવો નિશ્ચય કર્યો કે, એ બંન્ને સેનાઓને પરસ્પર મળવાજ દેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ, અને એવી રીતે મારી હઠાવી અત્રગ કરી નાંખવી. એ વિચાર મુજબ તેણે બન્ને સેનાઓની વચમાં ભંગાણ પાડવાનું શરૂ કર્યું બન્ને પર પૃથક પૃથક મારો ચલાવીને આઉન્ટિનોટપર તેણે પહેલી વાર ઓસ્ટ્રીયાની સેનાને પરાજીત કરી અને પશ્ચાત્ કોલીને મિલ્લેસિમોપર સખ્ત હાર ખવરાવી. આઉન્ટિનોટ એ નેપોલીયનનું પહેમાં પહેલું મહાન યુદ્ધ હતું. તે પાછળથી ઘણી વખત કહ્યાં કરતો હતો કે, "આઉન્ટિનોટમાં મ્હને પહેલવ્હેલું જનસમાજમાં ઉચ્ચપદ પ્રાપ્ત થયું," એ પછી સમય ખોયા વગર તેણે એકદમ ઓસ્ટ્રીયાની પૂઠ પકડી; અને તે પોતાને યુદ્ધમાં પહોંચેલી હાનિ ધોઇ શકે તે પૂર્વે તો નેપોલીયને તેના નેતા ડીગો પર એકાએક આક્રમણ કર્યું. ઑસ્ટ્રિયાને બરોબર ઠેકાણે લાવીને તે બહુજ ત્વરાથી પીડમાઉન્ટની સેનાની પાછળ પડયો, અને કેવા તથા આઉન્ડાવી પર તેણે અંતિમ પરાજય કર્યો. પીડમાઉન્ટના રાજાએ પરાજય પામ્યા પછી નેપોલીયનને યુદ્ધ બંધ કરી સલાહ કરવાનું કહેણ મોકલ્યું જેથી નેપોલીયન હવે માત્ર ઓસ્ટ્રીયાની સેનાનેજ ઠેકાણે લાવવાના કામ પાછળ લાગ્યો.

આ યુદ્ધમાં એકવાર નેપોલીયન એવો ફશી ગયો હતો કે, તેણે જો પોતાની અદભુત શકિતનો ઉપયોગ તે વખતે ન કર્યો હોત તો તે ભાગ્યેજ બચી શકત. એક દિવસે અનુમાન સો એક સીપાઇઓ સાથે તે લોનેટી નામના ગામમાંથી પસાર થતો હતો. અકસ્માત તે ગામ ઑસ્ટ્રિયાના બે હજાર યોદ્ધાઓથી ઘેરાઇ ગયું. ઓસ્ટ્રિયન સેનાપતિએ, પોતાનો દુત મોકલી નેપોલીયનને કહેવરાવ્યું કે "તેણે એકદમ શસ્ત્ર મૂકી અમારે શરણ થવું" ઉક્ત દૂત નેપોલીયનની પાસે આંખો બાંધીને લાવવામાં આવ્યો. તેની આંખો ખોલી તો તેણે પોતાની સ્હામે નેપોલીયનને ઉભેલો જોયો. નેપોલીયને ગર્જના કરીને કહ્યું કે, "તું જઇને તારા સેનાપતિને કહે કે, "હું તેને આઠ મીનીટની મહેતલ આપું છું તેટલા વખતમાં તેણે પોતાના સમસ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હથીયાર મૂકી દેવાં, કારણ કે તે પોતેજ ફ્રેન્ચ સેનાની વચ્ચે ઘેરાઇ ગયો છે! હવે હ્રેણે પોતાના બચાવની આશા છોડી દેવી." ફક્ત આ શબ્દ સાંભળતાની સાથેજ કાંપતો કાંપતો દૂત પોતાના સેનાપતિ પાસે આવ્યો, અને હ્રેણે નેપોલીયનને કહેલો સંદેશો સંભળાવ્યો જેથી આઠજ મીનીટમાં ૨૦૦૦ ઓસ્ટ્રિયન સીપાઇઓએ પોતાનાં હથીયાર છોડી દીધાં, અને તેઓ નેપોલીયનના કેદી બની ગયા!

નેપોલીયનનો એક સેનાપતિ પણ નેપોલીયનની માફક એવાજ સંકટમાં આવી પડયો હતો, જેનું નામ લેનસ હતું. લેનસ એક મહાન યોદ્ધો હતો. એક વખત તે કેવળ બેજ ઓફીસરો તથા દશબાર સીપાઇઓ સાથે અમુક સ્થળે જતો હતો, એટલામાં રોમના ૩૦૦ ઘોડેસ્વારો હ્રેના પર પ્રહાર કરવાને આવી પહોચ્યા. લેનસ તુરત આગળ વધ્યો, અને ઘોડેસ્વારોના સેનાપતિને હ્રેણે ધમકાવીને કહ્યું કે, "કેમ અહીંયાં શું કરી રહ્યા છો? હ્રમારી તલવારો મ્યાનમાં નાંખવી છે કે નહિ? બિચારો રોમન સેનાપતિ તો એકદમ ડરીજ ગયો. હ્રેણે કહ્યું "બહુ સારૂં" લેનસે ફરી જરા દમ આપીને કહ્યું કે, "હ્રમે એકદમ હ્રમારા લોકોને કહી દો કે, તેઓ સર્વે ઘોડાપરથી ઉતરી જાય, અને તે ઘોડાઓને મ્હારા રહેઠાણમાં મૂકી આવે." રોમના સેનાપતિએ તરતજ ઉક્ત આજ્ઞાનું પાલન કર્યું, અને ૩૦૦ ઘોડાઓ ઉપર જણાવેલે સ્થળે પહોચાડી દીધા!

નેપોલીયન હજુ નવયુવક હતો. હ્રેના હાથ નીચે અનેક વૃદ્ધ સેનાપતિઓ હતા. હ્રેમની પાસે પોતાનો હુકમ પળાવવા માટે તે પોતે પણ સૌની સાથે નિયમિત તથા યથાયોગ્ય વ્યવહાર રાખતો હતો. આથી નેપોલીયનને આ સમયમાં વાસ્તવિક રીતે લગભગ મુનિવ્રત ધારણ કરીને કામ કરવું પડતું હતું. મદ્યપાન કરવું, રાગરંગમાં પડવું, એ વિગેરે સર્વ સોપાઇઓનો જે સાધારણ ગુણ હોય છે તેથી નેપોલીયન સેંકડો ગાઉ દૂર રહેતો. હાંસી ઠઠ્ઠા અથવા ખેલ તમાશાઓમાં તે કદીપણ સામીલ થતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતો. તે કદાપિ પણ ખડખડ હસતો નહિ. ઘણા વિવેચકો એમ જણાવેછે કે, નેપોલીયન કદી પ્રકટપણે હસી શકતોજ નહોતો. પોતાના જીવનમાં તે એવી રીતે કદી હસ્યો હોય એમ સાંભળ્યું નથી. બહુ તો તે કેવળ પોતાનું મ્હોં મલકાવતો હતો, પરન્તુ તેનું મ્હોં મલકાવવું પણ આકર્ષણ શક્તિથી ભરેલું હતું, એ મલકાટમાં પણ પત્થરમાં પત્થર જેવાં હૃદયને પણ વશ કરી લેવાની શક્તિ હતી. મહાન પુરૂષોનું સ્મિત પણ લોહચુંબકની શક્તિ ધરાવે છે. અટ્ટહાસ્યના પ્રસંગ સિવાય નેપોલીયનનું મ્હોં સર્વદા બંધ રહેતું—તેના હોઠ બીડેલાજ રહેતા; એ હોઠને જોતાંજ માલૂમ પડતું હતું કે, તેનું મ્હોં આજ્ઞા કરવા માટેજ સરજાયલું છે, હસવા માટે અથવા મિથ્યા બકવાદ માટે નહિ. નેપોલીયનનાં નેત્રોમાં એ વસ્તુઓનો વાસ હતો—આકર્ષણ શક્તિ વા મૃત્યુ નેપોલીયનની આંખોમાંથી કેવો ભયંકર ભય નિકળતો હતો ! તેનું એકજ ઉદાહરણ પ્રસિદ્ધ છે; તેના ન્હાનાભાઇ લ્યૂશીયનનો એક ચિત્રકાર મિત્ર, લ્યૂશીયનની સાથે વારંવાર ઠઠ્ઠા મસ્કરી કરતો હતો. તે એકવાર લ્યૂશીયનને મળવા આવ્યો, તે વખતે લ્યૂશીયન નેપોલીયનની સાથે વાતચીત કરી રહ્યો હતો. આ વાતપર તેના મિત્રનું ધ્યાન ન હોવાથી, તે એ ઓરડામાં ચુપચુપ દાખલ થયો, અને છાનોમાનો લ્યૂશીયનની ડોકને વળગી પડવા ધસ્યો, પરન્તુ પાછળથી નજર ફેરવીને જોતાં તરતજ તેને નેપોલીયનની તેજસ્વી આંખો બરોબર તેના સ્હામે માલૂમ પડી. ઉક્ત ભયાનક આંખોમાં તે વખતે કોણ જાણે શું એ ભર્યું હતું કે તે ચિત્રકાર તેને જોતાંજ ત્યાંથી નાઠો તે બાગમાં આવીનેજ ઉભો રહ્યો. આ સ્થળે ઉભો રહેતાં પણ તેનો ભય ઓછો થયો નહિ, બાગમાંથી તે શહેરમાં પહોચ્યો, અને શહેરમાંથી એક જંગલમાં જઇ ભરાયો, અને તે પછી ઘણા દિવસ સુધી તેણે લ્યૂશીયનને પોતાનું મ્હોં બતાવ્યું નહિ.

વિષયાન્તરને મૂકીને હવે આપણે નેપોલીયનની વિજયમાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ વળીયે. પીડમાઉન્ટની સેના સાથે નેપોલીયનનું યુદ્ધ ચાલતું રહ્યું ત્યાં સુધીમાં ઑસ્ટ્રીયન સેના પાછી જોશમાં આવી ગઇ પહેલાં ત્હેનો ઉપરી બ્યુલીયો નામનો સેનાપતિ હતો, ત્હેને સ્થાને હવે વર્મ્સર નામના એક વૃદ્ધ સેનાપતિને નિયત કરવામાં આવ્યો. વર્મ્સરે ભારે દૃઢતાથી યુદ્ધની શરૂઆત કરી: સૌથી પ્રથમ નેપોલીયન એક ચક્કર લઇને લાકડાના પુલ પર થઇને પો નદી ઉતરીને, વર્મ્સર જ્યાં પોતાની સેના સાથે પડેલો હતો ત્યાં આવી પહોચ્યો. વર્મ્સર વૃદ્ધ હતો જ્યારે નેપોલીયન યુવાન હતો; અને તે નેપોલીયનની ગતિને પહોચી શકે એમ ન્હોતું. નેપોલીયનની સેના એક રાતમાં ત્રીશ ત્રીશ માઇલનો રસ્તો સર કરતી હતી. એવી રીતે નેપોલીયનની સેના ઑસ્ટ્રીયાની સેનાની સમીપ આવી પહોચી. ઑસ્ટ્રીયાની છિન્ન ભિન્ન સેના આગળ રહી, અને નેપોલીયન તેમની પૂઠે પડયો. અન્તમાં ઓસ્ટ્રીયન સેના લોદી નામના ગામમાં પહોચી; પણ ત્યાંથી પણ નેપોલીયને ત્હેને નસાડી. લોદી ગામ એડા નદીના કિનારાપર હોઇ, ઓસ્ટ્રીયન સેનાએ એક સાંકડા લાકડાના પુલપરથી એડા નદી પસાર કરી, સ્હામે તીરે આવેલા એક ઉંચા કિલ્લામાં પોતાનો અડ્ડો જમાવ્યો. ઉક્ત કિલ્લો એવી જગાએ આવેલો હતો કે,ત્હેનાપરથી તોપનો સીધો મારો પુલપર પડતો હતો. એથી ઓસ્ટ્રીયન સેનાપતિએ તે પુલને તોડી નાખવાની જરૂર જોઇ નહિ. ત્હેણે તો ઉલટું એ ધાર્યું કે, " જો નેપોલીયન તે પુલ ઉપરથી પાર પડવાની ચેષ્ટા કરશે તો, પછી ત્હેનું મૃત્યુ સર્જાયલુંજ સ્હમઝવું. એ પુલપરથી બે ત્રણ આદમીઓ પણ એકસાથે નિકળી શકે એમ ન્હોતું, અને તે ઉપર વળી તોપોના મારા ! 'એમાંથી કોઇ પણ મનુષ્ય શી રીતે બચી શકશે ?' એમ સ્હમજીને એ પુલ એમને એમ રહેવા દેવામાં આવ્યો હતો.

નેપોલીયને પોતાના લશ્કરને લોદી ગામમાં સ્થિત કર્યું, અને 'હવે શું કરવું ?' એ પ્રશ્નપર વિચાર કરવા માંડયો અન્ય સેનાપતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓની પણ ત્હેણે ઉક્ત કાર્યમાં સમ્મતિ લીધી. સર્વેએ એજ અભિપ્રાય આપ્યો કે "આ પુલ ઉતરવાની કોશિશ કરવી એનો અર્થ એજ કે, પોતાની મેળે પોતાના પ્રાણો વેચવાનો પ્રયત્ન કરવો." પરન્તુ નેપોલીયનને કોઈની સલાહ પસંદ પડી નહિ; ત્હેણે એજ પુલપરથી પાર ઉતરવાનો નિશ્ચય કર્યો. એક સેનાપતિ નેપોલીયનના આ વિચારો સાંભળીને ઘુમ પાડી ઉઠયો કે, "તોપોના આવા સખત મારાના વરસાદમાંથી કોઇ પણ મનુષ્ય આ પુલપરથી સહીસલામત ઉતરી શકે એ અસંભવ છે." નેપોલીયને શાન્તિપૂર્વક જવાબ આપ્યો કે, 'શું કહ્યું ? અસંભવ છે !' આખી ફ્રેન્ચ ભાષામાં હું 'અસંભવ' શબ્દ શીખ્યોજ નથી. વાત એ હતી કે, નેપોલીયન કોઇના અભિપ્રાયની કદી પરવા કરતો નહોતો. એકવાર નેપોલીયનના અસાધારણ વિજયથી ગભરાઇને ફ્રાન્સના પ્રધાનમંડળે ત્હેની સાથે રહેવા માટે એક બીજો સેનાપતિ ઇટાલી મોકલવાનો વિચાર કર્યો. નેપોલીયને ત્હેના જવાબમાં પોતાનું રાજીનામું મોકલી આપ્યું, અને ત્હેની સાથે એ પણ લખી જણાવ્યું કે, રણક્ષેત્રમાં એકજ અગ્રજ કામ કરી શકે છે-બે નહિ. નેપોલીયને ઉક્ત પુલની આ તરફ પોતાની તોપોની એક હાર એવી રીતે ગોઠવી દીધી કે, શત્રુઓનાં મનુષ્યો ઉક્ત પુલને ઉખાડી શકે નહિ. પછી પુલની પાસેજ એક બજારની અંદર પોતાની સમસ્ત સેના સજ્જ કરી. રણનાં વાદ્ય વાગવાં શરૂ થયાં, અને સર્વને કૂચ કરવાની આજ્ઞા કરી. જરા ચક્કર લઇને ફ્રેન્ચ સેનાના વીર યોદ્ધાઓએ પુલપર ચઢવાનું શરૂ કર્યું. શત્રુઓ તરફના તોપોના ભયંકર નાદ તુરતજ સંભળાવા લાગ્યા અને ગોળીઓની વર્ષા વરસી રહી ! ફ્રેંચ સેનાનો ન્હાનો અગ્રભાગ ગોળીઓથી વિંધાઇ ગયો, અને પાછળના સીપાઇઓ મૃત પામેલા વીર પુરૂષોની લાશોપરથી આગળ વધવા લાગ્યા ! તોપના ગોળાઓની બીજી વૃષ્ટિ શરૂ થઇ. આગળનો વધુ એક ભાગ મરણ શરણ થઇ ગયો. સરિતા પણ રક્તથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલ થઇ ગઇ અને ચોમેર ભયાનક દૃશ્ય માલૂમ પડવા માંડયું ! હવે ફ્રાન્સના સૈનિકો કંપવા લાગ્યા અને કંઇક પાછા પડયા–ત્હેમનું આગળ વધવાનું ધૈર્ય ખુટી ગયું. નેપોલીયનથી આ જોઇ શકાયું નહિ. પોતાના હાથમાં એક ઝંડો લઇને ગોળાઓની ઘોર અગ્નિવર્ષામાં ઘોડા ઉપરથી નીચે ઉતરીને ત્હેણે એકદમ ઝંપલાવ્યું ! ચોમેર વરસતા ભીષણ અગ્નિમાં આ એક ન્હાનો સરખો વીર યુવક હાથમાં ઝંડો લઇને એકદમ આગળ વધ્યો ! નેપોલીયનના મ્હોટા મ્હોટા સેનાપતિઓ લૈનસ, મૈસેના તથા બર્દિયર તુરતજ ત્હેની પાછળ ઉતર્યા. તેજ વખતે ફ્રેન્ચ સેનાની તરફ મ્હો કરીને નેપોલીયને કહ્યું કે, 'પોતાના સેનાપતિની પાછળ તો ચાલો !' બસ હવે એક પણ સીપાઇ એવો ન્હોતો કે જે આ વખતે પાછું પગલું ભરે. સમસ્ત ફ્રેન્ચ સેના પોતાના અમાનુષિક સેનાપતિની પાછળ દોડતી દોડતી અગ્નિના સમુદ્રમાં દાખલ થઇ ગઇ ! એ વખતે કોઇ પણ જોવા રહ્યું નહિ કે "કેટલા અને કોણ મર્યા." માત્ર એકજ મીનીટમાં લૈનસ તથા ત્હેની પાછળ પાછળ નેપોલીયન ઉક્ત કષ્ટદાયક પુલ પસાર કરી ગયા; અને એમની સાથે જ ફ્રાન્સની સેનાના વીર સીપાઇઓ પણ ધડાધડ પુલની ઉપરથી જમીન ઉપર કૂદી પડયા ! આ વખતે સેનાપતિ લૈનસે બહુજ અસાધારણ શૌર્ય બતાવ્યું. તે આવેશભર્યો એકાએક ઓસ્ટ્રીયનોના એક સમૂહમાં ઘુસી ગયો. ચારે તરફથી ત્હેનાપર શસ્ત્રપ્રહારો થવા લાગ્યા. ત્હેના ઘોડાને ગોળી લાગી ગઇ, પરન્તુ કંઇ પણ સમય ખોયા વિના તરતજ, લૈનસ પોતાના ઘોડાપરથી કુદી પડી એક ઓસ્ટ્રીયન સ્વારની પાછળ ચઢી બેઠો, અને તલવારથી તે સવારનું માથું ધડથી જુદુ કરી ત્હેણે ત્હેને નીચે ફેંકી દીધો, એટલુંજ નહિ પરન્તુ કંઇએક ઓસ્ટ્રીયન સૈનિકોને એવી રીતે બેજાન કરતો કરતો તે પોતાના લશ્કરમાં નિર્વિઘ્ન પાછો આવી પહોચ્યો.

નેપોલીયન પુલપરથી ઉતરતાંની સાથેજ ઓસ્ટ્રીયન સેનાના પગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરમ થઇ ગયા! કેટલાએ સીપાઇઓને કેદ કરવામાં આવ્યા. યુદ્ધનો ઘણો એક સામાન નેપોલીયનને હાથ આવ્યો; અને એવી રીતે નેપોલીયને આ ઇતિહાસપ્રસિદ્ધ વિજય જોતજોતામાં પ્રાપ્ત કર્યો. આ અદ્ભુત તથા આશ્ચર્યકારક વિજય જોઇને ફ્રેન્ચ સેના હવે નેપોલીયનને દેવરૂપે સ્હમજવા લાગી. લશ્કરને મૃત્યુના મ્હોંમાંથી બચાવીને વિજય પર્વતપર ચઢાવવાની નેપોલીયન સિવાય બીજા કોની શક્તિ હોઇ શકે? નેપોલીયનને પણ આ વિજયથી પોતાની અસાધારણ શક્તિની કિંમત સ્હમજાઇ ગઇ. તે પાછળથી કહેતો કે "લોદીના સંગ્રામ પછી, હું મ્હારામાં એક અસાધારણ શક્તિ હોવાનું સ્હમજી શક્યો હતો." વિજયી નેપોલીયન મિલાન રાજધાનીમાં દાખલ થયો; ઇટાલીના દેશભક્તોએ નેપોલીયનનો ખુલ્લા હૃદયથી સત્કાર કર્યો. તેમણે તેને અસાચારોથી છોડાવનાર એક રક્ષક તરીકે માન્યો. નેપોલીયને ત્યાં આવતાંજ "રિપબ્લીક"–પ્રજાતંત્ર રાજ્યની આઘોષણા પ્રકટ કરી, તથા ત્રિરંગી ઝંડો મિલાનનાં મંદિરોપર ફરકવા લાગ્યો. મિલાનના રાજમહેલપર એક પાટીઉ લગાવવામાં આવ્યું કે "આ મકાન ભાડે આપવાનું છે, જરૂર હોય તેમણે ફ્રેન્ચ સેનાપતિને મળવું." રાજતન્ત્ર શાસનને સ્થાને આજથી પ્રજાતન્ત્ર શાસનનો પાયો નંખાયો.

આ સંગ્રામોમાં નેપોલીયને ખુબ લૂંટફાટ ચલાવી. તેના સીપાઇઓ છેક નાગા ભૂખ્યા થઈ ગયા હતા. તેમને ખાવા પીવા તથા વસ્ત્રાદિકની ઘણી જરૂર હતી, એથી નેપોલીયને પોતાના સીપાઇઓને લૂંટફાટ કરતાં રોક્યા નહિ. લડાઇની પૂર્વે પ્રકટ કરેલી આજ્ઞાઓમાં તેણે સાફ શબ્દોમાં લૂંટફાટની મના કરી હતી, પરન્તુ થોડી ઘણી લૂંટ કરવાનો તો લશ્કરનો હકજ હોવાથી તેણે તેને તેમ કરતાં રોક્યું નહિ. યુદ્ધમાં વિજયી નિવડ્યા પછી, ગમે તેવી સભ્ય સેના પણ લૂંટ ચલાવ્યા વિના રહી નથી. ચીનના યુદ્ધમાં સમસ્ત યુરોપના લશ્કરે જે માલ ઉડાવ્યો હતો, તેને કોણ નથી જાણતું? જેટલી લૂંટ સાધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે સર્વ સેનાઓ કરે છે, તેથી વધારે લૂંટ નેપોલીયનની સેનાએ કરી ન્હોતી; પરન્તુ નેપોલીયનના શત્રુઓ જે ત્હેની નિંદા કરવામાં સત્યાસત્યનો વિચાર કરતા નથી તેઓજ માત્ર નેપોલીયનની સેનાને લૂંટારી કહે છે.

મિલાનમાં નેપોલીયને હવે પોતાની સેનાને ખૂબ તૈયાર કરવા માંડી. કંઇ એક રાત્રી દિવસ ત્હેણે ઘોડાપર સ્વાર રહીને જ ગુજર્યા. જ્યારે રણક્ષેત્રની પાસે પહોંચવાનો સમય આવતો, ત્યારે નેપોલીયનની ઉંઘ કોણ જાણે ક્યાંએ ન્હાશી હતી હતી. પરન્તુ જ્યાં યુદ્ધ શરૂ થતું, અને પોતે બતાવેલા માર્ગે લશ્કર લડવાં કરતું હતું કે તે સમયે નેપોલીયન નિશ્ચિંત થઇને ન્હાની સરખી ઉંઘ લઇ લેતો હતો. સમર ભૂમિમાં કોઇ કોઇ સમયે તે ઘોડાપર તો કોઇ કોઈ સમયે નીચે ઉતરીને સુઈ જતો હતો. સેનાનો પણ નેપોલીયન સાથે અગાધ પ્રેમ કેમ ન હોય? કેમકે તે ત્હેની સાથે એવીજ રીતે વર્ત્તતો હતો. એક વાર મિલાનમાં નેપોલીયન ઘોડેસ્વાર થઇને ઘૂમતો હતો, તે વખતે એક દૂતે સ્હામે આવીને સવિનય કંઇક જરૂરી કાગળ ત્હેના હાથમાં આપ્યો. નેપોલીયને તે વાંચીને મ્હોંનો સંદેશો પહોચાડી તુરત પાછા આવવા કહ્યું. સીપાઇએ કહ્યું કે મ્હારી પાસે ઘોડો નથી એક હતો તે જોરથી દોડતાં હમણાંજ આપના દ્વારસમીપ સરી ગયો. નેપોલીયને ઉત્તર આપ્યો કે "ત્યારે તું મ્હારો ઘોડો લઇ જા." એવું કહીને તે તુરતજ પોતાના ઘોડાપરથી ઉતરી પડયો. સીપાઇ, નેપોલીયનનો ઘોડો લેતાં અચકાયો—હિંમત ચાલી નહિ. આ જોઇને નેપોલીયન કહેવા લાગ્યો કે "કદાચ ત્હમે મ્હારા ઘોડાને બહુજ ઉત્તમ અને કિંમતી સ્હમઝતા હશો. પરંતુ એ ત્હમારી ભૂલ છે. ફ્રાન્સના સીપાઈ કરતાં કોઇપણ ચીજ વધારે કિંમતી નથી." આવી વાતો ઝટ સમસ્ત સેનામાં પ્રસિદ્ધ થઇ જતી હતી, અને નેપોલીયનને એથી આખું લશ્કર ખુબ ચાહતું હતું.

મિલાનમાં પોતાની સેનાને ખુબ તૈયાર કરીને નેપોલીયન ઓ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ટ્રીયાની સેના પાછળ પડયો. આ વખતે પેવીયા તથા મીલનીજમાં નેપોલીયને જીતેલા લોકોએ પાછું માથુ ઉંચકયું. ત્યાં પડેલી ફ્રેન્ચ સેનાને તે લોકોએ ઘેરી લીધી, તથા નેપોલીયનની વિરૂદ્ધ પોતાનો અવાજ ઉઠાવ્યો. નેપોલીયન તુરતજ તે લોકો તરફ પ્રથમ વળ્યો, અને ત્હેમને એવી ક્રૂરતા તથા દઢતાથી દબાવ્યા કે ફરીથી ત્હેમણે અથવા બીજા કોઇ નગરે નેપોલીયનની સ્હામે માથું ઉઠાવવાનો કદી યત્ન કર્યો નહિ. કેટલાક લોકો નેપોલીયનની આ ક્રૂરતા માટે બહુ ગ્લાનિ બતાવે છે. તેઓ એમ જણાવે છે કે " નેપોલીયને આ લોકો સાથે વધારે કોમળતાથી કામ લેવું જોઇતું હતું. પરન્તુ ત્હેમની આ દલિલ યોગ્ય નથી. જે સ્થાન એક વખત જીતાયું છે, તે સ્થાનના લોકો જો હુલ્લડ અથવા બળવો કરે તો ત્યાં આગળ દઢતા તથા શાન્તિની સ્થાપનામાટે કઠોરતાથી કામ લેવાની જરૂર છે. નહિ તો આગળ કરેલા સર્વ પ્રયત્નો નિષ્ફળ જાય છે. યુદ્ધ કરવું હોય તો શાન્તિથી થઈ શકે છે ખરૂં પરન્તુ વિદ્રોહ શાન્તિથી દબાવી શકાતો નથી.

ઉક્ત હુલ્લડખોરોને શાન્ત કરીને નેપોલીયન પોતાની ન્હાની પરન્તુ અંકુશસ્વરૂપી સેનાને લઇને ઓસ્ટ્રીયાના ગજસમાન લશ્કરને વશ કરવા માટે નિકળ્યો. ત્હેણે ઓસ્ટ્રીયાના સેનાપતિને કાસ્ટિંગલિયાનપરથી હઠાવીને મેન્યુઆ નામના નગરમાં ઘેર્યો. વર્મ્સરને પણ વસ્સેનોના યુદ્ધમાં હઠાવીને મેન્યુઆ નગરમાં ઘુસાડી દીધો. આ ઘેરાને તોડવા માટે અલ્વિંજી નામના સેનાપતિએ નેપોલીયનપર આક્રમણ કરવા ધાર્યું. ત્હેણે પોતાનો આક્રમણ કરવાનો પુરેપુરો ઇરાદો વિસ્તાર પૂર્વક એક પાતળા કાગળપર લખીને બરોબર વાળીને એક ન્હાના સરખા મીણના ગોળામાં મૂક્યો, અને તે ગોળો મેન્યુઆમાં કેદ પડેલા વર્મ્સરની પાસે એક કાસદ મારફતે મોકલવા ધાર્યો. રસ્તામાં ઉક્ત કાસદને પકડવામાં આવ્યો. પકડતાંની સાથેજ ત્હેણે ઉક્ત મીણનો ગોળો પેટમાં ઉતારી દીધો. નેપોલીયને ઔષધિદ્વારા ત્હેના પેટમાંથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોળો કઢાવ્યો અને તરતજ અલ્વિંજીની પોલ ખુલી ગઇ. નેપોલિયન સમસ્ત ચાલાકીને જાણી ગયો, અને પોતાની સેનામાંથી એક ટુકડી લઇને અડીગે નદી ઉતરીને એવો આડો ફાટયો કે બીજી રાતના તેણે અલ્વિંજીની સેનાનો બરોબર પીછો પકડયો.

જ્યાં નેપોલીયને પોતાનું લશ્કર એકઠું કર્યું હતું, તે પણ એક મુશ્કેલીભર્યું સ્થાન હતું. સ્હામે ઓસ્ટ્રીઆનું લશ્કર પડયું હતું. વચ્ચે આર્કોલા નામનું ગામ હતું. ગામ તથા નેપોલીયનની સેનાની વચ્ચે એક નાનું સરખું નાળું હતું. ત્હેનાપર એક લાકડાનો ન્હાનો સરખો પુલ હતો. ગામને જીતવાને માટે આ પુલપરથી ઉતરવાનું હતું. ઓસ્ટ્રીયાની સેનાની તોપો તો નેપોલીયનના લશ્કર સ્હામે ગોઠવાયલીજ હતી. નેપોલીયનનું લશ્કર જરાક નરમ પડયું કે તુરતજ તે ઘોડાપરથી ઉતર્યો, અને એક ઝંડો હાથમાં લઇને પોતે સૌની આગળ થયો. પોતાના લશ્કર તરફ જોઇને નેપોલીયને કહ્યું કે અયે! લોહીના જીતનારાઓ! ચાલો ત્હમારા સેનાપતિની પાછળ, બસ પછી શું બાકી હતું? એક પણ કાયર પુરૂષ ત્યાં નહોતો. એક આખો દિવસ અને રાત્રી અને બીજા દિવસ પર્યંત યુદ્ધ ચાલુ રહ્યું. નેપોલીયનની સેના ઓસ્ટ્રીઆની સેના કરતાં અડધીજ હતી, પરન્તુ નેપોલીયનના પોલાદની સ્હામે વજ્ર પણ કંઇ વિસાતમાં ન્હોતું! ઓસ્ટ્રીઆની ફોજના પગ નરમ પડયા અને ત્હેણે હવે ન્હાસવા માંડયું. પરન્તુ નેપોલીયને ત્હેનો કેડો મૂકયો નહિ. બીજેજ દિવસે રિવર્વેલાપર અલ્વિંજીએ પોતાનાં હથીયાર મૂકી દીધાં.

આર્કોલાનો વિજય ઘણીજ મ્હોટી જીત ગણાય છે. મ્હોટા મ્હોટા યુદ્ધનીતિજ્ઞો પણ કહે છે કે, ઉક્ત વિજયમાં નેપોલીયને અસંભવ વસ્તુ શક્ય કરી બતાવી. યુદ્ધના આરંભમાં સર્વેનું એમજ માનવું હતુ કે આજે ઉક્ત ઉગતા તારાને ડૂબવાનો દિવસ છે. પરન્તુ યુદ્ધની પછી સર્વેએ તે ન્હાના સરખા તારાને મહાન દિવાકરના રૂપમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણત થતાં જોયો. ગરીબ કે તવંગર સર્વેના મ્હોંમાંથી ત્હેને માટે પ્રશંસાભરેલા શબ્દો નિકળવા માંડયા.

નેપોલિયન ઘણી વખત કહેતો કે, "ત્હેને પોતાના ભાગ્યનો પુરો ભરોસો, આર્કોલાના યુદ્ધથી પડયો. આ યુદ્ધમાં નેપોલિયનના ભાગ્યની પરીક્ષાનો એક બીજો અવસર પણ પ્રાપ્ત થયો. એક વખત નેપોલિયન ઘોડે સ્વાર થઇને પોતાના લશ્કરની તપાસ લઇ રહ્યો હતો, ત્હેવામાં અકસ્માત્ એક તોપનો ગોળો ત્હેની પાસે આવીને ફાટવાથી ત્હેનો ઘોડો ચારે તરફથી વીંધાઇ જતાં ત્યાંથી ઉસ્કેરાઇને નાઠો અને કોઇ પણ રીતે નેપોલીયનના હાથમાં ન રહ્યો. ઘોડો દોડતો દોડતો ઘાડા કાદવમાં લબદાયો અને પડતાંજ મરી ગયો. નેપોલીયન પણ એ કાદવમાં ભરાઇ પડયો. ત્હેણે ત્હેમાંથી નિકળવા માટે ઘણો યત્ન કર્યો; પરન્તુ તે ઉલટો અંદરને અંદર જવા લાગ્યો ! અને છેક ગરદન સુધી અંદર ઉતરી ગયો ! તે સ્થળની ચારે તરફ ઓસ્ટ્રીયન સેના વિંટાયલી હતી. જેથી માત્ર તે સેનાના કોઇ સીપાઇની તેના તરફ નજર પડવાની, અથવા તો નેપોલિયનની ગરદનની ઉપરનો ભાગ કીચડમાં ઉતરી જવાનીજ વાર હતી. એમાંથી એક પણ બાબત થતાંની સાથે જ તે ચમકતો તારો હતો ન હતો થઇ જાત; પરન્તુ નેપોલિયનના નશીબની એ બલિહારી હતી કે, થોડી વારમાં એક ફ્રેન્ચ સીપાઇની નજર ત્હેના પર પડી; પછી શી ચિંત હતી ? સમસ્ત લશ્કર નેપોલીયનની રક્ષા માટે તત્પર થયું, અને એકજ મીનીટમાં જેનો નાશ થવાનો હતો તે નેપોલિયન ઉક્ત પ્રાણ તક કીચડમાંથી મુક્ત થઇને પોતાની સેનાની વ્યવસ્થા કરવા મંડી પડયો. ભયંકર લડાઇ બાદ વર્મ્સરે તા. ૨ જી ફેબ્રુઆરીને દિવસે, મેમ્ચુઆ નગર પણ નેપોલિયનને સ્વાધીન કર્યું. જ્યારે કોઇ સેનાપતિ શત્રુની સ્હામે પોતાનાં હથીયાર છોડી દે; ત્યારે ત્હેની તલવાર લઇ લેવામાં આવતી. સામાન્ય રીતે એક સેનાપતિજ બીજા સેનાપતિની તલવાર લઇ શકે છે, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્મ્સર વૃદ્ધ હતો અને નેપોલિયન હજુ બાળક હતો. માટે નેપોલીયન જાતે પોતાના હાથથી વર્મ્સરની તલવાર લેવા જાય, તો વર્મ્સરને ઘણી શરમ આવે, એથી નેપોલીયને પોતાની પાસેના અન્ય સેનાપતિઓમાંથી એક વૃદ્ધ સેનાપતિ દ્વારા વર્મ્સરની તલવાર મંગાવી લીધી. આવી રીતે ઓસ્ટ્રીયાની એક મહાભારત સેના, નેપોલિયનની બુદ્ધિ અને પ્રતિભા આગળ ધૂળધાણી થઇ ગઇ. હવે કેવળ ઓસ્ટ્રીયાની એક સેના રહી ગઇ. ઓસ્ટ્રીયાના મહારાજાનો એક ભાઇ આર્કડયુક ચાર્લસ, એક મ્હોટી સેના સાથે સ્હામે પડયો હતો; ત્હેનો પણ નેપોલિયને કેડો લીધો. જેથી આર્કડયૂક પાછો હઠવા લાગ્યો. હઠતાં હઠતાં તે છેક ઓસ્ટ્રીયાની રાજધાની વોએના સુધી પહોચી ગયો. આ પ્રમાણે જોતાંની સાથે જ ઓસ્ટ્રીઆના મહારાજા તથા ત્હેના ભાઇ બહુ ગભરાયા. આ ગભરાટને પરિણામે ત્હેમણે જે કંઈ કર્યું, ત્હેનું વર્ણન આગલા પરિચ્છેદમાં આવશે.

પંચમ પરિચ્છેદ.

ક્રેમ્પોફોર્મીયોની સન્ધિ.

शूरः कृतज्ञं दृढं विक्रमञ्च लक्ष्मीः स्वयं याति निवासहेतोः ।

શૂર, કૃતજ્ઞ, તથા દૃઢ પરાક્રમવાળા પુરૂષની પાસે, લક્ષિમ આપો આપજ ચાલી આવે છે;

વારંવાર નીચુ જોઇને, તથા હાર ઉપર હાર ખાઇને, ઓસ્ટ્રીયાના મહારાજાનો ભય બહુજ વધી ગયો હતો. તે ગર્વિત જાતીના અભિમાની પુરૂષનો મદ પણ ઉતરી ગયો. થોડેક દૂર નેપોલિયન પોતાની સેના લઇને પડયો હતો. ઓસ્ટ્રીયાના મહારાજાએ, નેપોલિયનની પાસે સન્ધિનું કહેણ મોકલ્યું. નેપોલીયને તે પૂર્વે મહારાજાના ભાઇ તથા સેનાપતિ આર્કડયુક ચાર્લ્સને લખી જણાવ્યું હતું કે, "એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાત્રી પૂર્વક જાણજો કે, ત્હમારો પરાજય થશે, જેથી ત્હમે હાલજ સલાહ કેમ કરતા નથી ? " પરન્તુ તે વખતે, સન્ધિની ઉક્ત ધ્વજા ગ્રહણ કરવી, એ પોતાના ગૌરવને નામોશી ભરેલું છે, એમ ચાર્લ્સનું માનવું હતું. હવે ખુદ ત્હેને પોતાનેજ ત્હેની પ્રાર્થના કરવાનો વખત આવ્યો. એમ કહેવાય છે કે, નેપોલીયનની પૂર્વે કોઇ પણ શત્રુએ કદી પણ ઇટાલીને રસ્તે વીએનામાં પ્રવેશ કર્યો નહોતો; જેથી આજના દૃશ્યથી સમસ્ત નગર કંપી ગયું હતું. થોડા સમય માટે બન્ને પક્ષ તરફથી યુદ્ધ બંધ કરવામાં આવ્યું. અને ક્રેમ્પોફોર્મિયા નગરમાં સન્ધિના નિયમો ઘડાવા લાગ્યા. ત્યાં એક બાજુએ ઓસ્ટ્રીયાના મહારાજાના કેટલાક પ્રતિનિધિઓ બેઠા તથા બીજી બાજુ નેપોલીયને પોતાની બેઠક લીધી.

સન્ધિના નિયમોપર ચર્ચા શરૂ થઇ. પ્રથમ તો ઓસ્ટ્રીયાની સરકારના પ્રતિનિધિઓએ એવી શરતો રજુ કરવા માંડી કે જેનો સ્વીકાર કરવો, એ નેપોલીયનને મન ફ્રાન્સ સરકારનું અપમાન થવા જેવું લાગ્યું; તથાપિ નેપોલિયન એ સર્વ શાન્તિથી સાંભળી રહ્યો. નેપોલિયનની આ ચુપકીદીથી ઓસ્ટ્રીયાના પ્રતિનિધિઓ વધુ જોરમાં આવ્યા, અને ત્હેમાંના એકે કહ્યું કે " જો અમે રજુ કરેલી શરતોનો સ્વીકાર નહિ થશે તો રશિયાની સાથે મળીને અમે ફ્રાન્સની પાસે એ શરતોનો સ્વીકાર કરાવીશું; બીજો બોલ્યો કે " તે મનુષ્યને ધિક્કાર છે કે જે પોતાની યુદ્ધાકાંક્ષા પૂર્ણ કરવા માટેજ અન્ય દેશની શાન્તિની પરવા કરતો નથી. " આ સર્વ અપમાનજનક શબ્દોને વિજેતા નેપોલિયન શાન્તિપૂર્વક ગમ્ભિરતાથી સાંભળી રહ્યો. જ્યારે ઓસ્ટ્રીયાના પ્રતિનિધિઓનું આવું જોશભર્યું બોલવું સંપૂર્ણ થયું, ત્યારે નેપોલિયન દૃઢતાપૂર્વક આવેશ સાથે ઉભો થયો. ત્હેની પાસેજ એક કિંમતી પ્યાલી પડેલી હતી, કે જે ત્હેને ત્હેનાથી જીતાયલા એક રાજાએ આપેલી હતી. તે પ્યાલીને હાથમાં ઘાલીને, બહુજ નિડરપણે અને બળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વક નેપોલિયને ઉક્ત પ્રતિનિધિઓને કહ્યું કે, " મહાશયો ! શાન્તિની જે આશા રાખવામાં આવી હતી તે હવે ભંગ થઇ સ્હમજજો; હવેથી યુદ્ધનો પુનઃ પ્રારમ્ભ થશે; એ સાથે એ વાત પણ યાદ રાખજો કે હમણાં જેમ ત્હમારી સમક્ષ આ બહુ મૂલ્ય પ્યાલીના ટુકડેટુકડા કરી નાંખું છું, ત્હેવીજ રીતે ત્હમારા સમસ્ત સામ્રાજ્યને હું ત્રણ માસની અંદર છિન્ન ભિન્ન કરી નાંખીશ." આ શબ્દોના અંતમાંજ ત્હેણે ઉક્ત પ્યાલીને એક પત્થરની શિલા પર જોરથી પટકી ! અને પ્રતિનિધિઓની ચારે તરફ ઝુકીને વાસ્તવિક ગર્વથી ભરેલા વિનયપૂર્વક નેપોલીયન તે હોલમાંથી બહાર નિકળ્યો, અને તુરતજ હાજર રહેલી ગાડીમાં બેશીને, તે પોતાને મુકામે રવાના થયો. ઓસ્ટ્રીયાના પ્રતિનિધિઓ તો આ દૃશ્ય જોઇને સજડજ થઇ ગયા ! તેઓ તો સ્હમઝતા હતા કે, નેપોલિયન તો માત્ર લઢીજ જાણે છે, પણ વિવાદની નીતિમાં તો આપણેજ ત્હેને થાપ ખવરાવીશું, પરન્તુ ત્હેમને માલૂમ પડયું કે નેપોલિયન કોઇનો ગાંજ્યો જાય એમ નથી. ત્હેમણે બધાએ આ સર્વ નાટક જાણી જોઇનેજ કર્યું હતું, એથી આ પછી ઓસ્ટ્રીયાના પ્રતિનિધિઓ પોતાની મેળે પાછા નેપોલિયનની પાસે ગયા અને ત્હેના જણાવ્યા પ્રમાણેના સન્ધિના સર્વ નિયમો ત્હેમણે કબુલ કર્યા.

આ સન્ધિથી ફ્રાન્સની સત્તા હાઇન સુધી વધી ગઇ. સિસેપ્લાઇન રીપબ્લીકને સોંપાયો અને વેનીસનો કેટલોક પ્રદેશ ઓસ્ટ્રીયાને આપવામાં આવ્યો. આ સન્ધિ પૂર્વે ફ્રાન્સના ડાયરેકટરી પ્રધાન મંડળે નેપોલીયનને લખ્યું હતું કે ત્હેણે ઓસ્ટ્રીયા સાથે સન્ધિ કરવી નહિ કેમકે ક્રાન્તિનું પ્રજાસત્તાક રાજ્ય એક સત્તાવાળા રાજ્યની સાથે કદાપિ સન્ધિ કરી શકે નહિ. કિન્તુ નેપોલિયને જ્યારથી ઇટાલીમાં પગ મૂક્યો ત્યારથી, એ ડાયરેકટરીની કોઇપણ પ્રકારની પરવા રાખવી તેણે છોડી દીધી હતી; તે કેટલીક વખત એમ પણ કહેતો કે "ગાદી તકીયે પડી રહેનારા તે વકીલોનાં ભૂતની સત્તા નીચે હું કદી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી શકીશ નહિ. તે સેનાપતિ થયો ત્યારથીજ પોતાને પ્રધાન મંડળથી અલગ માનતો હતો. ખાસ કરીને લોદીના પુલની લડાઈ જીત્યા પછી તો, ત્હેને એ વાત અનુભવસિદ્ધ લાગતી હતી કે, જાણે સમસ્ત સંસાર ત્હેની આણ નીચેજ છે, અને તે ઉન્નત–આકાશમાં વિચરી રહ્યો છે! લોદી, આર્કોલા, અને રિવોલીનાં મહાન યુદ્ધોમાં વિજય મળ્યા પછી ત્હેને પોતાની અસાધારણ શક્તિયોમાં સમ્પૂર્ણ ભરોંસો પ્રતીત થઇ રહ્યો હતો.

આ સન્ધિ સાથેજ નેપોલીયનના પ્રથમ જવલંત વિજયનો અન્ત આવ્યો. આ વિજયની બરોબરી કરવાવાળો અન્ય એક પણ વિજય, ઇતિહાસમાં મળી આવવો શક્ય નથી. આવો વિજય એક મનુષ્યે પ્રાપ્ત કર્યો, એ વાત એકદમ માની પણ શકાતી નથી. કેવળ પચાસ હજાર સિપાઇઓના લશ્કરથી, ફ્રાન્સની હદથી માંડીને ઠેઠ વીએના સૂધીનો મુલક જીતી લેવો. તથા ઓસ્ટ્રીયા જેવા સમૃદ્ધ અને પ્રાચીન દેશના સર્વ સેનાપતિઓનાં શસ્ત્ર છોડાવવાં, એ કંઇ ન્હાની સુની વાત નહોતી. આવા અદ્‌ભૂત પરન્તુ સત્ય વિજયનાં મુખ્ય કારણો નેપોલીયનનું આત્મિકબળ તથા શારિરીક ગુણો હતા. ત્હેની શક્તિ તથા બુદ્ધિ બહુજ શિઘ્રગામી, થાકરહિત તથા વિસ્તૃત હતી. ત્હેની પ્રતિભા કંઇક વિરલજ હતી. સંસારમાં એવી એક પણ વાત ન્હોતી કે જે નેપોલીયનની બુદ્ધિમાં ઉતરી શકે નહિ. ત્હેના એક પ્રધાનનું એ કથન છે કે, "ત્હેણે નેપોલીયનને કોઇ પણ દિવસ થાકેલો જોયો ન્હોતો." તે અનેક દિવસો સૂધી એક સામટુ કાર્ય કર્યા જતો હતો. યુદ્ધને માટે તૈયારીયો કરતો હતો; પરન્તુ ત્હેમાં ત્હેને કોઇ વિષય વિચાર કરવા યોગ્ય માલૂમ પડે, તો તે સંબંધિ ધ્યાનપૂર્વક વિચાર કરી કામ કરવામાં પણ તે કદી પાછો હઠતો નહિ.

ત્હેના લશ્કરનો ઉત્સાહ તથા દઢતા, ત્હેના વિજયનાં મુખ્ય સાધન હતાં. ત્હેની સેના વિદ્યુતવત્ તીવ્ર તથા આકર્ષણ શક્તિની માફક નિશ્ચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. શત્રુઓ ત્હેની ગતિને કળી શકતા ન્હોતા. નેપોલીયનની સેનાએ કુચ કરી એ શત્રુઓના જાણવામાં આવે, તે પૂર્વે તો તે ત્હેમનાપર હુમલો કરી ચુકતી હતી. શત્રુઓ જ્યારે કોઇ કોઇ વખત એમ સ્હમજતા હતા કે, "ત્હેમણે નેપોલીયનને બરોબર ઘેરીને નિરૂપાય બનાવી દીધો છે," તેજ વખતે ક્ષણભરમાં તેઓને એમ માનવું પડતું હતું કે "નેપોલીયનની તીવ્રતા તથા પ્રતિભાથી ઉલટા તેઓ પોતેજ ત્હેના પાસમાં સપડાયલા છે." આર્કોલાના યુદ્ધની પહેલાં, ત્હેણે એલ્વિજીને એવીજ છક્કડ ખવરાવી હતી કે, "તે ત્હેમની પૂઠે પડયો છે! તે વખતમાં જે રોમન યોદ્ધાઓ, સૌથી મહાન યોદ્ધાઓ ગણાતા હતા, તેઓ પણ નેપોલીયનની સેનાની ગતિ આગળ ઉતરતા માલૂમ પડયા હતા.

નેપોલીયનને વિજય મળવાનું ખરેખરૂં કારણ ત્હેની અસાધારણ સાહસિક શક્તિ હતી. ત્હેનામાં બીજો ચમત્કારિક ગુણ એ હતો કે પોતાનું ઉકત સાહસ તે બીજાનામાં સારી રીતે ઉતારી શકતો હતો, જેને લીધે સમુદ્રનું પાણી કે પવનની ભયંકર આંધી પણ તે મનુષ્યની સ્હામે તૃણવત જણાતી હતી, લોદી તથા આર્કોલાના યુદ્ધ વખતે. નેપોલીયન પોતાના સાહસની પરાકાષ્ટાએ પહોચી ચુકયો હતો. જે સ્થળે ચારે તરફથી અગ્નિનો ઘોર વરસાદ વરસી રહ્યો હોય ત્હેવે સ્થળે હાથમાં ઝંડો લઇને અગ્નિના મૂખમાં કૂદી પડવું, એ ત્હેમનાજ ભાગ્યમાં લખેલું હોય છે કે જેઓ નેપોલીયન તથા સિઝરની માફક સંસારને ધ્રુજાવવા આવેલા હોય છે. તે પોતાનું સાહસિક બળ, પોતાના યોદ્ધાઓમાં કેવી રીતે દાખલ કરતો હતો! તે ત્હેનાં ઘોષણાપત્રો પરથી સ્હમજી શકાશે. ત્હેણે ઇટાલીના વિજયનો આરમ્ભજ એવા એક પ્રોત્સાહક ઢંઢેરાથી કર્યો હતો. એક વખત જ્યારે ત્હેનું લશ્કર બે રાત સુધી નિરન્તર ચાલીને તથા બે દિવસોમાં બરોબર ચાર સંગ્રામ લઢીને કંઇક વિશ્રાન્તિ લેવા જતું હતું, ત્હેવામાં ત્હેને માલૂમ પડયું કે–પોતાની પાછળ બીજા શત્રુઓ ચઢી આવ્યા છે, અને પોતાની સેના તદ્દન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાકી ગઇ છે, ત્હેવે વખતે ત્હેણે પોતાની સેનાની વીરતા વર્ણવનારૂં એક એવું પ્રોત્સાહક અને હૃદયસ્પર્શી ઘોષણા પત્ર પ્રકટ કર્યું કે જેથી તુરતજ સમસ્ત સેનામાં પાછો પૂર્વવત્ ઉત્સાહ અને શૌર્યનો અગ્નિ પ્રકટ થયો !

આવાં આવાં કેટલાંક કારણોને લીધે, નેપોલીયનને આવો અસાધારણ વિજય પ્રાપ્ત થયો હતો. તે પોતાના લશ્કરના પ્રત્યેક સીપાઇઓની મૂખમુદ્રાને ઓળખી શકતો હતો. જ્યારે કોઈ પણ સીપાઇને કંઇ પણ ઇજા થતી ત્યારે કોઇ કોઇ વખત તો તે પોતાને હાથે ત્હેની મલમપટ્ટી કરતો હતો. એક વખત બરોબર ત્રણ રાત્રીના ઘોર સગ્રામ પછી ત્હેની સેના આરામ લેતી હતી. આ રાત્રીને વખતે પણ નેપોલીયનના ભાગ્યમાં નિદ્રા ન્હોતી, તે પોતાના કેમ્પની ચારે તરફ તપાસ માટે ફરતો ફરતો એક ચોકીદાર પાસે આવ્યો; એ વખતે ઉક્ત પહેરેગીર પહેરો ભરતો ભરતો ઉંઘી ગયો હતો, અને ત્હેની બંદુક ત્હેની પાસે એમજ પડી હતી. નેપોલીયને તરતજ તે બન્દુક પોતાના હાથમાં લીધી, અને ત્હેની જગાએ તે પોતે પહેરો ભરવા લાગ્યો ! થોડીજવારમાં પહેરેગીરની આંખ ઉઘડતાં ત્હેણે પોતાની જગાએ પોતાના સેનાપતિને પહેરાપર ઉભેલો જોયો, અને ત્હેના તો હોશજ ઉડી ગયા ! પરન્તુ નેપોલીયને ત્હેની સન્મુખ જઇને ત્હેને આશ્વાસન આપતાં કહ્યું કે " હું ત્હમને ત્હમારી ઉંઘને માટે દુષિત ઠરાવતો નથી, કારણ કે હું જાણું છું કે ત્રણ દિવસનો એક સામટો થાક, લોખંડના શરીરને પણ શિથિલ કરવાને શકિતમાન્ છે; તોપણ ભવિષ્યમાં એ ધ્યાનમાં રાખશો કે પહેરાપર હો ત્યારે વધારે સાવધ રહેવું જરૂરનું છે. " ઉક્ત પહેરેગીર નેપોલીયનની આ દયાદૃષ્ટિથી કેટલો કૃતજ્ઞ થયો હશે ? ત્હેનું અનુમાન વાચક આપજ કરશો. આવા આવા પ્રસંગોથીજ, સમસ્ત સેના પોતાના ન્હાના સેનાપતિ પ્રતિ અસાધારણ પ્રેમ ધરાવતી હતી. આર્કોલાના પુલપર આગળ વધવાની આજ્ઞા દેતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેતાં નેપોલીયન એક વખત એવી જગાએ જઇ ઉભો હતો કે જ્યાં ચારે તરફથી તોપના ગોળાઓનો સીધો મારો લાગુ પડતો હતો. નેપોલીયનનું આ સાહસ જોઇને એક સીપાઇએ ત્હેને ત્યાંથી તુરત ખસી જવા કહ્યું, પરન્તુ નેપોલીયને ત્યાંથી ખસવામાં જરા આનાકાની કરી એ ઉપરથી ઉક્ત સીપાઇએ ત્હેને જોરથી પાછળ હઠાવીને કહ્યું કે, " જો ત્હમે માર્યા જશો તો પછી અમને આ ઇંદ્રજાલમાંથી બચાવી ને કોણ બહાર કાઢશે ? " નેપોલીયન ત્યારેજ પાછો હઠયો.

આ સર્વ બીનાઓ નેપોલીયનના વિજયમાં કારણભૂત હતી; એજ કારણોથી જ્યારે પણ નેપોલીયન ઝંડો હાથમાં લઇને સેનાની આગળ થતો, ત્યારે ત્હેની સેનાના મૃતપ્રાયઃસૈનિકોમાં પણ તે નવીન પ્રાણ દાખલ કરી શકતો હતો ! અને તે વખતે "જીવવું અને મરવું" એ ત્હેમને મન એક સરખુંજ માલૂમ પડતું હતું. અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થશે કે, આ વિજયમાં નેપોલીયનનો ઉદ્દેશ શું હતો ? તે આ બધા સંગ્રામો કોને અને શાને માટે કરતો હતો ? આ પ્રશ્નોના ઉત્તર આપવા કઠીન અને વિચારાસ્પદ હોવા છતાં. અસમ્ભવતો નથીજ.

એમાં કંઇ શક નથી કે, જ્યારે ત્હેને પહેલવહેલો ઇટાલીની સેનાનો સેનાપતિ બનાવવામાં આવ્યો, ત્યારે ત્હેના હૃદયમાં કોઇ પણ મહાન ઉન્નત અભિલાષાઓ નહોતી; ડુલનના તથા પ્રધાનમંડળની રક્ષા કરવામાં મળેલા વિજયથી જો કે ત્હેને પોતાનાં શસ્ત્રોપર પુરતો ભરોંસો હતો, પરન્તુ હજુ તે સમયે તે પોતાને અસાધારણ પુરૂષ રહગઝતો ન્હોતો, તે પોતાને તે વખતે ગગનગામી માનતો ન્હોતો. તે વખતે નેપોલીયનમાં તે કર્ત્તવ્યની ભાવના ન્હોતી, કે જે એક ઉત્તમ સેનાપતિમાં હોવી જોઇએ, પરન્તુ તે પોતાને રીપબ્લીક પ્રધાન મંડળનો નોકર અને પક્ષપાતિ માનતો હતો; જો કે વાસ્તવિક રીતે જોતાં તો ત્હેના સિદ્ધાન્તો પ્રજાતન્ત્ર રાજ્યની તરફ ન્હોતા—બાલ્યાવસ્થાથીજ તે ક્રાન્તિના અત્યાચારી નિયમથી ડરતો હતો એથી ત્હેને પ્રજાકીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્ય પ્રતિ ઘૃણા હતી.

જ્યારે પેરીસના બજારમાં ક્રાન્તિની આગ સળગી ઉઠી હતી, ત્યારે નેપોલીયન ત્હેમાં દુઃખિત હૃદયે ઘુમતો હતો. તે મ્હોટે ભાગે આવી ક્રાન્તિને પસંદ કરતો નહોવાથી ત્હેની સમ્મતિ ડાયરેક્ટરીની સમ્મતિથી સર્વથા વિરૂદ્ધ હતી; પરન્તુ એક સારા સેનાપતિ તરીકે તે પોતાના સ્વામીની આજ્ઞાને અનુકૂળ થઇને ચાલતો હતો.

ક્રાન્તિને માટે જે હેતુથી બીજા સેનાપતિઓ લડતા હતા તે હેતુથી નેપોલીયન લડતો ન્હોતો. તે સ્વતન્ત્રતા, સમાનતા, કે ભ્રાતૃ ભાવને માટે પણ ન્હોતો લડતો; પરન્તુ ત્હેના યુદ્ધનો ઉદ્દેશ તો ત્હેણે ઇટાલીમાં આવતાંજ પોતાની સેનાપ્રતિ જે ઢંઢેરો પ્રકટ કર્યો હતો ત્હેમાં જણાવ્યા પ્રમાણે, આદર અને કીર્ત્તિની પ્રાપ્તિ એ હતાં. આટલું છતાં આ તોફાનની શરૂઆતમાં તે સ્વતન્ત્ર ઇચ્છાથી કાર્ય કરતો ન્હતો; પરન્તુ પાછળથી લોદીના વિજયે ત્હેને મનુષ્યપણામાંથી પરિવર્ત્તિત કર્યો, ત્યારથીજ ત્હેને ત્હેની ગુપ્ત શક્તિઓનું ભાન થવા લાગ્યું હતું. ત્યારથીજ ત્હેની ખાત્રી થઇ હતી કે તે એક સાધારણ મનુષ્ય નહિ પરન્તુ મનુષ્યોનો અધીશ્વર છે. તે પોતે શું અને કેટલું કાર્ય કરી શકે છે ? તેમજ બીજાઓની પાસે પણ તે ધારે તે કરાવી શકે છે; ત્હેનું ભાન પણ ત્હેને ત્યારેજ થયું. આ ભાન થતાંની સાથેજ ત્હેના વાસ્તવિક ભાવો તથા વાસ્તવિક સિદ્ધાન્તો બહાર આવવા લાગ્યા કે, ત્હેનો વિજય અને ત્હેની સન્ધિઓ સર્વે આદર અને માનને માટે સર્જાયલી હતી–ક્રાન્તિના પ્રચારને માટે નહિ.

આ વખતે બનેલા એક બનાવે, નેપોલીયનને પ્રધાન મંડળની અધીનતાથી લગભગ સંપૂર્ણ સ્વતંત્ર કરી દીધો. ડાયરેક્ટરી (પ્રધાન મંડળ) ને નેપોલીયનના આવા અસાધારણ વિજયોથી ભય પ્રાપ્ત થયો, અને ત્હેણે એક બીજા સેનાપતિને સેનાના સંયુક્ત અધિપતિ તરીકે મોકલ્યો, પરન્તુ નેપોલીઅને એથી તુરત પોતાનું મુક્તિપત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલી આપ્યું; જેથી પ્રધાનમંડળ ભારે ચિંતામાં પડી ગયું. કેમકે તે નેપોલીયનને કોઇ પણ રીતે છોડી શકે એમ ન્હોતું. અન્ય સેનાપતિઓ કરતાં નેપોલીયનનું ગૌરવ કેટલું વધારે છે ? એ વાત તે સારી રીતે સ્હમજી શકયું હતું. ત્હેને એ વાતની પણ ખબર હતી કે, દોઢ લાખથી પણ વધારે સંખ્યાવાળા લશ્કર સાથે માર માર કરતા સ્હામા આવેલા જોર્ડન અને મોરિયો જેવા સમર્થ સેનાપતિઓને પણ નેપોલીયનેજ પોતાની માત્ર ચાળીશ હજારની નાનકડી સેનાથી હંફાવી હાંકી કાઢયા હતા; અને નેપોલીયનજ એવી રીતે તે પોતાના અદભૂત ચમત્કારથી આખા યુરોપને મન્ત્રમુગ્ધ બનાવી શકયો હતો. આવા નેપોલીયનની સેનાપતિ તરીકેની સત્તામાં બીજાની શામિલગિરી કરવાનો વિચાર પ્રધાન મંડળે આખરે માંડી વાળ્યો. આ પ્રસંગથીજ નેપોલીયને સાધારણ રીતે પ્રધાનમંડળની ઇચ્છાથી વિરૂદ્ધ વર્તવા માંડયું, વસ્તુતઃ તે ત્યારથીજ પ્રધાનમંડળનો પણ પ્રધાન બની ગયો.

ઉક્ત પ્રસંગ પશ્ચાત્ નેપોલીયન જે કંઇ કરતો હતો, તે ફ્રાન્સની તથા પોતાની કીર્તિને માટેજ કરતો હતો. સાંગ્રામિક કીર્તિનેજ તે ખરી કીર્તિ સ્હમઝતો હતો. એ પણ જાણતો હતો કે, "ફ્રાન્સની કીર્તિ તથા ત્હેની કીર્તિ એકજ હતી. ત્હેનો વિજય એ ફ્રાન્સનો વિજય અને ફ્રાન્સનો વિજય એ ત્હેનો વિજય હતો." એ કહેવું મુશ્કેલ છે કે "એ બેમાંથી ત્હેનામાં પ્રધાનતા કોની હતી ?" ઘણાનું એવું કથન છે કે, "નેપોલીયનને ફ્રાન્સના કરતાં પોતાના વિજય તરફ વધારે પ્રીતિ હતી, પરન્તુ એવો અભિપ્રાય ધરાવનારાઓના કથનને અમે નિષ્પ્રમાણ માનીએ છીએ; અને ત્હેમને પોતાના પક્ષનું સયુક્તિક સમર્થન કરવા માટે વિનવીએ છીએ. નેપોલીયન, પોતાની તથા ફ્રાન્સની કીર્તિ માટેજ આ બધું કરતો હતો. "કીર્તિનો ત્હેવો લોભ નેપોલીયનને માટે ઠીક ન્હોતો" એમ કદાચ કહી શકાય ખરૂં.

વિજયના લોભ આગળ, મનુષ્યો તથા દેશોની પણ તે બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરકાર કરતો ન્હોતો. મનુષ્યોને તો તે કેવળ શેતરંજનાં સોગઠાંની સમાનજ સ્હમઝતો હતો, અને પોતાના ઉદ્દેશની સિદ્ધિ અર્થે ત્હેમની ગમે તે વ્યવસ્થા થાય ત્હેમાં તે કંઇ અયોગ્ય થયું હોય એમ માનતો ન્હોતો. ભૂમિને પણ તે કેવળ એક કપડાના થાનની પેઠે સ્હમઝતો હતો, અને ત્હેના ટુકડે ટુકડા કરી જેને જોઇએ ત્હેને તે વ્હેંચી આપતો હતો. ત્હેના વિજય તથા કીર્તિનાં આવાં સાધનો ક્યાં સુધી શાસ્ત્ર સંમત છે? એ પ્રશ્ન બીજો છે. પરન્તુ ટુંકમાં નેપોલીયનનો તે ઉદ્દેશ તથા સાધન, પ્રત્યેક મનુષ્યે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

ષષ્ઠ પરિચ્છેદ.

પૅરિસમાં વૈજ્ઞાનિક જીવન.

गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः

भवभूति.

'મનુષ્યમાં કેવળ ગુણ જ પૂજાનું સ્થાન છે, નહિં કે બહારનાં ચિન્હ.'

ભવભૂતિ.

વિજયમુકુટ શિર પર ધારણ કરી, તથા સહસ્રાવધિ નરનારીઓનું અભિનન્દન હૃદયથી ગ્રહણ કરતાં કરતાં નેપોલિયન ૭ મી ડીસેમ્બર (૧૭૯૭) ને દિવસે ફ્રાન્સની રાજધાની પૅરીસમાં આવી પહોંચ્યો. તે લગભગ એક વર્ષ પૂર્વે તે સ્થાનેથી ઇટાલિનો સેનાપતિ બનીને ગયો હતો. તે સમયમાં અને આ અરસામાં મોટા મોટા ફેરફાર થઇ ગયા હતા. માત્ર નેપોલિયનજ બદલાઇ ગયો નહોતો, પરંતુ ફ્રાન્સનું શાસન પણ સર્વથા પરિવર્તિત થઇ ગયું હતું. ડાયરેક્ટરી કે જેની નેપોલિયનેજ રક્ષા કરી હતી તે આ સમયે લોકોની ભારે ખફગીમાં આવી પડી હતી. વિશેષતઃ પાંચસે પ્રતિનિધિઓની સભા તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની અત્યંત વિરૂદ્ધ બની ગઇ હતી. નેપોલિયન એક સાધારણ સેનાપતિથી ફ્રાન્સનો રક્ષક બની ગયો હતો. તે જ્યારે ઇટાલિથી પાછો ફર્યો ત્યારે તે ફ્રેન્ચ લોકોનો પૂજ્ય દેવ બન્યો હતો. દ્વિતીયાના ચંદ્રમાની પેઠે પ્રત્યેક મનુષ્યની આંગળી તેની તરફજ ઉંચકાતી હતી. તે જ્યાં જતો ત્યાંના સમસ્ત લોકો તેનાં દર્શન કરવાને માટે ઉતાવળા બની જતા હતા અને તેનું મહાન ગૌરવપૂર્વક સ્વાગત કરતા હતા. આ અભિનંદન, આ સ્વાગત–એક મનુષ્યના સાંકડા હૃદયમાં દ્વેષ જગાડનારૂં થઈ પડ્યું; કિંતુ નેપોલિયન માનવ પ્રકૃતિના જ્ઞાનમાં પૂરેપૂરો 'ગૌતમ મુનિ' હતો. તે આ સમસ્ત મહોત્સવોનું મૂલ્ય સારી રીતે જાણતો હતો. તેના મિત્ર તથા મંત્રી બુરી એ તેને જણાવ્યું કે "આ સર્વ ઉત્સવો તથા સજાવટો જોઇને આપને અવશ્ય હર્ષ થતો હશે. આના પ્રત્યુત્તરમાં નેપોલિયને કહ્યું કે " ઓહ ! આ અવિચારી જનસમુહ મને શુળી પર ચઢાવવાને માટે મોકલવામાં આવે ત્યારે પણ મારી પાછળ આવાજ મહોત્સવો કરે.'

પૅરિસ જતી વખત તેણે પોતાની સેનાને નિમ્નલિખિત શબ્દોથી સંબોધન કર્યું હતું—

'સૈનિકો ! હું કાલે તમને છોડી જઇશ. તમને છોડવા પડે છે તે છતાં પણ મને એટલો સંતોષ છે કે હું શીઘ્ર તમને પાછો મળીશ અને પુનઃ તમારી સાથે સાહસિક કાર્યોમાં નિમગ્ન થઇશ. સૈનિકો ! જ્યારે તમે પોતપોતામાં જીતેલા નરેશો અને વિજિત જાતિઓના સંબંધમાં વાર્તાલાપ કરો ત્યારે તમારે એમ પણ કહ્યા કરવું કે "આવતાં બે વર્ષમાં એથી પણ અધિક વિજય પ્રાપ્ત કરીશું."

નેપોલિયન ડિસેમ્બરની ૭મી તારીખે પૅરિસમાં પહોંચી ગયો. ત્યાં તેનું જે સ્વાગત થયું તે ઇતિર સ્થાનોથી પણ કેટલેક અંશે ચઢીઆતું હતું. પૅરિસના જે કોઇ બજારમાંથી નેપોલિયનની બાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાન નાની મૂર્તિ નીકળતી તે બજાર સ્વાગતસભાનું સ્વરૂપ ધારણ કરી લેતો હતો. આ સાધારણ અભિનંદન સિવાય પૅરિસના મોટા મોટા માણસોએ પણ નેપોલિયનના આગમનના આનંદમાં મોટા ઉત્સવો કરાવ્યા હતા. ડાયરેકટરી આ સમયે મોટી મુશ્કેલીમાં આવી પડી. નેપોલિયનના વિજયો જોઇને તે ઇર્ષ્યાગ્નિથી તપ્ત થઇ રહી હતી, એવામાં પૅરિસનું અભિનંદન જોઇને તો તે સળગીજ ઉઠી. અતઃ તે તેનું વિશેષ સ્વાગત કરવાને તૈયાર નહોતી. કિંતુ લોકમત એ મોટો પ્રબલ ગુરૂ છે; તે નહિ ભણે એવા વિદ્યાર્થીના ઉદરમાં પણ અભિષ્ટ પાઠ રેડીજ દે છે. આ કારણથી ડાયરેકટરીના સભાસદોને પણ નેપોલિયનનું સ્વાગત કરવાને માટે સભા ભરવી પડી.

એક અત્યંત મોટો મંડપ બનાવવામાં આવ્યો. તેમાં એક ઉચ્ચ અને સુસજ્જિત આસનપર ડાયરેકટરોના પાંચે સભ્યો મોટા આડંબર સહિત વિરાજમાન થયા. ચોતરફ પ્રેક્ષકોની ભીડ મચી ગઇ. આખી સભાની દ્રષ્ટિ દ્વાર તરફ લાગી રહી હતી. આખા મંડપમાં એક પણ શબ્દ કર્ણગોચર થતો નહોતો. દ્વારમાં એક નાનીશી અને કૃશ, કિંતુ શાંત અને ગંભીર મૂર્તિ પ્રવિષ્ટ થઇ. તેની સાથે વિદેશીય સચિવ લંગડો ટેલીરેન્ડ પણ હતો. તે મૂર્તિ દૃષ્ટિગોચર થઇ કે તરતજ આખો મંડપ તાળીઓથી ગુંજી રહ્યો. પછી ઉક્ત ઉભય પુરુષો પ્લેટ ફોર્મપર ગયા. ટેલીરેન્ડે ઉચ્ચ સ્વરથી સર્વને સંબોધન કરી નેપોલિયનનો પરિચય કરાવ્યો અને તેની સાથે જણાવ્યું કે "પ્રથમ આ વ્યક્તિનાં આટલાં અનુપમ કામો જોઇને હું ભયભીત થયો હતો, મને લાગ્યું હતું કે કદાચ એ સમાનતાના નાશનાં સાધનરૂપ થઇ પડશે, પરન્તુ હવે મને જણાયું છે કે આમ ધારવામાં મેં ભૂલ કરી હતી. વ્યક્તિગત ગૌરવ યદિ રાષ્ટ્રીય સેવામાં નિઃસ્વાર્થભાવથી જોડવામાં આવે તો તે નિઃસંદેહ રાષ્ટ્રને માટે અમૃત સ્વરૂપ બની જાય છે."

આ પ્રશંસા તથા પ્રેમથી ભરેલા શબ્દોનો ઉત્તર આપતાં નેપો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિયને જણાવ્યું " હે સ્વદેશ બંધુઓ ! આ વાક્યના અંતિમ શબ્દો નિસ્સંદેહ એક ભવિષ્યવક્તાની વાણીને યોગ્ય હતા. ફ્રાન્સના નિવાસીઓને સ્વતંત્ર બનવાને માટે રાજાઓની સામે યુદ્ધ કરવું પડે છે. અને મનવાંછિત એવી રાજસંસ્થાની સ્થાપનાને માટે તેમને હજારો વર્ષોથી ઘર ઘાલી બેઠેલા વિચારોની સામે થવું પડે છે.....તમે હાલ જે સંધિ કરી છે તેને તો પ્રતિનિધિસત્તાત્મક રાજ્યનો પ્રારંભ ગણવો જોઇએ.....મને તમારી સમક્ષ કે પમ્પોફેર્મિયાની સંધિ રજુ કરવાનું માન મળ્યું છે. શાંતિથી, સ્વતંત્રતા, સમ્પત્તિ અને કીર્તિની પ્રાપ્તિ થાય છે. ફ્રાન્સને સ્વતંત્રતા અને શાંતિ પ્રાપ્ત થશે કે તરતજ સમગ્ર યૂરોપ સ્વતંત્રતારૂપી અમૃતનું પાન કરશે. "

નેપોલિયનનું ભાષણ સમાપ્ત થતાં ડાયરેકટરીના વક્તા બારાએ તેને સંબોધીને કહ્યું. " પ્રકૃતિએ બોનાપાર્ટને બનાવવામાં પોતાની સમસ્ત શક્તિઓનો વ્યય કરી દીધો છે, બોનાપાર્ટ ! તમે જાઓ અને જાતિના મુખપરથી અપમાનનો ડાઘ દૂર કરી તમારૂં જીવન અધિક દેદિપ્યમાન કરો. લંડનની કૅબિનેટને ભયભીત કરી તેને બતાવી આપો કે સ્વતંત્ર જાતિ કેટલી વીરતા દર્શાવી શકે છે. -હાઇન અને પોને જીતનારી સેનાને ટેમ્સ નદિના વિજયનો યશ પ્રાપ્ત કરાવો. " .

આ ભાષણ સાથે ઉક્ત સભા બરખાસ્ત થઇ. કિન્તુ, આ ભાષણના અંતિમ વાક્યોની સાથે એક નવિન યુગનો પ્રારંભ થયો. તે નેપોલિયન અને ઇંગ્લાંડની પ્રતિદ્વન્દ્વિતાનો યુગ હતો. જે વિરોધનો અંત સેંટ હેલિનામાં નેપોલિયનનો દેહ મળી ગયો તેની પૂર્વે આવ્યો નહિ. તે વિરોધની શરૂઆત આ સમયથી જ થઈ હતી. કિન્તુ આ પ્રતિદ્વંન્દ્વિભાવ અને વિરોધ જૂનો હતો. આ વિરોધનો પ્રારંભ ઉક્ત ઉભય દેશોના ઇતિહાસના પ્રારંભની સાથેજ થાય છે. કિન્તુ નેપોલિયનના હાથ નીચે તે એક વિશિષ્ટ તથા ભયાનકરૂપ ધારણ કરવાનો હતો. નેપોલિયન ઓસ્ટ્રિયાની સેનાની પૂઠ પકડી વિયેનાના કોટની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાયામાં જઈ પહોંચ્યો તે વખતેજ લંડનની કેબિનેટના હૃદયમાં તો ભયનો સંચાર થયો હતો. તેજ સમયથી તેને નેપોલિયનના નાના સરખા દેહમાં બ્રિટીશ સામ્રાજ્યરૂપી હસ્તીનો અંકૂશ દેખાવા લાગ્યો હતો, આજ વિરોધીભાવે આગળ જતાં વિકાસ પામી ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું. ઇજીપ્ટનો વિજય એ આ વિરોધપૂર્ણ નાટકનો પ્રથમ અંક હતો.

ઉક્ત સભાઓ અને મહોત્સવોની પછી નેપોલિયને પોતાનું જીવન ઘણુંજ સાદું બનાવી દીધું. સેનાપતિનો વેશ ઉતારી તેણે એક ઉત્તમ વિદ્યાપ્રેમી પુરૂષનું રૂપ ધારણ કર્યું. મોટી મોટી વિદ્વત્સભાઓનો તે સભાસદ બન્યો અને જેવો તે ઇટાલિની સેનાઓમાં પ્રસિદ્ધ હતો તેવો તે વિદ્વાનોની સભામાં મહા પ્રસિદ્ધ બની ગયો. પરન્તુ દીર્ઘકાળપર્યંત તે આ પ્રકારનું શાંત જીવન વ્યતીત કરી શક્યો નહિ. વિદ્વાનનાં ઢીલાં કપડાં ઉતારી તેને શીઘ્ર લશ્કરી બુટ અને સૂટથી પોતાનું શરીર કસવું પડયું. જ્યાં સુધી તેને શાંતિમાં રહેવાનું મળ્યું ત્યાં સુધી તે પોતાની સ્વાભાવિક ઉદ્યોગિતાથી વિદ્યા સંબંધી વિષયોનો ઉપભોગ લેતો રહ્યો. યદ્યપિ તેણે વિદ્યાલયમાં અતિ ઉચ્ચ શ્રેણીની શિક્ષા ગ્રહણ કરી નહોતી તથાપિ પોતાની અસાધારણ પ્રતિભાના પ્રભાવથી તે સર્વથી અપઠિત વિષયોપર પણ અત્યંત સરલતાથી વાતચીત કરી શકતો હતો. નિઃસંદેહ આ અવસ્થામાં તે મહાપુરુષ બનવાની ઇચ્છાથી ઘણો દુર હતો. તે વિનાકારણે અસંબદ્ધ કામોમાં ભાગ લેવાની ઇચ્છા રાખતો નહોતો અને તે ખરેખર શાંતિપ્રિય હતો.

કિન્તુ ડાયરેકટરી રાજનૈતિક શાસકોની સંદેહશીલતાથી પ્રેરિત થઇ નેપોલિયન પ્રત્યે કદિ પણ સંપૂર્ણ વિશ્વાસની દ્રષ્ટિથી જોતી નહોતી. તે તેપર પૂર્ણ ધ્યાન આપતી હતી. ગુપ્તચરો ચોતરફથી તેને ઘેરી રહ્યા હતા અને તેની એકે એક વાતની ખબર તેઓ ડાયરેકટરીની પાસે મોકલતા હતા, અને નેપોલિયન પોતે પણ આ સર્વ વાત જાણતો હતો અને તે સર્વ વાત જાણવા છતાં પણ જાણે નહિ જાણતો હોય તેવો વ્યવહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો હતો. તે કેવળ એટલુંજ ધ્યાન રાખતો હતો કે તે ડાયરેક્ટરીનાં કામોમાં ભળતો નહિ અને તેઓમાંના એક તરીકે ગણાવાનો પ્રયત્ન કરતો ન હતો. એમ કહેવાય છે કે ડાયરેક્ટરીએ એકવાર પોતાના પોલિસ ખાતાના અધ્યક્ષ ફૂશા (Fouche)ને નેપોલિયનને ગુપ્ત રીતે મારી નાંખવાની આજ્ઞા કરી હતી. ધૂર્ત ફૂશાએ ઉત્તર દીધો કે "નેપોલિયન આ અવસ્થામાં તમારા દ્વારા બધ્ય થઇ શકતો નથી, તેમજ ફૂશા નેપોલિયનનો ઘાતક પણ થઇ શકતો નથી." ચતુર પોલિસનો અધ્યક્ષ ડાયરેક્ટરોની અલોકપ્રિયતા અને નેપોલિયનની લોકપ્રિયતા વચ્ચેનો ભેદ સારી રીતે સમજી શકતો હતો.

અંતે ડાયરેક્ટરીએ નેપોલિયનને પૅરિસથી દૂર કરવાનો ઉપાય એ ધાર્યો કે તેને પૅરિસથી કોઇ એવા દૂરના સ્થાનમાં મોકલવો કે જ્યાંથી તે જીવતો પાછો ફરે નહિ અને ફરે તો તેના સૌથી મોટા શત્રુને મારીને જ આવે. તેણે તેને ઇંગ્લાંડપર પ્રહાર કરવા મોકલવાનો નિશ્ચય કર્યો. નેપોલિયન સ્વદેશની રક્ષાનું કાર્ય કરવાને તૈયારજ હતો. વળી મારા આવા એકાંતવાસથી લોકો રખેને મને સર્વથા ભુલી જશે એવો તેને ડર હતો. પોતાના એક મિત્રની આગળ તેણે પોતાના આ વિચાર પ્રકટ પણ કર્યા હતા. તે સમજતો હતો અને તેના બાલ્યાવસ્થાના સંસ્કાર તથા શિક્ષા તેને સમજવાને ફરજ પાડતી હતી કે સાંગ્રામિક વિજય એજ કીર્તિનો રસ્તો છે. તે રસ્તે ચાલવાને માટે તે સદા તત્પર રહેતો હતો. એટલા માટે તે તરતજ પુસ્તકને બદલે પુનઃ તલવાર પકડવાને ઉદ્યત થઈ ગયો. પ્રથમ ડાયરેક્ટરીએ તેને પાધરૂં ઇંગ્લાંડપર આક્રમણ કરવાને આજ્ઞા આપી. પરંતુ તે કાંઇ મૂર્ખ નહોતો. ડાયરેક્ટરીના આરામ ખુરશીપર આળોટનારા સભાસદોના જેટલો તે ઇંગ્લાંડની સ્થિતિથી અજ્ઞ નહોતો. તેણે તેને ઇંગ્લાંડપર સીધું આક્રમણ કરવામાં રહેલી મુશ્કેલીઓ ઘણી સારી રીતે સમજાવી. ઇંગ્લાંડનું સામુદ્રિક બળ તથા તે દેશના નિવાસીઓની દેશભક્તિ તથા સાહસ તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાર્ય કરવાથી રોકતું હતું. તેણે આ વાત ડાયરેક્ટરીને સમજાવતી વખત ઇંગ્લાંડને પરાજીત કરવાનો જે નવીન ઉપાય દર્શાવ્યો તે ખરેખર તેની અદ્ભુત બુદ્ધિનો પરિચય કરાવનાર હતો. તેણે તેને જણાવ્યું કે જો તમારે ઇંગ્લાંડ ને જીતવું હોયતો તેની પર એશીયામાં આક્રમણ કરો. તેનો પૂરો પ્રસ્તાવ એ હતો કે ભૂમધ્ય સમુદ્ર ને માર્ગે આલ્ટા, મીસર, સીરિયા ઇત્યાદિને જીતીને તેજ રસ્તાથી અંગ્રેજોના ભારતવર્ષ પર અધિકાર સ્થાપિત કરવો અને ત્યાંથી અંગ્રેજોને હાંકી કાઢવા. તેનો એવો મત હતો કે આમ કરવાથી માત્ર અંગ્રેજોનું સામ્રાજ્ય નષ્ટ થશે એટલું જ નહિ, પરંતુ તેનું સામુદ્રિક મહત્વ પણ લુપ્ત થઇ જશે. નેપોલિયનનો આ મહત્તાયુક્ત પ્રસ્તાવ ડાયરેક્ટરીની સમજમાં પણ ઉતર્યો અને તેથી તેણે નેપોલિયનને મિસર દેશ (ઇજીપ્ત) તરફ યાત્રા કરવાની આજ્ઞા આપી.

કેવળ ઇંગ્લાંડના મદ પર પ્રહાર કરવો એજ નેપોલિયનનો ઉદ્દેશ ન હતો. પશ્ચિમમાં તેને પોતાના વીર્ય અને શૌર્ય ને લાયક સામ્રાજ્ય સ્થાપિત થયેલું દ્રષ્ટિગોચર થતું નહોતું. સિકંદરના પૂર્વીય વિજયો પણ તેની દ્રષ્ટિ સામે તરી રહ્યા હતા. વળી તેના મનમાં એવો વિચાર પણ ઘૂમતો હતો કે જો હું આફ્રિકા તથા એશિયાના અસભ્ય દેશોને સભ્ય બનાવી શકીશ અને જો હું અત્યાચારી રાજ્યોના સ્થાનમાં ઉદાર રાજ્યો સ્થાપિત કરી શકીશ તો હું મનુષ્ય જાતિના ઉદ્ધારકો પૈકી એક ગણાઇશ. આ સર્વ વિચારો પોતાના મનમાં રાખી નેપોલિયન મિસરના વિજયને માટે કટિબદ્ધ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સપ્તમ પરિચ્છેદ.

મિસર દેશમાં પરાક્રમ.

हेतोः कुतोऽप्यसदृशाः सुजनाः गरीय : कार्य्यन्निसर्ग गुरवः स्फुटमारभन्ते ॥ रत्नाकर ।

'સ્વભાવથીજ જે માણસો મોટા હોય છે તેઓ સ્વાભાવિક રીતે કોણ જાણે કયાએ કારણથી સદા અત્યંત મહાન કાર્યનો જ પ્રારંભ કરે છે ?' રત્નાકર.

ચોતરફ એવી અફવા ફેલાઇ ગઈ કે લોદી અને આર્કોલાનો વિજેતા (નેપોલિયન) હવે કોઇક દેશપર આક્રમણ કરનાર છે–તેનો યુદ્ધધ્વનિ કોઇક દિશા તરફ પ્રસ્થાન કરનાર છે. આ શિવાય કાંઇપણ વાત કોઇ જાણતું નહોતું. કોઇ કહેતું કે આ 'નાનો સેનાપતિ "ઇંગ્લાંડના રાજાની ગાદી છીનવી લેવાને જાય છે. કોઇ કહેતું કે આ નૂતન સિકંદર ભારતવર્ષને પોતાના ચરણોમાં નમાવવાને જાય છે. સારાંશ કે જેટલાં મુખ તેટલી વાતો સંભળાવા લાગી. નેપોલિયન તથા ડાયરેકટરી શિવાય બીજું કોઇ જાણતું નહોતું કે એ મિસરનો વિજય કરવાને કટિબદ્ધ થયો હતો. નેપોલિયનના હાથ નીચેના સેનાપતિઓ પણ પોતાના અધ્યક્ષના ઉદ્દેશથી અજ્ઞાત હતા.

નેપોલિયન હવે પોતાની સ્વાભાવિક ચતુરાઇથી આ નવીન કાર્યને માટે તૈયાર થવા લાગ્યો. પૅરિસનાં સમસ્ત પુસ્તકાલયોમાં તેને મિસરના સંબંધમાં જેટલાં પુસ્તકો મળ્યાં તે સર્વ તેણે વાંચી નાંખ્યાં. આ તરફ બંદરપર વહાણો પણ તૈયાર થવા લાગ્યાં. વળી તેણે ઇટાલીની સેનાને પણ કેળવવા માંડી. આ સમયે સેનામાં ચાલિસ સહસ્ર સૈનિકો ઉપરાંત અનેક ભૂગોલાદિવેત્તા વિદ્વાનોને પણ લેવામાં આવ્યા. તેમનો ઉદ્દેશ મિસરનાં ભૌગોલિક તત્ત્વોની શોધ કરવાનો હતો. ટઉલનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહાણોનો આખો કાફલો તૈયાર કરવામાં આવ્યો. નિઃસંદેહ જે સાહસિક કાર્ય કરવાને માટે નેપોલિયન તૈયાર થયો હતો તે અત્યંત અસાધારણ હતું. બીજી તરફ ઇંગ્લાંડનાં વહાણોનો કાફલો ભૂખ્યા વાઘની પેઠે સમુદ્રમાં ફર્યા કરતો હતો. તે સમયે મિસરમાં ઉતરવું અને પછી પોતાની નાની સરખી સેનાવતી રુધિર પિપાસુ માણસોને પરાજિત કરવા એ કાંઇ હાંસી ઠઠ્ઠાની વાત નહોતી. કિંતુ નેપોલિયનનું સાહસિક મન આ વિચારોમાં ગુંચવાતું નહોતું, તે પ્રત્યેક સાહસને સિદ્ધ થઇ શકે એવું માનતો હતો. 'અસંભવિત' એ શબ્દ તેના શબ્દકોષમાં હતોજ નહિ.

હવે ૧૯ મી મે (૧૭૯૮) નો દિવસ આવી પહોંચ્યો. સેનાની તૈયારીનો તે દિવસ હતો. નેપોલિયન પોતાના થોડા મુખ્ય મુખ્ય સેનાધ્યક્ષોની સાથે ટઉલનમાં ગયો. ત્યાં આખી સેનાને એકત્રિત કરી તેણે તેને પ્રોત્સાહક વચનોથી ઉત્તેજિત કરી. પ્રાચીન વિજયોનું સ્મરણ કરાવી અને રોમની સેનાનું ઉદાહરણ આપી તેણે પોતાની સેનાને દેશની સમૃદ્ધિ, મનુષ્ય જાતિની પ્રસન્નતા અને પોતાની કીર્તિને માટે લડવાની પ્રેરણા કરી. આ વળી અહીંઆં ધ્યાન આપવા યોગ્ય છે કે યદ્યપિ તેણે પોતાની સેનાને સ્વતંત્રતા, સમાનત્વ વા ભ્રાતૃભાવના નામથી ઉત્તેજિત કરી નહોતી, તથાપિ તેણે કોઇ નીચ પ્રકારના લોભ દર્શાવ્યા નહોતા. પરંતુ ઇંગ્લાંડનાં પત્રો કે જેઓ અત્યારથી જ નેપોલીયનને પોનાનો મહાન્ શત્રુ ગણવા લાગ્યાં હતાં તેમણે ઉક્ત ભાષણનો એક વિચિત્રજ રિપોર્ટ પ્રકટ કર્યો, તેમાં નેપોલિયનના મુખમાં અત્યંત નીચ વાતો મૂકવામાં આવી હતી. કોઇએ છાપી માર્યું કે નેપોલિયને સેનાને લૂટફાટનો લોભ બતાવ્યો હતો, તો કોઇએ જણાવ્યું કે તેણે તેને જમીનનો લોભ દર્શાવ્યો હતો, પરંતુ વાસ્તવમાં તેના આ સમયના ભાષણમાં આ બાબતની ગંધ પણ નહોતી.

અસ્તુ! ૧૯ મી મેને દિવસે નેપોલિયનનો જંગી કાફલો બંદરમાંથી બહાર નીકળ્યો ત્યારે તે ભારે ગર્જના અને ચમકાર કરતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘ સમુદ્ર રૂપી વાયુ મંડલમાં વિહાર કરવા લાગ્યો. નેપોલિયન સ્થળ પર જેવો કાર્યકુશળ હતો તેવો જ કાર્યનિપૂણ તે જળપર પણ હતો. કાફલાના સમસ્ત માણસોનો સમય ભિન્ન ભિન્ન કાર્યોમાં વ્હેંચી નાખવામાં આવ્યો હતો. સમગ્ર સેના નિયત સમયે શસ્ત્ર ચલાવવાનો અભ્યાસ કરતી અને યથાસમયે જ ભોજન તથા વિશ્રામાદિ કરતી હતી. નેપોલિયનનો અને તેના અનુયાયિઓનો સમય તે પ્રકારેજ બંધાયલો હતો કે જે પ્રકારે રૂતુઓનો સમય વર્ષમાં બંધાયલો હોય છે. તે સ્વયં સમગ્ર કાફલા ઉપર દેખરેખ રાખ્યા ઉપરાંત વાતચીત કરવામાં અને વાંચવા લખવામાં પોતાનો સમય વ્યતીત કરતો હતો. તેનું મન મીણનું બનેલું હતું—તે તેને જે સમયે જેમ ઇચ્છામાં આવે તેમ વાળી લેતો હતો તે સેનાનો પ્રબંધ કરતો હોય તે સમયે યદિ ક્ષણભરમાં એકાદ ભૂગોળ વેત્તા આવીને કોઇ વાત છેડતો તો તેમાં પણ નેપોલિયન જ કોઇની પાછળ રહેતો નહોતો. કેટલાક માણસો તો તેને સર્વજ્ઞ માનતા હતા, કારણ કે તે પોતાની અસાધારણ પ્રતિભાના બળથી પ્રત્યેક વિષયમાં એકસરખી સરલતાથી વાતચીત કરી શકતો હતો.

'ग्रामं गच्छन् तृणं स्पृशति' એ ન્યાયાનુસાર રસ્તામાં જતાં જતાં તેણે માલ્ટા દ્વીપને પણ જીતી લીધો અને પછી આગળ પ્રસ્થાન કર્યું. રસ્તામાં કોઇ કોઇ વાર વહાણ પરથી કોઇ માણસ સમુદ્રમાં પડી જતો હતો. સમુદ્ર પર્યટન કરનારાઓને માટે આ એક સાધારણ વાત છે. પરંતુ નેપોલિયનને માટે આ સાધારણ વાત નહોતી. તે એક પણ પ્રાણીનો જીવ નિરર્થક જાય તે સહન કરી શકતો નહોતો. જ્યાં કોઇનો પડવાનો અવાજ આવતો કે તરતજ આ 'નાના સેનાપતિ'ના કાન ઉભા થઇ જતા હતા. આખો કાફલો ઉભો રાખવામાં આવતો હતો અને પાણીમાં ડૂબી જતી વ્યક્તિને બચાવવાનો યત્ન કરવામાં આવતો હતો. જે કોઇ તરી શકે એવો માણસ ડુબતા માણસને લઇ આવતો તેને ઘી કેળાં થતાં. નેપોલિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યન તેને પુષ્કળ ઇનામ અપાવતો હતો. એક રાત્રે ભારે ગમ્મત બની. કોઇ ભોજ્ય પદાર્થનો ટુકડો વહાણ પરથી નીચે તુટી પડયો. સર્વ વહાણો ઉભાં રાખવામાં આવ્યાં. તરનારા ચોતરફ ઘુમવા લાગ્યા. અંતે વાસ્તવિક વાત પકડાઇ. નેપોલિયને તારાઓને પહેલાં કરતાં પણ અધિક ઇનામ આપ્યું. કારણ કે તેણે ધાર્યું કે યદિ મનુષ્ય પડી ગયું હોત તો પણ તેઓ આવોજ પ્રયત્ન કરત. **ઇનામ પરિશ્રમ તથા સહભાવનું હતું. નહિ કે કાઢેલી વસ્તુનું.—**

જુલાઇની ૯ મી (૧૭૯૮) તારિખે સાયંકાળના સમયે તે શરવીર પુરુષોથી ભરેલો કાફલો બંદર એલેકઝાન્ડ્રિયાથી થોડાઅંતર પર જઇ પહોંચ્યો. ત્યાં આવતાંજ નેપોલિયનને ખબર મળી કે એક દિવસ પૂર્વેજ ઇંગ્લાંડનો કાફલો ફ્રેંચ કાફલાની તપાસ કરવાને માટે ત્યાં આવી ગયો હતો. વસ્તુતઃ વાત એવી હતી કે નેપોલિયન જ્યારથી ટઉલનથી ચાલ્યો હતો ત્યારથીજ અંગ્રેજોનો કાફલો પણ ગુપ્તચરની પેઠે તેની તપાસમાં ફરતો હતો. તપાસ કરતાં કરતાં તે નેપોલિયનથી એક દિવસ પૂર્વેજ એલેકઝાન્ડ્રિયામાં આવ્યો અને તેને ત્યાં નહિ જોયાથી પાછો ફરી ગયો. નેપોલિયનની આ સમુદ્રયાત્રાથી અંગ્રેજી કેબિનેટ (પ્રધાનમંડળ)ના મનમાં ધ્રાસ્કો પડયો હતો અને રાત્રિદિવસ ત્હેને 'નેપોલિયન' સિવાય અન્ય કોઇનું પણ ચિંતન રહેતું નહોતું.

નેપોલિયન સાયંકાળે ત્યાં પહોંચ્યો. આખી રાત સેનાઓ કિનારાપર ઉતરતી રહી. પ્રાતઃકાળ થતાંજ સમસ્ત સેના સજ્જ થઇ ગઇ. એલેક્ઝાંડ્રિયા નગરપર તેજ દિવસે સત્તા સ્થાપિત કરવામાં આવી. તેને કબ્જામાં લઇ નેપોલિયને મિસરવાસીઓના નામથી એક ઘોષણા પત્ર બહાર પાડયો. તેમાં તેણે જણાવ્યું કે, " હું તમારો ધર્મ નષ્ટ કરવાને આવ્યો નથી. તમારી ઉપર જે લોકો શાસન કરે છે તેમના કરતાં પણ હું ખુદાને હઝરત મુહમ્મદને અને કુરાન શરીફને વિશેષ માન આપું છું. તમારા શાસક મમલૂક લોકો છે. તેઓ તમારાપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે અત્યાચાર કરે છે, તેમાંથી મુક્ત કરવાને હું આવ્યો છું. જેઓ મારી સાથે રહેશે તેમને સર્વ સુખો પ્રાપ્ત થશે, કિંતુ જેઓ મારી સાથે વિરોધ કરશે તેમનું તો નામનિશાન પણ આ ભૂતલપર રહેશે નહિ." આ ઘોષણાપત્ર મિસરવાસીઓને નેપોલિયનના ઝંડા નીચે લાવવાને પૂરતો હતો. બહુધા એમ કહેવાય છે કે નેપોલિયને અહીં-આંના અજ્ઞ લોકોને મોહિત કરવાને માટે માત્ર આડંબરજ રચ્યો હતો, કારણ કે નેપોલિયન ખ્રિસ્તી હતો, મુસલમાન નહોતો. કિંતુ વાસ્તવમાં વાત એ હતી કે નેપોલિયને કદિ પણ પોતાને સાચો ખ્રિસ્તી કહ્યો નહોતો. તે ઈશ્વરપર શ્રદ્ધા રાખતો હતો અને સમસ્ત મહાન ધર્મ પ્રચારકોપર પણ તેને વિશ્વાસ હતો. ધર્મનાં કેટલાંક મૂળ સત્યો પર તે પ્રેમ રાખતો હતો, પરંતુ કોઈ વિશેષ મતપર પ્રેમ રાખતો નહોતો. નિઃસંદેહ, તે મુહમ્મદી ધર્મનો વિરોધી નહોતો, માટે તેનો આ ઘોષણાપત્ર છલરૂપ બની શકતો નથી. આ વાતમાં લેશ પણ સંશય નથી કે આ પત્ર સત્ય હતો અને નેપોલિયને તેનો ઘણી સારી તકપર ઉપયોગ કર્યો હતો. એટલા માટે નેપોલિયનના ઘોષણા પત્રપર એવો દોષ મૂકી શકાય છે કે તેણે ધર્મ જેવી પવિત્ર વસ્તુને રાજનૈતિક વિજયનું સાધન બનાવ્યું હતું.

નેપોલિયન છ દિવસ પર્યંત એલેક્ઝાંડ્રિયામાં રહ્યો પછી ત્રણ સહસ્ર સૈનિકોને ત્યાં મૂકી તેણે મિસરની રાજધાની કેરોના વિજયને માટે પ્રસ્થાન કર્યું. જતી વખતે તેણે પોતાના સામુદ્રિક સેનાપતિ બ્રુઇસ (Brueys) ને આશા આપી કે હાલમાં તમારો કાફલો અરક્ષિત અવસ્થામાં પડયો છે, માટે તેને એ અવસ્થામાંથી બહાર કાઢી બંદરના મધ્ય ભાગમાં લઇ આવો, કે જેથી તેનીપર આક્રમણ કરવાનું કોઇપણ શત્રુ સાહસ કરી શકે નહિ. નેપોલિયનની શેષ સેનાના પ્રસ્થાનનો આરંભ થયો, જે માર્ગે નેપોલિયન જવા માગતો હતો તે આખો માર્ગ રેતાળ મેદાનનો બનેલો હતો. રસ્તામાં પાણી વા વનસ્પતિનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ નહોતું. પાંચ દિવસ અને પાંચ રાત સુધી આખી સેનાને આ મરુ સ્થલમાં પ્રવાસ કરવો પડયો. આ સમય દરમ્યાન સેનાના ધૈર્યની તથા તેના નેપોલિયન પ્રતિના પ્રેમની અતિ સૂક્ષ્મ પરીક્ષા થઇ. આ દિવસોમાં આ વાત સિદ્ધ થઇ ગઈ કે સેનાની સાથે નેપોલિયન કાંઈ કાચાં બંધનોથી બંધાયો નહોતો, પરંતુ તેને તેની સેનાની સાથે જોડનારાં બંધનો પોલાદ અને વજ્ર કરતાં પણ દ્રઢ હતાં. નેપોલિયન પોતે પણ આ દિવસોમાં પોતાના ઘોડાની પીઠપરથી ઉતરીને ટુંકાં ટુંકાં પગલાં ભરી પગેજ ચાલતો હતો. તે નીચે રેતીપરજ સુઈ રહેતો અને સૈનિકોના જેવુંજ સાદું ભોજન કરતો હતો. આ કારણથી તેનું બંધન અધિક દ્રઢ થયું. આ યાત્રામાં મમલૂક શિપાઇઓએ પણ ફ્રેંચ સેનાને ઘણું કષ્ટ આપ્યું. કદિ રાત્રે તો કદિ દિવસે તેઓ અહીંતહીંથી આવીને છાપા મારતા અને બે ચાર માણસોને મારીને નાશી જતા.

અંતે આ વિપત્તિનો પણ અંત આવ્યો. છ દિવસની નિરંતર યાત્રા પછી આખી ફ્રેંચ સેના કૈરો નગરની સમીપ આવી પહોંચી. નીલ નદીના પૂર્વ તટપર કૈરો નગર વસેલું છે અને તેના પશ્ચિમ તટપર નેપોલિયન પોતાની સેનાને લઇને આવી પહોંચ્યો. ત્યાં મેદાનમાં પોતાની સેના સહિત ઉભા રહી જ્યારે તેણે ચોતરફ દ્રષ્ટિપાત કર્યો ત્યારે તેને મિસરના અતિ પ્રાચીન પિરામીડો દ્રષ્ટિગોચર થયા. તેને જોતાંજ તેના કવિ તુલ્ય કલ્પના પૂર્ણ મનમાં અત્યંત તેજસ્વી ભાવ ઉત્પન્ન થયો અને તે પોતાની સેનાની સામેથી એમ કહેતો કહેતો ચાલ્યો ગયો કે "સૈનિકો ! આ દૂરવર્તી પિરામીડોપરથી ચાલીસ શતાબ્દિઓ (૪૦૦૦ વર્ષ) તમારાં અદ્ભુત કાર્યોને નિહાળી રહી છે." આ શબ્દોએ નેપોલિયનની સેનાને અત્યંત ઉત્તેજિત કરી અને તેથી તે પોતાની સ્વાભાવિક વીરતાને પ્રાપ્ત થઇ ગઇ. મમલૂકોનો સરદાર મુરાદબે પોતાના દશ સહસ્ર ઘોડેસ્વારોની સામે જગતની કોઇ પણ શક્તિને ગણતરીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજતો નહોતો. એ દશ સહસ્ર ઘોડેસ્વારોને સહાયતા કરવાને માટે તેની પાછળ બીજી ૨૯ સહસ્ર પાયદલ સેના હતી આટલા બળ સાથે મુરાદબેએ નેપોલિયનપર આક્રમણ કર્યું. તેની પાસે જેટલી બ્રિટિશ સરકારની મોકલેલી તોપો હતી તેની હાર તેણે લાકડાના આધાર પર નગરની સામે એવી રીતે ગોઠવી હતી કે તે તુટી શક્તિ નહોતી. નેપોલિયને દૂરથીજ આ જોઇ લીધું. તેથી તેણે સામેનો પ્રહાર છોડી એક બાજુથી પ્રહાર કરવા માંડયો. આ જોઇ મુરાદબેને વિશેષ જોશ ઉત્પન્ન થયું અને પોતાના ઘોડેસ્વારોને તેણે આક્રમણ કરવાની આજ્ઞા આપતાં તેણે કહ્યું કે આ કુતરાઓને ઘાસની પેઠે કાપી નાંખો. નિસ્સંદેહ, મમલૂક ઘોડેસ્વારોની બરાબરી કરી શકે એવા બીજા ઘોડેસ્વારો આખા જગતમાં મલવા કઠિન હતા. યુદ્ધની સમાપ્તિ થયા પછી નેપોલિયને કહ્યું હતું કે "યદિ મને ફ્રેંચ પાયદલ સેનાની સાથે મમલૂક ઘોડેસ્વારો મળી જાય તો હું આખી પૃથ્વીનો રાજા થઇ શકું."

મમલૂક ઘોડેસ્વારોએ ધસારો કર્યો, પરંતુ ફ્રેંચ સેના દિવાલની પેઠે અડગ ઉભી રહી. નેપોલિયનના તોપખાનાએ પણ પોતાનું મુખ ખોલી દીધું. બસ, પછી તો પૂછવુંજ શું ? એક કલાક કરતાં પણ ઓછા સમયમાં અર્ધા કરતાં અધિક ઘોડેસ્વારો મરણ પામ્યા અને જે શેષ રહ્યા તે પલાયન કરી ગયા. પાયદળ સેના પણ અગિયારા ગણી ગઇ. સેનાનો એક મોટો ભાગ દરિયામાંજ ડુબી ગયો. અને નેપોલિયનની વિજયી સેના કૈરોનગરની અને તેની સાથેજ મિસરની સ્વામિની બની ગઇ. આ યુદ્ધનું નામ 'પિરામીડોનું યુદ્ધ' રાખવામાં આવ્યું. આ યુદ્ધ નેપોલિયનનાં પરમ પ્રસિદ્ધ તથા ભાગ્ય રક્ષક યુધ્ધો પૈકી એક હતું.

આ યુધ્ધે એશિયા અને આફ્રિકામાં નેપોલિયનના નામનો ત્રાસ વર્તાવી દીધો. હવે તેનું નામ " આગનો સુલતાન " પડી ગયું. ચોતરફ આ વિજયી નામ પ્રસિદ્ધ થઇ ગયું. પરંતુ વિજયમાં ઉદારતા બતાવવી એજ સજ્જનતાનું ચિન્હ છે. 'ज्ञाने मौनं क्षमा शक्तौ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ સજ્જનતાનું લક્ષણ છે. 'विकार हेतौसति विक्रियन्ते येषान्न चेतां सिसत एव धीराः। ધીર પુરૂષલેજ છે કે જેનું મન વિકારનું કારણ પ્રાપ્ત થયા છતાં પણ વિકારી થતું નથી. કારણ પ્રાપ્ત થયા છતાં પણ જેઓ પોતાના મનને વિકૃત રાખે છે તેઓ તો મનુષ્ય નામથી પણ ઓળખાવાને યોગ્ય નથી. નેપોલિયને આ સમયે ક્ષમા તથા દયાનો ભાવ દર્શાવી પોતાની સત્પુરૂષતા તથા મહાનુભાવતાનો પરિચય કરાવ્યો. મુરાદબેની સ્ત્રી કેરોમાં હતી. તેનો ત્હેણે રાજપત્ની સમાન આદર કર્યો. આખા નગરમાં સ્ત્રીજાતિની રક્ષા કરવાની નેપોલિયને આજ્ઞા આપી દીધી ને જૂના કેદીઓને મુક્ત કર્યા.

હવે નેપોલિયને મિસરને સભ્ય બનાવવાની શરૂઆત કરી. ન્યાય વિભાગનું સંશોધન તેણે સૌથી પ્રથમ કર્યું. રોગીઓને માટે ઔષધાલયો બંધાવ્યાં. સ્થળે સ્થળે લઢાઇનાં બાંધકામો સ્થાપન કર્યાં. જૂની ઇમારતો અને મસ્જીદોની રક્ષા તરફ વિશેષ ધ્યાન આપ્યું. આરબ લોકો નેપોલિયનની આ દયા પૂર્ણ અને સૌમ્ય ચેષ્ટાથી પ્રસન્ન અને આશ્ચર્યચકિત થયા.

નેપોલિયનની ન્યાયપ્રિયતાનું એક અતિ સુન્દર ઉદાહરણ પ્રસિદ્ધ છે, એક દિવસ તે કેટલાક શેખોની સાથે વાતચિત કરી રહ્યો હતો. એવામાં તેને ખબર મળી કે કેટલાક લૂટારાઓ એક ખેડૂતને મારી નાંખીને ચાલ્યા ગયા છે. નેપોલિયને આજ્ઞા આપી કે હમણાં ને હમણાં એ લૂટારાઓને પકડી લાવો. એક સામાન્ય ખેડૂતને ન્યાય આપવાની આવી વાત શેખ લોકોને વિચિત્ર લાગતી હતી, તેથી તેઓ બોલી ઉઠયા " શું તે તારો સગો થતો હતો કે તું તેના મૃત્યુથી એટલો બધો નારાજ થયો છે ? " નેપોલિયને શાંતિથી ઉત્તર આપ્યો, " તે મારા સગા કરતાં પણ અધિક હતો. પરમાત્માએ તેની રક્ષાનો ભાર મને સોંપ્યો હતો. " શેખોએ આશ્ચર્યચકિત થઇ કહ્યું " અહો ! તું તો ખુદાના મોકલેલા પેગમ્બરની પેઠે બોલે છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારણાના પવિત્ર કાર્યમાં નિમગ્ન થયેલા નેપોલિયનના સાંભળવામાં આવ્યું કે જે કાફલો એલેકઝાંડ્રિયામાં થોભ્યો હતો તે વિધ્વસ્ત થઇ ગયો છે. લોર્ડ નેલ્સન બ્રિટિશ કાફલાને પોતાની સાથે લઇ ફ્રેંચ કાફલાની શોધમાં ફરતો હતો અને અંતે તે તેને પ્રાપ્ત થયો. હજી સુધી સેનાપતિ બ્રુઇસે નેપોલિયનના કહેવા પ્રમાણે સુરક્ષિત સ્થાનનો આશ્રય લીધો નહોતો. તેથી નેલ્સને શીઘ્ર તેના કાફલાને નષ્ટ કરી દીધો, આ સમાચાર નેપોલિયનને માટે અત્યંત ભયંકર હતા, કારણકે ઉક્ત કાફલાના ધ્વંસથી તે એક પ્રકારે મિસરમાં કેદી બની ગયો. હવે તે કોઇ પણ પ્રકારે બહાર નીકળી શકતો નહોતો. કિંતુ નેપોલિયને આ સમાચાર શાંતિથી સાંભળ્યા અને તે સેનાને નિરાશ થતાં અટકાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

આ ઘટના બન્યા પછી થોડા દિવસમાં કેરોથી નાઠેલા મુરાદબેએ એક અતિ મોટી ગુપ્ત યોજના કરી. કેટલાક મમલૂક સૈનિકો પણ આ યોજનામાં ભળેલા હતા, કેરો નગરને ઘેરો ઘાલી નેપોલિયનને સેના સહિત મારી નાંખવાને માટે એક દિવસ નિશ્ચિત કરવામાં આવ્યો. થોડા વખત સુધી તો આ યોજના ચાલુ પણ રહી અને કેટલાક ફ્રેંચ સિપાઇઓ અચાનક માર્યા ગયા. કિંતુ નેપોલિયન આ તુચ્છ યોજનાના કાબુમાં આવે એવો આદમી નહોતો. તેણે અપરાધીઓને અત્યંત કઠોરતાથી દંડ આપ્યો, અને આ સમયે કઠોરતા આવશ્યક પણ હતી. તે વિદેશી લોકોની વચ્ચે પડેલો હતો. યદિ ત્યાં તે આવી કઠોરતાથી દ્રોહનું દમન કરત નહિ તો તેના વીર સૈનિકોમાંથી એક પણ જીવંત રહેત નહિ.

આ સમયે નેપોલિયનના સાંભળવામાં આવ્યું કે કેટલીક સેના એકત્રિત થઇને સીરિયા તરફથી તેનાપર આક્રમણ કરે છે. તેણે આ ખબર સાંભળતાં જ એવો નિશ્ચય કર્યો કે ગમે તે થાય પરંતુ સીરિયાને પણ અવશ્ય વિજિત દેશોમાં ઉમેરવો જોઇએ. બસ, પછી તો પૂછવુંજ શું ?. આખી સેનાને સજ્જ કરીને તેણે સીરિયાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજયને માટે પ્રસ્થાન કર્યું. જે શત્રુની સામે યુદ્ધ કરવાને માટે નેપોલિયને પ્રસ્થાન કર્યું હતું તે તુર્ક લોકોની ખૂની સેના હતી. આ સેનાને સાહાય્ય કરવાને માટે ઇંગ્લાંડ અસ્ત્રશસ્ત્ર અને સિપાઇઓ ઝપાટાબંધ મોકલી રહ્યું હતું રશિયાનાં જહાજો પણ પોતાની સેનાઓને લઇને આમ તેમ ઘુમી રહ્યાં હતાં. શત્રુઓની પચાસ સાઠ હજાર સેનાની સામે વિદેશમાં બાથ ભીડવાને નેપોલિયન પ્રાયઃ પંદર હજાર સેના લઇને રવાના થયો.

શત્રુની સેનાને તેણે એકર નગરની સમીપના મેદાનમાં એક ઘણી મોટી શિકસ્ત આપી અને તે નગરને ચોતરફથી ઘેરી લીધું. નગરની અંદર ઇંગ્લાંડનો સેનાપતિ સર સિડની સ્મિથ પોતાની શિક્ષત તથા સુસજ્જ સેનાને લઇને પડેલો હતો. નેપોલિયને તેને ઘણા દિવસ સુધી ઘેરીને પોતાને તાબે કરવાનો વિચાર રાખ્યો હતો. બે માસ સુધી તે નિરંતર ઘેરો ઘાલીને પડી રહ્યો. પરન્તુ ત્યારપછી પણ તે સ્થળ પોતાના કબજામાં આવ્યું નહિ. છતાં હજી પણ વિશેષ વિડમ્બના બાકી હતી. આ સમયે અંગ્રેજોનાં જહાજો તુર્કોની સેનાઓને નેપોલિયનની સામે લડવાને નિરંતર સીરીયામાં ઉતારી રહ્યાં હતાં. આ સર્વ મુશ્કેલીઓનો વિચાર કરી નેપોલિયને ઘેરો છોડી મિસરમાં પાછા ફરવાનોજ નિશ્ચય કર્યો. તદનુસાર ૨૦મી મેને દિવસે નેપોલિયન એકરને પોતાના ભાગ્યપર છોડી કેરો તરફ પાછો ચાલ્યો. ત્રણ મહિનાની યાત્રા પછી તે પુનઃ પોતાની રાજધાનીમાં પ્રવિષ્ટ થયો.

આ સમયે નેપોલિયન અતિ ભારે મુશ્કેલીમાં આવી પડયો હતો. તેની સેનામાં પ્લેગ ફેલાવાથી સિપાઇઓની સંખ્યા કમી થતી જતી હતી. આ તરફ યુદ્ધમાં પણ સૈનિકોની એક મોટી સંખ્યા મરી ચૂકી હતી. ફ્રાન્સનો કાફલો સર્વથા છિન્નભિન્ન જ થઇ ગયો હતો તેથી સહાયતાની જરા પણ આશા નહોતી. આ તરફ તો આ હાલત હતી અને પેલી તરફ બ્રિટિશ જહાજો તુર્ક સેનાઓને ધડાધડ આબુકિરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાડીમાં ઉતારી રહ્યાં હતાં. આ સમયે ઇંગ્લાંડ નેપોલિયનના લોહીનું તરસ્યું બની રહ્યું હતું. તે નેપોલિયનનો પરાજય કરવાને ઇચ્છતું હતું કદાચ તેને નેપોલિયનનો વિજય થવાથી ભારતવર્ષ ખોવાયાનો ડર હતો. કદાચ તે ફ્રાન્સની વૃદ્ધિંગત થયેલી શક્તિ ને પોતાની વ્યાપક શક્તિને માટે ઘાતક માનતું હતું. ગમે તેમ હો, પરંતુ તે નેપોલિયનનો વિજયક્રમ બંધ કરવાને પ્રયત્ન કરતું હતું અને અમારા ધારવા પ્રમાણે તેનો વિરોધ ઘણે અંશે યોગ્ય અને આવશ્યક પણ હતો. નહિં તો કોઇ પણ પ્રતિબંધથી ન રોકાય એવો નેપોલિયન કોણ જાણે શુંએ કરત ? શું આખી પૃથ્વી પણ તેની મહાત્વાકાંક્ષાની આગળ તુચ્છ નહિ લાગત ?

આ તરફ તો ઇંગ્લાંડનો આવો વિરોધ અને યત્ન હતો ત્યારે પેલી તરફ ફ્રાંસમાં પણ ખરાંબ મામલો ચાલી રહ્યો હતો. ઘરની ફૂટથી અને બહારના પરાજયોથી ફ્રાન્સની પ્રાચીનકાર્યશક્તિ ધુળમાં મળી ગઇ હતી. તેથી પણ નેપોલિયન ઘણો ચિંતાતુર બની ગયો હતો. આ ઉભય કારણોથી તેણે ફ્રાન્સ તરફ પાછા ફરવાનો વિચાર કર્યો, પરંતુ પાછા ફરવું એ પણ કાંઇ સુલભ કાર્ય નહોતું, આબુકિરની ખાડીમાં ૧૮ સહસ્ત્ર તુર્ક સેના પોતાના ડેરા નાંખીને પડી હતી અને અધિક સેનાના આગમનની રાહ જોઇ રહી હતી. આવી ભયાનક વિપત્તિ રૂપી રાતમાં નેપોલિયનના મનમાં અકસ્માત સાહસ રૂપી ચંદ્રમાનો ઉદય થયો. મહાપુરુષોનું આ એક ચિન્હ છે કે જ્યારે ચોતરફ નિરાશારૂપી મેઘ ઘેરાઈ જાય છે ત્યારે તેમના મનમાં ઉત્સાહરૂપી વાયુની એક લેહરિ ઉત્પન્ન થાય છે, અને તે નિરાશાના સર્વ મેઘોને છિન્ન ભિન્ન કરી નાંખે છે. નેપોલિયનના મનમાં પણ હમણાં આવીજ એક વિચાર લહરિ ઉત્પન્ન થઇ. તેણે જેમ બને તેમ જલદી આબુકિરમાં પડેલી સેનાને કાપી નાંખવાનો નિશ્ચય કર્યો. તત્ક્ષણજ તેની આખી સેના કેરોનો ત્યાગ કરી આબુકિરની તરફ ચાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરુ સ્થલના કઠોર રસ્તામાં રાત્રિ દિવસ ચાલતી નેપોલિયનની મજબૂત સેના સાત દિવસમાં આબુકિર પહોંચી ગઇ. નેપોલિયનની સેના કેવળ આઠ હજારનીજ હતી અને તે શ્રમિત થયેલી હતી, જ્યારે શત્રુની તાજી સેના ૧૮ સહસ્રથી ઓછી નહોતી અને તે છતાં પણ આ અમાનુષિક શક્તિસંપન્ન મનુષ્ય હરવાની તો વાતજ જાણતો નહોતો. ૨૫ મી જુલાઈના પ્રાતઃકાળમાં તુર્ક લોકો હજુતો જ્યારે પોતાની શય્યાપર હજી પડી રહેલા હતા તે સમયે નેપોલિયને એકાએક આક્રમણ કરવાની આજ્ઞા આપી. તુર્ક લોકોને સજ્જિત થવાને માટે પણ પૂરતો સમય મળ્યો નહિ, એટલામાં નેપોલિયનની ઘોડેસ્વાર સેનાનો અધ્યક્ષ મૂરા પોતાના અનિવાર્ય સ્વારોની સાથે તેના પર જઇ ચઢયો. મૂરા નેપોલિયનની ઘોડેસ્વાર સેનાનો સૌથી મોટો અધ્યક્ષ હતો. જ્યારે તે જવાન પોતાની જંગી ફોજની સાથે આક્રમણ કરતો હતો ત્યારે શત્રુઓનાં સંકટોનો કાંઇ પાર રહેતો નહોતો. તેની સેનાના પ્રહારને રોકવો એ કાંઇ હાંસી ખેલ નહોતો. જ્યારે તે પોતાના દીર્ઘકાય ઘોડા પર સ્વાર થઇને ડાબા હાથની તલવાર હલાવતો હતો અને આક્રમણ કર્તાઓની સામે આવી જતો હતો ત્યારે તેની સેનામાં ચંડિકાલીલાનો જ પ્રવેશ થઇ જતો હતો. ઈતિહાસમાં મરાનું કોઇપણ આક્રમણ એવું લખ્યું નથી કે જે વ્યર્થ ગયું હોયે. આવો વિકટ વીર મૂરા જ્યારે તુર્કોની ઉપર જઇ ચઢયો ત્યારે પછી શું તેઓ પરાસ્ત થયા વિના બચી શકે? અલ્પ સમયમાં જ તે અઢાર હજાર વીરોનું સૈન્ય નામશેષ થઇ ગયું. તેમનાં શરીરમાંના રુધિરથી આખી ખાડી લાલ બની ગઇ અને તે લાલ ખાડીમાં થઇને નેપોલિયન પોતાના પ્રાયઃ પાંચસેં સિપાઇઓ લઈ એક નૌકામાં બેસીને ફ્રાન્સ જવાને માટે નીકળ્યો.

આબુકિરના યુદ્ધ પછી નેપોલિયને પોતાની અને સેનાની સ્થિતિ પર ખૂબ વિચાર કર્યો. તેની પાસે કાંઇ સામુદ્રિક બળ નહોતું, કે જે દ્વારા તે મિસરથી ફ્રાન્સ જઇ શકે. ૩૦ સહસ્ર સેનાને પાર કેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે ઉતારવી? આ પ્રશ્ન પર નેપોલિયનને વિચાર કરવાનો હતો. ફ્રાન્સમાં તો ડાયરેક્ટરી આપોઆપ જ ડૂબી રહી હતી. તે નેપોલિયનની સેનાની સહાયતાર્થે શું કરી શકે એમ હતું? વળી ડાયરેક્ટરી નેપોલિયન પર ઇર્ષ્યા રાખતી હતી. તેણે તેને ઇજીપ્ટમાં મરવાને માટેજ મોકલ્યો હતો. તો પછી તે આ વિપત્તિમાં તેને સાહાય્ય કેમ કરે? આ સર્વ વાતોનો વિચાર કરી નેપોલિયને જેમ બને તેમ સત્વર ફ્રાન્સમાં જઇ સેનાને ફ્રાન્સ સુધી પહોંચાડવાનો પ્રબંધ કરવાનો નિશ્ચય કર્યો. આ પરોપકાર ભાવ શિવાય બીજો એક સ્વાર્થનો ભાવ પણ નેપોલિયનને શીઘ્ર ફ્રાન્સ જવાને પ્રેરિત કરી રહ્યો હતો. તે જાણતો હતો કે ફ્રાન્સમાં ડાયરેક્ટરીની સત્તા નિર્બલ બની રહી છે. એટલા માટે તે ખાત્રીપૂર્વક માનતો હતો કે માત્ર થોડા દિવસમાંજ પુનઃશાસન સંસ્થામાં પરિવર્તન થશે. આવા પરિવર્તનના સમયમાં હાજર થવું તે આવશ્યક માનતો હતો. તે પોતાની શક્તિ અને લોકપ્રિયતાથી પરિચિત હતો અને તેથી તે આ અમૂલ્ય અવસરને હાથથી જવા દેવા માગતો નહોતો.

પોતાના આ નિશ્ચયનો વિશેષ પરિચય તેણે પોતાના કેટલાક વિશ્વાસપાત્રો શિવાય બીજા કોઇને પણ આપ્યો નહિ. ૨૨ મી ઓગસ્ટને દિવસે પ્રાયઃ ૧૦ વાગે તે પોતાના ૫૦૦ સાથીઓ સહિત નૌકામાં સ્વાર થઇ ફ્રાન્સ જવાને માટે રવાના થયો. જીવન ભરમાં નેપોલિયને જેટલાં સાહસિક કામો કર્યાં તેમાં આ કાર્યનું પદ અત્યંત ઉચ્ચ છે. જે સમયે નેપોલિયન પોતાની આ ક્ષુદ્ર નૌકામાં બેઠો તે સમયે લોર્ડ નેલ્સન પોતાનો અદમ્ય કાફલો લઇને ભૂમધ્ય સમુદ્રની રક્ષા અર્થે ઘુમી રહ્યો હતો. નેપોલિયન પણ આ બાબતથી અનભિજ્ઞ નહોતો. કિંતુ નેપોલિયન જે સાહસના આશ્રયથી નેપોલિયન બન્યો તે જ્યાં સુધી તેની પાસે હતું ત્યાં સુધી તે પૃથ્વી અને આકાશમાં કોઇ પણ શક્તિથી ડરતો નહોતો. નેપોલિયનની પ્રતિભા આ નાના સરખા કાફલાને સુરક્ષિત દશામાં ફ્રાન્સમાં લઇ ગઇ. અને નેલ્સન તો દિગ્મૂઢ બની જોતોજ રહી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે નેપોલિયનની આ અસાધારણ તથા સ્મરણીય વિજય યાત્રા સમાપ્ત થઇ. આ યાત્રાના સંબંધમાં બે વાતો એવી છે કે જેને અમે આ પરિચ્છેદ સમાપ્ત કર્યા પૂર્વે લખી દેવી આવશ્યક માનીએ છીએ. જે સમયે તે સીરિયાના વિજયને માટે જતો હતો તે સમયે તેણે શત્રુના બે સહસ્ર સિપાઇઓને ઘેરી લીધા હતા. સિપાઇઓએ ફરીથી નહિં લડવાની શરતે શસ્ત્રો છોડી દેવાથી નેપોલિયને વિજયીને શોભે એવી ઉદારતા દર્શાવી તેમને છોડી દીધા. આ સિપાઇઓ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાને બદલે પુનઃ પોતાની સેનામાં જઈ મળ્યા. આકફ્રા નગરને જે વખતે નેપોલિયને ઘેરો ઘાલ્યો તે વખતે ઉક્ત સિપાઇઓ પુનઃ સામા પક્ષના યોદ્ધાઓમાં શામિલ હતા. નેપોલિયને તેમની પાસે એક દૂત મોકલી તેમને લડતાં બંધ રહેવાનું કહેવરાવ્યું. તેમણે તે દૂતનું મસ્તક કાપી લઇ તેને વૃક્ષની સાથે ટાંગી દીધું. આ જોઇ નેપોલિયનની સેનાને ક્રોધ આવ્યો અને થોડી વારમાંજ તે બે સહસ્ર સૈનિકોને પાછા પકડવામાં આવ્યા. તેમને કેદી બનાવવામાં આવ્યા ખરા, પરંતુ તેમને અન્ન, વસ્ત્ર અને વિશ્રામસ્થાન પૂરાં પાડવાની નેપોલિયનની પાસે જોગવાઇ નહોતી. ખુદ તેની સેના પણ મુશ્કેલીમાં હતી. તો પછી તે તેમનું પાલન કેવી રીતે કરી શકે? બીજો ઉપાય તેમને છોડી દેવાનો હતો. પરંતુ તેમ કરવું અસંભવિત હતું. જે સિપાઇઓ એક વાર પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી ચૂકયા હતા તે પુનઃ શત્રુઓમાં જઇને નહિ મળે તેનું શું પ્રમાણ હતું? નેપોલિયનની સેના મૂળેજ શત્રુની સેનાની સામે એવી હતી કે જેવું સમુની સામે એક નાનું સરખું તળાવ. માટે આ પ્રસંગે તેનું કર્તવ્ય શત્રુસેના રૂપી સમુદ્રને સુકવી નાંખવાનું હતું, નહિ કે તેમાં બીજી નદીઓ ઉમેરવાનું. તે છતાં પણ નેપોલિયન તે સિપાઇઓને છોડી મૂકવાને તત્પર હતો. પરંતુ તેની સેના કયાં માનતી હતી? તે તો આ શત્રુઓ પર અત્યંત ક્રોધાયમાન બની રહી હતી. આ સર્વ મુશ્કેલીઓ જોઇ નેપોલિયને તે સર્વ સિપાઇઓને મારી નંખાવ્યા. યદ્યપિ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય અત્યંત ક્રૂર અને નૃશંસ હતું; પરંતુ નેપોલિયને તંગ અવસ્થામાં આવી પડવાથીજ તેમ કર્યું હતું. અમે એમ કહેવાને તૈયાર નથી કે નેપોલિયન આ કાર્ય કરવામાં સર્વથા નિર્દોષ હતો, પરંતુ એટલા માટે તેને હત્યારો વા નૃશંસ કહેવો એ પણ ઉચિત નથી.

બીજી ઘટના નેપોલિયનની અદ્ભુત પ્રતિભા દર્શાવી આપે છે. જ્યારે તે એકરને ઘેરો ઘાલીને પડયો હતો તે સમયે તેની પાસે ગોળા ખૂટી ગયા. તેણે ખૂબ વિચાર કરી ગોળા પ્રાપ્ત કરવાની એક વિચિત્ર રીતિ શોધી કાઢી. એકરની પાસેજ એક બંદર હતું ત્યાં સિડની સ્મિથનાં કેટલાંક જહાજો ઉભાં હતાં. નેપોલિયને તેમની સામે સમુદ્રના કિનારાપર કેટલાક સિપાઇઓને મોકલી દીધા. સમુદ્રનો કિનારો રેતાળ હતો. નેપોલિયનના સિપાઇઓને જોઇને જહાજોએ ગોળાની વૃષ્ટિ કરવી શરૂ કરી દીધી; પરંતુ રેતીમાં આવીને ગોળા ફાટયા નહિ, તેવા ને તેવાજ પડી રહ્યાથી નેપોલિયનના સિપાઈઓ તે ગોળાઓને ઉઠાવીને લઈ આવ્યા. પ્રતિદિન નેપોલિયન અંગ્રેજોનાં વહાણોની સાથે આવાજ પ્રકારની ગમ્મત કર્યા કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩ જું—સામ્રાજ્યની પ્રાપ્તિ.

પ્રથમ પરિચ્છેદ—સંસ્થાનો ભંગ.

अधोमुखस्यापि कृतस्य वह्नेर्नाधः शिखा याति कदाचिदेव ।

कालिदास.

'અગ્નિની જ્વાળાને નીચી કરો તોપણ તે ઉપરજ જાય છે.'

કાલિદાસ.

નેપોલિયન સમુદ્રમાં ઘુમતા પહેરેદારોની આંખ ચૂકાવી પાછો ફર્યો તે સમયે ફ્રાન્સ વિચિત્ર દશામાં હતું. ગાજવીજ અને વરસાદ થવા પૂર્વે થોડા સમયપર આકાશની જેવી દશા થાય છે તેવીજ તેની આ સમયે દશા થઈ રહી હતી. ત્યાંની તત્કાલીન શાસન સંસ્થા અત્યંત અરક્ષિત અવસ્થામાં હતી. ડાયરેક્ટરીના આસનની નીચે દારૂગોળો તૈયાર રાખવામાં આવ્યો હતો. વાર ફક્ત તેનો સ્ફોટ થવાનીજ હતી. તે સમયે ફ્રાન્સમાં ત્રણ રાજદ્વારી પક્ષો હતા. રાજ્ય-પક્ષ, ક્રાન્તિપક્ષ અને સંસ્થાપક્ષ. તેમાંનો રાજ્યપક્ષ યદ્યપિ પહેલાં અતિ નિર્બળ બની ગયો હતો, તથાપિ પાછલા દિવસોની પ્રતિક્રિયામાં-તે પુનઃ બળવાન બની ગયો હતો. ક્રાંતિપક્ષ બે વર્ષ પૂર્વે હતો તેવોજ પ્રબળ અદ્યાપિ પણ હતો, સાધારણ જનસમાજની ઉપર અદ્યાપિ તેનો તેવોજ કાબુ વિદ્યમાન હતો. ત્રીજો સંસ્થાપક્ષ નાનો અને નિર્બળ હતો, તે પક્ષની પૂઠે કોઈ શક્તિશાળી ભાવ કામ કરતો નહોતો, તેમાં કાંઈ વિશેષ બળ નહોતું. આ ત્રણ રાજનૈતિક પક્ષો હતા; અને એ ત્રણે તે સમયની શાસનસંસ્થા (ડાયરેક્ટરી) થી અસંતુષ્ટ હતા.

રાજ્યપક્ષના માણસો તો તેથી પ્રસન્ન થઈ શકતાજ નહોતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો ડાયરેક્ટરી સાથેનો સંબંધ વિરોધયુક્ત હતો. ક્રાંતિપક્ષના માણસો પણ તેનાથી પ્રસન્ન નહોતા. તેઓ તેને ક્રિયાહીન, નપુંસક અને ભીરૂ સમજતા હતા. ત્રીજો સંસ્થાપક્ષ હતો, તે પક્ષના માણસો ડાયરેક્ટરીનો કાંઇક પક્ષપાત કરતા હતા; પરંતુ ડાયરેક્ટરીની અશક્તિએ તેનો સાહાય્યસ્તંભ પણ તેની નીચેથી દૂર કર્યો. ડાયરેક્ટરીના પાંચ સભ્યો હતા. તે પાંચેમાં સર્વની ન્યારી ન્યારી મતિ હતી; તેઓ સર્વ અધ્યક્ષપણાને માટે પરસ્પરમાં લડતા ઝઘડતા રહેતા હતા. તેઓ દેશમાં શાંતિ રાખી શકતા નહિ કે તેઓ બહારના શત્રુઓપર વિજય પ્રાપ્ત કરી શકતા નહિ. દેશની એવી હાલત હતી કે સાધારણ પ્રજા કરોના ભાર નીચે કચડાઇ જતી હતી. કરો યુદ્ધને માટે અને ડાયરેક્ટરીની મોજ મઝાને માટેજ ઉઘરાવવામાં આવતા હતા; પરંતુ ન તો યુદ્ધ સારી રીતે કરવામાં આવતાં હતાં કે ન તો ડાયરેક્ટરીનું અમાપ ઉદર ભરાતું હતું. નેપોલિયનના જીતેલા સર્વ દેશો એક પછી એક કરીને ફ્રાન્સના હાથમાંથી નીકળી ગયા. ઑસ્ટ્રિયા પુનઃ શેર બની ગયું અને ઇંગ્લાંડની કૅબિનેટે પુનઃ પોતાની થેલીઓનાં મુખ ખોલી દીધાં. ચોતરફ રૂસ્વતો અપાવા લાગી. સુવર્ણની મૂર્તિ અદ્‌ભુત હોય છે. મોટામાં મોટા નરેશોને પણ તે પોતાના દાસ બનાવી દે છે અને મહાનમાં મહાન સંતો પણ તેના ચરણની સેવા કરે છે. ઈંગ્લિશ કૅબિનેટ આ થેલીની શક્તિથી સારી રીતે પરીચિત હતી અને તે પોતાના આ પરિચયનો લાભ લીધા વિના રહી નહિ.

સારાંશ એ છે કે જ્યારે નેપોલિયન મિસરથી પાછો ફર્યો ત્યારે ફ્રાન્સની અને તેની શાસનસંસ્થાની દશા પડતી થઇ હતી. દુઃખ, દરિદ્રતા અને પરાજયથી પરાભવ પામી સમસ્ત ફ્રેંચ પ્રજા પોતાના રક્ષક અને પાલક વિજેતા નેપોલિયનની તરફ જોઈ રહી હતી. મિસરની તરફ હાથ જોડી તે પરમાત્માને 'નાના સેનાપતિ' ને પાછો ફેરવવાની પ્રાર્થના કરતી હતી. જ્યારે નેપોલિયન આવ્યો ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે આખા દેશને પોતાનું હાર્દિક સ્વાગત કરવાને ઉદ્યત થયેલો જોયો. જે કોઈ નેપોલિયનના આગમનની ખબર સાંભળતું તેના મુખમાંથી માત્ર આજ શબ્દો નીકળતા કે, "હવે અમે સુરક્ષિત છીએ." ફ્રાન્સનાં સમસ્ત નગરોમાં દીપમાળા કરવામાં આવી, આનંદનો ઘંટાનાદ કરવામાં આવ્યો અને અપાર પ્રસન્નતા પ્રકટ કરવામાં આવી. આ સમયે આખી પ્રજા નેપોલિયનના ચરણમાં પડવાને તત્પર હતી.

નેપોલિયને પૅરિસમાં પહોંચતાંજ ભવિષ્યમાં શું કરવું તે વિષે વિચાર કરવા માંડયો. તેણે ચોતરફ દૃષ્ટિ નાંખી જોઈ અને દેશની વાસ્તવિક સ્થિતિનું ચિંત્વન કર્યું. તેણે જોયું કે આખો દેશ માન રક્ષા અને પ્રાણરક્ષાને માટે તેની તરફ આશાભરી દૃષ્ટિથી જોઇ રહ્યો છે અને તે ખાત્રીપૂર્વક જાણી ચૂકયો છે કે તેના સિવાય કોઇ પણ માણસ ફ્રાન્સને વિદ્યમાન વિપત્તિઓમાંથી મૂક્ત કરી શકનાર નથી. વળી નેપોલિયન પોતાના ઉદયનો વિચાર પણ ભૂલી ગયો નહોતો. તે પોતાની શક્તિઓ જાણતો હતો અને તેની અનુકૂળજ ઇચ્છા રાખતો હતો. તેણે જોયું કે સમગ્ર દેશ તેને પોતાનો અધ્યક્ષ બનાવવાને ઉદ્યત છે અને તે પોતે પણ અધ્યક્ષ બનવાને તૈયાર હતો. આ પ્રમાણે જ્યારે બે બાજૂએથી રેષાઓ આવીને એકજ સ્થાનમાં મળતી હોવાથી અસાધારણ શક્તિ અને પ્રતિભાથી સજ્જિત નેપોલિયન ફ્રાન્સની શાસનસંસ્થામાં સમયાનુરૂપ પરિવર્તન કરવાને ઉદ્યત થયો.

એક વિદ્યમાન સરકારને જડમૂળથી ઉખેડી તેના સ્થાનમાં પોતાનું આધિપત્ય સ્થાપિત કરવું એ કાંઈ સાધારણ વાત નહોતી. આવી ઘટના જગતમાં ઘણીવાર બની છે, પરંતુ તે બન્યા પૂર્વે લોહીની નદીઓ વહી છે. રક્તની નદી વહેવરાવ્યા વિના એક સરકારને સર્વથા ઉખેડી નાખવી એ અતિ કઠિન કાર્ય છે. વિશેષતઃ ફ્રાન્સ જેવો દેશ કે જેમાં સાધારણ જનસમાજમાં પણ સ્વતંત્રતા અને સમાનતાનો ભાવ ફેલાયો છે તેમાં તો તે અધિક કઠિન છે. કિંતુ નેપોલિયનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિમત્તાએ તેને આ કઠિન કળા રૂધિરનું એક બિંદુ પણ પાડયા વિના પાર પાડવાને યોગ્ય બનાવ્યો.

પૅરિસમાં આવતાં વારજ નેપોલિયને કર્તવ્યનો નિશ્ચય કરીને કાર્ય કરવાનો પ્રારંભ કરી દીધો. સૌથી પ્રથમ તેણે પોતાનો સૈનિકનો વેશ ઉતારીને સાધારણ નાગરિકનો વેશ ધારણ કર્યો. ત્યાર પછી તેણે એ કાર્યોને આવશ્યક માન્યાં. તે જાણતો હતો કે જ્યાંસુધી વર્તમાન ડાયરેક્ટરો પોતેજ પોતાના અધિકારનું રાજીનામું નહિ આપે ત્યાં સુધી રૂધિર વહેવરાવ્યા વિના તેમને પદચ્યુત કરી શકાય એમ નથી. એટલા માટે તેણે ડાયરેક્ટરોને કાબુમાં લેવાનો પ્રારંભ કર્યો. ડાયરેક્ટરોમાં સૌથી અધિક બુદ્ધિમાન સીયેસ હતો. પહેલાં તો નેપોલિયન અને તે એક બીજાને અતિ સંદેહની દ્રષ્ટિથી જોતા હતા. કિંતુ થોડાજ દિવસોમાં ઉભયને પ્રતીત થયું કે તેમાંનો કોઇ પણ એક જણ બીજા વિના કાર્ય કરી શકે એમ નથી. સીયેસ નેપોલિયનના ભાગ્ય સૂર્યને ઉદિત થતો જોઇ રહ્યો હતો અને તે એ વાત પણ જાણતો હતો કે તેને ઉદિત ન થવા દેવો એ શક્તિ બહારનું કાર્ય છે. બુદ્ધિમાન પુરૂષની પેઠે તેણે આ ઉદયમાં અંતરાય નાખવાના અફળ યત્ન કરવાને બદલે તેના સહાયક બનવુંજ ઠીક ધાર્યું. સીયેસના સાથી બીજા એ ડાયરેક્ટરો પણ નેપોલિયનની સાથે મળી ગયા. એ ડાયરેક્ટરો શેષ રહ્યા. નેપોલિયને તેમની પરવા કરી નહિ, અને જ્યારે મતની અધિકતા તેના પક્ષમાં થઈ ત્યારે તેણે વિશેષ યત્ન કરવો ઉચિત ધાર્યો નહિ.

ડાયરેક્ટરો સિવાય સેનાના સેનાપતિઓને પણ ભૂલી શકાય એમ નહોતું. નેપોલિયન જાણતો હતો કે કેટલાક સેનાપતિઓ તેની કીર્તિ વધેલી જોઈ તેની ઈર્ષ્યા કરતા હતા અને તેથી તેણે તેમને પણ પોતાના પક્ષમાં મેળવી લેવાનો નિશ્ચય કર્યો. યૂરા આદિ સૈનિકો કે જેઓ તેના હાથ નીચે લડી ચૂક્યા હતા. તેઓ તેને માટે મરવાને તૈયાર હતા. સેના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિ મોરિયો (Moreo) કે જે નેપોલિયનનો પ્રતિદ્વન્દ્વી ગણાતો હતો તે વસ્તુતઃ તેનાપર ઈર્ષ્યા રાખતો હતો. કિંતુ મોરિયોમાં કેવળ બળ હતું અને નેપોલિયનમાં તો કાંઈક બુદ્ધિ પણ હતી. નેપોલિયને તેને પોતાને ઘેર મીજબાની આપી અને મોરિયો નેપોલિયનનો સહાયક બની ગયો. લફેબ્ર પૅરિસની સેનાનો સેનાપતિ હતો. જ્યારે તેના સાંભળવામાં આવ્યું કે નેપોલિયન કાંઈક ગરબડ કરવા માગે છે ત્યારે તે તેને આ વિષયમાં પૂછવાને ગયો. તે આવ્યો કે તરતજ તેને જોઇને નેપોલિયન બોલ્યો " લફેબ્ર ! શું આ વકીલ લોકો દેશનું સત્યાનાશ કરે તે તમે રિપબ્લીકના સ્તંભરૂપ થઈને સહન કરી શકો છો ? તમે મને એની સત્તાનો નાશ કરવામાં સાહાય્ય આપશો ? " એમ કહી તેણે વિશ્વાસ ઉત્પન્ન કરવાને માટે પોતાનું એક આભૂષણ લફેબ્રના ગળામાં નાંખી દીધું. લફેબ્ર હારી ગયો; વિશેષ પ્રતિભાએ તેને દબાવી દીધો. તે પોકારી ઉઠયો " હા, આપણે એ વકીલોને દરિયામાં વહેવરાવી દઇશું. "

આ રીતે તેણે સેનાપતિઓને પણ અનેક યુક્તિઓથી વશીભૂત કરી પોતાની રાજનીતિનો વિસ્તાર કરવા માંડયો. શાસનસંસ્થામાં ત્રણ શક્તિઓ હતી; ડાયેકટરી, વૃદ્ધસભા અને પાંચસેં પ્રતિનિધિઓની સભા. ડાયરેકટરીને તો નેપોલિયને શીઘ્ર પોતાના કાબુમાં લઈ લીધી. સીયેસ અને તેના બે સાથીઓએ રાજીનામું લખી આપ્યું. શેષ રહા ગયા બે ડાયરેકટરો. તેમને નેપોલિયને ઘણા સમજાવ્યા, પરંતુ તેમણે રાજીનામું આપવાનો સ્વીકાર કર્યો નહિ. ડાયરેકટર બારાએ આ સમયે નેપોલિયનને ઠપકો આપવા માંડયો. કિન્તુ નેપોલિયન આવા ઠપકાઓને વજન આપે એવો માણસ નહોતો. તેણે ઉત્તરમાં બારાને જણાવ્યું, " તે સુંદર ફ્રાન્સ કયાં છે કે જેને હું તમારી પાસે મૂકી ગયો હતો. હું તમારે માટે શાંતિ છોડી ગયો હતો, પરંતુ હમણાં અહીં આ યુદ્ધ જોઉ છું. હું તમને વિજયી મૂકી ગયો હતો, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમણાં હું તમને પરાજિત જોઉં છું. હું તમને ઈટાલિથી લાવેલા લાખો રૂપિયાથી શ્રીમંત બનાવી ગયો હતો, પરંતુ હમણાં હું આવીને દરિદ્રતા સિવાય કાંઈ જોતો નથી. મ્હારી કીર્તિના સહસ્રાવધિ સાથીઓ ક્યાં છે? તે સર્વ મરી ગયા છે. માટે આ અવસ્થા હવે સ્થિર રહી શકશે નહી. હવે એ એક ક્રાન્તિનુંજ રૂપ લેશે."

નેપોલિયનની આ બળવતી ઉક્તિ સાંભળી બારાએ તરતજ રાજીનામું ધસડી આપ્યું. શેષ બે ડાયરેક્ટરોને આનાકાની કરતા જોઈ નેપોલિયને તેમને કેદ કરી દીધા. આ પ્રકારે ડાયરેક્ટરોથી મૂક્ત થઈ તેણે વૃદ્ધસભાની તરફ લક્ષ્ય આપ્યું. વૃદ્ધ સભા વસ્તુતઃ સીયેસના હાથમાં હતી. તે તેની પાસે પોતાની ઇચ્છા પ્રમાણે કાર્ય કરાવતો હતો. નેપોલિયને આ પ્રસંગે પણ પોતાના પ્રભાવથી કામ લીધું. વૃદ્ધસભાએ એક પ્રસ્તાવ પસાર કરી નેપોલિયનને પૅરિસ નગરની સમગ્ર સેનાની અધ્યક્ષતા આપી. વૃદ્ધસભાના પ્રસ્તાવનો ભાવાર્થ એ હતો કે રિપબ્લીક ભયમાં છે માટે નેપોલિયને સેનાની સહાયથી અમારી રક્ષા કરવી. આ પ્રકારે આખા નગરનું વાસ્તવિક શાસન નેપોલિયનના હાથમાં આપી વૃદ્ધસભાએ બીજે દિવસે બીજો ઠરાવ એ કર્યો કે "પૅરિસનો જનસમૂહ શાસનસંસ્થામાં હસ્તાક્ષેપ કરે એવો ડર છે એટલા માટે આવતીકાલે વૃદ્ધસભા તથા પાંચસેં પ્રતિનિધિઓની સભા પૅરિસથી દૂર સેંટ ક્લાઉડમાં ભરવી." આ બે ઠરાવો પસાર કરી વૃદ્ધસભાનું આ અધિવેશન સમાપ્ત થયું.

આવતો દિવસ નવેમ્બરની ૯ મી તારીખનો હતો. રિપબ્લીકન સંવત અનુસાર તે ૧૯ મો બ્રૂમેયર હતો. તેની ઉપરજ નેપોલિયનનું આખું ભવિષ્ય અવલંબિત હતું. ચિન્તિત કિંતુ દ્રઢ આકૃતિ ધારણ કરી તે દિવસે પ્રાતઃકાળમાંજ નેપોલિયન પોતાના ઘોડાપર સ્વાર થયો. પૅરિસની આખી સેનાને પ્રથમથીજ સુસજ્જ રહેવાની આજ્ઞા મળી ચૂકી હતી. આખી સેના પોતાના પુરાણા વિજેતા સેના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિદ્વારા પોતાનું નિરીક્ષણ કરાવવાને માટે આનંદપૂર્વક તૈયાર હતી. પ્રાતઃકાળથીજ પૅરિસના બજારોમાં સેનાના અશ્વોની પડઘી સંભળાવા લાગી. સૌની આગળ લઘુકાય પીતવર્ણ નેતા અને તેની પાછળ જગતની સમસ્ત સેનાઓમાંની વીરસેના ચાલતી હતી. આ દ્રશ્ય અતિ અદ્ભુત હતું. નેપોલિયન પોતાની સેનાને સાથે લઇ સેંટ ક્લાઉડ પહોંચ્યો. ત્યાં વૃદ્ધસભા તથા પાંચસેં પ્રતિનિધિઓની સભાનું અધિવેશન થઈ રહ્યું હતું. આ જ નેપોલિયનના જીવનમાં પરિવર્તનનો સમય હતો, આ તેની સમસ્ત શક્તિઓની પરીક્ષાનો સમય હતો, યદિ તે તેમાં નાપાસ થાય તો પછી ફ્રાંસી સિવાય તેનું કોઈ બીજું ભવિષ્ય નહોતું. નેપોલિયન ! સાવધાન !

બહુજ સાવધાની અને ચતુરાઈ સહિત નેપોલિયને પોતાનું કાર્ય શરૂ કર્યું. નેપોલિયનના એક પ્રતિદ્વંદ્વી સેનાપતિ બર્નેડોટે કહ્યું, " નેપોલિયન ! તમે ફ્રાંસીના મુખમાં જઈ રહ્યા છો. " નેપોલિયને ઉત્તર આપ્યો, "જોઇએ છીએ ! શું થાય છે ?"

સૌથી પ્રથમ વૃદ્ધસભાના અધિવેશનનો પ્રારંભ થયો. પ્રથમ દિવસના પ્રસ્તાવોપર વિચાર થવા માંડયો. કેટલાકે નેપોલિયનના હાથમાં સમસ્ત સત્તા આપવાના સંબંધમાં શંકા ઉપસ્થિત કરી. નેપોલિયન આ સાંભળતાંજ સ્વયં ત્યાં જઈ પહોંચ્યો. ત્યાં તેણે દ્રઢ કિંતુ ભાંગીતુટી ભાષામાં કહ્યું, "હે વૃદ્ધસભાના સભ્યો ! તમે આખા રાષ્ટ્રના હિતચિંતક છો; રિપબ્લીકની રક્ષાને માટે યત્ન કરવો એ તમારૂંજ કાર્ય છે. હું તમારા કાર્યમાં સહાયતા આપવાને માટે સેનાધ્યક્ષો સહિત અહીંઆં ઉપસ્થિત થયો છું."

મધ્યાહ્નના સમયે પાંચસે પ્રતિનિધિઓની સભાના અધિવેશનનો પ્રારંભ થયો. તે સભાનો સભાપતિ નેપોલિયનનો બંધુ લ્યૂશિયન હતો. વૃદ્ધસભામાં તો નેપોલિયનને શીઘ્ર વિજય પ્રાપ્ત થયો હતો, કિંતુ પ્રતિનિધિસભામાં મામલો તેટલો સરલ નહોતો. પ્રતિનિધિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓમાં સ્વતંત્રતા અને સમાનતાના કેટલાક પુરાણા વકીલો અદ્યાપિ વિદ્યમાન હતા. સભા મળતાંજ સ્થાન પરિવર્તનનો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો. સભા પૅરિસથી સેંટ ક્લાઉડ શા માટે આવી તેના કારણપર વિચારનો પ્રારંભ થયો. નેપોલિયનના વિરોધીઓને આ તક મળી ગઇ. તેમણે એવો પ્રસ્તાવ કર્યો કે સર્વ સભાસદોએ પુરાણી રાજસંસ્થાનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરવી. સર્વ લોકો જાણતા હતા કે આ નેપોલિયનના પ્રાધાન્યની સામે વાડ કરવામાં આવે છે. નેપોલિયનના પક્ષના પ્રતિનિધિઓ પણ આ વાત જાણતા હતા, અને નેપોલિયનનો બંધુ લ્યૂશિયન પણ તે જાણતો હતો, કિંતુ પ્રતિનિધિ સભામાં આ પ્રસ્તાવની વિરૂદ્ધ શબ્દ ઉદ્દાવવો એ કાંઇ સરલ કાર્ય નહોતું. સકળ સભાસદોએ ઉભા થઇ સંસ્થાની રક્ષા કરવાની પ્રતિજ્ઞા કરી. આ સમાચાર સાંભળી નેપોલિયનની ભ્રૂકુટી ચઢી.

જે સમયે આ તરફ આ દૃશ્ય થઈ રહ્યું હતું તેજ સમયે પેલી તરફ વૃદ્ધસભામાં નેપોલિયન પોતાની રક્ષાના વિષયમાં વ્યાખ્યાન આપી રહ્યો હતો. તે બોલ્યો " હાલમાં રિપબ્લીક એક જ્વાળામુખી પર્વતના મુખપર સ્થિત છે. આપ લોકોએ રિપબ્લીકને કષ્ટમાં જોઇ; હું આપની સહાયતાને માટે આવીને ઉપસ્થિત થયો. આપે મને બોલાવ્યો, મ્હેં આજ્ઞા પાલન કરી અને હમણાં મ્હારાપર સેંકડો આરોપો મૂકવામાં આવે છે. કોઈ કહે છે એ તો સીઝર છે, કોઇ કહે છે એ ક્રૉમ્વેલ છે. આમ ચોતરફ ઉંડો ભય મ્હારે માટે વ્યાપી રહ્યો છે, પ્રતિનિધિઓની સભા પણ જોશમાં છે, કિંતુ ડરવાની આવશ્યકતા નથી. આપણા સૈનિક સહાયકો વિદ્યમાન હોવાથી રિપબ્લીકની રક્ષાનો હુંજ ઉત્તરદાતા છું. " ત્યાર પછી તેણે ભરી સભામાં સ્વતંત્રતા તથા સમાનતાની રક્ષાની પ્રતિજ્ઞા કરી. કોઇએ વચમાં પ્રશ્ન કર્યો કે શું તમે સંસ્થાની રક્ષા નહિ કરશો ? નેપોલિયને ગર્જના કરી ઉત્તર આપ્યો કે " સંસ્થા એ કોઇ વસ્તુજ નથી. કોઈ પણ તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદર કરતું નથી અને હરેક તેનું નામ લે છે." અંતે વૃદ્ધસભામાં તેણે કહ્યું કે "યદિ કોઇ વક્તા મ્હારા પ્રાણઘાતને માટે પ્રસ્તાવ કરશે તો હું મ્હારા શસ્ત્ર ધારીઓને પ્રાર્થના કરીશ કે જેમનાં મસ્તકોની હારની હારો દરવાજામાં દ્રષ્ટિગોચર થાય. યાદ રાખો કે હું ભાગ્ય અને યુદ્ધના દેવતાઓને સાથે લઇનેજ વિચરણ કરૂં છું." એટલું કહી નેપોલિયન પોતાના સાથી યોદ્ધાઓ સહિત વૃદ્ધસભામાંથી બહાર પડયો.

બહાર આવતાંજ તેને ખબર પડી કે, પ્રતિનિધિ સભામાં મામલો બહુ બગડી ગયો છે. પૅરિસની સેનામાં આધિપત્ય નેપોલિયનને પ્રાપ્ત થયું છે એવી વાત સાંભળી આખી પ્રતિનિધિસભા હૃદયમાં સળગી ઉઠી. 'નેપોલિયન અત્યાચારી છે' 'તે રાજા થવા માગે છે' 'તે સંસ્થાનો દ્રોહી છે' ઇત્યાદિ શબ્દોથી આખી સભા ગુંજ-યમાન થઈ રહી. કોઈએ પ્રસ્તાવ કરી દીધો કે નેપોલિયનનો વધ અવશ્ય કરવો જોઈએ. ચોતરફથી આ પ્રસ્તાવનું સમર્થન થવા લાગ્યું. લ્યૂશિયનપર તે પ્રસ્તાવને વિચારાર્થે સભા આગળ સાદર કરવાનું દબાણ કરવામાં આવ્યું. આ સર્વ સમાચાર નેપોલિયનના કાને પહોંચ્યા. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના વિદ્યુલ્લતાના જેવી શીઘ્રતાથી તે પોતાના સૈનિકો સહિત પ્રતિનિધિસભાના દ્વારપર આવ્યો. તેનો સેનાધ્યક્ષ ઑગેરિયો તેને ત્યાં આગળ મળ્યો. તેણે કહ્યું કે, "આપે આપની જાતને મહાભારત મુશ્કેલીમાં લાવી મુકી છે." નેપોલીયને કહ્યું: "આકોલામાં હું એથી પણ મોટી મુશ્કેલીમાં હતો, માટે ધૈર્ય રાખવું જોઈએ. અર્ધા કલાકમાં સૌ ઠીક થઇ જશે."

નેપોલિયન પોતાની સેનાને બહાર મૂકી પોતાની આગળથી સર્વ શંકાઓને દૂર કરવાને માટે એકલોજ પ્રતિનિધિસભાની અંદર ઘૂસી ગયો. તે દશ કદમ પણ ગયો નહિ હશે એવામાં સભાસદોના શબ્દો મેઘ ગર્જનાની પેઠે ગર્જવા લાગ્યા. "ધિક્કાર હો એ આત-તાયીને" "એનો વધ કરવાનો પ્રસ્તાવ પસાર કરો." "અજ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલ્દ છોકરા ! તું શું કરી રહ્યો છે !" ઇત્યાદિ શબ્દો કહેતાં કહેતાં પ્રતિનિધિઓએ નેપોલિયનને ચોતરફથી ઘેરી લીધો. એક જણ તો પોતાના ગજવામાંથી છરો કાઢી તેનાપર પ્રહાર કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ એટલામાં પોતાના 'નાના સેનાપતિ' ને ભયમાં જોઈ કેટલાક સૈનિકો ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે નેપોલિયનના નાના શરીરને ઉંચકી લીધું અને તેઓ તેને દરવાજાની બહાર લઈ ગયા.

દ્વારની બહાર ગયા પછી ક્ષણભર નેપોલિયન સર્વથા દિગમૂઢ જેવો રહ્યો. જે નેપોલિયનને સહસ્રાવધિ તોપોના ગોળા હરાવી શકતા નહોતા તે આ વકીલોદ્વારા પરાજિત થઈ ગયો. શિયાળવાંઓએ સિંહને દબાવી દીધો. નેપોલિયન પોતે આ સમયે કેવા મોટા ભયમાં આવી પડયો હતો તેનો વિચાર કરી ક્ષણેક મૂઢવત્ રહ્યો. કિંતુ તત્ક્ષણજ તેની પ્રતિભાનો દીપક પુનઃ પ્રકાશિત થઈ ઉઠયો. "સૈનિકો ! મ્હારો બંધુ જોખમમાં છે, તેને અહીંઆં સુરક્ષિત રીતે ઉઠાવી લાવો." આ આજ્ઞા સાંભળતાંજ સિપાઇઓ દોડયા અને પ્રતિનિધિઓથી ઘેરાયેલા લ્યૂશિયનને સભામાંથી બચાવીને લઈ આવ્યા. પોતાના બંધુને સભાની વચ્ચેથી કઢાવી લાવવામાં નેપોલિયને અદ્ભુત બુદ્ધિમત્તાથી કામ કર્યું હતું. જો તે બહાર આવ્યો ન હોત તો કદાચ સેનાજ સભાપર શસ્ત્ર ઉઠાવવાને ઇનકાર કરત. લ્યૂશિયને આવી ઘોડાપર સ્વાર થઈ સિપાઈઓને કહ્યું "સિપાઇઓ ! પ્રતિનિધિસભાને થોડા રક્તપિપાસુઓએ ઘેરી લીધી છે. હવે તે સ્વતંત્ર રહી નથી. પ્રતિનિધિસભાના સભાપતિ તરિકે હું તમને આજ્ઞા કરું છું કે તમે સભાભવનને ખાલી કરી નાંખો."

નેપોલિયને પોકાર કરી કહ્યું "સૈનિકો ! શું હું તમારાપર ભરોસો રાખું ?"

"નેપોલિયનની જય" એ શબ્દોનો ઉચ્ચાર કરી સૈનિકો સભાભવનમાં ઘુસી ગયા. સૈનિકોનો સેનાપતિ મૂરા–અજીત મૂરા હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં મૂરાનો પગ પડયો ત્યાં કોઈ સામે થઇ શકતું નહોતું. તેનો પગ એ વિજયની પતાકા હતી. મૂરાએ ગર્જના કરી સિપાઇઓને આજ્ઞા આપી "આગળ વધો અને સંગીનોનો પ્રહાર કરો."

સિપાઇઓની હાર સંગીનો ઝુકાવી આગળ વધી. પ્રતિનિધિઓને માટે હવે કોઈ આરો નહોતો. કોઇ પાટલીપરથી કુદો, તો કોઈ ખડકીમાંથી નીકળી નાઠો. એક મિનિટમાં સભાભવન ખાલી થઈ ગયું અને તેની સાથેજ નેપોલિયનના ચારિત્રની આ પરિવર્તનકારક ઘટના સમાપ્ત થઈ.

દ્વિતિય પરિચ્છેદ–પ્રથમ શાસક.

नेतर जन पालनीयैः संयमनैः संयम्यन्ते शक्तिशालिनः ।

दुष्यन्त कवि ।

'અન્ય સાધારણ લોકોને માટે જે નિયમો પાલનીય છે, તે નિયમો અસાધારણ પુરૂષોને લાગુ પડતા નથી.' દુષ્યન્ત કવિ.

બ્રૂમેયરની ક્રાંતિ સાથે ફ્રાન્સની રાજ્યક્રાંતિના અંતનો પણ પ્રારંભ થયો. આ અંતનો પ્રારંભ આવશ્યક હતો. ક્રાંતિ અનંત થઈ શકતી નહોતી, તેમજ તેનું અનંત થવું અભીષ્ટ પણ નહોતું. ક્રાંતિના સમય પૂર્વેની ગંદકી હવે બળીને ભસ્મીભૂત થઇ ગઈ હતી. ક્રાંતિ શુદ્ધ કરનારી આગરૂપજ હતી; તે સામાજિક સ્થિતિનું આવશ્યક અંગ બની શકતી નહોતી. પુરાણા સામાજિક ખંડિયેરપર નવીન સામાજિક પ્રાસાદ ખડો કરવામાં આવતો હતો. આ નવીન પ્રાસાદ ખડો કરવાની શક્તિ કેવળ એક મનુષ્યમાંજ હતી અને તે મનુષ્ય તે નેપોલિયન બોનાપાર્ટ હતો. આ સંસ્થાનો ભંગ કરવામાં નેપોલિયને કેટલેક સ્થળે પોતાની સૈન્ય શક્તિનો ડર આપીને પણ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવ્યું, અને તે યોગ્ય પણ હતું; કારણ કે તે વિના ફ્રાન્સની રક્ષા થઇ શકે એમ નહોતું. અરાજકર્ત્તાનો નાશ કર્યા વિના ફ્રાન્સની સામાજિક સ્થિતિ સ્થિર કરવી કેવળ કઠિનજ નહિ, પરંતુ અશક્ય પણ હતી. નેપોલિયનને કેટલાક લેખકો સંસ્થાનો ભંગ કરનાર આતતાયી કહે છે; પરંતુ આના સંબંધમાં અમારો ઉત્તર એ છે કે તે સમયે વાસ્તવમાં સંસ્થા એ કોઈ વસ્તુજ નહોતી. ડાયરેકટરો પોતાનાં ગજવાં ભરવા સિવાય સંસ્થાનો બીજો કોઈ હેતુજ સમજતા નહોતા. જેમ નેપોલિયને કહ્યું હતું તેમ સંસ્થાનું માત્ર નામજ સર્વ માણસો લેતા હતા, પરંતુ તેની પરવા કોઈ પણ માણસ કરતો નહોતો. તે સિવાય સંસ્થાનો ઉદ્દેશ સમાજની સંરક્ષા કરવાનો છે, નહિ કે તેનો ધ્વંસ કરવાનો. જે સંસ્થા સમાજની રક્ષા કરી શકતી નથી, જે પોતાના વિષે સમાજના મનમાં આદર ઉત્પન્ન કરી શકતી નથી તે જીવવાને યોગ્ય નથી, તે પૃથ્વીતળપરથી ધોવાઈ જવાનેજ યોગ્ય છે. બ્રુમેયરની પૂર્વે ફ્રાન્સની સંસ્થા એવીજ હતી જેથી તે કેવી રીતે હયાતીમાં રહી શકે?

નેપોલિયને આવું પરિવર્તન કરવાને માટે આટલો બધો પ્રયત્ન શા માટે કર્યો? એ શંકા અતિ ગૂઢ છે. આ શંકાનો ઉત્તર આપવો સહેલો નથી. નેપોલિયનના રાજનૈતિક જીવનની સમાપ્તિને પ્રાયઃ એક શતાબ્દી વ્યતીત થઈ ગઈ છે, કિંતુ તે સમયમાં તેની ઘટનાઓ અને કાર્યો જેવાં હતાં તેવાંજ તે આજે પણ આપણને લાગે છે. નેપોલિયન કયા ઉદ્દેશથી પ્રેરિત થઇને આ સમસ્ત કાર્યો કરતો હતો? તે સ્વાર્થી પુરૂષ હતો? કે તેના સમસ્ત યત્નો પોતાના દેશનું ગૌરવ વધારવાને માટે હતા? આ એવા પ્રશ્નો છે કે જેનો ઉત્તર મેળવવાને માટે સેંકડો ઐતિહાસિકોએ માથાકૂટ કરી છે, કિંતુ નેપોલિયનના સમયમાં તે પ્રશ્નો જેવા ગૂઢ હતા તેવાજ ગૂઢ તે આજ પર્યંત રહ્યા છે. નેપોલિયન પોતેજ એક કોયડારૂપ હતો અને તેનો ઈતિહાસ પણ આજપર્યંત કોયડા તરિકેજ રહ્યો છે. એટલા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં કાર્યોનો હેતુ ખાત્રીપૂર્વક નિશ્ચિત કરવો શક્ય નથી. નેપોલિયને સ્વયં સેંટ હેલિનામાં પોતાના સાથીઓની આગળ પોતાના જીવનનાં ઘણાં રહસ્યો ખોલવાનો પ્રયત્ન કર્યો હતો. નિદાન તેના સાથીઓ એમ કહેતા હતા કે અમે એના જીવનનાં રહસ્યો કઢાવી લીધાં હતાં, પરંતુ અમારા અભિપ્રાય પ્રમાણે તેમની આવી સમજમાં ઘણી ભૂલ છે. નેપોલિયન સેંટ હેલિનામાં પણ તેવોજ મહાન કોયડો હતો કે જેવો તે ટયુલરીજના મહેલમાં હતો. તે સેંટ હેલિનામાં હતો ત્યારે પણ જાણતો હતો કે તેનો એકે એક શબ્દ મુદ્રિત થશે. વળી તે ખાત્રીપૂર્વક માનતો હતો કે તેના સાથીઓ તેનાં રહસ્યો જાણવાને માટેજ તેને વાતો પૂછે છે. તો શી રીતે એવા અનુમાનપર આવી શકાય કે તેણે ત્યાં સાચે સાચા ગુપ્ત ભેદો ખોલી નાંખ્યા હતા ! એટલા માટે નેપોલિયનના ચારિત્રની માયા ખૂલ્લી કરવી અત્યંત કઠિન છે. આ અદ્‌ભુત ચારિત્રનો બાહ્ય વિસ્તાર જેટલો મળી શકે છે તેટલો ભાગ્યેજ બીજા કોઇનો મળી શકશે, પરંતુ જ્યારે આપણે બાહ્ય આવરણ–યુદ્ધો, સંધિઓ અને વિજયોને છોડીને તેના વાસ્તવિક ઉદ્દેશો આગળ પહોંચીએ છીએ ત્યારે આપણને એક એવી બંધ કોટડી પ્રાપ્ત થાય છે કે જેની અંદર ઘુસવું સર્વથા અસંભવિત લાગે છે.

તથાપિ આ અદ્‌ભુત ચારિત્રની ઘટનાઓ જોવાથી આટલી વાત પ્રતીત થાય છે કે નેપોલિયનની આ ક્રિયાનો મુખ્ય ઉદ્દેશ દેશની રક્ષા કરવી એજ હતો. જે સ્વાર્થે તેનું પાછલું જીવન શાહી સમાન કાળું બનાવી દીધું હતું તે સ્વાર્થનું ઘોર રાજ્ય અત્યારસુધી તેના હૃદયમાં ફેલાયું નહોતું. અત્યારસુધી તે ફ્રાન્સના ગૌરવનેજ પોતાનો મુખ્ય ઉદ્દેશ માનતો હતો. તેની સાથે તે એ વાત પણ જાણતો હતો કે ફ્રાન્સનું ગૌરવ તેના ગૌરવની સાથે મળેલું છે. તે પોતાની શક્તિઓથી સંપૂર્ણ રીતે જાણીતો હતો, તેથી તેણે એક નિર્બળ તથા સડેલી સંસ્થારૂપી વૃક્ષને તોડી પાડી તેના સ્થાનમાં દ્રઢ તથા છાયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુક્ત વટ વૃક્ષને સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો.

ડાયરેક્ટરી, વૃદ્ધસભા તથા પ્રતિનિધિસભા–એ સર્વે એકજ દિવસમાં સત્તા રહિત બની ગઇ. તેજ દિવસે સાયંકાળે પોતાના કરેલા આ નિયમ વિરુદ્ધ કાર્યની ઉપર નિયમની મહોર લગાડવાને માટે નેપોલિયને પોતાના પક્ષના પ્રતિનિધિસભાના સભાસદોની એક બેઠક કરી. આ સભ્યોએ એવો ઠરાવ પસાર કર્યો કે નેપોલિયને આજે પ્રાતઃકાળમાં જે કાંઈ કર્યું છે તે દેશ અને શાસનના કલ્યાણને માટે કર્યું છે. તેની સાથે એવો પણ ઠરાવ કરવામાં આવ્યો કે નવીન સંસ્થા તૈયાર કરવાને માટે નેપોલિયન, સીયેસ તથા ડયૂકસ એ ત્રણ વિચારકોને ચુંટી કાઢવા અને જ્યાં સુધી નવીન સંસ્થા તૈયાર ન થાય ત્યાંસુધી સમગ્ર શાસન એમનાજ હાથમાં સોંપવું. તદનુસાર, તે દિવસથી ડાયરેક્ટરી, વૃદ્ધસભા અને પાંચસેં પ્રતિનિધિઓની સભા સમાપ્ત થઈ અને ત્રણ શાસકોના વસ્તુતઃ નેપોલિયનના–રાજ્યનો પ્રારંભ થયો. આ શક્તિ પ્રાપ્ત થયા પછી નેપોલિયને મનુષ્યોચિતજ નહિ, પરંતુ દેવોચિત ગુણોનો પણ પરિચય કરાવ્યો. જે મનુષ્ય વિજયી થયા છતાં પણ શાંતિ અને ઔદાર્યને છોડતો નથી તેજ મહાપુરૂષ કહેવાને લાયક છે. તૈમૂરલંગ અને જંગીસખાં પણ વિજયી હતા, પરંતુ તેઓ ક્રૂર, નૃસંસ તથા રાક્ષસ હતા; કિંતુ સિઝર અને નેપોલિયન બનવાને માટે આ દુર્ગુણોનો ત્યાગ કરવો પડે છે. વિજય પ્રાપ્ત થયા પછી નેપોલિયને જે ક્ષમા દર્શાવી તેનાં ઘણાંજ થોડાં દૃષ્ટાંતો ઇતિહાસમાં પ્રાપ્ત થાય છે. લંકાનો વિજય કરીને રામચંદ્રે જે સક્ષમતા દર્શાવી હતી તેની સાથે જો નેપોલિયનના આ કાર્યની તુલના કરવામાં આવે તો તે યથાર્થ થઇ પડશે. તેના જે વિરોધી રાજદ્વારી પુરૂષો હતા તેમને તેણે કાંઈ પણ દંડ આપ્યો નહિ. પ્રત્યેકને ક્ષમા કરવામાં આવી. તેણે એટલે સુધી ક્ષમાવૃત્તિ દર્શાવી કે જે મનુષ્યોને સાક્ષાત્ તેની સામે શસ્ત્ર પકડીને ઉભા રહેલા પકડવામાં આવ્યા તેમનો અપરાધ પણ માફ કરવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારાગૃહોમાં ક્રાંતિના સમયથી જે સેંકડો કેદીઓ બંદીવાન તરિકે પડેલા હતા તેમને સંપૂર્ણ મૂક્તિ આપવામાં આવી અને પાદરીઓ તથા કુલીનોપર અત્યાચાર કરવાને માટે જે કાયદા રચવામાં આવ્યા હતા તેમને રદ કરવામાં આવ્યા.

આ અરસામાં દેશની નવીન સંસ્થા પણ તૈયાર થઇ ગઇ. આ સંસ્થાને તૈયાર કરનાર પણ વિશેષતઃ સિયેસજ હતો. આ માણસ ક્રાંતિના પ્રારંભકો પૈકી એક હતો. તે વખતથી અત્યાર સુધી જે ચાર પાંચ નવી નવી સંસ્થાઓ સ્થાપિત થઈ તેનો નિર્માતા તેજ હતો. રાજકીય પક્ષરૂપી નવાં નવાં તોફાનો આવ્યાં અને ચાલ્યાં ગયાં પરંતુ પોતાની રાજનૈતિક બુદ્ધિમત્તાના પ્રભાવથી આ મનુષ્ય તે સર્વની સામે ખડકની પેઠે ઉભો રહ્યો. તેમાંના સર્વ પક્ષો એક બીજાની સાથે લડી મર્યાં, કિંતુ તેનો તો વાળ પણ વાંકો થયો નહિ અને હમણાં આ ક્રાંતિની અંતિમ સંસ્થાનો બનાવનાર પણ તેજ થયો. આ નવીન સંસ્થાદ્વારા સર્વની ઉપર એક શાસક નિશ્ચિત્ કરવામાં આવ્યો, જેને રાજા સમાન ગણવો જોઈએ. તેના કાર્યમાં સહાયતા આપનારા બે ઉપશાસકો બનાવવામાં આવ્યા. તેઓ તેના કાર્યમાં વિઘ્ન નાંખી શકતા નહોતા. તેઓ કેવળ પૂછવાથીજ સલાહ આપી શકતા હતા. સમસ્ત ફ્રાન્સના ૨૧ વર્ષથી ઉપરની ઉમ્મરના નિવાસીઓને ૫૦ લાખ પ્રતિનિધિઓ ચુંટી કાઢવાનો અધિકાર આપવામાં આવ્યો. આ ૫૦ લાખ પ્રતિનિધિઓ પુનઃ પોતાનામાંથી ૫૦ સહસ્ત્ર પ્રતિનિધિઓ ચુંટી શકતા હતા. ત્રણે શાસકો આ આ વિશેષ વ્યક્તિઓમાંથી કેટલાક યોગ્યપુરૂષોને ચુંટી લેતા હતા. આ પુરૂષોની સભાનું નામ ન્યાયસભા વા Tribunate હતું. આ ન્યાયસભા પુનઃ કેટલાક યોગ્ય પુરૂષોને ચૂંટી કાઢતી હતી. તેમની સભાનું નામ ધારાસભા–Lagislature હતું. આ ધારાસભા પુનઃ એક સેનેટનું નિર્ધારણ કરતી હતી. દરેક રાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમનો પ્રસ્તાવ શાસકત્રયીથી શરૂ થઇ પ્રથમ ન્યાયસભામાં પછી ધારાસભામાં અને ત્યાર પછી સેનેટમાં જતો હતો. ત્રણે સભાઓદ્વારા સ્વીકૃત થયા પછી તે ધારાના રૂપમાં પરિવર્તિત થઇ જતો હતો. આ તો ધારા સંબંધી કાર્ય કરનારી સંસ્થા હતી. રાજસંબંધી કાર્યનો સમસ્ત અધિકાર શાસકત્રયીનેજ આપવામાં આવ્યો હતો. આ શાસકત્રયીમાં પણ પ્રથમ શાસક સ્વાધિકારથી સ્વતંત્ર હતો. પ્રથમ શાસક **ને**પોલિયન હતો—આખા **ફ્રા**ન્સનો પ્રબંધ તેની તરૂણ સ્કંધોપર પડયો હતો. કિંતુ આ સંસ્થાને માટે એકલો **ને**પોલિયનજ ઉત્તરદાતા નહોતો, **સિ**યેસ પણ હતો; અને આ તેજ **સિ**યેસ હતો કે જેણે ક્રાંતિ પૂર્વે એક પુસ્તક લખ્યું હતું, તેમાં તેણે દર્શાવી આપ્યું હતું કે સર્વ સાધારણનોજ રાજ્યાધિકાર મુખ્ય છે, અન્ય કોઈ એક વ્યક્તિનો નહિ; અને હમણાં તેણે સમગ્ર રાજકાર્ય એક **ને**પોલિનના હાથમાં સોંપી દીધું. '**कालस्य चित्रागतिः**'

આ પ્રકારે રાજ્યાધિકાર પ્રાપ્ત થયા પશ્ચાત્ **ને**પોલિયને પોતાની અસાધારણ શક્તિઓનો પરિચય આપવો શરૂ કરી દીધો. તે યુદ્ધકળામાં પ્રવીણ હતો; એટલુંજ નહિ પરંતુ ન્યાય કરવામાં પણ તે અસાધારણ રીતે કુશળ હતો. તે કેવળ અસિધારાના પ્રહારનો જ જ્ઞાતા નહોતો, પરંતુ ન્યાયદંડ ધારણ કરવામાં પણ તે સંપૂર્ણ રીતે ચતુર હતો. તેની શાસન કરવાની યોગ્યતાની તુલનામાં કેવળ તેની યુદ્ધવિદ્યાની નિપૂણતાજ ઉભી રહી શકે એમ છે, તે સિવાય કોઈ ઉભું રહી શકે એમ નથી. શાસનકાર્ય સંભાળતાં સંભાળતાં જ તેણે ફ્રેંચ સમાજનાં વિકૃત અંગોને સુધડ અને દૃઢ બનાવવાનો પ્રયત્ન આરંભ્યો. શક્તિ સ્થાપનદ્વારા તેણે સંપત્તિ અને વૈભવની ઉન્નતિને માટે ચેષ્ટા શરૂ કરી. તેના બુદ્ધિપૂર્વક કરેલા રાજ્યમાં શાંતિરૂપી જળનું સિંચન થવાથી લોકોનું સુખરૂપી કલ્પવૃક્ષ દિવસે દિવસે અધિકાધિક ઉન્નતિ કરવા લાગ્યું. તેનું આ સમયનું રાજ્ય **ફ્રા**ન્સને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પ્રકારે આદર્શ રાજ્ય હતું. તે કુલ ક્રમાગત રાજાઓના રાજ્યની પેઠે અનુદાર તથા સંકુચિત નહોતું, તેમજ તે ક્રાંતિ પછીથી શાંતિને સ્થાપન કરનારી સભાઓના રાજ્યની પેઠે અત્યંત બંધન રહિત પણ નહિ હોવાથી અત્યાચારી પણ નહોતું. નેપોલિયનનું રાજ્ય મધ્યમ દરજ્જાનું–શાંત અને ઉદાર હતું. તેણે પુરાણા ઠાકોરોના વંશપરંપરાના અધિકારને પુનઃ સ્થાપિત કર્યો નહિ, કિંતુ તેની સાથે સમાનતા-અસમાનતાનો શોર પણ મચાવ્યો નહિ. તેણે બુર્બોન વંશીય રાજાઓની પેઠે બેહદ કર સ્થાપન કર્યા નહિ, પરંતુ તેની સાથે સર્વ સાધારણના સમસ્ત રાજ્યાધિકારોનો સિદ્ધાંત પણ આઘોષિત કર્યો નહિ. સારાંશ એ છે કે, તેનું આ સમયનું રાજ્ય ક્રાંતિના સત્સિદ્ધાંતને પાલન કરનારૂં હતું અને તેની સાથે રાજ્યના આગલા દોષોનું ખંડન કરતું હતું.

નેપોલિયને અસાધારણ પ્રતિભાથી કરેલા શાંતિમય રાજ્યમાં દેશ એકદમ પરિવર્તિત થઈ ગયો. સુખ અને સંપત્તિએ પુરાણી ક્રાન્તિકાલીન કઠોરતાનું વિસ્મરણ કરાવી દીધું. ઉદાર નીતિ પ્રચલિત થવાથી જે પાદરી અને ઠાકોર લોકો ક્રાંતિથી ભયભીત થઈને નાસી ગયા હતા તેઓ પાછા ફરવા લાગ્યા. લોકોએ ક્રાંતિકાલીન લાલ ટોપીઓ અને સાદાં કપડાં છોડી ફૂલદાર ટોપીઓ અને ભપકાદાર કપડાં પહેરવા માંડયાં. બાલોપર ખૂબ કાંસકીઓ ફરવા લાગી અને ચોતરફ નાટકગૃહો ખુલી ગયાં. નેપોલિયને પણ લોકોની આ વિશ્રાંતદશા દૃઢ કરવાને માટે પોતાનો રાજકીય આડંબર વધારવા માંડયો. નેપોલિયને આ સમયે પોતાના એક સચિવને કહ્યું હતું કેઃ–"આ લોકો ઉત્તમ શાસનનો આનંદ ભોગવે અને નાટકશાળાઓમાં આનંદ લૂંટે એમ હું ઇચ્છું છું, પરંતુ હું એમ ઇચ્છતો નથી કે એ લોકો આખો દિવસ રાજકાર્યની ચર્ચા કર્યા કરે. હું એમને રાજકાર્યોમાં હસ્તાક્ષેપ કરતાં ભૂલાવી દઇશ."

મોટા રાજકીય આડંબર સહિત નેપોલિયને ફ્રાન્સના પુરાણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાઓના મહાલયોમાં પ્રવેશ કર્યો. આ મહાલયોમાં બેઠા પૂર્વે તેણે સમસ્ત ફ્રાન્સના નિવાસીઓની સમક્ષ નવીન રાજ્ય સંસ્થા તૈયાર કરી. મત આપવાને માટે ૩૦૧૨૫૬૯ ફ્રાન્સ નિવાસીઓ તૈયાર હતા. તેમાંના ૩૦૧૧૦૦૭ મતો આ નવીન સંસ્થાના પક્ષમાં અને ૧૫૬૨ મતો તેની વિરુદ્ધ હતા. આ પ્રમાણે મત લેવાનું પરિણામ એ આવ્યું કે નેપોલિયનનું આધિપત્ય સમગ્ર જાતિદ્વારા સ્વિકૃત થયું. હવે નેપોલિયન ફ્રાન્સનો વાસ્તવિક શાસક બન્યો. તેણે પાછળથી કહ્યું હતું કેઃ–"ફ્રાન્સનો રાજમુકુટ મ્હેં ધૂળમાં પડેલો દીઠો; તેને મ્હેં ઉઠાવી લીધો અને આખી પ્રજાએ તેને મ્હારા મસ્તકપર મૂકી દીધો." આ પ્રકારે રાજ્યના સમસ્ત અધિકારો પ્રાપ્ત કરી અને દેશની અંદર શાંતિ તથા સમૃદ્ધિનું રાજ્ય દૃઢ કરી નેપોલિયન બાહ્ય શત્રુઓનાં આક્રમણોથી પણ દેશને બચાવવાનો યત્ન કરવા માંડયો. સૌથી પ્રથમ તેણે પોતાના સર્વથી મોટા શત્રુ 'ઇંગ્લાંડના મહારાજા'ની ઉપર પોતાના હાથથી લખેલો પત્ર મોકલ્યો. આ પત્રમાં ઉભય સભ્ય દેશોના ચિરકાલીન વૈમનસ્યપર શોક પ્રકાશિત કરી તેણે હવે પ્રબળતા પૂર્વક શાંતિ સ્થાપવાને માટે આગ્રહ કર્યો. આ પવિત્ર તથા ઉચિત પત્રનો પ્રત્યુત્તર વાળવામાં આવતાં ઇંગ્લાંડના મુખ્ય સચિવ લૉર્ડ ગ્રેન્વિલે ઘણા કઠોર શબ્દોમાં અને અતિ અપમાનજનક રીતિથી નેપોલિયનના પત્રનો ઉત્તર લખ્યો. આ ઉત્તરમાં શાંતિની ઇચ્છાની જરા પણ છાયા નહોતી. પત્રનો અર્થ સ્પષ્ટ હતો. ઇંગ્લાંડનો ગર્વિત શાસક નેપોલિયનને પોતાનાથી ઘણો નાનો સમજતો હતો. ઇંગ્લાંડની કૅબિનેટ શાંતિ કરવાને માટે તૈયાર નહોતી.

ઇંગ્લાંડના રાજાની ઉપર સંધિપત્ર મોકલવાની સાથેજ નેપોલિયને ઑસ્ટ્રિયાના મહારાજાની ઉપર પણ સંગ્રામ બંધ કરવાને માટે એક પત્ર મોકલ્યો. ઑસ્ટ્રિયા નેપોલિયનના શસ્ત્રની તેજસ્વી ધારનો સ્વાદ ચાખી ચૂક્યો હતો, તેથી તે શાંતિનો સ્વીકાર કરવાને સમ્મત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ જાત. કિંતુ નેપોલિયન અને ફ્રાન્સનો જન્મવૈરી ઇંગ્લાંડદેશ ઑસ્ટ્રિયામાં ધડાધડ રૂપિયાની થેલીઓ મોકલ્યા જતો હતો. રૂસ્વતનો બજાર ગરમ હતો. મહાભારતમાં સત્યજ કહ્યું છે કે "**अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित्**" (ધનના સર્વ દાસો છે, કિંતુ ધન કોઇનું દાસ નથી.) આ સર્વ વિજયી ધને આગામી વીસ વર્ષો સુધી યૂરોપના મોટા મોટા રાજાઓની પ્રતિજ્ઞા તોડાવી નાંખી, યુદ્ધો કરાવ્યાં અને તેમને કેવળ એક દેશની ઇચ્છાનાજ દાસ બનાવ્યા. ઑસ્ટ્રિયાએ નેપોલિયનના પત્રના ઉત્તરમાં જણાવ્યું કેઃ– ઇંગ્લાંડની સમ્મતિ વિના તે આ સંધિપત્રનો સ્વીકાર કરી શકશે નહિ.

આ ઉત્તર મળ્યા પછી ઑસ્ટ્રિયા તથા ઇંગ્લાંડનો વિરોધ ફ્રાન્સ સાથે સ્પષ્ટ થયો. રૂશિયા પણ તેની સાથે મળી ગયો. આ ત્રણે દેશોની સેનાઓએ મળીને ફ્રાન્સને ઘેરવા માંડયો. પોતાને સ્વતંત્રતાના હિમાયતી તરિકે ઓળખાવનાર ઇંગ્લાંડના કાફલા સમુદ્રોમાં ઘુમી ફ્રાન્સના વ્યાપાર તથા જહાજોનો ધ્વંસ કરવા લાગ્યા. ઑસ્ટ્રિયાની સેના પણ ઇટાલિમાં થઈ ફ્રાન્સના કિનારા સુધી આવી પહોંચી. આ તરફ રૂશિયાની સેના પણ કોઇથી પાછળ નહોતી. આ સમયે નેપોલિયને પુનઃ શાંતિ સ્થાપવાના કાર્યમાં પહેલ કરી. તેણે ઑસ્ટ્રિયા અને ઇંગ્લાંડની સરકારને લખ્યું કે, "યદિ ઉભય પક્ષો તરફથી પુરાણા કેદીઓને છોડી મૂકવામાં આવે તો કેવું સારૂં થાય? નવીન યુદ્ધનો આરંભ થયા પૂર્વે પુરાણા કેદીઓને છોડી મૂકવા ઠીક છે." ઉભય દેશોની સરકારે એકજ ઉત્તર આપ્યો અને તે એ હતો કેઃ–"અમે કેદ કરેલા સિપાઇઓને છોડવા એ સિદ્ધાંત વિરૂદ્ધ સમજીએ છીએ," પરંતુ નેપોલિયન આથી પણ અસંતુષ્ટ થયો નહિ. તેની પાસે રૂશિયાના કેટલાક સિપાઇઓ કેદ હતા. તેમણે તે સર્વને રૂશિયન સેનાના વેષ તથા રંગ ઢંગથી સજાવી રૂશિયાના નરેશની પાસે મોકલી આપ્યા. ઇંગ્લાંડ અને ઑસ્ટ્રિયાની નીચતા તથા ફ્રાન્સની ઉદારતાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહિત થઈ રૂશિયાના નરેશે પોતાની સેનાને ફ્રાન્સપર આક્રમણ કરતી અટકાવી. ફ્રાન્સની સાથે તેણે સંધિ કરી અને ઇંગ્લાંડપર યુદ્ધનું નિમંત્રણ મોકલી આપ્યું.

ઑસ્ટ્રિયા અને ઇંગ્લાંડની સેનાઓથી ઘેરાયલો હોવાથી નેપોલિયને યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. યુદ્ધની જે ચમત્કારિક શક્તિઓ વર્ષો સુધી ગુપ્ત રહી હતી તે હવે પુનઃ પોતાના પૂરેપૂરા બળથી પ્રકટ થઇ. તેણે પ્રથમ પોતાની સેનાના અત્યુત્તમ દોઢ લાખ સૈનિકોની સાથે સેનાપતિ મોરિયોને હાઇન નદીની સામે શત્રુને રોકવાને માટે મોકલ્યા. તેણે સ્વયં પચાસ સહસ્ર નવીન સૈનિકો સહિત આલ્પ્સ પર્વત ઓળંગી ઑસ્ટ્રિયાની મુખ્ય સેનાને કાપી નાખવાનો વિચાર કર્યો. પચાસ સહસ્ર સૈનિકોની સાથે આલ્પ્સ પર્વત ઓળંગવો એ વાત બહુ કઠિન પ્રતીત થતી હતી. ઑસ્ટ્રિયન સેનાપતિ મેલાસ નેપોલિયનની આ ઇચ્છા સાંભળી હસી પડયો. 'જે અસંભવિત છે તેને નેપોલિયન પણ કરી શકતો નથી' એટલુંજ કહીને તે ચૂપ રહી ગયો. પ્રત્યેક માણસ જાણતો હતો કે યદિ નેપોલિયન આલ્પ્સ પર્વત ઓળંગી ઑસ્ટ્રિયન સેનાની પાછળ પડશે તોપછી ઑસ્ટ્રિયાની સેના ભારે મુશ્કેલીમાં આવી પડશે. આલ્પ્સ પર્વત ઓળંગવાનું કામ લોકો અસંભવિત માનતા હતા, કિંતુ નેપોલિયન તો 'અસંભવિત' શબ્દનો અર્થજ જાણતો નહોતો. તેણે ઈટાલિનો નકશો પોતાની સમક્ષ રાખી પોતાના યુદ્ધનું સંપૂર્ણ ચિત્ર આલેખ્યું. અતિ મોટા નકશાપર, તે ભિન્ન ભિન્ન સ્થાનોપર પોતાની અને ઑસ્ટ્રિયાની સેનાઓની વાસ્તવિક સ્થિતિનાં ચિહ્ન કરતો જતો હતો. અંતે તેણે તેજ ચિત્રપટપર અમુક દિવસે, અમુક સ્થાનપર તે ઑસ્ટ્રિયન સેનાપતિને પરાભૂત કરશે, એ પણ નિશ્ચિત કરી લીધું. આ સમગ્ર ભાવી યુદ્ધ ચિત્ર તેણે પોતાના એક સચિવને સમજાવી દીધું. યુદ્ધ પૂર્વેની આ કલ્પનાને માનસિક તરંગજ ગણી કાઢીને તે સમયે તો નેપોલિયનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચિવ બુરિન હસી પડયો, પરંતુ જ્યારે યુદ્ધ સમાપ્ત થયું અને તેનું વૃત્તાંત નેપોલિયનના પૂર્વોક્ત વૃત્તાંતની સાથે સર્વથા મળતું આવ્યું ત્યારે નેપોલિયનના મંત્રીને તેની અસાધારણ પ્રતિભાપર વિશ્વાસ આવ્યો.

૭ મી મે ૧૮૦૦ ને દિવસે નેપોલિયન પોતાની સેનાને મળવાને માટે પૅરિસથી નીકળ્યો. વાયુની પેઠે પ્રચંડ વેગથી ફ્રાન્સ ઓળંગી તે આલ્પ્સની સમીપમાં પડેલી પોતાની સેનામાં પહોંચી ગયો. આખી સેનાને પંક્તિ બદ્ધ ઉભી કરી, તેણે તેનું અવલોકન કર્યું; અને પછી આલ્પ્સ પર્વત ઓળંગવાને માટે–અસંભવિત વાતને સંભવિત બનાવવાને માટે–ફ્રાન્સની વીર સેનાએ ઉત્સાહથી પ્રસ્થાન કર્યું. આલ્પ્સનો માર્ગ અત્યંત દુર્ગમ અને કષ્ટપ્રદ હતો. પર્વતની સરદી, બરફપર ચઢવું, તદુપરાંત ખાનપાનની ન્યૂનતા એથી સેનાને ભારે કષ્ટ થવાની સંભાવના હતી. કિંતુ નેપોલિયનની પ્રતિભાએ આ કષ્ટોને અત્યંત શિથિલ કરી નાંખ્યાં. સ્થાન સ્થાનપર ખાનપાનનો બંદોબસ્ત કરવામાં આવ્યો. પર્વતની બન્ને બાજૂએ બે મોટાં મોટાં ચિકિત્સાલયો સ્થાપિત કરવામાં આવ્યાં. સારાંશ એ છે કે કાંઈ પણ અસાધારણ દુઃખ સહન કર્યા વિના વીર ફ્રેંચ સેના આલ્પ્સના આ છેડાથી પેલે છેડે નીકળી ગઇ.

આલ્પ્સ પર્વત ઓળંગાયો એ વાત સાંભળી સમસ્ત યૂરોપમાં એક પ્રકારનો કંપ ફેલાયો. જે કાર્ય અત્યાર સુધી અસંભવિત માનવામાં આવતું હતું તે હવે સંભવિત થઈ ગયું. શું ખરેખર નેપોલિયન કોઈ અલૌકિક વ્યક્તિ છે? એવી એવી વાતો ચોતરફ થવા લાગી. ઑસ્ટ્રિયન સેનાપતિ મેલાસની તો કાંઇ વાત પૂછશોજ ના. તેને તો જાણે વજ્રાઘાત થયો હોય તેમજ લાગ્યું. નેપોલિયનના એક અસાધારણ કાર્યથી તે ઑસ્ટ્રિયાથી સર્વથા પ્રથક્ થઇ ગયો હતો, એમ તેને લાગ્યું; કારણકે તેની સેના અને ઑસ્ટ્રિયાની વચ્ચે નેપોલિયન પડયો હતો. ફ્રાન્સને ઘેરવાને માટે ઉદ્યુક્ત થયેલો મેલાસ પોતેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેરાઇ ગયો. 'ચૌબેજી ગયે થે તો છબ્બે હોનેકો, પણ હો ગયે ઉલટે દુબ્બેજી' એવોજ હાલ મેલાસનો થયો. મેલાસે આ વિપત્તિમાં ફસાવાથી એક મોટા સંગ્રામમાં નેપોલિયનની સેનાને કાપી નાંખી પોતાની સત્તા તથા વિજય સ્થિર રાખવાનો નિશ્ચય કર્યો. તદનુસાર તેણે ફ્રાન્સની તરફ પીઠ કરી અને તે નેપોલિયનની ઉપર તૂટી પડયો.

જૂનની ચૌદમી તારીખ હતી. નેપોલિયન પોતાની ૨૦ સહસ્ર સેના સહિત મેરંજોના સ્થાનપર દુર્ગબાંધી બેઠો હતો. મેલાસે ૪૭ સહસ્રની પ્રબળ સેના સહિત તેની ઉપર આક્રમણ કર્યું. નેપોલિયનને માટે આ અતિ ચિંતાનો સમય હતો. પ્રથમ તો શત્રુને આક્રમણ કરવાનો લાભ પ્રાપ્ત હતો. વળી નેપોલિયનનું સૈન્ય થોડું પણ હતું, પરંતુ તે પરમ ધૈર્ય તથા સાવધાનતાપૂર્વક શત્રુના બમણા દળની સામે થયું. થોડીવાર સુધી તો ફ્રેંચસેના ખડકની પેઠે ઉભી રહી, પરંતુ અંતે તેના પગ ઉખડી ગયા. હવે તે પાછી હઠવા લાગી. નેપોલિયનનો સેનાપતિ ડિસે જે અનેક સેનાપતિ રત્નો પૈકીનો એક હતો અને જે હમણાંજ મિસરથી પાછો ફર્યો હતો તે પોતાની દસ સહસ્ર સેના લઇને થોડે દૂર પડયો હતો. તેણે મેરંજોના મેદાનમાં તોપની ગર્જના સાંભળી. નેપોલિયને પોતાના નાના સેનાપતિઓને એવી આજ્ઞા આપી રાખી હતી કે જ્યાં તોપનો શબ્દ સાંભળવામાં આવે ત્યાં અવશ્ય પહોંચી જજો. તોપની ગર્જના સાંભળતાં વાર ડિસેએ સેના સહિત મેરંજો તરફ પ્રસ્થાન કર્યું, પરંતુ તે અતિ દૂર હતું અને નેપોલિયનની સેનાને શત્રુઓની સંખ્યા મોટી હોવાથી પાછળ હઠવું પડતું હતું. નેપોલિયને આ પાછા હઠવાને પલાયનમાં ફેરવાઇ જવા દીધું નહિ અને પાછળ હઠતી સેનાને તેણે દૃઢ રાખી. તે કેવળ ડિસેના આગમનનીજ પ્રતીક્ષા કરી રહ્યો હતો અને તે સાથે સાથે સેનાને ઉત્સાહ પણ આપતો જતો હતો. તે થોડો પાછળ હઠયા પછી પોતાની સેનાને કહેતો કે 'વીરો! હવે આપણે પૂરતા પાછા હઠયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. હવે આપણે ખડકની પેઠે દૃઢ ઉભા રહીએ.' આ પ્રકારે નેપોલિયન આખો દિવસ ધીમે ધીમે પાછળ હઠતો રહ્યો. ઑસ્ટ્રિયાની સેનાનો વૃદ્ધ સેનાપતિ મેલાસ રાત્રિદિવસના શ્રમથી શ્રમિત થયેલો હતો; અને અશ્વપરથી પડી જવાથી તેનો શ્રમ અધિક વૃદ્ધિંગત થયો હતો. તેણે જાણ્યું કે હવે આપણો વિજય થઇ ગયો. પોતાનાથી નાના એવા એક સેનાપતિને સેનાનો ભાર સોંપીને તે પોતાના વિશ્રામ સ્થાનપર ચાલ્યો ગયો. ઑસ્ટ્રિયન સેના પોતાનો વિજય નિશ્ચિત સમજી આનંદ ઘોષ કરવા લાગી. નેપોલિયનના મસ્તકપર પણ ચિંતાની બે રેખાઓ દ્રષ્ટિગોચર થવા લાગી.

આજ સમયે તેણે દૂરના મેદાનમાં ધૂળ ઉડતી જોઈ. તે ધ્યાન આપી તે તરફ જોવા લાગ્યો, ક્ષણવારમાં તેને જણાયું કે સેનાપતિ ડિસે પોતાની આખી સેનાના અગ્રભાગે ઘોડાને જોશથી દોડાવતો આવી રહ્યો છે. આ સેનાપતિ નેપોલિયનના વીરતમ સેનાપતિઓ પૈકી એક હતો, તેના સંબંધમાં નેપોલિયન ઘણી આશા રાખતો હતો. આવતાં વારજ તે નેપોલિયનની પાસે આવ્યો. નેપોલિયનની ચિંતા દૂર થઇ ગઇ. તેણે પોતાના તાજા દશ સહસ્ત્ર આદમીઓને લઈ અત્યંત ઘોર આક્રમણ કર્યું. તે વાવાઝોડાની પેઠે ઑસ્ટ્રિયાની વિજયી સેનાપર તૂટી પડયો, આ તરફથી નેપોલિયનના બીજા સેનાપતિ કેલરમેને પોતાના ઘોડેસ્વારોની સાથે શત્રુની બાજૂપર હલ્લો કર્યો. આ પ્રમાણે સામેથી અને બાજુએથી તંગ થવાથી વિજયી ઑસ્ટ્રિયન સૈન્ય નાસી છૂટયું. આજ આક્રમણમાં વીર સેનાપતિ ડિસે એક ગોળીના પ્રહારથી ભૂશાયી થયો. મરતી વખત તે બોલ્યો કે; "આપણા પ્રથમ શાસકને (નેપોલિયનને) કહી દો કે, યદિ મરતી વખત મને કાંઇ શોક હોય તો તે માત્ર એટલોજ છે કે ભાવી પ્રજાના સ્મરણને યોગ્ય, કાંઈ પણ કાર્ય કર્યા વિનાજ હું આ લોકથી ચાલ્યો ગયો છું."

ઑસ્ટ્રિયન સેના નાસી છૂટી; વિજય પૂરે પૂરો થયો. વિજયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયમાં શાંતિ એજ મહાપુરૂષનો ધર્મ છે. ચિર સ્મરણીય મેરંજોના વિજય પછી નેપોલિયને ઑસ્ટ્રિયાના મહારાજાની ઉપર શાંતિ સ્થાપવાને માટે પત્ર મોકલ્યો. આ તરફ નેપોલિયનનો ભય હતો અને પેલી તરફ ઇંગ્લાંડની કૅબિનેટ રૂસ્વતપર રૂસ્વત આપી રહી હતી. બિચારો ઑસ્ટ્રિયાનો રાજા વચમાંજ ત્રિશંકુ બની રહ્યો હતો. નેપોલિયન સંધિને માટે પત્ર લખી પાછો પૅરિસમાં આવ્યો. ઑસ્ટ્રિયા સંધિ કરવા માગતું નહોતું, તેથી તે બહાનાં બતાવવા લાગ્યું. ત્યારે નેપોલિયને સેનાપતિ મોરિયોને એક અતિ પ્રચંડ સેનાસહિત પુનઃ ઑસ્ટ્રિયા તરફ મોકલ્યો. મોરિયો વિજયપર વિજય મેળવતો ઑસ્ટ્રિયા સુધી જઇ પહોંચ્યો. હોહિન્લીન્ડનનું યુદ્ધ અત્યંત પ્રસિદ્ધ છે. આ યુદ્ધમાં મોરિયોએ ઑસ્ટ્રિયન સેનાનો સંપૂર્ણ પરાભવ કર્યો. મોરિયોના આ વિજય પશ્ચાત્ ઑસ્ટ્રિયાને અત્યંત ભય લાગવા માંડયો. ભયભીત થઇ તેણે અંતે નેપોલિયનની સાથે સંધિ કરવાની ઇચ્છા પ્રકટ કરી. સંધિ શીઘ્ર થઈ. નેપોલિયનના વિરોધીઓ પણ સ્વીકાર કરે છે કે, **આટલા મોટા વિજય પછી આટલી ઉદાર સંધિ માત્ર તેજ કરી શકે.** આ સંધિદ્વારા ઇટાલિને સ્વતંત્ર કરવામાં આવ્યું અને ફ્રાન્સ તથા ઑસ્ટ્રિયાની હદ નિશ્ચિત કરવામાં આવી.

તૃતીય પરિચ્છેદ—જન્મપર્યંતનો શાસક.

प्रणमन्त्यन पायमुत्थितं प्रति पच्चन्द्रमिव प्रजा नृपम्
(भारविः)

'વિજયી અને ઉદિત થતા રાજાને જોઇને પ્રજા તેનું દ્વિતીયાના ચંદ્રમા સમાન સ્વાગત કરે છે.' · ભારવિ.

ફ્રાન્સ અને ઑસ્ટ્રિયાની વચ્ચે સંધિ થઈ ગઈ. અનેક વર્ષોનો પરસ્પર ઘાતક સંગ્રામ શાંત થઈ ગયો. જે દિવસે આ સંધિ થઇ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ ઘણોજ શુભ હતો. તે દિવસે દેશોન્નતિના સાચા અભિલાષીઓના ચિત્તમાં પરમ હર્ષ ઉદિત થયો. તે હર્ષને અધિક વૃદ્ધિંગત કરવાને માટે નેપોલિયને અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોના સરકારની સાથે પણ સંધિ કરી લીધી. ઉભય દેશોના પ્રતિનિધિઓએ પૅરિસમાં મળીને ઉભય દેશોને પ્રેમના સૂત્રમાં બાંધી દીધા. આ પ્રકારે નેપોલિયને સર્વ દેશોની સાથે સંધિ કરી લીધી–કેવળ એક દેશ રહી ગયો. આ દેશે તો નિશ્ચય કર્યો હતો કે નેપોલિયનની સાથે કદિ પણ સંધિ કરવી નહિ. આ દેશ તે ઇંગ્લાંડ હતો. ઇંગ્લાંડ દેશ દીર્ઘકાળથી સ્વતંત્રતા દેવીની છત્રછાયામાં વિશ્રામ કરતો હતો. તેની સ્વતંત્રતાની રક્ષાનું મુખ્ય કારણ એ હતું–અને હજી પણ છે–કે તે ચોતરફથી સમુદ્રદ્વારા રક્ષિત છે. સમુદ્ર તેનું બહારના આક્રમણથી રક્ષણ કરે છે. સમુદ્રપર ઇંગ્લાંડના પુત્રોની સામે કોઇ પણ શક્તિનો અવાજ નથી. તેનું દરિયાઈ બળ સમસ્ત દેશોના દરિયાઇ બળથી અધિક પ્રબળ છે. જ્યાંસુધી તેના હાથમાં પોતાનું અજીત તથા શીઘ્ર ગતિવાળું નૌકાસૈન્ય વિદ્યમાન છે; ત્યાંસુધી કોઈ પણ શત્રુનો પ્રહાર તેને નિર્બળ તથા પરતંત્ર કરી શકે એમ નથી.

ઇંગ્લાંડની કૅબિનેટ આ વાતથી સારી રીતે પરિચિત હતી; અને નેપોલિયન પણ તેથી અનભિજ્ઞ નહોતો. કાંઇક સ્વાભાવિક જાતીય વિરૂદ્ધતાથી; અને કાંઇક પોતાની અનંત તથા ઉચ્ચ મહત્વાકાંક્ષાથી પ્રેરિત થઇ નેપોલિયને પ્રથમથીજ ઇંગ્લાંડને હલકું બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેણે મિસરપર કરેલું આક્રમણ પણ આજ નિશ્ચયનું પ્રથમ અંગ હતું. નેપોલિયન મિસરદ્વારા ભારતપર આક્રમણ કરી ઇંગ્લાંડદેશને તેનાથી વંચિત કરવા માગતો હતો. ઇંગ્લાંડદેશ પણ મૂર્ખ અને બુદ્ધિહીન નહોતો. તે પ્રથમથીજ ચેતી ગયો હતો કે નેપોલિયનના સૂક્ષ્મ શરીરમાં તેના આધિપત્યનો એક મહાન શત્રુ વિદ્યમાન છે. જ્યાં સુધી નેપોલિયન જીવંત રહે ત્યાં સુધી તેને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંગ્લાંડની સાથે યુદ્ધ કરતા રહેવું આવશ્યક હતું. ઉભયપક્ષોને તેમ કરવાની ફરજ પડી હતી–તેઓ તે સિવાય કાંઇપણ કરી શકતા નહોતા.

પ્રથમ વિચારથી આ વીસ વર્ષોના યુદ્ધનો સમસ્ત ભાર **ને**પોલિયનપર આવી પડે છે, કારણ કે **મિ**સરપર આક્રમણ કરીને પહેલ તેણેજ કરી હતી. પરંતુ આપણે જો અહીંઆંજ થોભી જઇએ અને તેની પૂર્વેના કાળપર નહિ પહોંચીએ તો અમે **ને**પોલિયન પ્રત્યે અન્યાય કર્યો છે એમ કહેવાશે. **ફ્રા**ન્સની રાજ્યક્રાંતિના સમયમાં ઇંગ્લાંડે **ફ્રા**ન્સપર આક્રમણ કરાવવાની પહેલ કરી હતી. તે સમયે **ને**પોલિયન નહોતો, તેમજ બીજો કોઈ વિજેતા સેનાપતિ પણ નહોતો. તે સમયે **ફ્રા**ન્સે કોઈ અન્ય દેશપર આક્રમણ કર્યું નહોતું, ઇતર દેશોએજ તેની ઉપર આક્રમણ કર્યું હતું. યદિ **ને**પોલિયનનાં યુદ્ધોને આ આક્રમણોની સાથે જોડી દેવામાં આવે તો પ્રતીત થશે કે ઇંગ્લાંડ સાથે તેણે કરેલાં યુદ્ધો એ કાંઈ વ્યક્તિગત યુદ્ધો નહોતાં, કિંતુ રાષ્ટ્રીય યુદ્ધનો ઉત્તર ભાગજ હતો.

આ રીતે આ યુદ્ધમાં પહેલ ઇંગ્લાંડની જણાય છે. કિંતુ ઇંગ્લાંડને તથા તેના અન્ય સાથીઓને પણ સર્વથા દોષિત ગણવા જોઇએ નહિ. તેઓ એમ જણાવતા હતા કે **ફ્રા**ન્સની રાજ્યક્રાંતિથી તેમની સામાજિક દશાઓમાં અશાંતિ ફેલાવાનો ભય છે. ઇંગ્લાંડને આ વાતનો વિશેષ ડર હતો, તેથી તે **ફ્રા**ન્સને ક્રાંતિ બંધ કરવાની ફરજ પાડવા માગતો હતો. તેના આ પ્રયત્નોએ ક્રાંતિને દબાવી કે વૃદ્ધિંગત કરી ? તેના સંબંધમાં ઘણો સંદેહ છે. અમારા અભિપ્રાય પ્રમાણે તો વિદેશી આક્રમણોએજ ક્રાંતિને વૃદ્ધિંગત કરી હતી; અને તેમણેજ તેમને ભીષણ બનાવી હતી. ક્રાંતિનો ઇતિહાસ લખતી વખત અમે જણાવી ગયા છીએ કે જ્યારે જ્યારે ક્રાંતિના ઘોર અત્યાચાર થતા હતા ત્યારે ત્યારે તે વિદેશી દબાણથી ગભરાઈનેજ કરવામાં આવ્યા હતા; એટલા માટે ઇંગ્લાંડે તથા તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથીઓએ ફ્રાન્સની ક્રાંતિની સાથે લડીને પોતાનું અથવા ફ્રાન્સનું કલ્યાણ કર્યું હતું એમ કહેવું ઉચિત નથી. તથાપિ આ એક વાત ફ્રાન્સના વિરોધીઓના દોષને કમી તો અવશ્ય કરી દે છે. તેઓ ક્રાંતના કાયદાઓથી એટલા બધા ભયભીત થઈ ગયા હતા–તેઓ આ રોગથી એટલા બધા ડરી ગયા હતા–કે તેઓએ કર્ત્તવ્ય વિમૂખ બની જઇને જરા પણ વિચાર કર્યા વિનાજ શસ્ત્ર પ્રહાર કરી દીધો હતો. ડરથી અથવા ક્રોધથી મનુષ્ય અંધ બની જાય છે; અને આજ અવસ્થા ઉક્ત દેશોની થઈ.

નેપોલિયનનાં યુદ્ધો આ પૂર્વ કાળનાં જાતીય યુદ્ધોનો ઉત્તર ભાગ હતો. પ્રાથમિક બે યુદ્ધોમાં તે સર્વથા આત્મરક્ષાને માટે લડયો હતો. ટઉલનમાં અને ત્યાર પછી ઇટાલિમાં તેણે ફ્રાન્સ દેશની સીમાના રક્ષણાર્થે યુદ્ધ કર્યું હતું. તેનું ત્રીજું યુદ્ધ મિસરમાં થયું. ત્યાં તે આત્મરક્ષા અર્થે લડયો નહોતો; પરંતુ તે દેશપર તો તેણે આક્રમણ કર્યું હતું અને એટલા અંશમાં તે દોષિત છે. વિના કારણ ઈજીપ્તપર આક્રમણ કરવાનો તેને શો અધિકાર હતો? તેની સાથે એમ પણ કહી શકાશે કે મિસરદ્વારા ભારતપર આક્રમણ કરવાનો પણ તેને કાંઇ અધિકાર નહોતો; છતાં અમે એમ પણ કહી શકીએ છીએ કે ઇંગ્લાંડને પણ ટઉલનપર સેના ઉતારવાનો કાંઈ અધિકાર નહોતો અને ઑસ્ટ્રિયાને ઇટાલિદ્વારા ફ્રાન્સની ભૂમિપર આક્રમણ કરવાનું પણ કાંઇ કારણ નહોતું. આ પ્રમાણે ઉભયપક્ષ અધિકાર વિનાજ કાર્ય કરતા હતા અને જે પક્ષ બળવાન હોય તે જીતી જતો હતો. મૂળ વાત એ છે કે આ યુદ્ધોમાં કોઇ પણ પક્ષ કોઇ સત્ય સિદ્ધાંતને માટે લડતો નહોતો. શું ઇંગ્લાંડ અને શું નેપોલિયન–ઉભય એક બીજાની વૃદ્ધિ પ્રત્યે ઈર્ષ્યા રાખતા હતા અને કોઈ પણ એમ ઇચ્છિતો નહોતો કે પેલો મ્હારાથી વધી જાય. દોષિત ઉભય હતા. યદિ આત્મરક્ષાના આધારપર નિર્દોષ હતા તો ઉભયજ હતા. ઉભય એક બીજાથી બળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા હતા અને જે સાધનથી બને તે સાધનથી તેઓ એક બીજાને નીચા દેખાડવાનો પ્રયત્ન કરતા હતા. નેપોલિયનની પાસે પોતાની સ્થળસેનાનું શસ્ત્ર હતું. કદિ તેનાદ્વારા તે ઇંગ્લાંડ સિવાયના યૂરોપના ભૂભાગપર સત્તા સ્થાપિત કરી ઇંગ્લાંડનો વ્યાપાર બંધ કરવા ઇચ્છતો હતો. કદિ તે જહાજોદ્વારા એકદમ ઇંગ્લાંડમાં પહોંચી જઇ તેને હસ્તગત કરવા ઇચ્છતો હતો અને કદિ તેના બહારના મુલકોપર સત્તા સ્થાપિત કરી પોતાનું સામુદ્રિક આધિપત્ય જમાવવા ઇચ્છતો હતો. ઇંગ્લાંડના હાથમાં અજીત સામુદ્રિક શક્તિ હતી અને રૂસ્વત આપવાને માટે અખૂટ ધન હતું. તે તેનાદ્વારા ફ્રાન્સની સામુદ્રિક શક્તિને છિન્ન ભિન્ન કરતું હતું અને યૂરોપના અન્ય નરેશોને તેની સાથે લડવાને પ્રવૃત્ત કરતું હતું. આ ઉભય પક્ષનાં શસ્ત્રોમાંથી કયું અધિક આદરણીય અને ઓછું નીચ હતું તેનો નિશ્ચય કરવાનું કામ અમે પાઠકોનેજ સોંપીએ છીએ. કિંતુ અમે એટલું કહેવા માગીએ છીએ કે ઉભય પક્ષોમાંથી કોઇને પણ દુષિત ગણવો યોગ્ય નથી. નેપોલિયન પોતાની મહત્વાકાંક્ષાને પોતાનાથી દૂર કરી શકતો નહોતો અને ઇંગ્લાંડ પણ પોતાની મહત્તાની અભિલાષાને તિલાંજલિ આપી શકતો નહોતો. વીસ વર્ષ પર્યંત નેપોલિયનનો હાથ ઉંચો રહ્યો, કારણ કે તેની અસાધારણ શક્તિઓ સ્થિર રહી. ત્યાર પછી તે હારી ગયો, કારણ કે ઇશ્વર એવા એક મનુષ્યને જગતમાં રાખવા ઇચ્છતો નહોતો કે જેની મહાત્વાકાંક્ષાથી સમસ્ત નરેશોને ભયભીત રહેવું પડે. વળી બીજું કારણ એ હતું કે ઇંગ્લાંડે નેપોલિયનની વિરૂદ્ધ જે શક્તિઓ એકત્રિત કરી હતી તે નેપોલિયનની અસાધારણ શક્તિઓથી પણ અધિક થઇ ગઇ હતી. આ સંગ્રામો તથા અશાંતિઓમાં નેપોલિયનનો હિસ્સો એટલોજ વધારે હતો કે તે અસાધારણ શક્તિ સમ્પન્ન હતો. શેષ રહી વિજયની ઇચ્છા—તેમાં બીજો કોઇપણ દેશ તેનાથી કમ નથી. તેણે મિસરને જીતવાની ઇચ્છા કરી તેને માટે શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દોષિત હતો ? યદિ તે દોષિત હતો તોઃશું હમણાં મિસર સ્વતંત્ર છે ? તે સાર્વભૌમ સામ્રાજ્યની ઇચ્છા કરતો હતો તેને માટે પણ શું તે દોષિત હતો ? યદિ તે દોષિત હતો તો શું હાલમાં એવા દેશો નથી–અને શું તે સમયમાં એવા દેશો નહોતા–કે જે કદિ પણ પોતાનું સામ્રાજ્ય વિસ્તૃત કરવામાં કસર રાખતા નથી ? અને તે દેશો તેજ છે કે જેઓ તે સમયે નેપોલિયનને દોષિત ગણતા હતા. જર્મનીપરજ દૃષ્ટિ નાંખોને ! શું તે કોઇથી કમ છે ? કદાચ નેપોલિયન આ કાર્ય કરવામાં અતિ શીઘ્રતાને માટે દોષિત હતો, કિંતુ વસ્તુતઃ તે પશ્ચિમની અશાંતિ તથા પ્રહારકર્ત્તાનોજ આદર્શ હતો. જેથી આ સાર્વત્રિક ગુણ વા દોષને માટે તેને એકલાને ગુણી વા દોષિત ઠરાવવો જોઇએ નહિ. અસ્તુ.

જે વિરોધનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે તે આ સમયે પણ ખૂબ જોરમાં હતું. ફ્રાન્સ ઇતર સર્વ દેશોની સાથે સંધિ કરી ચૂક્યો હતો, એક ઇંગ્લાંડજ શેષ હતો. ફ્રાન્સના નાઠેલા કુલીન પુરૂષો કે જે બુર્બોન રાજાઓના પુનરાગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા તે ઇંગ્લાંડમાં ડેરા નાખીને પડયા હતા. તેમના કેટલાક ભાઈબંધો ફ્રાન્સમાં પણ હતા. તેઓ નિષ્ક્રિય નહોતા. તેઓ કાંઇને કાંઇ ખટપટ કરતાજ રહેતા હતા. વિશેષતઃ આ સમયે તેઓ નેપોલિયનનો વધ કરવાને પ્રયત્ન કરતા હતા. તેની પૂર્વે ક્રાંતિ એક વ્યક્તિપર આશ્રિત થતી નહોતી, તેનો આશ્રય એક પક્ષ અથવા એક સભાપર હતો, એટલા માટે તેનો એકજ થપ્પડમાં વિનિપાત કરવો કઠિન હતો; પરંતુ હવે રાજ્યનો તથા ક્રાંતિનો સ્તંભ કેવળ એક નેપોલિયન જ હતો. રાજપક્ષપાતીઓ ધારતા હતા કે આ એકનાજ પતનથી હવે પુરાણા રાજાઓનું આગમન સહેલું થઇ જશે, એટલા માટે તેઓ નેપોલિયનનો ઘાત કરવાનો યત્ન કરવામાં નિમગ્ન રહેતા હતા; અને આ સમયે પણ તેમણે એક એવીજ ચેષ્ટા કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ નેપોલિયન ગાડીમાં બેસીને એક નાટકગૃહ તરફ જતો હતો. તેના આગમનના સમયનું અનુમાન કરી ઘાતકોએ તેના માર્ગની એક બાજૂએ દારૂથી ભરેલી એક ગાડી ઉભી રાખી. ગાડી હાંકવાને માટે ૧૫ વર્ષની એક તરૂણ છોકરીને નિયત કરી. જ્યારે નેપોલિયનની ગાડી તેની પાસે પહોંચી ત્યારે ઘાતકે તેને ઉરાડી મૂકવાને માટે દારૂ સળગાવી દીધો. આગ લાગવામાં એક ક્ષણ માત્રનો વિલંબ થયો એટલા સમયમાંજ નેપોલિયનનું ભાગ્ય અને ગાડી તેને આગળ ખેંચીને લઇ ગઈ. કેટલાક લોકો કહે છે કે તે દિવસે નેપોલિયનના ગાડીવાને પોતાના ઉદરમાં પુષ્કળ દારૂ રેડયો હતો, તેથી તેના ઘોડા અત્યંત ત્વરાથી દોડતા હતા. તેઓ શીઘ્ર ઉક્ત દારૂવાળી ગાડીથી આગળ નીકળી ગયા. દારૂ ફૂટયો, આસપાસનાં કેટલાંક ઘરો તૂટી પડયાં, કંપથી સમગ્ર પૅરિસ નગર હાલી ઉઠયું, કિંતુ નેપોલિયનને કિંચિત્ પણ ઇજા થઈ નહિ. તેનું મુખ પૂર્વવત્જ શાંત તથા ગંભીર રહ્યું. સમગ્ર પૅરિસના લોકો પ્રથમ સમજ્યા કે નેપોલિયનનું ચારિત્ર હવે સમાપ્ત થઇ ગયું, કિંતુ જ્યારે તે ટુંકાં ટુંકાં દૃઢ પગલાંથી નાટકગૃહમાં ચાલતો દ્રષ્ટિગોચર થયો, ત્યારે તો તેમના આલ્હાદની સીમાજ રહી નહિ. તેમને નેપોલિયનની દૃઢતાપર પૂર્વે કરતાં પણ અધિક વિશ્વાસ બેઠો અને તેઓ તેના પ્રત્યે અધિકાધિક પ્રેમ કરવા લાગ્યા; નેપોલિયને પાછળથી આ પાપકર્મ કરનારા દોષિતોને શોધી કઢાવ્યા. બે રાજપક્ષપાતીઓને ફાંસી દેવામાં આવી. કેટલાક ક્રાંતિ પક્ષના માણસોપર પણ સંદેહ આવ્યો અને તેમને દેશનિકાલ કરવામાં આવ્યા.

આ ઘટનાથી બીજો કોઈ લાભ થયો હોય વા નહિ થયો હોય, પરંતુ એટલો લાભ તો અવશ્ય થયો કે નેપોલિયન હવે પૂર્વે કરતાં અધિક સાવધાન થઇ ગયો. તેણે આ સર્વે ઘટનાઓના મૂળમાં પ્રવેશ કરવાનો યત્ન કર્યો. વિચાર કરતાં તેને પ્રતીત થયું કે જ્યાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી લોકોનો કોઇ સ્થિર ધર્મ નહિ હોય ત્યાંસુધી આ રાજનૈતિક પાપકર્મો દૂર થનાર નથી. જેથી લોકોનો અને રાજશાસનનો ધર્મની સાથે સંબંધ જોડવો, તે આવશ્યક માનતો હતો. જગતમાં ગુણરહિત સેંકડો રાજવંશો કેવળ એટલાજ કારણથી શાસન કરી રહ્યા છે કે તેઓ પ્રજાની દૃષ્ટિમાં ઈશ્વરના પ્રતિનિધિ અને ધર્મના રક્ષક છે. ધર્મ વિનાનું રાજ્ય એ પાંદડાં વિનાના વૃક્ષ સમાનજ છે. ધાર્મિક સંબંધ વિના કોઇ પણ રાજ્ય જીવિત રહી શકતું નથી. નેપોલિયને પણ પોતાના શાસનને ધર્મરૂપી સ્તંભપર સ્થિર કરવાનો નિશ્ચય કર્યો. એક ઘણો ભારે ઉત્સવ કરવામાં આવ્યો; ખ્રિસ્તી ધર્મના ગુરૂ પોપની અનુમતિથી આ ઉત્સવમાં આઘોષિત કરવામાં આવ્યું કે ફ્રાન્સ દેશની સરકારનો રાજધર્મ, આજથી રોમન કૅથોલિક (ખ્રિસ્તી) ધર્મ થશે. ક્રાંતિના વિચારોથી ભરેલી નેપોલિયનની સેનાએ આ આઘોષણા અતિ નાક મ્હોં ચઢાવીને સાંભળી. કિંતુ નેપોલિયન આઘોષણાનું રાજનૈતિક મહત્વ સમજતો હતો. તે વસ્તુતઃ ખ્રિસ્તી હતો, એમ કહેવામાં ઘણું સત્ય રહેલું નથી. તે પ્રાયઃ કહ્યા કરતો હતો કે મ્હારી સહાનુભૂતિ ખ્રિસ્તી ધર્મની અપેક્ષાએ મહમ્મદી ધર્મ પ્રત્યે અધિક છે. મિસરમાં આ વાત સ્પષ્ટ થઇ ગઇ હતી કે તે ધર્મને કેવળ રાજનૈતિક શસ્ત્રજ સમજતો હતો. અન્ય કાંઇ નહિ.

ધર્મ સ્થાપનાના કાર્યે નેપોલિયનના યૂરોપમાંના શત્રુઓની સંખ્યા ઘણી કમી કરી નાંખી. જે લોકો તેને ક્રાંતિનો પ્રતિનિધિ સમજીને તેના પ્રત્યે દ્વેષ રાખતા હતા તેમણે હવે પોતાનો અભિપ્રાય બદલી નાખ્યો. આ રીતે અવશિષ્ટ શત્રુઓને મિત્ર બનાવી તેણે પોતાના એક માત્ર વિરોધી ઇંગ્લાંડની સાથે પણ સંધિ કરવાનો વિચાર કર્યો. કેટલાક લોકોનો એવો અભિપ્રાય છે કે નેપોલિયન સ્વભાવથીજ યુદ્ધપ્રેમી હતો, પરંતુ આ તે લોકોનો ભ્રમ છે. તે સ્વભાવથી યુદ્ધપ્રેમી નહોતો. હા, તે મહત્વાકાંક્ષાનું શરીરધારીરૂપ હતું. તે સ્વયં મોટો થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગતો હતો અને તે પોતાના મહત્વની સાથે ફ્રાન્સના મહત્વને સર્વથા જોડાએલું માનતો હતો. પોતાની આ મહત્વાકાંક્ષા સિદ્ધ કરવાને માટે–જગતમાં સૌથી મહાન્ બનવાને માટે તેને જે જે સાધનો ઉપયુક્ત પ્રતિત થતાં હતાં તેમને તે ઉપયોગમાં લેતો હતો. જ્યારે તેને એમ લાગતું હતું કે તેના તથા દેશના ગૌરવને માટે શાંતિની આવશ્યકતા છે ત્યારે તે શાંતિને માટે પ્રયત્ન કરતો હતો; અને જ્યારે તે યુદ્ધ વિના આ મહત્વ કમ થયેલું માનતો હતો ત્યારે યુદ્ધ કરતાં પણ તે પાછો હઠતો નહોતો. તે સ્વભાવથીજ ક્રૂર વા યુદ્ધપ્રેમી નહોતો. દીન અને મૃત માણસોને જોઇને તેને શોક થતો હતો તથા અન્યોનાં દુઃખથી તે દુઃખી પણ થતો હતો. તે સ્વયં યુદ્ધની ઇચ્છા રાખતો નહોતો, કિંતુ પોતાના અને દેશના ગૌરવની રક્ષાને માટે તેને અન્ય કોઈ ઉપાય સૂઝતો નહોતો ત્યારેજ, તેની સિંહના જેવી પ્રકૃતિ પ્રકટી નીકળતી હતી. શાંતિ અને યુદ્ધની કળાઓમાં તે સારી પેઠે પ્રવિણ હતો. જ્યાં તેની સિંહ પ્રકૃતિ પ્રકટી નીકળી ત્યાંપછી એવા ચમત્કાર દૃષ્ટિગોચર થતા હતા કે જેની તુલનાને માટે તમે આખો ઇતિહાસ ખોળી જુઓ, તોપણ તમને તેની પ્રાપ્તિ થશે નહિ.

ઇંગ્લાંડની સાથે સંધિ કરી નેપોલિયન પોતાના દેશના વ્યાપારની રક્ષા કરવા માગતો હતો. સમસ્ત સમુદ્રો ઇંગ્લાંડનાં જહાજોથી આચ્છાદિત હતા, તેથી ફ્રાન્સનો સામુદ્રિક વ્યાપાર મરી ગયો હતો. નેપોલિયને મિત્રભાવથી શાંતિ સ્થાપવાને માટે યત્ન કર્યો, પરંતુ તેનો ઉત્તર તેને નકારમાંજ મળ્યો, ત્યારે બીજો ઉપાય તેની પાસે યુદ્ધનો હતો. કિંતુ ઇંગ્લાંડની સાથે સામુદ્રિક યુદ્ધ કરવું નેપોલિયનને માટે કઠિન તો શું, પરંતુ સર્વથા અશક્ય હતું; ત્યારે નેપોલિયને બીજા માર્ગનું અવલંબન કર્યું. તેણે ઇંગ્લાંડની નિકટના ફ્રાન્સના કિનારાપર કેટલાક દુર્ગો બંધાવ્યા. આ દુર્ગો એવી રીતે બંધાવવામાં આવ્યા હતા કે તેનાદ્વારા દૂર દૂર સુધી સમુદ્ર કાબુમાં આવી શકે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલા સ્થાનમાં શત્રુનું કાંઈ પણ સાલ ઘુસી ન શકે. ફ્રાન્સ અને ઇંગ્લાંડથી સમાન અંતરપર આવેલા આમિયાં (Amiens) સ્થાનપર ઉભય દેશો તરફના રાજદૂતો એકત્રિત થયા. તેમણે સંધિની જે સરતો નિયત કરી તેથી નેપોલિયનને મિસર દેશ છોડવો પડયો; અને ઇંગ્લાંડે માલ્ટાપરથી પોતાનો અધિકાર ઉઠાવી લીધો. ઇટાલિના પ્રજાતંત્ર રાજ્યોની સ્વતંત્રતાનો સ્વીકાર કરવામાં આવ્યો અને કેટલાંક દરિયાઇ સ્થળો સિવાય સર્વપરથી ઇંગ્લાંડનું પ્રાધાન્ય નષ્ટ કરવામાં આવ્યું. આ સરતોથી સંધિ સ્વીકૃત થઇ.

ઇંગ્લાંડની સાથે સંધિ થયા પછી નેપોલિયનની કીર્ત્તિ અગાઉ કરતાં બમણી વધી ગઈ. પ્રથમ તો તે કેવળ યુદ્ધવીર તરિકેજ પ્રસિદ્ધ હતો, પરંતુ હવે તે સંધિવીર તરિકે પણ પ્રસિદ્ધ થઈ ગયો. આ સંધિને સર્વ લોકોએ કેટલાક સાંગ્રામિક વિજયો કરતાં પણ અધિક ગણી અને તેથી નેપોલિયન સર્વ દેશોમાં 'શાંતિના દેવ' તરિકે પ્રસિદ્ધ થઈ ગયો. આ રીતે બાહ્ય શાંતિ અને વિજય એ ઉભયની ધ્વજા એક સાથે ફરકાવી, નેપોલિયન ફ્રાન્સને દૃઢ કરવાને માટે ઉદ્યુત થયો. જ્યાંસુધી બાહ્ય યુદ્ધોથી નિશ્ચિંતતા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી આભ્યન્તરિક ઉન્નતિ અશક્ય છે. નેપોલિયને હવે બાહ્ય શાંતિ સ્થાપિત કરી લીધી, તેથી ફ્રાન્સને માટે આભ્યન્તરિક ઉન્નતિ શક્ય થઇ. નેપોલિયને આભ્યન્તરિક ઉન્નતિને માટે જે પ્રથમ કાર્ય કર્યું તે કરવાનું—અથવા શિક્ષણને નવીન સ્વરૂપ આપવાનું હતું. તેણે કેટલાંક નવીન વિદ્યાલયો સ્થાપિત કર્યા અને તેમની પાઠવિધિ પણ નવીન બનાવી. આ પાઠવિધિમાં દર્શન તથા ઇતિહાસમાં ઘટાડો કરી તેના સ્થાનમાં સાહિત્ય તથા શસ્ત્રવિદ્યાનો ઉમેરો કરવામાં આવ્યો. શસ્ત્રવિદ્યાની શિક્ષા ઉમેરવાનો ઉદ્દેશ સ્પષ્ટ છે. નેપોલિયન દેશની રક્ષાને માટે સારા યોદ્ધાઓ તૈયાર કરવાનું કામ આવશ્યક ગણતો હતો, પરંતુ બીજા પરિવર્તનનો હેતુ સમજવો કઠિન છે. સાહિત્યની શિક્ષાને પ્રાધાન્ય શા માટે આપવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું ? એનો ઉત્તર સુગમ નથી. દર્શનશાસ્ત્રને શિક્ષણક્રમમાંથી કાઢી નાંખવું પણ તેના મતને અનુકૂળ હતું, કારણ કે તે જાણતો હતો કે શુદ્ધ દાર્શનિક વિચારજ ક્રાંતિ જેવી ઘોર આપત્તિઓના હેતુ બને છે. કિંતુ ઇતિહાસ કે જે શાંતિ તથા સ્થિરતાનો ગુરૂ છે તેને તેણે શિક્ષણક્રમમાંથી શા માટે ઉડાવી દીધો ? એ પ્રશ્ન અત્યંત કઠિન છે.

પોતાના રાજ્યની સ્થિરતાને માટે નેપોલિયને એક બીજો પણ ઉપાય કર્યો. કોઇ પણ એક વ્યક્તિ પ્રધાન શાસન જ્યાંસુધી યોદ્ધાઓની એક શ્રેણીને આશ્રિત નહિ હોય ત્યાંસુધી તેનું સ્થિર રહેવું દુઃસાધ્ય છે. પુરાણાં રાજ્યોમાં જ્યાં ચિરકાળથી રાજકીય સત્તાનું મૂળ દૃઢ થતું આવ્યું હોય ત્યાં કુલીનોની એક એવી શ્રેણી વિદ્યમાન હોય છે, કે જે પોતાની રક્ષાને માટે રાજાના મુખ તરફ જુએ છે; અને તેટલા માટે તે રાજાને પણ વિપત્તિમાં સદા સહાય કરે છે. ક્રાંતિના વાવાઝોડાએ આ શ્રેણીનું નામ નિશાન પણ ફ્રાન્સમાંથી નષ્ટ કરી નાંખ્યું હતું. નેપોલિયને પુનઃ આ શ્રેણીને જીવિત કરવાને માટે એક આદરનું ચિહ્ન (Legion of Honour) નિશ્ચિત કર્યું. આ ચિહ્ન મોટા મોટા યોદ્ધાઓ, ચિત્રકળાના પંડિતો તથા જ્ઞાનીઓને આપવામાં આવતું હતું. જે સ્તંભો વિના કોઈ પણ રાજ્યપ્રાસાદ ખડો થઇ શકતો નથી તેમની રચના કરી નેપોલિયન ફ્રાન્સના રાજનિયમોનો સંસ્કાર કરવાને પ્રવૃત્ત થયો. તેણે કેટલાક પરમ પ્રશંસનીય રાજનિયમ જાણનારાઓને એકત્રિત કરી, એક સ્મૃતિ (કાયદા પોથી) તૈયાર કરાવવાનો આરંભ કર્યો. નેપોલિયને પોતાના જીવનમાં જેટલાં ભાવાત્મક કાર્યો કર્યા તે સર્વમાં અધિક સ્થિર કાર્ય આ સ્મૃતિ તૈયાર કરાવવાનું છે. એમ કહેવાય છે કે આ નેપોલિયનસ્મૃતિ (Code Napoleon) આપણી જેવી સ્મૃતિઓ પૈકી એક છે. પ્રસિદ્ધ વિદ્વાન લૉર્ડ રોઝબરીનો એવો અભિપ્રાય છે કે ફ્રાન્સના રાજનિયમોપર આ નેપોલિયનસ્મૃતિનો અદ્યાપિ પ્રભાવ છે. કેટલાક ઇર્ષ્યાખોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા દીલના બળેલા ઇતિહાસકારો નેપોલિયનના હાથમાંથી આ સ્મૃતિ બનાવવાનો યશ છીનવી લેવા માગે છે. તેઓ કહે છે કે આ સ્મૃતિ પ્રથમથીજ બનેલી હતી અને નેપોલિયને તો કેવળ તેને પૂર્ણજ કરી હતી. કિંતુ ઐતિહાસિક શોધોએ સિદ્ધ કરી આપ્યું છે કે નેપોલિયનની આ સ્મૃતિ સર્વથા ભિન્નજ હતી; અને તે કોઈ પણ અગાઉના નિયમગ્રંથના સંશોધન સ્વરૂપ નહોતી.

આ સર્વ લોકહિતકારી કાર્યોએ નેપોલિયનનો કીર્ત્તિસ્તંભ અત્યંત ઉંચો કરી દીધો. આવા શાંતિસ્થાપક અને સુખપ્રદાયક શાસકને ફ્રાન્સની પ્રજા પિતા તરીકે ચાહવા લાગી, ને સમસ્ત ફ્રાન્સ નિવાસીઓ અનુભવવા લાગ્યા કે નેપોલિયન તેમને ખાડામાંથી બહાર કાઢનાર પુરૂષ થયો છે. પ્રજાના પ્રતિનિધિઓની સભામાં એવો પ્રશ્ન પૂછાવા લાગ્યો કે નેપોલિયનના આ સર્વ ઉપકારોનું શું ફળ આપવું ? પ્રત્યેક ફ્રાન્સનિવાસીને લાગતું હતું કે તેણે કોઇ પણ પ્રકારે નેપોલિયન પ્રતિ કૃતજ્ઞતા પ્રકાશિત કરવી જોઈએ, પરંતુ તે કૃતજ્ઞતા કયા રૂપમાં પ્રદર્શિત કરવી તેની કોઈને સમજ પડતી નહોતી. આ વિષય ન્યાયસભામાં વિચારાર્થે ઉપસ્થિત થયો; પરંતુ તેણે કાંઇ પણ અંતિમ નિશ્ચય કર્યા સિવાય તેને સેનેટમાં મોકલી દીધો. સેનેટના કેટલાક સભાસદો પ્રતિનિધિરૂપે નેપોલિયનની પાસે ઉપસ્થિત થયા; અને તેમણે તેને નિવેદન કર્યું કેઃ–" આખી ફ્રેંચ પ્રજા આપની કૃતજ્ઞ છે; અને આપને એ કૃતજ્ઞતાનું કાંઇક પ્રતિફળ આપવા માગે છે. આપ જે કાંઈ ઇચ્છશો તે આપને મળશે. "

નેપોલિયને સેનેટના આ પ્રસ્તાવનો જે શબ્દોમાં ઉત્તર આપ્યો તે સ્મરણીય છે. તેણે કહ્યું કેઃ–" હું આપના પ્રેમોપહારથી અધિક બીજા કોઇ પણ ઇનામની ઇચ્છા રાખતો નથી. હું મ્હારા દેશની સેવાનેજ મ્હારા જીવનનો ઉદ્દેશ સમજું છું. **યદિ આપ લોકોની સેવામાં હું મરી પણ જાઉં તો હું મ્હારી જાતને ધન્ય માનીશ.** "

આ ઉત્તર પહોંચ્યા પછી પુનઃ સેનેટમાં વિચારનો પ્રારંભ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણો વિચાર કર્યા પછી સૅનેટે એવો નિશ્ચય કર્યો કે નેપોલિયનને જન્મભરને માટે દેશનો પ્રથમ શાસક નિશ્ચિત્ કરવો. હમણાં તે કેવળ દસ વર્ષને માટેજ પ્રથમ શાસક થયો હતો, પરંતુ હવે તેને જન્મભરને માટે તે અધિકાર આપવામાં આવ્યો. જ્યારે નેપોલિયનની ઉપર સૅનેટનો આ પ્રસ્તાવ મોકલવામાં આવ્યો ત્યારે તેણે જે ઉત્તર આપ્યો તે પરમ સ્મરણીય છે. તેનો ઉત્તર એ હતો કેઃ–"આપ લોકોના આ પ્રેમનું ચિત્ર સદા મ્હારા હૃદયમાં આલેખાઈ રહેશે. મ્હારી સેવાઓથી આપ પ્રસન્ન થયા છો, તેથીજ મને સંતોષ છે, પરંતુ આપ મ્હારી પાસે કાંઈક બીજી સેવા પણ કરાવવા ઇચ્છો છો; હું તે કરવાને માટે સર્વથા તૈયાર છું, કિંતુ મને આપની સમ્મતિ અતિરિક્ત, સર્વ સાધારણની સમ્મતિ પણ અભીષ્ટ છે. જે આપની સમ્મતિ છે તે યદિ સર્વ સાધારણની સમ્મતિ પણ થઈ જાય તો હું મ્હારૂં જીવન દેશને માટે અર્પણ કરવામાં મ્હારૂં અહોભાગ્ય સમજીશ."

નેપોલિયનની ઇચ્છાનુસાર આ પ્રસ્તાવ ફ્રાન્સના સમસ્ત નિવાસીઓની સમક્ષ ઉપસ્થિત કરવામાં આવ્યો. ફ્રાન્સના ૩૫૬૮૮૮૫ નિવાસીઓએ એવો મત આપ્યો કે નેપોલિયનને જીવનભરને માટે શાસક બનાવવો. કેવળ ૮૦૦૦ મતો આ પ્રસ્તાવની વિરૂદ્ધ હતા. આ રીતે મતાધિક્યથી નેપોલિયન જીવનપર્યંત ફ્રાન્સનો શાસક બન્યો; પરંતુ તે છતાં પણ કેટલાક ઐતિહાસિકો આપણને જણાવે છે કે તે પોતાના સૈનિક બળથી દેશનો રાજા બની બેઠો હતો. યદિ શાંતિ સ્થાપક રાજ્યને જો સૈનિકબળ પ્રધાનરાજ્ય કહેવામાં આવે તો નેપોલિયન અવશ્ય સૈનિકબળથી શાસક બન્યો હતો. કિંતુ યદિ સૈનિક બળ જો આતતાયીપણાનું નામ હોય તો નેપોલિયનના શાસક બનવાના વિષયમાં આ શબ્દનો પ્રયોગ કરવો એ સત્યનું અપમાન તથા શબ્દનો દુરૂપયોગ કરવા સમાન છે.

શું નેપોલિયન ખરેખર સૈનિક બળથી શાસક બન્યો હતો? આ પ્રશ્નનો ઉત્તર હવે અમે પાઠકોની બુદ્ધિપરજ છોડીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુર્થ પરિચ્છેદ–સામ્રાજ્યલબ્ધિ.

प्राकाश्यं स्वगुणोदयेन गुणिनः संयान्ति किं जन्मना ।

'ગુણવાન મનુષ્ય પોતાના ગુણોથીજ ઉજ્જવળતાને પ્રાપ્ત થાય છે. જન્મની ત્યાં કાંઇ ગણત્રી થતી નથી.'

રાજ્યનીતિનો સૌથી કઠિન પરિચ્છેદ સંધિ પરિચ્છેદ છે. અન્ય દેશની સાથે સંધિ કરવી એજ રાજનૈતિક બુદ્ધિમત્તાની સાચી કસોટી છે. સેના તૈયાર કરી શત્રુપર યથાવસર આક્રમણ કરવું એ કાંઈ સહેલું કાર્ય નથી; તથાપિ તે સંધિના દુઃસાધ્ય કાર્યથી ઘણું સ્હેલું છે. યુદ્ધમાં આપણે સેનાની સહાય લઈ શકીએ છીએ, કિંતુ જ્યારે આપણે એક ઓરડામાં શત્રુના પ્રતિનિધિઓની સાથે સંધિની સરતો બજાવી રહ્યા હોઇએ, ત્યારે આપણા મગજ સિવાય આપણો કોઇ સહાયક થઈ શકતો નથી. યુદ્ધ નિપુણ મનુષ્ય જે પ્રકારની સાહસિક ચેષ્ટાઓનો અભ્યાસી થઈ જાય છે તે પ્રકારની સાહસિક ચેષ્ટાઓ રાજનીતિજ્ઞ પુરૂષ કરી શકતો નથી. યદિ તે એવી સાહસિક ચેષ્ટાઓ કરે, યદિ તે પોતાની જાતને થોડા પણ જોખમમાં નાખે, તોપછી ત્યાંથી બચવું કઠિન થઈ પડે છે. જે સંધિ એકવાર પત્રપર આવી ગઈ, જે અક્ષર એકવાર કાગળપર લખાયા, તે પુનઃ કદિ પણ ભુંસી શકાતા નથી. જગતમાં યુદ્ધ અને સંધિમાં સમાન યોગ્યતા રાખનાર પુરૂષ દુર્લભ છે, કારણ કે આ ઉભય કાર્યો પૂર્ણ કરવાને માટે ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતાઓ આવશ્યક હોય છે. કિંતુ **નેપોલિયન બોનાપાર્ટ** આ ઉભય કળાઓમાં નિપુણ હતો; અને તેથીજ તે મહાપુરૂષ હતો. યોદ્ધાઓ કેવળ યુદ્ધોને જીતી શકે છે, કિંતુ તેઓ લોકોનાં મન જીતી શકતા નથી. **નેપોલિયન** કેવળ યોદ્ધો નહોતો, પરંતુ યોદ્ધાની સાથે કાંઇક અધિક પણ હતો. તે સંધિ કરવામાં અને ,રાજનીતિમાં સિદ્ધહસ્ત હતો. **આમિયાંની** સંધિ આ બાબતનું જ્વલંત પ્રમાણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમિયાંની સંધિ નેપોલિયન અને ઇંગ્લાંડની વચ્ચે થઇ હતી. ઇંગ્લાંડ પોતાની નીતિમત્તાની સામે હિમાલય પર્વતના શિખરને પણ વામનસ્વરૂપ સમજતું હતું, પરંતુ નેપોલિયને નીતિના વિષયમાં ઇંગ્લાંડને પણ જીતી લીધું. જ્યારે આમિયાંની સંધિ થઇ રહી હતી, ત્યારે ઇંગ્લિશ કૅબિનેટ જાણતી નહોતી કે તે પોતાને કેવા મજબૂત પાશમાં બાંધી રહી છે. તે વખતે તેણે ધાર્યું કે ચાલો અમારા હાથમાંથી માલ્ટાદ્વીપ ગયો તો નેપોલિયને મિસરદેશ છોડવો પડયો, માટે મામલો બરાબર થઈ ગયો. તે વખતે તેણે એ વિચાર કર્યો નહોતો કે મિસરદેશ જવાથી નેપોલિયનની મુઠી જરા પણ ઢીલી થઇ નહોતી–કિંતુ માલ્ટા ખોવાથી ઇંગ્લાંડના ગૌરવની કુંચીજ નષ્ટ થઈ હતી. ઇંગ્લાંડનું રાજનૈતિક મહત્વ સામુદ્રિક બળને લીધેજ છે. ભૂમધ્ય સમુદ્રમાંથી ઇંગ્લાંડનાં જહાજોનું આધિપત્ય ઉઠાડી દો, એટલે આપને તે **'यावच्चर्मच दारुच'** સિવાય કાંઈ પણ જણાશે નહિ. માલ્ટા ભૂમધ્યસમુદ્રની રાજધાની છે. તેને ખોવાથી ઇંગ્લાંડ સમુદ્રોના નાદિરશાહ તરીકે રહી શકતું નથી. સંધિ કરતી વખત ઇંગ્લિશ કૅબિનેટને આ વાત સુઝી નહિ અને નેપોલિયનને તે સુઝી હતી. સંધિ થઈ ગઈ, પરંતુ જ્યારે બ્રિટિશ સરકારને માલ્ટાથી પોતાની સેના ઉઠાવી લેવાની ફરજ પડી ત્યારે તેને ધોળે દહાડે લૂંટાવા જેવુંજ લાગ્યું. આ તરફ તેને આ ચિંતા લાગી અને પેલી તરફ નેપોલિયન ઇટાલિની રિપબ્લીકનો પણ સભાપતિ બની ગયો. વળી હૉલેંડમાં પણ તેણે પોતાની સેના મોકલી હતી. નેપોલિયનનાં આ કાર્યો જેમ જગતની શાંતિના ભંગને અર્થે પૂરતાં હતાં તેમ ઇંગ્લાંડને નેપોલિયન વિષે સચેત કરવાને પણ તે પૂરતાં હતાં, કિંતુ ઇંગ્લાંડદ્વારા સંધિ તોડાવવાને માટે પૂરતાં નહોતાં. યદિ રાજનૈતિક સંધિઓ તોડવાની પ્રથા પ્રચલિત થાય તો પૃથ્વીતળપરથી કદિ પણ તલવારોનો ખણખણાટ બંધ થાય નહિ. નેપોલિયન જે કાંઇ કરી રહ્યો હતો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધિની બહારનાં કાર્યો હતાં. સંધિદ્વારા તેના ઉપર કાંઇ દોષ મૂકી શકાતો નહોતો. મિસરથી પોતાની સેના બોલાવવાને માટે તેને ત્રણ માસની મહેતલ આપવામાં આવી હતી, પરંતુ તેણે બે માસમાંજ ઇજીપ્ત ખાલી કરી દીધું; કિંતુ ઇંગ્લાંડથી માલ્ટા છૂટયું નહિ. તે સમયની બ્રિટિશ સરકારે પ્રથમ સંધિ કરવાની મૂર્ખતા તો કરી ખરી, પરંતુ પાછળથી તેનું પાલન કરવાને તે આનાકાની કરવા લાગી. શું સંધિ કરવામાં નેપોલિયન ઇંગ્લાંડની કૅબિનેટને જીતી ગયો નહોતો?

જ્યારે લંડનની કૅબિનેટે માલ્ટાનો પરિત્યાગ કરવામાં આનાકાની કરવા માંડી ત્યારે નેપોલિયન ગભરાયો. સૌથી પ્રથમ તો તે એ વાત જાણતો હતો કે જ્યાંસુધી ભૂમધ્યસમુદ્રપર અંગ્રેજોનું આધિપત્ય ચાલે છે ત્યાંસુધી તે પોતાની મહત્વાકાંક્ષા અનુસાર પોતાની શક્તિ વધારી શકશે નહિ. બીજી આ વાત પણ તેના લક્ષમાં હતી કે, યદિ કરવામાં આવેલી સંધિ અનુસાર તે ઇંગ્લાંડને માલ્ટા છોડવાની ફરજ પાડશે નહિ તો, આખો દેશ તેની અશક્તિનો લાભ લેશે. આ ઉભય વાતપર વિચાર કરી તેણે ઇંગ્લાંડપર માલ્ટા ખાલી કરી જવાને તકાદાપર તકાદા શરૂ કર્યા. ઇંગ્લાંડની પાસે કોઇ સીધો ઉત્તર નહોતો. યુક્ત ઉત્તર નહિ મળવાથી મનુષ્ય સ્વાભાવિક રીતેજ ચ્હીડાઈ જાય છે. તે પ્રમાણે બ્રિટિશ કૅબિનેટે આ સમયે પોતાનું સમતોલપણું ખોઇ દીધું. ઇંગ્લાંડના પત્રોમાં નેપોલિયનના આચારોપર જૂઠા અને હલકા આક્ષેપો કરવામાં આવ્યા. ઇંગ્લાંડના પત્રકારોએ તેને દુરાચારી, અત્યાચારી અને મિથ્યાચારી જણાવ્યો. નેપોલિયને બ્રિટિશ સરકારની સમક્ષ ફરિયાદ કરી, તો તેને ઉત્તર મળ્યો કે ઇંગ્લાંડનાં પત્રોને સંપૂર્ણ સ્વતંત્રતા છે, માટે તે એવા આક્ષેપોને રોકી શકતી નથી. જો કે સર્વ લોકો જાણે છે કે જ્યારે બ્રિટિશ સરકારને ઉચિત લાગે છે ત્યારે તે ઇંગ્લાંડમાં પણ વાક્ય અને લેખની સ્વાધીનતા છીનવી લેવાને અચકાતી નથી, જેથી કદાચ બ્રિટિશસરકારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયનની ઉપર જૂઠા તથા હલકા આરોપો મૂકવાનું કામ અનુચિત ધાર્યું નહિ હોય.

આ આક્ષેપોથી નેપોલિયને પણ પોતાનું સમતોલપણું ખોઇ દીધું. તેણે આ આક્ષેપોના ઉત્તર પોતાના હાથથી લખી તેમને પોતાના રાજકીય પત્ર 'મૉનિટર' માં પ્રકાશિત કર્યા. આ ઉત્તરોમાં તેણે આક્ષેપ કર્ત્તા પત્રકારોની સાથે બ્રિટિશસરકારને પણ ઉઘડી લીધી. અંતે ફ્રાન્સમાં રહેતા બ્રિટિશસરકારના રાજદૂતે આવીને નેપોલિયનને જણાવ્યું કે જો તમે હૉલેંડ ખાલી કરશો તો બ્રિટિશ સરકાર માલ્ટા ખાલી કરશે. તેની સાથેજ તેણે એમ પણ જણાવ્યું કે યદિ આ સરત સાત દિવસની મુદતમાં સ્વિકૃત નહિ થશે તો તે પૅરિસ છોડી જશે. આ વાત સર્વથા સ્પષ્ટ છે કે ઇંગ્લાંડને આવી સરત ઉપસ્થિત કરવાનો કાંઈ પણ અધિકાર નહોતો, તેમજ નેપોલિયન તેને માનવાને પણ બંધાયલો નહોતો. આનો ભાવાર્થ એ હતો કે ઇંગ્લાંડ લડાઇને માટે તત્પર હતું; અને ગમે તેમ થાય તોપણ યુદ્ધમાં પરાસ્ત થયા પછીજ તેને છોડવાનો તેનો વિચાર હતો. નેપોલિયને પણ ખભો ઠોકીને કહ્યું કે: "ઇંગ્લાંડ અમારી સાથે યુદ્ધ કરવા માગે છે! તો અમે તેને યુદ્ધ આપીશું, અને આ મૃત્યુ યુદ્ધ આપીશું." નેપોલિયનનો ઉદ્દેશ ઇંગ્લાંડનો નાશ કરવાનો હતો, પરંતુ દૈવની ઇચ્છા જૂદીજ હતી. સાતમે દિવસે ઇંગ્લાંડનો રાજદૂત પૅરિસ છોડીને ચાલ્યો ગયો, તેજ દિવસે નેપોલિયને પણ પોતાની પ્રજામાં યુદ્ધનો ઢંઢેરો પીટાવી દીધો.

શું આ યુદ્ધ કરવામાં ઇંગ્લાંડ દોષિત હતું? આત્મરક્ષા અને યૂરોપની શાંતિની રક્ષા અર્થે નેપોલિયનની સામે યુદ્ધ કરવું આવશ્યક હતું, એટલા અંશમાં ઇંગ્લાંડનું કાર્ય દોષ ભરેલું નહોતું. પ્રથમ એક સાંધપર સ્વીકૃતિના હસ્તાક્ષર કરી, પછી તેનો આદર ન કરવામાં નિઃસંદેહ ઇંગ્લાંડ દૂષિત હતું. આ યુદ્ધના પ્રારંભની વાસ્તવિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબદારી કોની ઉપર છે? નિઃસંશય, તે ઉભયપક્ષોપર વહેંચી નાંખવી જોઇએ. નેપોલિયન આ પૃથ્વીના શાસકોથી એટલો અધિક શક્તિશાળી હતો અને તે પોતાની શક્તિને એટલી બધી પ્રકાશિત કરતો રહેતો હતો કે અન્ય દેશોના શાસકોના મનમાં તેથી ભય ઉત્પન્ન થવો સ્વાભાવિક હતો, તે કારણને ભૂલી જવું જોઇએ નહિ. હા, આ યુદ્ધની સીધી જવાબદારી ઇંગ્લાંડપરજ હતી. ઇંગસૉલ, થેયર્સ અને સર વૉલ્ટર સ્કૉટ પ્રભૃતિ અંગ્રેજ ઇતિહાસવેત્તાઓ પણ આ વાત તો સ્વીકારે છે કે આ શાંતિભંગની જવાબદારી ઇંગ્લાંડપર છે, ફ્રાન્સપર નથી. વિલિયમ હોઝ્લિટ્ આ યુદ્ધારંભની જવાબદારી ઇંગ્લાંડપર હતી એમ દર્શાવતાં જણાવે છે કે "માલ્ટા કેવળ એક પાપયુક્ત (Criminal) બહાનું હતું. એમ કહેવાતું હતું કે ફ્રાન્સનો વૃદ્ધિંગત થતો જતો પ્રભાવ અમારી એશિયાની હકૂમતપર છાયા નાખી રહ્યો છે. કિંતુ શું તેજ સમયે આપણે ભારતવર્ષમાં આપણું આધિપત્ય વધારી રહ્યા નહોતા? યદિ સંધિનો ભંગ કરનાર અમે ન હોત અને ફ્રાન્સ હોત તો શું આટલા બહાનાને આપણે પૂરતું સમજત? કિંતુ મૂળ વાત એ છે કે આપણે જે નિયમો સદા અન્યોપર લાગુ પાડીયે છીયે તે નિયમોથી આપણી જાતને સદા બહાર સમજીએ છીએ." અંગ્રેજ ઇતિહાસકાર સર આર્ચિબાલ્ડ એલિસનના મતનો પણ આવોજ સારાંશ છે.

આ યુદ્ધારંભની પૂર્વે ઇંગ્લાંડે બીજું પણ એક અદ્‌ભુત કાર્ય કર્યું. બ્રિટિશ સરકારે પોતાના સામુદ્રિક કાફલાને પ્રથમથીજ એવી આજ્ઞા આપી મૂકી હતી કે, પ્રસંગ મળતાંજ જેટલાં નાનાં મોટાં ફ્રેંચ જહાજો મળે તે સર્વને પોતાના કાબુમાં લઈ લેવાં. હજી યુદ્ધની ઘોષણા તો થઈ નહોતી, એટલામાંજ અંગ્રેજી કાફલાએ ફ્રાન્સના વ્યાપારીઓનાં બસેં વહાણો પકડી લીધાં. એમ કહેવાય છે કે તેમાં કરોડો રૂપિયાનો માલ ભરેલો હતો, તે પણ લૂંટી લેવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ સંધિ કરવામાં મૂર્ખતા દર્શાવી હતી તેનો ક્રોધ તે સમયની કૅબિનેટે હમણાં કાઢયો. નેપોલિયને પણ આ ઘોર અત્યાચારનો પ્રત્યુત્તર તેવીજ નિર્દયતાથી આપ્યો. તે સમયે ફ્રાન્સમાં ૧૮ અને ૬૦ વર્ષની વચ્ચેની વયના જેટલા અંગ્રેજો વિદ્યમાન હતા તે સર્વને કેદ કરી લેવામાં આવ્યા. આ ઉક્ત યુદ્ધનું પ્રથમ પરિણામ હતું.

આ ઘટનાઓને વારંવાર પોતાની આંખની સામે આવેલી જોઇને મનુષ્યનું ચિત્ત સ્વભાવતઃ ગભરાઇને પૂછવા લાગે છે કે શું આ આખી શાસનકળા, આ આખું રાજ્યયંત્ર, આ પોલીસસેના અને ન્યાયાલય, આ તોપ, બંદુક અને જહાજ, આ સમસ્ત રાજકીય સાધનો, આજ અત્યાચારોને માટે, બિચારા વ્યાપારીઓને લૂંટવાને અને નિરપરાધી ગૃહસ્થોને બંધન કરવાને માટેજ છે? શું આ સર્વ વસ્તુઓ ઘોર કર્મોના અનુષ્ઠાનને માટેજ છે? યદિ આ વાત સત્ય હોય, યદિ ઇતિહાસ એની વિરૂદ્ધ સાક્ષી પૂરતો ન હોય, તો આવી નીતિને દૂરથીજ નમસ્કાર હજો! તમે તેને દૂરથી નમસ્કાર નહિ કરશો તો તે તમારી પાસે નમસ્કાર કરાવશે ત્યારેજ તે તમારો પીછો છોડશે. જે નીતિ પ્રજાના હિતને માટે ન હોઇ યમદંડના પ્રતિનિધિરૂપ હશે તે અવશ્યમેવ નષ્ટ થશે, તે રહી શકશે નહિ. હે પૃથ્વીતળના સામ્રાજ્યકર્ત્તાઓ! એમ સમજશો નહિ કે તમે આ અત્યાચારથી ભરેલી ઘોર નિદ્રામાં સૂતેલાજ રહેશો? જુઓ, તમારી રાજ્યસંસ્થા, તમારી પોલીસ અને સેનાની સત્તાને પૃથ્વીતળપરથી નષ્ટ કરવાને માટે અત્યંત ભયંકર તોફાન આવી રહ્યું છે. જુઓ, અરાજકર્ત્તાવાદ અને નિષેધવાદનો રાક્ષસ દાંત ખોલી, રૂધિર ભરી જીહ્વા બહાર કાઢીને આપણી ઉપર આક્રમણ કરવાને માટે કૂદી રહ્યો છે. આ રાક્ષસ—આ તોફાન—સૌમ્ય નથી, તે પણ ઘોર છે, અત્યાચારી છે, ભયાનક છે. યદિ તમે તમારી ચળકતી તરવારની ધારથી નિરપરાધી માણસોની ગરદન ધડથી પૃથક્ કરી શકો છો, તો તે રાક્ષસની કટાર પણ કમજોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. યદિ તમે નિરપરાધી ગૃહસ્થોને કારાગૃહમાં નાખી તેમને પરિવાર સુખથી વંચિત કરી શકો છો તો તે રાક્ષસ પણ રાજકુળાંકુરોનાં શરીરોને ખાખમાં મેળવી તમારાં રાજકુળોને નષ્ટ કરી શકે છે. અમે સાધારણ લોકો આ ઉભયથી ડરીએ છીએ. અમને કારાગૃહવાસ પણ પસંદ નથી તથા અમને અરાજકર્તા પણ પસંદ નથી. તો શું તમે તમારા માર્ગોને, તમારી ચેષ્ટાઓને બદલી શકતા નથી? કે જેથી તે રાક્ષસને ઉઠવાનો અવસરજ નહિ મળે? તમારૂં એક એક ઘોર કર્મ તે રાક્ષસના બખ્ખે હાથ ઉંચા કરી રહ્યું છે. શું તમે અહિં દીનોનો અવાજ સાંભળશો? ઉત્તર મળે છે કે સાંભળીએ છીએ. કિંતુ પ્રિય બંધુઓ! હમણાં અમારી સાંભળવાની ગતિ અત્યંત ધીમી છે. જરા ત્વરા કરો, કારણ કે આ રાક્ષસ દ્રૌપદીના ચીરની પેઠે નિરંતર વૃદ્ધિંગત થતો ચાલ્યો છે.

ઉપર જણાવ્યા પ્રમાણે ઉભયપક્ષોએ એક એક ધાવ કરી દીધો. સામુદ્રિક નેપોલિયન હવે પોતાની તેજસ્વિતા દર્શાવવા લાગ્યો. (ઇંગ્લાંડનું નૌકાસૈન્ય એ નિઃસંદેહ સામુદ્રિક નેપોલિયનરૂપ હતું.) નેપોલિયને પણ ઇંગ્લાંડપર આક્રમણ કરવાની તૈયારી કરવા માંડી. બૂલોન્ય બંદરમાં ચોતરફથી પોતાના જહાજો એકત્રિત કરી તેણે એક જબરદસ્ત કાફલો બનાવવાનો ઉપક્રમ કર્યો. રાત્રિ દિવસ કામ ચાલવા માંડયું. રાત્રિ દિવસ શિલ્પશાળાઓમાં નવીન નવીન અસ્ત્રશસ્ત્રો તૈયાર થવા લાગ્યાં. સિપાઇઓને સામુદ્રિકયુદ્ધનો અભ્યાસ કરાવવા માંડયો. ઇંગ્લાંડપર કરવાના આક્રમણની આ તૈયારીઓ જોઇ કેટલાક લોકો કહેતા હતા કે આ કેવળ ખોટી ધમકી છે. કોઇ પણ કાફલો ઇંગ્લાંડના સામુદ્રિક બળનો તિરસ્કાર કરી સમુદ્ર ઓળંગી શકે એમ નથી. બીજા લોકો પોકાર કરતા હતા કે નેપોલિયન સર્વ કાંઈ કરી શકે છે, તેને માટે કોઇ પણ કાર્ય અસંભવિત નથી. ઇંગ્લાંડની કેબિનેટ પણ આ પાછલા વિચારવાળા માણસોમાંજ હતી. તે પણ ધારતી હતી કે કદાચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયન કોઇ સમયે ગુપચુપ પોતાના કાફલાને ઇંગ્લાંડના કિનારા પર લાવી મૂકશે. એટલા માટે સમસ્ત દેશમાં નવીન નવીન સેનાઓ તૈયાર થવા લાગી. સમસ્ત લોકોને વ્યૂહરચના તથા શસ્ત્ર ચલાવવાનો અભ્યાસ કરાવવા માંડયો. જ્યારે આ પ્રકારે ઇંગ્લાંડ અને ફ્રાન્સ અતિરિક્ત શેષ સમગ્ર યૂરોપનું ધ્યાન પણ આ યુદ્ધની અદ્‌ભુત તૈયારીઓ પ્રત્યે લાગ્યું હતું; ત્યારે એક એવી વિચિત્ર ઘટના બની કે, જેણે ધ્યાનાવસ્થિત જનસમૂહને ક્રમશઃ અચંબામાં, ઉત્સુકતામાં અને ભીત દશામાં નાખી દીધો. આખો યૂરોપ એવી વાત સાંભળી રહ્યો હતો કે નેપોલિયન ઇંગ્લાંડ ઉપર આક્રમણ કરવાની તૈયારી કરી રહ્યો છે, એવામાં એકાએક તેના સાંભળવામાં આવ્યું કે તેણે બુર્બોન વંશના ફ્રાન્સની સીમાની બહાર રહેલા એક રાજપુત્રને પકડાવીને ગોળીથી મરાવી નાંખ્યો છે. આખો યૂરોપ આ સમાચાર સાંભળી એકદમ કંપી ઉઠયો, પરંતુ નેપોલિયને આ વધ શા માટે કર્યો હતો? અને શું ખરેખર આ વધનો ઉત્તરદાતા નેપોલિયનજ હતો?

જ્યારે નેપોલિયન બૂલોન્યમાં સૈન્ય સજ્જ કરવાના કાર્યમાં દત્તચિત્ત હતો, ત્યારે તેના સાંભળવામાં આવ્યું કે કોઈ કેદી પકડાયો છે; અને તેણે જુબાની આપતાં જણાવ્યું છે કે, " પ્રથમ શાસકનો વધ કરવાને માટે જે ગુપ્તમંડળી સ્થાપન થઇ છે તેનો હું એક કાર્યકર્તા છું." થોડાજ દિવસોમાં એક અંગ્રેજ સેનાપતિનો પત્ર પકડાયો તેમાં એવો ઉલ્લેખ હતો કે, ફ્રાન્સમાં બોનાપાર્ટને પણ માર મારવાને માટે જે યત્ન થઈ રહ્યો છે તે સફળ થવાની આશા છે. ગુપ્ત રહસ્ય પ્રકટ કરનારી આ બે ઘટનાઓની વાત સાંભળી નેપોલિયન સાવધાન થયો અને તેના કાન ઉભા થઈ ગયા. તેણે પોતાના પોલીસ કર્મચારીઓને બોલાવી તેમને આ મંત્રણાનો ભેદ શોધી કાઢવાની આજ્ઞા કરી. પોલીસે તપાસ શરૂ કરી. ધીમે ધીમે ગુપ્ત મંડળીના માણસો પકડાવા લાગ્યા. આ પકડાયેલા માણસોની તપાસ લેતાં પ્રતિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું કે આ મંડળીમાં નેપોલિયનના બે સેનાપતિઓ મળેલા છે; અને એક કોઈ બુર્બોન વંશનો રાજકુમાર ફ્રાન્સની સીમાની નિકટ રહે છે; તથા તે આ ગુપ્તમંડળીની સભાઓમાં અધ્યક્ષ બને છે. આ ત્રણે વ્યક્તિઓની શોધ કરવામાં આવી તો તે મંડળમાં મળેલા કુમંત્રણ-કર્ત્તા ઉભય સેનાપતિઓનો પત્તો તો લાગી ગયો. એક તો હોહિ-ન્લીન્ડનનો વિજેતા, નેપોલિયનના હાથ નીચેનો જુનો સેનાપતિ મોરિયો હતો. તે નેપોલિયનની ઉન્નતિ જોઈને ઘણો ખિન્ન થઇ ગયો હતો; અને ઇર્ષ્યારૂપી રાક્ષસીએ તે ઉભય સેનાપતિઓની વચ્ચે દિવાલ બાંધી દીધી હતી. મોરિયોને પકડીને બે વર્ષને માટે દેશનિકાલ કરવામાં આવ્યો. તે અમેરિકામાં જઇને નિવાસ કરવા લાગ્યો. બીજો કુમંત્રણકર્તા સેનાપતિ પિશગ્રુ પણ પૅરિસમાં છૂપાયેલો પકડાયો. નેપો-લિયન કે જે દંડ આપવામાં જેટલો ક્રૂર હતો તેટલોજ ક્ષમા કર-વામાં ઉદાર હતો, તે તેને ક્ષમા કરવાને તૈયાર હતો. કિંતુ અન્ય અપરાધીઓને મૃત્યુ દંડ મળતો જોઈ તે પોતાના જીવનથી નિરાશ થઈ ગયો; અને તેણે કારાગૃહમાં ફાંસી ખાઇને આપઘાત કર્યો. એક બીજો સેતાન કેડોડલ પણ પકડાયો અને તેને ગોળીબારથી ઉડાવી દેવામાં આવ્યો.

હવે નેપોલિયનને માત્ર એકજ ચિંતા શેષ રહી. ગુપ્તમંડળનો અગ્રેસર બુર્બોન વંશનો રાજકુમાર હજી પકડાયો નહોતો. જ્યારે નેપો-લિયને બુર્બોન વંશના સમસ્ત રાજપુત્રોનાં નિવાસસ્થાનોની તપાસ કરી, ત્યારે તેને પ્રતિત થયું કે ફ્રાન્સ દેશની સીમાની પાસેજ એક દુર્ગમાં ડ્યૂક ડી. ઍન્ગિયાં (Duke D. Enghien) નામનો બુર્બોન વંશનો રાજકુમાર પડેલો છે. એવી લોકશ્રુતિ પ્રચલિત હતી કે ત્યાં તે એક રાજકુમારીના પ્રેમને ખાતર પડેલો હતો; અને તે અનેક દિવસો સુધી વેષ બદલીને પોતાના નિવાસસ્થાનથી દૂર રહેતો હતો. આપરથી નેપોલિયને એવો સારાંશ કાઢયો કે સંભવતા આજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકુમાર ગુપ્ત રીતે કુમંત્રણ કરનારાઓની સાથે મળેલો હશે, કારણકે તેના સિવાય બીજો કોઈ પણ રાજકુમાર ફ્રાન્સની સીમાની નિકટ રહેતો નહોતો. નેપોલિયને કેટલાક માણસોની આગળ કહ્યું હતું કેઃ—"યદિ મ્હારી વિરૂદ્ધ શસ્ત્ર ઉઠાવતો કોઇ પણ બુર્બોનવંશી રાજકુમાર મ્હારા કબજામાં આવશે તો હું તેને ઉચિત દંડ આપીશ. હું તેને શીઘ્ર શીખવીશ કે હું કુતરાના મોતે મરૂં એવો નથી; અને તેના રૂધિરની જે કિમ્મત છે તેજ મ્હારા રૂધિરની પણ કિમ્મત છે." નેપોલિયનનું આ કથન યથાર્થ જ હતું. બુર્બોન રાજકુમારોએ નેપોલિયનને ધન્યવાદ આપવો જોઇતો હતો, નહિ કે તેની સાથે શત્રુતા કરવી જોઈતી હતી. નેપોલિયનની પૂર્વેજ ક્રાંતિએ તેમના વંશને પદચ્યુત કરીને તેમના પક્ષના સર્વ માણસોનો વધ કરી નાંખ્યો હતો. નેપોલિયને તેમને પદચ્યુત કર્યા નહોતા, ઉલટપક્ષે તે તો તેના પક્ષના માણસોનો આશ્રયદાતા હતો. એટલા માટે બુર્બોન રાજાઓ તથા તેમના પક્ષના માણસોને તેમનાપ્રતિ કૃતઘ્નતા દર્શાવવાનો કાંઈ પણ અધિકાર નહોતો, એ તેનું માનવું યથાર્થજ હતું; પરંતુ તે નિરંતર તેમને કૃતઘ્નતા કરતા જોતો હતો, તેથી તેનો ક્રોધ વિશેષ વધી જતો હતો. આ સમયે તેને એક બુર્બોન વંશીપર સંદેહ આવ્યો અને તે રાજકુમાર તેના કબજામાં પણ આવી શકે એમ હતું. તેથી હવે નેપોલિયને તેને ઉચિત કૃતજ્ઞતા શીખવવાનો તથા કૃતઘ્નતાનો બદલો લેવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેણે પોતાની સેના મોકલી ડ્યુકને પકડાવી મંગાવ્યો. તેને ડ્યૂક ઓફ બેડનના રાજ્યમાં પકડવામાં આવ્યો હતો, તેથી નેપોલિયને તેની પાસે સ્થાનાક્રમણને માટે ક્ષમા માગી. ડ્યુક ઓફ બેડને સંતોષપૂર્વક નેપોલિયનનું આ કાર્ય ક્ષમા કરી દીધું.

આ રાજપુત્રના અપરાધોની તપાસ કરવાને માટે એક ન્યાયસભા નિયુક્ત કરવામાં આવી. ન્યાયસભાની સમક્ષ ઉક્ત રાજપુત્રે નેપોલિયનને મારવાની પોતાની ઇચ્છાનો સ્વિકાર કર્યો અને અભિમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વક જણાવ્યું કે, "યદ્યપિ હું નેપોલિયનની અસાધારણ શક્તિઓનો આદર કરૂં છું, પરંતુ હું તેનો કુલક્રમાગત શત્રુ છું. તોપણ ગુપ્તમંત્રણામાં મ્હેં ભાગ લીધો નથી." તપાસ કર્યા પછી ન્યાયસભાએ નિર્ણય કર્યો કે રાજકુમાર વસ્તુતઃ ફ્રાન્સનો દ્રોહી છે, જેથી તેને મૃત્યુદંડ આપવો; પરંતુ તેનો આ નિર્ણય નેપોલિયનની ઇચ્છાથી પ્રતિકૂળ હતો. એક દિવસ પૂર્વે નેપોલિયને પોતાના જ્યેષ્ઠ બંધુ જૉસફની સાથે વાત કરતાં કહ્યું હતું કે, "હવે બુર્બોન વંશના રાજાઓને હું જણાવીશ કે હું તેમની કૃતઘ્નતા પણ ક્ષમા કરી શકું છું." આપરથી પ્રતિત થાય છે કે તેનો અભિપ્રાય ઉક્ત રાજપુત્રને મારવાનો નહોતો, કિંતુ તેનો દોષ સિદ્ધ કરીને તેને ક્ષમા કરવાનો હતો. વળી તેણે એવો વિચાર પણ પ્રકટ કર્યો હતો કે, "હું આ રાજપુત્રને ક્ષમા કરીને તેને મ્હારા શરીર રક્ષકોમાં કોઇ ઉચ્ચ સ્થાન આપીશ." કિંતુ નેપોલિયન જે થવા દેવા માગતો નહોતો તે થયું. ઉક્ત રાજપુત્રને ન્યાયાલયને સોંપીને રાત્રિના સમયે સૂઈ ગયો. દિવસભરનો થાક ચઢેલો હોવાથી તેણે સૂતી વખત દ્વારપાળને કહી દીધું હતું કે "કોઇ પણ આવશ્યક કાર્ય વિના મને જાગૃત કરવો નહિ." જ્યારે ઉક્ત રાજપુત્ર દોષિત ઠર્યો અને તેને મૃત્યુદંડ સંભળાવવામાં આવ્યો ત્યારે તેણે નેપોલિયનની ઉપર એક પત્ર લખી મોકલ્યો. નિઃસંદેહ આ કાર્ય આવશ્યક હતું. પત્ર લાવનાર માણસે નેપોલિયનના દ્વારપાળને કહેવું જોઇતું હતું કે આ પત્ર પરમ આવશ્યક છે, પરંતુ તેણે પત્ર લાવીને નેપોલિયનની મેજપર મૂકી દીધો. નેપોલિયન સૂઈ રહ્યો હતો. આ તરફ રાજપુત્રને મૃત્યુદંડની આજ્ઞા મળ્યા પશ્ચાત્ થોડીવારમાંજ એક અંધકારમય સ્થાનમાં લઈ જઇ ગોળીથી મારી નાંખવામાં આવ્યો. એમ કહેવાય છે કે ઉક્ત રાજપુત્ર પરમ વીરતાપૂર્વક મૂઓ હતો. અમે તે રાજપુત્રના મૃત્યુને માટે શોક પ્રકાશિત કરીએ છીએ, તેનાપર દયા કરી શકીએ છીએ, અન્યાય કરનાર પ્રત્યે ઘૃણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશિત કરી શકીએ છીએ, કિંતુ અમે આ અન્યાયને માટે નેપોલિયને દોષિત ગણી શકતા નથી, કારણ કે તે સૂતો હતો ત્યારે આ કાર્ય કરવામાં આવ્યું હતું.

પ્રાતઃકાળમાંજ આ સમાચાર સમસ્ત યૂરોપમાં ફેલાઇ ગયા. આ સમાચારથી ચોતરફ ભયંકર ક્રોધજ્વાળા પ્રસરી રહી. આખો યૂરોપ નેપોલિયનને રૂધિરનો તરસ્યો વાઘ ગણવા લાગ્યો. પૅરિસ પણ આ સમાચાર સાંભળી સ્તબ્ધ થઇ ગયું. સર્વને લાગ્યું કે હવે નેપોલિયનના પાપનો ઘડો ભરાઇ ચૂક્યો છે, હવે શીઘ્ર એનો અંત આવશે. નેપોલિયનના બંધુ લ્યુશિયને જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તે દોડયો દોડયો પોતાને ઘેર ગયો અને પોતાની પત્નીને પોકારીને કહેવા લાગ્યો કેઃ—" ઍલેક્ઝાંડ્રાઇન, ચાલો આપણે નાસી જઇએ. એણે હવે રક્તનો સ્વાદ ચાખી લીધો છે. " યૂરોપ કે જે તેનાં શસ્ત્રોના પ્રહારથી ભૂમિશાયી થયો હતો તે એકે અવાજે પોકારી ઉઠયો કેઃ " એ રૂધિરનો તરસ્યો કસાઈ છે, માટે એનો વધ કરવો જોઇએ ! " નેપોલિયને પણ વીરતાનો આશ્રય લીધો. તેણે પોતાના નોકરોપર સમગ્ર દોષ નાંખવાનો પ્રયત્ન કર્યો નહિ; પરંતુ આ કાર્યના સમર્થનમાં તેણે પોતાની પ્રબળ લેખીનિ ઉઠાવી. તેણે સર્વ આક્ષેપોનો ઉત્તર આપતાં જણાવ્યું કે એક દેશદ્રોહી ગમે તે હોય પરંતુ રાજ્યરક્ષાને માટે તેનો વધ કરવો આવશ્યક છે.

જ્યારે આખો યૂરોપ આ કાર્યને લીધે નેપોલિયન પ્રત્યે ક્રુદ્ધ થયો, ત્યારે ફ્રાન્સના વિચારકોના મનમાં એક વિશેષ શંકાનો અભ્યુદય થયો. તેમને એવી આશંકા ઉત્પન્ન થઇ કે હવે નેપોલિયનનો જાન લેવાને ઘણા પ્રયત્નો થશે; અને તેથી તેમણે વિચાર કરવા માંડયો કે આ સર્વ કુમંત્રણાઓનું મૂળ કાપવાનો શું ઉપાય છે ? તેમણે ધાર્યું કે જે રાજવંશો સ્થિર થઈ જાય છે, તેમને કાપી નાંખવાનો કોઈ પણ યત્ન કરતું નથી; અને આ સમયે ' નેપોલિયનની સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત અસ્થિર છે. હાલમાં એ કુમંત્રણાઓથી ઘેરાયેલો રહે છે.' આ સર્વ બાબતનો વિચાર કરી ફ્રાન્સની નિયામકસભાએ એવો નિશ્ચય કર્યો કે યદિ નેપોલિયનને સમ્રાટ્‌ની પદ્વિ આપીને ફ્રાન્સના રાજ-સિંહાસનને પુનઃ વંશપરંપરાનું કરવામાં આવે તોજ રાજ્યની પૂરી રક્ષા બની શકશે—અન્યથા નહિ. આવો નિશ્ચય કરી તેમણે પોતાનો વિચાર નેપોલિયનની સમક્ષ પ્રકટ કર્યો. તેણે પણ પ્રતિનિધિઓની ઇચ્છા સામે શિર ઝુકાવી તત્સંબંધે લોકમત પૂછવાનો વિચાર પ્રકાશિત કર્યો. તદનુસાર આ પ્રસ્તાવ સમસ્ત ફ્રેંચ પ્રજાની સમક્ષ ઉપસ્થિત થયો. ૩/૪ની સમ્મતિ તેને સમ્રાટ્ બનાવવાના પક્ષમાં હતી; અને ૧/૪નો મત તેની વિરૂદ્ધ હતો. બહુમતિથી નેપોલિયન ફ્રાન્સનો સમ્રાટ્ બન્યો. તેનો અભિષેક કરવાનો ઉત્સવ ભારે ધામધુમથી કરવામાં આવ્યો. રોમનો પોપ નેપોલિયનના શિરપર મુકટ મૂકવાને માટે સ્વયં ફ્રાન્સમાં આવ્યો. પોપે આ સમય પર્યંત કોઈપણ નવીન રાજાને માટે રોમ છોડયું નહોતું, પરંતુ એ માન માત્ર એક નેપોલિયનનેજ પ્રાપ્ત થયું. સંભવતઃ ફ્રાન્સમાં ધર્મસ્થાપના થઈ તેનુંજ આ પરિણામ હતું. પોપે રાજ્યાભિષેક કર્યો. જ્યારે તે રાજમુકટને નેપોલિયનના મસ્તકપર મૂકવા લાગ્યો, ત્યારે તેણે તેને પોપના હાથમાંથી લઇ લીધો; અને સ્વયં પોતાના શિરપર ધારણ કરી લીધો.+ મોટી ધામધુમથી આ રાજ્યાભિષેકનો ઉત્સવ કરવામાં આવ્યો. પ્રશિયાના રાજા તથા ઑસ્ટ્રિયાના સમ્રાટે પણ નેપોલિયનને ફ્રાન્સના સમ્રાટ્ તરિકે સ્વીકાર્યો. ઇટાલિની રિપબ્લીક કે જેનો નેપોલિયન પ્રમુખ હતો, તેણે પણ તેને પોતાના દેશના રાજા તરિકે નિયત કર્યો. આ પ્રકારે ક્રાંતિના સમાધાનનું કાર્ય થયા પશ્ચાત્ દેશની વ્યવસ્થાનું કાર્ય પણ જેટલું બન્યું તેટલું કરવામાં આવ્યું.

+ એ ઇ. સ. ૧૮૦૪ના ડિસેમ્બરની બીજી તારિખનો દિવસ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું—દિગ્વિજય યાત્રા.

પ્રથમ પરિચ્છેદ—ઉલ્મ અને ઑસ્ટર્લિટ્ઝ.

साहसे श्री र्निवसति । व्यासः ।

'લક્ષ્મી સાહસમાં નિવાસ કરે છે.' **વ્યાસ.**

આ સમયે **નેપોલિયન** મનુષ્યદ્વારા પ્રાપ્ય એવાં સ્થાનોમાંથી અતિ ઉચ્ચ સ્થાનને પ્રાપ્ત થઇ ચૂક્યો હતો. સંભવતઃ કોઈ પણ સાંસારિકપદ એથી મોટું હોઈ શકે નહિ. તે એક જાતિનો પ્રમુખ અને દેશનો સમ્રાટ્ હતો. સમસ્ત **યૂરોપ** તેનાથી થરથરતો હતો. સમગ્ર **ફ્રેંચજાતિ** તેને પોતાનો વિશ્વાસુ અને વિજયી સેનાનો ગણીને તેની ઉપર સર્વ કાંઈ વારવાને ઉદ્યુત હતી. અભિમાની **રૂશિયાનો** રાજા તેની પ્રતિભા અને શક્તિપર મોહિત હતો; અને **પ્રશિયાની** મહારાણી પોતાના પુત્રોને **નેપોલિયનનાં** આચરણોનું અનુશીલન કરવાનો અને તેનાં ચરણચિહ્નોપર ચાલવાનો ઉપદેશ આપતી હતી. આત્મરક્ષાના આનંદમાં નિમગ્ન થનાર **ઇંગ્લાંડ** પણ **નેપોલિયનનું** નામ સાંભળીને ધ્રૂજતું હતું; અને રાત્રિ દિવસ તેનાં અસહ્ય આક્રમણ રોકવાનો પ્રયત્ન કર્યા કરતું હતું. **ઑસ્ટ્રિયા** કે જે પુરાણા રાજવંશોના ગર્વનો નમુનો હતો તે પણ **નેપોલિયનના** ઉદયને અવનત મસ્તકથી સહન કરી રહ્યું હતું; અને **હૉલેંડ**, **ઇટાલિ** પ્રભૃતિ નાના નાના દેશો તો તેના બૂટની નીચે દબાયલા હતા. તોપછી **નેપોલિયનની** દશા અત્યંત આશ્ચર્ય મુગ્ધ ચક્ષુઓથી જોવાલાયક હતી, એમ કહેવામાં અમારે સંકોચ શા માટે કરવો જોઇએ.

કિંતુ આ આદર અને ભાવની નીચે ઉપરના કૃત્રિમ આવરણથી છુપાયેલો એક બીજો ભય પણ હતો. પોતાનાથી વડાને માટે તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિશય શક્તિશાલીને માટે આપણે આદરભાવ ધારણ કરી શકીએ છીએ, કિંતુ યદિ તે અત્યંત વડો માણસ આપણી સત્તાને નષ્ટ કરવાની ધમકી આપી રહ્યો હોય, યદિ તે આપણી શક્તિને સર્વથા શૂન્ય બનાવી દેવા તરફ વળેલો જણાય, તો આપણો આદરભાવ ઈર્ષ્યાના રૂપમાં પરિણત થઇ જાય છે. આપણે તેનું કાંઈ બગાડી શકતા નથી તોપણ બગાડવાની ઇચ્છા તો રાખીએ છીએજ. આ ઇચ્છા અને અશક્તિના સંઘર્ષથી એક પ્રબળ તાપ ઉત્પન્ન થાય છે, જેને આપણે ઇર્ષ્યા કહીએ છીએ; આજ ઇર્ષ્યાગ્નિ યૂરોપના સમસ્ત રાજાઓના મનમાં પ્રજળી રહી હતી. પ્રત્યેક રાજાને એમ લાગતું હતું કે આ નાનો સરખો અદ્‌ભુત મનુષ્ય, આ કઠોર મસ્તકવાળો કોમળ મનુષ્ય રહેવો જોઇએ નહિ. એનું અસ્તિત્વ યૂરોપની સ્થિરતા અને શાંતિને માટે ભયપ્રદ છે. નેપોલિયન કાંઈ રાજવંશમાં ઉત્પન્ન થયો નહોતો. તેણે સાધારણ કુળમાં ઉત્પન્ન થઈ પોતાના બાહુબળ અને મસ્તક-બળથી ફ્રાન્સના પડી ગયેલા રાજમુકુટને ઉઠાવીને પોતાના મસ્તકપર રાખ્યો હતો. આ ચિહ્નો રાજવંશી રાજાઓને માટે શુભ નહોતાં. તેમનાં સિંહાસનોની સ્થિરતા આથી મોટા સંદેહમાં આવી પડી હતી. નેપોલિયને યદ્યપિ ક્રાંતિનો અંત આણ્યો હતો, તથાપિ તે એક પ્રકારે ક્રાંતિનો પ્રતિનિધિ પણ હતો. ક્રાંતિ વંશપરંપરાગત રાજવંશની પેઠે કુળપરંપરાગત ગુણનો સ્વીકાર કરતી નહોતી. પિતા રાજકાર્યમાં યોગ્ય હોય, તેથી પુત્ર પણ તેવોજ થાય એમ તે માનતી નહોતી. તેના અભિપ્રાય પ્રમાણે જે પદને માટે જે પુરૂષ યોગ્ય હોય તે સ્થાન તેને પ્રાપ્ત થઈ શકે છે. નેપોલિયન આજ વાતનું ઉદાહરણ હતો. કોર્સિકાના એક સાધારણ વકીલનો છોકરો હોવા છતાં તે શનૈઃ શનૈઃ પોતાના ગુણોના પ્રભાવથી મુકુટધારી સમ્રાટ્ બની ગયો, એ ક્રાંતિના સિદ્ધાંતની ખરી વ્યાખ્યા છે. આ વ્યાખ્યા કુળપરંપરાગત રાજાઓને પસંદ નહોતી. તે તેમને પોતાના મૃત્યુના દૂત તરિકે પ્રતિત થતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉભય કારણોથી યૂરોપના સમસ્ત દેશના રાજાઓ નેપોલિયન પ્રત્યે મનમાં ને મનમાંજ ગુસ્સે થઈ રહ્યા હતા અને ગુપ્ત રીતે તલવારો ઘસી રહ્યા હતા. કિંતુ સમુદ્રના અસહિષ્ણુ રાજા ઇંગ્લાંડની અવસ્થા તે સર્વથી કાંઇક ભિન્ન હતી. ક્રાંતિની વ્યાખ્યાથી તે દેશ પણ તેટલોજ ગભરાતો હતો કે જેટલા બીજા દેશના રાજાઓ ગભરાતા હતા, પરંતુ તેને નેપોલિયનનાં શસ્ત્રોનો સીધો ભય નહોતો. તે જાણતો હતો કે નેપોલિયન શતાવધિ પ્રયત્નો કરે, પરંતુ તે લંડન સુધી આવી શકવાનો નથી. હા, તેને એક બીજો ભય અવશ્ય હતો. એક ઉચ્ચ રાજનીતિજ્ઞ યોદ્ધાના કથનાનુસાર અંગ્રેજ પ્રજા એ વણિક પ્રજા છે. હવે નેપોલિયનનું યૂરોપના ભૂમિ પ્રદેશપરનું આધિરાજ્ય ઇંગ્લાંડના વ્યાપારનું સત્યાનાશ કરી રહ્યું હતું. આ તેનાથી સહન થઇ શકતું નહોતું. આ બે કારણોથી ઇંગ્લાંડ અને નેપોલિયનની વચ્ચે પ્રાણાન્ત વિરોધ હતો. યદિ ઉભય શક્તિઓ પરસ્પર સીધું યુદ્ધ કરી શકત તો આ દુઃખ પરિણામી નાટકનો અંતિમ પડદો શીઘ્ર પડી જાત, કિંતુ તેમ હતુંજ નહિ. ઇંગ્લાંડ સ્થળપર નેપોલિયનની સામે તેટલુંજ તુચ્છ હતું કે જેટલો નેપોલિયન સમુદ્રમાં ઇંગ્લાંડની સામે તુચ્છ હતો. નહિ તો ઇંગ્લાંડ પોતાની સેના લઇને ફ્રાન્સપર આક્રમણ કરી શકે તેમ હતું, અથવા કાંતો નેપોલિયન પોતાની પ્રચંડ સેના ઇંગ્લાંડમાં ઉતારી શકત; માટે યુદ્ધનું દીર્ઘીકરણ આવશ્યક હતું. ઇંગ્લાંડ નેપોલિયનને માટે સ્થળીય શત્રુઓ તૈયાર કરવાનો પ્રયત્ન કરતું હતું; અને નેપોલિયન ઇંગ્લાંડને સામુદ્રિક કારાગૃહમાં બંધ કરી તેના વ્યાપાર અને વાણિજ્યનો નાશ કરવાનો પ્રયત્ન કરતો હતો. આ વક્ર યુદ્ધ એમ તો નેપોલિયનના ઉદયની સાથેજ શરૂ થઇ ગયું હતું, કિંતુ આ સમયથી તેણે વિશેષ તીવ્રતા ધારણ કરી. આ યુદ્ધ ઇંગ્લાંડ અને નેપોલિયન વચ્ચેનું દ્વંદ્વ આગામી દશ વર્ષો સુધી નિરંતર ચાલ્યું; અને હમણાં તેની ઉત્તર અવસ્થાનો પ્રારંભ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયન બૂલોન્ય બંદરમાં ઇંગ્લાંડપર સામુદ્રિક આક્રમણ કરવાની તૈયારી કરવામાં નિમગ્ન થયો હતો. તે આ કાર્યમાં એટલો બધો લીન થઇ ગયો હતો કે ઇંગ્લાંડે એક નવીન મંત્રણા કરવાનો વિચાર કર્યો. તેણે રૂસ્વતો આપવાને માટે પોતાની થેલી ખોલવા માંડી. રૂશિયા અને ઑસ્ટ્રિયાના મહારાજાઓ પાસે ઇંગ્લાંડના રાજદૂતો દોડયા દોડયા ગયા; અને તેમની સામે ચાંદી તથા સુવર્ણના ઢગલા મૂકી દીધા. આ ઢગલાઓ જોઇને ઉક્ત મહારાજાઓના મુખમાં પાણી છૂટયું. ઑસ્ટ્રિયાના રાજાએ પુરાણી સંધિની સમસ્ત સરતો વિસરી જઈ નેપોલિયનપર આક્રમણ કરવાનું વચન આપ્યું. રૂશિયાનો અભિમાની તરૂણ મહારાજા પણ શીઘ્ર કાબુમાં આવી ગયો. આ કાર્ય સર્વથા ગુપ્ત રીતે થયું. નેપોલિયન આ સર્વ કાર્યવાહીઓથી સર્વથા અજ્ઞ પ્રતિત થતો હતો, ગુપચુપ સ્વીડન પણ રૂશિયા અને ઑસ્ટ્રિયાની સાથે મળી ગયું. આ સર્વ શક્તિઓએ મળીને નેપોલિયનપર આકસ્મિક આક્રમણ કરીને તેને એકદમ પોતાની ચુંગાળમાં દબાવી પ્રાણરહિત કરવાનો વિચાર કર્યો. આકસ્મિક આક્રમણ કરવાને માટેજ તેમાંના કોઈ પણ દેશે યુદ્ધની ઘોષણા સુદ્ધાં કરી નહિ. સમસ્ત દેશોના પ્રતિનિધિઓ તેનો વિશ્વાસ કાયમ રાખવાને માટે પૅરિસમાંજ બેસી રહ્યા. અંતે મિલિન શત્રુઓનું ગુપ્ત આક્રમણ શરૂ થયું.

સૌથી પહેલાં ૮૦ સહસ્ત્ર ઑસ્ટ્રિયન સેના સેનાપતિ મેકના હાથ નીચે ફ્રાન્સની સીમા તરફ ચાલી. રૂશિયાનો મહારાજા એલેક્ઝાંડર ૧૧૬૦૦૦ સેના સહિત ઑસ્ટ્રિયન સેનાની સહાયતા અર્થે પોતાના પાટનગરમાંથી નીકળ્યો, આ તરફ ઇંગ્લાંડે પણ ગુપ્ત રીતે ત્રીસ સહસ્રની એક સેના ફ્રાન્સની સીમાપર ઉતારી દીધી. આ પ્રકારે એક મોટી જબરદસ્ત સેનાએ નેપોલિયનને ઘેરવાનું કામ શરૂ કર્યું, પરંતુ તે અદ્યાપિ બૂલ્યોન્યમાંજ મહાલતો હતો. તેને અચળ જોઇને ઉક્ત ઘટનાથી જ્ઞાત એવા પ્રત્યેક માણસે ધાર્યું કે આ સમયે નેપોલિયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનભિજ્ઞ હોવાથી તે અવશ્ય પીસાઈ જશે. ઑસ્ટ્રિયન સેના નિરંતર આગળ અને આગળ ધસતી ચાલી આવી. તેણે બૅવેરિયામાં આવી ત્યાંના રાજાને જીતી લીધો; અને પોતાની સાથે મળી જવાને તેને ફરજ પાડી. થોડાજ દિવસોમાં ઑસ્ટ્રિયન સેનાએ પોતાના તંબુ ઉલ્મ તથા મ્યુનીકમાં સ્થાપિત કરી દીધા.

હવે તે ફ્રાન્સની સર્વથા નિકટ પહોંચી ગઈ. સેનાપતિ મેક પોતાની અસાધારણ કૃત્ત કૃત્યતાને માટે હર્ષથી ફુલ્યો સમાતો નહોતો. તે ધારતો હતો કે નેપોલિયન અત્યારસુધી પણ સેના સહિત તેની સામે આવ્યો નથી, માટે તે અકસ્માત પૅરિસને ઘેરી શકશે. એમાં શો સંદેહ છે ?

પરંતુ જ્યારે એક દિવસ તેણે પોતાની પાછળ ફ્રેંચ સેના આવે છે એમ સાંભળ્યું, ત્યારે તેના આશ્ચર્ય અને નૈરાસ્યની સીમા રહી નહિ. એકદમ તેના સાંભળવામાં આવ્યું કે નેપોલિયન તેના આક્રમણનો પ્રતિબંધ કરવાને માટે પૅરિસથી નીકળ્યો છે; એટલુંજ નહિ, પરંતુ તે ર્હાઇન અને ડૅન્યુબ એ નદિઓ ઓળંગીને, ઑસ્ટ્રિયન સેનાપર પાછળથી આક્રમણ કરવાને માટે પણ ઉદ્યુત થયો છે. સેનાપતિ મેક પોતાની અને ઑસ્ટ્રિયાની વચ્ચે નેપોલિયનની સેનાને સ્થિત જોઈ સર્વથા કર્ત્તવ્ય વિમૂઢ થઇ ગયો. તેની સેના નિરાશ થઇને ચોતરફ નાઠી, પરંતુ નેપોલિયને પોતાની સેનાનો એવો ઘેરો નાખી દીધો હતો કે મેકની સેનાનો કોઇ પણ ભાગ તે ચક્રરમાંથી નીકળી શકતો નહોતો. અંતે બીજો કાંઇ પણ આધાર નહિ જોઇ ઑસ્ટ્રિયન સેનાપતિએ પોતાના બચી ગયેલા ત્રીસ ચાલીસ સહસ્ર સૈનિકો સહિત શસ્ત્ર મૂકી દેવાનો નિશ્ચય કર્યો. આ સમયે જગતના ઇતિહાસમાં એક વિચિત્ર દૃશ્ય ઉપસ્થિત થયું. ઑસ્ટ્રિયન સેનાએ ફ્રેંચસેના સમક્ષ નમણું આપ્યું. નેપોલિયન પોતાની સેના સહિત એક ઉચ્ચ સ્થાનપર ઉભો રહ્યો અને ઑસ્ટ્રિયાની શસ્ત્ર રહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાળીસ સહસ્ર સેના તેની સામેથી પ્રણામ કરતી નીકળી ગઈ. નેપોલિયને પોતાની પ્રતિભાથી આ પ્રકારે વિજય પ્રાપ્ત કર્યો. આવા વિજયોના દ્રષ્ટાંત પ્રાપ્ત કરવાને માટે યદિ ઇતિહાસનાં પાનાં ખોળવામાં આવે તો આપણને નિરાશજ થવું પડે છે.

સેનાપતિ મેક આ પ્રકારે ફ્રેંચસેનાથી એકદમ ઘેરાઇ જવાથી આશ્ચર્ય મુગ્ધ બની ગયો હતો, પરંતુ તેમાં આશ્ચર્ય પામવાની કાંઈ જરૂર નહોતી. જ્યારે ઑસ્ટ્રિયા અને રૂશિયા એમ ધારતા હતા કે તેઓ સંપૂર્ણ અંધકારમાં પોતાની સેના લઈ જતા હતા, ત્યારે નેપોલિયન એક નાનો સરખો પ્રતિભારૂપી દીપક લઇને તેમની પાછળ પાછળ ઘુમી રહ્યો હતો; અને તેમની સર્વ ક્રિયાઓ જોઈ રહ્યો હતો. જ્યારે તેના સાંભળવામાં આવ્યું કે ફ્રાન્સની સીમા તરફ ઑસ્ટ્રિયાનું સૈન્ય જઇ રહ્યું છે, ત્યારે તેણે પોતાની પ્રચંડ સેના તૈયાર કરી. નેપોલિયનની વિદ્યુત્સમાન ગતિ પ્રસિદ્ધ હતી. સંપૂર્ણતઃ ગુપ્તરીતે તેણે પોતાની આખી સેનાને ઉચ્ચીત આજ્ઞા આપી તેની એવી રીતે કુચ કરાવી કે તે ઑસ્ટ્રિયન સેનાથી ઘણે દૂરથી નદીઓ ઓળંગીને તેની પાછળ પડી. આ પ્રકારે જરાસરખી ચાતુર્યતાથી ઑસ્ટ્રિયન સેનાને સર્વથા અશક્ત કરી દેવામાં આવી. નેપોલિયનના વિજયે સમસ્ત યૂરોપને આશ્ચર્યના સમુદ્રમાં ઝોંકાવી દીધો અને ફ્રેંચ સેનાના દિલમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કર્યો કે નેપોલિયન અજીત છે, તેની સાથે રહેવાથી તેને ડરવાનું કાંઈપણ પ્રયોજન નથી.

આ અદ્‌ભુત આક્રમણની સાથે નેપોલિયનની તે વિજય યાત્રાનો પ્રારંભ થયો કે જે નિરંતર આઠ વર્ષ પર્યંત સમસ્ત યૂરોપની ભૂમિને હલાવી રહ્યો. આઠવર્ષ સુધી નિરંતર નેપોલિયન પોતાની પ્રચંડ સેના સહિત વિજયપર વિજય પ્રાપ્ત કરી સમસ્ત જગતને ચકિત કરતો રહ્યો. આ વિજયમાં લક્ષાવધિ મનુષ્યોનો વધ થયો, કિંતુ આ વધની જવાબદારી આ વિજેતાપર નથી. ઇંગ્લાંડની ઉપર પણ તેની ઘણી જવાબદારી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલ્મના પરાજયની પછી શેષ ઑસ્ટ્રિયન સેનાએ પાછું હઠવું શરૂ કર્યું. નેપોલિયન પણ દ્રુત ગતિથી તેની પાછળ ગયો. આખી ફ્રેંચ સેના મહિનાઓની યાત્રાથી શ્રમિત થયેલી હતી, કિંતુ નેપોલિયન વિશ્રામ કરવાની વાત જાણતો નહોતો. તેનું શરીર અને મન અશ્રમિત હતું, પોતાની સેનાને અત્યંત તીવ્રવેગથી તેણે આગળ ચલાવવી શરૂ કરી. જ્યાં સુધી તે ઑસ્ટ્રિયાની રાજધાની વિયેના પર્યંત પહોંચી જાય નહિ ત્યાંસુધી તેના મનને ચ્હેન નહોતું. નિત્ય પ્રાતઃકાળમાં "સીધા વિયેના સુધી ચાલ્યા જાઓ" એજ આજ્ઞા આખી સેનાના કાનમાં ગુંજતી હતી. જે વેગથી ફ્રેંચ સેના વિયેના તરફ કુચ કરતી હતી તેને જોઇને ઑસ્ટ્રિયાના મહારાજાનું સાહસ પણ ખૂટી ગયું. ૧૭ મી ઓક્ટોબર ૧૮૦૫ ને દિવસે નેપોલિયન જરા પણ વિશ્રામ કર્યાવિના બેતાળીસ માઇલ પર્યંત ઘોડાની પીઠ પર રહ્યો. ફ્રાન્સીસ પોતાની રાજધાની છોડીને નાસી ગયો. ૧૩ મી નવેમ્બરને દિવસે નેપોલિયન વિયેનામાં જઈ પહોંચ્યો. હજી તેનો શત્રુ આગળ હતો. એક લાખ સેનાને લઇ રૂશિયાનો નરેશ એલેક્ઝાંડર વાવાઝોડાની પેઠે ઉડતો આવી રહ્યો હતો. મહારાજા ફ્રાંસીસ પણ તેને જઇ મળ્યો. નેપોલિયનની સેનાને પુનઃ પણ એજ આજ્ઞા મળી કે "આગળ ચાલો."

આખરે ડિસેમ્બરની પ્રથમ તારિખે ઑસ્ટર્લિટ્ઝ્ ગ્રામની ચોતરફ આવી રહેલા પર્વતોપર ઉભય વિરોધી સૈન્યો એક બીજાની દ્રષ્ટિ સામે આવીને ઉભાં રહ્યાં. જ્યારે તે સેનાઓએ એક બીજાની તરફ જોયું ત્યારે એકદમ તેમના મુખમાંથી વીરનાદ નીકળી પડયો, કિંતુ નેપોલિયનની દશા શોચનીય હતી. શત્રુનું સૈન્ય એક લાખ હતું, પરંતુ ફ્રેંચ સેના કેવળ સિત્તેર હજાર હતી. વિરોધીઓની સેનાને ઉત્સાહ આપનાર બે મહારાજાઓ હતા, અને આ તરફ કેવળ એકજ નાની સરખી દેહવાળો ઉત્સાહદાતા હતો; પરંતુ નેપોલિયન ગભરાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય એવો નહોતો. તેણે પરમ સાવધાનતાપૂર્વક તે સ્થાનની તપાસ કરી. ત્યાર પછી તેણે શત્રુઓની ચેષ્ટાઓપર દૃષ્ટિપાત કર્યો. તેણે જોયું કે શત્રુઓની આખી સેના ડાબીબાજૂ તરફ ઘુમી રહી છે. આમ કરવામાં તેમનો ઉદ્દેશ ફ્રેંચ સેનાની જમણીબાજૂપર આક્રમણ કરવાનો હતો. નેપોલિયન સારી રીતે જાણી ગયો કે જમણીબાજૂ છિન્નભિન્ન થઇ જવાથી આખા સૈન્યમાં ગરબડ મચી રહેશે; અને શત્રુઓને અતિ શીઘ્ર વિજય પ્રાપ્ત થઈ જશે. આ ઘટના જોઈ તે પોકારી ઉઠયો કે "યદિ શત્રુઓ આ ગતિથી પ્રભાતકાળ પર્યંત ચાલતા રહશે તો કાલે સૂર્યાસ્ત થાય તે પૂર્વે તેમની આખી સેના મ્હારા કબજામાં આવી જશે." સેનાને આખો દિવસ સ્થળે સ્થળે થોભાવી તે કુચ કરતો હતો. આ રીતે કુચ કરતાં કરતાં ઠંડી રાત્રિનો આરંભ થઇ ગયો. આખી સેના વિશ્રામને માટે પોતાના તંબુમાં પ્રવેશી. નિરીક્ષણને માટે મહારાજા નેપોલિયન અશ્વારૂઢ થઇ ડેરામાંથી ચાલવા લાગ્યો. એક સિપાઇએ નેપોલિયનને ત્યાંથી જતો દીઠો કે તરતજ થોડું ઘાસ લઇ તેને બંદુકના અગ્રભાગપર બાંધી તેની મશાલ બનાવી દીધી અને તેને પ્રદીપ્ત કરી મહારાજનો માર્ગ પ્રકાશિત કર્યો. એ સિપાઇની દેખાદેખીથી સર્વ સિપાઇઓએ પોતપોતાના તંબુમાંથી નીકળી એવી કૃત્રિમ મશાલો બનાવી બનાવી રસ્તો દેખાડવો શરૂ કર્યો. આખો મુકામ એકદમ પ્રકાશિત થઈ ગયો. આ વખતે સર્વના લક્ષમાં આવ્યું કે તેજ રાત્રિ નેપોલિયનની સામ્રાજ્યપ્રાપ્તિની રાત્રિ હતી. આખા મુકામમાં એકદમ કોલાહલ મચી ગયો. ચોતરફથી "મહારાજા નેપોલિયન ચિરંજીવી થાઓ" એવા શબ્દ સંભળાવા લાગ્યા.

રાત્રિનો અંધકાર શનૈઃ શનૈઃ ઝઝકળાના રૂપમાં બદલાવા લાગ્યો— પ્રભાતકાળ નિકટ આવવા લાગ્યો. ઉષઃકાળની પૂર્વેજ નેપોલિયન પોતાના અશ્વપર આરૂઢ થઇ ગયો. તેના મનમાં એવો સંદેહ હતો કે રખેને શત્રુઓ પોતાની પ્રથમ દિવસવાળી ચાલ બદલી નહિ નાંખે. અતઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ ચાલને પ્રોત્સાહન આપવાને માટે તેણે પોતાની ડાબીબાજૂને પાછળ હઠાવવી શરૂ કરી, તેમજ જમણીબાજૂને પણ પાછી હઠાવી તેણે પોતાની સમગ્રસેનાને એકજસ્થાનમાં એકત્રિત કરી લીધી. શત્રુઓ સમજ્યા કે નેપોલિયન ડરી ગયો છે. તેમણે પૂર્વ કરતાં પણ અધિક વેગથી જમણીબાજૂ તરફ ફેલાવું શરૂ કર્યું. નેપોલિયને આ સમયે એક નવીન ચાતુર્યતા વાપરવાનો વિચાર કર્યો હતો. શત્રુઓને જમણીબાજૂ તરફ ફેલાવવામાં તેનો ઉદ્દેશ કોઇ પણ પ્રકારે શત્રુઓના સૈન્યને છિન્નભિન્ન કરવાનો હતો. જમણીબાજૂપર યુદ્ધ જારી રાખવાને માટે થોડી સેના છોડી પોતાના સમગ્ર પ્રબળ બળની સાથે શત્રુ સૈન્યના બરાબર મધ્ય ભાગમાં કઠોર ચોટ કરવાનો તેનો વિચાર હતો. મધ્ય ભાગ ખોખરો થઈ જવાથી બન્ને પક્ષોને ફાડીને જૂદા કરી નાંખવા એ કાંઇ કઠિન કામ નહોતું. આવો વિચાર કરી તે સમગ્ર સેનાનો પ્રબંધ કરી પોતાના સેનાનીઓ સહિત સામે ઉભેલા શત્રુઓના આક્રમણની પ્રતીક્ષા કરવા લાગ્યો. પ્રાતઃકાળમાં સૂર્ય અસાધારણ દીપ્તિ સહિત ઉદિત થયો. આકાશ એટલું બધું સાફ હતું કે સર્વ દ્રષ્ટાઓને સૂર્ય પ્રકાશ નિર્મળ દેખાતો હતો. પાછળથી અનેક વર્ષો સુધી નેપોલિયન ઑસ્ટરલિટ્ઝના સૂર્યનું સ્મરણ કર્યા કરતો હતો. આ ઉજ્જવળ સૂર્યનો ઉદય થતાંજ શત્રુઓએ ફ્રેંચ સેનાની જમણી બાજૂપર ગોળા વર્ષાવવા શરૂ કર્યા. હવે નેપોલિયને આજ્ઞા આપી કે "ચાલો સમય આવી પહોંચ્યો છે." આટલી આજ્ઞા પ્રાપ્ત થતાંજ લેનસ, સૉલ્ટ, યૂરા ઇત્યાદિ સેનાપતિઓએ પોતાના ઘોડાઓને એડી લગાવી અને સંગ્રામ શરૂ થયો. નેપોલિયને જેમ ધાર્યું હતું તેમજ થયું. જોતજોતામાં શત્રુનો મધ્યભાગ નિર્બળ થતો થતો સર્વથા કપાઇ ગયો. મધ્યભાગને કાપી નેપોલિયને શત્રુના જમણા ભાગપર આક્રમણ કર્યું, તે પણ જોતજોતામાં ભૂમિતળશાયી થયો. રૂશિયાના ઘોડેસ્વારોએ એક અતિ પ્રબળ આક્રમણ કરી વિજયની લહરિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પલટાવવાનો વિચાર કર્યો, કિંતુ માર્શલ રેપની ઘોડેસ્વાર સેનાની સામે તેનું જરા પણ ચાલ્યું નહિ; ત્યારે ચોતરફથી ભયભીત થઈ શત્રુની સેના પલાયન કરવા લાગી અને એક ઠરી ગયેલી નદી ઓળંગવા લાગી. ભાર આવી પડતાંજ ઠરી ગયેલું બરફ કાચની પેઠે ફાટી ગયું અને આખી સેના તેના ગર્ભમાં વિલીન થઈ ગઈ. વિજય ઘણો ભારે થઈ પડયો. શત્રુના ૨૫૦૦૦ સૈનિકો માર્યા ગયા; અને ૨૫૦૦૦ કેદ પકડાયા. રૂશિયન રાજાની સંરક્ષક સેનાનો મુખ્ય ઝુંડો પણ પકડી લેવામાં આવ્યો. રૂશિયાનો નરેશ એલેક્ઝાંડર અને ઑસ્ટ્રિયાનો રાજા ફ્રાંસીસ નિકટના એક પહાડપર ઉભા ઉભા પોતાની સેનારૂપી બરફને નેપોલિયનના તેજરૂપી સૂર્યની સામે પિગળતો જોઈ રહ્યા હતા. આ પ્રકારે સેનાનો ક્ષય થવાથી ઉક્ત ઉભય નરેશો પોતાની થોડી સેનાને લઇને પાછે પગલે નાસી ગયા. ઑસ્ટર્લિટ્ઝનો વિજય નેપોલિયનના પ્રસિદ્ધતમ વિજયો પૈકી એક છે. સૈન્ય સ્થાપિત કરવાની ચતુરાઇની દૃષ્ટિથી અને યુદ્ધયાત્રાની ત્વરાની દૃષ્ટિથી આ યુદ્ધ કેવળ નેપોલિયનના યુદ્ધોમાંજ પ્રધાન નહોતું, કિંતુ સમસ્ત ભૂમંડળનો ઇતિહાસ પણ તેની તુલનાને માટે ભિખારી છે. રૂશિયાનો નરેશ આ યુદ્ધમાં પરાસ્ત થઈ ઉતરેલા ચ્હેરા સહિત પોતાના પાટનગર તરફ પાછો ફર્યો. ઑસ્ટ્રિયાના મહારાજાએ સંધિ કરવાનો પ્રસ્તાવ કર્યો. સંધિદ્વારા યુદ્ધનો સમસ્ત વ્યય ઑસ્ટ્રિયાને આપવો પડયો. તે સિવાય અન્ય નાના નાના રાજાઓનાં સ્થાનોમાં પણ નેપોલિયને કાંઈક પરિવર્ત્તન કર્યું. કોઇને કાંઈ જમીન આપી દીધી અને કોઈની પાસેથી કાંઈ જમીન છીનવી લીધી. સારાંશ એ છે કે આ વિજયથી નેપોલિયનનો પ્રભાવ પૂર્વ કરતાં ઘણોજ વધી ગયો, તેના નામની ભીતિ અગાઉ કરતાં હવે ચોગણી વધી ગઇ અને તેની વિજય દુંદુભિ ચોતરફ જોરથી વાગવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વિતીય પરિચ્છેદ–ટિલ્સિટની સંધિ.

रिपुतिमिरमुदस्योदीयमानं दिनादौ दिनकृतमिव लक्ष्मी-स्त्वां समभ्येतु भूयः भारविः ।

'શત્રુરૂપી અંધકારનો નાશ કરી, હે રાજન્! લક્ષ્મી તને તેવી રીતે પ્રાપ્ત થાઓ કે જેવી રીતે તે પ્રભાતના સમયે સૂર્યને પ્રાપ્ત થાય છે.' **ભારવિ.**

ઉલ્મ અને ઑસ્ટર્લિટ્ઝના વિજયોથી ઑસ્ટ્રિયાની સમસ્ત શક્તિ **ને**પોલિયનના ચરણોમાં આવી પડી. રૂશિયાનો રાજા હતાશ તથા પરાજિત થઈ પોતાને ઘેર જતો રહ્યો. ઇંગ્લાંડદેશ પોતાના સાથીઓથી ત્યક્ત થઇ સ્થાનીય સાહસનો ત્યાગ કરી સામુદ્રિક લૂંટ-ફાટમાં પુનઃ નિયુક્ત થયો. **ને**પોલિયનની શક્તિ આ પ્રકારે અબાધિત થઇ ગઇ. હવે તે જીવિત મનુષ્યોનો શેત્રંજ ખેલવા લાગ્યો. દેશોના રાજાઓ અને શાસકનું સ્થાપન તથા ઉત્થાપન તેને માટે એક સ્વાભાવિક ધર્મ જેવું બની ગયું. પોતાના શત્રુઓનો પરાજય કરીને તે તે દેશોની વિભાગણી અને મનુષ્યોનું વિભાજન શરૂ કરતો; તેના શત્રુઓ તેની આ ક્રિયાને અત્યંત અત્યાચારયુક્ત ગણતા. નિઃસંદેહ તે અત્યાચારયુક્ત હતી, કિંતુ તેના શત્રુઓને તેને ઠપકો આપવાને માટે સ્થાન નહોતું. તેના શત્રુઓ પણ અત્યાચારી કાર્યમાં તેની પાછળ નહોતા. યૂરોપમાં કોઇ પણ દેશ, એવો નથી કે જે પ્રસંગ પ્રાપ્ત થતાં પોતાનાથી નિર્બળ દેશને પોતાના કબજામાં લઈ લેવામાં આવ્યું પાછું જુએ. નિર્બળ જાતિઓને યૂરોપ પોતાનું ભોજન સમજતો હતો અને હજી પણ સમજે છે. જે સમયે વિજયી **ને**પોલિયન **હો**લૅંડ, **જી**નોવા અને **મિ**લાનમાં પોતાના ઘરના પુરૂષોને રાજા બનાવી રહ્યો હતો અને તેના શત્રુઓ તેને અત્યાચારીની ઉપાધિ પ્રદાન કરી રહ્યા હતા, તે સમયે **પ્રુ**શિયા, **રૂ**શિયા અને **ઑ**સ્ટ્રિયા મળીને **પો**લેંડનો ઉપભોગ કરી રહ્યા હતા. તે છતાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયનને અત્યાચારી કહેવામાં આવતો હતો અને ઇંગ્લાંડ, રૂશિયા તથા ઑસ્ટ્રિયાના રાજા પરમદયાળુ અને ન્યાયપ્રિય કહેવાતા હતા. અમે પૂછીએ છીએ કે જે પાપ સર્વ રાજા કરતા હતા તે કરવાને માટે શું નેપોલિયન વિશેષતઃ અપરાધી હતો ? અસ્તુ ! નેપોલિયને વિજય પ્રાપ્ત કરી પોતાની સ્થિતિને દૃઢ બનાવવાનો વિચાર કર્યો. પોતાના રાજ્યના અને શેષ સ્થાનીય યૂરોપના મધ્ય ભાગમાં તેણે પોતાને આધીન એવા સહાયકોનો એક સમૂહ તૈયાર કરવાનો વિચાર કર્યો. તે ઇટાલિનો રાજા તો થઇ ચૂક્યો હતો; જીનોવાને તેણે પોતાના રાજ્યમાં સંયોજી દીધું; હોલૅંડમાં તેનો બંધુ લુઇ બોનાપાર્ટ રાજા થયો. નેપલ્સના બુર્બોન વંશી રાજાને સિંહાસનચ્યુત કરવામાં આવ્યો અને નેપોલિયનનો બંધુ જોસફ તેના સ્થાનમાં શાસક બન્યો. પીડમોંટને પણ ઇટાલીની અંદર સમાવિષ્ટ કરવામાં આવ્યું. આ પ્રકારે રાજ્યને વિસ્તીર્ણ કરી ઇટાલિના શેષ નાના નાના પ્રાંતોને સંયોજી દઇ તેની એક સંયુક્ત સંસ્થા બનાવવાનાં આવી; અને તેનો પ્રમુખ નેપોલિયન થયો. આ સંયુક્ત સંસ્થાનું નામ ર્હાઇનનું સંયુક્ત રાજ્ય હતું.

આ પ્રકારે નેપોલિયને એકજ પ્રહારથી પોતાના રાજ્યની સીમા ઘણી વધારી દીધી, પરંતુ તેના રાજ્યની આ પ્રકારની વૃદ્ધિ વાસ્તવિક હોવાના સંબંધમાં સંદેહ છે. શું આ વૃદ્ધિ શરીરની જે પ્રકારે વૃદ્ધિ થાય છે તે પ્રકારની હતી ? વા કેવળ દેખાવ પૂરતી હોઇને આંતરિક નહોતી ? ઇતિહાસ જે સાક્ષી આપે છે તેપરથી પ્રતિત થાય છે કે આ ઉન્નતિ વાસ્તવિક નહોતી. એક પથ્થરપર માટીનો લેપ કરવાથી તેની જેવી વૃદ્ધિ થાય છે તે પ્રકારની આ વૃદ્ધિ હતી. તેની ઉપર થોડું પાણી નાંખશો તો તે અવશ્ય ઉતરી જશે. આવી વૃદ્ધિ અને આવો વિસ્તાર અધિક સમયપર્યંત સ્થિર રહી શકતો નથી. નેપોલિયને આ વૃદ્ધિને સ્થિર માની લીધી, એજ તેની ઘણી મોટી ભૂલ હતી. તેણે પોતાના બંધુઓને જે દેશોના રાજા બનાવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા તેથી સ્વશક્તિ વૃદ્ધિની આશા રાખવી એ અસંભવિતજ હતું. તે જેટલો સશક્ત હતો તેટલાજ તેના બંધુઓ અશક્ત હતા. અન્ય દેશોના જે ભાગો તેણે પોતાના રાજ્યમાં સંયોજી દીધા હતા; તેમના દ્વારા પણ સ્થિરતાની સંભાવના એ કેવળ મૃગતૃષ્ણાજ હતી. વિદેશી અને વિજાતીય પ્રાંતોને ફ્રાન્સનાં અંગ બનાવી લેવાનું કામ કપડાંને શરીરના ભાગ બનાવી લેવા સમાનજ અસંભવિતજ હતું.

નેપોલિયનના સામ્રાજ્યની વૃદ્ધિ અસ્થિર હતી; અને અવાસ્તવિક હતી, એ વાતની ઇતિહાસ સાક્ષી પૂરે છે. જ્યારે આપણે જોઈએ છીએ કે તે ઘણા થોડા સમયમાં કરવામાં આવી હતી, ત્યારે તેની અસ્થિરતા વિશેષ નિશ્ચિત થાય છે. તેણે આ પ્રકારે પોતાના સામ્રાજ્યની વૃદ્ધિ કરી તેથી યૂરોપના સમસ્ત દેશોના મનમાં નેપોલિયન પ્રત્યે ઈર્ષ્યાનો ભાવ પુનઃ ઉત્પન્ન થઈ ગયો. ઈર્ષ્યા અતિરિક્ત તેમને પોતાના પ્રાણનો ભય પણ હતો. યદ્યપિ તેઓ જાણતા હતા કે નેપોલિયન એકલો તેને મળેલા દેશ સમૂહથી પ્રબળ છે, તથાપિ આત્મરક્ષા પણ એક વસ્તુ છે. ઑસ્ટ્રિયા, પ્રશિયા પ્રભૃતિને આત્મરક્ષાના સંબંધમાં પુષ્કળ ભય લાગ્યો હતો અને તેઓ વારંવાર પરાજિત થવા કરતાં સર્વથા નષ્ટ થવાનું ઉત્તમ ગણતા હતા. કેટલેક અંશે નેપોલિયનની આ નવીન સ્થાન પ્રાપ્તિઓથી ડરીને, કાંઈક અંશે લંડનની કૅબિનેટના લોભથી અને કેટલેક અંશે રૂશિયાના અપમાનિત કિંતુ ગર્વિત ઝારની સહાયતાથી ઉત્સાહિત થઇને પ્રશિયાનો રાજા પોતાની સેના સહિત ફ્રાન્સપર આક્રમણ કરવાને માટે ઉદ્યુત થયો. તેની રાણી અને તેના પુત્રે તેના પ્રદીપ્ત થતા જુસ્સાપર ફૂંક મારી હતી. ઇંગ્લાંડે પણ પોતાની સેના કિનારાપર ઉતારવી શરૂ કરી દીધી. સ્વીડનના રાજાએ તેને સહાય કરવાનું વચન આપ્યું; અને રૂશિયાનો ઝાર પણ પોતાના બેલાખ જંગલી રાક્ષસોની સાથે પોલૅંડની ભૂમિને કંપિત કરતો પ્રશિયાની સહાયતાઅર્થે નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રકારે પૂર્વ અને ઉત્તર દિશાઓમાંથી આવતાં વાવાઝોડાંથી ફ્રાન્સ દેશ ઘેરાઈ ગયો. ફ્રાન્સનું નૌકાબળ પ્રથમથીજ ધ્વંસ્ત થઇ ચૂક્યું હતું. જે દિવસે નેપોલિયને ઉલ્મમાં ઑસ્ટ્રિયન સેનાનાં શસ્ત્રો મૂકાવ્યાં તેને બીજેજ દિવસે તેના કાફલાનો લૉર્ડ નેલ્સને ટ્રૂફાલ્ગરમાં નાશ કરી નાંખ્યો. આ સમયે નેપોલિયનનો કાફલો કેવળ ફ્રાન્સનાં જહાજોથીજ બન્યો નહોતો, પરંતુ સ્પેનનાં જહાજો પણ તેમાં સમ્મિલિત હતાં. ટ્રૂફાલ્ગરમાં નેપોલિયનની સામુદ્રિક શક્તિને અત્યંત સખ્ત ધક્કો પહોંચ્યો. આ ધક્કાને પ્રાણાંત કરનાર ધક્કો કહીએ તોપણ તે અયુક્ત ગણાશે નહિ. અતઃ હવે નેપોલિયન કેવળ સ્થળનોજ સ્વામી હતો. હમણાં તેની સ્થળીય સેના અદમ્ય હતી. આ અદમ્ય સ્થળીય સેનાને લઇને નેપોલિયન ઉક્ત ઉદિત થતી ભયાનક ઘટનાઓનું વદારણ કરવાને માટે વાવાઝોડાની પેઠે ઉઠયો અને તે વાદળોની તરફ ચાલ્યો. એક અંધ મનુષ્ય પણ કહી શકે છે કે યદિ કેવળ આજ ઘટનાપર દૃષ્ટિ રાખવામાં આવે તો આ યુદ્ધનું—આ મેઘવાયુ સંગ્રામનું—ઉત્તર દાતૃત્વ નેપોલિયન પર નહોતું—કિંતુ પ્રશિયા, રૂશિયા અને ઇંગ્લાંડપર હતું. અસ્તુ !

૨૪ મી સપ્ટેમ્બર ૧૮૦૬ ના રાત્રિના સમયે નેપોલિયન પૅરિસથી રવાના થયો. તેની સેના તેનાથી કાંઇક આગળ ગઈ હતી. થોડાજ દિવસોમાં નેપોલિયન તેની સાથે જઈ મળ્યો. તેના પહોંચવાની સાથેજ સમસ્ત સેનામાં ઉત્સાહની વિદ્યુતનો સંચાર થવા લાગ્યો. સિપાઇઓ પોતાની શક્તિ ઉપરાંત કુચ કરવા લાગ્યા. એટલા બધા વેગથી કુચ કરવામાં આવી અને તેનો માર્ગ એટલી બધી ચાતુર્યતાથી નિશ્ચિત્ કરવામાં આવ્યો કે માત્ર થોડાજ દિવસોમાં નેપોલિયન પ્રશિયાના રાજાની સમગ્ર સેનાની પાછળ સેકસનીદેશના ગર્ભમાંજ જઇ પહોંચ્યો. આ સ્થાનેથી તે પ્રશિયન સેનાને પાછળ હઠતી રોકી શકે એમ હતું. જ્યારે તેની અને ફ્રાન્સની વચ્ચે પ્રશિયાનો રાજા સૈન્ય સહિત આવ્યો ત્યારે પ્રશિયન રાજાને ખબર પડી કે તેની પીઠપર વજ્ર આવી પડયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્ય કોઇ ઉપાય નહિ જોઇ તેણે તેજ સ્થળે નેપોલિયનની સામે થવાનો વિચાર કર્યો.

નેપોલિયન યુદ્ધારંભ થતાં રૂદ્ર દેવતાનું રૂપ ધારણ કરી લેતો હતો, પરંતુ તે પૂર્વે તે સદા કોઇ પણ પ્રકારે પ્રેમથી વા ભયથી શત્રુ તેની સાથે સંધિ કરે એવો યત્ન કરતો હતો. આ સમયે પણ શત્રુની સંશયિત દશા જોઇ નેપોલિયને પ્રશિયાના રાજાની ઉપર એક પત્ર મોકલ્યો. આ પત્રમાં તેણે તેને તે કેવી ભયાનક દશામાં પડયો હતો તે નિવેદન કર્યું. તેણે તેને લખી જણાવ્યું કેઃ હવે તમારૂં રક્ષણ અસંભવતાની કોટિમાં આવી ચૂકયું છે, માટે યુદ્ધ કરવાથી પ્રાણક્ષય સિવાય બીજો કોઈ પણ લાભ તમને પ્રાપ્ત થઈ શકનાર નથી, તેથી જો તમે હમણાં પણ અસ્ત્રશસ્ત્ર મૂકી દેશો તો સંગ્રામ નિવારી શકાશે; પરંતુ નેપોલિયનને આ પત્રનો ઉત્તર મળ્યો નહિ. એમ કહેવાય છે કે જ્યારે ઝપાઝપી શરૂ થઇ ચૂકી હતી, ત્યારે પ્રશિયાના રાજાને ઉક્ત પત્ર મળ્યો હતો; અને કેટલાક લોકો જણાવે છે કે રાણીના દબાણથી રાજાએ ઉક્ત પત્રમાં આપેલી સલાહ માન્ય કરી નહોતી. ખેર, ગમે તેમ હો, પરંતુ નેપોલિયનને પોતાના પત્રનો ઉત્તર મળ્યો નહિ, એ વાત નિઃસંદેહ છે. નેપોલિયન પોતાની સેનાસાથે પ્રશિયાના સુશિક્ષિત સૈન્યને ઘેર તો ગયો, પણ પ્રશિયાની સેના કાંઈ જેવી તેવી સેના નહોતી. તે સેનાને તૈયાર કરનાર વીર યોદ્ધો આલ્ફ્રેડ ધી ગ્રેટ હતો. આ રાજા અતિ મહાન વિજયી યોદ્ધો હતો. તેના શિક્ષિત કરેલા સિપાઈ પ્રશિયાની સેનામાં વિદ્યમાન હતા. તે સિપાઇઓ પણ એક દિવસે યૂરોપના એક મોટા ભાગને પોતાનાં શસ્ત્રોના પ્રહારનીચે ઝુકાવી ચૂક્યા હતા, માટે નેપોલિયનની તેજસ્વી લડાયક શક્તિ સિવાય તેઓ યુદ્ધથી શામાટે પાછા હઠે ?

જેના અને ઓરસ્ટેટનાં ક્ષેત્રોમાં ઉક્ત ઉભય વીર સેનાઓનો ભેટો થયો. પ્રશિયાની સેના ત્યાં જબરદસ્ત દુર્ગ બાંધીને પ્રથમથીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડેલી હતી. જેનાપર નેપોલિયને સ્વયં પોતાની સેનાના એક વિભાગ સહિત આક્રમણ કર્યું. ઓરસ્ટેટ કે જ્યાં પ્રશિયાનો રાજા પોતાની સેનાસહિત સગર્વ વિરાજમાન હતો, ત્યાં સેનાપતિ ડીયૂએ તેજ સમયે આક્રમણ કર્યું. પ્રાતઃકાળથી યુદ્ધનો પ્રારંભ થયો. ઉભય પક્ષના વીર યોદ્ધાઓએ પ્રાણની આશા છોડી સંગ્રામ કર્યો. ઘોડેસ્વારોની સેનાએ પણ સારી પેઠે આક્રમણ કર્યું. બપોરના બાર વાગી ગયા, પરંતુ સંગ્રામ તો ભયંકર રીતે ચાલૂજ રહ્યો. કોઇ સમયે ફ્રેંચસેના પ્રશિયન સેનાને ધકેલીને પાછળ હઠાવી દેતી અને કોઈ સમયે પ્રશિયન ઘોડેસ્વારો અસહ્ય આક્રમણ કરી ફ્રેંચસેનાને કેટલાંક કદમ પાછળ હઠાવી દેતા. શાંત અને વિચારપૂર્ણ નેપોલિયન પોતાના ઘોડાની પીઠપર બેસી આ ઘટના જોયા કરતો હતો. બપોરના વખતે તેને લાગ્યું કે હવે ધનુષ્ય બરાબર ખેંચાઈ ચૂકયું છે. ઉભય સેનાઓ ખૂબ થાકી ગઈ છે; અને તેથી તેણે તે સમયે જે દ્વારા મોટાં યુદ્ધો પ્રાયઃ જીતાય છે તે યુદ્ધકળાનો પ્રયોગ કર્યો. બરાબર ખેંચાયેલાં ધનુષ્યની જે બાજુપર જોર કરવામાં આવે તે તૂટી જાય છે. આજ પ્રકારે નેપોલિયનને જ્યારે પ્રતિત થતું કે યુદ્ધ ખૂબ લંબાયું છે ત્યારે તે પ્રથમથી પ્રથક્ રાખેલી સેનાને આક્રમણ કરવાની આજ્ઞા આપતો. નેપોલિયનનો વિજય એ રક્ષિત સેનાનોજ વિજય હતો. આ વખતે પણ તેણે સેનાપતિ મૂરાની રક્ષિત ઘોડેસ્વાર સેના તરફ દૃષ્ટિ ફેંકી. મૂરા અતિ મોટા કદનો યુવાન યોદ્ધો હતો. લાંબી કુમતાદાર ટોપી પહેરીને તે જ્યારે પોતાની સેનાની સામે પોતાના ઘોડાને એડી મારતો હતો, ત્યારે એમ કહેવાય છે કે તેની સેનામાં રાક્ષસી માયાનો સંચાર થઇ જતો હતો. જો તેની ઇચ્છા હોય તો તે સમયે તે તેને યમની સેનાની સાથે સંગ્રામ કરવાને પણ લઈ જવાને શક્તિમાન હતો. આ વીર ભયાનક મૂરાને આ સમયે પોતાની ઘોડેસ્વાર સેના સહિત પ્રહાર કરવાની આજ્ઞા મળી. બસ એટલુંજ પુરતું હતું. જે પ્રકારે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહદંડનો પ્રહાર થવાથી કાચના પાત્રના ચૂરેચૂરા થઈ જાય છે તે પ્રકારે મૂરાની વજ્રમય સેનાના પ્રહારથી પ્રશિયન ફોજના ટુકડે ટુકડા થઈ ગયા. તે જીવ લઇને નાઠી, કિંતુ નેપોલિયનની આગળ નાસવું પણ સહેલું નહોતું. સેનાપતિ સૉલ્ટ અને સેનાપતિ નેકોને યુદ્ધારંભ થયા પૂર્વેજ તેણે પ્રશિયન સેનાનો માર્ગ રોકવાને માટે મોકલી આપ્યા હતા. પ્રશિયન સેના નાઠી કે તરતજ ઉક્ત ઉભય સેનાપતિઓની સેનાઓ તેની સામે થઈ; અને '**वृश्चिकभिया पलायमान आशीविषमुखे निपतितः**' તેમ વિંછીના ભયથી નાસતી આ સેના સર્પના મુખમાં જઈ પડી. બે તોપખાનાંની વચ્ચે પડીને તે ભુંજાઈ ગઈ. આ તરફ ઓરસ્ટેટમાં સેનાપતિ ડિયુને પણ વિજય પ્રાપ્ત થયો; જોત જોતામાં આખી ને આખી પ્રશિયનસેના ખાખમાં મળી ગઈ. પ્રશિયાનો રાજા ગમે તે પ્રકારે પોતાનો જાન બચાવીને નાસી ગયો, અને તેણે પાછળથી આવતી રૂશિયન સેનાનું શરણ ગ્રહણ કર્યું. ઓરસ્ટેટના વિજયના ઉપલક્ષમાં નેપોલિયને સેનાપતિ ડિયુને 'ઓરસ્ટેટનો ઠાકોર' બનાવી દીધો.

પ્રશિયન શત્રુનો નાશ કરીને નેપોલિયન હવે અતિ શીઘ્રતાથી રૂશિયન વાદળને છિન્ન ભિન્ન કરવાને માટે આગળ ચાલ્યો. રૂશિયન સેનાનો ભેટો થયા પૂર્વેજ તેને એક એવું કાર્ય કરવું પડયું કે જે યદ્યપિ સૈનિક યુદ્ધનું અંગ કહી શકાતું નથી; પરંતુ જે તેનીજ એક પીઠિકા હતી. આ તકરારનો પ્રારંભ થવા પૂર્વેજ ઇંગ્લાંડે ફ્રાન્સના સમસ્ત સમુદ્રસ્થિત નિવાસીઓને કેદ કરી લીધા હતા અને તેમની સંપત્તિ છીનવી લીધી હતી. ત્યારથી નિરંતર ઇંગ્લાંડ આજ નીતિ અનુસાર કાર્ય કરી રહ્યું હતું. ફ્રાન્સની સાથે તે કોઈ પણ અન્ય દેશનાં જહાજને વ્યાપાર કરવા દેતું નહોતું. આથી ફ્રાન્સનો સામુદ્રિક વ્યાપાર સર્વથા નષ્ટ થઈ ગયો હતો. યદિ સમુદ્રમાં કોઈ ફ્રાન્સનિવાસી પ્રાપ્ત થતો તો બ્રિટિશ કાફલો અવશ્ય તેને કેદ કરી લેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી નેપોલિયનને ઘણી ચિંતા થઈ. તે નૌકાબળનો સ્વામી નહોતો, અતઃ તેને માટે સીધું બ્રિટિશ કાઇલાપર આક્રમણ કરવું અશક્ય હતું. આથી તેણે ઇંગ્લાંડનો વ્યાપાર નષ્ટ કરવાની વક્રરીતિ આરંભી. બર્લિન અને મિલાનથી જે આજ્ઞાપત્રિકા તેણે બહાર પાડી તે દ્વારા સમસ્ત સ્થળોપર ઇંગ્લાંડનાં જહાજોનું આગમન બંધ કરવામાં આવ્યું. જે જે સ્થળપર ફ્રેંચસત્તા વિદ્યમાન હતી ત્યાં ત્યાં જે કોઈ અંગ્રેજ મળતો તેની સંપત્તિ છીનવી લેવામાં આવતી અને તેને કેદ કરવામાં આવતો. આ આજ્ઞાપત્રિકાએ કેટલાક દિવસો સુધી ઇંગ્લાંડના સ્થળીય વ્યાપારને ઘણો મોટો ધક્કો પહોંચાડયો. મીઠું તથા ઇતર ચીજો કે જે પૂર્વે ઇંગ્લાંડથી આવતી હતી તે હવે ત્યાંજ વિશેષતઃ ફ્રેંચ સામ્રાજ્યમાંજ બનવા લાગી. નેપોલિયનની ઉક્ત આજ્ઞાપત્રિકાએ બ્રિટિશ પાર્લામેંટને ખૂબ ખળભળાવી મૂકી હશે, એવું અનુમાન સહજ કરી શકાય છે. કિંતુ આ વાત નિઃસંદેહ છે કે આ કાર્ય કરવામાં નેપોલિયને પહેલ કરી નહોતી. તેણે તો કેવળ ઉત્તરજ દીધો હતો. ઉચ્ચ આચાર, ધર્મની દૃષ્ટિથી ભલે તમાચાને બદલે તમાચો મારવો અનુચિત કહેવાય, તોપણ નેપોલિયન ઇતર રાજાઓની અપેક્ષાથી અધિક ક્રૂર વા કુટિલ વર્તન કરતો નહોતો એ વાતમાં તો કિંચિત્ પણ સંશય નથી.

નેપોલિયન બર્લિનથી રૂશિયાના રાક્ષસ યૂથની સાથે દ્વન્દ્વ યુદ્ધ કરવાને માટે આગળ ચાલ્યો. શિયાળાની ભયંકર ઋતુ આવી. ડિસેમ્બર માસ ચાલતો હતો અને ઠંડી કડકડતી પડતી હતી. ઠંડી અતિરિક્ત ચોતરફ શત્રુઓની કેટલીક સેનાઓ પણ વિખરાઇને પડેલી હતી. આ સેના પ્રસંગોપાત તેનાપર છાપો મારતી રહેતી હતી. આ સર્વ મુશ્કેલીઓ હતી, કિંતુ તે સર્વને ઝીલી ફ્રેંચસેના સમુદ્રની અનિવાર્ય ગતિથી આગળ વધતીજ ચાલી. ૧૮૦૭ના જાન્યુઆરી માસમાં સમસ્ત ફ્રેંચ સેના વિશ્ચ્યુલા નદિના કિનારાપર પહોંચી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંઆંજ શિયાળાની ઋતુ વ્યતીત કરવાનો નેપોલિયને નિશ્ચય કર્યો. સમસ્ત સેનાના તંબુ ત્યાંજ સ્થાપિત કરવામાં આવ્યા. સેનાનો મુકામ એવી રીતે નાંખવામાં આવ્યો કે સમગ્ર દ્રશ્ય નગરાકાર બની ગયું. ગલીઓ, બજાર, ચોક–સર્વ કાંઇ તે સૈનિક ઉપનિવેશમાં બનાવવામાં આવ્યું હતું. સિપાઇઓને આ કૃત્રિમ નગરમાં પણ નિષ્ક્રય બેસવા દેવામાં આવતા નહોતા. વ્યૂહરચના, રમતગમતો અને નકલી યુદ્ધોદ્વારા તેમની ઉદ્યોગિતા સ્થિર રાખવામાં આવતી હતી.

નેપોલિયન આજ પ્રકારે સમગ્ર શીત ઋતુ વ્યતીત કરવા ઇચ્છિતો હતો. તે આ સમયે ફ્રાન્સની સીમાથી શતાવધિ માઇલોના અંતરપર બેઠો હતો, પરંતુ તે ત્યાં બેઠો બેઠો પણ સમસ્ત ફ્રેંચ સામ્રાજ્યનો પ્રબંધ કરતો હતો. તેની આ ઉદ્યોગિતાપરથી તેની માનસિક શક્તિઓ કેટલી પ્રબળ હતી તેનું અનુમાન સારી રીતે થઈ શકે છે. આ પ્રવાસમાં તેણે કેટલાક મહાલયો, કેટલીક સડકો, કેટલાંક વિદ્યાલયો અને કેટલાંક સ્મારકોના નકશા ખેંચીને ફ્રાન્સમાં મોકલી આપ્યા હતા. આ અદ્‌ભુત મનુષ્યના મસ્તિષ્કમાં એ વિશેષતા હતી કે તે ગમે ત્યારે ગમે તે વિષયપર વિચાર કરી શકતો હતો. તે કહ્યા કરતો હતો કે "મ્હારા માસ્તષ્કમાં પ્રત્યેક વિષયનું એક એક ખાનું બનેલું છે. જ્યારે મ્હારે કોઈ એક વિષયપર વિચાર કરવો હોય ત્યારે હું ઇતર સર્વ ખાનાંઓને બંધ કરી દઉં છું અને કેવળ તેજ વિષયના ખાનાને ખુલ્લું રાખું છું." તેની અસાધારણ શક્તિ ખરેખર વિલક્ષણજ હતી. કોઈ કોઇ વખત તે સંગ્રામ ભૂમિમાં કટ્ટા શત્રુની કુટતી તોપોની સામે બેસી ફ્રાન્સની ઉન્નતિને માટે નવી નવી યોજનાઓ તૈયાર કર્યા કરતો હતો. કિંતુ,

"चिन्तयत्यन्यथा जीवो हर्षपूरितमानसः ।
विधिस्त्वेष महावैरी कुरुते कार्य्यमन्यथा ॥"

આ લોકોક્તિ અનુસાર નેપોલિયન પણ શીતઋતુ શાંતિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યતીત કરી શક્યો નહિ. રૂશિયાનો સમ્રાટ્ તેના શીરપર આવી પડયો. રાત્રિ દિવસ રૂશિયાના સિપાઇઓએ ચોતરફથી ફ્રેંચ સેનાપર છાપા મારવા શરૂ કર્યા. ભાવી મોટો સંગ્રામ સમીપમાંજ આવેલો જોઇને નેપોલિયને પોતાની સેનાના તંબુ ઉઠાવી લીધા. તત્ક્ષણ સેનાને આગળ વધવાની આજ્ઞા આપવામાં આવી. ઘોર કડકડતી ઠંડીમાં સમસ્ત સેનાનું પ્રયાણ શરૂ થયું. વિચાર મગ્ન અને ચિંતાશીલ નેપોલિયન પોતાના અશ્વપર આરૂઢ થઈ પોતાની સેનાને પ્રોત્સાહિત અને ઉત્તેજિત કરવા લાગ્યો. નિત્ય પ્રતિ નાનાં નાનાં યુદ્ધો શરૂ થયાં, કિંતુ આ નાનાં નાનાં યુદ્ધોમાં સદા વિજય પ્રાપ્ત કરી ફ્રેંચસેના આગળ ચાલી.

આઇલ્યૂના મેદાનમાં ઉભય પ્રચંડ સેનાઓનો ભેટો થયો. રૂશિયાની સેના પ્રાયઃ બે લાખની હતી. નેપોલિયનની પાસે પ્રાયઃ એક લાખ સૈનિકો હતા. જે સ્થાનપર યુદ્ધ થયું તે સ્થાન એવું હતું કે ત્યાં યુદ્ધ ચાતુર્ય વિશેષ ઉપયુક્ત થઈ પડતું નહોતું. ઉભય સેનાઓ સપાટ મેદાનમાં એકમેકની સામે આવીને ઉભી રહી હતી અને યુદ્ધ શરૂ થયું. ઉભય પક્ષો તરફથી તોપના ગોળા ચાલવા માંડયા. સિપાઇઓ ભસ્મીભૂત થવા લાગ્યા. હવે ઉંચા કે નીચા થવાનો પ્રશ્ન નહોતો. જેમ જેમ ગોળાઓ છૂટવા લાગ્યા તેમ તેમ ઉભય પક્ષના માણસોનો નાશ થવા લાગ્યો. બન્ને બાજુએ ભયંકર મનુષ્યવધ થયો. સમસ્ત ભૂમિ રક્તવર્ણ બની ગઈ. નેપોલિયન પોતાની સેનાને પ્રોત્સાહિત કરવાને માટે ચોતરફ ઘુમવા લાગ્યો. એમ કહેવાય છે કે કોઈ કોઈ વાર તો તે યુદ્ધમાં લડનારી સૌથી પ્રથમ પંક્તિમાં ચાલ્યો જતો હતો. ત્યારે બીજા સેનાપતિઓ તેને પાછળ હઠી આવવાની પ્રાર્થના કરતા હતા. સર્વ માણસો જાણતા હતા કે ફ્રાન્સની સીમાથી શતાવધિ કોશના અંતરપર અમારા પ્રાણ આ નાની સરખી દેહપરજ આશ્રિત છે. જો એ સૂત્ર કપાઈ જશે તો સમસ્ત સૈન્ય નાશ થઈ જશે. યુદ્ધના મધ્ય ભાગમાં નેપોલિયન થોડા અનુચરો સહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઉચ્ચ સ્થાનપર ઉભો હતો. રૂશિયાના કેટલાક ઘોડેસ્વારોએ તેને અસહાય જોઇને તેને ઘેરી લેવાને માટે તે તરફ પોતાના ઘોડાની લગામ ફેરવી. નેપોલિયનની શરીર રક્ષક સેનાનો અધ્યક્ષ સેનાપતિ ડોરસિન શત્રુઓની આ ગતિ જોઈ રહ્યો હતો. સેનાપતિ ડોરસિન એક ઉંચો જાડો સુંદર જવાન હતો. તેણે પોતાની વીર સેનાને નેપોલિયનની ચારે તરફ ઘેરો નાંખીને ઉભી કરી દીધી. તે સ્વયં સાભિમાન અને વીરોચિત આંખોથી શત્રુની તરફ જોતો રહ્યો. રૂશિયન સેના નિકટ આવી પહોંચી. નિકટ આવવાથી તેને નેપોલિયનના શિક્ષિત તથા અનુભવી શરીરરક્ષકોના ઉંચા ઝુમખાવાળા મુકુટો દ્રષ્ટિગોચર થવા લાગ્યા; અને તે પ્રભાવપૂર્ણ દેખાવ જોતાંજ તે સેના આપોઆપ નિરાશ થઇ પાછી ચાલી ગઈ. નેપોલિયને સેનાપતિ ડોરસિનની તરફ જોઇ સ્મિત કર્યું.

આ ઘોર યુદ્ધમાં એકવાર ફ્રેંચસેના પરમ શોચનીય અવસ્થામાં આવી પડી. સેનાપતિ ઑગીરિયો પોતાની સેના સહિત શત્રુના મધ્ય ભાગમાં પ્રહાર કરવાને માટે નીકળ્યો. તે સમયે વાવાઝોડું, વર્ષાદ અને બરફનું તોફાન થઈ આવ્યું. ચોતરફ સર્વ ચીજો દેખાતી પણ બંધ પડી. કિંતુ વીર સેનાપતિની પાછળ પાછળ તે સેના નિરંતર શત્રુની સેના તરફ ચાલતીજ રહી. તેને શત્રુઓ પણ દેખાતા નહોતા અને શત્રુઓને તે પણ દ્રષ્ટિગોચર થતી નહોતી. થોડીવારમાં તોફાન બંધ થઇ ગયું. ત્યારે ફ્રેંચ સેનાએ આશ્ચર્ય અને ભય સહિત જોયું કે તે અજાણતાં શત્રુઓની સમસ્ત સેનાની વચ્ચે આવી પડી છે. ચોતરફથી તેનાપર તોપના ગોળા છૂટવા લાગ્યા. આ વીર સેના પણ પરમ ધૈર્યપૂર્વક તેની સામે થઇ. કિંતુ અકસ્માત્ સેનાપતિ ઑગીરિયો આહત થઇ ગયો. સેનાપતિહીન સેના શત્રુદળમાંથી બહાર નીકળી આવી તો ખરી, કિંતુ તેની આ વિપત્તિથી ફ્રેંચસેનાની શક્તિ કાંઇક ઓછી થયેલી જણાવા લાગી. આ નિર્બળતા જોતાંવેંતજ રૂશિયન ઘોડેસ્વારોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અનિવાર્ય આક્રમણ કરીને તેના પગ ઉખેડી નાંખવાનો વિચાર કર્યો. આ સમયે નેપોલિયનને વીર મૂરાનું સ્મરણ થયું. સેનાપતિ મૂરા અને બેસ્સીયર્સને તેણે પોતાના ઘોડેસ્વારોની સાથે આક્રમણ કરી વિજયનું મુખ બદલી નાખવાની આજ્ઞા કરી. ઇતિહાસ, ઘોડેસ્વાર સેનાના તે આક્રમણનું અદ્યાપિ સ્મરણ કરે છે. આ આક્રમણથી સમગ્ર રૂશિયન સેનામાં બે વાર મોટા મોટા છેદ પડી ગયા, કિંતુ સાયંકાળના સમયે તે સેના પુનઃ એક દૃઢ ખડકની પેઠે યુદ્ધને માટે ઉભેલી દૃષ્ટિગોચર થઈ.

જે ગામની પાસે યુદ્ધ થઇ રહ્યું હતું તેમાં એક નાનો સરખો કિલ્લો હતો. આ કિલ્લો એવા સ્થાનપર હતો કે તેને જીતી લેવો આવશ્યક હતો. યુદ્ધની વચ્ચે નેપોલિયને સાંભળ્યું કે શત્રુની સેનાએ તેને ખુંચવી લીધો છે. આથી તે જોરથી ઘોડાને દોડાવી ત્યાં પહોંચ્યો અને ઉચ્ચ સ્વરે પોકારીને પોતાના સિપાઇઓને કહેવા લાગ્યોઃ "હે વીરો ! શું માત્ર મુઠીભર શત્રુ સેના તમારી પાસેથી એક સ્થાન છીનવી લેશે ? આ કિલ્લો અવશ્ય જીતી લેવો જોઈએ. ગમે તે થાઓ, પરંતુ એને જીતીજ લઇશું." પોતાના સમ્રાટ્‌ના દર્શનથી પ્રોત્સાહિત થયેલી તે સેના એકદમ પોકારી ઉઠી. "સમ્રાટ્ ચિરંજીવી થાઓ !" અને આવોજ પોકાર કરતી તે કિલ્લા તરફ દોડી. દોડતા સિપાઇઓમાં તેણે એક એવા વૃદ્ધ સિપાઇને જોયો કે જેનું મુખ દારૂથી કાળું પડી ગયું હતું, ગોળી લાગવાથી એક બાહુ સ્કંધપરથી ઉતરી ગયો હતો અને જેનું શરીર લોહીલુહાણ થઇ રહ્યું હતું. નેપોલિયનને તેનાપર દયા આવી. તેણે પોકાર કરીને કહ્યુંઃ "વીર પુરૂષ ! થોભી જાઓ ! પ્રથમ તમારા ઘાવોનો ઇલાજ કરવા ઘો અને પછી લડાઇમાં જજો."

સિપાઇએ મુખ ફેરવી પાછળ જોયું અને "જ્યારે કિલ્લો જીતાઈ રહેશે ત્યારે હું મ્હારા ઘાવોનો ઇલાજ કરાવીશ" એમ કહીને જરા પણ સાંભળ્યા વિના જોસથી ધસી જતી સેનામાં તે મળી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દ્રશ્ય જોઇને નેપોલિયનની આંખોમાં અશ્રુ ભરાઇ આવ્યાં. તેના શત્રુઓ કહે છે કે નેપોલિયન ક્રૂર હતો, પરંતુ નિઃસંદેહ આ ચિહ્નો ક્રૂરતાનાં નહોતાં. અંતે તે કિલ્લો જીતી લેવામાં આવ્યો.

લડાઈ થતાં થતાં રાત પડી ગઇ. ઉભય તરફની તોપોએ પોતાનાં મુખ બંધ કરી દીધાં. આખા દિવસના યુદ્ધમાં રૂશિયન સેનાનો અર્ધ ભાગ નષ્ટ થઈ ગયો હતો. ફ્રેંચ સેનાની પણ કાંઈ ઓછી હાનિ થઇ નહોતી. એમ કહેવાય છે કે આ યુદ્ધમાં જેટલો મનુષ્ય વધ થયો તેટલો ભાગ્યેજ બીજા કોઈ યુદ્ધમાં થયો હશે. આ યુદ્ધમાં પ્રાયઃ ૫૦ સહસ્ત્ર માણસો માર્યા ગયાં. શું આ ઘોર દ્રશ્યો જોયા છતાં પણ કોઈનું દિલ સાક્ષી આપશે કે યુદ્ધો અને ક્રાંતિઓ મનુષ્ય જાતિના હિત અને સુખને માટે છે?

આખી રાત્રિ યુદ્ધ બંધ રહ્યું. ફ્રેંચસેના યુદ્ધક્ષેત્રમાંજ સુતી, કિંતુ રૂશિયન સેનાપતિ ગભરાઇ ગયો. તે રાત્રે ને રાત્રેજ યુદ્ધક્ષેત્ર છોડીને પલાયન કરી ગયો. આઠ દિવસ સુધી નેપોલિયન આઇલ્યૂમાંજ રહ્યો. ઘાયલ થયેલા સિપાઇઓની સુશ્રૂષા કરવામાંજ તેના આટલા દિવસ વ્યતીત થયા. તે પ્રાયઃ ઘાયલ થયેલા સિપાઇઓના આઘાતોપર સ્વયં પટ્ટી બાંધતો અને તેમને શાંત્વના આપતો હતો. તેઓ પણ પ્રાયઃ મરણ શય્યાપર નેપોલિયનનાં દર્શન થવાથી પોતાનું અહોભાગ્ય માની પ્રાણ છોડતા હતા. સમસ્ત મૃત સિપાઇઓનાં બાળબચ્ચાં તથા પરિવારની રક્ષાનો ભાર રાજ્યપર જ પડતો હતો, જેથી તેમને પ્રાયઃ ઘર તરફથી સંતોષ રહેતો હતો.

પોતાની સેનાના ઘાયલ થયેલા પુરૂષોની રક્ષા તથા સેવાસુશ્રૂષાનો પ્રબંધ કરી તેણે આગળ પ્રયાણ કરવા માંડયું. અહીંઆંથી તેણે રૂશિયાના ઝારપર એક પત્ર મોકલ્યો અને તેમાં લડાઇ બંધ કરવાનો પ્રસ્તાવ કર્યો. તેણે તેને સારી પેઠે ચેતાવી દીધો કે જ્યાં સુધી તે પોતાની સેનાની સાથે છે ત્યાં સુધી તેને કોઇ જીતી શકનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. તોપછી માત્ર મનુષ્ય વધ થવા દેવાથી શો લાભ છે? કિંતુ આ સત્ય વાતને એલેક્ઝાંડર કાંતો ધમકી સમજ્યો અથવા તો ડરી-જવાની વાત સમજ્યો, તેથી તેણે તેપર કાંઇ પણ લક્ષ્ય આપ્યું નહિ. ફ્રેંચસેના આગળ વધતી જ ગઈ. ફ્રીડલેંડમાં ઉભય સેનાઓ વચ્ચે અંતિમ યુદ્ધ થયું. આ યુદ્ધમાં સેનાપતિ 'ને'એ પરમ વીરતાનું કાર્ય કર્યું. ફ્રીડલેંડ ગ્રામના વિજયના સમયે તેણે જે આક્રમણ કર્યું હતું તેથીજ તેને 'વીરશ્રેષ્ઠ' ની ઉપાધિ પ્રાપ્ત થઈ. સમસ્ત રૂશિયન સેનાને ગ્રામની પાછળ વહેતી નદીમાં ધકેલી મૂકવામાં આવી. રૂશિયાના ઝારની ગર્વિત સેના આ યુદ્ધમાં ધ્વંસ્ત થઈ ગઈ. આ નેપોલિયનના સંપૂર્ણ વિજયો પૈકી એક વિજય હતો.

ફ્રીડલેંડના યુદ્ધે અભિમાની ઝારની ગર્દન નીચી ઝુકાવી દીધી. જે ઝારે કેટલાક દિવસ પૂર્વે નેપોલિયનના શાંતિવિષયક પ્રસ્તાવપર કિંચિત્ પણ લક્ષ્ય આપ્યું નહોતું તેણે હવે સ્વયં શાંતિને માટે પ્રાર્થના કરી. નેપોલિયને આ પ્રસ્તાવનો સ્વીકાર કરી લીધો. રૂશિયાની સીમા-પર 'નીમન' નામની એક નદી છે. આ નદી સુધી પહોંચી નેપોલિયને પોતાની વિજયી સેનાને વિશ્રામ કરાવ્યો. આ નદીના ડાબી તરફના કિનારાપર ટિલ્સિટ નામનું એક ગામ છે, તે ગામમાં નેપોલિયને પોતાનો મૂકામ નાંખ્યો. ઉભય સમ્રાટો વચ્ચે સંધિ નિશ્ચિત્ થઇ ગઇ. નદીના બરોબર મધ્ય ભાગમાં એક નૌકા તૈયાર કરવામાં આવી અને નિયત સમયે ઉભય સમ્રાટો તે નૌકામાં મળ્યા. તે નૌકા નહિ તો રૂશિયાના સામ્રાજ્યમાં હતી કે નહિ તો નેપોલિયનના વિજિત સ્થાનમાં હતી. અતઃ ઉભય સમ્રાટો સ્વતંત્રરીતે મળ્યા. એલેક્ઝાંડરે નેપોલિ-યનને મળતાંજ કહ્યું કે "તમે ઇંગ્લાંડના જેટલા મોટા શત્રુ છો તેટલોજ મોટો હું પણ તેનો શત્રુ છું."

નેપોલિયને આ શબ્દો સાંભળી કહ્યું કે "ત્યારે તો પછી આપણી સંધિ થઇજ ચૂકેલી છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ, ઉભય સમ્રાટોની વચ્ચે સંધિ થઈ ગઈ. એક બીજાનો પક્ષ ગ્રહણ કરવાની બન્ને પક્ષોએ પ્રતિજ્ઞા કરી. જ્યારે ઉભય સમ્રાટો એક બીજાની સાથે મળી ગયા ત્યારે તેમણે પોતાની દશાનો વિચાર કર્યો. તેમણે જોયું કે તેમની સમ્મિલિત શક્તિઓની સામે કોઈ પણ શક્તિ ટકી શકે એમ નથી. આવો વિચાર કરી તેમણે મોટી મોટી કલ્પના કરવા માંડી. એલેક્ઝાંડર પણ નેપોલિયનની પાસે ટિલ્સિટ ગામમાં આવ્યો. ત્યાં ઉભય સમ્રાટો આખો દિવસ સાથેજ રહેતા અને સાથેજ ભોજનાદિ કરતા હતા. વિશ્રામના સમયે તેઓ સમસ્ત યૂરોપનો નકશો ખોલી પોતાની સામે રાખી લેતા અને પછી દૂરગામિની કલ્પનાઓ કર્યા કરતા હતા. નેપોલિયને પોતાને માટે પશ્ચિમીય યૂરોપમાં જવાની છૂટ માગી અને રૂશિયાના ઝારને પૂર્વીય ભાગમાં જવાની છૂટ આપી. આ બે નરેશોએ આખા યૂરોપને પોતાની વચ્ચે વ્હેંચી લેવાનો વિચાર કર્યો. નેપોલિયન પોતાને આવડો મોટો સાથી મળવાથી પ્રસન્ન થયો અને ઝાર તો પોતાનું અહોભાગ્યજ સમજવા લાગ્યો. હજી તે યુવક હતો; નેપોલિયન પ્રતિ તે પરમભક્તિ ધરાવતો હતો. તે તેને જગતનો એક અતિ મહાન્ પુરૂષ સમજતો હતો. તે પ્રાયઃ કહ્યા કરતો હતો કેઃ " યુદ્ધમાં નેપોલિયનની સામે હું તેવોજ અલ્પ છું કે જેવો રાક્ષસની સામે વામન હોય. " આવા મોટા મનુષ્યની સાથે પોતાને સંધિમાં જોડાયેલો જોઇને તે પોતાના મનમાં પરમ ગર્વિત થતો હતો.

ઉભય સમ્રાટો મળીને ટિલ્સિટમાં ઘણા દિવસ સુધી રહ્યા. સંધિદ્વારા પ્રશિયાના પરાજિત રાજાને તેનું અર્ધું રાજ્ય સોંપી દેવામાં આવ્યું. શેષ દેશોના વિજયોને ઉભય સમ્રાટોએ સ્વિકાર્યા. ઘણા દિવસ સુધી યૂરોપના ભાગ્યપર વિચાર કર્યા પછી ઉભય મિત્ર સમ્રાટો પૃથક્ થયા. એક સાલ પર્યંત બહારનાં યુદ્ધોમાં રહી વિજયી નેપોલિયન જુલાઈની ૨૭ મી તારિખે પૅરિસમાં પ્રવિષ્ટ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃતીય પરિચ્છેદ–સામ્રાજ્ય વિસ્તાર અને આંતરિક વિસ્ફોટ.

अणुरप्युपहन्तिविग्रहः प्रभुमन्तः प्रकृति प्रकोपजः ।

भारविः ।

'પોતાના ઘરની થોડી સરખી ફૂટ પણ ગૃહના સ્વામિનો નાશ કરી નાંખે છે.' **ભારવિ.**

એક મનુષ્યની લૌકિક શક્તિ જ્યાં સુધી વિસ્તૃત થઇ શકે છે ત્યાં સુધી નેપોલિયનની શક્તિ વિસ્તૃત થઈ ચૂકી હતી. જે મહત્વ યુક્ત સ્થાન પ્રાપ્ત કરવાની કોઈ સાંસારિક મનુષ્ય અભિલાષા કરી શકે છે તે સ્થાન હાલમાં નેપોલિયનને મળી ચૂક્યું હતું. તે ફ્રાન્સનો અનિયંત્રિત રાજા હતો. ઇટાલિનો રાજમુકુટ પણ તેનાજ મસ્તકપર શોભાયમાન થઇ રહ્યો હતો. હૉલેંડ, મિલાન પ્રભૃતિસ્થાનોમાં તેના બંધુઓ તેને માટે રાજ્ય કરી રહ્યા હતા. હ્રાઈનનું સંયુક્ત રાજ્ય, સૅક્ષની અને વુર્ટન્બર્ગ પ્રભૃતિ નાના નાના દેશો પણ તેની આજ્ઞાનું પાલન કરવામાંજ પોતાનું અહોભાગ્ય સમજતા હતા. વિસ્તીર્ણ તથા શક્તિશાલી રૂશિયાનો ઝાર નેપોલિયનની મિત્રતા થઈ તેટલા માટે પોતાને ધન્યવાદ આપી રહ્યો હતો. પ્રશિયા તથા ઑસ્ટ્રિયા પરાજય પર પરાજય પ્રાપ્ત કરી ગરદન ઉઠાવવાને સર્વથા અશક્ત થઈ ગયા હતા. એક મનુષ્યને માટે આ સ્થાન કેટલું ઉચ્ચ છે. આપણાં સાધારણતઃ સંકુચિત મન આ ગૌરવયુક્ત સ્થાનનું મહત્વ સમજવાને અશક્ત છે.

આટલું મોટું સામ્રાજ્ય અને આટલી ભયાનક શક્તિ નેપોલિયને પોતાની બે ભુજાઓના બળથીજ પ્રાપ્ત કરી હતી. સંસારમાં તેનો કોઈ બીજો સહાયક નહોતો. તે રાજકુટુંબમાં ઉત્પન્ન થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતો. તેમજ તેને બીજો કોઇ ધાર્મિક વા કૌટુંબિક લાભ પણ ઉપલબ્ધ નહોતો. તે એક નિર્ધન અપ્રસિદ્ધ વકીલનો પુત્ર હતો. પોતાનું એક મસ્તક અને બે બાહુઓ લઇને તે આ સંસારરૂપી યુદ્ધ ક્ષેત્રમાં પ્રવિષ્ટ થયો. આ ત્રણે વસ્તુઓની સહાયથી તેણે અસાધારણ કામો કરી બતાવ્યાં, જેથી સમગ્ર ભૂતળપર કંપ ફેલાઈ ગયો. એવું કોઇ પણ સ્થાન નહોતું કે જે તેને પ્રાપ્ત ન થયું હોય. એવો કોઇ પણ વિજય નહોતો કે જે તેની સામે હાથ જોડીને ખડો થઇ ગયો નહિ હોય. એવી કોઇ પણ મહત્વાકાંક્ષા નહોતી કે જેને તે પ્રાપ્ત કરી શક્યો નહિ હોય. જ્યાં તેની મહત્વાકાંક્ષાની આંગળી ઉઠી ત્યાં સમસ્ત મસ્તકો ઝુકી ગયાં અને નેપોલિયનની વિજયપતાકા સિવાય બીજું કાંઇ પણ દ્રષ્ટિ-ગોચર થવા લાગ્યું નહિ. આ મહત્વાકાંક્ષા નેપોલિયનને માર્ગ દર્શાવતી દર્શાવતી અહીંઆં સુધી ખેંચી લાવી; તેણે તેને 'સમ્રાટોનો પણ સમ્રાટ્' બનાવી દીધો.

આ મહત્વાકાંક્ષાએ તેની પાસે આશ્ચર્યજનક કાર્યો કરાવ્યાં. નેપોલિયન જેમ જેમ ઉચ્ચપદને પ્રાપ્ત થતો ગયો તેમ તેમ તેની મહત્વાકાંક્ષા વૃદ્ધિંગત થતી ગઈ. જ્યારે તે પહેલવહેલો ઇટાલિનો સેનાપતિ બન્યો ત્યારે એક મહાન વિજેતા બનવા સિવાય તેની કોઇ બીજી મહત્વાકાંક્ષા નહોતી. જ્યારે તે મિસરથી પાછો ફર્યો ત્યારે તેની મહત્વાકાંક્ષા પ્રથમ શાસક બનવા સુધીજ આંગળી ઉઠાવતી હતી. મેરંજોના વિજયે તેને સમ્રાટ્ બનવાને માટે તૈયાર કરી દીધો. ઑસ્ટર્લિટ્ઝ્ તથા ફ્રીડલેંડના વિજયોએ તેની મહત્વાકાંક્ષાને તેથી પણ ઉંચે ચઢાવી દીધી. હવે તેની મહત્વાકાંક્ષા પોતાની આંગળી ઉઠાવી સમગ્ર પશ્ચિમીય યૂરોપના સામ્રાજ્યનું દ્રશ્ય તેને બતાવી રહી. પશ્ચિમીય યૂરોપના સમ્રાટોને સિંહાસનચ્યુત કરી સ્વયં વા પોતાના બનાવેલા રાજાઓદ્વારા તેનું શાસન ચલાવવાનો વિચાર આ સમયે નેપોલિ-યનના મનમાં ઘોળાયા કરતો હતો. નેપોલિયનના સંબંધમાં એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય છે કે તેને હૉલેંડ, મિલાન પ્રભૃતિનાં રાજ્યો છીનવી લેવાં પડ્યાં; તેમ કરવાની તેને ફરજ પડી હતી. તે દેશોના રાજા તેના શત્રુ હતા, જેથી તેમનાં રાજ્યો છીનવી લેવાં એ તેનો અધિકાર હતો અને એ અધિકારને આત્મરક્ષાનો ભાવ એવી આવશ્યકતામાં પરિણત કરી દેતો હતો કે તેણે ઉક્ત રાજાઓને પદચ્યુત કરીને તેમના સ્થાન-પર પોતાના બંધુઓને સ્થાપિત કરી દેવા; પરંતુ આ બહાનું પાયા વિનાનું છે, એ કોઈ પણ પ્રકારે ટકી શકતું નથી. મનુષ્યજાતિનું હિત કોઇ પણ મનુષ્યને વા કોઈ પણ દેશને એવી આજ્ઞા આપતું નથી કે તેણે અન્ય દેશો વા રાષ્ટ્રોપર પોતાનું સ્વત્વ સ્થાપિત કરતા રહેવું. મનુષ્યને એવો અધિકાર કોણે આપ્યો છે કે જે માણસો તેની સાથે સહમત નહિ થાય તે સર્વનો તે નાશજ કરી નાંખે? યદિ આવો અધિકાર સર્વ મનુષ્યોને પ્રાપ્ત થઇ જાય તો કોઇને એક દિવસ પણ આ ભૂતળપર શાંતિનો ઉપભોગ કરવાનો અવસર પ્રાપ્ત થાયજ નહિ. નેપોલિયનના સંબંધમાં બીજી વાત એવી કહી શકાય છે કે બીજા સર્વ દેશો પોતાની વિજય પતાકાનો વિસ્તાર કરવાને યત્ન કરી રહ્યા હતા, તોપછી તેજ બિચારાનો શો દોષ હતો? આ યુક્તિના ઉત્તરમાં અમે એટલુંજ કહીશું કે બીજા સમસ્ત દેશો પણ મનુષ્ય જાતિ પ્રતિ અપરાધ કરી રહ્યા હતા અને આજ સુધી કરી રહ્યા છે, જેથી સમયાપેક્ષક દૃષ્ટિથી અમે નેપોલિયનને દોષિત ઠરાવતા નથી. અમે તેને કેવળ નિરપેક્ષ આચાર દૃષ્ટિથી દોષિત ઠરાવીએ છીએ. જ્યારે આપણે રૂશિયા અને ઑસ્ટ્રિયાનો તે સમયનો ઇતિહાસ વાંચીએ ત્યારે આપણે તેને કદિ પણ સમયાપેક્ષક દૃષ્ટિથી દોષિત ઠરાવી શકીએ છીએ! શું આપણે તુર્કસ્થાન અને પોલેંડના ઇતિહાસને ભૂલી ગયા છીએ કે આપણે નેપોલિયનને દોષિત ઠરાવીએ? આ દ્રષ્ટિથી નેપોલિયને કાંઈ પણ અપરાધ કર્યો નથી, તે આ સંસારમાં આવ્યો ત્યારે તેણે જોયું કે પ્રત્યેક શક્તિશાલી દેશ નિર્બળ માણસોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો શિકાર બનાવી રહ્યો છે. પોતાને સભ્ય કહેવડાવનારા દેશોને જે ધંધો કરતા જોયા તે ધોરણનો તેણે પણ આશ્રય લીધો. કદાચ તેણે આ કાર્યમાં આવશ્યકતા કરતાં અધિક શીઘ્રતા દર્શાવી હતી; કદાચ તેણે પાયાને મજબૂત કર્યા વિનાજ પ્રાસાદ ખડો કરવાનો પ્રયત્ન કર્યો હતો; કદાચ તેણે એક મનુષ્યની શક્તિ કરતાં અત્યંત મોટું કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હતો; કદાચ તેણે આ સર્વ ભૂલો કરી હતી અને આ ભૂલોનું ફળ તેને અંતે મળી પણ ગયું હતું. કિંતુ શું તે સમયની અપેક્ષાએ આપણે તેના વિજય પ્રસંગને દોષિત ઠરાવી શકીએ છીએ? અને શું તેના વિરોધી અન્ય દેશો તે સમયે તેની મહત્વાકાંક્ષાને વા તેની ક્રૂરતાને દોષિત ઠરાવી શકતા હતા? જરા પણ સંદેહ વિના અમે ઉત્તર આપીશું કે "નહિજ."

ઉક્ત સાર્વત્રિક મહત્વાકાંક્ષાથી તે પણ પ્રેરિત હતો. તેના શરીર તથા મનમાં મહત્વાકાંક્ષાને અનુરૂપ શક્તિઓ હતી. જેથી તેની મહત્વાકાંક્ષાની સામે કોઈ પણ પ્રતિબંધ આવ્યો નહિ, કિંતુ જેમ જેમ તે સાંસારિક મહત્વને પ્રાપ્ત થતો ગયો તેમ તેમ તેની મહત્વાકાંક્ષા શીત ઋતુની રાત્રિની પેઠે વૃદ્ધિંગત થતી ગઈ. તેણે જ્યારે સામ્રાજ્ય પ્રાપ્ત કરી લીધું ત્યારે તેને એક મહા સામ્રાજ્ય સ્થાપિત કરવાની અભિલાષા ઉત્પન્ન થઇ. તેની શક્તિઓ ઘણી મોટી હતી, કિંતુ તે અનંત નહોતી. સંસારમાં મનુષ્યકૃત કોઈ પણ વસ્તુ અનંત હોઈ શકતી નથી, તો તેની શક્તિઓ અને તેનાં સાધનો અનંત શી રીતે થઇ શકતાં હતાં? જ્યાં સુધી આપણે નેપોલિયનના જીવનનું અનુશીલન કરી ગયા છીએ ત્યાં સુધી તેની મહત્વાકાંક્ષા, તેની શક્તિઓ તથા સાધનો કરતાં મોટી નહોતી; પરંતુ હવે તે પોતાના જીવનનો નવો ભાગ શરૂ કરે છે. તેના જીવનના આ નવા ભાગમાં તેની મહત્વાકાંક્ષા તેની શક્તિઓ તથા સાધનોથી આગળ વધી જાય છે. તે સમસ્ત પશ્ચિમીય યૂરોપનું શાસન કરવા માગે છે, કિંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની સેનાની પરિમિતતા તથા પરકીય રાષ્ટ્રોની રાષ્ટ્રીયતાના ભાવનો જરા પણ વિચાર કરતો નથી. અત્યાર સુધીનું નેપોલિયનનું ચરિત્ર નિર્બાધ ઉદિત થતું ચરિત્ર હતું, પરંતુ હવે આગળ તેનું ડગમગતું ચરિત્ર આવે છે. હવે તેની મહત્વાકાંક્ષાઓ તેની શક્તિઓની મર્યાદાથી બહાર નીકળી ગઇ છે. તેણે નેપોલિયનની શક્તિના લટકેલા ભારને હલાવી નાંખ્યો છે અને તે એકદમ ડામાડોળ થઇ ગયો છે. નેપોલિયન ! યદિ હમણાં પણ જો તું ત્હારી નિરંકુશ મહત્વાકાંક્ષાને રોકી શકતો હોય તો રોક. યદિ હમણાં પણ જો તું એ ડામાડોલ થતા ભારને સ્થિર રાખી શકતો હોય તો રાખ. નહિ તો આ નિરંકુશામત્ત હસ્તિની તને કોણ જાણે કયા ખાડામાં ફેંકી દેશે! કોણ જાણે કેવા ભયંકર દેશમાં લઇ જઈ નાંખી દેશે વા કયા શુષ્ક તથા નાના સરખા દ્વીપમાં મોકલી દેશે !

કિંતુ અહીંઆં એટલી વાત પણ લક્ષમાં રાખવી જોઇએ કે નેપોલિયન કદિ પણ પહેલ કરતો નહોતો. શત્રુ પ્રથમ પ્રહાર ન કરે ત્યાં સુધી તે કદિ પણ પોતાનું શસ્ત્ર ઉપાડતો નહોતો. હમણાં પણ તેને ઉત્તેજિત કરવાને માટે કાંઇ છેડછાડની આવશ્યકતા હતીજ. આ કાર્યને માટે નેપોલિયનના વિજયોનો અસહિષ્ણુ એવો ઇંગ્લાંડ દેશ અગ્રેસર થયો. કોઈ પણ યુદ્ધ વા વિદ્વેષનો પ્રારંભ થયા વિના ઇંગ્લાંડનાં વહાણોનો એક કાફલો ડેન્માર્કના કિનારાની પાસે આવી પહોંચ્યો. આ કાફલાનો અધ્યક્ષ સર આર્થર વેલેસ્લી હતો. હમણાંજ ભારતવર્ષમાં પોતાની શક્તિ દર્શાવીને આવ્યો હતો. તેણે આવતાં વેંતજ ડેન્માર્કના રાજાપર કહેવડાવી મોકલ્યું કે: "ડેન્માર્કનું નૌકાબળ ઇંગ્લાંડને સુપર્દ કરવામાં આવે એવી અમારી ઇચ્છા છે. અમને ડર છે કે રખેને ફ્રેંચસરકાર એને પ્રથમ પોતાના કબજામાં લઈ લે. જ્યારે ફ્રાન્સ અને ઇંગ્લાંડ વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થઈ જશે ત્યારે તમારાં વહાણોનો કાફલો પાછો રવાના કરવામાં આવશે." ડેન્માર્કના રાજાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રકારની અનધિકારયુક્ત ચર્ચા પોતાને માટે અપમાનજનક ગણી પોતાનું નૌકાબળ આપવાનો નિષેધ કર્યો, ત્યારે બ્રિટિશ નૌકા સેનાએ એક અત્યંત અયોગ્ય કાર્ય કર્યું. સમુદ્રના તટપરજ કોપન્હેગન નગર હતું, તેનાપર તેણે ધડાધડ ગોળાની વૃષ્ટિ શરૂ કરી દીધી. કહેવાની જરૂર નથી કે ડેન્માર્કનું નૌકાસૈન્ય, બ્રિટિશ નૌકાસૈન્યની સામે થઇ શક્યું નહિ. કોપન્હેગનમાં બે સહસ્રથી અધિક નિરપરાધી પ્રાણી માર્યા ગયાં. જે જહાજો કાંઇક સામે થયાં તેનાપર પણ ગોળાનો વરસાદ વરસાવવામાં આવ્યો. ડેન્માર્કવાસીઓને આ દંડ કયા અપરાધને માટે આપવામાં આવ્યો હતો? કેવળ એટલાજ માટે કે તેમણે એક અનધિકાર યુક્ત ચર્ચાનો પ્રતિષેધ કર્યો હતો; કિંતુ લંડનની કૅબિનેટે આ અનધિકાર યુક્ત ચર્ચાને માટે એવું બહાનું કાઢયું કે, ઇંગ્લાંડની આત્મરક્ષાને માટે આ કાર્ય આવશ્યક હતું. આ જ બહાનાને લઇને નેપોલિયને તેથી પણ અધિક અનધિકાર યુક્ત ચર્ચા ઉપસ્થિત કરી.

પોર્ટુગાલનું રાજ્ય અત્યંત સંકુચિત જગ્યામાં છે. એક દિવસ પોર્ટુગાલ પણ વિજયો અને સમારોહોમાં અતિ ઉન્નત હતું, પરંતુ આ સમયે તે અત્યંત હીન અવસ્થામાં આવી પડયું હતું. નેપોલિયને ત્યાંના રાજાને પૂછાવ્યું કે "પોર્ટુગાલ ફ્રાન્સના પક્ષમાં છે કે ઇંગ્લાંડના પક્ષમાં?" પોર્ટુગાલના રાજાએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. નેપોલિયને કેટલીક સહસ્ર સેનાસહિત સેનાપતિ જૂનોને પોર્ટુગાલ જીતવાને મોકલી આપ્યો. ત્યાંનો અશક્ત રાજા તે સેનાની સામે થઈ શકતો નહોતો, તેથી તે પોતાની સમસ્ત સંપત્તિ એકત્રિત કરી પરિવારને સાથે લઇને જહાજપર સ્વાર થયો અને પોર્ટુગાલને ફ્રેંચ સેનાના હાથમાં છોડી બ્રાઝિલમાં ચાલ્યો ગયો. ત્યાં પણ તેનુંજ રાજ્ય હતું. તેણે લડીને મરવા કરતાં '**अर्धं त्यजति पंडितः**' વાળો મામલોજ ઠીક ગણ્યો, જેથી પોર્ટુગાલનો સ્વામિ નેપોલિયન થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોર્ટુગાલની પછી સ્પેનનો વારો આવ્યો. સ્પેનમાં આ સમયે બુર્બોન વંશનો ચતુર્થ ચાર્લ્સ રાજ્ય કરતો હતો. બુર્બોન વંશ નેપોલિયનનો જન્મશત્રુ હતો, એટલા માટે સ્વભાવતઃ સ્પેન પણ તેનો વિરોધી હતો અને કેટલીકવાર તેણે વિરોધનાં ચિહ્નો પ્રદર્શિત કર્યાં હતાં પણ ખરાં. ઇંગ્લાંડની સાથે પૃથક્ સંધિઓ પણ તે કરી ચૂક્યો હતો, પરંતુ ડરથી તે કદિ પ્રત્યક્ષ વિરોધ કરતો નહોતો. જ્યારે કદિ નેપોલિયન કોઈ મોટા યુદ્ધમાં જતો હતો, ત્યારે સ્પેન પણ પોતાની સેના સજ્જ રાખતો હતો. તેની એવી ઇચ્છા રહેતી હતી કે યદિ નેપોલિયન પરાસ્ત થઇ જાય તો તરતજ તેનાપર આક્રમણ કરવું; અને તે જીતે તો સજ્જ સેના તેની સહાયતા અર્થે મોકલવી. આ પ્રકારે દૂધ અને દહીંમાં પગ રાખી સ્પેનનો રાજા પોતાનું કાર્ય ચલાવતો હતો. ફ્રીડલેંડવાળી વિજયયાત્રામાં નેપોલિયને સાંભળ્યું હતું કે સ્પેને ઇંગ્લાંડની સાથે સંધિ કરી લીધી છે. જ્યારે નેપોલિયનની આગળ આ ખબર આવી ત્યારે તે ઉંઘતો હતો. તે આ ખબર સાંભળી એકદમ ઉઠયો, સ્પેનની આ સંધિના વિષયના સર્વ કાગળો તેણે વાંચ્યા અને એટલું કહીને સૂઈ ગયો કે "સ્પેનના રાજાના સ્થાનમાં મ્હારે મ્હારા વંશનો કોઈ રાજા બનાવવો પડશે."

આ કથન પાર પાડવાનો સમય હવે આવી પહોંચ્યો. આ સમયે સ્પેનનો રાજા ચતુર્થ ચાર્લ્સ હતો. તે રાજા અત્યંત નિર્બળ તથા વ્યસની હતો. આખો દિવસ શિકાર ખેલવો અને ખાવું—આ બેજ કાર્યો તે પ્રસન્નતાથી કરતો હતો. તેની રાણી લ્યૂસામેરિયા પ્રથમ પંક્તિની નિર્લજ્જ અને નિન્દિતાચારવાળી સ્ત્રી હતી. ખરૂં રાજ્ય આ રાણીના એક યારનાજ હાથમાં હતું, જેનું નામ ગોડોય હતું. વસ્તુતઃ રાજ્યનો ભાર આ ઉભય વ્યક્તિઓના હાથમાંજ હતો. રાજા પણ તેમના હાથમાં રાજ્ય સોંપીને મોજ ઉડાવતો હતો. આવી અવસ્થામાં સ્પેનના સર્વ સાધારણ નિવાસીઓને પોતાના દેશના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યની આ દુરવસ્થાપર શોક થાય એ સ્વાભાવિક હતું. તેમણે રાણીના વલ્લભ (યાર) ને એક દિવસ ખૂબ માર્યો અને કેદ કરી લીધો તથા ચતુર્થ ચાર્લ્સપર દબાણ કરીને તેના જ્યેષ્ઠ પુત્ર ફર્ડિનાન્ડને રાજા બનાવરાવ્યો. લોકોના અત્યાચારથી ડરીને વિલાસપ્રિય નિર્બળ ચાર્લ્સે સ્વયં પોતાનું રાજ્ય પોતાના પુત્રના નામપર લખી આપ્યું. ડરથી તેણે આ કામ કર્યું ખરૂં, પરંતુ અંતે તેને હૃદયમાં ઘણો શોક થયો. પશ્ચાતાપમાં પડી તેણે નેપોલિયનપર એક પત્ર મોકલ્યો. આ પત્રમાં તેણે લખ્યું હતું કે "લોકોએ મ્હારાપર દબાણ કરીને મ્હારી પાસેથી રાજ્યનો ત્યાગ કરાવ્યો છે ખરો, તોપણ હું મને પોતાને રાજ્યનો વાસ્તવિક અધિકારી સમજું છું. હું આટલા દિવસ સુધી ફ્રાન્સના પક્ષમાં રહ્યો છું, જેથી નેપોલિયન જેવા મહાન્ તથા ઉદાર પુરૂષની તરફથી મને આશા છે કે તે આ વિપત્તિના સમયમાં મ્હારી પીઠ થાબડશે."

બુર્બોન લોકો નેપોલિયનના સહજ વૈરી હતા અને નેપોલિયન તેમનો સહજ વૈરી હતો. એટલા માટે, સ્વભાવથીજ નેપોલિયન પોતાની આટલી બધી નિકટ બુર્બોન વંશના રાજાને રહેવા દેવા ઇચ્છતો નહોતો, તેની આ સ્વાભાવિક ઇચ્છામાં સહાયતા આપવાને માટે ચાર્લ્સનો ઉક્ત પત્ર તેના હાથમાં જઇ પડયો. બસ, તત્ક્ષણ તેણે અંતિમ નિશ્ચય કરી લીધો. તેણે હોલેંડના રાજા પોતાના કનિષ્ઠ બંધુ લુઇને લખી જણાવ્યું કે "યદિ તમને સ્પેનના રાજસિંહાસનપર બેસવાની ઇચ્છા હોયતો આવો," પરંતુ લુઇએ આ સંબંધમાં પોતાની અનિચ્છા અને અશક્તિ પ્રકટ કરી. ત્યારે નેપોલિયને પોતાના જ્યેષ્ઠ બંધુ જોસફને આ વિષયનો પત્ર લખ્યો. તેણે મિલાનની શાસકતા કરતાં સ્પેનની અધીશતાને ઠીક સમજી નેપોલિયનનો પ્રસ્તાવ સ્વિકારી લીધો. આ પ્રકારનો પ્રબંધ કરી નેપોલિયન સ્પેનની હદપર બાયોન નામક નગરમાં પહોંચી ગયો. ત્યાં તેણે સ્પેનના પદભ્રષ્ટ રાજા ચાર્લ્સને, તેની રાણીને તથા વર્તમાન રાજા ફર્ડીનાન્ડને બોલાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે એ ત્રણે જણને સારી પેઠે સમજાવી દીધાં કે હવે વસ્તુતઃ રાજ્યાધિકાર તે ત્રણે પૈકી કોઇનો પણ નથી. ચાર્લ્સ તો સ્વયં પોતાની સિંહાસન ચ્યુતિની ઘોષણા કરી ચૂક્યો હતો. હવે શેષ રહ્યો ફર્ડીનાન્ડ, પરંતુ તેના સંબંધમાં તો તેની માતાએ કહ્યું કે તે ચાર્લ્સનો પુત્ર નથી, કિંતુ ગોડોયનો પુત્ર છે. એટલા માટે તેનો પણ રાજ્યાધિકાર નહોતો, માટે નેપોલિયન તેના સ્થાનપર કોઈ નવિન રાજા ચૂંટી કાઢવાને સ્વતંત્ર હતો. તે ત્રણેને તથા ચાર્લ્સના બીજા બે પુત્રોને નિર્વાહને માટે થોડી થોડી જમીન આપી તે સર્વને વિદાય કર્યા; અને તેની સાથેજ સ્પેનમાં આઘોષણા કરાવી દીધી કે "આજથી સ્પેનનો રાજા જોસફ થશે."

નેપોલિયનનું આ કાર્ય નીતિના દૃઢ નિયમોને અનુરૂપ નહોતું, એ વાત સર્વથા સિદ્ધ છે. કોઈ અન્ય મનુષ્ય વા જાતિને કોઇ રાષ્ટ્રનું સ્વચ્છંદતાપૂર્વક શાસન કરવાનો અધિકાર નથી. માત્ર સ્પેનના નિવાસીઓનેજ પોતાના શાસકો બદલવાનો અધિકાર હતો, અન્ય કોઇને નહોતો. કિંતુ નેપોલિયનનું આ કાર્ય રાજનીતિની પણ વિરૂદ્ધ હતું. નેપોલિયનના બંધુઓ શાસન તથા યુદ્ધની કળામાં તેટલાજ અજ્ઞાત હતા કે જેટલો તે તેમાં જ્ઞાત હતો. એટલા માટે જોસફ એક અન્ય જાતિને પોતાના બુદ્ધિબળથી વા બાહુબળથી પોતાના કાબુમાં રાખી શકશે એવી આશા તેની તરફથી રાખવામાં નેપોલિયને ઘણી મોટી ભૂલ કરી હતી. તેને પોતાનેજ પોતાની સેના સહિત જોસફની રક્ષા કરવી પડશે—એ વાત પ્રથમથીજ સ્પષ્ટ હતી. આવી દશામાં શક્તિઓની વિભાગણી થવાથી હાનિની સંભાવના પણ અત્યંત સ્પષ્ટ હતી; કિંતુ નેપોલિયને આ સર્વ વાતપર કાંઈ પણ વિચાર કર્યો નહિ, એ તેની પહેલી ઘણી મોટી ભૂલ હતી. આ ભૂલનું ફળ પણ તેને પાછળથી અતિ કડવું મળ્યું. અસ્તુ !

જોસફને રાજા બનાવતી વખત નેપોલિયને જે ઘોષણાપત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચારિત કર્યો, તેમાં સ્પેનનિવાસીઓને એમ સૂચિત કરવાનો યત્ન કરવામાં આવ્યો હતો કે, આ સર્વ પરિવર્તનો તેમના હિતને માટેજ કરવામાં આવ્યાં છે; અને પૂર્વ રાજાઓના અત્યાચાર દૂર કરવાને માટેજ આ પ્રયાસ છે. આ ઘોષણાપત્ર પ્રચારિત કરીને નેપોલિયન ત્યાંથી પૅરિસ ચાલ્યો ગયો. તેણે સ્પેન છોડયું કે તરતજ ત્યાં પુનઃ હિલચાલ શરૂ થઈ ગઈ. પાદરીઓએ અને પુરાણા દરબારીઓએ સાધારણ લોકોને ભડકાવવાનું કામ શરૂ કરી દીધું. સ્પેનના દેશ ભક્તોનું રૂધિર પણ આ અનધિકારયુક્ત ચેષ્ટાથી તપ્ત થઇ ગયું. સર્વ અસંતુષ્ટોએ મળીને સ્પેનના ખેડુતોને તથા અન્ય લોકોને અત્યંત ઉત્તેજિત કર્યા. આ ઉત્તેજનાનું પરિણામ એ આવ્યું કે, થોડાજ માસમાં સમગ્ર સ્પેન શસ્ત્ર ધારણ કરીને જોસફને દેશમાંથી હાંકી કાઢવાને માટે ઉદ્યુત થઇ ગયું. ચારે તરફ વિપ્લવની અગ્નિ ભડકી ઉઠી. રાષ્ટ્રીય જાગૃતિનું ફળ જોસફને શીઘ્રજ ભોગવવું પડયું. તે સ્પેનની રાજ્યધાની મૅડ્રિડને છોડી સેના સહિત પાછો ફરવા લાગ્યો. સંખ્યાબંધ ફ્રેંચ સૈનિકો સ્પેનના યોદ્ધાઓથી ઘેરાઇ ગયા. સેનાધ્યક્ષ ડયૂમોંટને ૨૦ સહસ્ત્ર સેના સહિત પોતાનાં શસ્ત્ર નીચે મૂકવાં પડયાં. જોસફે નેપોલિયનને કેટલાક પત્રો લખ્યા અને તેને પ્રાર્થના કરી કે તેણે શીઘ્ર તેની સહાયતા અર્થે યત્ન કરવો, અન્યથા સ્પેન હાથમાંથી જતું રહેશે. પ્રથમ તો નેપોલિયન તેને ઉત્સાહજનક વચનોથી ઉત્સાહ આપતો રહ્યો; અને તેના ગયા વિનાજ કામ ચાલે તો ઠીક એમ ઇચ્છતો રહ્યો, પરંતુ અંતે ભય એટલો બધો વૃદ્ધિંગત થઇ ગયો કે તેને સેના સહિત સ્પેન તરફ પ્રયાણ કરવું પડયું.

જ્યારે નેપોલિયન ક્ષેત્રમાં પહોંચી ગયો ત્યારે પછી કોની શક્તિ હતી કે તેની ગતિને રોકી શકે? વાવાઝોડાની પેઠે ચારે દિશાને ગુંજાયમાન કરતી નેપોલિયનની સેના સ્પેનમાં પહોંચી. સમગ્ર સ્પેન પ્રાયઃ પાંચ સપ્તાહમાં સર થઈ ગયું. રાજધાની મૅડ્રિડ લેવામાં બે ત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ લાગ્યા. ત્યાંના નિવાસીઓએ પોતેજ પોતાનાં શસ્ત્રો મૂકી દીધાં. રાજધાની કબજે કરી **ને**પોલિયન આગળ વધ્યો. **ફ્રા**ન્સને સંકટમાં આવી પડેલું જોઇને ઇંગ્લાંડે પણ '**आत्मोदयः परज्यानिर्द्धयं नीतिरिती यती**' ના સિદ્ધાંતનું અનુસરણ કરી ૩૦ સહસ્ત્ર સેના સહિત **સર જૉન યૂ**રને **સ્પે**નમાં ઉત્તારી દીધો હતો. હવે **મૅ**ડ્રિડથી છુટી, વિજય પ્રાપ્ત કરી; **ને**પોલિયને તેનો પીછો પકડવો શરૂ કર્યો. **યૂ**રોપના વિજેતાની દૃષ્ટિ પોતાની તરફ પડેલી જોઇ **સર જૉન યૂ**રે પણ પલાયન કરવાનુંજ યોગ્ય ધાર્યું. **ને**પોલિયને તેની પૂઠ પકડી. કેટલાક દિવસોની નાસાનાસ પછી **ને**પોલિયન **સર જૉ**નથી કેવળ ચાર દિવસના અંતર પર રહ્યો. ત્યાં રાત્રિના સમયે તે અગ્નિની પાસે બેઠો હતો, એવામાં તેને એવા સમાચાર મળ્યા કે તેને **સ્પે**નના કાર્યમાં વ્યગ્ર જોઈને; તથા તેની સેનાને પણ **સ્પે**નમાં નિમગ્ન થયેલી જોઈને **ઑ**સ્ટ્રિયાએ પુનઃ ઇંગ્લાંડની સાથે સંધિ કરી લીધી છે; અને સીમા પ્રાન્તપર સેના એકત્રિત કરવા માંડી છે. આ સમાચાર સાંભળી એક ક્ષણને માટે તો **ને**પોલિયનનું અખૂટ ધૈર્ય પણ વિચલિત થઈ ગયું; પરંતુ તત્કાળજ તેણે સાવધાન થઇ આગળ જવાનો વિચાર છોડી દીધો. **સર જૉ**ન **યૂ**રની પૂઠ પકડવાનું કાર્ય **સે**નાપતિ **સૉ**લ્ટને સોંપી, તે સ્વયં **ફ્રા**ન્સ તરફ પાછો ફર્યો. તેને હવે **પૅ**રિસ પહોંચવાની એટલી બધી ઉતાવળ હતી કે એમ કહેવાય છે કે તેણે ઘોડાપર બેસી ૫ કલાકમાં ૮૫ માઇલની મજલ કાપી હતી. માર્ગમાં જરા પણ વિશ્રાંતિ લીધા સિવાય તે અવ્યાહત ગતિથી **પૅ**રિસ તરફ રવાના થયો. તેની આ યાત્રા પ્રેક્ષકોને ઘણા દિવસ સુધી યાદ રહી. જે લોકોએ આ પ્રસંગે **ને**પોલિયનને ચુપચાપ અને ચિંતાગ્રસ્ત મુખ સહિત વિદ્યુદ્ ગતિથી દોડતા ઘોડાની પીઠપર જોયો હતો; તેઓ ઘણા દિવસ સુધી તેનું વર્ણન કરી રહ્યા હતા. આ અસાધારણ શીઘ્ર યાત્રા પશ્ચાત્ ૨૨મી જાન્યુઆરી ૧૮૦૨ ને દિવસે તે **પૅ**રિસના રાજભુવનમાં પહોંચી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુર્થ પરિચ્છેદ–ઑસ્ટ્રિયન વિજય યાત્રા.

अहो दुरन्ता बलवद्विरोधिता ॥ भारविः

'બળવાન પુરૂષની સાથેના વિરોધનો અંત સદા બૂરો આવે છે'

ભારવિ.

જગતમાં અનેક સ્થિર વસ્તુઓ પ્રસિદ્ધ છે, પરંતુ જાતિઓની સ્મૃતિઓ જેટલી સ્થિર હોય છે, તેટલી સ્થિર કોઈ પણ વસ્તુ હોતી નથી; અને સર્વ કાંઈ ભલે નષ્ટ થઈ જાય, પરંતુ જાતિઓ પોતાની સાથે થયેલાં વર્તનોને કદિ પણ વિસરતી નથી. યદિ એક જાતિ કોઈ અન્ય જાતિપર એકવાર અત્યાચાર કરે તો તે તેનો બદલો લીધા વિના કદિ પણ છોડતી નથી. ઇંગ્લાંડના રાજાઓએ મધ્યકાળમાં ફ્રાન્સના રાજ્યપર પોતાનો હક્ક બતાવી તેની ઉપર આક્રમણ કર્યું હતું, તેમની આ ચેષ્ટાને ફ્રાન્સના નિવાસીઓ આજ પર્યંત ભૂલ્યા નથી. આજ પ્રકારે નેપોલિયનના સમયથી જર્મની અને ફ્રાન્સની વચ્ચે વિરોધ ચાલી રહ્યો છે; તે અત્યાર સુધી કમી થયો નથી, અને કમી થવાની આશા પણ નથી. તેજ પ્રકારે ભારતવર્ષના મુસલમાનો અને આર્ય લોકોની વચ્ચે પણ નિરંતરનો વિરોધ જોઇને; ભારતવર્ષની બહારના વિચારકો ચિંતા કરે છે કે, આ વિરોધ નિવૃત્ત શા માટે થતો નથી? એ પ્રતિદિન વૃદ્ધિંગતજ શા માટે થતો જાય છે? પરંતુ તેમણે યાદ રાખવું જોઇએ કે ભલે માર્તંડ સ્થાનચ્યુત થાય, કિંતુ પ્રજાઓ કદિ પણ પોતાની સાથે થયેલાં વર્તનોને ભૂલી શકતી નથી. જાતિની સ્મૃતિ આકાશના નીલવર્ણ સમાન હોય છે, પાણી તેને ધોઈ શકતું નથી, માટી તેને મલીન કરી શકતી નથી; અને સમય તેને તેજોહીન બનાવી શકતો નથી.

આવીજ દૃઢ અને ન ટળે એવી સ્મૃતિથી ઑસ્ટ્રિયા નેપોલિયનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરૂદ્ધ ઉભું રહ્યું હતું. નેપોલિયને પોતાના શસ્ત્ર પ્રહારથી આ પુરાણા તથા માનવંત સામ્રાજ્યનું મસ્તક ત્રણવાર નમાવ્યું હતું. તે તેની પુરાણી ઐતિહાસિક રાજધાની વિયેનામાં પોતાની તોપોની ગર્જના સંભળાવી ચૂક્યો હતો. આ અપમાનને ઑસ્ટ્રિયનો ભૂલી શકતા નહોતા. નેપોલિયન વીર હતો, તે વિજેતા હતો; પરંતુ આ કારણોથી ઑસ્ટ્રિયા તેને ક્ષમા કરી શકતું નહોતું. જ્યારે નેપોલિયનની વિજયી સેના તેને દબાવાની ફરજ પાડતી હતી ત્યારે તે દબાઇ જતું હતું. કિંતુ પુનઃ સમય મળતાં તે શીઘ્ર પોતાનું મસ્તક ઉન્નત કરતું હતું. આ સમયે પણ કેટલાંક કારણોએ સૂતેલા ઑસ્ટ્રિયાને પુનઃ ઉઠાડીને ખડું કરી દીધું.

નેપોલિયને સ્પેનના પુરાણા રાજાને સિંહાસનચ્યુત કરીને તેના સ્થાનપર પોતાના બંધુને રાજા બનાવ્યો. આ ક્રિયાથી ઑસ્ટ્રિયા ડરી ગયું, એટલુંજ નહિ પરંતુ ખીન્ન પણ થઇ ગયું. યદિ વિજેતા નેપોલિયન પુરાણા રાજાઓને રાજગાદીઓપરથી ઉતારી ઉતારીને પોતાના આપ્તેષ્ટોને તેમની જગ્યાપર અધિકિત કરવા લાગી જાય તો ગમે ત્યારે એક દિવસ ઑસ્ટ્રિયાનો પણ વારો આવી જશે. આ વિચારે ઑસ્ટ્રિયાના રાજાને એકદમ ભયભીત બનાવી દીધો. એક નવિન અકુલીન રાજાદ્વારા એક પુરાણા રાજ્યવંશીય નરેશને પદચ્યુત થતો જોઇને પુરાણા વંશીય રાજાઓનાં દિલમાં ખિન્નતા ઉત્પન્ન થવી આવશ્યક હતી. ઑસ્ટ્રિયાએ પોતાનું મસ્તક પુનઃ ઉન્નત કર્યું તેનાં આજ મુખ્ય બે કારણો હતાં.

કિંતુ આ બે કારણોજ પદદલિત ઑસ્ટ્રિયાના હાથમાં પુનઃ શસ્ત્રો પકડાવી શકતાં નહોતાં. નેપોલિયનનાં શસ્ત્રોનો ભય તેને એટલું બધું સાહસિક બનવા દઈ શકતો નહોતો. સ્પેનમાં જોસફનું આસન સ્થિર કરવાને માટે તેને ઑસ્ટ્રિયાની સીમાપરથી કેટલીક સહસ્ત્ર સેના પાછી બોલાવી લેવી પડી. તેની સાથે તેને પોતાને પણ પૅરિસ છોડવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયું. આ ઘટનાઓએ ઑસ્ટ્રિયન નરેશ ફ્રાન્સીસના મનમાં પુનઃ પોતાનું મસ્તક ઉન્નત કરવાનું સાહસ ઉત્પન્ન કર્યું.

આ સર્વ કારણોજ ઑસ્ટ્રિયાને પુનઃ ખડું કરવાને માટે પૂરતાં હતાં, કિંતુ નેપોલિયને જ્યારે એક બીજી રીતે તેના ઘાવપર મીઠું છાંટી દીધું ત્યારે તો યુદ્ધમાં સંદેહજ રહ્યો નહિ. સ્પેન તથા તુર્કસ્તાનના ઝઘડાઓનો ફેંસલો કરવાને માટે નેપોલિયન તથા રૂશિયાનો ઝાર એ પુનઃ યર્ફર્થમાં એકત્રિત થયા. ઉભય નરેશોએ એક બીજાની સાથે ઘણી મસલતો કરી, સમસ્ત યૂરોપને પોતપોતાની વચ્ચે વ્હેંચી લેવાના પ્રસ્તાવપર અતિ આશાજનક વિચારો કર્યા. આ સમ્મેલનમાં ઑસ્ટ્રિયાના મહારાજાને બોલાવવામાં આવ્યો નહિ. આ તેનું અતિ મોટું અપમાન હતું. નેપોલિયને આ અપમાન જાણીબુઝીને કર્યું હતું. આ સમ્મેલનની પૂર્વેજ ઑસ્ટ્રિયાની સેનાઓ ફ્રાન્સની સીમાપર એકત્રિત થઇ રહી હતી. નેપોલિયનનું મન આથી સંદિગ્ધ થઇ ગયું; અને એટલા માટે તેણે ઑસ્ટ્રિયાના રાજદૂતને ઠપકો પણ આપ્યો હતો. આ સમ્મેલન થઈ ગયા પછી તેણે ઑસ્ટ્રિયન નરેશપર એક પત્ર મોકલ્યો. તેમાં તેણે સ્પષ્ટ લખી દીધું કે "આ સમ્મેલનમાં આપને નહિ બોલાવવાનું કારણ એજ હતું કે ઑસ્ટ્રિયાની સેનાનું ફ્રાન્સની સીમાપર એકત્રિત થવું સંદેહજનક છે—કદાચ ઑસ્ટ્રિયા ફ્રાન્સની સાથે પુનઃ લડવા માગે છે." પહેલેથીજ ક્રોધાયમાન થઈ રહેલા ઑસ્ટ્રિયન નરેશને ઉત્તેજિત કરવાને માટે આ ઘટના પૂરતી હતી.

આ સમ્મેલન પછી નેપોલિયનને સ્પેનમાં જવું પડયું. ઑસ્ટ્રિયાને આ સારો પ્રસંગ પ્રાપ્ત થયો. મહારાજા ફ્રાન્સીસનો કનિષ્ઠ બંધુ આર્કડયુક ચાર્લ્સ ઑસ્ટ્રિયન સેનાનો સેનાપતિ હતો. તે બે લાખ સેનાને લઈ ફ્રાન્સની સીમાપર આવીને ઉભો રહ્યો. તેની સહાયતાથે બીજી ત્રણ લાખ સેના પાછળ એકત્રિત થઈ રહી હતી. આવી મોટી શક્તિને પોતાની સાથે લઈ આર્કડયુક ચાર્લ્સ પોતાના સમયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌથી મોટા યોદ્ધાની સાથે બાથ ભીડવાને તૈયાર થયો. નેપોલિયને આ આક્રમણના સમાચાર સ્પેનમાં સાંભળ્યા. જે રાત્રે તેણે આ સમાચાર સાંભળ્યા તેજ રાત્રે સ્પેનની સેનાનું આધિપત્ય પોતાના બંધુ જોસફને સોંપી તે પૅરિસ જવાને માટે રવાના થયો. અત્યંત તીવ્ર ગતિથી તે તેના આગમનના સમાચાર કોઇને પણ મળે તે પૂર્વે ટ્યૂલરીજના સભાભવનમાં આવી પહોંચ્યો.

પૅરિસમાં આવી નેપોલિયને પોતાની સીમાસ્થ સેના કેળવવા માંડી. તેનો એવો નિયમ હતો કે તે કદિ પણ શત્રુપર પ્રથમ પ્રહાર કરતો નહોતો. જ્યારે શત્રુ તેની અથવા તેના કોઇ મિત્ર રાજાની ભૂમિપર આક્રમણ કરે, ત્યારેજ તે તેની સાથે બાથ ભીડવાને ઉદ્યુત થતો હતો. તે આ સમયે પણ પૅરિસમાં બેઠો બેઠો ઑસ્ટ્રિયન સેનાના પ્રથમાક્રમણની પ્રતીક્ષા કરવા લાગ્યો. અંતે આક્રમણનો દિવસ પણ આવીજ પહોંચ્યો. રાત્રિના બાર વાગે તેના સાંભળવામાં આવ્યું કે આર્કડયુક ચાર્લ્સે તેના મિત્ર બૅવેરિયાના નરેશની ભૂમિપર આક્રમણ કર્યું છે. એક કલાકની તૈયારી પછી તે ગાડીપર આરૂઢ થયો; અને બાણના જેવી તીવ્ર ગતિથી પોતાની સેનાના કેન્દ્રસ્થાનની તરફ નીકળી પડયો.

સેનામાં આવી તેણે જોયું કે તેની સ્થિતિ ઘણી ભયંકર છે. ઑસ્ટ્રિયાની ૫ લાખ સેનાની સામે બાથ ભીડવાને માટે તેની પાસે કેવળ એક લાખ સેનાજ હતી. યદિ તે પોતાની સમગ્ર સેનાને એક સ્થાનમાં એકત્રિત કરીને, તેનાદ્વારા શત્રુની મોટી સેનાને ધ્વસ્ત કરી દેવાને માટે આક્રમણ કરે, તોજ તે પ્રચંડ શત્રુ સેનાની સામે એક લાખ સેના સહિત બાથ ભીડી શકે એમ હતું. તેણે સેનાપતિ બર્દિયરપર પૅરિસથી એવીજ આજ્ઞા મોકલી હતી, પરંતુ તેણે પોતાની બુદ્ધિનો તેમાં ઉપયોગ કરીને આખી સેનાને કાંઇ કુડી એક સ્થાનમાં વિખેરી નાંખી હતી. જ્યારે નેપોલિયને પોતાની સેનાની આવી દુરવસ્થા જોઇ, ત્યારે તેણે પોતાના સેનાપતિને ઘણો ધમકાવ્યો. તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું કેઃ "યદિ આ સમયે શત્રુની સેનામાં કોઇ પણ સારો સેનાપતિ હોત તો, અત્યાર સુધીમાં આપણી સેના સર્વથા નષ્ટ થઇ ગઇ હોત. કિંતુ ઢોળાયેલા દૂધપર વિલાપ કરવાનો નેપોલિયનનો સ્વભાવ નહોતો. તેણે તત્ક્ષણ ચોતરફ ફેલાયેલી સેનાના સેનાપતિઓપર, અત્યંત શીઘ્ર સેનાઓ સહિત પોતાની પાસે આવી પહોંચવાની આજ્ઞા મોકલી. તેના રણક્ષેત્ર નિવાસનો એવો પ્રભાવ હતો કે કેવળ બેજ દિવસોમાં ઘણા માઇલોના અંતરપર ફેલાયેલી સેના એકત્રિત થઈ ગઇ.

આર્કડયુકે યકમૂલ નામના ગ્રામની પાસે પોતાની પાંચ લાખ સેનાને દૃઢ રીતે સ્થાપિત કરી. નેપોલિયને પોતાની અદમ્ય સેના સહિત તેપર આક્રમણ કર્યું. ફ્રેંચસેનામાં આ સમયે ૯૦ સહસ્ત્ર સિપાઇઓ હતા. ભયંકર યુદ્ધનો પ્રારંભ થયો. ૫ કલાક સુધી બન્ને બાજૂએ મનુષ્યવધ સિવાય કાંઈ પણ દૃષ્ટિગોચર થતું નહોતું. ઉભય તરફની તોપોએ ભારે હત્યાકાંડ મચાવ્યો. અંતે પાંચ કલાક પછી નેપોલિયને જોયું કે શત્રુની સેના થાકી ગઈ છે, ત્યારે તેણે પોતાની ઘોડેસ્વાર રક્ષક સેનાને અંતિમ આક્રમણ કરી શત્રુની સેનાને નસાડી મૂકવાને માટે મોકલી. આ રક્ષક સેના સમસ્ત ફ્રેંચ સેનાનું સત્વ હતું. સૌથી વીર તથા કુશળ એવી પાંચ સહસ્ત્ર યોદ્ધાઓની આ રક્ષક સેના નેપોલિયને આવાજ સમયોને માટે તૈયાર કરી હતી. આ રક્ષક સના સમગ્ર યૂરોપને માટે ભયાનક રાક્ષસ સેના બની ગઇ હતી. જ્યારે જ્યારે યુદ્ધમાં તેના જબરદસ્ત ઘોડાઓની પડઘી સંભળાતી; અને તેની ટોપીઓના ઝુમખા વાયુમાં ફરફરતા દેખાતા, ત્યારે ત્યારે યૂરોપમાં કોઇ પણ સેના એવી નહોતી કે જેનું મન ભયભીત થતું નહિ. આ રક્ષક સેનાનું આક્રમણ એજ યુદ્ધનો અંત ગણાતો હતો. આ સમયે પણ નેપોલિયને પાંચ કલાકના દારૂણ યુદ્ધ પછી પોતાની રક્ષક સેનાને અંતિમ ધ્વંસ કરવાની આજ્ઞા આપી. ક્ષણ માત્રમાં પાંચ સહસ્ત્ર ઝુમખા હવામાં ફરફરવા લાગ્યા. સમસ્ત સેનાઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિ તે તરફ જઇ પડી કે જે તરફથી પાંચ સહસ્ર ઘોડાઓની પડઘી સંભળાતી હતી. આ રક્ષક સેનાની સામે થવાને માટે પેલી તરફ પણ ઑસ્ટ્રિયન રક્ષક સેનાના ઘોડેસ્વારો તૈયાર થયા. આ ઉભય રક્ષક સેનાઓ અતિરિક્ત ઇતર સર્વ સૈનિકો માત્ર દર્શક બની ગયા. ઉભય તરફની સેનાઓ જાણતી હતી કે આજના વિજયનું અવલંબન રક્ષક સેનાના વિજયપર છે. જે તરફના ઘોડેસ્વારો જીતી જશે તેજ સેના વિજેયી બની જશે. આ અત્યંત ઔત્સુક્યથી ઉત્પન્ન થયેલી નિશ્ચેષ્ટતા સહિત ઉભય સેનાઓ આ અશ્વ યુદ્ધ જોવા લાગી.

ઉભય દળોની વચ્ચે જે ઘોર યુદ્ધ ચાલ્યું તે લેખીનિદ્વારા વર્ણિત થઈ શકે એમ નથી. ફ્રેંચ રક્ષકદળ અનેક રણક્ષેત્રોપર પ્રાપ્ત કરેલા વિજયથી ગર્વિત થઇ તથા પોતાના નાયકની દૃઢતાથી ઉત્સાહિત બની અસંભવિતને પણ સંભવિત બનાવી રહ્યું હતું. ઑસ્ટ્રિયન રક્ષક દળ પણ નિરાશા તથા અપમાનથી ખિન્ન થઇને ક્ષુધાતુર વ્યાઘ્રની પેઠે લડી રહ્યું હતું. કેટલાક કલાકપર્યંત અત્યંત ભયાનક અશ્વ યુદ્ધ થયું. કિંતુ અંતે ઑસ્ટ્રિયન દળનો અર્ધાથી અધિક ભાગ કપાઇ જવાથી તે ગભરાઈ ગયું. ગભરાઇને તેણે પોતાના ઘોડાઓની લગામ પાછી ખેંચી અને સમગ્ર સમરભૂમિ 'મહારાજા જીવિત રહો' એવા વિજયસૂચક નાદથી ગુંજાયમાન થઇ ગઈ. રક્ષકદળના પગ ઉખડતા જોઇને ઑસ્ટ્રિયન સેનાની હિમ્મત છૂટી ગઈ. આર્કડયુક ચાર્લ્સ પોતાની સેનાને પાછળ હઠાવી ડૅન્યુબ નદીને પાર લઈ ગયો. નેપોલિયનને પૅરિસથી નીકળ્યાને હજી કેવળ બાર દિવસજ થયા હતા. આટલા વખતમાં તેણે પૅરિસથી ડૅન્યુબ સુધીની મજલ કરી, વિખરાયેલી સેનાને એક સ્થાનમાં એકત્રિત કરી અને અંતે સમસ્ત પ્રબળ ઑસ્ટ્રિયન સેનાને યકમૂલના રણક્ષેત્રપર એવી શિકસ્ત આપી કે જેની તુલના ઇતિહાસમાં ઘણી થોડી મળે છે. મહારાજા નેપોલિયનની અપરિમેય શક્તિઓનો આ એક નાનો સરખો નમૂનો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્કડયુકે પોતાની પરાજિત સેનાની સાથે ડેન્યુબ નદી ઓળંગી બોહીમિયાના જંગલોમાં શરણ લેવાનો વિચાર કર્યો. ધીમે ધીમે પરંતુ પદપદ પર સામો થતો થતો તે પાછળ હઠવા લાગ્યો. રેટિસ્બન નામક નગરમાં ઉભય સેનાઓની વચ્ચે અતિ દારૂણ યુદ્ધ થયું. ગલિઓમાં તથા બજારોમાં ફ્રેંચો તથા ઑસ્ટ્રિયનો ખૂબ લડ્યા. આ નગરપર આક્રમણનો પ્રબંધ કરતી વખત નેપોલિયનના પગમાં એક બંદુકની ગોળી વાગી. પગની એડીનો નીચલો થોડો ભાગ આ ગોળીથી છોલાઇ ગયો. જ્યારે સેનામાં નેપોલિયનના આહત થવાની ખબર આવી પહોંચી, ત્યારે ભારે શોર મચી ગયો. સમસ્ત સિપાઇઓ પોતાના પ્રિય રાજાની ચારે તરફ ખડા થઈ ગયા. નેપોલિયનના પગમાં શીઘ્ર પટ્ટી બાંધી દેવામાં આવી. ઘાવ કાંઇક ઉંડો હતો, તથાપિ સેનાને પ્રોત્સાહિત કરવાને માટે નેપોલિયન અશ્વપર આરૂઢ થઈ પુનઃ યુદ્ધનો પ્રબંધ કરવા લાગ્યો. નગર થોડીજ વારમાં હસ્તગત કરવામાં આવ્યું અને આર્કડયુક નદી પાર ચાલ્યો ગયો.

આ સમયે યકમૂલનો વિજેતા ઑસ્ટ્રિયાની રાજધાની વિયેનાથી ૨૦૦ માઇલિના અંતરપર હતો. નેપોલિયન આ સમયે ડેન્યુબના જે કિનારાપર હતો તે કિનારાપર વિયેના આવેલું હતું. યદ્યપિ આ સમયે તે જીતી ગયો હતો, તથાપિ તે અતિ ચિંતનીય દશામાં હતો. તેની ચારે તરફ શત્રુજ શત્રુ હતા, ક્યાંક અંગ્રેજ સેના હતી અને ક્યાંક ઑસ્ટ્રિયન સેના હતી—બસ ચોતરફ તેના શત્રુઓનીજ સેના દૃષ્ટિગોચર થતી હતી. આ સમયે સમસ્ત યૂરોપ એમ સમજતો હતો કે કાંતો તે પુનઃ આર્કડયુકની સામે લડીને આગળ વધશે, નહિ તો ત્યાંજ થોભીને શત્રુના આક્રમણની રાહ જોશે. કિંતુ કોઇ પણ એમ ધારતું નહોતું કે તે શત્રુઓના સમૂહને પોતાની પાછળ છોડીને સીધો વિયેના ચાલ્યો જશે, કિંતુ અન્ય લોકોને માટે જે અસંભવિત હતું તે નેપોલિયનને માટે સંભવિત હતું. તેણે નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો આગળ જોયું કે નહિ તો પાછળ–તેણે તો સીધું વિયેના તરફજ પ્રયાણ શરૂ કર્યું. તેણે પોતાના મંત્રીઓને કહ્યું હતું કે "ઑસ્ટ્રિયાને દબાવવાનો એક એજ રસ્તો છે કે તેની રાજધાનીથીજ તેનું શાસન કરવામાં આવે." અત્યંત તીવ્ર ગતિથી સમસ્ત સેનાની સાથે તે રાજધાની તરફ નીકળી પડયો. રસ્તામાં કેટલાંક સ્થાનોપર ઉભય દળોનો ભેટો થયો. કેટલેક સ્થળે નાની નાની ઝપાઝપી થઈ, કિંતુ તે સર્વમાં જીતેલી ફ્રેંચ સેનાના ઝુંડા તા. ૧૦ મી મે ૧૮૦૯ ને દિવસે વિયેના નગરની કોટની સામે ફરફરવા લાગ્યા.

નેપોલિયન નજીક આવી પહોંચ્યો છે એવી ખબર સાંભળી મહારાજા ફ્રાંસીસ તો પોતાની સમસ્ત સામ્રાજ્ય લક્ષ્મી છોડી સાડાબાર ગણી ગયો. ફ્રેંચ સેનાને નગરમાં મહારાજાના સ્થાનમાં નગરનો અધ્યક્ષ આર્કડયુક મૅક્ષિમિલિયન મળ્યો. ઐતિહાસિક તથા પ્રાચીન વિયેનાના કોટપર ગોળાની વૃષ્ટિ કરવાનો નેપોલિયનનો વિચાર નહોતો. એટલા માટે તેણે આર્કડયુકને કહેવરાવી મોકલ્યું કેઃ–"યદિ તમે ફ્રેંચ સેનાને માટે નગરના દરવાજા ખોલી દેશો તો કોટને ગોળાથી છેદવાની આવશ્યકતા રહેશે નહિ. સમસ્ત યૂરોપનાં પુરાતન નગરો પૈકી વિયેના પણ એક છે. તેના પ્રાસાદોનો ધ્વંસ કરવો મને અભીષ્ટ નથી, માટે સારી વાત એજ છે કે તમે દરવાજા ખોલી નાંખો." કિંતુ મૅક્ષિમિલિયન આ સલાહપર લક્ષ્ય આપવાને તૈયાર થયો નહિ. શહેરપર ગોળાની વૃષ્ટિ શરૂ થઈ. દસ કલાક પર્યંત બરાબર તોપોનાં મુખ ખુલ્લાં રહ્યાં. ચારે દિશાઓમાં અગ્નિની જ્વાળાઓ તથા ધૂમ્રરાશિ સિવાય કાંઈ પણ દૃષ્ટિગોચર થતું નહોતું. જે તરફ ગોળાઓ ફેંકવામાં આવતા હતા તે તરફ ઑસ્ટ્રિયન નરેશની પુત્રી બિમાર થઇને પડેલી હતી. જ્યારે નેપોલિયનને આ વાતની સૂચના મળી ત્યારે તેણે તોપોનાં મુખ શહેરના તે ભાગની તરફથી ફેરવી બીજી તરફ કરી દીધાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતે કેટલાંક ઘરો અને પ્રાસાદોનું સત્યાનાશ કરાવી **આર્ક**-ડયુક **મૅક્ષિમિલિયને** નગરનાં દ્વાર ખોલવાનું વચન આપ્યું. તદનુસાર નગરનાં દ્વાર ખોલી નાખવામાં આવ્યાં. સમસ્ત રાજકોશ તથા સાંગ્રામિક સામાન **નેપોલિયનના** હાથમાં આવ્યો. રાજપ્રાસાદમાં મહારાજા **નેપોલિયને** પોતાનો મુકામ નાંખ્યો. સેનાને એવી કઠોર આજ્ઞા આપવામાં આવી કે તેણે શહેરના કોઇ નિવાસીની સમ્પત્તિ વા કલત્રાદિને સ્પર્શ કરવો નહિ. ચોતરફ કઠોર નિયમોનું બંધન રાખવામાં આવ્યું. શહેરના નિવાસીઓને કષ્ટ થાય નહિ એટલા માટે વિજેતાએ પોતાની સેનાને માટે ભોજ્યાદિ પદાર્થો પણ બહારથી મંગાવ્યા. આ પ્રકારે **નેપોલિયને** પોતાની દિગન્ત વિસ્તારિણી કીર્તિરૂપી નદીમાં **વિયેનાના** વિજયરૂપી એક અધિક સ્રોત મેળવી દીધો.

નેપોલિયન આ સમયે **ઑસ્ટ્રિયાની** રાજધાનીમાં હતો. કિંતુ તે સુરક્ષિત અવસ્થામાં નહોતો. કરોડોની વસ્તીવાળા વિજાતીય દેશમાં કેવળ એક લાખ સેનાની સહાયતાથી રહેવું એ કાંઈ સહેલું કામ નહોતું. વિશેષતઃ ડૅન્યુબને પેલે કિનારે જ્યારે **આર્ક**ડયુક **ચાર્લ્સ** એક લાખની સમીપ સેના સહિત યુદ્ધ કરવાને માટે તૈયાર હતો ત્યારે તો ઉપર્યુક્ત કાર્ય અત્યંત કઠિનજ હતું. **વિયેના** હસ્તગત કર્યા પશ્ચાત્ **નેપોલિયનને** સૌથી પ્રથમ કાર્ય **આર્ક**ડયુકની સેનાનો ધ્વંસ કરવાનું હતું. પોતાના એક સચિવને **વિયેનાના** શાસક તરિકે નિશ્ચિત્ કરીને તે અદમ્યજેતા સેના સહિત ડૅન્યુબ નદીના તટપર આવીને ઉભો રહ્યો.

વિયેના નગરની કાંઇક નીચે ડૅન્યુબમાં એક એવું સ્થાન હતું કે જ્યાં પાણી કાંઇક થોડું ઉંડું હતું તથા તેનો વેગ પણ ન્યૂન હતો. નદીનો જે મૂળ પૂલ હતો તેને શત્રુઓએ ઉડાવી દીધો હતો. **નેપોલિયને** આ ઓછા પાણીની જગ્યાથી નદી ઓળંગવાનો સંકલ્પ કર્યો. યદ્યપિ ત્યાં પાણી ઓછું ઉંડું હતું, તથાપિ તેનો વિસ્તાર ઘણો હતો. પ્રાયઃ ૯૦૦ ગજ પાણી કાપીને **ફ્રેંચ** સેનાને પાર જવાનું હતું. નદીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે લોબ્યુ નામનો એક દ્વીપ હતો. આ દ્વીપ પ્રાયઃ ત્રણ માઈલ લાંબો હતો. તેના દ્વારા નદીના બે ભાગ થતા હતા. તેજ સ્થાનને ઓળંગવાને માટે યોગ્ય સમજી નેપોલિયને પુલ તૈયાર કરાવવા માંડયા.

થોડા દિવસમાં પુલો સંપૂર્ણ રીતે તૈયાર થઇ ગયા. ૧૯ મી મેના રાત્રિના સમયે સેનાઓ ઉતરવા લાગી. ઑસ્ટ્રિયન સેના નદીથી પાંચ માઇલના અંતરપર પડી હતી, તેને ફ્રેંચસેનાના પાર ઉતરવાના સમાચાર પ્રાતઃકાળમાં મળ્યા. આર્કડયુકે આ સમાચાર સાંભળ્યા કે તરતજ તેણે પોતાની સેનાને એકદમ દોડી, ફ્રેંચસેનાને ઉતરતાં રોકી દેવાની આજ્ઞા કરી. ઑસ્ટ્રિયન સેના અત્યંત તીવ્ર ગતિથી નદીના તટની પાસે પહોંચી ગઇ; પરંતુ તે પહોંચી તે પૂર્વે ૨૦ સહસ્ર ફ્રેંચ સિપાઈઓ એક નાના તોપખાનાની સાથે પાર ગહોંચી ચૂક્યા હતા; અને તેમણે નદીના તટપરનાં બે ગ્રામો હસ્તગત કરી લીધાં હતાં. ઑસ્ટ્રિયન સેના તેનાપરજ તૂટી પડી. અત્યંત ઘોર યુદ્ધનો પ્રારંભ થયો. એક લાખ ઑસ્ટ્રિયનો ૨૦ સહસ્ર ફ્રેંચ સિપાઇઓપર અગ્નિનો વરસાદ વરસાવી રહ્યા હતા, પરંતુ તે અદમ્ય સેના ખડકની પેઠે ત્યાંજ ઉભી રહી. સેનાપતિ લેનસ અને મેસ્સીનાએ વિશેષ વીરતાનો પરિચય આપ્યો. આ તરફ તો આ અસીમ યુદ્ધ થઇ રહ્યું હતું અને પેલી તરફ ડૅન્યુબપર બનાવેલા પુલોનો કેટલોક ભાગ તૂટી ગયો. ઑસ્ટ્રિયન સેનાએ નદીમાં મોટાં મોટાં વૃક્ષો અને ઇતર ભારે વસ્તુઓ નાંખી તેમને વહેવરાવવા માંડી. તેમની ટક્કરથી સેતુનો એક પક્ષ પૃથક્ થઇ ગયો. આ સમાચાર જ્યારે ફ્રેંચ સેનામાં પહોંચ્યા ત્યારે તેમાં કેટલી નિરાશા ફેલાઇ હશે તેનું અનુમાન સહજ થઈ શકે એમ છે. જો બીજી સેના નહિ આવી પહોંચે તો હવે ૨૦ વા ૨૫ સહસ્ર ફ્રેંચ સેનાનું જીવંત રહેવું પણ કઠિન હતું. બીજે દિવસે પૂલનો ભાંગી ગયેલો ભાગ તૈયાર કરવામાં આવ્યો, કિંતુ ત્યાર પછી પાણી ચઢવાથી આખો ને આખો પુલ ધસડાઇ ગયો. હવે તો ફ્રેંચ સેના અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારે વિપત્તિમાં આવી પડી; પરંતુ તે મુઠીભર સેના બે દિવસ સુધી બરાબર એક લાખ ઑસ્ટ્રિયન સિપાઇઓના દાંત ખાટા કરતી રહી. સમસ્ત શત્રુ સેના પોતાના આખા તોપખાનાની સહાયતાથી પણ ઉક્ત ઉભય ગામોને હસ્તગત કરી શકી નહિ. આ યુદ્ધ નેપોલિયનની સેનાના કેટલાક વિજયો કરતાં પણ અધિક ગૌરવયુક્ત હતું.

આખરે બીજા દિવસની રાત્રિ આવી પહોંચી. નદીને બીજે પાર પડેલી સેનાની તરફથી હવે કોઈ પણ પ્રકારની સહાયતાના આશા રહી નહોતી. આવી અવસ્થામાં મુઠીભર ફ્રેંચસેના શી રીતે નિરંતર યુદ્ધ કરી શકે? આ સર્વ વિચાર કરી રાત્રે ને રાત્રે આખી સેના ડૅન્યુબના નાના સરખા ભાગને ઓળંગીને લોબ્યુદ્વીપમાં આવી ગઈ. આ દ્વીપમાં શત્રુની તોપોના ગોળા પડી શકતા નહોતા. આ સ્થાનને રક્ષિત સમજીને નેપોલિયને ત્યાં મુકામ નાંખવાનો વિચાર કર્યો. દ્વીપમાં ઉપનિવેશ સ્થાપિત કરવામાં આવ્યા. સેનાના એક મોટા ભાગને ત્યાં થોભાવી મહારાજાએ કેટલાક અતિ દૃઢ અને વિસ્તૃત પૂલો તૈયાર કરવા માંડયા. આ પ્રસંગે એવા પૂલ બનાવવાનો સામાન એકત્રિત કરવામાં આવ્યો કે જે પાણી ચઢવાથી વા કોઈ નાની મોટી ચીજ નાંખવાથી તૂટી શકે નહિ. આ રીતે ચાર પાંચ અતિ પ્રચંડ પૂલો તૈયાર કરી ૪ થી જુલાઇની રાત્રે નેપોલિયનની સેના નદી ઉતરવા લાગી. રાત્રે ને રાત્રે ગુપ્ત રીતે ૭૦ હજાર સેના નદીને પેલે પાર પહોંચી ગઈ. આર્કેડયુકને માટે આ આશ્ચર્ય તથા વિસ્મય ઉત્પન્ન કરવાવાળી વાત હતી. તે પણ લડવાને માટે તૈયાર તો પ્રથમથી જ થઇ રહ્યો હતો, કિંતુ નેપોલિયનની આવડી મોટી સેના આટલી શીઘ્રતાથી પાર ઉતરી જશે એમ તેને લાગતું નહોતું.

બીજે દિવસે પ્રાતઃકાળમાંજ નાની નાની લડાઇઓનો પ્રારંભ થયો, કિંતુ આખા દિવસમાં એક પણ મોટું યુદ્ધ થયું નહિ. ઉભય સેનાઓ બીજા દિવસના અંતિમ સંગ્રામને માટે તૈયાર થતી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી રાત્રિ રણક્ષેત્રપરજ વ્યતીત કરી બીજા દિવસે પ્રભાત થતાંજ ઉભય પ્રચંડ સેનાઓ દારૂણ યુદ્ધ કરવાને માટે તત્પર થઈ ગઇ. વાગ્રામનું પ્રસિદ્ધ યુદ્ધ શરૂ થયું. યુદ્ધનું વિસ્તૃત વર્ણન કરવું અશક્ય છે. માત્ર એટલુંજ કહેવું પર્યાપ્ત છે કે ઑસ્ટ્રિયનસેના ફ્રેંચસેનાથી બમણી હતી; અને નેપોલિયનના સેનાપતિઓ પૈકી બે સર્વથા નકામા થઈ ગયા હતા. લેનસ મરણ પામ્યો હતો અને બેરસીયર્સ પણ અશ્વ-પરથી તૂટી પડવાથી સર્વથા અશક્ત થઇ ગયો હતો. તેની આટલી ન્યૂનતાઓ હોવા છતાં પણ સાયંકાળ થવા પૂર્વેજ ઑસ્ટ્રિયન સેના પીઠ દર્શાવી નાસી જતી દૃષ્ટિગોચર થઈ. નેપોલિયને એવી વ્યૂહ રચના કરી હતી કે ઑસ્ટ્રિયન સેનાની અધિક સંખ્યા કાંઈ પણ કામમાં આવી શકતી નહોતી. સેનાપતિ મૅકડોનલ્ડને એવી આજ્ઞા આપવામાં આવી કે તેણે પોતાની પાયદળ સેના સહિત શત્રુસેનાના બરાબર મધ્ય ભાગમાં છિદ્ર પાડવું, એક ચલાયમાન ખડકની પેઠે તોપોની શ્રેણીની પાછળ પાછળ તેની પાયદળ સેના શત્રુના મધ્યભાગમાં ઘુસવા લાગી. ઉપરથી આગ વરસતી હતી, ચોતરફથી ગોળીઓ વીંધી રહી હતી, કિંતુ મૅકડોનલ્ડની પાયદળ સેના નિરંતર આગળ વધતીજ ગઈ. જ્યારે નેપોલિયને જોયું કે પાયદળ સેનાએ શત્રુ દળના મધ્ય ભાગમાં છિદ્ર કરીને તેને બે ભાગોમાં વિભક્ત કરી નાંખ્યું છે ત્યારે તરતજ તેણે સેનાપતિ ડિવૂને એક બાજુપર આક્રમણ કરવાની આજ્ઞા આપા, બાજુપર આક્રમણ થવાથી શત્રુના સૈન્યમાં ખળભળાટ ઉઠયો કે તર-તજ નેપોલિયને પોતાની તેજ કટારરૂપી રક્ષક સેનાને શત્રુના ઉદરમાં ઘુસેડી દીધી. જેવી રીતે વાઘનું આગમન થવાથી ઘેટાં બકરાં જ્યાં સ્થાન મળે છે ત્યાં નાસી છૂટે છે તેજ પ્રકારે રક્ષક દળનો પ્રહાર થતાંજ ઑસ્ટ્રિયન સેના પણ ચારે દિશાઓમાં વિખેરાઇ ગઇ, સંગ્રામ જીતાઇ ગયો; અને નેપોલિયન હવે ઑસ્ટ્રિયાનો અનિવાર્ય સ્વામિ બની ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ યુદ્ધની પાછળજ ઑસ્ટ્રિયન નરેશે સંધિને માટે પ્રાર્થના કરી. નેપોલિયને ઝટપટ તેનો સ્વિકાર કરી લીધો. તે કેવળ સત્તા અને શાંતિ ચ્હાતો હતો, તેને સંગ્રામોની વિશેષ આવશ્યકતા નહોતી. થોડા દિવસોમાંજ સંધિની સરતો નિશ્ચિત્ થઈ ગઇ; અને નેપોલિયન પૅરિસમાં પાછો આવ્યો. કિંતુ પાછા ફર્યા પૂર્વે ઑસ્ટ્રિયાનો ભવિષ્યદ્ વિરોધ ઓછો કરવાને માટે તેણે વિયેનાની ચોતરફના પુરાણા કિલ્લાને તોડી પડાવ્યો. આજ સમયે તેણે રોમના પોપને પણ પદ્‌ચ્યુત કરીને કેદ કર્યો, કારણ કે તે નેપોલિયનના કથનાનુસાર પોતાનાં બંદરો બ્રિટિશ જહાજોને માટે બંધ કરતો નહોતો.

આ પ્રકારે નેપોલિયનની આ ઑસ્ટ્રિયન વિજયયાત્રા સમાપ્ત થઇ.

પંચમ્ પરિચ્છેદ—ફ્રાન્સનું શાસન.

सवेलावप्रवलयम्परिखी कृतसागरम् ।
अनन्य शासनन्देशं शशासैक पुरोपमम् (परिवर्तित)

कालिदासः

'તે જે સમસ્ત દેશનું શાસન કરતો હતો તે એક નગરી સમાન પ્રતિત થતો હતો. તટસ્થ પર્વતો તેની ચાર દિવાલો સમાન હતા, સમુદ્ર તેની રક્ષાનું કાર્ય કરતો હતો અને તેપર અન્ય કોઇનું પણ શાસન ચાલતું નહોતું.' કાલિદાસ.

નેપોલિયન વિજેતા હતો અને તેની સાથે તે શાસક પણ હતો. તેના વિજયોના સમાચાર આપણે જાણી ચૂક્યા છીએ; હવે તેના શાસનપર પણ દૃષ્ટિપાત કરવો નિરર્થક થઈ પડશે નહિ. ગત ચાર વર્ષો સુધી તે પ્રાયઃ યુદ્ધક્ષેત્રમાંજ રહ્યો હતો. પૅરિસમાં આવી નિવાસ કરવાનો તેને ઘણોજ થોડો સમય મળ્યો હતો. જ્યારે તે પૅરિસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને બેસતો ત્યારે પણ બાહ્ય શત્રુઓ તેને ચેન પડવા દેતા નહોતા. આ અવસ્થામાં સ્પષ્ટ રીતે પ્રતિત થાય છે કે તે ફ્રાન્સનું શાસન જરા પણ કરી શક્યો નહિ હશે, કિંતુ આ સ્પષ્ટ અનુમાન યથાર્થ નથી. યદિ નેપોલિયન કેવળ સાધારણ શક્તિઓ ધરાવનાર પુરૂષ હોત, યદિ તેના અસાધારણ શરીરમાં અસાધારણ મનોબળ વિદ્યમાન ન હોત તો ઉક્ત અનુમાન યથાર્થ થઈ પડત, કિંતુ વસ્તુસ્થિતિ તેવી નહોતી. તે પુરૂષ અસાધારણ શક્તિઓથી યુક્ત હતો. તેને માટે યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરવો યદિ જમણા હાથનો ખેલ હતો, તો ફ્રાન્સનું શાસન ડાબા હાથના ખેલથી અધિક નહોતું. પૅરિસથી પંદરસેં કોશના અંતર પર બેઠાં બેઠાં અને સાંગ્રામિક ચિંતામાં નિમગ્ન રહેવા છતાં, પણ તે જાણે પોતાના ટ્યૂલરિજના કાર્યાલયમાં રહીનેજ ન કરતો હોય તેમ ફ્રાન્સનું શાસન કરતો હતો. યદિ તેનાં આ પાંચ વર્ષના વિજયોનું વર્ણન કેટલાક મનુષ્યોના સમસ્ત જીવનના વિજયોના વર્ણન સમાન છે, તો તેની શાસનકથા પણ કાંઈ ઓછા વિસ્તારવાળી નથી. નેપોલિયનની જે શક્તિરૂપી નદી દિગ્વિજયને માટે વહેતી ચિરનિર્મિત સામ્રાજ્યોને ઉખેડી નાંખતી, તથા શાસકોનું ઉન્મૂલન કરતી દૃષ્ટિગોચર થતી હતી; તે પોતાના ઘરમાં શીતળ જળવાહિની તથા સર્વ તાપદાહિની ગંગા સમાન પ્રતિત થતી હતી. તેની જે તેજરૂપી વિદ્યુલ્લતા બાહ્ય સંગ્રામોમાં શત્રુ સૈન્યોના મહાન પર્વતોનાં શૃંગોને તોડી પાડતી; તથા તેમને છિન્ન ભિન્ન કરી નાંખતી ચમકતી હતી. તે ફ્રાન્સનાં ઘરોમાં પંખા ચલાવનાર તથા ભોજન તૈયાર કરનાર જીવન શક્તિદાયિની પ્રતીત થતી હતી. સારાંશ એ છે કે નેપોલિયનનો વિજય પ્રસંગ જેટલો ભયાનક હતો તેટલુંજ તેનું શાસન શાંતિ પ્રદાયક હતું.

નેપોલિયનની શાસન યોગ્યતા અતિ ઉચ્ચ પંક્તિની હતી, એ વાત તો તેના શત્રુઓ પણ સ્વીકારે છે. તેના શાસનનું પ્રત્યેક કાર્ય ફ્રાન્સની શક્તિ તથા સમૃદ્ધિને માટે હતું. યદિ તેના જીવનનાં કાર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે જરા ધ્યાનપૂર્વક દૃષ્ટિપાત કરવામાં આવે તો પ્રતિત થાય છે કે તેણે પોતાની દૃષ્ટિ સન્મુખ બે મુખ્ય ઉદ્દેશો રાખ્યા હતા. પ્રથમ ઉદ્દેશ ફ્રાન્સમાં પોતાનું રાજ્ય શાંતિ તથા સમૃદ્ધિદ્વારા સ્થિર કરવું એ અને બીજો ઉદ્દેશ ફ્રાન્સના સામ્રાજ્યને વિસ્તૃત કરવું એ હતો. ફ્રાન્સના સામ્રાજ્યને સ્થિર કરવું એ કાંઇ નાનુંસૂનું કામ નહોતું. તે રાજકુલીન નરેશ નહોતો, પરંતુ પ્રજાજનનો પુત્ર હતો. પ્રજાએ તેને સમ્રાટ્ બનવા યોગ્ય ધાર્યો અને સમ્રાટ્ બનાવી દીધો. તે પોતાની યોગ્યતા અને વીરતાથી રાજા બન્યો હતો. તે રાજકુળમાં ઉત્પન્ન થવાથી રાજા બન્યો નહોતો, એટલા માટે તેનું સામ્રાજ્ય સ્વભાવતઃ સ્થિર નહોતું અને તેના શિરનો મુકુટ પદ્મપત્રપરના જળબિંદુવત્ ચલાયમાન હતો. જન સાધારણના સર્વ મતો અને સર્વ કાર્યો ક્ષણિક હોય છે. જેવી રીતે વર્ષાઋતુમાં પ્રકૃતિ ક્ષણે ક્ષણે પોતાનું સ્વરૂપ બદલે છે તેજ પ્રકારે જનસાધારણના મતો પણ બદલાય છે. નેપોલિયન જનસાધારણના મતોને સ્થિર કરવા માગતો હતો. આ પ્રકૃતિથી વિરૂદ્ધ કાર્ય કરવાને માટે અસાધારણ યત્ન તથા કર્ત્તવ્યની અપેક્ષા હતી. નેપોલિયન તેમાં કેટલેક સુધી સફળ થયો. તે સંપૂર્ણ સફળતાને પ્રાપ્ત થઈ જાય એવો ઘણો સંભવ હતો, પરંતુ સંભવતાનો સમય આવે તે પૂર્વેજ તેનાથી એક ઘણી મોટી ભૂલ થઇ ગઇ. વિરોધરૂપી મેઘ અકાળેજ ઉલટી આવ્યો અને તેણે સામ્રાજ્ય પ્રાસાદને સમૂળ નષ્ટ કરી દીધો.

પોતાના સામ્રાજ્યને સ્થિર કરવાનું સૌથી પ્રધાન સાધન તે એ સમજતો હતો કે પોતાના બળથી પ્રાપ્ત કરેલા શાસનને તેણે લોકોના મતપર એવી રીતે સ્થાપિત કરી દેવું કે જેવી રીતે એક રાજવંશીય શાસકનું શાસન તેપર સ્થાપિત થઈ જાય. પ્રત્યેક ઇતિહાસજ્ઞ આંખો મીંચીને પણ કહી શકે છે કે તે સમયે ફ્રાન્સને યદિ કોઈ પણ વસ્તુની આવશ્યકતા હતી તો તે દૃઢ સ્થિરતાની હતી. ક્રાંતિરૂપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિવર્તને તેની પુરાણી સંસ્થાઓનો સમૂળ નાશ કરી દીધો હતો. પુરાણાં કાંટાળાં વૃક્ષો ઉખડી ગયાં હતાં. હવે ઉદ્યાનને નવીન, શોભાયમાન તથા દૃઢ વૃક્ષોની આવશ્યકતા હતી. ફ્રાન્સ પરિવર્તન પ્રધાન અવસ્થામાં રહી પૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત થઇ ચૂક્યો હતો. હવે તે દશાને દૂર કરવાનો સમય આવ્યો હતો. ફ્રાન્સની ઉન્નતિને માટે અને યૂરોપનાં અન્ય રાજ્યોનાં હિતને માટે પણ હવે ફ્રાન્સને સ્થિર શાસનની નીચે આવી જવુંજ ઉચિત હતું, માટે એવો કોઈ પણ વિચારક સંભવી શકતો નથી કે જે નેપોલિયનના આ ઉદ્દેશની સાથે સહમત ન થાય.

સામ્રાજ્ય સ્થિરતા કરવાને માટે સૌથી પૂર્વે ક્રાંતિનાં સમસ્ત ચિહ્નો દૂર કરવાં આવશ્યક હતાં. નેપોલિયને આ કાર્ય પણ તેવીજ બુદ્ધિમત્તાથી કર્યું કે જેવી બુદ્ધિમત્તાથી તે રણક્ષેત્રમાં પોતાની સેના ચલાવતો હતો. સર્વ સાધારણદ્વારા નિયામકસભા વા શાસકસભાની ચુંટણી—એના કરતાં મોટું ક્રાંતિનું ચિહ્ન બીજું કોઇ નહોતું. સર્વ સાધારણ પ્રજા બારે દહાડા ખાવું, પીવું અને પહેરવું એ સિવાય બીજી કોઈ પણ ચીજની પરવા કરતી નહોતી. તેની ત્રણ પ્રકારની આવશ્યકતાઓ પૂરી કરો, એટલે તે તમારા શાસનની અણું માત્ર પણ અવગણના કરશે નહિ. આવી શાંત દશામાં રહેલી પ્રજાને શાસક સભા ચુંટી કાઢવાને માટે એકત્રિત કરવામાં આવે; અને પછી પ્રત્યેક પક્ષ લોકોને પોતાની તરફ વાળવાનો પ્રયત્ન કરે તો પરિણામ શું આવે તે સહજ સમજી શકાય એમ છે. યદિ સર્વ સાધારણ શિક્ષિત હોય તો તે શાંતિની ઉચિત સીમામાં રહી શકશે. કિંતુ યદિ તે અશિક્ષિત અને અજ્ઞ હોય તો જે સૌથી અધિક ભડકાવી નાંખે એવી વાતો તેને સંભળાવશે તેના કથનનો તે સ્વીકાર કરશે. શું ક્રાંતિ ફેલાવનાર આથી મોટું કોઇ કારણ સંભવી શકે છે ?

નેપોલિયને ફ્રાન્સની સાધારણ પ્રજાને અશિક્ષિત જોઈ, તેથી તેણે સર્વ સાધારણની ચુંટણીની પ્રથા નષ્ટ કરવાનો વિચાર કર્યો. જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલ કરીને સોળમા લુઇએ ફ્રાન્સની શાંતિ અને પોતાના જીવનને એક સાથે તિલાંજલિ આપી હતી તેજ ભૂલ નેપોલિયન પુનઃ કરી શકતો નહોતો. પહેલાં જ્યારે તે પ્રથમ શાસક બન્યો ત્યારે તેણે એવો નિયમ રખાવ્યો કે સર્વ સાધારણમાંથી કેટલીક વ્યક્તિઓ નિર્દિષ્ટ કરવામાં આવે અને પછી તેમાંથી નિયામક પરિષદ્ વા શાસક પરિષદ્ના સભાસદો ચુંટી કાઢવામાં આવે. પછી જ્યારે તે સમ્રાટ્ બની ગયો ત્યારે તો સમસ્ત ચુંટણીનો અધિકારજ તેની પાસે હતો. આ પ્રકારે તેણે ક્રાંતિની આપેલી સત્તાઓ સર્વ સાધારણની પાસેથી ખૂંચવી લીધી હતી, તોપણ તેનો પોતાનો અધિકાર સ્થાપન કરવાને માટે તેમ કરવું આવશ્યક હતું. જે દેશો ક્રાંતિથી વિરૂદ્ધ હતા; અને તેનો પ્રતિકાર કરવાને માટે પોતાની સેનાઓ મોકલી રહ્યા હતા તેમણે નેપોલિયનના આ કાર્યથી પ્રસન્ન થવું જોઇતું હતું, કિંતુ પ્રતિત થાય છે કે તેમને કોઈ સિદ્ધાંતનો ડર નહોતો; તેઓ કેવળ ફ્રાન્સની ઉન્નતિથી ડરતા હતા. જે મુખથી તેઓ ગઇ કાલે ક્રાંતિની નિંદા કરતા હતા, તેજ મુખથી આજે તેઓ નેપોલિયનને અત્યાચારીની ઉપાધિ આપવા લાગ્યા.

બીજું કાર્ય નેપોલિયને એ કર્યું કે તેણે નિયામક પરિષદ્ (Tribunate) ને ઉડાવી દીધી. ૧૮૦૭ માં જ્યારે ટિલ્સિટની સંધિ પશ્ચાત્ તે ફ્રાન્સમાં આવ્યો ત્યારે તેણે શાસકસભામાંજ નિયામક સભાના સભાસદોને મેળવી દીધા. આ પ્રકારે શાસન કાર્યને સરળ બનાવી તેણે તેના એક અનાવશ્યક અંગને કાપી નાંખ્યું.

પુરાણાં રાજ્યોની સ્થિરતાનું એક અતિ મોટું કારણ તેનો ધાર્મિક સંબંધ છે. પ્રત્યેક રાજ્ય પોતાની સાથે કોઇ ને કોઇ ધર્મનો સંબંધ રાખે છે. મધ્યકાળમાં રાજ્યનો ઉદ્ભવજ ઈશ્વરથી માનવામાં આવતો હતો. આ ભાવ કેવળ આપણા અહીંઆના મન્વાદિ ગ્રંથોમાં મળે છે; એટલુંજ નહિ પરંતુ યૂરોપમાં પણ પ્રાયઃ સર્વત્ર એજ ભાવ વિદ્યમાન હતો. પુરાણાં રાજ્યોમાં રાજતિલકના સમયે પણ ધર્માચાર્યોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશિર્વાદ આવશ્યક માનવામાં આવતો હતો. આ પુરાણી રીતિ તથા ભાવનો પૂર્ણ લાભ નેપોલિયન લેવા માગતો હતો. પોતાના સામ્રાજ્યની સ્થિરતાને માટે તે ધર્મનો આશ્રય આવશ્યક સમજતો હતો. એટલા માટે તેણે પોતાનું રાજતિલક સ્વયં પોપના હાથથી કરાવ્યું. આ અસાધારણ મનુષ્યનાં સર્વ કાર્યો અસાધારણ હતાં. પોપે સ્વયં પૅરિસમાં આવીને તેના મસ્તકપર મુકુટ સ્થાપિત કર્યો, એ એક નવિન ઘટના હતી. ફ્રાન્સ દેશનો પણ તેણે રોમન કૅથોલિક ધર્મ આઘોષિત કરી દીધો હતો. વસ્તુતઃ તે રૉમન કૅથોલિક ધર્મને જરા પણ ચાહતો હતો; એમ કહેવું સર્વથા સત્ય શૂન્ય થઇ પડશે. આ સર્વ તેની રાજનૈતિક ચાલાકી હતી; અને તેનો ઉદ્દેશ તેની સ્થિરતા દ્વારા ફ્રાન્સની સામાજિક સ્થિતિની રક્ષા કરવી એ હતો.

પાશ્ચાત્ય સામ્રાજ્યોનો બીજો આશ્રય કુલીન લોકો હોય છે. પ્રત્યેક પુરાણા વંશના રાજાની ચોતરફ વિશેષ વિશેષ કુલોનો સમૂહ એકત્રિત થાય છે, જે કેવળ રાજાનાં કાર્યોની જવાબદારી વ્હેંચી લે છે; એટલુંજ નહિ પરંતુ કષ્ટ સમયમાં તેના સહાયક પણ થાય છે. યદિ ધર્મ એ સામ્રાજ્યરૂપી પ્રાસાદની ઇંટોને જોડનારો કોલ છે તો આ કુલીન જનસમૂહ તેને ધારણ કરનારી સ્તંભમાળા છે. સ્તંભો વિના કોઇ પણ મકાન સ્થિર રહી શકતું નથી. ફ્રાન્સના સમસ્ત મોટા મોટા પુરાણા વંશો ક્રાંતિરૂપી વજ્રપાતથી નષ્ટ ભ્રષ્ટ થઇ ગયા હતા, એટલા માટે નેપોલિયનને માટે એક નવિન કુલીન શ્રેણી તૈયાર કરવી આવશ્યક હતી. અતઃ તેણે મોટા મોટા વીરો, વિદ્વાનો તથા કલાભિજ્ઞોને સમ્માનિત કરીને પોતાના સહાયક બનાવવાને માટે 'લિજિયન ઑફ ઑનર' (Legion of Honour)ની સ્થાપના કરી. આ ઉપાધિ પ્રાપ્ત કરનારા લોકો ફ્રાન્સના નવિન સામ્રાજ્યના તેવાજ સહાયક બની જતા હતા કે જેવા પુરાણા સામ્રાજ્યના સહાયક પુરાણા કુલીન થતા હતા.

સામ્રાજ્યની સ્થિરતાનાં આ સર્વ સાધનો હતાં, કિંતુ જ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી પ્રજા સુરક્ષિત તથા સમૃદ્ધ અવસ્થામાં ન રહે, ત્યાં સુધી તે સર્વ નિરૂપયોગી હતાં. સામ્રાજ્યનો કોલ તથા સ્તંભો ગમે તેટલા કાં ન હોય, પરંતુ માત્ર તેનાથીજ તે સ્થિર થઈ શકતું નથી. સામ્રાજ્યોનું મૂળ પ્રજાની રક્ષા તથા સમૃદ્ધિમાં છે. સર્વ સાધન સમ્પન્ન સમ્રાટ્ પણ જ્યાં સુધી તેના સામ્રાજ્યમાં રક્ષા તથા સમૃદ્ધિ નહિ હોય ત્યાં સુધી પોતાના સિંહાસનપર સ્થિત રહી શકતો નથી. રક્ષા તથા સમૃદ્ધિની ન્યૂનતાએજ ફ્રાન્સમાં બુર્બોન વંશનો નાશ કર્યો હતો; અને તેણેજ ક્રાંતિરૂપી અગ્નિને પ્રજ્વલિત કરી હતી. જેથી નેપોલિયનનું સૌથી મુખ્ય કાર્ય દેશમાં શાંતિ તથા સમૃદ્ધિની વૃદ્ધિ કરવી એ હતું. શાંતિ તથા રક્ષાની સ્થાપનાને માટે તેણે નેપોલિયન સ્મૃતિ (Code Napoleon) ની રચના કરાવી. આ સ્મૃતિદ્વારા ફ્રાન્સના રાજ નિયમોમાં અત્યંત સંશોધન તથા સરળતા થઈ ગઇ. સર્વ વિચારકો આ વાત સ્વિકારે છે કે આ સ્મૃતિ નેપોલિયનના મસ્તિષ્કનીજ કૃતિ હતી. તેના મહત્વ પ્રત્યે ઈર્ષ્યા રાખનારા કેટલાક લેખકો આ સ્મૃતિની રચનામાં નેપોલિયને લીધેલા ભાગને ઉરાડી દેવા માગે છે. તેઓ કહે છે કે આ સ્મૃતિના બનાવનારા ત્રણ વા ચાર વકીલ હતા, જેમને નેપોલિયને આ કાર્ય કરવાને નિયુક્ત કર્યા હતા. તેમાં તેનો પોતાનો ભાગ ઘણો નહોતો, પરંતુ આ મહાશયોને અમે પ્રશ્ન કરીશું કે આપ મેરંજો, ઑસ્ટર્લિટ્ઝ અને વાગ્રામના વિજયમાં પણ નેપોલિયનનો કાંઇ હિસ્સો માનો છો વા નહિ ? યદિ માનતા હો તો કૃપયા બતાવો કે ત્યાં શું નેપોલિયને સ્વયં તોપો ચલાવી હતી ? શું આપનાજ તર્ક અનુસાર તે વિજયો પણ તેના સેનાપતિઓનાજ નહોતા ? કિંતુ વાસ્તવિક વાત એ છે કે શું સ્મૃતિ રચવામાં કે શું યુદ્ધના વિજયમાં જેની બુદ્ધિ તથા સલાહથી સર્વ કામો થાય છે, તેજ તેનો કર્તા કહેવાય છે. આ સ્મૃતિની રચનાને માટે તે કાર્યમાં નિયુક્ત કરેલા વકીલોની સાથે કોઈ કોઇ વાર તે દશ દશ કલાક પર્યંત વિચાર કરતા હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્મૃતિથી કેવળ ફ્રાન્સનાજ રાજનિયમો સંશોધિત થયા હોય એમ નથી–આજે સમસ્ત સભ્યદેશોના રાજનિયમોપર નેપોલિયન સ્મૃતિની મહોર લાગેલી છે. દાયભાગના નિયમો સર્વ દેશોમાં પ્રાયઃ નેપોલિયન સ્મૃતિને અનુકૂળજ બનાવવામાં આવ્યા છે. ફ્રાન્સમાં તો આજપર્યંત તેજ સ્મૃતિ પ્રચલિત છે. આ અદ્‌ભુત રાજનિયમ સંગ્રહ, આ અદ્‌ભુત મનુષ્યની સર્વવ્યાપિની અદ્‌ભુત શક્તિઓનો પરિચાયક હતો. તેણે સમગ્ર દેશમાં ન્યાયના સુધારાદ્વારા શાંતિની સ્થાપના કરી નેપોલિયનના સામ્રાજ્યને દૃઢપણે સ્થાપિત કર્યું.

આ સ્મૃતિ અતિરિક્ત નેપોલિયને બીજા ઘણા સુધારાઓ ફ્રાન્સમાં કર્યા. દેશમાં લૂંટફાટનો બજાર નરમ પડે એટલા માટે તેણે પોલીસ-ખાતું દૃઢ કર્યું. તેણે કેટલીક મોટી મોટી નહેરો તૈયાર કરાવી કે જે આજપર્યંત તેના સાધુશાસનના સાક્ષી સ્વરૂપે વિદ્યમાન છે. વળી તેણે કેટલીક લાંબી સડકો પણ બંધાવી, કે જે વ્યાપાર તથા વાણિજ્યને માટે પરમ ઉપયોગિની સિદ્ધ થઇ. આજપર્યંત કોઈ પણ ઇતિહાસજ્ઞે આ વાતનો ઇનકાર કર્યો નથી કે નેપોલિયનનું શાસન ફ્રાન્સને માટે રક્ષા તથા સમૃદ્ધિનું શાસન હતું. ઇંગ્લાંડને માટે તેણે સમસ્ત બંદરો બંધ કરી દીધાં, અતઃ જે ચીજો પ્રથમ ઇંગ્લાંડથી આવતી હતી તે હવે ત્યાંજ બનવા લાગી. ખાંડ પ્રભૃતિ કેટલીક વસ્તુઓ ફ્રાન્સમાં ત્યારથીજ તૈયાર થવા લાગી છે.

પાઠક પ્રશ્ન કરશે કે આ સર્વ પ્રકારની ઉન્નતિ કરવાને માટે નેપોલિયનને વખત ક્યારે મળ્યો હશે? યુદ્ધમાંથી તો તેને શ્વાસ લેવાનો સુદ્ધાં સમય મળતો નહોતો અને રાજનિયમોનો સંગ્રહ કરાવવો, નહેરો ખોદાવવી, પાઠશાળાઓ ખોલાવવી અને સડકો બંધાવવી એ તો મોટાં મોટાં કામો છે. આટલું બધું કામ નેપોલિયને કર્યું હશે એ વાત સાધારણ મનુષ્યનું મન સ્વીકારતું નથી, કિંતુ આ વ્યક્તિનું મન સાધારણ નહોતું. તેના અસાધારણ શરીરમાં મન પણ અસાધારણ હતું. આ સર્વ દેશોપયોગી કાર્યોને માટે નેપોલિયનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય કેવી રીતે મળતો હતો ? તેનું વર્ણન સાંભળીને આપણે એકદમ આશ્ચર્યચકિત થઈ જઇએ છીએ. જેના અને ઑસ્ટર્લિટ્ઝના યુદ્ધની પ્રથમ રાત્રિ નેપોલિયનને સમરક્ષેત્રમાંજ વ્યતીત કરવી પડી હતી. આખા દિવસમાં સેનાઓને યથોચિત સ્થાનોપર સ્થાપિત કરવામાં આવી હતી. રાત્રે સૂતેલી સેનાની વચ્ચે અને શત્રુના ગોળાના મારમાં બેસીને આ વિચિત્ર મનુષ્યે પૅરિસમાં એક કન્યા પાઠશાળા ખોલવાનો વિચાર કર્યો અને તેજ સ્થળે તેને માટે સમસ્ત માનચિત્રાદિ તૈયાર કર્યાં. શું આટલી ભયોત્પાદક અને વિશ્રામેચ્છુ દશામાં આજ સુધી બીજા કોઇએ પણ આવા આવા વિચારો કર્યા છે ? નેપોલિયનના મનમાં આજ વિલક્ષણતા હતી. તે એક ક્ષણ માત્રમાં પોતાનો વિષય બદલી શકતો હતો. જે વખતે તે જે વિષયપર વિચાર કરવા માગતો હતો તે વખતે તે તેજ વિષયપર વિચાર કરી શકતો હતો, અન્ય વિષયો તેપર દબાણ કરી શકતા નહોતા.

નેપોલિયનની એક યાત્રા કરવાની ગાડી હતી. એમ કહેવાય છે કે આ ગાડી અદ્યાપિ વિદ્યમાન છે. આ ગાડી જોવાથીજ તેની કાર્યકારિતાનો પરિચય મળી શકે છે. આ ગાડીમાં આડા પડવાને માટે સ્થાન નથી. કેવળ જરાક પાછળ નમીને અડેલવાની જગ્યા છે. વચમાં એક નાની સરખી મેજ છે, જેમાં અહીં તહીં કાગળ, કલમ આદિ મૂકવાને માટે ખાનાંઓ બનાવેલાં છે. ગાડીમાં ચોતરફ પુસ્તકો મૂકવાને માટે જગ્યાઓ બનાવવામાં આવેલી છે, જેમાં તે યાત્રાનો પ્રારંભ કર્યા પૂર્વે પુસ્તકો ભરી લેતો હતો. બેસવાના સ્થાનની પાછળ એક પ્રદીપ હતો, જે વાંચવામાં સહાયતા કરતો હતો. યાત્રારંભની પૂર્વેથીજ તે ઉક્ત જગ્યાઓને નવિન પુસ્તકો તથા યુદ્ધાદિનાં માનચિત્રોથી ભરી લેતો હતો અને સમસ્ત માર્ગમાં થોડા વિશ્રામ અતિરિક્ત સમસ્ત સમય આ સર્વ ચીજોના અનુશીલનમાં વ્યતીત કરતો હતો. સાથે સાથે તે દેશને માટે નવા નવા સુધારાઓ યોજી મુકામોથી દૂતોની સાથે પૅરિસમાં આજ્ઞાઓ મોકલતો રહેતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આતો હતા તેના યુદ્ધ ભૂમિ તથા શાસનના ઉપાય, કિંતુ જ્યારે તે યુદ્ધ થઇ રહ્યા પશ્ચાત્ પૅરિસમાં પાછો ફરતો હતો ત્યારે તો તે પ્રત્યક્ષ ચમત્કારજ કરી દેતો હતો. શતાવધિ માઇલોની યાત્રા ઘોડાની પીઠપર વા ગાડીમાં કરીને જ્યારે તે રાત્રિ વા દિવસના સમયે પૅરિસમાં જઈ પહોંચતો ત્યારે તે સૌથી પ્રથમ પોતાની કૌન્સીલને બોલાવતો. આખી કૌન્સીલને બોલાવીને તેની સાથે તે આઠ નવ કલાક પર્યંત એકદમ બેસી રહેતો; અને જ્યાં સુધી તે પોતાની પાછળનો સઘળો હિસાબ કિતાબ તપાસી લેતો નહિ, ત્યાં સુધી તે શ્વાસ લેતો નહોતો. આ કામમાંથી છૂટો થઇ, જરા સ્નાન કરી તે પુનઃ શાસકસભામાં આવીને ઉપસ્થિત થતો; અને નવા નવા કાયદાઓના ખરડા રજુ કરવા માંડતો. જ્યારે તે પોતાની વિચાર સભામાં બેસીને આજ્ઞાઓ લખાવવા માંડતો ત્યારે તો તેનામાં અનેક વક્તાઓની શક્તિ આવી જતી. તેના સચિવો જણાવે છે કે તે આજ્ઞાઓ એટલી ત્વરાથી લખાવતો કે શીઘ્ર લેખકોને પણ તેની સાથે ચાલવું કઠિન થઈ પડતું. કોઈ કોઈ વાર તો તે ત્રણ ત્રણ ચાર ચાર સચિવોને એકત્રિતજ બેસાડી લેતો અને સર્વને ભિન્ન ભિન્ન વિષયોપર એકજ સમયે આજ્ઞાઓ લખાવતો.

વિચારસભામાં પણ તેને પરિશ્રમ થતો નહોતો. તેના સમસ્ત સચિવો થાકી જતા, કોઇ કોઇવાર તો તેઓ થાકને લીધે ઉંઘવા લાગી જતા, કિંતુ આખી જીંદગી સુધી કોઇએ તેને થાકેલો જોયો નહિ. તે કદિ થાકતોજ નહોતો. એકવાર રાત્રિના એક વાગે તેની નિદ્રા તૂટી. આ વખતે તેને એક આજ્ઞા લખાવવાની ઇચ્છા થઈ. તેણે પોતાના ડારૂ નામના એક સચિવને જાગૃત કર્યો. આ સચિવ પોતાની શ્રમસહિષ્ણુ શક્તિઓ વિષે પરમ ગર્વ ધરાવતો હતો. ડારૂને ઉઠાડીને નેપોલિયને આજ્ઞા લખાવવા માંડી, કિંતુ ડારૂની ઉપર આળસ્યની સત્તા જામી. લખતાં લખતાં તે સૂઇ ગયો. ચુપકીથી નેપોલિયને તેના હાથમાંથી લેખિની લઈ લીધી અને તે સ્વયં લખવા મંડ્યો. ઘણી વાર પછી ડારૂ જાગૃત થયો. સમ્રાટને સ્વયં લખતો જોઈ તેના તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોશકોશજ ઉડી ગયા. નેપોલિયને તેની તરફ જોઇ સ્મિત કરી કહ્યું કે "એમ જણાય છે કે તમે કાલે સાંજે ખૂબ મઝા ઉડાવી હશે તેથાજ આજે ઉંઘ આવી જાય છે." તે બિચારાએ ઉત્તર આપ્યો કે "દેવ ! આપનીજ આજ્ઞાઓ લખતાં લખતાં કાલે થાકી ગયો હતો, તેથીજ હમણાં મને ઉંઘ આવી ગઈ. અપરાધ ક્ષમા કરો" "ત્યારે તો તમે આરામ કરો. હું તમને મારી નાંખવા માગતો નથી" એમ કહી નેપોલિયને તે સચિવને વિદાય કર્યો અને તે સ્વયં લખવા બેસી ગયો.

આ અસાધારણ પુરૂષના શાસનની આ શ્રમસહિષ્ણુ પ્રણાલિ હતી. યદ્યપિ તે ફ્રાન્સમાં ઘણો થોડો વખત રહી શક્યો હતો, તથાપિ તેણે દેશની દશામાં અન્ય અનેક રાજાઓ કરતાં અધિક સુધારા કર્યા હતા. તેના વિરોધી લોકો તેની આ શક્તિઓનો સ્વીકાર કરે વા ન કરે, પરંતુ આ વાત તો નિઃસંદેહ છે કે ભાવી પ્રજાના દિલપર તે સુવર્ણાક્ષરથી અંકિત રહેશે.× યદ્યપિ તે પોતાની શક્તિઓદ્વારાજ દેશનું શાસન કરતો હતો; અને પ્રજાની સમ્પત્તિની વિશેષ પરવા કરતો નહોતો, તથાપિ તેની સમસ્ત શક્તિઓનો વ્યય ફ્રાન્સની રક્ષા, વિસ્તૃતિ અને સમૃદ્ધિને માટેજ થયો હતો.

× ૧૮૦૯માં નેપોલિયને પોતાની પ્રથમ પત્ની જોસફાઇનનો ત્યાગ કરી ઑસ્ટ્રિયાની રાજકુમારી મેરી લ્યુસીની સાથે વિવાહ કર્યો. આનું કારણ એ હતું કે પહેલી સ્ત્રીથી કાંઈ સંતાન ઉત્પન્ન થવાની આશા નહોતી. નેપોલિયન પોતાના સામ્રાજ્યની સ્થિરતાને માટે સંતાનોત્પત્તિ આવશ્યક સમજતો હતો. તેને પ્રથમ રૂશિયાના ઝારની ભગિની સાથે વિવાહ કરવાનો વિચાર થયો હતો; કિંતુ ઝારની માતા નેપોલિયનના પક્ષમાં ઘણી નહોતી, તેથી તેણે જરા આનાકાની કરી. નેપોલિયને ઝટ ઑસ્ટ્રિયાના સમ્રાટને લખ્યું. પરિણામે વિવાહ થયો. આ નવિન વિવાહથી તેને એક પુત્ર થયો, જેને રોમના રાજાની ઉપાધિ આપવામાં આવી. આ વિવાહને અમે ધર્મની દૃષ્ટિથી અતિ ઉચ્ચ કહીશું નહિ; કિંતુ નેપોલિયને આ કાર્ય વિષયવાસનાથી પ્રેરિત થઇને કર્યું નહોતું, પરંતુ રાષ્ટ્ર હિતથી પ્રેરિત થઇને કર્યું હતું– એમાં તો લેશ પણ શંકા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫ મું.—દુઃખમય અંત.

પ્રથમ પરિચ્છેદ—વિધિ વૈપરીત્ય.

हत विधिलसितानां ही विचित्रो विपाकः । माघः ।

'દુર્ભાગ્યનું ફળ વિચિત્રજ હોય છે.' **માઘઃ**

ગ્રંથના પ્રારંભમાં અમે લખી ગયા છીએ કે આ જગતમાં કોઇ પણ ઘટના એવી બનતી નથી કે જે નિષ્પ્રયોજન હોય. નેપોલિયનનું જીવન પણ નિષ્પ્રયોજન નહોતું. તેનાદ્વારા પણ જગતનું કાંઇક કલ્યાણ થવાનું હતું. યદિ તે જગતના કલ્યાણને માટે જન્મ્યો ન હોત તો તેને માટે એક વર્ષ પર્યંત જીવવું પણ અશક્ય થઈ પડત. કિંતુ વસ્તુતઃ તે આ જગતમાં એક અત્યંત મહાન કાર્ય કરવાને આવ્યો હતો. તેના જન્મ્યા પૂર્વે થોડા વખતપર યૂરોપની કેવી દશા હતી? યદિ જરા લક્ષ્યપૂર્વક જોવામાં આવે તો પ્રતિત થશે કે તે સમયે સમગ્ર યૂરોપ રોગગ્રસ્ત થઇ રહ્યો હતો. કોઇ દેશને કોઇ રોગ હતો અને કોઈ દેશને કોઈ રોગ. ફ્રાન્સમાં ક્રાંતિ થયા પૂર્વે તે રોગ સર્વ સ્થળે એક સરખો હતો. સર્વત્ર રાજાઓ તથા કુલીનોના દબાણ નીચે સર્વ સાધારણ છુંદાઇ રહ્યા હતા. તે સિવાય ખ્રિસ્તી ધર્મના આચાર્યોએ પણ તેમનું લોહી ચૂસવામાં કાંઈ કસર રાખી નહોતી. રાજાઓ, કુલીનો અને પાદરીઓ સાધારણ પ્રજાનું માંસ નીચોવવામાં એક બીજાની સાથે હરિફાઇ કરતા હતા. ફ્રાન્સમાં તેમનો અત્યાચાર અન્ય દેશો કરતાં અધિક હતો. વળી ફ્રાન્સના સર્વ સાધારણ શિક્ષિત પણ કાંઈક ઓછા હતા. આ કારણથી ત્યાં આ માંસ નીચોવવાની ક્રિયાની વિરૂદ્ધ સૌથી પ્રથમ ઝુંડો ચઢ્યો. ફ્રાન્સમાં રાજક્રાંતિ થઇ ગઇ. ક્રાંતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગ નિવૃત્તિને માટે થઈ હતી, પરંતુ જે સાધનો ફ્રાન્સના વાસ્તવિક રોગનો નાશ કરવામાં કામ લાગ્યાં હતાં, તેજ સાધનોએ પોતાને નિર્બાધ દશામાં જોઇને ઘોર રૂપ ધારણ કર્યું અને તે સાધનો પોતેજ રોગના રૂપમાં પરિણત થઈ ગયાં. બીજા કેટલાક દેશોને પણ ફ્રાન્સની ક્રાંતિની અસર થઈ હતી અને તેમાં પણ ફ્રાન્સનો ઔષધજન્ય રોગ વિદ્યમાન હતો. જે રોગ ક્રાંતિની પૂર્વે ફ્રેંચ રાષ્ટ્રને કૃશ તથા અધમુઓ બનાવી રહ્યો હતો, તેજ રોગથી ક્રાંતિની અસર વિનાના દેશો પણ ગ્રસ્ત હતા. આ પ્રકારે પ્રતિત થાય છે ક નેપોલિયનનું કાર્ય ક્ષેત્રરૂપી રંગભૂમીમાં અવતરણ થયું તે પૂર્વે યૂરોપના સમસ્ત દેશો કોઇને કોઇ રોગથી અવશ્યજ ગ્રસ્ત હતો.

યૂરોપમાં વિદ્યમાન એવા રોગોના વિનાશને માટે એક મહાન વૈદ્યની આવશ્યકતા હતી. રોગ એટલો જૂનો થઇ ગયો હતો કે કોઇ જેવો તેવો મૃદુ હૃદય વૈદ્ય તેનું નિવારણ કરી શકે એમ નહોતું. કઠોરતા સિવાય યૂરોપ કદિ પણ ઔષધ પીવાને સમ્મત થાય એમ નહોતું. તે રોગની વાસ્તવિક ઔષધિ યૂરોપના ગળામાં ઉતારનાર વૈદ્ય નેપોલિયન હતો. ફ્રાન્સ તથા ઇતર ક્રાંતિ પ્રભાવિત દેશોને માટે તે ક્રાંતિ રોગ નાશક મહાષૌધરૂપ હતો. તેણે ભયંકર ક્રાંતિનો વિધ્વંસ કરી નાંખ્યો અને મૃદુ વિચાર ક્રાંતિ સ્થાયી રાખી. તે રાષ્ટ્રીય સમિતિ તથા વિચારસભાની ક્રાંતિરૂપી નદીને માટે પ્રચંડ જ્વાળા સમાન હતો, પરંતુ તે ક્રાંતિની ભાવનાને માટે કલ્પદ્રુમ સમાન હતો. ક્રાંતિનો મુખ્ય હેતુ ગુણાનુસાર અધિકાર આપવાનો હતો. યોગ્યતા ન છતાં માત્ર જન્મ ઉપરથી અધિકાર ભોગવવા દેવાને ક્રાન્તિ તિરસ્કાર કરતી હતી; અને ગુણ કર્મનું પ્રાધાન્ય દર્શાવતી હતી. નેપોલિયન આ પ્રવૃત્તનું જવલંત ઉદાહરણ હતું. તે સ્વયં ગુણ કર્માનુસાર રાજા થયો હતો. સર્વ સાધારણે તેને રાજા બનાવ્યો હતો. આજ પ્રકારે તે પણ નીચ કુલોત્પન્ન છતાં યોગ્યતા હોય તેવા પુરૂષોને દેશની સૌથી મહાન ઉપાધિથી વિભૂષિત કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડયુરોક કે જે પાછળથી ડયુક ઓફ અબરેન્ટી ઝકેની ઉપાધિથી વિભૂષિત થયો હતો અને જે સામ્રાજ્યના સ્તંભો પૈકી એક હતો તે અત્યંત નીચ કુળમાં ઉત્પન્ન થયો હતો, અનુપમેય યૂરા કે જે ઘોડેસ્વારોનો અદમ્ય સેનાપતિ હોઇ નેપલ્સના રાજા તરિકે નિયુક્ત થયો હતો તે એક વીશીના માલિકનો પુત્ર હતો, સેનાપતિ કિલબર કે જેણે મિસરમાં આશ્ચર્યકારક વીરતા દર્શાવીને નેપોલિયનની તરફથી સમ્માન પ્રાપ્ત કર્યું હતું તે એક માળીનો પુત્ર હતો; અને મેસ્સીના સામ્રાજ્યની સૌથી મહાન ઉપાધિથી વિભૂષિત થયો હતો, પરંતુ પહેલાં તે જહાજોમાં કોયલા ઉંચકવાના કામપર નોકર હતો. ડયુક ઓફ મૉન્ટેબેલો કે જેનું પ્રથમ નામ લૅનસ હતું અને જે નિઃસંદેહ નેપોલિયનનો વીરતમ અને પ્રિયતમ સેનાપતિ હતો તે એક સાધારણ વ્યાપારીના ઘરમાં ઉત્પન્ન થયો હતો.

આ દૃષ્ટાંતો સંપૂર્ણ સ્પષ્ટતાપૂર્વક દર્શાવે છે કે નેપોલિયન ગુણ કર્માનુસાર અધિકાર આપતો હતો, એટલા અંશમાં તે ક્રાંતિના ભાવનો વિસ્તારક હતો. કિંતુ તેની સાથેજ તે રાષ્ટ્રીય સમિતિ અને વિચારક સભાની ક્રાંતિનો શરીરધારી નિષેધક હતો. તેની સંકુચિત હૃદયતા તથા નૈસર્ગિક ક્રૂરતા તેનામાં લેશ માત્ર પણ નહોતી ફ્રાન્સની ક્રાંતિ-રૂપી બળતી અગ્નિને બુઝાવી નાંખવાને માટે નેપોલિયનરૂપી મેઘની અતિ મોટી આવશ્યક્તા હતી. તેણે ફ્રાન્સરૂપી અસ્થિર સમુદ્રની સામે ખડકનું કાર્ય કર્યું. તે ક્રાંતિના તત્ત્વનો પ્રચારક હતો, કિંતુ તેના ક્રૂરતા યુક્ત બાહ્ય આવરણનો કઠોર વિનાશક હતો. એટલા માટે તે ફ્રાન્સ અને ઇતર દેશોના પણ રોગોનો વૈદ્ય હતો. ફ્રાન્સમાં તેણે સામાજિક અવ્યવસ્થાનો નાશ કર્યો અને તે દેશની બહાર તેણે તે સમયની વિદ્યમાન સ્થિરતા તથા અત્યાચારનાં મૂળ હલાવી દીધાં.

સમસ્ત વિચારકોને આ સિદ્ધાંત માન્ય છે કે યૂરોપના અને વિશેષતઃ જર્મનીના રાજાઓએ કેવળ નેપોલિયનના દબાણથીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની પ્રજાને સ્વતંત્રતાના તથા સમાનતાના અધિકાર સમર્પિત કર્યા હતા. અન્ય દેશોમાં કેવળ પોતાની સેનાની સહાય્યથી આ ક્રાંતિપુત્ર (નેપોલિયન) ની સામે ટકી નહિ શકવાથી એ નરેશોએ પ્રજાને તેની વિરૂદ્ધ ઉસ્કેરવા માંડી. યૂરોપના રાજાઓની વર્તમાન ઉદાર નીતિનું મૂળ યદિ શોધવામાં આવે તો તે સંભવતઃ નેપોલિયનનાં પરાક્રમોમાંજ મળશે. પુરાણા રાજવંશોદ્ભવ નરેશોને કેટલીકવાર સિંહાસનચ્યુત કરી તથા રાજધાનીઓમાંથી નસાડી મૂકીને સર્વ સાધારણના મનમાં તેણેજ એવો ભાવ સ્થાપિત કરી દીધો કે રાજા ઇશ્વરનો પ્રતિનિધિ અને તેથી દૂર ન કરી શકાય એવો નથી. તેને એક સાધારણ કુળમાં ઉત્પન્ન થયેલો યોદ્ધો પણ કેવળ પોતાના બાહુબળથી હરાવી શકે છે.

આ કાર્યો કરવાને માટે નેપોલિયન જેવા અસાધારણ પુરૂષનીજ આવશ્યકતા હતી. સેનાપતિમાંથી સમ્રાટ્ બની જવું અને સમ્રાટ્માંથી અસાધારણ વિજેતા બની જવું, એ સર્વ આ ઉદ્દેશની પૂર્તિને માટે આવશ્યક હતું. આ દૃષ્ટિથી જોવાથી પ્રતિત થશે કે નેપોલિયન નરમાંસનો ભૂખ્યો પિશાચ નહોતો, કિંતુ જગતની ઉન્નતિમાં સહાય આપનાર ઈશ્વરનો મોકલેલો અસાધારણ પુરૂષ હતો. તેને આજ કાર્ય કરવાને માટે મોકલવામાં આવ્યો હતો; અને તેણે એ કાર્ય પરમ યોગ્યતાપૂર્વક કર્યું. તમે એને દુષ્ટ કહો, રાક્ષસ કહો વા નૃશંસ કહો, કિંતુ ઉન્નતિના માર્ગને સાફ કરવાને માટે તેની જે આવશ્યકતા હતી તેને તમે દબાવી શકશો નહિ. યૂરોપના ઘાતક રોગો નિવૃત્ત કરવામાં જેટલો ભાગ કોઇ વ્યક્તિ લઈ શકે તેટલો ભાગ નેપોલિયને પણ લીધો; વાગ્રામના યુદ્ધ પશ્ચાત્ તે આપણને પોતાનો ઉદ્દેશ પાર પાડી લૌકિક ગૌરવ અને મહત્વના શિખરપર આરૂઢ થયેલો પ્રતિત થાય છે.

નેપોલિયનનો ઉદ્ભવ સપ્રયોજન હતો એ વાત સત્ય છે, કિંતુ તેના જીવનમાંજ ફ્રાન્સની રાજક્રાંતિવાળી કથાની પુનરાવૃત્તિ થઈ. ક્રાંતિ ફ્રાન્સના રોગોના નિવારણ અર્થે ઉત્પન્ન થઇ હતી; અને તેણે સ્થાપિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલી પુરાણી સામાજિક દશાને હલાવી નાંખી હતી. પુરાણી એ સામાજિક દશા અત્યંત દૃઢ રીતે સ્થાપિત થયેલી હતી અને તેને હલાવી નાખવાને માટે પૈશાચિક બળની આવશ્યકતા હતી. ક્રાંતિમાં આ પૈશાચિક બળ હતું, તેથીજ તેણે તેને હલાવી નાંખી; પરંતુ ત્યાર પછી પણ તેના પૈશાચિક બળને કોણ રોકી શકે એમ હતું? ક્રાંતિની આ પ્રતિબંધ રહિત પૈશાચિક શક્તિએ જે ક્રૂર ઘટનાઓ ઉપસ્થિત કરી હતી તેનું વર્ણન પ્રથમ ભાગમાં અમે કરી ગયા છીએ.

ત્યાર પછી નેપોલિયનનું આગમન થયું. તેના આગમનનો ઉદ્દેશ ફ્રાન્સની પૈશાચિક બળસમ્પન્ન ક્રાંતિનું દમન કરી સમસ્ત યૂરોપમાં જડ ઘાલી બેઠેલી દૂષિત સામાજિક અવસ્થાને હલાવી નાંખવી એ હતો. શું આ કાર્ય પાર પાડવાને માટે થોડા બળની આવશ્યકતા હતી? નહિ, આ કાર્ય પાર પાડવાને માટે તો ક્રાંતિના બળથી પણ અધિક બળની જરૂર હતી. ઓછા બળથી તે તેનું દમન શી રીતે કરી શકત? આ કાર્ય પાર પાડવાને માટે જે અતિ પૈશાચિક બળની આવશ્યકતા હતી તે નિઃસંદેહ નેપોલિયનમાં વર્તમાન હતું. તેણે પોતાનું કાર્ય થોડાંજ વર્ષોમાં કરી બતાવ્યું, પરંતુ તે સમાપ્ત કર્યા પછીથી તે પ્રતિબંધરહિત થઈ ગયો. હવે કોઈ પણ માનુષીય શક્તિ તેની સામે થઈ શકે એમ નહોતું. કેટલાક દેશોએ એકત્રિત થઇને અનેકવાર તેની ઉપર આક્રમણ કર્યું, પરંતુ જેવા આવેશથી ભરેલા તેઓ આવ્યા હતા તેટલાજ વીલા મોઢા સાથે તેમને પાછા ફરવું પડયું. જ્યાં સુધી નેપોલિયનના મસ્તિષ્કમાં બુદ્ધિની માત્રા તથા તેની આધીનતામાં સેના વિદ્યમાન હતી, ત્યાં સુધી તેનો પ્રતિબંધ કરવાનું કામ માનુષીય શક્તિથી બહાર હતું. સમ્મિલિત થયેલા બે અથવા ત્રણ દેશોની સેનાઓ પણ તેની પ્રચંડ સેનાની સામે ઘેટાં બકરાંની સમાન હતી, માત્ર એકજ સામુદાયિક યુદ્ધ તેને નિઃસત્વ કરી દેવાને માટે પૂરતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયનનું કાર્ય હવે થઈ ચૂક્યું હતું. હવે જગતમાં તેની આવશ્યકતા નહોતી. હવે જો તે વિજય પ્રસંગનો ત્યાગ કરીને દેશનું શાસન કરવામાં નિમગ્ન થઈ જાત તો તેનું જગતમાં રહેવું યુક્ત હતું; અને ત્યારેજ તેનો સમાવેશ રાજનૈતિક જગતમાં થાત, કિંતુ વિજય યાત્રાના ગૌરવે તેની આંખો ફેરવી દીધી હતી. તે પોતાના વિજય વ્યસનમાંથી મુક્ત થઇ શકતો નહોતો. માટે તેનાથી જગતનું મુક્ત થવું આવશ્યક હતું. માનુષીય બળ આ કાર્ય કરવાને માટે અશક્ત હતું, તેથી ઈશ્વરીય બળ વા પ્રકૃતિનું બળ તે કાર્ય કરવાને માટે તૈયાર થયું. હવે અમે જે યુદ્ધનું વર્ણન કરીશું તેમાં પ્રકૃતિની સામે નેપોલિયનનો સંગ્રામ છે, માનુષીય શક્તિની સામે નથી.

દ્વિતીય પરિચ્છેદ–રૂશિયન વિપત્તિ.

मतिमतां च विलोक्य पराजयं विधिरहो बलवानिति मे मतिः

'બુદ્ધિમાન લોકોને પણ સંસારમાં પરાજિત થતા જોઇને એમજ કહેવું પડે છે કે 'દૈવજ બળવાન છે.''

જે સમયે ફ્રાન્સ અને રૂશિયાના સમ્રાટો ટિલ્સિટમાં મિત્રતા બાંધી રહ્યા હતા તે સમયે તેમણે કેટલીક સરતો કરી હતી. પછી યર્ફર્થમાં તે સરતોની પુનરાવૃત્તિ થઈ હતી. બીજી સર્વ સરતો તો જેવી ને તેવીજ રાખવામાં આવી, પરંતુ એક સરતને આ સમયે છોડી દેવામાં આવી. આ સરત એ હતી કે રૂશિયા ક્રાન્સ્ટેન્ટિનોપલમાં હાથ ઘાલી તુર્કસ્તાનના સામ્રાજ્યને પોતાના રાજ્યમાં સંયોજી દેવાને સ્વતંત્ર છે. ટિલ્સિટ્માં આ સરત ઉક્ત ઉભય સમ્રાટોએ કરી હતી, તે સમયે નેપોલિયન કોઈ પણ પ્રકારે ઝારને પ્રસન્ન કરવા માગતો હતો. કેટલાક સમય પછી તેણે વિચાર કર્યો ત્યારે તેને પ્રતિત થયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે યદિ તુર્કસ્તાન રૂશિયાના સામ્રાજ્યમાં સમ્મિલિત થઈ જશે તો ફ્રાન્સને મોટી હાનિ થશે અને રૂશિયાનું સામ્રાજ્ય અતિ વિસ્તારશાળી થઈ જશે; એટલુંજ નહિ પરંતુ તેની સાંગ્રામિક સ્થિતિ પણ અજીત થઈ જશે. તે કૉન્સ્ટૅન્ટિનોપલને પૂર્વના દેશોના વિજયની કુંચી સમજતો હતો. એટલા માટે તેણે યર્ફર્થમાં આ સરત કાયમ રાખી નહિ. આ વાત ઍલેક્ઝાંડરને ઘણી ખટકી. તે પોતાના સામ્રાજ્યને માટે તુર્કસ્તાનની પ્રાપ્તિ તેટલીજ આવશ્યક માનતો હતો કે જેટલી ભયાનક તેને નેપોલિયન માનતો હતો. સંધિ થઇ ગયા પછી ઍલેક્ઝાંડરે તેને આ સંબંધે કેટલીકવાર પૂછ્યું, પરંતુ તેણે તેનો પ્રત્યુત્તરજ આપ્યો નહિ.

આ કારણથી ઉક્ત ઉભય નરેશોની વચ્ચે કાંઈક વૈમનસ્ય ઉત્પન્ન થઈ ચૂક્યું હતું, પરંતુ ઍલેક્ઝાંડરને નેપોલિયન પ્રતિ જે આદર બુદ્ધિ ઉત્પન્ન થઈ હતી તેની નીચે તે ઉક્ત શિક્ષાને દબાવવાને તૈયાર હતો. તે નેપોલિયનની શક્તિઓનો પરમ ભક્ત હતો, કિંતુ તેની માતા નેપોલિયન પ્રત્યે ઘૃણા કરતી હતી. તે તેને અધમ કુલોત્પન્ન સમજતી હતી. રૂશિયાના સમસ્ત કુલીનો પણ રાજમાતાના પક્ષમાં હતા. રાજમાતા અને કુલીનો મળીને ઍલેક્ઝાંડરને સદા નેપોલિયનની વિરૂદ્ધ ભડકાવતાં રહેતાં હતાં. આ કારણથી તુર્કસ્તાનના નિમિત્તે થયેલું થોડું વૈમનસ્ય પણ દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતુંજ ગયું.

વૈમનસ્યની આ અવસ્થામાં નેપોલિયનના દ્વિતીય વિવાહનો પ્રસંગ આવ્યો. ઝાર તેનો મિત્ર હતો, તેથી સ્વાભાવિક રીતેજ વિવાહનો પ્રથમ પ્રસ્તાવ તેનાજ વંશમાં થવો જોઈતો હતો. યર્ફર્થમાં ઝારની ભગિનીની સાથે નેપોલિયનના વિવાહનો પ્રશ્ન ઉપસ્થિત થયો પણ હતો, કિંતુ તે સમયે કાંઇ અંતીમ નિશ્ચય થયો નહોતો. જ્યારે દ્વિતીય વિવાહના પ્રશ્નને નિશ્ચિતરૂપ ધારણ કર્યું, ત્યારે નેપોલિયને ઝારની પાસે એક દૂત મોકલ્યો. રૂશિયાના ઝારે સંબંધ કરવાને માટે પૂર્ણ અનુમતિ પ્રકટ કરી, કિંતુ તેની સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે જણાવ્યું કે મ્હારી માતાની સલાહ લીધા વિના હું કાંઈ વચન આપી શકતો નથી. આ મામલો રાજમાતાની સન્મુખ સાદર થયો. રાજમાતા પણ આ સંબંધથી સંતુષ્ટ હતી, કિંતુ તેણે એવો વિચાર કર્યો કે જો તે એકદમ નેપોલિયનની સાથે પોતાની પુત્રીનો વિવાહ સ્વીકારી લેશે, તો લોકો એમ સમજશે કે આ સંબંધ જોડવાને માટે રૂશિયા ઉતાવળું થઈ રહ્યું હતું. આથી તેણે કેટલાક દિવસ સુધી આ વાત મુલતવી રાખવાનો વિચાર કર્યો. નેપોલિયનને આથી ઘણું ખરાબ લાગ્યું. તેની સાથે રાજપુત્રીનો વિવાહ કરવો તેમાં વળી વિચાર કેવો? શું તે ફ્રાન્સનો સમ્રાટ્ નહોતો? શું તેણે બેવાર રૂશિયાના ઝારનો મુકુટ કંપાયમાન કર્યો નહોતો? તો પછી તેની સાથે આવી વર્તણુંક શા માટે? આવો વિચાર કરી તેણે ઝટપટ બીજો એક રાજદૂત ઑસ્ટ્રિયાના મહારાજાની પાસે મોકલી આપ્યો. ઑસ્ટ્રિયાના મહારાજાની રાજધાની નેપોલિયનના વિજયદંડની પૂર્ણચોટ ખાઇ ચૂકી હતી; અને તેની સાથે તેને નેપોલિયનની સાથે સંબંધ જોડી રૂશિયા દેશને હલકો પાડવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ઑસ્ટ્રિયન દરબારે તરતજ આ વિવાહ સંબંધનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. સ્વીકૃતિ અનુસાર ઑસ્ટ્રિયાની રાજપુત્રી મેરિયા લ્યૂસીની સાથે નેપોલિયનનો વિવાહ થઈ ગયો. રૂશિયાના ઝારના મનમાં આ વાત તીરની પેઠે વાગી. આ ઉભય મિત્રો પ્રથમ જેટલા એક બીજાની પાસે હતા; તેટલાજ હવે તેઓ એક બીજાથી દૂર થઇ ગયા.

આ વાત નિશ્ચિત થઇ ગઈ કે રૂશિયા અને ફ્રાન્સની વચ્ચે હવે અવશ્ય યુદ્ધ થશે. માત્ર હવે બહાનું મળવાનીજ વાર હતી. ઝારે કહેવરાવી મોકલ્યું કે નેપોલિયને ટિલ્સટ્‌ની સંધિ વિરૂદ્ધ કેટલાંક કાર્યો કર્યા છે, માટે જ્યાં સુધી તે સર્વને સુધારે નહિ ત્યાં સુધી ઉભયની વચ્ચે કદિ પણ મિત્રતા રહી શકે એમ નથી. નેપોલિયને ઉત્તરમાં ઝારની પાસે એક દૂત મોકલ્યો. આ દૂતે તેને સંધિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરતોનું સંપૂર્ણ પાલન કરવાનું વચન આપ્યું; એટલુંજ નહિ પરંતુ બીજી પણ કેટલીક લાલચો આપી તેથી પણ ઝાર સંતુષ્ટ થયો નહિ. તેને નેપોલિયનનું આ કાર્ય વિશેષ નિર્બળતાજનક પ્રતિત થયું; અને તેણે આગળ પાછળનો વિચાર કર્યા વિના એકદમ યુદ્ધ આઘોષિત કરી દીધું. યદ્યપિ નેપોલિયન યુદ્ધને માટે ઉત્સુક નહોતો, તથાપિ યુદ્ધ આવી પડતાં તૈયારી કરવામાં પણ તે કાંઈ કસર રાખતો નહોતો. તેણે રૂશિયાપર આક્રમણ કરવાને માટે પોતાની પ્રચંડ સેનાને એકત્રિત કરવા માંડી. યુદ્ધની તૈયારી સાથે તેણે અન્ય દેશોની સાથે સલાહ કરવાનું પણ ઉપયુક્ત ધાર્યું. રૂશિયા કાંઇ જેવો તેવો શત્રુ નહોતો. તેને જીતવાને માટે નેપોલિયનની સમસ્ત શક્તિઓ આવશ્યક હતી. આ કારણથી તેણે ઇંગ્લાંડની ઉપર સંધિનો પ્રસ્તાવ મોકલી આપ્યો. કદાચ કૂતરાની પૂછડી સીધી થઈ જાય, પરંતુ તે સમયની લંડનની કૅબિનેટ સીધી થઈ શકે એવી નહોતી. તેણે સંધિના પ્રસ્તાવનો બહુ ગર્વિત શબ્દોથી નિષેધ કર્યો. કદાચ આજ દૃષ્ટાંતથી નેપોલિયન રૂધિર પિપાસુ રાક્ષસ હતો કે નહિ તથા લંડનની કૅબિનેટ શાંતિની દેવી હતી કે નહિ તે સિદ્ધ થઇ જાય છે.

યુદ્ધ આઘોષિત થઈ ગયું હતું; હવે વિલંબ કરવાનો વખત નહોતો. ૯ મી મે ૧૮૧૨ ને દિવસે નેપોલિયન પૅરિસથી સેનાને પ્રસ્થિત કરવાને રવાના થયો. પ્રથમ તેણે ડ્રેસ્ડન નામક નગરમાં વિશ્રામ કર્યો. અહીંઆં તેણે પોતાના સર્વ આધીન રાજાઓ તથા મિત્ર નરેશોને મળવાને માટે આમંત્રિત કર્યા હતા. ત્યાં પહોંચતાંજ તેના 'મિત્ર નરેશો'એ તેનું સ્વાગત કર્યું. આ દૃશ્ય પણ દર્શનીયજ હતું. એક મનુષ્યના મસ્તિષ્ક તથા ભુજાઓની શક્તિ શું શું કરી શકે છે તેના દૃષ્ટાંતરૂપ તે હતું. સર્વ સાધારણની ઇચ્છા નરેશોના મુકુટોને કેવી રીતે ધૂળમાં રોળી શકે છે તેનું તે જ્વલંત ઉદાહરણ હતું. ઑસ્ટ્રિયાના મહારાજા તથા પ્રશિયાના રાજાની સાથે બીજા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક નાના મોટા નરેશો સમયના વિજેતા (નેપોલિયન)ને નમસ્કાર કરવાને માટે ત્યાં આવેલા હતા. વિજેતાની દરબાર રાત્રિ દિવસ સમાગત નરેશોથી ઠસાઠસ ભરેલી રહેતી હતી એક ચતુરસચિ કે જેને નેપોલિયન પરમ કાર્યકુશળ સમજતો હતો તે એક દિવસ નિયત સમય કરતાં મોડો ડ્રેસ્ડનમાં આવ્યો. નેપોલિયન સમયાતિક્રમ કદિ પણ સહન કરી શકતો નહોતો. તેણે તેને ધમકાવ્યો અને પૂછ્યું કે તમે વિલંબ કરીને કેમ આવ્યા છો ? તે ધૂર્તે સમયોચિત ઉત્તર આપ્યો કેઃ "આપની દરબાર નરેશોથી એટલી બધી ભરાઇ ગયેલી હતી કે મને આવવાને માટે જગ્યા મળી નહોતી." આ ઉત્તરથી નેપોલિયનનું મુખ બંધ થઈ ગયું.

આ પ્રકારે પોતાના પુરાણા વિજયોનાં ફળોને જોતો તથા વિજયશ્રીની અંતિમ મોટી મુલાકાત કરતો નેપોલિયન ૧૧ મી જુનને દિવસે આગળ પ્રસ્થિત થયો. તેનાથી થોડે આગળ ફ્રાન્સની પ્રચંડ સેના છાવણી નાંખીને પડેલી હતી. આ સમયે એકત્રિત થયેલી સેના અવશ્ય પ્રચંડ સેના કહેવરાવવાને યોગ્ય હતી. જેમણે આ સેના જોઇ છે તેઓ જણાવે છે કે કદાચ આવી સેના યૂરોપમાં પૂર્વે કદિ પણ જોવામાં આવી નહોતી. આ સેનામાં છ લાખથી ઓછા યોદ્ધાઓ નહોતા અને તે છ લાખની સાથે તોપોનો પણ એક અતિ ભારે સમૂહ હતો. સેનાનાં સમસ્ત અસ્ત્રશસ્ત્રો સર્વથા નવિન પ્રણાલિનાં હતાં અને તેના મારની સામે રૂશિયાના જંગલી યોદ્ધાઓ કદિ પણ ટકી શકે એમ નહોતું. સેનાના મુકામમાં જઈ મહારાજા નેપોલિયન સજ્જ થયેલી સૈનિકોની શ્રેણીઓમાં થઇને ચાલ્યો. ત્યાં તેણે પોતાના સમસ્ત વિજયોના સાક્ષી તથા વિજયશ્રીના સહભોગી સૈનિકોનાં ચમકતાં ખડ્ગો પણ જોયાં. એક વાર તેણે ચારે તરફ દૃષ્ટિ ફેલાવી તો તેને પ્રતિત થવા લાગ્યું કે વસ્તુતઃ તે અનંત શક્તિનો સ્વામિ છે. એક રૂશિયા તો શું, પરંતુ સો રૂશિયા મળીને પણ તેની શક્તિનો પાર પામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે એમ નથી. સમસ્ત સેનાનું નિરીક્ષણ કર્યા પશ્ચાત્ તેણે પોતાની પ્રચંડ સેનાને કૂચ કરવાની આજ્ઞા આપી. સમગ્ર સેનાના ૬ લાખ સિપાઇઓને માટે સમસ્ત સ્થાનોમાં ભોજનાદિનાં સાધનો મળવાં કઠિન હતાં, તેથી પુષ્કળ ખાદ્ય પદાર્થો પણ સાથે લઈ લેવામાં આવ્યા હતા. સેનાની કૂચ શરૂ થઈ. સમસ્ત યૂરોપ આ અપૂર્વ સેનાને જોઇને પરિણામને માટે ઉત્સુક થઈ રહ્યો હતો. ખરેખર આ સેના ભયાનક હતી. નિઃસંદેહ તેનું બાહ્ય સ્વરૂપ ભયંકર હતું, પરંતુ જે સેનાની સાહાય્યથી તેણે વાગ્રામ તથા ફ્રીડલેંડનાં યુદ્ધો જીત્યાં હતાં તેવી ભયાનક તે નહોતી. ચતુર માણસો સેનાના આ રાક્ષસી મહાલયમાં કોક કોક સ્થળે કાચી ઈંટો જેવા હતા; અને નેપોલિયનના ભાગ્ય વિષે શંકા કરતા હતા. આ પ્રચંડ સેનામાં ફ્રાન્સ તથા પોલેંડના ભક્ત સિપાઇઓ ઉપરાંત પુષ્કળ ભાડુતી ટટ્ટુઓની પણ ભરતી કરવામાં આવી હતી. આવા સિપાઇઓને જ્યાં સુધી ઝાઝું કષ્ટ ન પડે ત્યાં સુધીજ તેઓ લડી શકે છે, કિંતુ જ્યાં સેનાપર આપત્તિ આવી કે તરતજ જીવ લઇને વંજો માપી જાય છે. નેપોલિયનના છ લાખ સિપાઇઓ પૈકી પ્રાયઃ બે લાખ આવાજ હતા. શાલ્મલી તરૂ ગમે તેટલું પ્રચંડ કાં ન હોય, પરંતુ યદિ તેમાં સડો લાગેલો હોય તો વાયુની જરા સરખી પણ લહરિથી તે તૂટી પડે છે. નેપોલિયનની આ સેના પણ તેવીજ હતી. ભાડુતી ટટ્ટુઓ સિવાય બીજી પણ એક નિર્બળતા આ પ્રચંડ સેનામાં વિદ્યમાન હતી. આ નિર્બળતા તે સેનાનું આકાર ગૌરવ હતું. જેવી સ્ફૂર્તિ નાનીસી ૮૦ હજારની સર્પ સમાન સેનામાં હોય છે તેવી સ્ફૂર્તિ ૬ લાખની અજગર સમાન સેનામાં હોઇ શકતી નથી. જેમણે અહીંઆં સુધી નેપોલિયનના જીવનનું અનુશીલન કર્યું છે તેઓ જાણે છે કે તેણે પ્રાપ્ત કરેલા સંપૂર્ણ અને સુલભ વિજયોનાં કારણોમાં મુખ્ય કારણ તેની સેનાની તીવ્ર ગતિ એ હતું. રૂશિયાપર આક્રમણ કરનાર પ્રચંડ સેનામાં આ તીવ્ર ગતિ અશક્ય હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલાં બે કારણો ઉપરાંત બીજાં પણ કેટલાંક કારણો આ સેનામાં અને નેપોલિયનની પૂર્વ સેનાઓમાં ભેદ કરતાં હતાં. તેમાંનું મુખ્ય કારણ નેપોલિયનની પોતાની શિથિલતા એ હતું. હવે મહારાજા નેપોલિયન તે સેનાપતિ નેપોલિયન નહોતો કે જેણે ઇટાલિ તથા મિસરના વિજયોમાં રાત્રિ અને દિવસ એક કરી દીધાં હતાં. હવે તે નેપોલિયન બદલાઈ ગયો હતો. સામ્રાજ્યના આરામે તેના શરીરના વજ્રમય બંધોને કાંઈક ઢીલા કરી દીધા હતા. હવે તે જાડો થતો જઈ કાંઈક ફૂલતો જતો હતો. આ સિદ્ધાંત ઇતિહાસના અનુશીલથી સર્વથા સિદ્ધ થઈ ચૂક્યો છે કે સંસારનું ભાગ્ય સૂક્ષ્મકાય મનુષ્યોના હાથમાં રહે છે, સ્થૂલકાય મનુષ્યોના હાથમાં રહેતું નથી. સ્થૂલકાય મનુષ્યોમાં ચરબીદ્વારા પ્રતિભાની તથા શારીરિક ચેષ્ટાની ક્ષીણતા થઈ જાય છે. સંસારમાં શાસન કરવાની શક્તિ પ્રતિભા તથા શારીરિક ચેષ્ટામાંજ છે. નેપોલિયન પણ આ સમયે ગરમ પાણીના સ્નાન તથા નરમ તળાઇઓપરના શયનથી કાંઈક જાડો તથા વિશ્રામ પ્રિય થઈ ગયો હતો. તેની પુરાણી વિદ્યુદ્ગતિ વિલુપ્ત થઇ ગઈ હતી. પૂર્વે તે સહજમાં ચાલતા ઘોડાપરથી ઉતરીને સડકની બાજુપર ખડો રહી જતો અને સમસ્ત સેનાને પોતાની આગળથી કુચ કરાવતો. જ્યાં તે કિંચિત્ પણ ન્યૂનતા જોતો ત્યાં તે તરતજ તેને દૂર કરાવી દેતો અને પ્રત્યેક સિપાઈની સાથે વાતચીત કરતો હતો. આ કાર્યથી તેની સેના સર્વથા તેના કાબુમાં રહેતી હતી. પ્રત્યેક સિપાઇને તે પિછાનતો હતો અને સર્વ સિપાઈઓ તેને પિછાનતા હતા, કિંતુ એ સર્વ વાતોમાંથી હવે એક પણ વાત શેષ રહી નહોતી. હવે મહારાજા સાહેબ પણ ઘોડાપરથી ઉતરીને સમસ્ત સેનાનું નિરીક્ષણ કરતા નહોતા અને સેના પણ પોતાના સેનાપતિને ઓળખતી નહોતી. તેમાં એટલા બધા જર્મનો, ઑસ્ટ્રિયનો તથા પોલો ભરેલા હતા કે અર્ધથી અધિક સેના તો નેપોલિયનથી સર્વથા અજાણીજ હતી. તે સેનાને પીછાનતો નહોતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સેના તેને પીછાનતી નહોતી. આવી સેના વિપત્તિનું આગમન થતાંજ ફ્રેંચ ઝુંડાની નીચેથી સટકી જાય તો તેમાં આશ્ચર્ય શું હતું ?

અસ્તુ ! **ને**પોલિયનની પ્રચંડ સેનાએ પોતાનું પ્રયાણ શરૂ કર્યું. ઝાર પોતાની સેનાને લઈ **નીમન** નદીને પેલે પાર પડયો હતો. **નીમન** નદી રૂશિયન રાજ્યની અવધિ છે. ફ્રેંચ સેના તે તરફ ચાલી. ફ્રેંચ સેના જ્યાં **નીમન** સુધી પહોંચી કે તરતજ રશિયન સેના નદી તટને છોડી પાછળ હઠવા લાગી. ફ્રેંચ સેના તેની પાછળ પાછળ ચાલી. **ને**પોલિયને ત્યાર પછી સાંભળ્યું કે ઝાર પોતાની સેનાને **સ્મા**લેનક નામક નગરમાં લડાઇને માટે તૈયાર કરી રહ્યો છે. આ વાત સાંભળી તેના આનંદનો પાર રહ્યો નહિ. તેણે ધાર્યું કે એકવાર યુદ્ધ થતાંની સાથેજ ઍલેક્ઝાંડર અશક્ત થઇ જશે. સમસ્ત રાત્રિ યુદ્ધની તૈયારીમાં વ્યતીત થઇ. પ્રાતઃકાળમાં ઉઠી **ને**પોલિયન આક્રમણ કરવાની આજ્ઞા આપવાની તૈયારીમાંજ હતો એવામાં તેણે રૂશિયન સેના પાછળ હઠે છે એવી વાત સાંભળી. રૂશિયન સેના **ને**પોલિયનને ભ્રમમાં નાંખીને સત્રે ને રાત્રેજ કેટલાક માઇલ સુધી પાછળ હઠી ગઈ હતી. આથી **ને**પોલિયનના હાથમાંથી વિજયનો અવસર નીકળી ગયો; એટલુંજ નહિ પરંતુ રૂશિયન સેના સંપૂર્ણ રીતે બચી ગઇ. હવે વિચારમાં સમય નહિ ખોતાં **ને**પોલિયને રૂશિયન સેનાની પૂંઠ પકડી. રૂશિયન સેના પણ નિરંતર પાછી હઠતીજ ગઇ. દરરોજ તે સેના પાછળ હઠવાનુંજ કાર્ય કરતી હતી. તે રાત્રે એક સ્થાનપર વિશ્રામ કરતી અને જ્યારે ફ્રેંચ સેના નિકટ આવી પહોંચતી ત્યારે પોતાના ગાંસડા પોટલા ઉઠાવીને આગળ ચાલી જતી. તેમજ રૂશિયન સેના જે જે સ્થાનમાંથી જતી હતી તે તે સ્થાનને ઉજ્જડ કરી નાંખીને જતી હતી. ખેતી તથા વસ્તીને સર્વથા નષ્ટ કરી નાંખવામાં આવતો હતો કે જેથી ફ્રેંચ સેનાને ભોજનાચ્છાદનાદિની પ્રાપ્તિ થઈ શકે નહિ.

ફ્રેંચ સેનાને યુદ્ધમાં અજીત સમજીને ઝારે નવાજ માર્ગનુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવલંબન કર્યું. તે નિશ્ચયપૂર્વક જાણતો હતો કે છ લાખ સેનાને માટે નેપોલિયન ઘેરથી ભોજન લાવી શકે નહિ, માટે યદિ તેને રૂશિયામાં લૂંટદ્વારા ભોજન નહિ મળે તો તેની સેના અવશ્ય ભૂખે મરી જશે. વળી તે એમ પણ જાણતો હતો કે યદિ તેને આ પ્રકારે ઘરબાર વગર ભ્રમણ કરતાં કરતાં શીતઋતુ પ્રાપ્ત થઇ જશે તોપછી તેની સેનાનું બચવું કઠિન થઈ પડશે. રૂશિયાની ઘોર તથા ઘાતક ઠંડીને ઝાર પીછાનતો હતો, કિંતુ તેને નેપોલિયન જાણતો નહોતો. આ વખતે ફ્રેંચ સેના કુચ કરતી હતી ત્યારે તેના એક ઘોડાનો પંજો સડકપર પડેલો જોઈ એક રૂશિયન લુહાર બોલી ઉઠયો હતો કે "યદિ આ સેનાને રૂશિયામાં શીતઋતુ પ્રાપ્ત થશે તો આ સેનામાંથી એક પણ આદમી બચીને જશે નહિ." મૂળ વાત એ હતી કે ફ્રાન્સની સેનાના ઘોડાના પગ નીચે નાળો નહોતી; અને રૂશિયાના બરફપર નાળ વિના કોઇ ઘોડો ચાલી શકતો નહોતો. આ તરફ ભોજનની તંગી અને પેલી તરફ શીતનું જોર—આ કારણથી ઝાર ખાત્રીપૂર્વક જાણતો હતો કે યદિ નેપોલિયનને રૂશિયામાં વિલંબ થશે તોપછી તેની કબર પણ રૂશિયામાંજ ખોદાશે. ઝારનું અનુમાન સાચુંજ નિવડયું. નેપોલિયનની મતિ તથા ભાગ્ય બદલાઈ ગયું; અને નેપોલિયનની પોતાની નહિ તો તેની સેનાની કબર તો રૂશિયામાંજ બની.

રૂશિયન સેના આગળ આગળ અને ફ્રેંચ સેના પાછળ પાછળ—આ પ્રકારે રૂશિયાની રાજધાની મૉસ્કો પર્યંત યાત્રા શરૂ થઇ. ઝાર સેનાનો ત્યાગ કરીને પ્રથમથીજ મૉસ્કો થઈ સેન્ટપિટર્સબર્ગમાં ચાલ્યો ગયો હતો. રૂશિયન સેનાપતિ કુટુસૉફ પોતાની સેનાને સંભાળી પાછળ હઠતો હતો. તેણે કેવળ એક સ્થાનપર છાવણી નાંખી. મૉસ્કવા નદિના તટપર બોરોડિનો નામક એક ગામ છે, તેજ સ્થાનપર રૂશિયન સેનાએ પોતાનો ઝુંડો રોપી દીધો. બીજે દિવસે યુદ્ધ થયું. યુદ્ધમાં વિજય નેપોલિયનને પ્રાપ્ત થયો. આ યુદ્ધ નેપોલિયનનાં મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ભયાનક યુદ્ધોમાંનુંજ એક હતું. ઉભય તરફની સેનાઓ સંખ્યામાં પ્રાયઃ સમાન હતી. રૂશિયન સેના પરમ આગ્રહ તથા ધૈર્ય સહિત નેપોલિયનની સામે થઈ. ફ્રેંચ સેનાને બોરોડિનોપર અધિકાર સ્થાપિત કરવાને માટે અત્યંત ઘોર સંગ્રામ કરવો પડયો. બન્ને તરફ મળીને પચાસ સાઠ સહસ્ર મનુષ્યોનો વધ થયો. ઉભય તરફના કેટલાક વીર-સેના નાયકો પણ માર્યા ગયા તથા આહત થયા. વિજયનો મુકુટ નેપોલિયનના મસ્તકપર સ્થાપિત થયો, પરંતુ આ વિજય નેપોલિયનના પરાભવ સમાન હતો. શત્રુ દેશના બરાબર મધ્ય ભાગમાં તેના ૨૫ વા ૩૦ સહસ્ર સૈનિકો માર્યા ગયા, કિંતુ શત્રુનો વિધ્વંસ થયો નહિ. શત્રુઓ રાત્રિના સમયે ધીમે ધીમે પાછળ હઠવા લાગ્યા. અંતે રૂશિયન સેના પાછળ હઠતી હઠતી રાજધાની મૉસ્કોથી પણ પાછળ હઠી ગઈ. નેપોલિયનની વિજયિની સેના ૧૪ મી સપ્ટેમ્બર ને દિવસે નગરમાં પ્રવિષ્ટ થઈ. આથી અધિક હર્ષનો પ્રસંગ નેપોલિયન તથા તેની સેનાને માટે હોઈ શકે નહિ, પરંતુ તેના મુખ તરફ દૃષ્ટિપાત કરો; એટલે આપને પ્રતીત થશે કે ત્યાં હર્ષના સ્થાનપર પરમ શોક છવાઈ રહ્યો છે. પ્રિય પાઠક ! આપને જિજ્ઞાસા થશે કે આ હર્ષના સમયમાં શોક કેવો ? સાંભળો.

આ યાત્રા યદ્યપિ વિજય યાત્રાના નામથીજ ઓળખાય છે. તથાપિ વસ્તુતઃ તો પ્રારંભથી અંત પર્યંત એ પરાજય યાત્રાજ હતી. રૂશિયન નરેશે વાપરેલી ચાતુર્યતા પ્રથમથીજ ફળવતી થવા લાગી હતી. જે દિવસે ફ્રેંચ સેનાએ નીમન નદી ઓળંગી તેજ દિવસથી ભોજનની ત્રુટિ અનુભૂત થવા લાગી હતી. માર્ગમાં અન્નની ન્યૂનતા તો હતીજ; અને તેની સાથે શીત પણ કાંઇક કાંઇક પોતાનો કરપ દર્શાવી રહી હતી. સેના પરમ સંકષ્ટમાં આવી પડી હતી. જે સિપાઇઓ માત્ર પગારના લાલચુ હતા તેઓ ચૂપચાપ ચાલતા થયા. શેષ સૈનિકોમાંથી કેટલાક ક્ષુધા અને પરિશ્રમથી મરણ પામ્યા અને કેટલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠોર શીતના બલિ થયા. આ દ્રશ્યો જોઇને કયા મનુષ્યનું મન પ્રસન્ન રહી શકે ? સેનાના કષ્ટથી સેનાનીઓ પણ વિચલિત થઈ ગયા. સેનાને સંભાળવાની કઠિનતા ઉપરાંત સેનાનીઓને પોતાના વિશ્રામ આદિની પણ ભારે તંગી હતી. મહારાજાને માટે તો ગમે તે પ્રકારે નિવાસ તથા ભોજનનો પ્રબંધ થઇ જતો હતો, કિંતુ અન્ય સર્વ અતિ કષ્ટમય સ્થિતિમાં હતા. આ કારણથી સર્વના મુખપર શોક છવાઈ રહ્યો હતો. સૈનિકો તથા સેનાનીઓના અસંતુષ્ટ રહેવાથી નેપોલિયનને પણ સંતોષ શી રીતે થઈ શકે ? આ માનસિક વ્યથાને વશ થઇ નેપોલિયન રાત્રે ઉંઘ પણ લેતો નહોતો. તેણે અનેક વેદનાઓ સહન કરી. આ યાત્રામાં પૅરિસથી એક દૂત તેની પાસે તેની રાણી તથા રાજપુત્રનાં ચિત્ર લાવ્યો હતો. તે જોઇને ક્ષણભર તો તેનું ચિત્ત કાંઈક પ્રસન્ન રહ્યું, કિંતુ શીઘ્રજ તે પુનઃ ચિંતારૂપી કૂવામાં પડવા લાગ્યો.

મૉસ્કોનગર પહોંચતાં સુધીમાં તો તેને અનેક આપદાઓ વેઠવી પડી, પરંતુ અંતે તે સેના સહિત નગરમાં પહોંચ્યો. સર્વના મનમાં કાંઈક કાંઈક આશાનો સંચાર થવા લાગ્યો. સર્વને લાગ્યું કે અત્યાર સુધી તો અમે ઘરબાર વિના રહ્યા, કિંતુ હવે અહીંઆં રહેવાને ઘર તથા ખાવાને અન્ન મળશે. અન્ય કાંઈ નહિ તો બેસવાની જગ્યો તો મળશેજ. સમસ્ત ફ્રેંચ સેના નગરમાં ચોતરફ વિખરાઇ ગઈ. નેપોલિયને રાજમહાલયપર અધિકાર સ્થાપિત કરી દીધો. ત્યાં તેની દરબાર ભરાવા લાગી. ચારે તરફ કાંઈક સંતોષ તથા વિશ્રામનાં ચિહ્નો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. બે રાત્રિ સમસ્ત સેના પરમ આનંદપૂર્વક સૂતી, કિંતુ ત્રીજા દિવસનો પ્રભાત થતાંજ તેને પોતાના ભાગ્યનો પ્રાસાદ દગ્ધ થતો દૃષ્ટિગોચર થયો. નેપોલિયને બારી ખોલીને જોયું તો ઝારના પ્રાચીન નગરનાં કેટલાંક સ્થાનો બળી રહ્યાં હતાં. ચોતરફ આગ અને આગનાંજ દૃષ્યો દૃષ્ટિગોચર થતાં હતાં. આગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્રહ્ધિંગત થતી ગઇ; અને સમસ્ત સેનાને તથા નેપોલિયનને શહેર છોડી પુનઃ મેદાનમાં તંબુ નાંખવા પડયા. આ વાતમાં લેશ પણ શંકા નથી કે આ વખતે મૉસ્કો નગર છોડતી વખત ફ્રેંચ સેનાના પ્રત્યેક સિપાઈનું હૃદય નિરાશારૂપી અંધકારમાં ડૂબી રહ્યું હતું. નેપોલિયન પણ પ્રસ્તુત ભયાનક આગની ઉપર એકત્રિત થતા ધૂમ્રમાં પોતાની ઉપર ભવિષ્યત્માં આવી પડનારી વિપત્તિઓનાં દૃશ્ય જોઇ રહ્યો હતો. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી મૉસ્કો બળતું રહ્યું. જ્યારે આગ બુઝાઈ ગઈ ત્યારે પ્રતિત થયું કે પુરાણા મહાન નગરનો સોમો હિસ્સો પણ હવે શેષ રહ્યો નથી. રૂશિયાના ઝારની રાજનીતિનું આ અંતિમ અંગ હતું તથા સ્વાતંત્ર્ય રક્ષાર્થ અંતિમ તથા ભારે સ્વાર્થ ત્યાગ હતો. રાજનીતિના આ એક કાર્યે રૂશિયાના ડૂબતા જહાજને બચાવી લીધું; એટલુંજ નહિ પરંતુ નેપોલિયનના પ્રકાશમાન કીર્તિ દિવાકરને પણ આપત્તિના વાદળમાં ઘેરી લીધો.

મૉસ્કો બળી જવાથી ફ્રેંચ સેનામાં નિરાશા તથા ઉદાસીનું પૂર્ણ આધિપત્ય સ્થાપિત થઈ ગયું. જે પાંચ લાખની સેનાએ થોડા દિવસ પૂર્વે નીમન નદીનું ઉલ્લંઘન કર્યું હતું તેમાંથી પ્રાયઃ બેલાખ સિપાઇઓજ હવે શેષ રહ્યા હતા. શેષ સર્વ કાળના ગ્રાસમાં વિલીન થઇ ગયા હતા. આ બે લાખને પણ ભોજન આચ્છાદનાદિને માટે કાંઇ મળતું નહોતું. સમસ્ત સેના પરમ કરૂણા યોગ્ય દશામાં પડી હતી. સેનાની લોકો પણ કષ્ટ અને વેદનાથી વિહ્વલ બની રહ્યા હતા. આપત્તિઓની લહરોના સપાટા ખાતો ખાતો નેપોલિયન હવે કર્ત્તવ્ય મૂઢ બની ગયો હતો. આ સમસ્ત યાત્રામાં નેપોલિયનની બુદ્ધિ ઠેકાણે નહોતી એ વાર્તા નિઃસંદેહ છે. તેની બુદ્ધિ ઠેકાણે નહોતી એ વાતનું પ્રથમ પ્રમાણ આ યુદ્ધનો આરંભ હતો. તેવા અનેક ગુપ્ત શત્રુઓ હોવા છતાં તેણે આવડો મોટો એક બીજો શત્રુ બનાવી લીધો. એ વાત પ્રકટ કરી રહી હતી કે વિજેતાની બુદ્ધિ ચલાયમાન બની ગઇ હતી—હવે તે અસ્થિર થઈ ગઈ હતી. તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્કલ ઠેકાણે નહિ રહેવાનું બીજું પ્રમાણ એ હતું કે તે આ યાત્રામાં પ્રારંભથીજ અતિ ધીમી ચાલથી ચાલી રહ્યો હતો. તે એક એક સ્થાનપર પંદર પંદર દિવસ સુધી થોભીને આરામ લેતો હતો અને રૂશિયનોને પોતાની ચુંગાલમાંથી ક્ષેમકુશળ નાસી જવાને માટે અવકાશ આપતો હતો. આગામી શીત તથા કૉઝૅક રાક્ષસોનો લેશ પણ વિચાર નહિ કરી રૂશિયાના ગર્ભમાં આટલી બધી વાર સુધી ઘુસી રહેવું એ તેના બુદ્ધિમાન્ધનું ત્રીજું પ્રમાણ હતું. મૉસ્કો બળીને ભસ્મીભૂત થયું હતું; અને તેના મહાલયોની સાથે ફ્રેંચ સેનાના વિશ્રામની આશા પણ ખાખમાં મળી ગઇ હતી. આ અવસ્થામાં નેપોલિયનને માટે માત્ર બેજ રસ્તા ખુલ્લાહતા. મૉસ્કોથી પણ આગળ વધી સેંટપીટર્સબર્ગપર આક્રમણ કરવું હતું, અને ઝારને ત્યાંથી પણ હાંકી કાઢી રૂશિયાનો વિજય પૂરો કરવો હતો; યા તો બીજો રસ્તો તેને માટે એ હતો કે તેણે જેમ બને તેમ શીઘ્ર પાછે પગલે ફ્રાન્સ ચાલી જવું હતું, કિંતુ તેણે આ ઉભય માર્ગોમાંથી એકનું પણ અવલંબન કર્યું નહિ. તેના સેનાનીઓ આગળ જવાના સંબંધમાં અસમ્મત હતા; તેથી તે આગળ વધ્યો નહિ, અને સીધા પાછા ફરવું તે અપમાન જનક સમજતો હતો; તેથી તે પાછો પણ ફર્યો નહિ. આ બે માર્ગો છોડી તેણે ત્રીજાજ માર્ગનું અવલંબન કર્યું. ભસ્મ થયેલા નગરમાં જે મકાનો શેષ રહ્યાં હતાં તેમાંજ તેણે એક માસ પર્યંત મૂકામ રાખ્યો. આ એક માસના વિલંબનું ફળ એ આવ્યું કે તે પાછો ફરવા લાગ્યો એટલામાં અત્યંત ભયાનક શીતઋતુ આવી પહોંચી.

નેપોલિયનના જીવન ચરિત્રના લેખકો પૈકી ઘણાનો અભિપ્રાય એવો છે કે આ સમયથી થોડા સમય પૂર્વેથીજ નેપોલિયનની માનસિક તથા શારીરિક શક્તિઓનો હ્રાસ થવા લાગ્યો હતો, અથવા બીજા શબ્દોમાં કહી શકીશું કે તેની મહત્વાકાંક્ષાઓ તેની શક્તિઓથી ઘણી મોટી થઇ ગઈ હતી. આ અભિપ્રાયમાં ઘણો સત્યાંશ પ્રતિત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ યાત્રાનું સાદ્યન્ત વૃત્તાંત આ અભિપ્રાયની પુષ્ટિને અર્થે ઉપસ્થિત કરી શકાય છે. આ યાત્રામાં નેપોલિયને જે ભૂલો કરી હતી તેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે, કિંતુ હજી પણ તે ભૂલોનો અંત આવ્યો નથી. મૉસ્કોમાં એક માસ પર્યંત નિશ્ચેષ્ટ બેસી રહેવાની ભૂલ કર્યા પશ્ચાત્ તેણે ફ્રાન્સ તરફ પાછા ફરવાનો દૃઢ વિચાર કર્યો. ૧૮મી ઑક્ટોબરને દિવસે તેણે પાછા ફરવાનો પ્રારંભ કર્યો. પાછા ફરવું એ સ્પષ્ટ પરાજયનું ચિહ્ન છે. આ ચિહ્નને છુપાવવાને માટે નેપોલિયને એક નવાજ માર્ગનું અવલંબન કર્યું. સીધો રસ્તો છોડી તેણે એક વાંકો રસ્તો ગ્રહણ કર્યો. વાંકો રસ્તો ગ્રહણ કરવામાં ઉક્ત એક અતિરિક્ત બીજા પણ કેટલાક ઉદ્દેશ હતા. તેને આશા હતી કે આ નવિન વક્રમાર્ગમાં તેની સેનાને ખાવા પીવાનો સામાન સારો મળી શકશે, કિંતુ ઉક્ત વક્રમાર્ગે વિલંબ કરાવ્યા સિવાય બીજો કોઈ પણ લાભ ફ્રેંચ સેનાને પહોંચાડયો નહિ. આ રસ્તામાં નેપોલિયન થોડે દૂર સુધી ગયો એટલામાં તેને એવા સમાચાર મળ્યા કે આગળ રૂશિયન સેના અતિ પાકા દુર્ગ બાંધીને તેની સામે થવાને તૈયાર થઈ રહી છે. રસ્તો સાફ કરી આગળ વધવું અશક્ય ધારી તેણે પુનઃ સીધા રસ્તાથીજ પ્રયાણ કરવા માંડયું.

આ સમયથીજ તે ઇતિહાસ પ્રસિદ્ધ દુઃખમય નાટકનો પ્રારંભ થયો છે કે જેની તુલના ઇતિહાસમાં મળવી કઠિન છે. એ યાત્રા નહોતી, પરંતુ દુઃખમય જગતમાં વિચરણ હતું. યાત્રારંભ થતાંની સાથેજ કઠોર શીતે પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કર્યું. રાત્રિના સમયે ભયંકર વાયુ ઘણા જોરથી ચાલવા લાગ્યો. રસ્તામાં ચોતરફજ બરફજ બરફ થઇ રહ્યો અને લીલાં પત્રોનો તો કયાંય પણ પત્તો લાગતો નહોતો. દિવસના સમયે ભોજન મળવું મુશ્કેલ હતું અને રાત્રે શીતથી બચવું કઠિન હતું. શીત અને ક્ષુધાથી સૈનિકો ચપોચપ મરવા લાગ્યા. શીત અને ક્ષુધાએ નાંખેલી વિપત્તિની અંશમૂર્તિને માટે રૂશિયન સેનાના કૉઝૅક રાક્ષસો ફ્રેંચ સેનાની આસપાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘૂમી રહ્યા હતા. એ નિર્દય યોદ્ધાઓ અકસ્માત રાત્રિના સમયે છાપો મારતા, અને જેટલા સિપાઇઓ મળતા તેમને મારી નાંખતા; અથવા તેમને નગ્ન બનાવીને શીત તથા વાયુની કરૂણાપર છોડી દેતા. ગામડાંના કૃષિકારો પણ પોતાના દેશપર આક્રમણ કરનારપર પૂરેપૂરો બદલો લેવાને ઉદ્યુત થયા. તેઓ જ્યાં જ્યાં ફ્રેંચ સિપાઇને એકલા અટુલા જોતા ત્યાં ત્યાં તેમને જેષ્ટિકા પ્રહારથી પૂરા કરતા.

આ અકથનીય દુર્દશા સહન કરતી કરતી ફ્રેંચસેના ઘર તરફ ચાલવા લાગી. સર્વથી આગળ મહારાજા પોતાની રક્ષકસેનાસહિત જતા હતા. શેષ સમગ્ર સેના તેમની પાછળ પાછળ ચાલતી હતી; અને તેમની રક્ષાને માટે સેનાપતિ ને તથા ડિવૂને નિશ્ચિત કરવામાં આવ્યા હતા. સેનાપતિ ડિવૂ તો થોડા દિવસ પછી આગલી સેનાની સાથે મળી ગયો; કિંતુ માર્શલ ને સમસ્ત સેનાની પૃષ્ઠરક્ષાનું કાર્ય અંત પર્યંત કરતો રહ્યો. આ સેનાપતિને જે જે કઠિનતા સહન કરવી પડી તેનું અનુમાન કરવું પણ દુષ્કર છે. શત્રુની સેના હવે એક લાખથી ઓછી નહોતી. જે રૂશિયન સેના ધસી આવતી નદીની સામે પલાયન કરી ગઇ હતી; તે હવે તેને પાછી ફરતી જોઈને તેની પૂઠ પકડવા લાગી. દીનદશામાં પડેલી ફ્રેંચસેનાને પાછળથી હડસેલવાને માટે આ સમયે ઓછામાં ઓછા એક લાખ રૂશિયન સિપાઈઓ આવી પહોંચ્યા હતા. તેઓ કેવળ શત્રુ સૈન્યને ધકેલતાજ નહોતા, પરંતુ કોઇ કોઇવાર તો આગળ આવીને તેનો માર્ગ પણ બંધ કરી દેતા હતા. કેટલીકવાર તો ફ્રાન્સના પાંચસેં સિપાઇઓ શત્રુના પચાસ પચાસ સહસ્ત્ર સિપાઇઓથી ઘેરાઇ જતા હતા, પરંતુ તેઓ સાહસ તથા પરિશ્રમ કરીને કોઇને કોઈ રીતે બહાર નીકળીજ જતા હતા. સેનાપતિ ને સૌથી વિશેષ મુશીબતમાં હતો. તેને પૃષ્ઠરક્ષાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. જ્યાં સુધી આગલી સમસ્ત સેના અત્યંત આગળ નીકળી નહિ જાય ત્યાં સુધી શત્રુઓને રોકી રાખવા એજ તેનું કાર્ય હતું. આ કાર્ય કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કોઈ કોઇવાર પચાસ સાઠ આદમીઓની સાથે બંદુક હાથમાં લઇ ત્રીસ ત્રીસ સહસ્ત્ર સિપાઈઓની સામે થતો હતો. એકવાર તે સમસ્ત સેનાથી ઘણો પાછળ રહી ગયો. તેની તથા ફ્રેંચ સેનાની વચ્ચે પચાસ સહસ્ત્રથી અધિક શત્રુસૈન્ય હતું. તે શત્રુ સેનાને ચીરીને પોતાના સાથીઓને મળવા ઇચ્છતો હતો, પરંતુ આ કાર્ય કરવાને માટે તેની પાસે કેવળ ૫ સહસ્ત્ર મુડદાલ અને પરિશ્રમિત યોદ્ધાઓ હતા. એક સાધારણ સેનાપતિ આવા પ્રસંગે નિરાશ બની નિશ્ચેષ્ટ થઈ જાય, કિંતુ સિંહ સમાન **ને** એ સાહસ છોડયું નહિ અને તેણે શત્રુસૈન્યમાં ઘસી જવાનો ઉપક્રમ કર્યો. રૂશિયન સેનાપતિ **ને**ની આ વીરતા જોઇને દંગ થઇ ગયો; અને તેણે વીરોચિત સૌજન્ય પ્રકટ કરવાને માટે પોતાનો દૂત સેનાપતિ **ને**ની પાસે મોકલ્યો. દૂતે આવી માર્શલને પોતાના સેનાપતિનો સંદેશો કહ્યો. સંદેશામાં કહેવામાં આવ્યું કે: " હું જાણું છું કે આપ પરમવીર તથા સાહસિક સેનાપતિ છો. હું આપના આ ગુણોનો પરમ ભક્ત છું. કિંતુ આ સમયે તમે એવી ખરાબ રીતે ઘેરાઈ ગયા છો કે તમારી પાસે બચવાનો કાંઇ પણ ઉપાય નથી. તમારી સામે આ સમયે પચાસ સહસ્ત્ર સેના પડી છે. યદિ મ્હારા કથન-પર આપને વિશ્વાસ ન હોય તો આપના એક સિપાઇને મોકલો, તે સર્વ હાલ જોઇ આવશે. " શત્રુના સેનાપતિના આ સંદેશાનો ઉત્તર સેનાપતિ **ને** એ એવો આપ્યો કે " જાઓ, તમારા સેનાપતિને કહી દો કે હું તેની સેનાને કાંઇ વિસાતમાં ગણતો નથી અને અવશ્ય તેની પાર નીકળી જઈશ. "

યુદ્ધ શરૂ થયું. **ને** પોતાના પાંચ સહસ્ત્ર યોદ્ધાઓ સહિત પચાસ સહસ્ત્ર સિપાઇઓના ખળભળતા સમુદ્રમાં ઘૂસી ગયો. તેની ઉપર તોપોનાં મુખ ખોલી નાંખવામાં આવ્યાં. ચોતરફ પહાડ હતા. પહા-ડની પ્રત્યેક કંદરાએ અગ્નિકોષનું રૂપ ધારણ કરી લીધું. ફ્રેંચ સેના ભુંજાઈ જવા લાગી. **ને** આગળ વધતોજ ગયો. ગોળાઓની વૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકાધિક પ્રબળ બની પણ ફ્રેંચસેના તો અત્યંત વેગથી આગળ વધવા લાગી. વેગથી ચાલતી ચાલતી તે શત્રુ સૈન્યના બરાબર મધ્ય ભાગમાં આવી પહોંચી. માર્શલ **નેએ** પાછળ દૃષ્ટિપાત કર્યો તો તેને કેવળ પોતાના પાંચસેં સિપાઇઓ દ્રગોચર થયા, ચાર સહસ્ર પાંચસેં સિપાઇઓ ભૂતલશાયી થઈ ચૂક્યા હતા, કિંતુ તે છતાં પણ તેણે સાહસ કરી પાછળથી આંખ હઠાવી લીધી અને બંદુક ચઢાવી આગળ ધસવા માંડયું. અકસ્માત્ શત્રુની તોપોનાં મુખ બંધ થઈ ગયા અને શ્વેત ઝુંડો દૃષ્ટિગોચર થયો. થોડીવારમાં એકદૂતે આવી સેનાપતિ **નેને** શસ્ત્ર મૂકી દેવાને કહ્યું. આ કથનનો જે ઉત્તર માર્શલ **ને** એ આપ્યો હતો તે ચિરસ્મરણીય છે. તેણે કહ્યું:—

'ફ્રાન્સનો સેનાપતિ મરવાની વાત જાણે છે, પરંતુ શસ્ત્ર મૂકવાની વાત જાણતો નથી.'

આ ઉત્તર મળવાથી રૂશિયન સેનાએ પુનઃ તોપોનાં મુખ ખોલી દીધાં. સેનાપતિ **નેએ** હવે આગળ વધવાને બદલે પાછળ હઠવા માંડયું. ધીમે ધીમે પાછળ હઠી તથા શત્રુ સૈન્યમાંથી બહાર નીકળી તે એક બીજાજ નિર્જન માર્ગદ્વારા આગળ આવી ફ્રેંચ સેનામાં જઇ મળ્યો, જ્યારથી સેનાપતિ **ને** પાછળ રહી ગયો હતો ત્યારથી **નેપોલિયનને** ચ્હેન પડતું નહોતું. તે રાત્રિદિવસ એ પુરૂષસિંહની ખોજમાં રહેતો હતો. જ્યારે તેના સાંભળવામાં આવ્યું કે તેનો સમ્માનિત સેનાપતિ પોતાની વીરતા તથા ધીરતાથી આવડા મોટા શત્રુદળની આંખમાં ધૂળ નાંખીને ચાલ્યો આવ્યો છે ત્યારે તે આસનપરથી ઉઠીને તેનું સ્વાગત કરવાને માટે આગળ ગયો; અને તેની સ્કંધપર હાથ મૂકીને તેને 'વીરોમાં વીરતમ' ની ઉપાધિ આપી.

૨૩ દિવસ પર્યંત બરાબર આજ પ્રકારની દુઃખયાત્રા ચાલી. સેનાપતિઓ અને મહારાજા એમાંથી કોઇ પણ દુઃખરહિત નહોતા. સિપાઈઓની સંખ્યા પ્રતિદિન ઘટતી જતી હતી. **મૉસ્કોથી પ્રાયઃ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે લાખ સૈનિકો પાછા ફરવા લાગ્યા હતા, કિંતુ આ સમયે સમગ્ર ફ્રેંચ સેનામાં ત્રીસ સહસ્રથી અધિક સિપાઇઓ નહોતા. સમસ્ત સેનાપતિઓ પણ પરિશ્રમિત અને અસંતુષ્ટ હતા. નેપોલિયનને સેનાની આ ચિંતા અતિરિક્ત બીજી પણ કટલીક ચિંતાઓ વળગેલી હતી. તેને માર્ગમાંજ ખબર મળી કે તેને આ કલેશોમાં પડેલો જોઇને પ્રશિયાએ પુનઃ પોતાનું મસ્તક ઉન્નત કર્યું છે. તેના જીતેલા અન્ય દેશો કે જે માત્ર સમયની પ્રતીક્ષા કરતા હતા તેઓ પણ પોત પોતાની કમ્મર કસી રહ્યા હતા. આ સર્વ શત્રુઓની તૈયારી અતિરિક્ત પૅરિસમાં પણ એક એવી ઘટના બની કે જેથી નેપોલિયનની ચિંતા બમણી વધી ગઈ. મૅલેટ નામના એક મનુષ્યે શહેરમાં એવી અફવા ફેલાવી કે મહારાજા રૂશિયામાં માર્યા ગયા છે. વળી તેણે પોતાના કેટલાક સાથીઓ સહિત કેદખાનાઓપર આક્રમણ કર્યું; તેમાંથી કેટલાક કેદીઓ છોડાવ્યા અને તેમની સાથે શહેરમાં ધાંધલ મચાવવા માંડયું. શહેરની પોલીસને શીઘ્ર આ વાતની ખબર પડી; અને તેણે મૅલેટને તેના સાથીઓ સહિત પકડી વિદ્રોહ શાંત કરી દીધો. આ ઘટના યદ્યપિ સ્વયં કાંઇ મોટી ઘટના નહોતી; તથાપિ એપરથી નિદાન એટલું તો અવશ્ય સિદ્ધ થતું હતું કે નેપોલિયનના મસ્તકપર હજી મુકુટ સ્થિર થયો નથી—હજી તે નાનાસરખા વ્યત્યયથી પણ હાલી જાય છે. તેની સાથે આ વાતે એટલું પણ સ્પષ્ટ કરી દીધું કે લોકો હજી નેપોલિયનના પુત્રને તેનો ઉત્તરાધિકારી ગણતા નથી. તેના મરણના સમાચાર સાંભળી તેની રાણી અથવા તો પુત્રની તરફ નહિ જોતાં લોકોએ વિદ્રોહ તરફ આંખ ઉઠાવી; એ બનાવ આ વાતનો સ્પષ્ટ સાક્ષી છે.

આ ઘટના તથા પ્રશિયાની તૈયારીઓનું વૃત્તાંત સાંભળી નેપોલિયને શીઘ્રજ પૅરિસ તરફ પાછા ફરવાનો વિચાર કર્યો. પોતાની સેનાને નેપલ્સ નરેશ સેનાપતિ મૂરાના આધિપત્ય નીચે છોડી પાંચમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવેમ્બરને દિવસે તે ત્રણ મંત્રીઓની સાથે પૅરિસ તરફ પ્રસ્થિત થયો. તેના ગમન પછી સેનાની દશા વિશેષ બૂરી થઈ પડી. ઠંડી ઘણી વધી પડી. તાપ માપકનો પારો શૂન્યથી પણ ૬૦ અંશ નીચે ચાલ્યો ગયો હતો. સેનાનું કષ્ટ અપરિમેય હતું. નેપોલિયનના ગમને ઘાવપર મીઠાનું કામ કર્યું. આખી સેનાએ તેના ગમનને વિશ્વાસ-ઘાતનું કાર્ય ગણ્યું. આ પ્રકારે દ્વિગુણિત દુઃખવાળી નિઃસહાય સેના ધીમે ધીમે પાછી ફરવા લાગી સેનાપતિ ને પોતાના અદમ્ય સાહસથી શત્રુનો પ્રતિરોધ કરતો રહ્યો. અંતે અનેક કષ્ટો સહન કરી અને વિપત્તિ સાગરને પાર કરી તે કમનશીબ સેના ૧૩ મી ડિસેમ્બરને દિવસે નીમન નદીને પાર આવી. નીમન નદી ઓળંગતાંની સાથેજ તે શત્રુના દેશમાંથી બહાર નીકળી. સેનાપતિ ને નીમન નદી ઓળંગનારાઓમાં સૌથી અંતિમ પુરૂષ હતો. જ્યારે સમગ્ર સેના નદીને પાર કરી ગઈ ત્યારે તે પૂલ પર આવ્યો. તેણે પોતાના હાથમાંથી બંદૂક નદીમાં ફેંકી દીધી અને સ્વયં કપડાં ખંખેરી પાર નીકળી ગયો.

તૃતીય પરિચ્છેદ—જય અને પરાજય.

परैरपर्य्यासित वीर्य्यसम्पदां पराभवोऽप्युत्सव एव-मानिनाम् । भारविः

'જે માની લોકોનું બળ પરાજિત થયું નથી, તેઓ યદિ પરાભવને પ્રાપ્ત થઈ જાય; તોપણ તેમને માટે શોકનું સ્થાન નથી.'

ભારવિ.

મનુષ્ય અસાધારણ કાર્ય કરી શકે છે, કિંતુ તે અસંભવિત કાર્ય કરી શકતો નથી. જે કાર્યો આધ્યાત્મિક તેમજ ભૌતિક નિયમોથી પર છે, તેને કોઈ પણ કરી શકતું નથી. મનુષ્ય પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસાધ્યને સાધ્ય બનાવી શકતી નથી, તોપછી અલ્પશક્તિ મનુષ્યને માટે તે કેવી રીતે સંભવિત હોય ? નેપોલિયને અસાધ્ય કાર્ય કરવાનો યત્ન કર્યો અને તે પાર પડયો નહિ. તે પ્રાકૃતિક શક્તિઓની સામે માનુષિક શક્તિઓથી બાથ ભીડવા માગતો હતો; અને તેથી તેને જબરદસ્ત ધક્કા સહન કરવા પડયા. પ્રથમ ધક્કાનું વૃત્તાંત પાઠકો વાંચી ચૂક્યા છે. હવે નેપોલિયનને માટે ચેતવાનો સમય હતો, તેની સૈનિક તથા શારીરિક શક્તિઓનો હ્રાસ થઇ ચૂક્યો હતો, માટે તેણે થોડા દિવસ સુધી પોતાની જાતને તૈયાર કરવી હતી. જો તે તેમ કરત તો પોતાના પૂર્વ ગૌરવ પ્રાપ્ત કરી શકત.

કિંતુ ઉપર જણાવવામાં આવ્યું છે તેમ અતુલ શક્તિએ તેની સાધ્યાસાધ્ય અને સંભવાસંભવમાં ભેદ કરવાની બુદ્ધિને નષ્ટ કરી દીધી હતી. હવે તે સંભવિત શું છે અને અસંભવિત શું છે તે ઓળખી શકતો નહોતો. રૂશિયન વિપત્તિ પછી તેને માટે કોઈ પણ મોટા યુદ્ધમાં વિજયી થવું અશક્ય હતું. પોતાની અસામાન્ય શક્તિઓથી તે ભલે ક્ષણિક વિજય પ્રાપ્ત કરી લે; કિંતુ શત્રુ સંખ્યાની સામે તેની શક્તિ ઉપહાસ્ય હતી. યૂરોપમાં એવો કયો મોટો નરેશ હતો કે જેના દિલમાં તેને માટે બળતરા નહોતી ? એવો કયો શાસક હતો કે જેની આંખમાં તે કાંટાની પેઠે ખૂંચતો નહોતો ? રૂશિયા, પ્રશિયા અને ઑસ્ટ્રિયાની રાજધાનીઓનું દલન કરીને તે ઉક્ત દેશોના શાસકોનો પ્રાણાન્ત શત્રુ બની ચૂક્યો હતો. તેમનાં દિલમાં તે પરાજય દ્વેષથી ઉત્પન્ન થનારી અગ્નિજ્વાળા ઉદ્ભૂત કરી ચૂક્યો હતો. જ્યાં સુધી તે આકાશના મધ્ય ભાગમાં દેદીપ્યમાન હતો ત્યાં સુધી સર્વ ચૂપ હતા, કિંતુ જ્યાં વિપત્તિએ તેને કાંઈક નીચે ઉતાર્યો કે તરતજ તે સર્વ દગ્ધ હૃદયો પોતપોતાનો બદલો લેવાને તેની ઉપર તૂટી પડશે—એ વાત સ્પષ્ટજ હતી. ઇંગ્લાંડે તો નેપોલિયનની વિરૂદ્ધ કસમજ બાંધી હતી, તે તેનો ક્ષય કરનારની ઉપર પોતાનું સર્વસ્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓવારી નાંખવાને તૈયાર હતું. આ પ્રકારે યૂરોપની સમસ્ત મોટી શક્તિઓ વિરૂદ્ધ હોવા છતાં નેપોલિયનનું વિજયી રહેવું માત્ર એ અવસ્થામાંજ સંભવિત બની શકે એમ હતું. યાતો તેની સૈનિકશક્તિ પૂર્વવત્ અદમ્ય રહેત અથવા તો હવે તે શસ્ત્ર યુદ્ધ છોડી રાજનીતિ યુદ્ધનો આશ્રય લેત; અને શત્રુઓને સંધિદ્વારા વશ કરી લેત, તો તે વિજયી રહેત. પ્રથમ સાધન સ્પષ્ટ દ્રષ્ટયા વિનિષ્ટ થઇ ચૂકયું હતું; માટે બીજા સાધનનું અવલંબન આવશ્યક હતું; પરંતુ જે દુર્ભાગ્યથી પ્રેરાઇને તે રૂશિયાના બરફમાં ગળી જવાને દોડી ગયો હતો; તેણે તેને બીજા માર્ગનું અનુસરણ કરવા દીધું નહિ. હવે આ અવસ્થામાં તેણે પોતાના ઉલટા ભાગ્યનું મુખ તલવારદ્વારાજ ફેરવવા ધાર્યું. આ અસંભવિત કાર્ય કરવાનો યત્ન હતો. નેપોલિયને ગર્વિત હૃદય-રહિત આ અસંભવિત કાર્ય કરવાનો યત્ન કર્યો. આગામી એક વર્ષનો ઇતિહાસ આ અસાધ્યને સાધ્ય બનાવવાની ચેષ્ટાનું વૃત્તાંત છે.

અસાધ્યને સાધ્ય બનાવી શકાતું નથી, તેથી નેપોલિયન પણ પોતાની ચેષ્ટાઓમાં નિષ્ફળ થયો; કિંતુ આ વાતમાં જરા પણ સંદેહ નથી કે આગામી એક વર્ષના ઇતિહાસમાં આપણને જે વીરતા અને ધૈર્યનું વર્ણન પ્રાપ્ત થશે; તેની ઉપમા ઇતિહાસમાં અન્યત્ર મળવી કઠિન છે. નેપોલિયન પોતાની મૂઠીભર સેના અને થોડાક સેનાપતિઓની સાથે જે રીતે એક વર્ષ પર્યંત પોતાના અગણનીય શત્રુઓનો પ્રતિ-રોધ કરતો રહ્યો; અને તેમની છાતી વીંધતો રહ્યો તેને વાંચી અને સ્મરણ કરી ચિત્ત એમજ સમજવા લાગે છે કે 'નેપોલિયને અસં-ભવિતને સંભવિત કરી દેખાડયું છે'. નેપોલિયનના સમસ્ત ઇતિહાસ લેખકો એકમતે જણાવે છે કે તેના બાર વર્ષના વિજયો આ એક વર્ષના વિજયોની સામે તુચ્છ છે. તે અસંભવિતને સંભવિત કરવા માગતો હતો, તે માટે આપણે તેને ગાંડો કહી શકીએ છીએ; અને તે પોતાની તથા ફ્રાન્સની સત્તાને માટે લડતો હતો તે માટે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની સત્યતામાં સંદેહ કરી શકીએ છીએ. આપણે ધારીએ તો આ સર્વ કાંઈ કરી શકીએ છીએ, કિંતુ તેની વીરતા તથા અસાધારણ પ્રતિભામાં સંશય કરવો એ આપણે માટે અશક્ય છે.

આટલી સામાન્ય ભૂમિકા પછી અમે આ ચરિત્રનો પુનઃ આરંભ કરીએ છીએ. રૂશિયન વિપત્તિએ નેપોલિયનના શત્રુઓની દબાયેલી ગરદન કાંઈક ઉન્નત કરી દીધી. જે પરાજિત નરેશો તેને અદમ્ય સમજીને અત્યાર સુધી દબાઇને બેઠા હતા, તેમને હવે પ્રતિત થયું કે નેપોલિયન અદમ્ય નથી. તેની સાથે તેમને એ પણ જ્ઞાત થઇ ગયું કે હવે તેની પુરાણી સેના નષ્ટપ્રાય થઈ ચૂકી છે, હવે તેની સેનાનો યત્કિંચિત્ ભાગજ માત્ર શેષ રહ્યો છે. આ મસ્તક ઉંચકવાનો સમય હતો. જ્યારે હજી નેપોલિયન રૂશિયાના મેદાનોમાં શીત તથા કૉઝેકોના પ્રહાર ખાઈ રહ્યો હતો, તેજ સમયથી પ્રશિયાનો નરેશ સચેષ્ટ થઈ ગયો હતો. તે અન્ય નરેશોની અપેક્ષા નેપોલિયનથી અધિક બળી રહ્યો હતો. રૂશિયન વિપત્તિનું વૃત્તાંત સાંભળતાંની સાથેજ તેણે પોતાનો પરાજય ધોઇ નાંખવાનો નિશ્ચય કર્યો. આવો નિશ્ચય થતાંજ પ્રશિયાની સેના સજ્જ થવા લાગી. તેની તૈયારીમાં ઇંગ્લાંડના દ્રવ્યે વિશેષ મદદ કરી. તક જોઈ બ્રિટિશ કૅબિનેટે પુનઃ પીળા જાદુગરની (સુવર્ણનાં નાણાની) જાળ ફેલાવવાનો પ્રારંભ કર્યો. પ્રશિયા આ જાળમાં સૌથી પહેલાં ફસ્યું. ઑસ્ટ્રિયાને પીતમૂર્તિ (સુવર્ણમુદ્રા) બતાવવામાં આવી, પરંતુ કેટલાંક કારણોથી તેણે હમણાં પ્રત્યક્ષ વિરોધ આઘોષિત કર્યો નહિ. આટલી શીઘ્રતાથી પોતાના જામાતાની વિરૂદ્ધ કાંઈ પણ વિશેષ કારણ વિના શસ્ત્ર ઉઠાવવું ઑસ્ટ્રિયન નરેશને ઠીક લાગતું નહોતું. વળી તેની સેના હાલ યુદ્ધને માટે તૈયાર પણ નહોતી. હજી વાગ્રામનો આઘાત પણ સંપૂર્ણ રીતે રૂઝાયો નહોતો.

જ્યાં નેપોલિયન રૂશિયાની સીમા ઉલ્લંઘી જર્મનીમાં આવ્યો કે તરતજ ઍલેક્ઝાંડર પણ સેંટપિટર્સબર્ગ છોડી તેનીજ તરફ રવાના થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયન પૅરિસમાં આવી પહોંચ્યો અને ઝાર સેનાસહિત જર્મનીમાં આવ્યો. એલેક્ઝાંડરે હવે એવો નિશ્ચય કરી લીધો કે કાંતો તે સ્વયં રાજ્યચ્યુત થશે અથવા તો તે નેપોલિયનને આસન ચ્યુત કરશે. આ ઉદ્દેશની પૂર્તિને માટે નેપોલિયનને નવિન સેના તૈયાર કરવા નહિ દેવી; તથા જેમ બને તેમ શીઘ્ર તેની ઉપર આક્રમણ કરવું, તેને આવશ્યક પ્રતિત થતું હતું. તે નેપોલિયનની ગાડીની પાછળ પાછળ પોતાની સેના સહિત જર્મનીમાં આવી પહોંચ્યો. ત્યાં પ્રશિયન નરેશ તથા ઝારે મળીને યૂરોપના આતતાયી (નેપોલિયન) નો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી. ઑસ્ટ્રિયાને પણ આ એકસંપીમાં મળવાની પ્રાર્થના કરવામાં આવી, કિંતુ તેણે હમણાં ઉદાસીન રહેવાની ઇચ્છા પ્રકટ કરી. ઇંગ્લાંડ તો નેપોલિયનના શત્રુઓનો સદાનો સાથી જ હતો, તેથી તે આ પ્રસંગે પણ તેમની સાથે મળી ગયું. આ ત્રણે દેશોની સમ્મિલિત શક્તિઓએ ફ્રાન્સની સીમા પ્રત્યે પ્રસ્થાન કર્યું.

આ સમ્મિલિન શક્તિઓમાં સમસ્ત સૈનિકોની સંખ્યા ચાર લાખથી ઓછી નહોતી, કિંતુ ફ્રાન્સના સમ્રાટ્‌ના નામનો ધાક એવો હતો કે હજી પણ તઓ પોતાની સેનાને પૂરતી સમજતા નહોતા. હજી પણ તેમને વિશ્વાસ નહોતો કે તેઓ સેના રહિત નેપોલિયનને પરાજિત કરી શકશે; તેથી તેમણે આ પ્રપંચને સ્વાધીનતા યુદ્ધના રૂપમાં પરિણત કરવાનો સંકલ્પ કર્યો. પ્રથમથી અત્યાર પર્યંત જર્મનીજ મુખ્ય કરીને નેપોલિયનની સમરભૂમિ રહી હતી. ત્યાંજ તેનાં અધિક યુદ્ધો થયાં હતાં; સમ્મિલિત રાજાઓએ જર્મનીને નેપોલિયનના અત્યાચારોની વિરૂદ્ધ ભડકાવવાનું શરૂ કર્યું. 'નેપોલિયન આતતાયી છે અને અમે તે આતતાયીના હાથમાંથી તમને મુક્ત કરવાને આવ્યા છીએ. અમારી સેનાઓમાં તથા રાજ્યોમાં તમને સંપૂર્ણ સ્વાધીનતા તથા સમાનતા પ્રાપ્ત થશે.' સમ્મિલિત નરેશોના આ યત્નોથી સૈન્ય યુદ્ધ ઘણે ભાગે રાષ્ટ્રીય યુદ્ધના રૂપમાં પરિણિત થઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયન પણ આટલા દિવસ સુધી નિઃશ્રેષ્ટ રહ્યો નહિ. તે પોતાના શત્રુઓ કરતાં પણ પોતાની મુશ્કેલીઓને અધિક સારી રીતે જાણતો હતો. તે યુદ્ધથીજ જીત્યો હતો અને યુદ્ધથીજ સ્થિર રહી શકે એમ હતું, એટલા માટે તેણે રૂશિયાથી પાછા ફરીને પ્રથમ કાર્ય સૈન્ય સંગ્રહનુંજ કર્યું. ચોતરફ ફેલાયેલી સેનાને એકત્રિત કરવા ઉપરાંત તેણે એક લાખ નવજવાન સિપાઇઓની પણ ભરતી કરી. આ નવિન નવજવાન સિપાઇઓને શીઘ્ર શિક્ષણ આપી તેણે તેમને યુદ્ધ ભૂમિને માટે રવાના કર્યા. પોતાના દેશના શાસનનો પ્રબંધ કાંઇક દૃઢ કરીને તથા સચિવોના શીરપર રાજ્યભાર સોંપીને તે ૧૫ મી એપ્રીલને દિવસે પૅરિસથી પ્રસ્થિત થયો. ઉભય સેનાઓ સંગ્રામને માટે બરાબર સજ્જ થઇને ફ્રાન્સની સીમા તરફ ચાલવા લાગી. યદિ કેવળ સંખ્યા તથા શિક્ષણપરજ લક્ષ આપવામાં આવે તો શત્રુઓની સેના નેપોલિયનની સેના કરતાં ઘણી ઉત્તમ હતી, જેથી નેપોલિયનનો ક્ષણભરમાં પરાજય નિશ્ચિત્ હતો; કિંતુ પ્રતિભા તથા અસામાન્ય શક્તિએ આ પરાજયમાં જે વિઘ્નો નાંખ્યાં તેની કથા સાંભળો.

લ્યૂટજન નામક મેદાનમાં ઉભય સેનાઓની પ્રથમ લડાઈ થઇ. ૨ જી મેને દિવસે નેપોલિયનની સેનાપર શત્રુઓની સેનાએ એકાએક આક્રમણ કર્યું. આક્રમણ થયું તે પૂર્વે નેપોલિયનને તેની જરા પણ ગંધ પહોંચી નહોતી. શત્રુઓની સેના કોઈ ઉચ્ચ સ્થાનની પાછળ છુપાઈ હતી, ત્યાંથી નીકળીને એકદમ ફ્રેંચ સેનાપર તૂટી પડી. નેપોલિયન ભારે ચિંતામાં પડયો. શત્રુની સેના ૧૩૦૦૦૦ થી ઓછી નહોતી અને નેપોલિયનની સેના કેવળ ૮૦૦૦૦ હતી. શત્રુની પાસે ચાલીસ સહસ્ર ઘોડેસ્વારો હતા અને નેપોલિયનની પાસે ચાર સહસ્રથી અધિક નહોતા. વળી તે યુદ્ધને માટે તૈયાર પણ નહોતો. આટલી ન્યૂનતાઓ હોવા છતાં પણ નેપોલિયને શત્રુની સામે બાથ ભીડી; અને યુદ્ધ આઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાક પર્યંત ચાલ્યું. ઉભય પક્ષના હજારો સિપાઈઓ ભૂશાયી થયા. પહેલે વહેલાં તો નેપોલિયનના સૈનિકોના પગ ઉખડી ગયા, કિંતુ થોડીજ વારમાં તેની ઉપસ્થિતિએ તેમની અંદર ચેતન્ય ફેંકી દીધું. "મહારાજા ચિરંજીવી હો!" એ શબ્દો કરતી ફ્રેંચ સેના શત્રુઓ પર તૂટી પડી. આઠ કલાકના ઘોર યુદ્ધ પશ્ચાત શત્રુઓના પગ ઉખડી ગયા. રક્ષક સેનાએ શત્રુ સેનાના હારેલા સૈનિકોની પૂઠ પકડી અને તેમને ઘણે દૂર નસાડી મૂક્યા. પુનઃ નેપોલિયન વિજયી થયો, રૂશિયન આપત્તિએ તેની શક્તિમાં કાંઇ પણ ન્યૂનતા આણી નહોતી. તે પૂર્વવત્જ અદમ્ય રહ્યો. આ વિચારોથી શત્રુઓ ગભરાવા લાગ્યા.

નેપોલિયને નાસતા શત્રુની પૂઠ પકડી. કેટલાક દિવસ પર્યંત નાઠા પછી તેમણે બોટ્જન નામક નગરમાં પોતાની સ્થિતિ કરી. નેપોલિયને ત્યાં પણ તેમની ઉપર પ્રહાર કર્યો. તેમને ચોતરફથી ઘેરી લેવામાં આવ્યા; અને તેઓ થોડીજ વારમાં નષ્ટભ્રષ્ટ થઈ ગયા. સમ્મિલિત શત્રુઓનું દળ પુનઃ પરાજિત થયું. નેપોલિયનનો પ્રતાપ દિવાકર પુનઃ મધ્યાકાશમાં પ્રકાશવા લાગ્યો.

શત્રુઓ નેપોલિયનની શક્તિરૂપી નદીને શુષ્ક બની ગયેલી ધારતા હતા, કિંતુ તેમને પ્રતિત થયું કે હજી પણ તેમાં એટલું જળ છે કે જેને તે સકળ મળીને પણ પાર કરી શકતા નથી. તે સર્વ આ બે પરાજયો જોઇને ગભરાઈ ગયા; તેમણે જોયું કે રણભૂમિમાં વિજય પ્રાપ્ત કરવાને માટે નેપોલિયનને સેનાની આવશ્યકતા નથી. કેવળ તેની પોતાની હાજરીનીજ આવશ્યકતા છે. છેવટે હતાશ થઈ તેમણે તેની ઉપર સંધિને માટે પ્રાર્થનાપત્ર મોકલ્યો. નેપોલિયને ઝટપટ તેનો સ્વીકાર કરી લીધો. સંધિના નિયમો નિર્ધારિત થવા લાગ્યા. ઑસ્ટ્રિયા કે જે અત્યાર સુધી ઉદાસીન હતું તે સંધિનો પ્રસ્તાવ થતાંજ વચમાં કૂદી પડયું. ઑસ્ટ્રિયાના સમ્રાટે નેપોલિયનની પાસે પોતાનો દૂત મોકલ્યો. તે દૂતે નેપોલિયનની પાસે આવીને તેને પોતાના મહારાજાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છા કહી સંભળાવી. ઑસ્ટ્રિયન નરેશે આ સમયે શૃગાળ કાર્ય કરવા માંડયું. તે અત્યાર સુધી કેવળ ઉંટડો કયી કોરે બેસે છે, તેજ તાકી રહ્યો હતો; અને આ પ્રસંગે તે વચમાં આવીને ઉપસ્થિત થયો. ઑસ્ટ્રિયાના રાજદૂતે નેપોલિયનને કહ્યું કેઃ "અમારા મહારાજા આપને સેનાની સહાય કરવાને તૈયાર છો, કિંતુ આપે પણ ઇટાલિ, હોલેંડ સ્પેન આદિ દેશોમાંથી આપની સેનાઓ ઉઠાવી લેવી જોઈએ. યદિ આપ આ સરત માનવાને તૈયાર નહિ થશો તો ઑસ્ટ્રિયન સેના હમણાં ને હમણાં શત્રુઓની સાથે મળી જશે." નેપોલિયન સંધિને માટે તો તૈયાર હતો, કિંતુ તે પોતાને તથા ફ્રાન્સને અપમાનજનક થઇ પડે એવી સરતો કબૂલ કરી શકતો નહોતો. અપમાનનો ભાર શિરપર વહન કરવાને બદલે તેણે ઑસ્ટ્રિયાને પણ પોતાના શત્રુઓની સાથે મળી જવા દેવાનું ઉચિત ધાર્યું. તે માની હતો અને માની પુરૂષો માનની આગળ પ્રાણની પણ કાંઈ પરવા કરતા નથી. પરાજયોનું કલંક વિજય જળથી ધોઇ શકાય છે, કિંતુ અપમાનનું કલંક કોઇ પણ ઉપાયથી ધોઈ શકાતું નથી.

ઑસ્ટ્રિયાની બેલાખ સેના પણ શત્રુઓની પાંચલાખ સેનાની સાથે જઈ મળી આ સ્વજન દ્રોહના કાર્યને માટે ઇંગ્લાંડે ઑસ્ટ્રિયાને લાખો રૂપિયા ભેટ કર્યા. સંધિનો પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો; અને પુનઃ યુદ્ધારંભ થયો. શત્રુની સમુદ્ર સમાન સેનાએ ડ્રેસ્ડન નગરમાં એકત્રિત થયેલી ફ્રેંચસેનાને ઘેરવા માંડી. નેપોલિયન સ્વયં પોતાની રક્ષક સેના સહિત ત્યાં વિદ્યમાન હતો. નિરંતર બે દિવસ સુધી યુદ્ધ ચાલ્યું, નેપોલિયનની પાસે એક લાખ સિપાઇઓ હતા અને ઘેરો ઘાલનાર યોદ્ધાઓની સંખ્યા બે લાખથી ઓછી નહોતી. તે છતાં પણ તે બે દિવસ સુધી પ્રબળતાપૂર્વક શત્રુઓની સામે થયો. આ બે દિવસોમાં તેને રાત્રિ અને દિવસ ઘોડાપરજ સ્વાર રહેવું પડયું. વળી આકાશમાંથી રાત્રિ દિવસ મુશળધાર વર્ષા વરસી ઉપર આ

CC-0. In Public Domain. Panini Kanya Maha Vidyalaya Collection. Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કષ્ટોએ તથા ટાઢ અને ગરમીના ઝપાટાઓએ ત્રીજે દિવસે નેપોલિયનને બિમાર કરી દીધો. તે સર્વથા અશક્ત થઇ ગયો; અને યુદ્ધનો સમસ્ત ભાર સેનાધ્યક્ષોની ઉપર આવી પડયો. કોઇ નિરક્ષક રહ્યો નહિ, અને તેનું પરિણામ એ આવ્યું કે ફ્રેંચ સેના પગલે પગલે પરાસ્ત થવા લાગી.

જગતમાં ભાગ્યેજ કોઇ એવો મિત્ર હશે કે જે વિપત્તિના સમયમાં વિપરીત ન થઈ જાય. નેપોલિયનની ઉપર વિપત્તિ આવી પડેલી જોઇને તેના સાથીઓએ પણ મુખ ફેરવવા માંડયું. ઉદિત થતી શક્તિની સાથે મળી સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની ઇચ્છા કોણ નથી રાખતું? બેવેરિયા અને વુટ્ટનબર્ગ આદિ નાનાં નાનાં સંસ્થાનોના નર્મન નરેશોએ નેપોલિયનનો પક્ષ છોડી દેવા માંડયો. જેઓ પહેલાં તેના દરવાજાપર ઢેફાંની ધૂળ કરતા હતા, તેઓજ હવે 'અત્યાચારી! અત્યાચારી' નો શોર મચાવીને શત્રુદળમાં જઈ મળ્યા. નેપલ્સના રાજા મૂરાએ પણ ફ્રેંચસેનાનો સાથ છોડી શત્રુઓનું શરણ ગ્રહણ કર્યું. મૂરા તેજ હતો કે જે નેપોલીયનના ઉદયની સાથે ઉદિત થયો હતો. તેને એક સાધારણ સેનાધ્યક્ષથી નરેશ બનાવનાર નેપોલિયનજ હતો. કિંતુ ટુકડાઓને યાદ રાખવા એ મનુષ્ય જાતિનો ધર્મ નથી. કૃતજ્ઞતા એ તો દેવોનોજ ગુણ છે, મનુષ્યોનો નથી. મૂરાએ પણ આપત્તિમાં ઘેરાયલા સ્વામિનો સાથ ગુપચુપ છોડી દીધો; અને પોતાની વીરતાપર સદાને માટે કૃતઘ્નતાનું કલંક લગાડયું. મનુષ્ય જાતિની કૃતજ્ઞતાની આજ દશા છે અને તે છતાં પણ મનુષ્ય કૃતજ્ઞતાપર વિશ્વાસ રાખે છે. જે સજ્જન મનુષ્ય જાતિની કૃતજ્ઞતાપર ભરોસો રાખતો હોય તેણે એકવાર નેપોલિયનના ચરિત્રના અંતિમ ભાગનું અનુશીલન કરવું જોઇએ. ત્યાં તે કૃતઘ્નતા અને વિશ્વાસઘાતનાં એવાં એવાં દૃષ્ટાંતો જોશે કે જે તેને મનુષ્ય જાતિના વિષયમાં પોતાનો અભિપ્રાય બદલવાને તત્પર કરશે.

નેપોલિયનના મિત્રો એક પછી એક તેનો સાથ છોડવા લાગ્યા. તે ચોતરફથી આશ્રયરહિત થવા લાગ્યો. સાધારણ મનુષ્ય આ નિરાશ્રય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશામાં હતાશ થઇને બેસી જાય, કિંતુ મહાપુરૂષો સહેલાઇથી ધૈર્ય છોડતા નથી. નેપોલિયને પણ ધૈર્ય છોડયું નહિ. ધૈર્ય છોડવાની વાત તો એક બાજૂએ રહી, પરંતુ જેમ જેમ તેના શત્રુઓની સંખ્યા વૃદ્ધિંગત થતી ગઇ તેમ તેમ તેનું સાહસ પણ પ્રગુણિત થતું જતું હતું. ડ્રેસ્ડનમાંથી નીકળ્યા પછી તેણે એક નવોજ યુદ્ધ ક્રમ ગોઠવવાનો વિચાર કર્યો. પોતાના સમસ્ત મોટા મોટા સેનાધ્યક્ષોને એકત્રિત કરીને તેમની સન્મુખ તેણે સેના સહિત બર્લિનપર આક્રમણ કરવાનો વિચાર પ્રકટ કર્યો. તે ધારતો હતો કે બર્લિનપર આક્રમણ કરવાથી શત્રુઓ દ્વિવિધામાં પડી જશે કે ફ્રાન્સપર આક્રમણ કરીએ કે બર્લિનની રક્ષા કરીએ? આ શંકાનો લાભ લઇને નેપોલિયન ફ્રાન્સને સુરક્ષિત કરવા માગતો હતો. કિંતુ તેના સેનાધ્યક્ષો બાર વર્ષ પર્યંત નિરંતર યુદ્ધો કરીને થાકી ગયા હતા અને રૂશિયન વિપત્તિથી વ્યથિત થયા હતા, તેથી તેઓ આવું મોટું સાહસિક કાર્ય માથે લેતાં ગભરાતા હતા. તેમણે એકમતે મહારાજા નેપોલિયનના ઉક્ત પ્રસ્તાવનો વિરોધ કર્યો. તે સકળે એક નવિન મૉસ્કોમાં જવાની અનિચ્છા પ્રકટ કરી. નેપોલિયનને આ અનિચ્છા અને વિરોધથી અત્યંત કષ્ટ થયું. તેના યોજેલા કાર્યક્રમનો તેના સેનાધ્યક્ષો વિરોધ કરે–એ તેને માટે અસહ્ય હતું. કિંતુ અવશ્ય ભાવીની સામે દબાવુંજ પડે છે. જ્યારે સેનાધ્યક્ષોને જવુંજ અભીષ્ટ નહોતું, ત્યારે એકલો નેપોલિયન ભલા શું કરી શકે?

બર્લિન પ્રસ્થાનનો વિચાર છોડી તેણે લિપ્ઝીક નગરમાં પોતાની સમસ્ત શક્તિઓ એકત્રિત કરીને શત્રુઓને પછાડવાનો સંકલ્પ કર્યો. નગરની ચારે તરફ મજબૂત દુર્ગબંદી કરવામાં આવી. સેના અને તોપોની એવી દિવાલ બાંધવામાં આવી કે તેમાંથી પક્ષીઓ અને વાયુનું જવું પણ કઠિન હતું. યદ્યપિ ફ્રાન્સની સેના શત્રુઓની સેનાના અર્ધા ભાગ કરતાં પણ ન્યૂન હતી, તથાપિ જે વીરતા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહસથી તેણે આ નગરની રક્ષા કરી તેની ઇતિહાસ મુક્ત કંઠે પ્રશંસા કરે છે. બે દિવસના યુદ્ધમાં નેપોલિયન ઘોડાપર સ્વાર થઇને સમગ્ર સેનામાં ઘુમ્યા કરતો હતો. જ્યાં પણ શત્રુની સેના ગોળાની ભયંકર વૃષ્ટિ કરતી ત્યાં તે ઝટ પહોંચી જતો; અને પોતાનં ઉત્સાહ આપતો. આટલા ભયમાં પડેલો જોઇને કોઈ સિપાઈ તે સ્થાનેથી હઠી જવાને તેને પ્રાર્થના કરતો ત્યારે તે ઉત્તર આપતો કે "મને વીંધનારો ગોળો હજી જગતમાં તૈયાર થયો નથી."

બે દિવસ પર્યંત ફ્રેંચ સેના હિમાલયની પેઠે દૃઢતાથી ખડી રહી, શત્રુઓની સેનાની ગતિ રોકતી રહી. શત્રુઓ આ પ્રતિરોધ જોઇને ગભરાઇ ગયા અને નિરાશ થઇને પાછા ફરવાની તૈયારી કરવા લાગ્યા. નેપોલિયને જ્યારે આ જોયું ત્યારે તેના હર્ષની સીમા રહી નહિ. તે ચારે તરફથી આક્રમણ કરી શત્રુઓને નસાડી મૂકવાની આજ્ઞા આપવાની તૈયારીમાંજ હતો, એટલામાં તેના સાંભળવામાં આવ્યું કે તેના કોષમાં કેવળ બે કલાક પર્યંત ફેંકી શકાય એટલાજ ગોળા રહી ગયા છે. આ અત્યંત ભયંકર સમાચાર હતા. યદિ બે કલાકમાં ગોળા સમાપ્ત થઇ ગયા અને શત્રુઓ નાસી નહિ ગયા તો સમસ્ત સેનાના શું હાલ થાય? આ સમાચારે વિજયોન્મુખ ફ્રેંચ સેનાનાં હૃદય ભગ્ન કરી નાંખ્યાં. આવી નિર્બળદશામાં શત્રુની સામે બાથ ભીડવી ભયાવહ સમજી નેપોલિયને પણ પાછા ફરવાનો નિશ્ચય કર્યો. રાત્રિના સમયે પાછા ફરવાની શરૂઆત થઈ. આખી રાત્રિ સેના નગર છોડતી રહી. પ્રાતઃકાળમાંજ શત્રુઓને આ સમાચાર મળી ગયા. શત્રુઓના હર્ષનાદથી સમગ્ર આકાશ ગુંજાયમાન થઇ રહ્યું. વિજેતા નેપોલિયને શત્રુઓથી નાસી રહ્યો છે એથી અધિક હર્ષ વળી તેમને માટે શું હોઈ શકે? ફ્રેંચ સેનાની પાછળ પાછળ તેઓ લિપ્ઝીકમાં દાખલ થયા. તેની બીજી બાજૂએ અલ્સ્ટર નામની નદી હતી. તેની ઉપરથી ફ્રેંચ સેના જઇ રહી હતી. નેપોલિયન પાર ઉતરતી વખત એક મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકારીને એવી આજ્ઞા આપતો ગયો કે જ્યારે આખી ફ્રેંચ સેના ઉપરથી ચાલી જાય ત્યારે પૂલને ઉરાડી મૂકવો. આ અધિકારી બહુ કર્ત્તવ્યપરાયણ નહોતો. જ્યારે શત્રુસૈન્ય નજીક નજીક આવવા લાગ્યું ત્યારે તેણે પણ પોતાનો જાન બચાવવો ઉચિત ધાર્યો. એક સાધારણ સિપાઇને સેના પાર ઉતરી ગયા પછી પૂલ ઉરાડી દેવાની આજ્ઞા આપીને તેણે પોતાના ઘોડાને એડી મારી; અને તે ચંપત કરી ગયો. સેનાઓની ભેળંભેળમાં ઉક્ત સિપાઇની અક્કલ મારી ગઇ અને તેણે આગળ કે પાછળ જોયા વિના ઝટ પૂલની નીચે મૂકેલા દારૂમાં આગ દઈ દીધી. પલટણો અને ગાડીઓથી ભરેલો પૂલ આકાશમાં ઉડયો તથા પાણીમાં તૂટી પડયો. પૂલ ઉપરના સૈનિકો નદીમાં વિલીન થઇ ગયા; અને જે પચ્ચીસ હજાર સેના હજી પાર ઉતરી નહોતી તે શત્રુની ચાર લાખ ફોજની અંદર ફસી પડી. આ પચ્ચીસ સહસ્રમાં જે વીર હતા તે લડી મૂઆ; જેઓ ભાગ્યશાળી હતા તે પાર પહોંચી ગયા; અને જેઓ કાયર હતા તે કેદી બની ગયા. શેષ સિત્તેર એંસી હજાર સેનાને પોતાની સાથે લઇને નેપોલિયન પૅરિસ તરફ અતિ વેગથી ચાલ્યો.

શત્રુઓની સેના ઘણી પાછળ રહી ગયા પછી પોતાની સેનાનું આધિપત્ય પોતાના સેનાપતિઓને આધીન કરી તા. ૫ મી નવેમ્બર ૧૮૧૪ ને દિવસે નેપોલિયન પૅરિસ નગરમાં પ્રવીષ્ટ થયો. ત્યાં જઇ તેણે પોતાના સલાહકારોની સલાહ લીધી; અને રાજસભાની પાસેથી અધિક સેના તૈયાર કરવાની અનુમતિ લીધી. બે ત્રણ દિવસ પર્યંત રાજકાર્ય તપાસી તથા પોતાની રાણી અને પુત્રને અંતિમ આલિંગન કરી તે શીઘ્રજ પોતાની સેનામાં જઈ મળ્યો. આ વખતે પૅરિસથી આવતાં તે પોતાની સાથે મરવા વા મારવાની પ્રતિજ્ઞા લાવ્યો હતો. પૅરિસમાં શત્રુઓનો આવવાનો હેતુ કેવળ નેપોલિયનનો નાશજ નહોતો, કિંતુ ફ્રાન્સના ગૌરવનો ધ્વંસ પણ હતો. એટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે હવે તે અંતિમ બાથ ભીડવાને માટે સજ્જ થયો. ફ્રાન્સ જેટલા સૈનિકો ઉપસ્થિત કરી શકે એમ હતું તે સર્વને તેણે આ સમયે મેળવી લીધા. ફ્રાન્સના સમસ્ત ખૂણાઓમાંથી યુવાન સિપાઇઓની સેના તૈયાર કરી તેણે રણક્ષેત્રમાં મોકલી. આ નવિન સેના તથા પુરાણી સેના મળીને હાલ તેની પાસે યુદ્ધ કરી શકે એવા ૭૦૦૦૦ સિપાઇઓ હતા. આ મુઠીભર સેનાના બળથી તે ચાર લાખ શત્રુ સેનાના આક્રમણનો પ્રતિરોધ કરવાને તત્પર થયો.

નેપોલિયનની આ સમયની યુદ્ધ ચેષ્ટા અસામાન્ય હતી, એ વાતની ઇતિહાસ સાક્ષી પૂરે છે. આટલી થોડી સેનાની સહાયથી મહિનાઓ સુધી આવડી મોટી વિજયોન્મુખ સેનાના દાંત ખાટા કરવા; એ કોઈ અમાનુષિક શક્તિશાળી મનુષ્યને માટેજ સંભવિત હતું, અન્યને માટે નહિ. પૅરિસથી નીકળી ૨૮ મી જાન્યુઆરીને દિવસે તે પોતાની સેનાને જઈ મળ્યો. સેનામાં પહોંચતાંજ તેણે પોતાની તથા શત્રુઓની સેનાની સ્થિતિપર વિચાર કર્યો. પુષ્કળ પૂછપરછ અને તપાસ કર્યા પછી તેને પત્તો લાગ્યો કે તેની દશા અત્યંત ચિંતનીય છે. શત્રુઓ બે ભાગમાં વિભક્ત થઈ અનિવાર્ય વેગથી પૅરિસ તરફ આવતા હતા. નેપોલિયનના સેનાધ્યક્ષો સ્થાન સ્થાનપર પરાજીત થઈ પાછળ હઠતા હતા. બ્રીનેનગર કે જ્યાં બાલ્યાવસ્થામાં નેપોલિયને શિક્ષા પ્રાપ્ત કરી હતી ત્યાં પ્રશિયન સેનાપતિ બ્લુચર એક લાખ સૈન્યની સાથે પડેલો હતો. તેની સેનાનો અગ્રભાગ સેંટડિજીઓ સુધી પહોંચ્યો હતો. બીજી તરફ તેનાથી કેટલાક અંતરપર સેનાપતિ શ્વાર્ટનબર્ગ પોતાનો ઉપનિવેશ સ્થાપિત કરીને બેઠો હતો. સેનાપતિઓની પાછળ અધિક મોટી સેનાસહિત રૂશિયા તથા ઑસ્ટ્રિયાના મહારાજા દિગ્વજયનો આનંદ લૂંટતા આવી રહ્યા હતા. નેપોલિયન જ્યારે પોતાની સેનામાં આવી પહોંચ્યો ત્યારે આવી ભયાનક દશા હતી. એક દિવસ તપાસ કરી તેણે પોતાનો કાર્યક્રમ શીઘ્ર નિશ્ચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી લીધો. તેના શત્રુઓએ તેના ડરથી હવે એ નીતિ પકડી હતી; કે જ્યાં સ્વયં નેપોલિયન હોય ત્યાંથી પાછા નાસી જવું; અને જ્યાં તેના સેનાપતિઓ હોય ત્યાં આક્રમણ કરવું. આ નીતિનું અવલંબન કરતા તેઓ હવે ફ્રાન્સના તૃતીય ભાગને પાર કરી ચૂકયા હતા. નેપોલિયને શત્રુઓની આ ધૂર્તતાનો પ્રતિકાર કરવાને માટે ગુપચુપ તેમનું દમન કરવાનો વિચાર કર્યો. બ્લુચર બ્રીનેમાં પોતાની સેનાને થોભાવી નિઃશંક બેઠો હતો, તે હજી સુધી એમ ધારતો હતો કે મહારાજા પૅરિસમાં છે. નેપોલિયને અચાનક તેનું દમન કરવાનો સંકલ્પ કરી તા. ૨૯ મી જાન્યુઆરીને દિવસે કૂચ કરી. બ્લુચર આ આકસ્મિક વિપત્તિને સહન કરવાને માટે તૈયાર નહોતો. નેપોલિયનની ગતિએ તેને ભયભીત કરી નાંખ્યો. ઘણીવાર સુધી વીરતાથી લડયા પછી તેની સેના પરાસ્ત થઇ–તે વિખરાઈ ગઇ અને શીઘ્રજ પીઠ બતાવી નાસી ગઇ.

આ એકજ વિજયે શત્રુઓનાં ઉત્સાહી બનેલાં હૃદયોને કુમળાવી નાંખ્યાં; અને ફ્રેંચોનાં સૂકાઇ ગયેલાં નિરાશ ચિત્તોને ઉત્સાહિત બનાવી દીધાં. ફ્રાન્સની આશાઓનું વૃક્ષ પુનઃ લીલુંછમ બની ગયું. કિંતુ સમ્પત્તિ પછી વિપત્તિ અને વિપત્તિ પછી સમ્પત્તિના રસ્તાને કોઇ જાણી શકતું નથી. આ અસામાન્ય વિજયને બીજેજ દિવસે બ્લુચર અને શ્વાર્ટન્બર્ગ એ ઉભયે પોતાની સેનાઓ એકત્રિત કરી નેપોલિયનપર આક્રમણ કર્યું. ફ્રેંચ સેના શત્રુ સેનાના એક તૃતીયાંશ ભાગથી કાંઇજ અધિક હશે. વળી તે કેટલાક મહિનાનાં વેગયુક્ત પ્રસ્થાનો અને નિરંતર યુદ્ધોથી સર્વથા શ્રમિત થઈ ચૂકી હતી. પ્રથમ તો શત્રુ સેનાની લહરની સામે ફ્રેંચસેના ખડકની માફક ઉભી રહી; કિંતુ શત્રુનું સંખ્યા બાહુલ્ય અંતે વિજયી થયું. મહારાજા ઍલેક્ઝાંડર અને પ્રશિયા નરેશ સ્વયં સેનાઓને લઇને સ્થાન સ્થાનપર યુદ્ધ કરી રહ્યા હતા. ઘણીવાર સુધી યુદ્ધ કર્યા પછી નેપોલિયન પોતાનો વિજય અસંભવિત ધારી પાછો હઠવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમયે ફ્રેંચ સેનાની કેવી નિરાશાયુક્ત અને શત્રુઓની કેવી ઉત્સાહયુક્ત દશા થઈ હશે; તેનું અનુમાન પાઠકો સ્વયં કરી શકશે. તાલીઓ અને જય નાદોથી દિશાઓને પ્રતિધ્વનિત કરતાં કરતાં શત્રુઓએ ફ્રેંચ સેનાની પૂઠ પકડી. સમગ્ર દેશમાં આ પરાજયના ઘાતક સમાચાર ફેલાઇ ગયા. નિરાશા અને ચિંતાનું સામ્રાજ્ય ચારે તરફ પ્રસરી ગયું. સેનાએ પણ સમય પ્રાપ્ત થવાથી રાજધાની તરફ ચાલવા માંડયું.

નેપોલિયને અતિ વેગથી પાછળ હઠવું શરૂ કર્યું. તેનો વેગ એટલો અસાધારણ હતો કે તે થોડાજ દિવસમાં શત્રુઓની આંખથી દૂર થઇ ગયો. તેમને એ પણ પત્તો લાગતો નહોતો કે ફ્રેંચ સેના કયી તરફ પાછી ફરી છે. સેનાપતિ શ્વાર્ટનબર્ગને તેની પૂંઠ પકડવાની આજ્ઞા આપવામાં આવી હતી, કિંતુ તે નેપોલિયનની પરમ તીવ્ર ગતિને પહોંચી શકતો નહોતો; પરંતુ સેનાપતિ બ્લુચર અતિ સાહસિક અને વીર હતો; તેણે યુદ્ધ વિદ્યામાં નેપોલિયનને ગુરૂ બનાવ્યો હતો. શત્રુને પરાજિત કરવાનો મૂળમંત્ર તે અનેક–રાજધાની–વિજેતાની પાસેથી શીખ્યો હતો. નેપોલિયન જ્યારે શત્રુના દેશમાં વિજયાર્થે જતો હતો, ત્યારે તે આગળ પાછળ જોયા વિના એકદમ રાજધાનીમાં ઘૂસી જતો હતો. રાજધાની દેશની ચાવી હોય છે, તે કબજે થતાંજ નેપોલિયન સમસ્ત દેશનું શાસન કરતો હતો. બ્લુચરે પણ હવે એજ સિદ્ધાંત પોતાની દૃષ્ટિ સન્મુખ રાખ્યો. તેણે પોતાનું મુખ સીધું પૅરિસ તરફ ફેરવ્યું અને પ્રતિદિન ગ્રામવાસી કૃષિકારો તથા ગૃહસ્થોને ખદેડતો આગળ વધવા લાગ્યો. નેપોલિયને કેટલાક દિવસ સુધી આ સાહસિક વીરને આગળ વધવાની છૂટી આપી દીધી, કિંતુ જ્યારે તે પોતાની સેનાથી ઘણો આગળ વધી ગયો ત્યારે નેપોલિયનના મનમાં તે દૈવી શક્તિનો પ્રાદુર્ભાવ થઈ આવ્યો કે જેના બળથી તે મોટામાં મોટી વિપત્તિમાં શત્રુનો ધ્વંસ કરી તેના જીવન તથા મરણના પ્રશ્નનો નિશ્ચાયક બની જતો હતો. પચાસ હજાર સિપાઇઓની મુઠીભર સેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહિત તે એકલા પડેલા બ્લુચર ઉપર જઇ પડયો. બ્લુચરની પાસે આ સમયે એક લાખ કરતાં અધિક સેના હતી, પરંતુ નેપોલિયન એવી ગુપ્ત રીતે તેનીપર જઇ પડયો કે તેની સેનાને કપડાં સંભાળવાનો સમય પણ મળ્યો નહિ. નેપોલિયન પોતાની સેનાના અગ્રભાગથી શત્રુ સૈન્યના અંગમાં છેદ કરી તેના બરાબર મધ્ય ભાગમાં ઘૂસી ગયો. ત્યાંથી તેણે એક એક કરીને ચારે બાજૂઓને પરાજિત કરી દીધી. આકસ્મિક પરાજયથી ગભરાયેલો બ્લુચર થોડાક શરીર રક્ષકોની સાથે નાસી છૂટયો. નેપોલિયન સમરવિજેતા રહ્યો. બીજે દિવસે સાઠ સહસ્ત્ર સેના એકત્રિત કરી બ્લુચરે નેપોલિયનપર આક્રમણ કર્યું, પરંતુ આજે તેની પહેલાના દિવસ કરતાં પણ બુરી સ્થિતિ થઈ.

સેનાપતિ શ્વાર્ટનબર્ગના સાંભળવામાં જ્યારે આવ્યું કે નેપોલિયને બ્લુચરની સાથે બાથ ભીડી છે; ત્યારે તેણે પોતાનો રસ્તો સાફ સમજી પૅરિસ તરફ દોડવા માંડયું. તે હજી ઘણે દૂર પહોંચ્યો નહોતો, એવામાં બ્લુચરને પૂર્વોક્ત સંગ્રામોમાં પરાસ્ત કરી, એક રાત્રિ તથા એક દિવસમાં પચાસ સાઠ માઇલનો રસ્તો કાપી, ફ્રેંચ સેના તેના પૃષ્ઠ ભાગપર આવી પડી. અત્યંત ભયાનક સંગ્રામ શરૂ થયો. શ્વાર્ટનબર્ગની બે લાખ સેના આ નિર્મેઘ આકાશમાંથી થયેલા વજ્રપાતનો સંહાર કરી શકી નહિ. નેપોલિયન પુનઃ પણ વિજેતા રહ્યો. નેપોલિયનની પચાસ સહસ્ત્ર થાકેલી તથા માંદી સેનાએ ચાર પાંચ દિવસમાંજ પૅરિસ તરફ ઉલટેલી આતતાયી સેનાના પગ ઉખેડી નાંખ્યા. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે આજ પર્યંત કોઈ પણ યોદ્ધાએ આ યુદ્ધોની તુલના પ્રાપ્ત કરી નથી.

શત્રુનાં ઉભય મોટાં દળો પાછાં ફરવા લાગ્યાં. રૂશિયા, પ્રશિયા તથા ઑસ્ટ્રિયાના સમ્રાટોનાં વિજયોલ્લાસિત મનો કુમળાવા લાગ્યાં. તેઓ કર્ત્તવ્ય વિમૂઢ થઈ ગયા અને શત્રુ સૈન્યનો કાર્યક્રમ અનિશ્ચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિત થવા લાગ્યો. શત્રુ દળના પ્રબંધમાં આવી ગરબડ જોઇને નેપોલિયને એક નવોજ સંકલ્પ કર્યો. પૅરિસને રામ ભરોસે છોડી; અને શ્વાર્ટનબર્ગની પાછળ જઈ, શત્રુ સેનાઓનો સંબંધ જર્મનીથી કાપી નાખવાનો નિશ્ચય કરી તે પાછો ફર્યો; અને શીઘ્રજ પૅરિસ જીતવાને માટે કૂચ કરતા શત્રુઓએ પોતાની રાજધાનીઓ સર્વથા અરક્ષિત હોવાને લીધે નેપોલિયનની ચુંગાલમાં પડેલી જોઈ. જ્યાં નેપોલિયને જર્મની તરફ પોતાનું મુખ ફેરવ્યું કે તરતજ સમસ્ત શત્રુ સેનાઓએ મળીને તેનો રસ્તો રોકવાને માટે પૅરિસની તરફ પીઠ કરી. આર્કિસ આગળ ચાલીસ સહસ્ર ફ્રેંચ સેનાનો દોઢ લાખ શત્રુઓની સાથે ઘોર સંગ્રામ થયો. નેપોલિયનની નાની સરખી સેનાએ શત્રુપર આવેશથી આક્રમણો કર્યાં. શત્રુઓએ પણ કેટલાંક સ્થાનપર તેના સૈનિકોનો સંહાર કર્યો, કિંતુ યુદ્ધ અનિશ્ચિત રહ્યું. હાનિ ફ્રાન્સની અધિક થઇ. નેપોલિયનનું જર્મની તરફનું પ્રસ્થાન રોકાઈ ગયું. આ પ્રકારે આ મહાન શક્તિશાળી મનુષ્યની દેશરક્ષાની અંતિમ ચેષ્ટા સમાપ્ત થઇ.

હવે નેપોલિયનની પાસે તેની પ્રચંડ સેનાના અસ્થિપંજર તથા તેના નામ સિવાય કાંઈ પણ રહ્યું નહોતું. કેવળ ચાલીસ સહસ્ર સેનાની સહાયતાથી એક મનુષ્ય જે કાંઇ કરી શકે તે કરતાં સહસ્ર પટ અધિક નેપોલિયને કરી બતાવ્યું. કિંતુ હવે તે વરસી રહેલા મેઘની પેઠે અશક્ત થઇ ગયો હતો. પોતાની નિર્બળ દશાને નેપોલિયન સારી પેઠે જાણતો હતો અને તેના શત્રુઓ પણ સારી પેઠે જાણતા હતા. શત્રુઓએ પ્રથમ સેનાના બે ભાગ કરીને નેપોલિયનને સતાવવાનું ધાર્યું હતું, પરંતુ તેમની આ નીતિ ફળી નહિ; ઉલટપક્ષે તેની વિદ્યુત્સમાન ગતિથી તેઓ વારંવાર પરાજિત થવા લાગ્યા. હવે સમ્મિલિત નરેશોએ મળીને નવિન કાર્યક્રમ નિર્ધારિત કર્યો. તેમણે સમસ્ત સેના—કે જે ત્રણ લાખથી અધિક હતી, તેને એકત્રિત કરી પૅરિસપર આક્રમણ કરવાનો વિચાર કર્યો. બીજા દિવસથીજ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદૃષ્ટ પૂર્વ જનસમૂહ રાજધાની તરફ ચાલવા લાગ્યો. નેપોલિયનને માટે પોતાની થોડીક સેનાવતી આ મહાસાગરનો પ્રવાહ રોકવાનું કામ અશક્ય હતું. હવે તેને માટે માત્ર એકજ રસ્તો ખુલ્લો હતો. તે શત્રુઓથી પૂર્વે પૅરિસમાં પહોંચી તેની રક્ષાનો કાંઈક ઉપાય કરી શકે એમ હતું, પરંતુ તેમાં પણ એક કઠિનતા હતી. શત્રુઓની અપેક્ષાએ તે પૅરિસથી ઘણે દૂર હતો. શત્રુઓ તેના કરતાં ચાર દિવસ પૂર્વે રાજધાનીમાં પહોંચી શકે એમ હતું. હવે દેશરક્ષાની કાંઈ પણ આશા રહી નહિ એ વાત સ્પષ્ટ હતી.

શત્રુઓનું સૈન્ય સાગર સત્વર પૅરિસના કોટની આસપાસ ફરી વળ્યો. નેપોલિયનનો બંધુ જોસફ ત્યાંનો સ્થાનીય શાસક હતો. તેની સહાયતાને અર્થે મોર્ટિયર તથા મામોંન્ટ નામક બે સેનાપતિઓ નિયુક્ત કરવામાં આવ્યા હતા. શત્રુઓનાં શસ્ત્રોનો ચમકાર જોતાંની સાથેજ તેમનાં દીલ નિરાશામાં ડૂબી ગયાં. કોઇ પણ પ્રકારનો પ્રતિરોધ કર્યા સિવાય તેમણે રાજધાની શત્રુઓના હાથમાં અર્પિત કરી દીધી. જ્યારે નેપોલિયન શીઘ્ર ગતિથી ચાલી રાત્રિના સમયે પૅરિસની નિકટ આવી પહોંચ્યો, ત્યારે તેના જાણવામાં આવ્યું કે તેના આદમીઓએ દેશ રક્ષાની અંતિમ આશાપર કુહાડાનો પ્રહાર કર્યો છે. તેણે આ સમાચાર સાંભળી દુઃખથી ભરેલો એક દીર્ઘ શ્વાસ લીધો અને સેનાના શેષ ભાગને તેણે ફૌન્ટેન્બ્લ્યૂ નામક પોતાના વિશ્રામ સ્થાનમાં થોભવાની આજ્ઞા આપી.

શત્રુઓની સેનાએ પૅરિસપર સંપૂર્ણ અધિકાર કરી લીધો. કાંઇક ડરથી અને કાંઈક કૃતઘ્નતાથી પૅરિસની સૅનેટે નેપોલિયનને રાજગાદીપરથી ઉતારવાનો નિશ્ચય કર્યો. મહારાજાની વિપત્તિ જોઈ ફ્રેંચ સેનાપતિઓએ પણ સ્વામિ દ્રોહ કરવા માંડયો. જેમનાં શરીરનું માંસ પણ નેપોલિયનની કૃપાનું ફળ હતું; અને જેમને તેણેજ સાધારણ પુરૂષની દશામાંથી ઉન્નત કરીને સેનાપતિ બનાવ્યા હતા, તેઓ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પછી એક શત્રુઓની સામે શિર ઝુકાવવા લાગ્યા. નેપોલિયનની દશા પ્રતિદિન નિર્બળ થવા લાગી.

આ સમયે સંધિઓ પણ થતી રહી. નેપોલિયને પોતાના દૂતો પૅરિસમાં મોકલી આપ્યા. ત્યાં રૂશિયા, પ્રશિયા, ઑસ્ટ્રિયા અને ઇંગ્લાંડના રાજાઓ તથા રાજપ્રતિનિધીઓની સભા સમક્ષ નેપોલિયન તથા ફ્રાન્સના ભાગ્ય નિશ્ચયનો પ્રશ્ન ઉપસ્થિત થયો. ઘણીવાર સુધી ગુંચવણ ભરેલો વાદવિવાદ ચલાવવામાં આવ્યો. ઉપર્યુક્ત દેશોને નેપોલિયન અનેકવાર પરાજિત કરી ચૂક્યો હતો; તથા તેમની રાજધાનીઓમાં પણ પોતાની વિજયદુંદુભિ વગાડી ચૂક્યો હતો. હવે તેમનો વારો હતો. માટે તેઓ પણ તેનો સર્વનાશ કર્યા વિના શી રીતે રહી શકે? ઘણીવાર સુધી વિવાદ કર્યા પછી એવો નિશ્ચય કરવામાં આવ્યો કે નેપોલિયનને પદભ્રષ્ટ કરી તેના સ્થાનપર પુરાણા બુર્બોન રાજાઓને ફ્રાન્સના શાસક બનાવવા; નેપોલિયનને મહારાજાની ઉપાધિ ધારણ કરવાનો અધિકાર આપવો, એલ્બા નામક દ્વીપને તેનું નિવાસ સ્થાન બનાવવું, અને ઉક્ત દ્વીપનું સંપૂર્ણ શાસન નેપોલિયનના હાથમાં આપવું, નિર્વાહને માટે તેને ફ્રાન્સના કોષમાંથી કાંઇક માસિક રકમ આપવાનો ઠરાવ પણ શત્રુઓએ કરીને પોતાનો ઉદ્દેશ પાર પાડયો.

જ્યારે આ સમસ્ત સરતો અને સંધિઓના સમાચાર નેપોલિયનને મળ્યા ત્યારે તેણે ક્રોધ અને નિરાશાથી પોતાનું સમતોલપણું ખોઇ દીધું. તેણે પુનઃ શસ્ત્ર ઉઠાવી યુદ્ધક્ષેત્રમાં લડી મરવાનો સંકલ્પ કર્યો, કિંતુ કેટલાક વિચારો તેને યુદ્ધનો પુનઃ આરંભ કરતાં રોકતા હતા. કેટલાક ફ્રેંચ લોકો હમણાં શત્રુઓને જઈ મળ્યા હતા; માટે પુનઃ યુદ્ધ કરવાનો અર્થ પોતાના દેશવાસીઓની સાથે લડવું એવો થતો હતો, અને તેને તે સહન કરી શકતો નહોતો. વળી સમસ્ત યૂરોપની અશાંતિનું કારણ માત્ર એક નેપોલિયનજ છે; એવી વાત સાંભળતાં સાંભળતાં તેના કાન થાકી ગયા હતા. હવે તેની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ પણ ઘણી થોડી રહી હતી. તેના ઘણા સેનાપતિઓ તો શત્રુઓની સાથે જઈ મળ્યા હતા અને જેઓ શેષ હતા તેમની હિમ્મત તૂટી ગઇ હતી. આ સમસ્ત વિચારોને સામે રાખી નેપોલિયને ઉપર્યુક્ત સંધિનો સ્વીકાર કરી લેવાનોજ નિશ્ચય કર્યો.

જે શાંતિ તથા ધૈર્યપૂર્વક નેપોલિયને ઉક્ત વિપત્તિ સહન કરી; તે તેના આત્માની મહાન શક્તિઓનાં નિદર્શક હતાં. વિજયમાં તો સમસ્ત પુરૂષો ધીર રહી શકે છે, કિંતુ ખરો ધીર તેજ કહેવાય છે કે જે પરાજયમાં પણ ધીરતા ધારણ કરે છે; અને વિપત્તિમાં ખડકની પેઠે અચળ ઉભો રહે છે. નેપોલિયને જે ધૈર્યથી આ આપત્તિ સહન કરી તે તેની શક્તિને દર્શાવનારૂં હતું. યદ્યપિ પહેલવહેલાં તે આ સિંહાસનપાતના સમાચાર સાંભળીને નિરાશ થઇ ગયો હતો, અને કેટલાક માણસો જણાવે છે કે તેણે નિરાશામાં આત્મહત્યા કરવાના વિચારથી વિષ ખાઈ લીધું હતું, તથાપિ પરિણામે તેણે આ કષ્ટ પરમ ધીરતાપૂર્વક સહન કર્યું હતું.

અંતે તેને ફ્રાન્સની ભૂમિનો ત્યાગ કરી એલ્બાને માટે પ્રસ્થિત થવાનો સમય આવ્યો. પરમ સ્નેહપૂર્વક તે પોતાના સમસ્ત મિત્રો તથા સેનાપતિઓને મળ્યો. પછી તેણે પોતાના સ્વામિભક્ત તથા વીર રક્ષક દળના યોદ્ધાઓની અંતિમ મુલાકાત લીધી; અને સમસ્ત દર્શકોનાં અશ્રુભરેલાં નયનો વચ્ચે થઇને તથા તેમના દુઃખી હૃદયોને ભેટતો ભેટતો તે કેવળ છસેં સિપાઇઓને પોતાની સાથે લઇને ફ્રાન્સથી પોતાના નવિન રાજ્ય તથા કારાગૃહ તરફ રવાના થયો.

ચંચળ રાજ્યલક્ષ્મીની ગતિ વિચિત્ર છે. કાલનો સમ્રાટ્ આજે કેદી બની ગયો છે અને કાલના વિજિતો આજે વિજેતા બની ગયા છે ! શું આટઆટલું છતાં પણ કોઈ મનુષ્ય આ ચપલાના કૃપાકટાક્ષ પર ભરોસો રાખી શકે છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુર્થ પરિચ્છેદ—એલ્બા અને પુનઃ પૅરિસ.

એલ્બાદ્વીપ ફ્રાન્સથી બસેં માઇલના અંતરપર સ્થિત છે. ત્યાંનાં હવાપાણી સ્વાસ્થ્યને માટે ઉત્તમ છે; અને ત્યાંની પ્રકૃતિ પણ કંઇક સૌંદર્યવાન છે. દ્વીપ યદ્યપિ નાનો છે તથાપિ તે મનુષ્યના એકાંત-વાસને માટે યોગ્ય છે. આ દ્વીપમાં શાસન કરવાને માટે સમ્રાટ્ નેપોલિયન આ સમયે ફ્રાન્સથી નીકળ્યો. વિધિ પણ અત્યંત બળવાન હોય છે. જે મનુષ્યને કાલે સમગ્ર યૂરોપનું સામ્રાજ્ય પણ નાનું પ્રતિત થતું હતું; અને જેની મહત્વાકાંક્ષા લક્ષાવધિ મનુષ્યોનો વધ કર્યા છતાં પણ શાંત થતી નહોતી, તે આજે એક નાના સરખા દ્વીપમાં બંદીવાન થવાને માટે જહાજપર આરૂઢ થાય છે. નેપોલિયન એપ્રિલ માસની ૨૮ મી તારિખે એક બ્રિટિશ જહાજપર આરૂઢ થઇને એલ્બા તરફ પ્રસ્થિત થયો. છ દિવસ પર્યંત મનોરમ સમુદ્રના વાયુની લહરિઓનો આનંદ લઇ મે માસની ત્રીજી તારિખે પ્રાતઃકાળમાંજ દિગંતમાં ઉદ્દતા એલ્બાદ્વીપનાં લીલાંછમ વૃક્ષોથી ભરેલા પર્વતોને જોયા.

નેપોલિયન જ્યાં સુધી એલ્બામાં રહ્યો ત્યાં સુધી તેના દિવસ પરમ શાંતિ અને સુખમાં વ્યતિત થયા. પોતાના નાના સરખા દ્વીપની ઉપજ વધારવી, તેને સડકો, પૂલો તથા કૂપોથી સજ્જિત કરવો, તથા વાંચવું, લખવું અને વાર્તાલાપ કરવો, આ કાર્યોમાં તે પોતાનો કાળ વ્યતિત કરતો હતો. પોતાની પ્રજાની સંભાળ લેવાને માટે તે પ્રાયઃ ઘોડાપરજ ચક્કર લગાવ્યા કરતો હતો. તે ઘોડાપર સ્વાર થઇને તે દ્વીપના એક કિનારાથી બીજા કિનારા સુધી માત્ર બે કલાકમાંજ ભ્રમણ કરી શકતો હતો, એપરથીજ તેના સામ્રાજ્યના વિસ્તારનું અનુમાન થઇ શકે છે. આ નાના સરખા દ્વીપમાં પોતાના થોડાક સાથીઓની સાથે તેણે વિદ્યા અને પ્રકૃતિના અનુશીલનમાં શાંતિથી દિવસો નિર્ગમન કરવા માંડયા. આ નાનો સરખો દ્વીપ તેના નિવાસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણથી સમસ્ત યૂરોપના મોટા મોટા માણસોની યાત્રાનું કેંદ્ર બની ગયું. તે દ્વીપની પાસે થઇને પસાર થતા સમસ્ત લોકો તેમાં ઉતરતા અને સમ્રાટ્‌ની સાથે વાતચીત કરતા. પ્રાયઃ અંગ્રેજ લોકો પણ ત્યાં ઉતરતા રહેતા હતા. આ લોકો નેપોલિયનની કોમળ અને નાનીશી સુંદર મૂર્તિ જોઇને આશ્ચર્યચકિત થઈ જતા હતા. તેમણે પત્રોમાં વાંચ્યું હતું કે નેપોલિયન એક રૂધિર પિપાસુ રાક્ષસ છે; તે બદસુરત અને ભયાનક છે. આથી જ્યારે તેઓ તેની કોમળ તથા મધુર મૂર્તિને જોતા ત્યારે તેમના આશ્ચર્યની સીમા રહેતી નહોતી. જેઓ નેપોલિયનના પુરાણા ઓળખીતા હતા, અને જેમણે તેના આચાર વ્યવહાર જોયા હતા; તેઓ તેને વર્તમાન દશામાં આટલો સંતુષ્ટ તથા આલ્હાદિત જોઇને તેની શક્તિઓથી મુગ્ધ બની ગયા. જે એક સમયે આખી પૃથ્વીના રાજ્યથી પણ સંતુષ્ટ જણાતો નહોતો; અને રાત્રિ દિવસ નવા નવા વિજયોની ચિંતામાં નિમગ્ન રહેતો હતો, તેનું એલ્બામાં પ્રસન્ન ચિત્ત થઇને રહેવું એ તેની અદ્‌ભુત શક્તિઓનો પરિચય આપતું હતું.

આવી એકાંત દશામાં તેણે ૧૦ માસ વ્યતિત કર્યા. આ દસ મહિનામાં ફ્રાન્સના રાજનૈતિક ક્ષેત્રમાં અનેક ફસલો થઈ ગઈ. તે આ દસ મહિનામાં અદ્‌ભુત ઉથલપાથલનું કેંદ્ર બની રહ્યું. જે દિવસે નેપોલિયનને રાજ્યચ્યુત કરવામાં આવ્યો તેજ દિવસથી ફ્રાન્સના સિંહાસનપર બુર્બોન વંશનો અઢારમો લુઇ અધિષ્ઠિત થયો. સામ્રાજ્ય પ્રાપ્તિને સમયે લુઇ લંડનમાં હતો; ત્યાંથી અધિકાર ગ્રહણ કરવાને માટે તે શીઘ્ર ફ્રાન્સમાં આવ્યો. સાધારણ પ્રજાદ્વારા ભયથી અને વિદેશી નરેશો તથા રાજપક્ષપાતીઓદ્વારા હર્ષથી અભિનન્દિત થતો તે પૅરિસમાં પ્રવિષ્ટ થયો. પૅરિસના નિવાસીઓ આ અદ્‌ભુત મૂર્તિવાળા રાજાને જોઇને ઝાઝા સંતુષ્ટ થયા નહિ. જ્યાં તેઓ પહેલાં નાના સરખા કિંતુ સુંદર સમ્રાટ્‌નાં સ્થિર પગલાં જોવાના અભ્યાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા ત્યાં હવે તેમને ગડગુમડવાળો, અશક્ત તથા બુઢ્ઢો લુઈ દૃષ્ટિ-ગોચર થયો. તેને જોતાંજ ફ્રેંચ લોકોના હૃદયમાં ઘૃણા ઉત્પન્ન થઈ; અને ત્યાર પછી જ્યારે તેમના જાણવામાં આવ્યું કે આ અશક્ત પુરૂષ વિદેશીઓદ્વારા સિંહાસનાભિષિક્ત થયો છે ત્યારે તો તેમની ઘૃણાની સીમાજ રહી નહિ.

પહેલા બુર્બોન રાજાઓના ફ્રાન્સમાં તથા હમણાંના ફ્રાન્સમાં મોટો અંતર હતો. ક્રાંતિરૂપી પ્રભાતે એ ઉભયમાં રાત્રિ અને દિવસના જેવો ભેદ કરી દીધો હતો. તે સમયની પ્રજા જે વાહિયાત અને કનિષ્ઠ વ્યવહારોને આનંદથી શીરપર ધારણ કરતી હતી; તે વ્યવહારોને હમણાંની પ્રજા સહન કરી શકતી નહોતી. સમય બદલાઇ ગયો હતો; અને તેની સાથે લોકોનાં મન પણ બદલાઈ ગયાં હતાં. જે સ્વાધીનતાનો ભાવ ફ્રાન્સના નિવાસીઓનાં હૃદયમાં ઘર કરી બેઠો હતો, તે કોઈ પણ સાધારણ શક્તિદ્વારા દાબી શકાય એમ નહોતું. તેને દબાવવાને માટે નેપોલિયનના જેવી શક્તિ ધરાવનાર મનુષ્યનીજ આવશ્યકતા હતી. બિચારા લુઇમાં તે શક્તિનો લક્ષાંશ પણ નહોતો. યદિ લુઇમાં કેવળ શક્તિનો અભાવજ હોત તોપણ ઠીક હતું, કિંતુ બુર્બોન વંશની સ્વાભાવિક શઠતા અને અંધતા પણ તેનામાં વિદ્યમાન હતી. હમણાં જ્યાં નેપોલિયનના સામ્રાજ્યનું વિસ્મરણ કરાવી નવિન શાસન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરાવવાને માટે પરમ ઉદાર તથા નીતિયુક્ત શાસનની આવશ્યકતા હતી; ત્યાં લુઇએ પોતાની નૈસર્ગિક જ્ઞાનાંધતાથી દેશમાં અશાંતિની અગ્નિ પ્રદીપ્ત કરવા માંડી હતી.

રાજ્ય પરિવર્ત્તનના સમયે જે ઢંઢેરો કહેવામાં આવ્યો હતો તે દ્વારા ફ્રાન્સના સમસ્ત નિવાસીઓને રાજ્યની નોકરીઓને માટે સમાન હક્ક આપવામાં આવ્યા હતા; પરંતુ લુઇએ સિંહાસનારૂઢ થતાંની સાથેજ તેનો ભંગ કરવા માંડ્યો. સેનામાંથી પુરાણા અનુભવી સેનાપતિઓને બરતરફ કરી તેમના સ્થાનમાં અશિક્ષિત કુલીન પ્રવાસીઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરતી કરી દીધી. નેપોલિયનના વીર તથા યૂરોપ વિખ્યાત સેનાપતિઓનું અપમાન કરવું એને તે પોતાનું કર્ત્તવ્ય સમજતો હતો; તેમજ તેણે નેપોલિયનના સામ્રાજ્ય કાળના મહાન પુરૂષોને નામશેષ તથા બદનામ કરવાને ઘણા પ્રયત્નો કર્યા. તેણે કેટલીક પલટણોને બરતરફ કરી દીધી. જ્યારે બરતરફ થયેલા સિપાઇઓ પોતાનાં ક્ષેત્રોમાં પહોંચ્યા ત્યારે વિદેશીઓના આક્રમણથી તેઓ તોબા તોબા પોકારવા લાગ્યા. બડબડાટ કર્યા સિવાય હવે તેમની પાસે બીજો કાંઈ પણ ઉપાય નહોતો. કૃષિની દુર્દશા થવાથી વહેપાર પણ અધોગતિને પ્રાપ્ત થયો. શાસનનો પ્રવાહ અઢાર વર્ષોના ધોરણ કરતાં ઉલટાઈ જઈને ધીમો પડવા લાગ્યો. સાધારણ પ્રજા આ દશા ને ડરથી તથા આશંકાથી અને સમજુ માણસો સંભાવનાથી જોવા લાગ્યા. પ્રત્યેક મનુષ્યની આંખ પૅરિસથી હઠી એલ્બાદ્વીપ તરફ ખેંચાવા લાગી. એવી વાત જાહેર થઈ કે દેશને દુઃખ મુક્ત કરવાને માટે એક વિશેષ પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરવાનો રિવાજ શીતઋતુમાં પ્રચલિત કરવામાં આવશે. જ્યારે શીતઋતુનું આગમન થયું ત્યારે પ્રત્યેક મનુષ્યના વસ્ત્રપર એક નાનીશી ત્રિકોણાકાર ટોપી અને લીલા કોટવાળા આદમીની તસ્વીર દૃષ્ટિગોચર થવા લાગી. પ્રત્યેક મનુષ્યને એમ પ્રતિત થવા લાગ્યું કે શીઘ્રજ ક્રાંતિ થનાર છે. સમસ્ત લક્ષણો ક્રાંતિનીજ સુચના કરી રહ્યાં હતાં; યદિ સંદેહ હતો તો ક્રાંતિના ઉદ્ભવ સ્થાનના સંબંધમાં હતો. ક્રાંતિ ઉત્પન્ન ક્યાંથી થશે ? પૅરિસથી વા એલ્બાથી ?

પ્રત્યેક મનુષ્યની આંખો ક્રાંતિને માટે પૅરિસ તરફ લાગી રહી હતી; કિંતુ દૈવને કાંઈ બીજુંજ અભીષ્ટ હતું. જે દીવસોમાં ફ્રાન્સ દેશ ક્રાંતિને માટે તૈયાર થઈ રહ્યો હતો તે દિવસોમાં નેપોલિયનના ચિત્તમાં પણ ક્રાંતિની સામગ્રી ઉત્પન્ન થઈ રહી હતી. તે યૂરોપનાં પત્રોમાં ફ્રાન્સના સમાચાર બહુ લક્ષપૂર્વક વાંચતો હતો. ત્યાં તેને અશાંતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અસંતોષનું વૃત્તાંત, પત્રો તથા પ્રવાસીઓદ્વારા નિરંતર મળતું રહેતું હતું. વળી તેને આ વાતની પણ ખબર મળતી જતી હતી કે એલ્બામાં પણ તે સર્વથા સુરક્ષિત નથી. પત્રોમાં એવી ચર્ચા ભારે જોસથી ચાલી રહી હતી કે તેને યૂરોપના સમીપના એલ્બાદ્વીપમાંથી દૂર કરી સેંટ હેલિનામાં મોકલી આપવો કે જ્યાંથી પાછા ફરવું તેને માટે સર્વથા અસંભવિત થઈ પડે. સેંટ હેલિનાની ઉજ્જડતા અને અનારોગ્યતા તે સારી પેઠે જાણતો હતો અને શુષ્ક દ્વીપમાં સુકાઈ જવા માટે જવાથી તે ઘણો ગભરાતો હતો. તેના માસિક ખર્ચ માટે જે ધન ફ્રાન્સના રાજકોષમાંથી આપવાનો નિશ્ચય કરવામાં આવ્યો હતો, તે એકવાર પણ આપવામાં આવ્યું નહોતું. વળી એક એવી ખબર પણ સર્વત્ર પ્રસરી રહી હતી કે નેપોલિયનને મારી નાંખવાને માટે બુર્બોન રાજવંશીઓએ એક મારો નિયુક્ત કર્યો છે. આ સર્વ સમાચારોએ તેનું મન વિશેષ ચલાયમાન કર્યું હતું.

નેપોલિયનની માનસિક દશા આવી હતી; એવામાં બૅરન ચાબોલન નામનો તેનો એક જૂનો સેવક તથા રાજસભાનો સભાસદ તેની પાસે જઈ પહોંચ્યો. તે સીધો ફ્રાન્સથી આવેલો હતો. તેને નેપોલિયને ત્યાંના સમાચાર પૂછ્યા તો તેના જાણવામાં આવ્યું કે સમગ્ર દેશ બુર્બોન લોકોથી અસંતુષ્ટ થઇને એની તરફ જોઈ રહ્યો છે. આ બોલને નેપોલિયનને જણાવ્યું કે ફ્રાન્સમાં હાલ એવો એક પણ રાજદ્વારી નેતા નથી કે જે બુર્બોન શાસકોને ચાહતો હોય. વળી તેણે એમ પણ નિવેદન કર્યું કે કેટલાક મોટા મોટા સેનાપતિઓ તથા રાજ સચિવો તેના પુનરાગમનની આકાંક્ષા રાખે છે. નેપોલિયનના ચલિત મનમાં આ વાર્તાલાપે અધિકગતિ ઉત્પન્ન કરી અને તે એક મહાન ઇતિહાસ પ્રસિદ્ધ સાહસિક કાર્ય કરવાને માટે તત્પર થયો.

એલ્બામાં પહેલાં સમસ્ત વિજેત્રી શક્તિઓએ પોતાનો એક એક પ્રતિનિધિ બંદીવાનની ઉપર દેખરેખ રાખવાને માટે મૂક્યો હતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંતુ દસ મહિનાના અનુભવે તેમને દર્શાવી આપ્યું હતું કે તેમનો બંદીવાન અત્યંત શાંત તથા નિશ્ચેષ્ટ છે અને તે એલ્બાનો ત્યાગ કરવાની લેશ પણ ઇચ્છા રાખતો નથી. આથી તે સર્વ પ્રતિનિધિઓ શનૈઃ શનૈઃ આમ તેમ ખસવા લાગ્યા; અને તેમનો બંદીવાન પોતાના છસેં રક્ષક સિપાઇઓની રક્ષામાં રહેવા લાગ્યો. તા. ૨૬ મી ફેબ્રુઆરીને દિવસે નેપોલિયનની ભગિનીએ દ્વીપાવાસી સમસ્ત મોટા મોટા માણસોને સહભોજનમાં નિમંત્રિત કર્યા. નેપોલિયન પણ ઉક્ત સહભોજનમાં વિદ્યમાન હતો અને તેનો વાર્તાલાપ યથાપૂર્વ ખુલ્લા દિલનો તથા પ્રસન્નતાસૂચક હતો. આ મિજબાનીમાં યૂરોપીયન રાષ્ટ્રોના પ્રતિનિધિઓને પણ નિમંત્રણ હતું, કિંતુ તેમાંનો કોઈ પણ તે દ્વીપમાં વિદ્યમાન નહોતો, અતઃ સહભોજન કાંઇક સૂનું જેવું પ્રતિત થતું હતું. નેપોલિયનના એકાદ બે સેનાધ્યક્ષો પણ તેમાં વિદ્યમાન હતા. ભોજન થઇ રહ્યા પછી તેણે તેમને પોતાના ઓરડામાં બોલાવ્યા અને કાંઇક ગુપ્ત આજ્ઞા તેમના કાનમાં આપી દીધી. આખી રાત્રિ ઉક્ત ઉભય સેનાધ્યક્ષો ગુપચુપ ઉક્ત આજ્ઞાના પાલનમાં નિમગ્ન રહ્યા. પ્રભાતના સમયે સૂર્યોદય પૂર્વેજ શરીરરક્ષક દળના છસેં સિપાઇઓએ પોતાની જાતને એક નાના સરખા જહાજની ઉપર સમુદ્ર યાત્રાને માટે સજ્જિત થયેલી જોઇ. તે નૌકા કયી તરફ જતી હતી તેની કોઇને પણ ખબર નહોતી. સમસ્ત પ્રવાસીઓ અત્યંત આશ્ચર્ય ચકિત થઈ પરસ્પર વાર્તાલાપ કરતા હતા, એવામાં તેમને સામેથી વાળેલી પરીચિત ટોળી દૃષ્ટિ ગોચર થઈ અને થોડાજ સમયમાં ટુંકાં ટુંકાં પગલાં ભરતો સમ્રાટ્ નેપોલિયન તેમની સામે આવીને ખડો રહ્યો. તોપોનો શબ્દ કરવામાં આવ્યો અને જહાજના સઢ ખોલી દેવામાં આવ્યા. જ્યારે ઉક્ત વહાણ કિનારાથી થોડે દૂર ચાલ્યું ગયું ત્યારે નેપોલિયને સેનાની સામે આવી કહ્યું "વીર સૈનિકો ! આજે આપણે ફ્રાન્સનું સામ્રાજ્ય જીતવાને માટે પ્રસ્થિત થઈએ છીએ. તમે આ કાર્યમાં મારા સહાયક થશો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવળ નેપોલિયનની બુદ્ધિપર ભરોસો રાખી સિપાઇઓ પોકારી ઉઠયા "મહારાજાની જય થાઓ."

પાંચ દિવસ પર્યંત આ દેશ જીતવાને માટે સજ્જિત થયેલું વહાણ સમુદ્રપર ચાલતું રહ્યું. રસ્તામાં કેટલાંક સ્થાનોપર તેને બ્રિટિશ નૌકાઓ મળી, પરંતુ તેમણે તેને કેવળ વાણિજ્યનું વહાણ સમજી છોડી દીધું. માર્ચની પહેલી તારિખે નેપોલિયન ફૅનસ નામક બંદરપર પહોંચી ગયો; અને તેણે ફ્રાન્સનું સામ્રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવાને માટે સાહસિક યાત્રાનો પ્રારંભ કર્યો. આજપર્યંત આવી વિજય યાત્રાનું વૃત્તાંત કોઇએ પણ વાંચ્યું નહિ હશે. એક લાખ ફ્રેજે તથા સામ્રાજ્યના સ્વામિને ૬૦૦ સિપાઇઓની સહાયતાથી પરાસ્ત કરવાનો અદ્યાપિ કોઇએ પણ પ્રયત્ન કર્યો નહિ હશે. જે કાર્ય આજપર્યંત કોઇએ પણ કર્યું નહોતું તે કરવાને માટે આપણો નાયક તૈયાર થયો, અને નિઃસંદેહ તેણે તેને પરમ સફળતાપૂર્વક કરી બતાવ્યું.

ફ્રાન્સની ભૂમિપર ઉતરવાને બીજે દિવસેજ તેણે વિજય યાત્રાનો પ્રારંભ કર્યો. તે જ્યાં જ્યાં જઈ પહોંચ્યો ત્યાં ત્યાં તેનું સ્વાગત થયું. જહાજપરજ તેણે પ્રજાને માટે ઘોષણાપત્ર લખાવી રાખ્યા હતા અને હવે તેણે તે વહેંચાવવા શરૂ કરી દીધા. ફ્રાન્સની આવેશ પૂર્ણ પ્રજા બુર્બોન શાસકોના દશ માસના શાસનથીજ કંટાળી ગઇ હતી. જે નગરમાં પોતાના સિંહ સમાન સિપાઇઓની સાથે નેપોલિયન જઈ પહોંચ્યો તેણે તેને માટે પોતાના દરવાજા ખોલી નાંખ્યા. જે સેના તેની સાથે લડવાને માટે મોકલી આપવામાં આવી તેજ તેની સાથે મળી ગઈ. ગ્રીનોવલ નગરની પાસે રાજાની મોકલેલી છ સહસ્ત્ર સેના નેપોલિયનના માર્ગનો પ્રતિરોધ કરવાને માટે ઉભી હતી. જ્યારે તેને આ સમાચાર મળ્યા ત્યારે તેણે એક અદ્‌ભુત પ્રકારનું સાહસિક કાર્ય કર્યું. સમગ્ર સેનાને પાછળ મૂકી તે એકલોજ ઉક્ત સેનાની સામે ચાલ્યો ગયો. સામે છ સહસ્ત્ર સિપાઇઓ બંદુકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્કંધપર મૂકી ખડકની પેઠે ઉભા હતા. તે શનૈઃ શનૈઃ તેમની પાસે જવા લાગ્યો. સેના હાલી નહિ. જ્યારે તે ઉક્ત સેનાથી કેવળ દસ કદમના અંતરપર રહ્યો ત્યારે સેનાપતિએ સિપાઇઓને આજ્ઞા આપી કે "પ્રહાર કરો." આજ્ઞા પ્રાપ્ત થતાં સિપાઇઓએ પોતાની બંદુક સંભાળવા માંડી. **ને**પોલિયને પોતાની છાતી પરથી લીલા કોટનાં બટન ખોલતાં ખોલતાં ઉચ્ચ સ્વરે કહ્યું: "સૈનિકો! શું તમારામાં એવો કોઇ છે કે જે પોતાના સમ્રાટ્ અને સેનાપતિપર ગોળી ચલાવે? યદિ કોઈ હોય તો તેણે ગોળીબાર કરવો, મ્હારી છાતી ખુલ્લી છે." સમ્રાટ્ના ચિરપરિચિત શબ્દો સાંભળતાંજ પ્રત્યેક સિપાઇની બંદુકનું મુખ નીચું થઇ ગયું. સેનાપતિઓએ ગભરાઇને પોતાના ઘોડાઓને એડી મારી અને તેઓ રફુચક્કર થઇ ગયા.

અત્યાર સુધીમાં તો **ને**પોલિયનના આગમનના સમાચાર પૅરિસમાં પહોંચી ચૂક્યા હતા. **લુ**ઇએ ગભરાઇને પુરાણા સેનાપતિ **ને** ને બોલાવ્યો અને **ને**પોલિયનનો માર્ગ રોકવાને તેને કહ્યું. **ને** યદ્યપિ વીર હતો તથાપિ તેનું મસ્તક વીરતાને અનુકૂળ નહોતું. **લુ**ઇની આગળ તેણે **ને**પોલિયનને પિંજરામાં બંધ કરીને લાવવાની પ્રતિજ્ઞા કરી; અને સેના સહિત રસ્તો રોકવાને માટે પ્રયાણ કર્યું. જ્યાં તે પોતાના પુરાણા સમ્રાટ્ની નિકટ પહોંચ્યો; કે તરતજ તેનું દિલ દ્રવિત થઈ ગયું. પોતાની પ્રતિજ્ઞા ભૂલી જઈ પોતાની સમસ્ત સેનાની સાથે તે પણ પોતાના જૂના સ્વામિની પાછળ પાછળ ચાલ્યો. આ પ્રકારે પ્રતિદિન પોતાની શક્તિ વૃદ્ધિંગત કરતો કરતો **ને**પોલિયન પૅરિસ તરફ જવા લાગ્યો. જ્યારે **લુ**ઇના સાંભળવામાં આવ્યું કે સાહસિક કૉર્સિકન પૅરિસથી કેવળ એક દિવસની મંજલપર છે ત્યારે તેના ગડગુમડથી અશક્ત બનેલા શરીરમાં કંપારો છૂટયો. પોતાના પરિવારનાં માણસો તથા મુકુટનાં રત્નોસહિત ગાડીમાં સ્વાર થઈ તે સૌથી ટુંકા માર્ગથી **ફ્રા**ન્સની બહાર નીકળી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તા. ૨૦ મી માર્ચના દિવ નેપોલિયન પૅરિસમાં પ્રવિષ્ટ થયો. પોતાના પુરાણા બુદ્ધિમાન સમ્રાટ્ને આવેલો જોઈ પૅરિસના લોકોએ અસીમ હર્ષ પ્રકટ કર્યો. તે પૅરિસના દ્વાર પર્યંત ગાડીમાં આવ્યો, પરંતુ આગળ ચાલવું તેને માટે અસંભવિત હતું. જોસમાં આવેલા લોકોએ તેના શરીરને ગાડીમાંથી ઉઠાવી લીધું અને હાથપર ને હાથ પરજ તેને રાજમહાલય પર્યંત પહોંચાડવામાં આવ્યો. સમસ્ત રસ્તાઓમાં ક્યાંય પણ તલ મૂકવાની સુદ્ધાં જગ્યા નહોતી. સ્વભાવોજ્જવલ પૅરિસ તે દિવસે અસાધારણ તથા ઉજ્વળ બની ગયું. જે સૅનેટના સભ્યોએ દસ માસ પૂર્વે તેની રાજ્યચ્યુતિનો ઠરાવ પસાર કર્યો હતો તેમણે આજે તેના સ્વાગતમાં ભાગ લીધો. રૂધિરનું એક પણ બુંદ પાડયા સિવાય ૨૦ દિવસમાં સમગ્ર દેશને જીતી લેવો તથા સ્થિત રાજાને નસાડી મૂકવો એ નેપોલિયનનુંજ કાર્ય હતું.

પંચમ પરિચ્છેદ—વૉટર્લુ.

" Waterloo was written in the book of Destiny."

Napoleon.

"વૉટર્લુ દેવના પુસ્તકમાં લખાઇ ચૂક્યું હતું." નેપોલિયન.

પૅરિસમાં પહોંચી નેપોલિયને પ્રથમ કાર્ય દેશની અવ્યવસ્થા દૂર કરવાનું કર્યું. બુર્બોન રાજાઓ જે દુર્વ્યવસ્થામાં રાષ્ટ્રને છોડી ગયા હતા તે જો દેશમાં રહે તો તે કદિ પણ સુરક્ષિત રહી શકે નહિ. વળી તે પુનઃ પોતાને ફ્રેંચ પ્રજાનો રાજા બનાવવા માગતો હતો, તેથી તેણે સમસ્ત દેશના નિવાસીઓની પાસે પોતાન સમ્રાટ્ થવાના વિષયમાં સમ્મતિ માગી. અતિ મોટી બહુમતિથી તેને સમ્રાટ્ તરિકે નિશ્ચિત્ કરવામાં આવ્યો. રાજ્ય સંસ્થામાં સમયાનુસાર કેટલોક ફેરફાર કરીને તેના સંબંધમાં પણ સમગ્ર દેશની સમ્મતિ લેવામાં આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુમતિથી આ પરિવર્તનો પણ સ્વીકૃત થયાં. આ પ્રકારે એલ્બાથી પાછો ફરી, નિયમપૂર્વક સમ્રાટ્ બની, તે યૂરોપના ગર્ભમાંથી ઉઠતા તોફાનની સામે થવાને માટે તૈયારી કરવા લાગ્યો.

સમસ્ત યૂરોપના સમ્રાટો તથા રાજ પ્રતિનિધિઓ વિયેનાની દરબારમાં દેશોનાં ભાગ્યો નિશ્ચિત્ કરી રહ્યા હતા, એવામાં તેમના સાંભળવામાં આવ્યું કે નેપોલિયન એલ્બામાંથી નીકળી આવ્યો છે; અને પૅરિસે તેનું અતિ ઉત્તમ સ્વાગત કર્યું છે. આ સમાચાર સાંભળતાંજ યૂરોપની વિભાગણીમાં નિમગ્ન થયેલા ઉક્ત સર્વ વિજેતા નરેશોના આશ્ચર્ય તથા ભયમિશ્રિત વિસ્મયની સીમા રહી નહિ. જે કાર્ય કરીને તેઓ વિશ્રાંતિ લેવાને માટે બેઠા હતા, તેજ કાર્ય સર્વથા નવેસરથી કરવા યોગ્ય બની ગયું. જે શત્રુને તેઓ સર્વથા નષ્ટ થયેલો માનતા હતા તેનીજ તેજસ્વિની ખડ્ગધારા તેમને વળી પાછી પોતાના મસ્તકપર લટકતી દેખાવા લાગી. જે આનંદ અને વિલાસનો સપાટો ચાલતો હતો તે આ સમાચાર મળતાંની સાથેજ શૂન્ય થઈ ગયો. સમ્મિલિત રાજાઓની સમસ્ત શક્તિઓ પ્રથમ નિઃસત્ત્વ થઈ ગઈ, પરંતુ શીઘ્રજ પ્રથમ ધક્કાનો પ્રભાવ ઉતરી ગયો; અને સમસ્ત રાજાઓ તથા રાજપ્રતિનિધિઓ પુનઃ નેપોલિયનને આસનચ્યુત તથા જીવનચ્યુત કરવાના ઉપાય શોધવા લાગ્યા.

દીર્ઘ વિચાર કર્યા પશ્ચાત્ સમ્મિલિત રાજાઓએ ફ્રાન્સના સિંહાસનપરથી નેપોલિયનને ઉતારી તેના સ્થાનપર બુર્બોન રાજાનેજ અધિષ્ઠિત કરવાનો નિશ્ચય કર્યો. તેની સાથે તેમણે એક ઘોષણાપત્ર બહાર પાડયો, જેમાં તેમણે નેપોલિયનના એલ્બાથી થયેલા આગમનને રાજનૈતિક ગુન્હો જણાવ્યો; અને તેને સભ્ય સમાજના સર્વ નિયમોથી બહાર જણાવ્યો. તેની સાથે શત્રુઓએ ફ્રેંચ પ્રજાને એવી સૂચના પણ આપી કે તેઓ ફ્રાન્સની વિરૂદ્ધ યુદ્ધ કરતા નથી, પરંતુ તેમનો મુખ્ય વિરોધ કેવળ નેપોલિયનની સાથે છે. જ્યારે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયનને ફ્રાન્સના સિંહાસનપરથી ઉતારી મૂકશે ત્યારે પુનઃ ફ્રાન્સ સ્વાધીન થઇ જશે અને યૂરોપમાં શાંતિની સ્થાપના થશે.

શત્રુઓની આ અધોષણાએ ફ્રાન્સનાં કેટલાંક સ્થાનોમાં અગ્નિ ફેલાવી; અને કેટલાંક સ્થાનોમાં બળતી અગ્નિપર પાણી છાંટી દીધું. જ્યાં લોકો અધિકાંશે નેપોલિયનના પક્ષમાં હતા, ત્યાં આ અધોષણાએ આગ ફેલાવી દીધી; પરંતુ જ્યાં હજી બુર્બોન રાજાઓનો પ્રભાવ અત્યંત વધારે હતો, ત્યાં લોકોનાં દિલ નેપોલિયનથી ફરી ગયાં. શત્રુઓનાં વાક્યોને સત્ય સમજી તેમણે વિચાર કર્યો કે યદિ આ સમસ્ત યુદ્ધો—આ સમસ્ત ભીતિ કેવળ એકજ વ્યક્તિને માટે છે, તો તે એકનો નાશ કરીને શાંતિની સ્થાપના શા માટે ન કરવી?

ઉક્ત અધોષણાપત્રનો પ્રચાર કરી શત્રુઓએ પોતાની સેના પૅરિસ તરફ રવાના કરી; અને આઠ લાખ સેના મૃત્યુના દૂતની પેઠે ગર્જના કરતી ફ્રાન્સ ઉપર ચઢી, કિંતુ હવે નેપોલિયન યુદ્ધ કરવા માગતો નહોતો અને તે જાણતો હતો કે તે હવે યુદ્ધ કરી શકે એમ પણ નથી. તેની પાસે નહિ તો સેના હતી કે નહિ તો કોષ હતો. કેટલાક સેનાપતિઓએ શત્રુનો આશ્રય લઈ લીધો હતો, અને કેટલાક નિરંતર યુદ્ધથી થાકીને વિશ્રામ કરી રહ્યા હતા. શત્રુઓ કાળા મેઘની પેઠે ઉલટીને ચારે દિશાને ઘેરી રહ્યા હતા અને તેમની સામે થવાને માટે નેપોલિયનની પાસે સાધનો નહોતાં. ત્યારે કોઇ પણ પ્રકારે સંધિ કરવાનોજ તેણે સંકલ્પ કર્યો. સમસ્ત દેશોના રાજાઓની ઉપર તેણે પોતાના હસ્તાક્ષરયુક્ત પત્રો મોકલ્યા—ચારે તરફ શાંતિના ઝુંડા સહિત દૂતોને દોડાવ્યા, કિંતુ હવે ઘણો વિલંબ થઈ ચૂક્યો હતો. વારંવારના પરાજયોથી અપમાનિત અને આ મહા બળીષ્ટ પ્રાણીની શક્તિથી થાકી ગયેલો યૂરોપ હવે તેને નામશેષ કરવાને ઉદ્યુત થયો હતો. તેના સંધિના પ્રસ્તાવ વા શાંતિના ઝુંડાને કોઇએ પણ સત્ય વા ગંભીર ગણ્યો નહિ; કોઇએ તેનાપર વિચાર સરખો કરવાની તસ્દી પણ લીધી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિ અને સંધિને અસંભવિત ધારી તેણે હવે પોતાની સંપૂર્ણ શક્તિઓનો સેનાની તૈયારી કરવામાં વિનિયોગ કર્યો. ચોતરફથી સૈનિકો એકત્રિત કર્યા અને નવા સૈનિકોની ભરતી કરી. દિન રાત્રિ પરિશ્રમ કરી કોષોમાંથી તે સૈનિકોનું પાલન કરવાને દ્રવ્ય પણ સંગ્રહિત કર્યું; અને માત્ર થોડાજ દિવસોના પરિશ્રમથી તેણે અઢી લાખની સમીપ સેના શસ્ત્રોથી સજ્જીત કરી દીધી. આ અઢી લાખ સેનામાંથી અર્ધાને પૅરિસની તથા દેશના અન્ય ભાગોની રક્ષાર્થે સ્થાપિત કરી; શેષ અર્ધાને લઇને તે ૧૨ મી જુન ૧૮૧૫ ને દિવસે ફ્રેંચ સીમાની બહારથી ઘેરતા શત્રુઓનો રસ્તો રોકવાને માટે નીકળી પડયો.

આગલે દિવસે તે પોતાની સેનાની છાવણીમાં ગયો. ત્યાં જઈ તેણે પોતાની તથા શત્રુઓની સ્થિતિપર વિચાર કર્યો. તેણે જોયું કે તેનાથી થોડેજ દૂર પડેલી શત્રુઓની બે મુખ્ય સેનાઓ રૂશિયન સેનાના આગમનની પ્રતિક્ષા કરી રહી છે. સેનાપતિ બ્લૂચર ૧૩૦૦૦૦ સેના સહિત નૅમર નગરને દુર્ગબદ્ધ કરી તેમાં મુકામ નાખીને પડયો હતો. તેનાથી પ્રાયઃ નવ દશ માઇલના અંતરપર બ્રસેલ્સમાં અંગ્રેજ સેનાપતિ વેલિંગ્ટન પોતાની એક લાખ સંગીનોથી તેને સહાય કરવાને માટે તૈયાર હતો. ફ્રેંચ મહારાજાએ શત્રુની આ સ્થિતિ જોઇ એક સાહસિક કાર્ય કરવાનો વિચાર કર્યો. તેણે સૌથી પ્રથમ અકસ્માત બ્લૂચરની સેનાપર આક્રમણ કરી તેને ઘેરી લેવાનો વિચાર કર્યો. તેને એવી રીતે ઘેરવાનો તેનો વિચાર હતો કે તેની સેનાનો ઘણો નાનો ભાગ શેષ રહી જાય અને તે શેષ ભાગ પણ અંગ્રેજોની સેનાની છાવણી તરફ જઇ શકે નહિ. આ પ્રકારે એક સેનાનો વિચ્છેદ કરી ત્યાર પછી વેલિંગ્ટનપર આક્રમણ કરવું; અને તેને પણ નસાડી મૂકવો, એવો તેનો વિચાર હતો. જો આવી રીતે વેલિંગ્ટનને નસાડી મૂકવામાં આવે તો તેને સમુદ્ર સિવાય ક્યાંય પણ આશ્રય મેળવવાનો સંભવ નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાહસિક કાર્યક્રમ નેપોલિયને નિશ્ચિત્ કર્યો. શત્રુ સેનાપર અચાનક આક્રમણ કરવાપર આ સમગ્ર કાર્યક્રમની સફળતાનો આધાર હતો. આ કાર્યક્રમ અધિકાંશે શક્ય હતો; કારણ કે અદ્યાપિ શત્રુના કોઈ પણ સેનાપતિને આ વાતની ખબર નહોતી કે નેપોલિયને પૅરિસથી પ્રસ્થાન કર્યું છે, પરંતુ આજ સમયે એક એવી દુર્ઘટના બની કે જેણે કેવળ આ કાર્યક્રમને બગાડી નાંખ્યો એટલુંજ નહિ, પરંતુ નેપોલિયનના વિજયને પણ સર્વથા સંદેહાત્મક બનાવી દીધો. બોમૉંટ નામક એક સેનાપતિ કે જેને સમ્રાટે નારાજ થઇને પોતાની સેનામાંથી બરતરફ કર્યો હતો તેને કેટલાક સેનાનીઓના કહેવાથી પુનઃ સેનામાં દાખલ કરવામાં આવ્યો. તે યુદ્ધના પ્રારંભમાંજ શત્રુઓની સેનામાં જઈ મળ્યો. આ સ્વામિદ્રોહી નેપોલિયનનો સર્વ કાર્યક્રમ સાંભળી ગયો હતો અને સર્વ સેનાપતિઓને જે જે આજ્ઞાઓ મળી હતી તેથી પણ તે જાણીતો થઈ ગયો હતો. બ્લૂચરને તેણે આ સર્વ હકિકત વિદિત કરી દીધી; અને તેને સચેત કરી દીધો. આ ઘટનાએ નેપોલિયનનું આકસ્મિક આક્રમણ અસંભવિત કરી દીધું.

તથાપિ પોતાની સેનાની વીરતાપર ભરોસો રાખી તેણે આગલે દિવસે બ્લૂચરપર આક્રમણ કરી દીધું. વેલિંગ્ટનની સાથે તેને મળી જતો અટકાવવાને માટે નૅમર તથા બ્રસેલ્સની વચ્ચે આવેલા ક્વાટ્રે-બ્રાસ નામના એક નાના ગામપર અધિકાર સ્થાપિત કરવો આવશ્યક હતો. આ કાર્યને માટે તેણે સેનાપતિ નેને મોકલ્યો. સાયંકાળના સમયે સેનાપતિ ને તે ગ્રામથી ચાર પાંચ માઇલિનાં અંતરપર રહ્યો. તેની સેના અત્યંત શ્રમિત થયેલી હતી અને ગામમાં કોઈ પણ શત્રુ નહોતો. નેએ ધાર્યું કે હવે આગળ જવાથી શો લાભ છે? અહીંઆંજ આરામ કરીને પ્રાતઃકાળમાં ગામપર અધિકાર કરી લઇશું. આવો વિચાર કરી તેણે ત્યાંજ મૂકામ નાંખ્યો અને સમ્રાટ્‌ની પાસે એક દૂત મોકલી તેને કહેવરાવ્યું કે ક્વાટ્રેબ્રાસપર અધિકાર સ્થાપિત કરી દીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયનને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તેણે બીજો સર્વ પ્રબંધ યથાયોગ્ય ધારી બીજા શત્રુઓનું મિલન અસંભવિત બનાવી બ્લુચરની સેનાપર આક્રમણ કર્યું. થોડી વાર યુદ્ધ થયું એટલામાંજ બ્લુચરની એક લાખથી અધિક સેનાના પગ ઉખડી ગયા. હવે સેનાપતિ નેનો સમય હતો. નાસી જતી પ્રશિયન સેનાને કાપી નાંખવાને માટેજ તેને ક્વાટ્રેબ્રાસ મોકલવામાં આવ્યો હતો, કિંતુ તે ત્યાં ક્યાં હતો ? પ્રાતઃકાળમાં નેએ ઉઠીને જોયું તો તેને પ્રતિત થયું કે જે ગ્રામને તે પોતાનું સમજીને સૂતો હતો તેમાં વેલિંગ્ટન પોતાની પ્રબળ સેનાને લઇને પડયો છે. તેણે લજ્જા અને નિરાશાથી ખિન્ન થઇને ગ્રામ ઉપર આક્રમણ કર્યું; કિંતુ વેલિંગ્ટનની અચળ સેના ચલિત થઈ નહિ. જરા સરખી ઉંઘે હાથમાં આવેલી જીતને સરકી જવા દીધી, એ નાની સરખી ભૂલે ફ્રાન્સના સામ્રાજ્યને પરિવર્તિત કરી દીધું.

પરાસ્ત પ્રશિયન સેના પાછી ફરવા લાગી. વેલિંગ્ટને પણ તેની સાથે મળી જવાને માટે પાછા હઠવા માંડયું. નેપોલિયન બ્લુચરની પૂઠ પકડવાને માટે સેનાપતિ ગ્રોચીને મૂકીને સ્વયં વેલિંગ્ટનનો ધ્વંસ કરવાને માટે બ્રસેલ્સ તરફ ગયો. વેલિંગ્ટન થોડો પાછળ હઠી વૉટર્લુ નામક સ્થાનપર થોભી ગયો અને ત્યાં પોતાની સેનાને દૃઢ રીતે સ્થાપિત કરી શત્રુ તથા બ્લુચરની પ્રતિક્ષા કરવા લાગ્યો. રાત પડયા પૂર્વેજ તેની સામેની ભૂમિપર ફ્રેંચ સેનાની છાવણી પડી. ઉભયપક્ષ તરફથી રાતભર તૈયારીઓ થતી રહી. યૂરોપના ભાગ્યના અંતિમ નિશ્ચાયક યુદ્ધને માટે ઉભય સેનાઓ સજ્જ થતી રહી.

શનૈઃ શનૈઃ રાત્રિ વ્યતીત થઈ ગઇ અને પ્રભાતનો સમય થયો. આ સમગ્ર વખત વરસાદ થતો રહ્યો હતો, તેથી સમસ્ત ભૂમિ ભીની થઇ ગઇ હતી. ભીની જમીનમાં તોપો ખસેડવાનું કામ કઠિન હોય છે અને નેપોલિયન તો સેનાપતિજ તોપોનો હતો. તોપોજ તેના વિજયનું મુખ્ય કારણ થતી હતી. શત્રુ સેનામાં છિદ્ર કરવાનો તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય ઉપાય એ હતો કે તે તેના મધ્ય ભાગમાં નિરંતર ગોળાઓની મૂશળધાર વૃષ્ટિ કરતો હતો. જ્યાં સેનાના મધ્ય ભાગમાં છિદ્ર થયું કે તરતજ નેપોલિયનની પાયદલ સેના ઘૂસીને શત્રુઓને બે ભાગમાં વિભક્ત કરી નાંખતી હતી. ત્યાર પછી ઘોડેસ્વારોનો વારો આવતો હતો. તેઓ છિન્નભિન્ન થયેલી શત્રુ સેનાના એક એક ભાગપર પૃથક્ પૃથક્ આક્રમણ કરીને તેને નષ્ટ કરી દેતા હતા. જે તોપોના આશ્રયથી નેપોલિયન વિજય પ્રાપ્ત કરતો હતો તે તોપોનું ચાલવું આજે કઠિન હતું. વેલિંગ્ટનને માટે આ કઠિનતા નહોતી. તે પ્રથમથીજ ઉચ્ચ સ્થાનપર દુર્ગ બાંધીને બેઠો હતો. તેને કેવળ પોતાના સ્થાનની રક્ષા કરવાનીજ હતી.

પ્રાયઃ અગીઆર વાગે ભૂમિ કાંઇક સૂકાઈ, ત્યારે યુદ્ધનો પ્રારંભ થયો. જે લોકો યુદ્ધ વિદ્યાથી અભિજ્ઞ છે તેઓ જણાવે છે કે આવું ઘોર યુદ્ધ બીજું કોઈ દૃષ્ટિગોચર થયું નથી. ઉભય પક્ષની સેનાઓ પોતપોતાની રીતથી અતિ વીર હતી. નેપોલિયન દ્વારા શિક્ષિત થયેલી ફ્રેંચ સેનાનું આક્રમણ વિજળીના આકસ્મિક ધક્કા કરતાં પણ કાંઇક પ્રબળ થતું હતું. બીજી તરફ અંગ્રેજો હતા. તેમની દૃઢતાથી પણ કોણ અપરીચિત છે? જે આક્રમણથી અન્ય દેશોની સેનામાં ભંગાણ પડી જાય છે તે આક્રમણથી ઇંગ્લિશ સેનાનું એક કદમ પણ પાછળ પડતું નથી. તોપછી યુદ્ધની ભયાનકતામાં શો સંદેહ હતો?

યુદ્ધના પ્રારંભથીજ ફ્રાન્સની સેનાએ અનિવાર્ય આક્રમણો શરૂ કર્યાં. થોડા કલાક સુધી યુદ્ધ ચાલ્યું એટલામાં અંગ્રેજી સેનાની બન્ને બાજુઓને ઘણી પાછળ ધકેલી કાઢવામાં આવી. મધ્ય ભાગ કે જ્યાં સ્વયં વેલિંગ્ટન ઉભો હતો તે અવિચલિત રહ્યો. આ જોઈ નેપોલિયને પોતાની ૩૫૦૦ ઘોડેસ્વારોની વીર સેનાને મધ્ય ભાગ તોડવાને માટે મોકલી. તેણે પાસે ઉભેલા સેનાપતિ નેની તરફ દૃષ્ટિપાત કર્યો. નેએ પોતાની તલવાર ખેંચી કાઢી, નેપોલિયનને પ્રણામ કર્યા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઘોડેસ્વારોની આગળ થયો. આ સમયે એક વિચિત્ર દૃશ્ય ઉપસ્થિત થયું. તે સેનાના ઘોડેસ્વારોના ઘોડા ઉચ્ચૈઃશ્રવા સમાન ઉંચા તથા વેગવાન હતા, તેમની ઉપર ઉંચા ઉંચા મુકુટોવાળા સ્વારો દેવ સેના સમાન શોભાયમાન થઈ રહ્યા હતા. પ્રત્યેક સૈનિક એક હાથમાં લગામ, બીજા હાથમાં પિસ્તોલ તથા દાંતોની વચ્ચે તલવાર પકડી અને શત્રુ સેના તરફ આંખ કરીને ઉભો હતો. આજ્ઞા આપવામાં આવી, દુદુંભિ વાગવા લાગી, વાદિત્રનાદ શરૂ થયો અને ઘોડેસ્વાર સેના શત્રુના મુખ્ય ભાગને કાપી નાંખવાને માટે પ્રસ્થિત થઈ.

સામે પહાડની નીચે ઇંગ્લિશ પાયદલ સેના ઉભી રહી હતી. ફ્રેંચ સેના યદ્યપિ તેને દૃષ્ટિગોચર થતી નહોતી, પરંતુ ૩૫૦૦ ઘોડાની એક્કાલીન પડઘી તે પણ સાંભળી રહી હતી. વચ્ચે વચ્ચે "મહારાજાકી જય" નો નાદ કરતી તથા પવનવેગી ઘોડાને એડી મારતી તે પહાડના શૃંગ પણ જઈ પહોંચી. શત્રુઓએ તેને જોઈ અને તેમનાં હૃદય ધડકવા લાગ્યાં. ૩૫૦૦ મુકુટોની જ્યોતિ અને ૩૫૦૦ ઘોડાની પડઘીએ તેમને સાશંક બનાવી દીધા. અંગ્રેજી સેના ભયભીત બની ગઈ. ફ્રેંચ સેના શત્રુના મધ્યભાગને ઉડેલો સમજી પ્રસન્ન થવા લાગી.

ઘોડેસ્વારોને શત્રુ સૈન્ય દૃષ્ટિગોચર થયું અને તેમણે પોતાનો વેગ અધિક વધારી દીધો. આ વધારેલા વેગથી ચાલતા ઘોડેસ્વારોની આગલી પંક્તિ જ્યાં પર્વતની સમાપ્તિ પર પહોંચી કે તે કોણ જાણે ક્યાં જતી રહી! બીજી ત્રીજી અને ચોથી પંક્તિ પણ પહાડના અંત પર્યંત પહોંચી અને તે પણ ત્યાંજ વિલીન થઈ ગઈ. પહાડના અંતમાં તેર ફીટ ઉંડી ખાઈ હતી, તેનું કોઇએ ધ્યાન પણ રાખ્યું નહોતું. જ્યાં ઘોડા ત્યાં પહોંચતા કે તેઓ ડરતા અને જરા ઉભા રહેતા; પરંતુ હવે ઉભા રહેવાનો વખત નહોતો. પાછલા સ્વારોના ઘોડાઓનું બળ અનિવાર્ય હતું. ઘોડાઓ અને સ્વારો ધડાધડ ખાઈમાં પૂરા થવા લાગ્યા. ૩૫૦૦ માંથી પ્રાયઃ અર્ધો ભાગ આ ખાઇમાં અર્પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો ત્યારે આખી ખાઈ ભરાઇ ગઈ. શેષ સ્વારો તે ભરાયેલી ખાઇ પરથી ચાલ્યા ગયા. તેમણે શત્રુ સેનામાં જઇને પ્રલય મચાવી દીધો. પ્રત્યેક જણને પોતાના જાનને માટે ભય લાગ્યો. એક એક ઘોડેસ્વારે વીસ વીસ શત્રુઓને યમદ્વાર દર્શાવ્યું. થોડાજ સમયમાં શત્રુનો મધ્ય ભાગ છિન્નભિન્ન થતો દૃષ્ટિગોચર થયો, કિંતુ તે સર્વથા ધ્વસ્ત થયો નહિ. યદિ ઉક્ત ખાઈની દુર્ઘટના ન બનત તો આ સમયે અંગ્રેજી સેનાની પૂરી કમબખ્તી હતી; કિંતુ દૈવજ નેપોલિયનની વિરૂદ્ધ હતો. આ વૉટર્લુના પરાજયનું પ્રથમ કારણ હતું.

યદ્યપિ આ આક્રમણથી શત્રુનો નાશ નહિ થયો, તથાપિ તેના પગ ઉખડી ગયા. અંગ્રેજી સેના ધીમે ધીમે પાછળ હઠવા લાગી. ખડક સમાન દૃઢ વેલિંગ્ટનના મુખપર પણ ચિંતાની છાયા જણાવા લાગી. આખો દિવસ તો તે પાછો હઠયો નહિ, પરંતુ ફ્રેંચ સેનાનું આક્રમણ અનિવાર્ય હતું. તે કેવળ બ્લુચરની સેનાની પ્રતિક્ષા કરી રહ્યો હતો. સાયંકાળના ત્રણ વાગી ગયા, પરંતુ બ્લુચર આવ્યો નહિ. વેલિંગ્ટનની હિમ્મત છૂટવા લાગી. સાયંકાળના પાંચ વાગી ગયા. તે વારંવાર ઘડીઆળ કાઢતો અને કહેતો કે "હવે રાત્રિ વા બ્લુચર એ બેમાંથી કોઈ આવવું જોઇએ;" પરંતુ તે બેમાંથી કોઇ પણ આવતું નહોતું. અંગ્રેજી સેનાને પાછળ હઠતી જોઇ નેપોલિયન પોકારી ઉઠયો "હવે રણક્ષેત્ર જીતી લીધું;" પરંતુ હજી તેનું આ વાક્ય પૂર્ણ પણ થયું નહોતું એટલામાં તેણે પોતાની પાછળ દૃષ્ટિપાત કર્યો તો સેનાપતિ બ્લુચરની ૫૦ હજાર સેના પહાડપરથી ઉતરતી દૃષ્ટિગોચર થઈ.

અણીનો સમય ઉપસ્થિત થયો. વેલિંગ્ટન પોતાના સહાયકને જોતાંજ પાછો ફરતો અટકી ગયો. નેપોલિયનનું હૃદય એકદમ ધડકવા લાગ્યું. આખા દિવસના યુદ્ધથી ફ્રેંચ સેના અત્યંત થાકી ગઈ હતી. મરી ગયેલા સૈનિકોની સંખ્યા પણ ઓછી નહોતી. આ સમયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પાસે ૫૦ સહસ્ર સૈનિકોથી અધિક ભાગ્યેજ હશે. આવી અવસ્થામાં શત્રુ સૈન્યમાં તેટલીજ તાજી સેનાનો યોગ થઈ જવો ભયંકર હતો–ઘાતક હતો.

હવે નેપોલિયનની પાસે કેવળ એકજ ઉપાય હતો. બ્લુચર આવી પહોંચે તે પૂર્વેજ જો તે કોઈ પણ પ્રકારે વેલિંગ્ટનને નસાડી મૂકી શકે તો બ્લુચરનું આગમન નિરર્થક થઈ પડે; કિંતુ સમગ્ર ફ્રેંચ સેના થાકેલી હતી, તોપછી તેને નસાડી મૂકવાનું કાર્ય કોણ કરે? કેવળ રક્ષક સેના શેષ હતી અને તેજ આ સમયે ઉપયોગમાં આવી શકે એમ હતું. પોતાની ચાર લાખ સેનામાંથી ઉત્તમોત્તમ સિપાઇઓને ચૂંટી કાઢીને નેપોલિયને આ રક્ષક સેના તૈયાર કરી હતી. તેના સમસ્ત મોટા મોટા વિજયો વિશેષ કરીને આજ સેનાના અંતિમ આક્રમણથી સંપૂર્ણ બન્યા હતા. સમસ્ત યૂરોપ આ ૫ સહસ્ર ઘોડેસ્વારોના નામથી કંપાયમાન થતો હતો. નેપોલિયને હવે આ રક્ષક સેનાથીજ કામ લેવાનો વિચાર કર્યો. બ્લુચરનો પ્રતિરોધ કરવાને માટે ૧૦ સહસ્ર સૈનિકોને નિયત કરી તેણે રક્ષક સેનાને અંતિમ આક્રમણ કરવાની આજ્ઞા આપી. અદમ્ય ને મસ્તક અવનત કરી રક્ષક દળની આગળ થયો.

પ્રત્યેક સૈનિક સમજી ગયો કે હવે અંતિમ સમય આવી પહોંચ્યો છે. ઉભય તરફની સેનાઓ જાણતી હતી કે તેના ભવિષ્યનો આધાર આ ક્ષણ ઉપરજ રહેલો છે. તેમનું ભવિષ્ય તો શું, પરંતુ સમસ્ત યૂરોપનું ભવિષ્ય પણ આજ ક્ષણ ઉપર અવલંબિત હતું. આ દળ નેપોલિયનના જમણા હસ્તરૂપ હતું, અને યદિ તેનું આક્રમણ નિરર્થક ગયું તો સમજો કે નેપોલિયનનો જમણો હાથજ કપાઇ ગયો. ૫ સહસ્ર જગદ્વિખ્યાત સૈનિકોના ઉંચા મુકુટો અને હવામાં ફરફરતા ઝુમખા જોઇને ફ્રેંચ સેના આશા ભરેલા શબ્દોમાં પોકારી ઉઠી "મહારાજા ચિરંજીવી હો." ઉક્ત રક્ષક સેનાને જોતાંવેંતજ અંગ્રેજી સેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્તંભિત થઈ ગઈ. દુંદુભિ નાદ શરૂ થયો અને રક્ષક દળના ઘોડા વિદ્યુદ્ વેગથી દોડવા લાગ્યા. યૂરોપનું ભવિષ્ય નિશ્ચિત્ થવાનો સમય નિકટ આવ્યો. આજ પર્યંત કદિ પણ રક્ષકદળનું આક્રમણ નિષ્ફળ થયું નહોતું, તેના મુકુટોપર કદિ પણ પરાજયનું કલંક લાગ્યું નહોતું. જોઇએ આજે શું થાય છે?

રક્ષકદળ શત્રુ સેનાની પાસે આવી પહોંચ્યું. સામે ઉભેલા અંગ્રેજી સેનાના સૈનિકો ગોળા છોડવાનું સાહસ કરી શકતા નહોતા. નેપોલિયનના અનેક વિજયોના કારણરૂપ રક્ષક સેનાને પોતાના ઉપર આવી પડતી જોઈ તેઓ પરમ ભયભીત થયા, કિંતુ ડ્યુક ઑફ વેલિંગ્ટન સ્વયં ત્યાં આવ્યો અને તેણે સિપાઇઓને ગોળા છોડવાની આજ્ઞા આપી. તત્કાળ પ્રાયઃ ૨૦૦ તોપોનાં મુખ ખૂલ્લી ગયાં. રક્ષક દળપર ધડાધડ ગોળાની વૃષ્ટિ થવા લાગી. નેપોલિયન એક ઉચ્ચ સ્થાનપર ખડો રહીને આ અંતિમ યત્નને જોઈ રહ્યો હતો. પ્રથમ તેને રક્ષકદળ આગળ વધતું દૃષ્ટિગોચર થયું, ત્યાર પછી તેણે તેના અગ્ર ભાગને ગોળી તથા ગોળાથી ભુંજાઈ જતો જોયો અને થોડી વારમાં ધૂમ્ર સિવાય કાંઇ પણ દૃષ્ટિગોચર થતું નહોતું. રક્ષકદળ શત્રુના ગર્ભમાં ઘુસી ગયું. ૨૦ મિનિટ પર્યંત આજ દશા રહી. પછી એકદમ ગોળાની વૃષ્ટિ બંધ થઈ ગઈ. ધૂમ્ર આકાશમાંથી નષ્ટ થયો. ત્યારે નેપોલિયને જોયું કે શત્રુ ગર્ભમાં રક્ષકદળના શેષ રહેલા કેવળ સો સિપાઇઓ ઉભેલા છે, બીજા સર્વ નષ્ટ થઇ ગયા છે.

ભુંજાતા ભુંજાતા કેવળ સો રક્ષકો શેષ રહ્યા, પરંતુ તે છતાં પણ તેમણે પાછો પગ મૂક્યો નહિ. વીરતાની આ પરાકાષ્ઠા જોઈ વેલિંગ્ટને તેમની ઉપર ગોળા ચલાવવા બંધ કર્યા અને તેમની પાસે શાંતિનો ઝુંડો મોકલી તેમને શસ્ત્ર મૂકી દેવાને કહેવરાવ્યું. રક્ષકદળના સેનાપતિ ક્રૅમ્બ્રોને તેનો જે ઉત્તર આપ્યો તે ઇતિહાસમાં સદા નોંધાઈ રહેશે. તેણે કહ્યું કેઃ—" રક્ષકદળના સિપાઇઓ મરવું કેમ તે જાણે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ શસ્ત્ર કેમ મૂકી દેવાં તે જાણતા નથી." આ મહાભારત વીરતાનો આદર્શ હતો. પુનઃ તોપોનાં મુખ ખૂલ્લી ગયાં અને પાંચ મિનિટમાં તે સો સિપાઇઓ પણ શૂન્ય થઈ ગયા. આ પ્રકારે વૉટર્લુના યુદ્ધમાં નેપોલિયનના સમસ્ત વિજયોના કારણરૂપ આ રક્ષકદળ સર્વથા નષ્ટ થઇ ગયું.

હવે ફ્રેંચ સેનાને કાંઈ પણ આશા રહી નહિ. તેના સૈનિકો જે તરફ માર્ગ મળ્યો તે તરફ નાસી છૂટયા. બ્લુચરની સેનાએ ફ્રેંચ સેનાની પૂંઠ પકડી અને શેષનો પણ ધ્વંસ કરી નાંખ્યો. નેપોલિયને પણ હતાશ થઇ પોતાના ઘોડાને એડી મારી અને પૅરિસનો રસ્તો ગ્રહણ કર્યો. બે દિવસ સુધી માર્ગ ક્રમણ કરી ફાટેલાં વસ્ત્રો અને માટીથી લપેટાયેલા મુખ સહિત ૨૧ મી જુનને દિવસે તે પૅરિસમાં પ્રવિષ્ટ થયો.

આગળ જે કાંઈ થયું તેનું વણન સંક્ષેપમાંજ કરી શકાય એમ છે. વિજયની સાથે લોકપ્રિયતા નિવાસ કરે છે; અને વિશેષતઃ જે લોકો કેવળ વિજયની સીડીઓદ્વારાજ ઉપર ચઢયા હોય તેમને તો પરાજય મૃત્યુ સમાન લાગે છે. પરાજય બાહુબળથી ઉન્નતિ પ્રાપ્ત કરનાર માણસને જેટલી હાનિ કરી શકે છે તેટલી હાનિ તે વંશપરંપરાના રાજાને કરી શકતો નથી. વૉટર્લુના પરાજયે પૅરિસમાં નેપોલિયનની વિરૂદ્ધ એક અતિ મોટો પક્ષ ઉભો કરી દીધો. પૅરિસમાં જઇને તેણે પોતાની મંત્રીસભાની પાસે શત્રુઓનો પ્રતિકાર કરવાને માટે ઉચિત અધિકાર માગ્યા. મંત્રીસભા તેને તે અધિકાર આપવાને તૈયાર હતી, કિંતુ લોક પ્રતિનિધિઓની નિયામક સભામાં તેની વિરૂદ્ધ એક ઘણો મોટો પક્ષ ઉપસ્થિત થઈ ગયો હતો. તેમાં કેટલાક સ્વાર્થ વંશ તેનો વિરોધ કરતા હતા તથા કેટલાક સાચા અંતઃકરણથી તેને ફ્રાન્સની અશાંતિનો મુખ્ય હેતુ સમજતા હતા. તેમણે સકળે મળીને નેપોલિયનને પ્રાર્થના કરી કે તેણે દેશની રક્ષાને માટે સમ્રાટ્પદનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજીનામું આપી દેવું. સમગ્ર સેના તેને યુદ્ધમાં જવાની પ્રાર્થના કરતી હતી, લોકો તેને નેતા બનાવીને શત્રુઓપર તૂટી પડવાને તૈયાર હતા, કિંતુ નેપોલિયનની દૃષ્ટિ ભવિષ્યત્પર સ્થાપિત થઈ હતી. તેના મનમાં આ વિચાર અતિ પ્રબળતાથી ઘૂમી રહ્યો હતો કે તે જો આ સમયે દેશમાં આંતરિક યુદ્ધ ઉપસ્થિત કરશે તો તે ભાવી પ્રજાની દૃષ્ટિમાં હલકો પડશે. તેથી તેણે નિયામક સભાના પ્રસ્તાવની આગળ પોતાનું મસ્તક અવનત કર્યું અને પોતાના પુત્રના નામપર રાજ્ય લખી આપી સ્વયં સમ્રાટ્પદનું રાજીનામું આપી દીધું.

નેપોલિયને સમ્રાટ્પદનો ત્યાગ કર્યો એટલે એક સામાયિક શાસન સંસ્થા બનાવવામાં આવી. આ સંસ્થાનો પ્રમુખ ધૂર્ત ફૂશા બન્યો. આ ફૂશા અત્યંત નીચ હતો. તે એટલો નીચ હતો કે તે જેનો નોકર થતો હતો તેને પણ બીજાના હાથમાં વેચી દેવાની વાત તેને માટે સ્વાભાવિક હતી. નેપોલિયનના નિયતનો મુખ્ય હેતુ તેજ થયો. તે પોલીસખાતાનો અધ્યક્ષ હતો ત્યારે પણ તે નેપોલિયનના શત્રુઓની સાથે મળી ગયો હતો અને તેની વિરૂદ્ધ તેણે એક જબરદસ્ત પક્ષ ખડો કરી દીધો હતો. આ ફૂશા પોતાની કુટિલ રાજનીતિથી નવિન શાસન સંસ્થામાં મુખ્ય સ્થાનને પ્રાપ્ત થયો, તે છતાં પણ તે સંતુષ્ટ થયો નહિ. એક નીચતાથી સંતુષ્ટ નહિ થતાં તેણે નેપોલિયનને શત્રુના હાથમાં વેચવાનો નિશ્ચય કર્યો.

સમ્રાટ્પદથી મુક્ત થઈ નેપોલિયન પોતાના થોડા મિત્રોને લઇને પૅરિસથી દૂર રહેવા લાગ્યો, કિંતુ તેને આ વાત જ્ઞાત હતી કે તેના શત્રુઓ તેને કેદ કરવાને અથવા પકડવાને સંપૂર્ણ પ્રયત્ન કરશે; તેથી તેણે ફ્રાન્સની ભૂમીનો ત્યાગ કરી પોતાના જીવનનો શેષ ભાગ અમેરિકામાં વ્યતિત કરવાનો વિચાર કર્યો. ફૂશાએ ઉપરથી તો નેપોલિયનના આ વિચારની સાથે સહાનુભૂતિ પ્રકટ કરી અને તેની યાત્રાને માટે બે નૌકાઓ તૈયાર કરાવી આપી, કિંતુ જ્યારે નેપોલિયન નૌકામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરૂઢ થઇ ગયો ત્યારે તેણે તેને આગળ જતાં અટકાવી અને એમ જણાવ્યું કે જ્યાં સુધી અંગ્રેજ સરકાર તેના અમેરિકા ગમન સાથે સહમત ન થાય ત્યાં સુધી તે અનુમતિ આપી શકતો નથી.

નેપોલિયન મોટી દ્વિવિધામાં આવી પડયો. હવે તે સર્વથા કુટિલ શત્રુઓના હાથમાં હતો. હવે તે લોકોને પોતાની નૌકામાં ચાલવાને ઉત્તેજિત કરી શકતો નહોતો, તેમજ પોતાની તરફ સેનાની સહાનુભૂતિ ખેંચીને શત્રુઓનો પરાજય પણ કરી શકતો નહોતો. આવી અવસ્થામાં તેણે કઠિનતામાંથી મુક્ત થવાનો એક ઉપાય શોધી કાઢયો. ઇંગ્લાંડ દેશ સ્વતંત્રતાની ભૂમિ તરિકે સુપ્રસિદ્ધ છે. સર્વ લોકો જાણે છે કે તે દેશમાં પ્રત્યેક નિવાસીને સમાન સ્વાધીનતા પ્રાપ્ત હોય છે, તેથી તેણે તેનોજ આશ્રય લેવાનો નિશ્ચય કર્યો. કૅલરોફોન નામના એક અંગ્રેજી જહાજના અધ્યક્ષને તેણે પૂછયું કે "તમે મને ઇંગ્લાંડ પહોંચાડશો ?" તેણે તેને લઈ જવાનો સ્વીકાર કર્યો. નેપોલિયન પોતાના સાથીઓ સહિત કૅલરોફોનપર આરૂઢ થયો. કૅલરોફોન પણ ઇંગ્લાંડ તરફ ચાલ્યું, પરંતુ તેણે તેના પ્રવાસીઓને ઇંગ્લાંડની ભૂમિ પર ઉતારવાને બદલે નોર્ધમ્બર્લેંડ નામના એક જહાજપર ઉતારી દીધા. આ વખતે નેપોલિયનને જણાવવામાં આવ્યું કે તેને હવે ઇંગ્લાંડ ઉતારવામાં આવશે નહિ, કિંતુ બ્રિટિશ સરકારની આજ્ઞાનુસાર સેંટહેલીના નામક દ્વીપમાં કેદી તરીકે રાખવામાં આવશે.

ષષ્ઠ પરિચ્છેદ—સેંટ હેલિના.

सर्वे क्षयान्ता निचयाः पतनान्ताः समुच्छ्रयाः ।
संयोगाविप्रयोगान्ता मरणान्तं च जीवितम् ॥

वाल्मीकिः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સમસ્ત સમૂહોનો ક્ષય આવશ્યક છે; સર્વ ઉન્નતિઓનો અંત નિપાતમાંજ થાય છે; સર્વ સંયોગોની પછી વિયોગ બંધાયેલો છે, અને જીવનનો અંત મરણમાંજ થાય છે' **વાલ્મીકિ.**

પ્રત્યેક જાતિના ઇતિહાસમાં કેટલાક એવા ભાગો પ્રાપ્ત થાય છે, કે જેઓ જો વિદ્યમાન ન હોત તો તેથી કાંઇ પણ હાનિ થાત નહિ–ઉલટ પક્ષે કાંઇ ને કાંઈ લાભજ થાત. ઇતિહાસના આવા ભાગો તે જાતિને માટે સદા લજ્જાના, તથા ઇતિહાસ લેખકોને માટે સદા દુઃખના સ્થાન થાય છે. હવે અમે ઇતિહાસના જે ભાગનું વર્ણન કરવાને ઉદ્યુત થયા છીએ તે તેજ પ્રકારનો છે. **સેંટ હેલિનામાં નેપોલિયનની** સ્થિતિનો ઇતિહાસ કોઈ પણ દેશના ઇતિહાસનું મુખ ઉજ્જવલ કરતો નથી, તેમજ તે ભાગ **નેપોલિયનના** ચરિત્રનો પ્રકાશમાન ભાગ પણ નથી. જેમ **લૉર્ડ રોઝબરીએ** નિષ્પક્ષપાત દૃષ્ટિથી **સેંટ હેલિનાનું** વર્ણન કરતાં જણાવ્યું છે તેમ અમે પણ કહીએ છીએ કેઃ "યદિ **નેપોલિયન** કેદી બની **ઇંગ્લાંડના** હાથમાં ન પડત તો અમે પ્રસન્ન થાત; યદિ તે કેદજ ન પકડાત અને પ્રથમજ કોઈ યુદ્ધમાં–**વૉટર્લુમાં** વા **ડ્રેસ્ડનમાં**–ગોળીના આઘાતથી સમાપ્ત થઈ જાત તો અમે પ્રસન્ન થાત. **સેંટ હેલિનામાં** કેદ થઈ તે સદા પોતે પ્રથમ મરી ન ગયો તે માટે શોક દર્શાવ્યા કરતો હતો. યદિ કેદ થવું તેના ભાગ્યમાં લખેલુંજ હતું તો **ઇંગ્લાંડને** હાથમાં કેદ થવું અત્યંત ખરાબ હતું–ન તો તે **નેપોલિયનને** માટે સારૂં હતું કે ન તો તે **ઇંગ્લાંડને** માટે સારૂં હતું."

નેપોલિયન યદિ **ઇંગ્લાંડ** સિવાય કોઈ અન્ય દેશનો કેદી બનત તો નિઃસંશય તેનું શરીર પાંચ વર્ષ પર્યંત કારાગૃહમાં સડત નહિ. અવશ્ય શીઘ્ર તેનો વધ કરવામાં આવત અને એ પ્રકારે તેનો અકીર્તિકર પરંતુ સુલભ અંત આવી જાત. વળી **નેપોલિયનને** કેદ કરવાનું કામ **ઇંગ્લાંડને** ઘણું મોઘું પડી ગયું. તે સમસ્ત **યૂરોપના**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશાંતિ મંદિરનો પૂજારી ગણાતો હતો, માટે શાંતિનો પવિત્ર ઉદ્દેશ પૂર્ણ કરવાને તેને ગમે ત્યાં બંધ કરવો આવશ્યક હતો; અને આ પ્રકારે બંધ કરવાને માટે કેટલાક પ્રકારનાં બંધનો પણ આવશ્યક હતાં. આ બંધનો સમ્રાટ્ નેપોલિયનના ગૌરવને કદાપિ અનુકૂળ હોઈ શકે એમ નહોતું, માટે આવા મોટા માણસને કેદ કરીને કાંઇ ને કંઈ બદનામી વ્હોરવી ઇંગ્લાંડને માટે આવશ્યક હતી; પરંતુ આટલાથી પણ પતે એમ નહોતું. જો આવશ્યક બંધનોથીજ મામલો અટકે એમ હોત–તો બદનામી દૂર કરવાનો ઉપાય સુલભ હતો. કિંતુ દુર્દૈવવશ તે સમયે ઇંગ્લાંડનું રાજતંત્ર વિચિત્ર પ્રધાનોના હાથમાં હતું. લૉર્ડ લિવર્પૂલની સરકાર જેટલી યોગ્યતા રહિત હતી તેટલીજ હઠીલી હતી. બ્રિટિશ સરકારના તે સમયના સમસ્ત પ્રધાનો પૈકી એક પણ વિશેષ રાજનૈતિક દૂરદર્શિતા ધરાવતો નહોતો. જ્યારે નેપોલિયનને પહેલવહેલો કેદ કરવામાં આવ્યો તે વખતે લૉર્ડ લિવર્પૂલે પોતાના એક સહયોગીને લખ્યું હતું કે "આ બદમાસ બોનાપાર્ટને આપણે ફ્રાન્સના નવિન રાજાના હાથમાં મારી નાંખવાને માટે આપી દઇએ એવી મ્હારી ઇચ્છા છે." જે મનુષ્ય એક યૂરોપ વિજેતા મહાપુરૂષને ગોળીથી મારી નંખાવવાની ઇચ્છા રાખી શકે છે તે નિઃસંદેહ ઘણાજ ક્ષુદ્ર–હૃદયનો માણસ હોવો જોઇએ. લૉર્ડ લિવર્પૂલના આ નાના હૃદયે ઇંગ્લાંડના ઇતિહાસ પર એક અતિ મોટું કલંક લગાડી દીધું છે. ઇંગ્લાંડની દિગદિગન્તમાં પ્રસિદ્ધ થયેલી ન્યાયપ્રિયતા તથા સ્વાધીનતાને આ સંકુચિત વિચાર ધરાવનાર પ્રધાને અતિ મોટો ધક્કો પહોંચાડયો છે. અમે ધારીએ છીએ કે નેપોલિયન કેદ પકડાયો તે સમયે યદિ તેનો યોગ્ય પ્રતિસ્પર્ધી વિલિયમ પિટ રાજસચિવ હોત તો આ પાંચ વર્ષોનો ઇતિહાસ થયો છે તેવો અકીર્તિકર થાત નહિ. નેપોલિયનની સાથે જે વર્તન કરવામાં આવ્યું. તે માટે સમસ્ત નિષ્પક્ષપાત અંગ્રેજો શર્મિંદા બને છે, અને નિઃસંદેહ ઇલિયટ, પિલ, ફૉક્ષ, શેરિડન તથા ગ્લૅડસ્ટન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિગેરે સ્વર્ગસ્થ ઉદાર નીતિજ્ઞો પણ પોતાના દેશના એક સચિવની આ સંકુચિત ચેષ્ટાઓનું સ્મરણ કરીને દુઃખિત થતા હશે. આવા મહત્તા પૂર્ણ તથા જોખમ ભરેલા સમયમાં ઇંગ્લાંડને એવા અયોગ્ય તથા અનુદાર સચિવો પ્રાપ્ત થયા કે જેથી ઉક્ત પાંચ વર્ષોનો ઇતિહાસ સર્વને માટે દુઃખમય બની ગયો, એ તે દેશનું ખરેખર દુર્ભાગ્ય હતું.

નોર્ધમ્બર્લેંડ નામક જહાજ સમ્રાટ્ને લઇને ૧૬ મી ઑક્ટોબર ૧૮૧૫ ને દિવસે સેંટ હેલિનાના તટપર આવીને લંગર્યું. જહાજ પરથી ઉતારીને તેને એક નાના સરખા ઘરમાં થોભાવવામાં આવ્યો. પહેલવહેલાં તો તેને જે ઘર આપવામાં આવ્યું તે અત્યંત નાનું તથા ગંદુ હતું, તે નેપોલિયનના એક ઘોડાને બાંધવાને યોગ્ય પણ નહોતું. બીજું ઘર ઘણુંજ મોટું હતું, પરંતુ મહત્વની પણ સરખામણી હોય છે. જે ઘરમાં ફ્રાન્સના ભૂતપૂર્વ સમ્રાટ્ને થોભાવવામાં આવ્યો તેમાં કેવળ ત્રણજ ઓરડીઓ હતી, જેમાંની એક તેને સૂવાને તથા વિશ્રામ કરવાને માટે અને બીજી વાંચવા, લખવા તથા બેસવાને માટે હતી; ત્રીજી ઓરડીમાં તે સ્નાનાદિ કાર્ય કરતો હતો. ઉક્ત ઉભય નાની કોટડીઓ લગોલગ આવેલી હતી અને પડદાદ્વારા તેમાં ભેદ કરવામાં આવતો હતો. કોટડીઓની બાંધણી કાચી હતી અને ઉંદરના સમૂહો તેને વિશેષ ઉપહાસ્ય બનાવી દેતા હતા. મોટા મોટા કોળો રાત્રિ દિવસ તે ઓરડીની દિવાલ તથા પઠારપર દોડાદોડ કર્યા કરતા અને નેપોલિયનને દુઃખ દેતા હતા.

આ જનાની નાની કોટડીઓમાં નાનીશી આવકની સહાયતાથી નેપોલિયન પોતાના સાથીઓ સહિત દિવસ નિર્ગમન કરતો હતો. બ્રિટિશ સરકારે તેનું વાર્ષિક વેતન ૧૨૦૦ પૌંડ રાખ્યું હતું. આ ૧૨૦૦ પૌંડના આધારપર ૨૫ વ્યક્તિનો નિર્વાહ કરવાનો હતો. સેંટ હેલિનામાં આવ્યા પૂર્વે નેપોલિયનને ચાર સાથીઓ પસંદ કરવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકાર આપવામાં આવ્યો હતો. તેણે લેસકેસસ, કોન્ટ બર્ટરેંડ, મૅલકોમ તથા ગોર્ગોડને પોતાના કેદના સાથી તરિકે પસંદ કર્યા. તેઓમાંથી બેના પરિવાર અને અન્ય નોકરો ઇત્યાદિ મળીને ૨૫ વ્યક્તિઓ નેપોલિયનની પાસે હતી. વળી આ વાત પણ સર્વ લેખકો સ્વીકારે છે કે સેંટ હેલિનામાં સર્વ વસ્તુઓ મોંઘી વેચાતી હતી. તે એવો ઉજ્જડ દ્વીપ હતો કે ત્યાં પ્રથમથીજ ઘણી થોડી વસ્તુઓ ઉત્પન્ન થતી હતી અને જે પેદા થતી હતી તે અત્યંત અધિક મૂલ્ય આપવાથી પ્રાપ્ત થતી હતી. કોઇ કોઈ વાર તો નેપોલિયન દ્રવ્યની ઘણી ભારે તંગીમાં આવી પડતો હતો. એકવાર અન્ન ખરીદવાને માટે પણ તેની પાસે પૂરતું ધન રહ્યું નહિ. તેણે પોતાના સાથીઓને ચાંદીની એક થાળી તોડીને વેચી નાંખવાની આજ્ઞા કરી. બર્ટરેંડે તે થાળી લઈ લીધી, પરંતુ તેને તોડીને વેચી નાખી નહિ. બે એક દિવસમાં દ્રવ્ય સંબંધી કષ્ટ દૂર થઇ ગયું, ત્યારે તેણે તે થાળી લાવીને સમ્રાટ્ની સમક્ષ મૂકી દીધી; અને એકવાર બાળવાને માટે એક પણ લાકડું ન રહ્યું, ત્યારે નેપોલિયને પોતાના નોકરને પોતાનો ખાટલો તોડીને બાળવાની આજ્ઞા કરી. આ દ્રશ્યો વિચિત્ર લાગે છે. યદિ તે સત્ય ન હોત તો કદાચ તેમનો કોઇ સ્વીકાર કરત નહિ, કિંતુ નેપોલિયનના આર્થિક કષ્ટની વાત સિદ્ધ કરવાને માટે સેંટ હેલિનામાં રહેતા પ્રત્યેક મનુષ્યની સાક્ષી ઉપસ્થિત કરી શકાય એમ છે.

માત્ર ધન સંબંધી કષ્ટજ આ વર્ષોને દુઃખમય બનાવે છે એમ નથી. બીજાં પણ અનેક પ્રકારનાં કષ્ટ હતાં, કે જેને લખતાં સેંટ હેલિનાનો ઇતિહાસ લેખક આંખમાં અશ્રુ લાવ્યા વિના રહી શકતો નથી. નેપોલિયનનું શરીર કાર્ય અને પરિશ્રમના પારણામાં ઉછર્યું હતું. તેના શ્રમ સહિષ્ણુ શરીરને વ્યાયામ અને પરિશ્રમ કરવાનો અભ્યાસ પડયો હતો, પરંતુ હવે તેને નિશ્ચેષ્ટ જીવનમાં પડવું પડયું. જે નેપોલિયન દિવસમાં અઢાર કલાક સુધી કાર્ય કરવાથી પણ થાકતો નહોતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને હવે હાથમાં શિર મૂકીને બેસી રહેવા સિવાય કાંઈ પણ કાર્ય રહ્યું નહોતું. આવી ભયાનક તથા દુઃખદાયક અવસ્થામાંથી બચવાને માટે તેણે પ્રતિદિન અશ્વારૂઢ થઇ થોડે દૂર સુધી ફરી આવવાનો વિચાર કર્યો. દ્વીપના શાસકને પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે બોનાપાર્ટ ભ્રમણને માટે જઇ શકશે, પરંતુ તેની સાથે એક અંગ્રેજ સિપાઈ અવશ્ય રહેશે. જ્યારે જ્યારે નેપોલિયન ભ્રમણ કરવાને જતો ત્યારે તેની સાથે કોઇ ને કોઈ પહેરેદાર અવશ્ય રહેતો. આ દશા તેને માટે અસહ્ય થઈ પડી. કરોડો માણસોની ઉપર જે માણસ કોઈ સમયે અધિકાર ચલાવી ચૂક્યો હોય તે આખો દિવસ એક પહેરેદારની દૃષ્ટિમાં રહે એ તેને માટે અસહ્યજ હતું, એટલા માટે તેણે ઘરબહાર જવાનુંજ છોડી દીધું; કિંતુ તેથી યે પત્યું નહિ. દ્વીપના શાસકે પોતાના એક માણસને આજ્ઞા આપી કે તેણે આખા દિવસમાં એકવાર તો અવશ્ય નેપોલિયનને જોવોજ. આ આજ્ઞાની વાત નેપોલિયનના પણ સાંભળવામાં આવી. આથી તેણે અધિક અદૃશ્ય રહેવાનું શરૂ કર્યું. કોઇ કોઈ વાર તો તે રાત્રિ દિવસમાં એક વાર પણ બહાર નીકળતો નહોતો. જે દિવસે તે આ પ્રમાણે કરતો તે દિવસે શાસકના આદમીને ઘણુંજ કષ્ટ પડતું. કોઇ કોઈ વાર તો તે બાર બાર કલાક સુધી નેપોલિયનની ઓરડીઓની ચોતરફથી જોવાનાં ફાંફાં મારતો હતો, કદિ તે દ્વારોનાં છિદ્રોમાંથી જોતો અને કદિ બારીના સળીઆમાંથી નજર દોડાવતો. નેપોલિયનના નોકરો તેને આ પ્રમાણે કરતો જોઇને હસતા તો તે બિચારો શર્મિંદો પડી જઇને ખુણામાં દબાઈ જતો, પરંતુ તે બિચારો શું કરે? તેનું કામજ એ હતું? સ્વામિની આજ્ઞાનું પાલન કરવું આવશ્યક હતું. નેપોલિયન પણ તેને ખૂબ પજવ્યા કરતો હતો.

જે ઘરમાં નેપોલિયન રહેતો હતો તેની ચોતરફ સિપાઇઓ રાત્રિ દિવસ પહેરો ભરતા હતા. આ પહેરેદારો સિવાય સમગ્ર દ્વીપમાં થોડે થોડે અંતરે સિપાઇઓની છાવણી લાગી ગઈ હતી. દ્વીપના તટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર અતિ પ્રબળ પહેરા હતા; અને પ્રત્યેક પહાડના શિખરપર પણ રક્ષાનો અતિ દ્રઢ પ્રબંધ કરવામાં આવ્યો હતો. સર્વ સ્થળે તારનો એવો પ્રબંધ હતો કે પ્રત્યેક સ્થાનેથી અધિકમાં અધિક બે મિનિટમાં સમાચાર શાસકની પાસે પહોંચી જતા હતા. દ્વીપના આ આંતરિક પ્રબંધ ઉપરાંત બહાર ભારે સાવચેતી રાખવામાં આવી હતી. દ્વીપમાંથી બહાર નીકળવાના કેવળ બે માર્ગ હતા. શેષ સમસ્ત તટો ઉંચા દ્રઢ પાષાણોના ખડકથી આવૃત્ત હતા. તેપરથી તટપર જવું એક મનુષ્યને માટે અત્યંત કઠિન હતું. ઉભય નીકળવાનાં સ્થાન આગળ સજ્જીત વહાણો સદા તૈયાર રહેતાં હતાં. આ સર્વ ઉપરાંત બે નૌકાઓ દ્વીપની ચારે તરફ નિરંતર ચક્કર ખાધા કરતી હતી.

આ રીતની રક્ષાની વચ્ચે બ્રિટિશ સરકારે ફ્રેંચ સમ્રાટને કેદ કર્યો હતો, કિંતુ તે છતાં પણ દ્વીપનો અધિકારી તેને તંગ કર્યા વિના રહી શકતો નહોતો. નેપોલિયનને રોજ જોવાની આજ્ઞાના સંબંધમાં ઉપર લખવામાં આવ્યું છે, તે ઉપરાંત કદિ કદિ વિશેષ મનુષ્યો પણ તેને જોવાને માટે મોકલવામાં આવતાં હતાં. જ્યારે તે પોતાની જાતને દેખાડવાનો ઇન્કાર કરતો ત્યારે દ્વાર તોડી અંદર ઘૂસવાની ધમકી આપવામાં આવતી હતી.

આ પ્રકારે નેપોલિયનને અનેક કષ્ટો સહન કરવાં પડતાં હતાં, કિંતુ તે સર્વની ફરિયાદ કોઈ પણ સાંભળતું નહોતું. જે મનુષ્યને બ્રિટિશ સરકારે તે દ્વીપના શાસક તરિકે નિયુક્ત કર્યો હતો તે પૂરેપૂરો પિશાચ હતો. તેની સીકલ બેડોળ હતી એટલુંજ નહિ, પરંતુ તે વ્યવહારમાં પણ અતિ બેસમજ અને ક્રૂર હતો. બ્રિટિશ સરકારને આવો મનુષ્ય સેંટ હેલિનાની શાસકતાને માટે પ્રાપ્ત થયો એ તેનું દુર્ભાગ્યજ હતું. આ શાસકનું નામ **સર હડસન લો** હતું. એના જેવો કલંકિત માણસ ઇતિહાસમાં ભાગ્યેજ બીજો કોઈ મળી શકશે. તેનું નામ આજે સાહિત્યમાં નીચતા તથા ક્રૂરતાનું સૂચક થઇ ચૂક્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેંટ હેલિનાનાં સમસ્ત અનાવસ્યક દુઃખોનું અતિ મોટું કારણ આજ મનુષ્ય હતો. તે અત્યંત શંકાશીલ, દુરાગ્રહી તથા નિર્લજ્જ હતો. નેપોલિયનનું જાણીબુઝીને અપમાન કરવું એને તે પોતાનું કર્ત્તવ્ય સમજતો હતો, ત્યારે આવા મનુષ્યની આગળ દુઃખોની ફરિયાદ શી રીતે થઇ શકે? હા, ઇંગ્લાંડની સરકારની સમક્ષ આ કષ્ટો ઉપસ્થિત કરી શકાય એમ હતું, કિંતુ ઉક્ત દ્વીપનો સમસ્ત પત્રવ્યવહાર ખોલવાનો અધિકાર તે શાસકને પ્રાપ્ત હતો, ત્યારે ભલા તે પોતાની વિરૂદ્ધ ફરિયાદ આગળ કેમ મોકલવા દે?

કિંતુ એકલા હડસન લોનેજ દૂષિત ગણી શકાય એમ નથી. તેની ઉપર જે સચિવ હતો તે અનુદારતામાં તેનો પણ ગુરૂ હતો. તેણે પણ કેદીની સાથે કઠોર વર્તન કરવાની આજ્ઞા આપવામાં ત્રુટિ કરી નહોતી. યદિ કઠોર વર્ત્તન કરનાર નીચ લો હતો; તો તે કરાવનાર લૉર્ડ બૅથર્સ્ટ હતો. નેપોલિયનને અનાવસ્યક દુઃખ દેવામાં જો પાપ થયું હોય તોપણ ઉભયને, અને પુણ્ય થયું તોપણ ઉભયને થયું છે. આ ઉભય જેલરોની વિદ્યમાનતામાં નેપોલિયનનાં કષ્ટોનું દૂર થવું અશક્ય હતું.

શાસકની સાથે વા સચિવની સાથે કોઇ વિષયનો પત્ર વ્યવહાર કરવો એક અન્ય કારણથી પણ કઠિન હતો. બ્રિટિશ સરકારે નેપોલિયનને કદિ પણ રાજા, મહારાજા વા સમ્રાટ્‌ના નામથી સંબોધવો નહિ એવા હડહડતા કસમ ખાધા હતા. આ પ્રતિજ્ઞા જેવી વૃથા હતી તેવીજ અનુદારતા પ્રકટ કરનારી હતી. લૉર્ડ રોઝબરીએ પોતાના Napoleon–The Last Phase નામક ગ્રંથમાં આ વિષયપર અત્યુત્તમ વિવાદ કર્યો છે. તેમાં તેણે સારી રીતે દર્શાવી આપ્યું છે કે નેપોલિયન સર્વ પ્રકારે સમ્રાટ્‌પદનો અધિકારી હતો. યદિ કોઇ ઇતર દેશના શાસકને રાજા કહેવરાવવાનો અધિકાર હતો તો નેપોલિયનને પણ સમ્રાટ્ કહેવરાવવાનો હક્ક હતો. તે કેવળ રાજાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્ર હોવાથીજ રાજા થયો નહોતો, કિંતુ સમસ્ત ફ્રેંચ પ્રજાની પસંદગીથી સમ્રાટ્ થયો હતો. યદિ એક જાતિની પસંદગી કોઈ મનુષ્યને સમ્રાટ્ બનાવી નહિ શકે તો બીજી કયી ચીજ બનાવી શકશે ? આવી અવસ્થામાં નેપોલિયનને ' સમ્રાટ્ ' ન લખતાં કેવળ ' સેનાધ્યક્ષ નેપોલિયન ' લખવો એ તે સમયની બ્રિટિશ સરકારની અનુદારતાજ પ્રકટ કરે છે. આજ કારણથી નેપોલિયનને માટે કોઈ પણ બ્રિટિશ રાજકર્મચારીની સાથે પત્ર વ્યવહાર કરવો વા વાર્તાલાપ કરવો અશક્ય હતો. તેઓ તેને સેનાધ્યક્ષ શબ્દથી સંબોધવાની વૃત્તિ રાખતા હતા અને તેને તે સહન કરી શકતો નહોતો. તે કહેતો હતો કે " મને સમ્રાટ્ કહીને નહિ બોલાવવાથી તેઓ કેવળ મ્હારૂંજ અપમાન કરતા નથી, પરંતુ સમસ્ત ફ્રેંચ જાતિનું અપમાન કરે છે. મને સમસ્ત ફ્રેંચ જાતિએ સમ્રાટ્ની ઉપાધિ આપી હતી. " આ સમયે નેપોલિયનની સાથે એવું વર્તન કરવામાં આવતું હતું કે ' થપાડ મારૂં અને રોવા ન દઉં. '

આ સર્વ કષ્ટો અને દુઃખો સહન કરતાં કરતાં નેપોલિયને કેદનાં પાંચ વર્ષો વ્યતિત કર્યાં. બહારનાં સર્વ સુખોથી વંચિત થઈ વાંચવા લખવામાં તથા વાર્તાલાપ કરવામાં જે આનંદ મળી શકે છે તેને તે પ્રાપ્ત કરતો હતો. પોતાના સાથીઓની સાથે વાતચીત કરવામાં તથા તેમને પોતાના વિજયો તથા પરાક્રમોનું વૃત્તાંત લખાવવામાંજ તેના દિવસો વ્યતિત થતા હતા. કોઇ કોઇ વાર કાંઇક શારીરિક વ્યાયામ કરવાને માટે બાગમાં પણ કાર્ય કરતો હતો, કિંતુ પ્રાયઃ તેનો આખો દિવસ કોટડીની અંદર બંદી દશામાંજ વ્યતિત થતો હતો. પોતાના અનુયાયીઓની સાથે તે યથા સંભવ પ્રસન્ન થવાનો યત્ન કરતો હતો, કિંતુ હવે તેના ભાગ્યમાં પ્રસન્નતા લખી નહોતી. જગતમાં આવી અણધારી ઉન્નતિ અને અણધારી પડતી બીજે ક્યાંય પણ જોવામાં આવી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે શ્રમ સહિષ્ણુ શરીર પાંચ દિવસ પર્યંત ઘોડાઓપરથી ઉતરતું નહોતું તે નિષ્ક્રિયતાથી રોગી તથા શિથિલ થવા લાગ્યું. જે શક્તિઓની સામે અર્ધ યૂરોપનું શાસન પણ ઠઠ્ઠા મસ્કરી જેવું હતું તે નકામી બની તેના શરીરને કોતરી ખાવા લાગી. દુઃખો અને કષ્ટોએ નેપોલિયનના થાકે નહિ તેવા તથા અદ્‌ભુત શરીરને પાંચ વર્ષોમાંજ રોગી બનાવી દીધું. તે શનૈઃ શનૈઃ બિમાર તથા શિથિલ થવા લાગ્યો. તેનો જીવન પ્રદીપ ધીમે ધીમે ઝાંખો થવા લાગ્યો. પુરાણા વિજયોએ અને વર્તમાન પરાજયે તેના હૃદયના ટુકડે ટુકડા કરી નાંખ્યા. તે દિન પ્રતિદિન કમજોર થવા લાગ્યો. કમજોરીની અવસ્થામાં તેની ઉપર પુરાણા રોગોએ આક્રમણ કર્યું. તેનો પિતા ઉદરમાં ગુમડું થવાથી મરણ પામ્યો હતો. તે રોગે તેની ઉપર પણ આક્રમણ કર્યું. તેના પેટમાં ગુમડું નીકળી આવ્યું. વેદના દિવસે દિવસે વૃદ્ધિંગત થતી ગઈ. ઉક્ત ઉજ્જડ દ્વીપમાં જે થોડી ઘણી ચિકિત્સા શક્ય હતી તે કરવામાં આવી, કિંતુ વિધિને કોણ રોકી શકે છે? એક સમય કે જ્યારે વાવાઝોડું અને તોફાન સમગ્ર દ્વીપને જડમૂળથી ઉખેડી નાંખવાની ધમકી આપી રહ્યું હતું અને પ્રકૃતિ દેવી પોતાના અતિ ઉગ્ર રૂપમાં આવી ગઈ હતી, એવામાં તા. ૫ મી મે ૧૮૨૧ ને દિવસે એક નાનીશી કોટડીમાં આ ૧૯ મી શતાબ્દિના સૌથી મહાન પુરૂષે આ લોકનો ત્યાગ કર્યો.

નેપોલિયનના મૃત શરીરને તેના સાથીઓએ ફ્રાન્સમાં લઈ જવાની ઇચ્છા પ્રદર્શિત કરી, કિંતુ બ્રિટિશ સરકારે તેમ કરવાની પરવાનગી આપી નહિ; અને તેજ દ્વીપમાં એક નદીની પાસે કબર ખોદી સમ્રાટ્‌ના મૃત શરીરનો ભૂમીદાહ કરવામાં આવ્યો. કબરપર નેપોલિયનના અનુયાયીઓએ 'સમ્રાટ્ નેપોલિયન' વા કેવળ 'નેપોલિયન' લખવાની ઇચ્છા જણાવી, પરંતુ દ્વીપના અંગ્રેજ શાસકે તેનો પણ સ્વીકાર કર્યો નહિ. આ પ્રમાણે વીસ વર્ષો સુધી મહાન નેપોલિયનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાધિ કાંઇ પણ ચિહ્ન વિના એકાંત અને નિર્જન સ્થાનમાં પડી રહી. ત્યાર પછી ૧૮૪૦ માં ફ્રાન્સ નરેશ લુઇ ફિલિપે બ્રિટિશ સરકારની પાસેથી પોતાના દેશના એ અતિ મહાન પુરૂષનું શબ માગ્યું. બ્રિટિશ સરકારે આ માગણીનો સ્વીકાર કર્યો અને નેપોલિયનના મૃત શરીરને પરમ આદરપૂર્વક ફ્રાન્સમાં લાવવામાં આવ્યું. આ મૃત શરીરનો ફ્રાન્સમાં તેટલોજ આદર થયો કે જેટલો જીવિત શરીરનો થતો હતો. આજે પણ ફ્રેંચ પ્રજાની દેવપૂજાના ચિહ્ન રૂપે નેપોલિયનનો જોડો પૅરિસની શોભા વધારી રહ્યો છે.

સપ્તમ પરિચ્છેદ–સિંહાવલોકન.

એક સમય એવો હતો કે જ્યારે નેપોલિયનના સંબંધમાં કોઈ નિષ્પક્ષપાત અભિપ્રાય બાંધવો અતિ કઠિન હતો. તેના સંબંધની ઘટનાઓ તે સમયે હજી એટલી બધી તાજી હતી કે ઠંડા મસ્તિષ્કથી વિચાર કરવાનું કામ અત્યંત કઠિન હતું. તેના મિત્રો અને ભક્તો તેના વિજયો અને પરાક્રમોથી એટલા બધા મોહિત થઇ ગયા હતા કે તેમને તેના માનુષીય શરીરમાં કાંઇ પણ દોષ દૃષ્ટિગોચર થતો નહોતો, જેમ બનવું અસંભવિત છે. બીજી તરફ એવા પણ માણસો હતા કે જે આ અસાધારણ મનુષ્યના શરીરમાં પૈશાચિક શક્તિઓ સિવાય કાંઈ પણ જોતા નહોતા. જેઓ તેના મિત્ર હતા તે તેના ગૌરવપર મોહિત હતા; જે તેના શત્રુ હતા તે તેનાં કાર્યોથી અત્યંત ક્રુધ હતા; પરંતુ આજે તે સમય નથી. આજે સમય બદલાઇ ગયો છે. વર્ષોનાં યુદ્ધોથી તપ્ત થયેલું રૂધિર હવે શીતળ થઇ ગયું છે અને ફાટેલા જ્વાળામુખીમાંથી નીકળેલો ધગધગતો રસ હવે ઠરીને બંધાઇ ગયો છે. પુરાણો દ્વેષ વિસ્મૃત થયો છે અને શત્રુ તથા મિત્ર કાંઈક કાંઇક ઉચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરવાને યોગ્ય બન્યા છે, એટલા માટે હવે નેપોલિયનના વિષયમાં કોઇ અભિપ્રાય બાંધવાનું કાર્ય બહુ કઠિન નથી.

કિંતુ એ કાર્ય કાંઇ અતિ સહેલું પણ નથી. નેપોલિયનનું જીવન એક રહસ્યમય જીવન છે, જે સમજવું અતિ કઠિન છે. યદ્યપિ જેટલું સાહિત્ય નેપોલિયનના વિષયમાં ઉત્પન્ન થઈ ચૂક્યું છે તેટલું કોઈ પણ એક મનુષ્યના સંબંધમાં અસ્તિત્વ ધરાવતું નથી, તથાપિ હજી એવા કોયડા વિદ્યમાન છે કે જેમને ખોલવાને માટે આપણી પાસે કાંઈ પણ સામગ્રી નથી. આ અસાધારણ મનુષ્યનું જીવન એટલું ગુંચવણ ભરેલું છે અને તેના કેટલાક માર્ગો એટલા ગુપ્ત છે કે તેના ઉંડાણમાં પહોંચવું અતિ દુષ્કર છે, તથાપિ નેપોલિયનના ચરિત્રકારોએ આ વિષયમાં અત્યંત માથાકૂટ કરી છે અને જીવનચરિત્ર વાંચવાનો લાભ પણ એજ છે. યદિ આપણે ચરિત્ર નાયકનાં તત્ત્વોજ ન સમજી શકીએ તો આપણે જીવન શું વાંચ્યું ?

નેપોલિયનના ચરિત્રની મુખ્ય મુખ્ય સમસ્ત ઘટનાઓ અમે અમારા પાઠકોને નિવેદન કરી ચૂક્યા છીએ. નેપોલિયને શું શું કર્યું ? એ પ્રશ્નનો ઉત્તર અપાઈ ચૂક્યો છે. હવે આ પરિચ્છેદમાં અમે નેપોલિયન કેવો હતો ? એ પ્રશ્નનો ઉત્તર આપવાનો યત્ન કરીશું.

તે એક અસાધારણ પુરૂષ હતો એમાં તો સંદેહજ નથી, કિંતુ શું તે મહાપુરૂષ પણ હતો ? અને શું તે સત્પુરૂષ પણ હતો ? આ બે પ્રશ્નોના ઉત્તર આપવાનું કાર્ય અત્યંત કઠિન છે, કિંતુ આ બે પ્રશ્નોના ઉત્તર મળવાથીજ આપણે નેપોલિયન કેવો હતો તે સમજી શકીશું.

શું નેપોલિયન મહાપુરૂષ હતો ?

મહાપુરૂષ શબ્દનું વિસ્તૃત લક્ષણ નિશ્ચિત્ કરવું અત્રે અભીષ્ટ નથી, કેવળ એટલુંજ કહેવું બસ છે કે મહાપુરૂષ શબ્દનો અર્થ એ છે કે જેની માનસિક તથા શારીરિક શક્તિઓ સાધારણ પુરૂષોથી મહાન હોય, અને જેનાં કાર્યો એ શક્તિઓનાં સંપૂર્ણ ચિહ્નો ધરાવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. યદિ મહાપુરૂષ શબ્દનો આજ અર્થ સત્ય હોય તો નેપોલિયન મહાપુરૂષોનો પણ મહાપુરૂષ હતો. તે સંસારના તે મહાપુરૂષો પૈકી એક હતો કે જેમની કીર્તિને દેશ તથા સમય નષ્ટ કરી શકતો નથી. તે એવા મહાપુરૂષોના વર્ગમાંનો એક હતો કે જેમાં સિકંદર અને સિઝર, પ્રતાપ અને શિવાજીનાં નામ લખવામાં આવે છે. તેની યુદ્ધ કરવાની શક્તિઓનો આજપર્યંત કોઇએ પણ નિષેધ કર્યો નથી, તેમજ કોઈ કરશે પણ નહિ. સેનાપતિ પિપોલી કહ્યા કરતો હતો કે "આ કૉર્સિકનનું શરીર સિકંદરનું છે; અને મસ્તિષ્ક સિઝરનું છે." અંગ્રેજ ઇતિહાસજ્ઞ એલિસન જણાવે છે કે "આજપર્યંત કોઇ પણ એક મનુષ્યને નેપોલિયનની અપેક્ષા, મહાન શક્તિ, તિક્ષણ પ્રતિભા અને પ્રબળ ક્રિયાશીલતા આપવામાં આવી નથી." તેના સમસ્ત સંગ્રામોનું એક સાધારણજ નિરિક્ષણ કરવાથી એવો વિશ્વાસ થાય છે કે તેની યુદ્ધ શક્તિ અસાધારણ હતી. યુદ્ધવિદ્યાથી સર્વથા અજ્ઞાન અભ્યાસી પણ તેનું વૃત્તાંત વાંચવાથી સમજી શકશે કે તેના જેવી ગતિની તીવ્રતા, ભવિષ્યતનો વિચાર કરવાની શક્તિ, શત્રુના સ્થાન તથા સ્થિતિને જાણી લેવાની પ્રતિભા, સંઘટના શક્તિ અને પોતાનો આત્મા સેનામાં હોમી દેવાની કુશળતા તેના શત્રુઓમાં નહોતી. તેમના શત્રુઓમાંજ નહિ, પરંતુ એકાદ બે અપવાદ સિવાય અન્ય ઐતિહાસિક યોદ્ધાઓમાં પણ નહોતી. તે વૉટર્લુમાં પરાસ્ત થયો, એમાં સંદેહ નથી; કિંતુ તેનો પરાભવ એક સેનાપતિનો પરાભવ નહોતો એટલે કે તે પરાભવ સેનાપતિદ્વારા સેનાપતિનો થયેલો પરાભવ નહોતો, કિંતુ દૈવદ્વારા થયેલો એક મહાપુરૂષનો પરાભવ હતો. જ્યાં સુધી તેની અને વેલિંગ્ટનની વચ્ચે યુદ્ધ રહ્યું ત્યાં સુધી નિઃસંદેહ નેપોલિયનનો પક્ષ પ્રબળ રહ્યો હતો, વિજય તેની તરફજ ઝુકેલો રહ્યો હતો; કિંતુ બ્રોચી બ્લુચરની પૂંઠ પકડી શક્યો નહિ અને તોપનો ધ્વનિ સાંભળ્યા છતાં પણ સહાયતાર્થ ઉપસ્થિત થયો નહિ એ ઘટના કાંઇ નેપોલિયનના હાથમાં નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યદિ બ્લુચરની તાજી સેના બરાબર થાકના સમયે પહોંચી જાત નહિ, વા ગ્રોચી સંકેત અનુસાર નેપોલિયનને સહાય કરવાને પહોંચી જાત તો યૂરોપનો વર્તમાન ઇતિહાસ અતિ ભિન્ન હોત; કિંતુ શત્રુ પરાજિત થઈ શકે છે, પણ દૈવ પરાજિત થઈ શકતો નથી. અંતિમ યુદ્ધમાં નેપોલિયન દૈવની સામે લડી રહ્યો હતો, શત્રુઓની સામે નહિ.

યદિ યુદ્ધ વિદ્યાની સાથે શાસન ચાતુર્ય મળેલું ન હોય તો તે એકલી નિરર્થક છે. તૈમુરલંગ અને જંઘીસખાં વિજેતા હતા, મહાન યોદ્ધા હતા, કિંતુ ઇતિહાસ જે કોટિમાં નેપોલિયન અને સિકંદરને મૂકે છે તે કોટિમાં તેમને મૂકતો નથી. સિકંદરના વિજયોની કીર્તિ આપણે સાંભળતા આવીએ છીએ, એમાં સંદેહ નથી; કિંતુ પરમ પ્રશંસા યોગ્ય અને આશ્ચર્યકારક વાત તો એ છે કે નિરંતર યુદ્ધોમાં તથા વિજયોમાં ફસી રહ્યા છતાં પણ આટલી થોડી ઉમ્મરમાં તે એક સુરક્ષિત અને વિસ્તૃત સામ્રાજ્ય છોડી ગયો. શાસન વિદ્યામાં, સંઘટના શક્તિમાં તથા રાજ નિયમ સમજવામાં નેપોલિયન સિકંદર કરતાં પણ ઉત્તમ હતો. તેના સમયનું સમૃદ્ધ ફ્રાન્સ, અદ્ભુત નિયમ શાસ્ત્ર, નેપોલિયન સ્મૃતિ આંતરિક શક્તિ યુક્ત વિસ્તૃત સામ્રાજ્ય, આ સર્વ વિષયો તેના વિજય ડંકાતો અને તેની અસાધારણ શક્તિઓનો પરિચય આપી રહ્યા છે.

તે સ્વભાવતઃ આ સર્વ વિદ્યાઓથી સંપન્ન હતો, એમ કહી શકાતું નથી; કિંતુ તેનામાં આ વિદ્યાઓ પ્રાપ્ત કરવાની શક્તિ વિદ્યમાન હતી, એ નિઃસંદેહ છે. યુદ્ધવિદ્યા તે કોઇની પાસેથી શીખ્યો નહોતો. જ્યારે તે પ્રથમ શાસક બન્યો, ત્યારે શાસન કાર્યથી તે એક સાધારણ સિપાઇના જેટલોજ અનભિજ્ઞ હતો, કિંતુ પોતાની અસાધારણ પ્રતિભાથી તેણે તતદ્વિષયના વિદ્વાનોની પાસે તે તે વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવા માંડયું. નાનામાં નાની શાસન સંબંધી વાત પૂછવામાં પણ તે શરમાતો નહોતો. તે પોતાની અસાધારણ પ્રતિભાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવાર જે વાત જાણી લેતો તેને પુનઃ પૂછવાની આવશ્યકતા રહેતી નહોતી. આ પ્રકારે જ્ઞાન સંચય કરતાં કરતાં થોડાજ દિવસોમાં તે શાસન વિદ્યામાં પોતાના ગુરૂઓથી પણ વધી ગયો અને શાસન તથા યુદ્ધ એ બંને વિષયો તેના ડાબા હાથના ખેલ સમાન થઈ પડયા. તે પોતાના સમયનો જેમ સર્વોપરી યોદ્ધો પણ હતો, તેમ પ્રથમ શાસક પણ હતો.

તેણે શાસન તથા યુદ્ધ સંબંધી જે જે કાર્યો કર્યાં તે પાડકો ઉપર વાંચી ગયા છે. આ કાર્યો કરવાને માટે જે માનસિક તથા શારીરિક શક્તિઓની આવશ્યકતા હોય છે તે ઘણે ભાગે તેનામાં વિદ્યમાન હતી. તેની બુદ્ધિ તથા શરીર થાકે નહિ તેવાં હતાં. જ્યાં સુધી તે સામ્રાજ્યના વિલાસોમાં પડીને તથા પાછળથી એલ્બાના આરામમાં રહીને જાડો થઈ ગયો નહોતો, ત્યાં સુધી કદિ પણ કોઇએ તેને પરિશ્રમિત કિંવા નિદ્રિત અવસ્થામાં જોયો નહોતો. શતાવધિ માઇલોની યાત્રા ઘોડાની પીઠપર કરીને, રસ્તામાં અનેક યુદ્ધો લડીને, અનેક રાત્રિનું જાગરણ કરીને જ્યારે તે પાછો પૅરિસમાં આવતો ત્યારે તે પ્રથમ આરામ ખુરશીપર બેસતો નહોતો; કિંતુ પાધરો તે પોતાની મંત્રીસભાનું અધિવેશન ભરતો, આઠ નવ કલાક પર્યંત તે સભાનું કાર્ય કરતો, પછી નવિન ઇમારતો વા અન્ય સ્થાનોને જોતો અને ત્યાર પછીજ તે ક્યાંક જઇને આરામ લેતો. આરામ પણ તેનો શું હતો ? એક કલાક સુધી ગરમ પાણીમાં સ્નાન કર્યું એટલે બસ, પછી તે જેવો ને તેવોજ મજબૂત !

તેની શક્તિઓ નિઃસંદેહ મહાન હતી, કિંતુ તેના ઉદ્દેશો કેવા હતા ? જે કાંઇ લીલા તેણે યૂરોપરૂપી રંગ ભૂમિપર બતાવી તે શા હેતુથી ? શું તે સમસ્ત કાર્યો કેવળ સ્વાર્થવશ થઇને પોતાની પ્રસિદ્ધિને માટેજ કરતો હતો ? વા તેનો કોઈ બીજો પણ ઉચ્ચ ઉદ્દેશ હતો ? આ પ્રશ્ન પહેલા પ્રશ્નોની અપેક્ષા અત્યંત કઠિન છે. આજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર્યંત તેના કટ્ટામાં કટ્ટા શત્રુએ પણ તેની અસાધારણ શક્તિઓપર સંદેહ કર્યો નથી, કિંતુ ઉદ્દેશના સંબંધમાં તો કાંઈ પૂછશોજ નહિ. એ વિષયમાં તો 'જેટલાં મુખ તેટલી વાત' એ કહેવત ચરિતાર્થ થાય છે. તેના મિત્રો તથા ભક્તો તેને સમાનતા તથા સ્વાધીનતાને માટે અને ફ્રાન્સની ઉન્નતિ તથા રક્ષાને માટે લડતો સમજે છે, કિંતુ તેના શત્રુઓ તેનાં સમસ્ત યુદ્ધો તથા વિજયોમાં આત્મોદયની અભિલાષા સિવાય કાંઈ પણ જોતા નથી. જ્યારે તે તેના ભક્તોની દૃષ્ટિમાં આદર્શ રાજા હતો ત્યારે તેના વિરોધીઓની દૃષ્ટિમાં તે આદર્શ પિશાચ હતો.

વસ્તુતઃ તેના ઉદ્દેશો શું હતા? તે શોધી કાઢવું કેટલું કઠિન છે, તે ઉપર્યુક્ત મતભેદોના નિરીક્ષણથી સ્પષ્ટ રીતે સમજાય છે. જ્યાં બે પ્રબળ સ્રોતો એક બીજાથી સર્વથા વિરૂદ્ધ આટલા બધા પ્રબળ જોરથી ચાલી રહ્યા હોય ત્યાં ભલા એક મધ્યગામી સ્રોતનું ચાલવું સુલભ કેવી રીતે બની શકે? કિંતુ તે છતાં પણ આ વિષયપર પ્રકાશ નાખવાને અમે આ પુસ્તકમાં યત્ન કરતા આવ્યા છીએ.

તે પૂરેપૂરો પિશાચ નહોતો, એ વાત સત્ય છે; કિંતુ તે સર્વથા સ્વાર્થ રહિત દેવતા હતો, એમ કહેવું પણ પ્રમાણોથી સિદ્ધ થતું નથી. પોતાના પૂર્વ જીવનમાં, પોતાને રાજ્ય પ્રાપ્ત થયું તે પૂર્વે, તે ફ્રાન્સની કીર્તિને માટે પુષ્કળ કામ કરવાને તૈયાર થતો હતો. અમે કહી શકીએ છીએ કે તે સમયે તે દેશની નામના અને શક્તિને માટેજ યુદ્ધ તથા શાસનમાં નિયુક્ત થતો હતો, કિંતુ પાછલા જીવનમાં તે અવસ્થા બદલાઈ ગઇ હતી. જેમ જેમ તેને પોતાની શક્તિઓપર ભરોસો બેસતો ગયો અને જેમ જેમ તેને વિજયનો પ્યાલો પીવાને મળતો ગયો તેમ તેમ તેની કામનાઓ અને ઇચ્છાઓનો વિસ્તાર વધતો ગયો. તે અધિકાધિક સ્વાર્થપરાયણ થતો ગયો. રૂશિયાપર કરેલા આક્રમણમાં આપણે તેને કેવળ પોતાના વ્યક્તિગત ઝઘડાને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષાવધિ મનુષ્યોનું પ્રાણહરણ કરતો જોઇએ છીએ.

તેના ઉદ્દેશોનો પ્રશ્ન તેનાં આચરણોનું સ્મરણ કરાવે છે અને આપણે એવા પ્રશ્નપર આવી પહોંચીએ છીએ કે શું તે સત્પુરૂષ હતો? અથવા શું તે દુષ્ટ પુરૂષ હતો? શું તેનું સામાજિક જીવન કલંકિત હતું?

આ પ્રશ્ન પુનઃ ઉદ્દેશોના પ્રશ્ન જેવોજ વિવાદગ્રસ્ત છે. એના સંબંધમાં પ્રત્યેક પ્રકારના અભિપ્રાયો સાંભળવામાં આવે છે. કેટલાક પ્રસિદ્ધ લેખકોએ નેપોલિયનને પ્રથમ પંક્તિનો દુરાચારી તથા રાક્ષસ પ્રકૃતિનો માન્યો છે, કિંતુ અન્ય પક્ષે કેટલાક સુજ્ઞ લેખકો તેનું વ્યક્તિગત ચરિત્ર પરમ શુદ્ધ માને છે. યદિ કોઈ માણસ એક વિજેતા રાજાની પાસેથી મહાત્મા પુરૂષોના જેવી ઉદારતા તથા નિઃસ્વાર્થ વૃત્તિની આશા રાખતો હોય તો તે તેની ભૂલ છે. વિજયો તથા પરાક્રમોની સાથે તે પ્રિય તથા સુંદર ગુણોનું અવસ્થાન અત્યંત કઠિન છે કે જે એક સ્વાધીન તથા ચારૂચરિત ગૃહસ્થમાં પ્રાપ્ત થાય છે, કિંતુ યદિ જરા સાપેક્ષિક દૃષ્ટિ નાંખીને જોઇએ તો કહેવું પડશે કે નેપોલિયનનાં આચરણ તથા વ્યવહાર શુદ્ધ હતા, વા નિદાન અશુદ્ધ નહોતા. તેને પાપાચરણનાં તથા વિલાસનાં કલ્પનાતીત સાધનો પ્રાપ્ત થઈ શકે એમ હતું; છતાં તે સર્વને લત્તા પ્રહાર કરીને પોતાના આચારોને શુદ્ધ રાખવા એ કાંઈ નાનીસૂની વાત નથી. યદ્યપિ કેટલાક ઇતિહાસજ્ઞો તેને વિલાસપ્રેમી માને છે, કિંતુ તેમની સંખ્યા હવે ઘટી રહી છે. ઇંગ્લાંડના સુપ્રસિદ્ધ કવિ ઑસ્કાર બ્રાઉનિંગે લખ્યું છે કે "આપણે તેના સંબંધમાં જેટલું વિશેષ જાણીએ છીએ તેટલો અધિક આદર તેને માટે આપણા મનમાં ઉત્પન્ન થાય છે, તેની ક્રિયાઓ તેટલી અધિક સહેતુક પ્રતિત થાય છે તથા તેની ઉપર કલંક લગાડનારાઓની વાતો નિર્મૂળ પ્રતિત થાય છે." લૉર્ડ રોઝબરીનો પણ એવો અભિપ્રાય છે કે "તેનાં આચરણ તેટલાં કાળાં નહોતાં કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલાં વર્ણિત કરવામાં આવ્યાં છે."

તે પોતાના ઘરમાં ઘણો સારો ગૃહસ્થ હતો. પોતાની અર્ધાંગિની સાથેનો તેનો વ્યવહાર પ્રેમયુક્ત હતો. પુત્ર પ્રત્યે તેનો અગાધ પ્રેમ હતો, પોતાના બંધુઓને તે યથાશક્તિ સુખ આપતો હતો. તેના બંધુઓએ તેના પ્રત્યે ગમે તેટલી કૃતઘ્નતા–નિદાન અકૃતજ્ઞતા–દર્શાવી હોય, તોપણ આ વાતમાં સંદેહ નથી કે તેમની સાથે તેનો વ્યવહાર ઘણો સારો રહ્યો હતો. ક્રોધ તથા મોહ તેના કાબુમાં હતા. એમ કહેવાય છે કે ક્રોધ તેના ગળા સુધી આવતો હતો, પરંતુ તેના મસ્તકમાં કદિ પણ પ્રવેશ કરતો નહોતો. તેના ક્રોધની એકાદ બે વાતો પ્રસિદ્ધ છે. એકવાર એક દાર્શનિકે કહ્યું કે ફ્રાન્સ બુર્બોન રાજાઓ ચહાય છે, તેથી તેણે તેના પેટમાં એટલા જોરથી મૂક્કી મારી કે તે બિચારો નિર્બળ દાર્શનિક મૂર્છિત થઇને તૂટી પડયો. આ પ્રકારે તેણે એકવાર પોતાના મુખ્ય ન્યાયાધિશને પણ મુક્કીઓના પ્રસાદથી પાધરો દોર બનાવી દીધો હતો, કિંતુ આ કેવળ બે ત્રણ અપવાદોજ તેના ક્રોધનાં દૃષ્ટાંત છે. અન્યથા ક્રોધપર તેનો સંપૂર્ણ કાબુ જણાય છે.

તે કદાપિ આમોદ પ્રમોદમાં લિપ્ત થયો નહોતો. તેનું આ કથન સર્વથા યથાર્થ છે કે "મને આમોદ પ્રમોદ અને વિલાસને માટે રાત્રિ દિવસમાં સમયજ ક્યાં મળે છે ?" તેનો સમય કાર્યોથી એટલો તો રોકાયલો રહેતો હતો કે વિલાસ ભોગોને માટે આવકાશ કાઢવો કઠિન હતો. વળી વિલાસીની શક્તિઓ સ્થિર રહી શકતી નથી, એ વાત નેપોલિયન સારી રીતે જાણતો હતો. વિષયોએ તેને કદિ પણ પોતાની તરફ આકર્ષિત કર્યો નહોતો એમ કહેવાને અમે તૈયાર નથી; કિંતુ તેથી તેના આચારમાં દોષ આવતો નથી. વિષયો જેને પોતાની તરફ કદિ પણ આકર્ષતા નથી તે મનુષ્યજ નથી. જીવનના કોઇ ભાગમાં પણ વિષયો આકર્ષણ ન કરી શકે, એનુંજ નામ યદિ આચાર શુદ્ધતા હોય, તો સંસારમાં કોઈ પણ મનુષ્ય શુદ્ધાચારી હોઈ શકે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસ્તવમાં શુદ્ધાચારી તેજ છે કે જે વિષયોના આકર્ષણને હઠાવી કાઢીને પોતાના કાર્યમાં નિમગ્ન થાય છે અને તેને વશીભૂત થતો નથી; અને અમે કહી શકીએ છીએ કે આ અર્થમાં નેપોલિયન સદાચારી હતો.

કિંતુ પ્રથમ અર્ધાંગિનીને છોડીને બીજો વિવાહ કરવાની ઘટના અમારા આ કથનને સંદેહમાં નાખી શકે છે. યદિ તે શુદ્ધાચારી હતો તો તેણે બીજો વિવાહ શા માટે કર્યો ? અમારા ધારવા પ્રમાણે આ પ્રશ્ન આચાર વિષયક નથી, પરંતુ ધર્મ વિષયક છે. તેણે બીજો વિવાહ કાંઈ વિષયવાસના પરિતૃપ્ત કરવાને માટે કર્યો નહોતો, એ વાત સર્વ લોકો માને છે. પહેલી પત્ની જોસફાઈનિની સાથે તેનો પ્રેમ અખંડિત હતો, કિંતુ બીજા વિવાહનો ઉદ્દેશ ફ્રાન્સને માટે ભવિષ્યત રાજાનો ઉદ્ભવ કરવો એ હતો. તેની પ્રથમ પત્ની નિઃસંતાન હતી અને ભવિષ્યમાં પણ સંતાન થવાની આશા નહોતી. ફ્રાન્સના શાસનની સ્થિરતાને માટે નેપોલિયનના ઉત્તરાધિકારીનો જન્મ થવો અત્યાવશ્યક હતો. આ ઉદ્દેશે તેને બીજો વિવાહ કરવાની ફરજ પાડી. આથી વિષયવાસનાની પરિતૃપ્તિ એ તેનો હેતુ નહોતો. હા, એમ અવશ્ય કહી શકાય છે કે આ દ્વિતીય વિવાહ ધર્મની દૃષ્ટિથી સર્વથા નિન્દિત હતો. યદિ નેપોલિયન ધાર્મિક હોત તો રાજનીતિની દૃષ્ટિથી આ આવશ્યક કાર્ય કરત નહિ, પરંતુ શું તે ધાર્મિક નહિ હતો ?

તેનો ધર્મ કયો હતો, વા તેનો કોઈ ધર્મ હતો વા નહિ તે દર્શાવવું અતિ કઠિન છે. ફ્રાન્સમાં તેણે ખ્રિસ્તી ધર્મની સ્થાપના કરી હતી એ વાત સત્ય છે, કિંતુ એથી તે ખ્રિસ્તી હતો એમ સિદ્ધ થતું નથી. તે રાજનૈતિક જીવનમાં ધર્મની આવશ્યકતા સારી રીતે માનતો હતો; અને તેદ્વારા પૂરેપૂરૂં કામ કાઢી લેવાને ઇચ્છતો હતો. ધર્મના આશ્રયપરજ તે પોતાના રાજ્યને તથા ફ્રાન્સની સામાજિક દશાને સ્થિર કરવા માગતો હતો, પરંતુ તેનો પોતાનો કોઇ ધર્મજ નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ખ્રિસ્તી તો હતોજ નહિ. ખ્રિસ્તી ધર્મની અપેક્ષા તે મુસલમાન ધર્મને ઉત્તમ સમજતો હતો. તેણે અનેકવાર કહ્યું હતું કે તે ખ્રિસ્તી ધર્મની અપેક્ષા મુહમ્મદી ધર્મને અત્યંત સરળ તથા સત્યની સમીપનો માને છે. મિસર દેશપર કરેલા આક્રમણના સમયે તેણે કુરાન અને મુહમ્મદની પ્રશંસા પણ ખૂબ કરી હતી, કિંતુ એથી તે મુસલમાન હતો એમ પણ અમે કહી શકતા નથી. તે એક ઇશ્વરને માનતો હતો અને આચાર શાસ્ત્રનો પણ સ્વીકાર કરતો હતો. બાકી ધાર્મિક સિદ્ધાંતોપર તેને વિશ્વાસ નહોતો. તે પ્રાયઃ કહ્યા કરતો હતો કે ખ્રિસ્તી ધર્મ જો સૃષ્ટિના પ્રારંભથી પ્રકાશિત થયો હોત તો હું તેને માનત. જે ધર્મ સૃષ્ટિના આરંભથી અસ્તિત્વ ધરાવતો નથી તે ઇશ્વરીય પણ હોઈ શકતો નથી. શોકની વાત છે કે વેદનો શબ્દ તેના કાન સુધી પહોંચ્યો નહોતો. વેદથી પુરાણું કોઇ પણ પુસ્તક વા જ્ઞાન જગતમાં પ્રાપ્ત થતું નથી.

યુદ્ધ અને શાસનમાં, ઘર અને દરબારમાં તે દયાળુ હતો; એમાં જરા પણ સંશય નથી. તેના જીવનમાંથી એવાં સેંકડો ઉદાહરણો મળી આવે છે કે જે દ્વારા સિદ્ધ થાય છે કે તે નાના સરખા ઉપકારનો અતિ મોટો બદલો આપવાને સદા તૈયાર રહેતો હતો; અને ઉપકારની આગળ પુરાણા સર્વ અપરાધોને સત્વર ભૂલી જતો હતો. એક દરજીએ તેની નાની વયમાં તેને કેટલાંક કપડાં થોડી કિંમતે શીવી આપ્યાં હતાં, તેને તેણે સમ્રાટ્ બન્યા પછી તવંગર બનાવી દીધો હતો; અને એક વીશીવાળીએ તેને પ્રારંભ કાળમાં પોતાની વીશીમાં આશ્રય આપ્યો હતો, તેને પાછળથી તેણે જીવતાં સુધીનું પેન્શન બાંધી આપ્યું હતું. તેના પહેલીવારના આસન ત્યાગ સમયે જે સેનાપતિઓ સ્વામિ-દ્રોહ કરીને શત્રુઓને જઈ મળ્યા હતા તેમને એલ્બાથી પાછા ફર્યા પશ્ચાત્ તેણે પુનઃ તેમનાં સ્થાનપર નિયુક્ત કરી દીધા હતા. આ સર્વ તેની દયાળુતા તથા ક્ષમાશીલતાનું પરિણામ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપોલિયનના સામાજિક જીવનના વિષયમાં ઘણું ખરૂં જાણ્યા પછી તેનું વ્યક્તિગત ચરિત્ર કેવું હતું તે જાણવાની જિજ્ઞાસા થવી સ્વાભાવિક છે. શું તે ઘરમાં અને પરિવારમાં સમર ભૂમિના જેવોજ ક્રુર અને નિર્દય હતો ? તે જ્યારે સમર ભૂમિમાં તોપોના: ગોળાપર ગોળા છોડતો હતો ત્યારે સહસ્રાવધિ માણસો ભુંજાઈ જતાં હતાં, તેમને ભુંજાતા જોયા છતાં પણ તે ગોળાઓની વૃષ્ટિ બંધ કરતો નહોતો. જનહત્યાની સાથે સાથે તેનો આવેશ અને ક્ષોભ અધિકાધિક વૃદ્ધિંગત થતો જતો હતો. તેની યુદ્ધ પ્રણાલિનો બીજ મંત્ર તોપના ગોળા એજ હતો. જે મનુષ્ય યુદ્ધ ભૂમિમાં આવો નિરપેક્ષ ઘાતક બની શકતો હતો, તે પોતાના કૌટુમ્બિક જીવનમાં કેવો હતો ? શું તે પોતાની અર્ધાંગિનીની સાથે તથા પરિવારના અન્ય સભાસદોની સાથે પણ ક્રૂરતાયુક્ત વ્યવહાર કરતો હતો ? આ શંકાઓ પાઠકના હૃદયમાં સ્વાભાવિક રીતેજ ઉત્પન્ન થાય છે. એનો થોડો ઉત્તર અમે ઉપર આપ્યો છે, છતાં અત્રે પણ તેના વ્યક્તિગત અને સામાજિક જીવનોનો પરસ્પર સંબંધ દર્શાવવો ફળ રહિત થશે નહિ.

ઉપલી શંકાઓનું મનમાં ઉત્પન્ન થવું સ્વાભાવિક છે તથા આવશ્યક પણ છે. મનુષ્યના વ્યક્તિગત ચરિત્રનું જ્ઞાન એજ તેના સામાજિક ચારિત્રના જ્ઞાનની કુંચી છે. સામાજિક જીવન એ એટલી ભિન્ન ભિન્ન પ્રકારની ઘટનાઓ તથા ગુંચવણ ભરેલા સંયોગોનું મિશ્રણ છે કે તેનું પૃથક્કરણ અતિ કષ્ટસાધ્ય છે. સમાજ એ સ્વયં અનેક ભિન્ન ભિન્ન પ્રકારની ઘટનાઓનો સમૂહ છે, માટે તેમાં એક સાર્વજનિક મનુષ્યને માટે એક પ્રકારનું જીવન રાખવું અસંભવિત છે. જ્યારે સામાજિક જીવન સરળ હોઇ શકતું નથી ત્યારે તેનું વાસ્તવિક પૃથક્કરણ કેવી રીતે સંભવિત હોઈ શકે ? સામાજિક જીવનના વિશ્લેષણને સુગમ બનાવવાનો માત્ર એકજ ઉપાય છે, અને તે વ્યક્તિગત જીવનનું અનુશીલન છે. કોઈ મનુષ્ય ગમે તેવો અસાધારણ કાં ન હોય, તોપણ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના સામાજિક જીવનને વ્યક્તિગત જીવનથી સર્વથા પૃથક્ કરી શકતો નથી. ઉભય જીવનોનો આત્મા એકજ રહે છે, માત્ર બાહ્ય સ્વરૂપજ બદલાય છે. સામાજિક જીવન એ વ્યક્તિગત જીવનનીજ આગળ વધેલી છાયાજ છે. નેપોલિયનના સામાજિક જીવનની ચાવી પ્રાપ્ત કરવાને માટે આપણે અવશ્ય તેના વ્યક્તિગત જીવનપર દૃષ્ટિપાત કરવો જોઇએ; અને તેની સાથે એ પણ જોવું જોઇએ કે તેના વ્યક્તિગત જીવનનો તેના સામાજિક જીવનની સાથે શો સંબંધ હતો ?

અમે ઉપર બતાવી ગયા છીએ કે નેપોલિયન પોતાના ગૃહમાં પરમદયાળુ તથા ઉદાર ગૃહપતિ હતો. પોતાની અર્ધાંગિની જોસફાઇન પ્રત્યે તેને અગાધ પ્રેમ હતો. અમારા આ કથનના સંબંધમાં કોઇ પણ ઇતિહાસજ્ઞ ના પાડતો નથી કે તેનો તથા તેની પ્રથમ સ્ત્રીનો પારસ્પરિક પ્રેમ સાચો તથા હાર્દિક હતો. તે જોસફાઇન પ્રત્યે સદા દયાળુ રહેતો હતો; અને જ્યાં સુધી તે પોતાના કૌટુમ્બિક જીવનનો ત્યાગ કરી તેના રાજકાર્યમાં હસ્તાક્ષેપ કરતી નહોતી ત્યાં સુધી તે કદિ પણ તેને કડવો શબ્દ કહેતો નહોતો. નેપોલિયન હૃદયરહિત પિશાચ હતો એ દોષાભાસના ખંડનને માટે તેનો જોસફાઇન પ્રત્યેનો સાચો પ્રેમ સાક્ષીરૂપ છે.

કિંતુ હવે એક કદમ આગળ ભરીએ. વાગ્રામના યુદ્ધ પશ્ચાત્ નેપોલિયન દ્વિતીય વિવાહનો વિચાર કરે છે. તેના દ્વિતીય વિવાહનું કારણ શું હતું ? જોસફાઇનને નેપોલિયનથી તે વખતે કોઇ સંતાન થયું નહોતું અને ભવિષ્યમાં થવાની આશા નહોતી. આથી તેની મહત્વાકાંક્ષાનો પ્રતિબંધ થતો હતો. તે ફ્રાન્સમાં એક નવિન રાજવંશ સ્થાપિત કરવા માગતો હતો. યૂરોપનું સામ્રાજ્ય પોતાનાં બાળબચ્ચાંના હાથમાં સોંપી જવાની તેની આકાંક્ષા હતી, પરંતુ ત્યારે સુધી તેને કાંઈ સંતાન નહોતું અને આગળ થવાની આશા નહોતી. બસ, આજ વિચારે તેનો અને જોસફાઇનનો વિવાહ સંબંધ તોડાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખ્યો. આટલાં વર્ષોથી સ્થિર થયેલા પતિપત્નીભાવપર પાણી ફરી ગયું નેપોલિયને દ્વિતીય વિવાહ કરી લીધો અને જોસફાઇન એક પૃથક્ મહાલયમાં રહેવા લાગી.

નેપોલિયનનો સામાજિક જીવનનો સાર સમજવાને માટે આ ઘટનાનું નિરીક્ષણ બસ છે. આ ગૃહસંબંધી ઘટના શું બતાવે છે? તે એમ દર્શાવે છે કે નેપોલિયન હૃદયવાન પુરૂષ હતો. પ્રેમ, દયા પ્રભૃતિ માનુષી ગુણો તેનામાં વિદ્યમાન હતા, કિંતુ તેનામાં એક બીજી ચીજ પણ હતી અને તે મહત્વાકાંક્ષા હતી. એ મહત્વાકાંક્ષા પહેલાં પરિમિત હતી, પરંતુ સમયની સાથે તે વૃદ્ધિંગત થતી ગઈ. આખરે વધતી વધતી તે એટલે સુધી પહોંચી ગઈ કે તેનું નામ મહત્વાકાંક્ષાને બદલે ઘેલછા બની ગયું. ઉક્ત સમયે તે મહત્વાકાંક્ષાએ પ્રેમ જેવા પવિત્ર સંબંધને પણ તોડાવી નાંખ્યો. સ્વભાવતઃ નેપોલિયન મનુષ્ય હતો, કિંતુ મહત્વાકાંક્ષા તેને મનુષ્યથી અતિરિક્ત એવી કોઈ બીજીજ વસ્તુ બનાવી દેતી હતી. ડ્યુક ઓફ ઑન્ગિયાને પકડાવવો તથા તેની ઉપર અભિયોગ ચલાવવો, એ પણ આ ઘટનાની સમાન છે. કોઇ પણ બુર્બોનવંશીય રાજકુમારનો પ્રાણઘાત કરવા વા તેને કેદ કરવા માગતો નહોતો, કિંતુ જ્યારે તેઓ તેની માત્ર એક ઇચ્છા-મહત્વેચ્છા—ની સામે વિઘ્નરૂપ થવા લાગ્યા ત્યારે તેનાથી રહી શકાયું નહિ; અને તેણે તે કાર્ય કરી નાંખ્યું. જો તેણે એ કાર્ય કર્યું ન હોત તો તે પોતાની ઉપર આવી પડનારી અર્ધી વિપત્તિઓમાંથી મુક્ત રહી શકત.

કિંતુ, જ્યાંસુધી મહત્વાકાંક્ષાની કાળી છાયા વચમાં પડતી નહોતી; ત્યાં સુધી નેપોલિયન એક સુશીલ મનુષ્ય સમાન રહેતો હતો. પોતાની અર્ધાંગિનીઓ પ્રત્યેનો તેનો પતિ પ્રેમ પ્રશંસનીય હતો; અને પુત્ર પ્રત્યે તેનો પ્રેમ અસીમ હતો. તેની અને તેના બાલ પુત્રની વચ્ચે કોઈ પણ પ્રકારની મહત્વાકાંક્ષાનો પ્રતિબંધ આવી શકતો નહોતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી પુત્ર પ્રત્યે તેનો અત્યંત અધિક અને નિષ્કલંક પ્રેમ હતો. પોતાના કુટુંબના અન્ય માણસોની સાથે પણ તેનો વ્યવહાર ખરાબ નહોતો. તેના બંધુઓ યદ્યપિ નિર્માલ્ય અને કાયર હતા તથાપિ તે વારંવાર તેમનાપર લક્ષ્મીની વર્ષા કરતો હતો. તેમને રાજા બનાવતો અને સિંહાસનોપર સ્થિત કરતો હતો. જોસફાઇનના પહેલા પુત્ર યુગન પ્રત્યે પણ તેનો અતિ ગાઢ સ્નેહ હતો. સારાંશ એ છે કે જ્યાં સુધી મહત્વાકાંક્ષા તેના કૌટુમ્બિક પ્રેમમાં વિઘ્ન નાંખતી નહોતી ત્યાં સુધી તે સમ્માન યોગ્ય ગૃહપતિ હતો.

તેનો સ્વભાવ બાલ્યકાળથીજ કાંઇક અસંતોષી તથા રિસાળ હતો. તે જરા સરખી વાતમાં નારાજ થઈ જતો હતો. સામ્રાજ્ય પ્રાપ્તિ પૂર્વે પ્રથમ શાસકતાના સમયમાં તે પોતાના ઘરમાં કદિ કદિ કુટુબનાં સર્વ માણસોની સાથે દોડતો હતો. તેનું કદ નાનું હોવાથી તે જલદી દોડી શકતો નહોતો, કિંતુ કોઇની પાછળ રહેવું એ સ્વભાવતઃ જ તેને પસંદ નહોતું. તેથી તે પોતાની સમસ્ત શક્તિનો ઉપયોગ કરીને આંખ મીંચીને દોડતો હતો. દોડતાં દોડતાં કોઈ કોઈ વાર તે પડી પણ જતો હતો; અને તેવે સમયે એક વિચિત્ર દ્રશ્ય દૃષ્ટિગોચર થતું હતું. દોડતાં પડી જવાથી ભલા કોને હસવું નથી આવતું ? કિંતુ નેપોલિયનના પડવાપર હસવું એ પણ મોતને તેડું કરવા સમાનજ હતું. કોઇની પણ તાકાત નહોતી કે તે આવા પ્રસંગે હસે, કિંતુ હાસ્યને રોકે શી રીતે ? હાસ્યને રોકવું અસંભવિત જોઇ સર્વ મનુષ્યો જોસફાઇન સુદ્ધાં–તેને છુપાવવાને માટે યત્ન કરતાં હતાં. કોઇ બગીચામાં ઘુસી જતું, તો કોઈ મકાન તરફ નાસી જતું, જેને જ્યાં છુપાઇને હસવાનું સ્થાન મળતું તે ત્યાં પહોંચી જતું. યદિ નેપોલિયન કોઇને હસતું જોઈ લેતો તો તેની પૂરેપૂરી કમબખ્તી આવી પહોંચતી.

નેપોલિયન સ્વભાવથીજ ચપળ હતો, અને તે કદાપિ નકામો બેસી રહી શકતો નહોતો. જ્યારે તે પોતાના આસનપર બેસતો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે ચપ્પુ વતી તેને છોલતો રહેતો હતો; તે આસન ચાંદીનું બનેલું છે કે સુવર્ણનું તે વિચાર તેને માટે નિરર્થક હતો. તેનો ખાનગી મંત્રી પ્રાતઃકાળમાં તેની મેજપર સારામાં સારી નીબ હોલ્ડરમાં ઘાલીને મૂકી જતો હતો; અને સાયંકાળે જ્યારે તે મેજ સાફ કરતો ત્યારે ત્યાં લોઢાના નાના નાના ટુકડા સિવાય કાંઈ પણ પ્રાપ્ત થતું નહોતું. શાસકનો ચંચળ હાથ એક પણ અક્ષર લખ્યા વિનાજ નીબોના ટુકડે ટુકડા કરી નાંખતો હતો. ઘરમાં જ્યારે તે નવરો હોય ત્યારે જોસફાઈનનાં પાળેલાં પક્ષીઓપર બંદુક છોડયા કરતો હતો. બિચારી જોસફાઇન તે જોઈને ચૂપજ રહેતી હતી. બીજા કોઇ માણસની સાથે વાતચીત કરતાં પણ તેને માટે પોતાના હાથ નિષ્ક્રિય રાખવાનું કામ અસંભવિત હતું. તે પ્રાયઃ તેના કાન પકડીને મરોડતો અને તેના હાથ અતિ અશક્ત નહોતા. એ સંબંધે તેના સેનાપતિઓ તથા તેના મંત્રીઓ એકમત છે. જ્યારે તે કાન મરોડતો ત્યારે ગુપચુપ તે આપત્તિ સહન કરવી અને બરાડો પાડી નહિ ઉઠવું એ પરમ ધૈર્યનું કામ હતું. નેપોલિયનના માણસો આ આપત્તિ સહન કરવાની કળામાં પ્રવીણ થઇ ગયા હતા, કિંતુ બહારના માણસોને માટે ભારે મુશ્કેલી હતી. આ સર્વ દર્શાવે છે કે તે પ્રકૃતિથી દયા અને સ્નેહથી રહિત નહોતો, તોપણ તેના અંગ પ્રત્યંગમાં ગતિ તથા વિનાશક્તા ભરેલી હતી–તે તેના વિના રહીજ શકતો નહોતો. લોકો શંકા કરે છે કે તે આવડું મોટું સામ્રાજ્ય પ્રાપ્ત કર્યા પછી શાંત શા માટે નહિ બેઠો! તેમની શંકાનો આજ પ્રત્યુત્તર છે કે તે સ્વભાવથીજ ગતિશીલ હતો, અને તેની ગતિશીલતા વિશેષ કરીને રચનાની તરફ નહિ ઝુકતાં વિનાશની તરફ ઝુકતી હતી.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે તેનામાં ગુણ પણ હતા અને દોષ પણ હતા. મનુષ્ય તેજ કહેવાય છે કે જેનામાં ગુણ દોષ ઉભય હોય. તે પણ મનુષ્યજ હતો, કિંતુ 'અસાધારણતા' એજ અન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યોમાં અને તેનામાં ભેદ કરતી હતી. તેની શક્તિઓ અસાધારણ હતી, તેના ગુણ અને દોષ પણ અસાધારણ હતા. તે ગુણવાન કે દોષિત–જે કાંઈ હતો, તે બંનેમાં તેની અસાધારણતા સ્પષ્ટ રીતે દ્રષ્ટિ-ગોચર થતી હતી. જે લોકો તેના ગુણ પક્ષપર દૃષ્ટિપાત કરે છે તેઓ તેમાં અસાધારણ ગુણોનો સમુહ જુએ છે; અને જેઓ તેના દોષપક્ષ પર દૃષ્ટિપાત કરે છે તેઓ તેને અસાધારણ દોષવાળો જુએ છે. જ્યારે આ બન્ને પક્ષવાળાઓ પોતપોતાનોજ પક્ષ જુવે છે, ત્યારે અમે ઉભય પક્ષોપર શા માટે દૃષ્ટિપાત ન કરીએ; અને તેના પાછલા જીવનના સ્વાર્થભાવ તથા અધાર્મિકતાપર શોક પ્રકાશિત કરી તેની અસાધારણ શક્તિઓ તથા તેના અનેક આદરણીય ગુણોની પ્રશંસા શા માટે ન કરીએ?

આ પ્રકારે અમે આ 'મનુષ્ય' ના ચરિત્રનું અવલોકન સમાપ્ત કરીએ છીએ. અમે તેને 'મનુષ્ય' કહીએ છીએ, કારણ કે તેને એથી અધિક ઉત્તમ બીજા કોઇ નામથી બોલાવી શકાય એમ નથી. આજે પણ ફ્રાન્સમાં જાઓ અને ગામડાંમાં ભ્રમણ કરો તો આપણા જાણવામાં આવશે કે ત્યાંના ગામડીયા લોકો નેપોલિયનને વિજેતા વા સમ્રાટ્ના વિશેષ નામથી બોલાવતા વા ઓળખતા નથી. તેઓ તેને મનુષ્ય નામથી ઓળખે છે; અને તેજ નામથી બોલાવે છે. આજે પણ તે દેશના વૃદ્ધ પુરૂષો પોતાનાં સંતાનોને કહેતા સંભળાય છે કે "બેટા! આ ગામની વચ્ચેથી મ્હેં તે મનુષ્યને જતાં દીઠો હતો કે તેની પાછળ અનેક રાજાઓની હાર ચાલતી હતી." તે મનુષ્ય હતો, અને મનુષ્યના સમસ્ત ગુણો તેનામાં વિદ્યમાન હતા. સાહસ, વીરતા, ધૈર્ય અને ઉદારતાની તે મૂર્તિ હતો. યદિ તે સ્વાર્થી હતો, તો તે પણ તેનામાં મનુષ્યનોજ ગુણ હતો; કારણ કે અસ્વાર્થી મનુષ્ય તો દેવ કહેવાય છે, મનુષ્ય કહેવાતો નથી.

સમાપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वामी रामतीर्थ

એમ. એ. ના સદુપદેશ—ગ્રંથ ૧ લો.

ભાગ ૧ થી ૫ ભેગાની નવિન આવૃત્તિ.

તેમનું ચરિત્ર તથા ચાર દર્શનીય છબીઓ સાથે
મ્હોટાં પૃષ્ઠ ૪૨૦, પાકું પૂઠું, છતાં રૂ. ૧)
સોનેરી રૂ. ૧। પો. ૦।-

આ અદ્ભુત ગ્રંથ વ્યવહાર પરમાર્થ બંનેની સિદ્ધિનાં અનેક ઉત્તમ રહસ્યો સાયન્સ, શાસ્ત્ર અને દૃષ્ટાંતોવડે સરળ અને સચોટપણે સમજાવી વાચકના હૃદયમાં અપૂર્વ ચૈતન્ય, અખૂટ ઉત્સાહ અને દિવ્ય મનોબળને રેડે છે.

૨૬૦૦ માંથી માત્ર બસો પ્રતજ સીલક છે !

શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા.

ગીતાના શ્લોક, અર્થ તથા શ્રી જ્ઞાનેશ્વર મહારાજનું અતિ ઉત્તમ ચરિત્ર અને તેમણે રચેલી "ભાવાર્થદીપિકા" નામે ઉત્તમ, વિસ્તૃત ટીકાના સરળ ભાષાંતર સહિત.

ગીતાપર વિદ્વત્તાપૂર્ણ અનેક ટીકાઓ છે, પરંતુ

જ્ઞાનેશ્વરીની ખુબી તો ઓરજ છે.

મોટાં પૃષ્ઠ ૫૫૦. સોનેરી પુંઠાવાળી ઉંચી આવૃત્તિ રૂ. ૨) પો. ૦।≈

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ ૨ અને અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ અને લોકપ્રિય, મ્હોટા અને સસ્તા ગ્રંથો.

राजस्थाननो इतिहास.

ગ્રંથ ૧ લો–મેવાડ રાજ્યનો સંપૂર્ણ ઇતિહાસ.

પ્રખ્યાત રાજા, રાણા, બાદશાહ ઈ. ૪૦ વ્યક્તિઓનાં ચિત્ર તથા સેંકડો નવિન ટીપ્પણો, કર્નલ ટૉડનું ચિત્ર તથા ચરિત્ર સાથે, મોટાં ૮૦૦ પૃષ્ઠ, મજબૂત પૂઠું; છતાં માત્ર રૂ. ૨, ઉંચા કાગળ કાપડી પૂઠું રૂ. ૨॥, ખાસ ઉંચી સર્વાંગસુંદર આવૃત્તિ રૂ. ૩॥, પો. જૂદું.

श्री शिवाजी छत्रपति.

હિંદુધર્મના પરાક્રમી, સંરક્ષક અને મરાઠી રાજ્યના મહાન સંસ્થાપક ધીરવીર પુરૂષનું આ મોટું જીવનચરિત્ર ઘણુંજ રસિક, અસરકાર અને બોધપ્રદ હોઇ દરેક સ્વધર્મના અને સ્વદેશના અભિમાનીએ ખાસ વાંચવા યોગ્ય છે. મોટાં ૩૫૦ પૃષ્ઠ, મજબૂત પૂઠું છતાં માત્ર રૂ. ૦॥, ઉંચા કાગળ રૂ. ૧), ઉત્તમ સોનેરી આવૃત્તિ રૂ. ૧॥. પો. ૦।≈ વધુ.

आर्य भिषक्.

અથવા–હિંદુસ્તાનનો વૈદ્યરાજ.

પૂર્વાર્ધ, ઉત્તરાર્ધ ભેગા–રૂ. ૧૦) ને બદલે માત્ર ૧॥ માં!

વૈદ્યકનો આ ઉપયોગી ગ્રંથ વૈદ્યોએ તેમજ ગૃહસ્થોએ ઘરમાં રાખવા યોગ્ય છે. પ્રથમ આવૃત્તિના રૂ. ૧૦) હતા તેને બદલે આ ત્રીજી આવૃત્તિ કેટલાએક સંશોધન તથા સુધારા વધારા સહિત નીકળવા છતાં, આ ખાતાના સસ્તાપણાના ધોરણને અનુસરીને માત્ર રૂ. ૧॥ માં મળે છે. પો. ૦।≈ વધુ.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. મુંબઈ ૨ અને અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા ઋષિ મુનિયો પોકારીને કહે છે કે અનાથોને અન્ન-દાન આપવું તેજ એક ગણું દાન અને હજાર ગણું પુન્ય છે.

રૂ ૨૦૦) માં.

અન્નદાન સાથે અમરનામ.

રૂ ૨૦૦) દાન આપનાર દાતાના નામથી તે કહે તે એક દીવસે દર વર્ષે દાતાના સ્મરણમાં અનાથોને ભોજન અપાય છે; તથા આરસની તખતીમાં નામ ઠામ કોતરી ઑફીસમાં ચોટાડી યાદગીરી કાયમ રખાય છે.

આ આશ્રમમાં અનાથનિરાધાર બાળકો, ત્યજાએલાં ધાવતાં બાળકો, વૃદ્ધ અશકત અપંગો વિગેરેને પોશવામાં આવે છે. દરેક જાતનાં દાન લેવાય છે.

એક રૂપૈયાથી વધુ દાન આપનારનાં નામ વાર્ષિક રીપોર્ટ કે જે મફત મળે છે તેમાં પ્રસિદ્ધ થાય છે માટે દાન મોકલી જરૂર દયા લાવી રીપોર્ટ મંગાવવા લખોઃ–

મંત્રી–હિંદુ અનાથાશ્રમ, નડીઆદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા માસ માટે માત્ર રૂ. ૧ા માં ! તરતજ ખરીદો.

ભારતવાસીઓનું ઉત્તમ ધર્મશાસ્ત્ર.

મૂળ શ્લોક તથા ભાષાંતર સહિત

મનુસ્મૃતિ.

કદ ડીમી આઠ પેજી, પૃષ્ઠ ૪૫૦, સુંદર પાકું પૂઠું, ગ્લેજ કાગળ છતાં માત્ર લોક હિતાર્થેજ આ પુસ્તક પ્રકટ કરેલું હોવાથી

મૂલ્ય માત્ર રૂ. ૧॥, થોડા માસ માટે રૂ. ૧. પો. જૂદું.

ભાષાંતર કર્ત્તા–શાસ્ત્રી મણીશંકર પ્રાણશંકર,

મુંબઈ આર્ય પ્રતિનિધી સભાના મુખ્ય ઉપદેશક.

આ ગ્રંથ વિષે સાંજવર્તમાન, ગુજરાતી પંચ, સત્ય, કેળવણી, સત્સંગ વગેરે પત્રો તરફથી સારા અભિપ્રાયો મળી ચૂક્યા છે.

કરસનદાસ મુલજીભાઈ પટેલ.

મુ. નાવલી (આણંદ થઇને).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાતઃકાલ.

આ નામનું માસિક આજ બાર વર્ષથી પ્રસિદ્ધ થાય છે. ગુજરાતીમાં નીકળતાં માસિકોમાં આ માસિક આજે સર્વોત્તમ ગણાય છે. તમારે વર્ત્તમાન સમયમાં સુખી થવાને તથા તમારી ઉન્નતિ કરવાને જે જાણવાની જરૂર છે, તે એક પ્રાતઃકાલજ ઉત્તમ પ્રકારે જણાવે છે. બાળકો તેમજ સ્ત્રીઓને માટે પણ આ માસિક ઘણું ઉપયોગી છે. વાર્ષિક લવાજમ ભેટના પોસ્ટેજ સાથે રૂ. ૧–૮–૦. દર વર્ષે ઉત્તમ ભેટ પણ મળે છે. નમુનાનો અંક મફત મળશે.

લખો:—વ્યવસ્થાપક-પ્રાતઃકાલ, વડોદરા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટામાં મોટું–સસ્તામાં સસ્તું !

સ્ત્રીઓ, બાળકો અને કુંટુંબીજન માટે–માસિકપત્ર

સચિત્ર સુન્દરી સુબોધ.

૧૯૧૩ ના સપ્ટેમ્બર માસથી બે કદમાં પ્રકટ થાય છે. ફક્ત **સવા રૂપિયાના** લવાજમમાં **૩૨ પાનાંનું ચચિત્ર માસિક**, અને **ત્રણ રૂપિયામાં ૧૦૦ પાનાનું** માસિક-પત્ર (જેમાં ઉપરના બત્રીસ પાનાં તથા ચિત્રનો સમાવેશ થાય છે તે) મળે છે. બન્ને કદના ગ્રાહકોને **ભેટનું** રસીલું પુસ્તક, તથા ઘણો મોટો અનેક **ચિત્રોવાળો સ્ત્રી લેખનો ખાસ અંક** મળે છે. આ પત્રને અગીઆરમું વર્ષ ચાલે છે; અને ઉપયોગીપણામાં, સુબોધકતામાં, તેમજ મનોરંજકપણામાં આ પત્ર કોઇથી ઉતરતું નથી. **હિન્દુ, જૈન, મુસલમાન અને પારસી** સઘળી કોમોમાં તે ઉમંગ અને આનન્દથી વંચાય છે; અને સઘળી કોમોનાં વિદ્વાન સ્ત્રી–પુરૂષો તેમાં લખે છે!

નમૂનો મંગાવો.

સુન્દરી સુબોધ મન્દિર, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Awake, Rise, See the Wise and Know it.

મેમ્બર તો આ સોસાયટીનાજ થજો.

"યુનિવર્સલ હેલ્પીંગ સોસાયટી"

ઠે૦ શેઠ લખમીદાસ ખીમજીના માળામાં ચોથે દાદરે,
ગણેશવાડી, મુંબઈ. નં૦ ૨.

વાર્ષીક લવાજમ રૂ. ૨] [દાખલ ફી રૂ. ૧

લખમીદાસ મુળજી,
ઓ. સેક્રેટરી, યુ. હે. સોસાયટી.

સોસાયટી તરફથી એક ફ્રી લાયબ્રેરી ખોલવામાં આવી છે.

સોસાયટી તરફથી દર મહિને મેમ્બરોની સભા બોલાવવામાં આવે છે, અને મેમ્બરોને ઇન્ટ્રોડયુસ કરાવવામાં આવે છે.

સોસાયટી તરફથી મેમ્બરોને ત્રીમાસીક ફ્રી આપવામાં આવે છે.

સોસાયટી તરફથી દરેક મેમ્બરનું ઇન્ટ્રોડયુસીંગ લીસ્ટ ફ્રી આપવામાં આવે છે; અને એ લીસ્ટદ્વારા દેશ પરદેશના અને ગામગામના લોકો સંબંધ બાંધી શકશે અને મુસાફરી વખતે મેમ્બરોને ઘણું ઉપયોગી થઈ પડશે.

સોસાયટી તરફથી લાયબ્રેરીના પુસ્તકોનું લીસ્ટ ફ્રી આપવામાં આવશે.

સોસાયટી હાલમાં મુંબઇના સ્થાનીક ઉપરાંત બહાર ગામના પણ મેમ્બરો ધરાવે છે.

મેમ્બર થવા માટે ઉપર બતાવેલે ઠેકાણે ફી સાથે સેક્રેટરીને અરજ કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્યપ્રકાશ

એ સનાતન વૈદિક ધર્મનો પ્રચાર કરનારૂં, સંસારસુધારાની ખરા રૂપમાં હિમાયત કરનારૂં, કેળવણી તથા વિજ્ઞાનના પ્રશ્નોપર તુલનાત્મક ચર્ચા કરનારૂં, ગુર્જર સાહિત્યનો ઉત્કર્ષ ઈચ્છનારૂં, અનીતિ, વ્હેમ, અંધશ્રદ્ધા તથા ખરાબ રૂઢીઓને જડમૂળથી ઉખેડી નાખનારૂં, આર્ય સામાજિક તેમજ અન્ય જાહેર સંસ્થાઓ સંબંધી જરૂરી વિગતો પૂરી પાડનારૂં અને એ સિવાય દેશ પરદેશની જાણવાજોગ ખબરો આપનારૂં અંગ્રેજી ગુજરાતી ભાષામાં પ્રકટ થતું,

વિદ્વાનોમાં માન પામેલું,

એકતું એક જુનું સાપ્તાહિક પત્ર છે.

ગ્રાહકોને દરવર્ષે એકથી બે ભેટો મળશે.

વાર્ષિક લવાજમ (પોસ્ટેજ સાથે) **હિંદુસ્તાન** માટે રૂ. ૩) **દેશાવરના ગ્રાહકો** માટે રૂ. ૪) છુટક અંકની કીંમત ૦)ના, નમુનો મંગાવી ખાત્રી કરો.

આર્યપ્રકાશના ગ્રાહકોને વિશેષ લાભ !

પુરૂષાર્થ પ્રકાશ, ગૃહસ્થાશ્રમ પ્રકરણ, જ્ઞાતિબંધારણ અને મહર્ષિ અંક ભીજો ભાગ એ રૂ. **સવાની** કિંમતનાં પુસ્તકો આર્યપ્રકાશના ગ્રાહકોને ફક્ત બાર આનામાં આપવામાં આવશે. આ લાભ પણ ત્રણ માસ માટે છે. તાકીદે લખોઃ—

પરશુભાઈ વ્હાલાભાઈ શર્મા.
અધિપતિ તથા મેનેજર, આર્યપ્રકાશ મુંબઈ નં. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાપડ બજારની આગમાં

કોણની તીજોરીઓ બળી ગઈ ?

લખમીદાસ ખીમજીની કાપડ મારકીટમાં આગ થઈ તે વખતે દુકાનોમાં ગોદરેજની સાત તીજોરીઓ હતી; અને એકેએકમાં મોતીના દાગીના, ચલણી નોટો, ખતપત્રો વગેરે તદન સલામત રહ્યું હતું.

આગ થઈ રહેવા પછી બીજું એ જોવામાં આવ્યું કે જ્યારે ગોદરેજની સઘળી તીજોરીઓ માંહેલો અવેજ સખત તેમજ નરમ આગમાં સલામત રહ્યો હતો ત્યારે બીજા દેશી અને વિલાયતી મેકરોની તીજોરીમાં જ્યાં આગ સખત હતી ત્યાં સઘળું બળી ગયું હતું યા બળવાની અણી ઉપર હતું; અને હજારોની ચલણી નોટનો કોલસો થઈ ગયો હતો, પણ જ્યાં નરમ હતી ત્યાંજ બચી ગયું હતું.

આ વાતની ખાત્રી થવાથી કેટલાકોએ એ આગમાં પોતાની તીજોરી માંહેલી ચીજો બચી જવાની સર્ટીફીકેટો જો કે વિલાયતી અને બીજા ગામઠી મેકરોની આપી છે તે છતાં તેઓએજ આગ પછી નવી તીજોરીઓ ગોદરેજનીજ ખરીદી છે.

ગોદરેજ ઍન્ડ બોઈસ મેન્યુફેકચરીંગ કું.

કારખાનું:—ગેસ કુંપની પાસે, પરેલ, મુંબઇ. **દુકાન**—શેખમેમન સ્ટ્રીટ, મુળજી જેઠા મારકીટની સામે, મુંબઇ. **શાખા**—રીચીરોડ—**અમદાવાદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar